Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

a Samaj Foundation Chenna

Domain. Gurukul Kangri Coll

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધગ્રન્થમાલા: અંક ૭૭ થી ૭૯: વર્ષ સાતમુ-સ. ૧૯૭૩.

स्वामी विवेकानंद

એમના સદુપદેશ-ભાગ ૪ થો.

सस्तुं साहित्य वर्धक कार्यालयने माटे

અનુવાદક:-શ્રીયુત નર્મદાશંકર બાલાશંકર પંડયા-સુરત.

સંપાદક અને પ્રકાશક:-ભિક્ષુ-અખંડાનંદ

કાલબાદેવી રોડ-મુંબઇ.

CHECKED 1973
Initial

આવૃત્તિ ૧ લી-પ્રત ૪૫૦૦. ઇ. સ. ૧૯૧૭.

મૂલ્ય-વાર્ષિક ફાળે ૦।=) પાકું પૂ હું ૦।=) પો૦ માફ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અનુવાદના સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.

અમદાવાદ–સલાપોસ રોડ,
ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

છૂટક મૂલ્ય ૦॥= પાકું ૦॥।= પો. જુદું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

८६२७

શુદ્ધિપત્રક.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૦	૭	સ્થિરિતા	સ્થિરતા
૧૫	૪	સ્નાંન	સ્નાન
૧૫	૨૧	ઉથાપવું	ઉથામવું
૧૮	૧૧	રમતા હત	રમતા હતા.
૨૬	૯	છે,	છે.
૩૪	૮	હતું,	હતું.
૩૫	૧૩	મહાભાગના	મહાભાવના
૩૭	૨૧	હતા	હતા.
૪૩	૧૭	હોતું નથી.	હોતો નથી.
૫૦	૧૭	ગયા છે.	ગયા છે,
૫૪	૯	આસ્તિત્વ	અસ્તિત્વ
૫૫	૧	જગત શોધી	જગતને શોધી
૫૫	૧૮	જે સંસ્કાર	જે કુસંસ્કાર
૬૦	૧૪	મહા પુરૂષો	મહાપુરૂષો
૬૩	૨૨	સંપૂણ	સંપૂર્ણ
૮૪	૧૩	ગુણ મટે	ગુણમાટે
૮૮	૧	પણ તે આજ	પણ આજ
૧૨૩	૮	અજય	અજય્ય
૧૩૮	૧૧	શિરોમણનાં	શિરોમણિનાં
૧૪૧	૨૫	કાવ્ય છે.	કાવ્ય છે !
૧૪૭	૬	નિભયપણે	નિર્ભયપણે
૧૪૭	ફૂટનોટની ૩ જી	ગુજારાત	ગુજરાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫૩	૩	આસ્તિત્વ	અસ્તિત્વ
૧૫૬	૨	આમજ હોય?	આમજ હોય,
૧૬૫	૧૭	અડધાં, ભૂખ્યાં	અડધાં ભૂખ્યાં
૧૭૫	૪	જોઇ શકશો,	જોઇ શકશો.
૧૭૯	૪	વિચાર આવતાં	વિચાર ન આવતાં
૧૯૦	૧૭	અનંત નાગકેશરનાં ખેતર,	અનંતનાગ, કેશર-નાં ખેતર,
૨૨૨	૧૩	ઢોલ	ખોલ
૨૪૫	૨૩	નશ્ચયપૂર્વક	નિશ્ચયપૂર્વક
૨૪૮	૨	જેણે	તેણે
૨૫૦	૧૮	વ્જો	પૂર્વજો
૨૭૨	૧૬	(Comic mind)	(Cosmicmind)
૨૭૯	૧૩	નશ્ચળ	નિશ્ચળ
૨૮૯	૩	ઢંકાયલો નથી;	ઢંકાયલો છે;
૩૧૦	૬	એક જ્ઞાનની	જ્ઞાનની
૩૨૭	૬	એસોશિયનો	એસોશિએશનો
૩૩૨	૧	ઉતરો	ઉતરે
૩૩૨	૩	માણસે	માણસો
૩૩૩	૧	કાચા પાયા	કાચના પાયા
૩૬૮	૧૫	ઉત્સાહમાં જગાડયોછે.	ઉત્સાહ જગાડયો છે.
૩૮૬	૧૭	તૃષ્ણારાહત	તૃષ્ણારહિત
૩૮૬	૧૮	ઉદ્દશ	ઉદ્દેશ
૩૯૮	૭	છોડીદ્દો	છોડી દ્દો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન.

સ્વામી વિવેકાનંદજી અમેરિકાથી પાછા વળતાં તેમને જુદે જુદે સ્થળે અપાયલાં માનપત્રો, તથા તેના ઉત્તરમાં તેમણે આપેલાં ભાષણોનો એક ભાગ ચાલુ વર્ષની શરૂમાં નીકળેલો; તેના અનુસંધાન રૂપ આ ભાગ પણ આજ વર્ષમાં ગ્રાહકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે. આ ભાગમાં મદ્રાસથી આલ્મોરા તથા કાશ્મીર સુધીની સ્વામીજીની બાકીની મુસાફરી દરમિયાન તેમણે આપેલાં ભાષણો તથા તેમની દિનચર્યા સંબંધી કેટલીક હકીકત અપાયલી જણાશે.

આ ભાગો તેમજ જે પુસ્તકો ઉપરથી તે અનુવાદિત થયા છે તે વિષે આગલા ભાગમાં લખાઇ ચૂક્યું છે.

આ ભાગના અનુવાદક શ્રીયુત નર્મદાશંકર બાલાશંકર પંડયા 'વિવિધ ગ્રંથમાળા' ના ગ્રાહકો આગળ પહેલી વારજ રજુ થાય છે. આશા છે કે તેમને હાથે થયેલો આ અનુવાદ વાંચકવર્ગને વાંચવા-સમજવામાં વિશેષ સરલ જણાશે. અનુવાદક બંધુએ આ કાર્ય પાછળ સતત રોકાણ વેઠીને તે ધારેલા સમયમાં બહાર પાડવા સુયોગ આપ્યો તે બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે.

દેવપોઢી અગીયારસ.
વિ. સં. ૧૯૭૩ } મંત્રી.

સૂચના:—૧. સંસ્થાનો હિસાબ અને રિપોર્ટ હજી પુરેપુરો છપાઇ રહ્યો નથી. ૨. મહાભારતનાં આદિ તથા સભાપર્વ છપાઈ રહેવા આવ્યાં છે; પણ ચિત્રો વગેરેની તજવીજ હજી બાકી હોવાથી બહાર પડતાં કેટલોક વિલંબ થશે. ૩. આ પુસ્તકની શરૂમાં અપાયલી કાશીના રામકૃષ્ણ સેવાશ્રમની હકીકત તરફ પ્રત્યેક વાંચક બંધુનું લક્ષ ખેંચવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ઠાંક.
ભરતખંડના મહાપુરુષો.	૧
આપણું હાલનું કર્તવ્ય.	૩૯
ભરતખંડનું ભવિષ્ય.	૬૯
સ્વામી વિવેકાનંદ કલકત્તામાં.	૧૦૪
વેદ્યંતનું સાંગોપાંગ અવલોકન.	૧૩૦
આલમોરાનાં માનપત્રનો સ્વામીજીએ આપેલો ઉત્તર....	૧૭૭
આલમોરામાં સ્વામીજીએ આપેલાં બીજાં વ્યાખ્યાનોનો સારાંશ.	૧૮૧
સ્વામી વિવેકાનંદનો પંજાબ અને કાશ્મીરમાં પ્રવાસ. ...	૧૮૪
ભક્તિ.	૧૯૮
કેળવણી માટે સ્ત્રી શિક્ષિકાઓની જરૂર.	૨૧૪
સ્વામી વિવેકાનંદ લાહોરમાં.	૨૧૫
હિંદુ ધર્મનાં સામાન્ય મૂળ તત્વો....	૨૨૪
વેદાંત.	૨૫૮
ભક્તિ સંબંધી તત્વવિચાર.	૩૩૫
રજપુતાનામાં પ્રવાસ.	૩૪૯
વેદાંતધર્મ.	૩૫૫
ઈંગ્લાંડ ઉપર ભારતીય તત્વવિચારની થએલી અસર....	૩૬૬
સંન્યાસનો આદર્શ અને વ્યાવહારિક સ્વરૂપ... ...	૩૭૬
હું શું શીખ્યો છું.	૩૮૦
આપણો જન્મપ્રાપ્ત ધર્મ.	૩૮૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી કાશીપુરીનું રામકૃષ્ણ સેવાશ્રમ.

હરદ્વાર–કનખલના રામકૃષ્ણ સેવાશ્રમ વિષે ગયા ૭૩–૭૪ મા પુસ્તકમાં કેટલીક હકીક્ત વિદિત કરવામાં આવી હતી. એ પછી ગયા અઠવાડીઆમાં કાશીનો બીજો તેવો આશ્રમ જાતે જોવાનો સુયોગ મળવાથી અને ત્યાંની જનસેવા પણ પ્રશંસનીય જણાવાથી જનસમાજની જાણ માટે તે વિષે અત્ર બે શબ્દ લખવા ઉચિત ગણ્યા છે. સ્વામી વિવેકાનંદના લોકસેવાના ઉપદેશો તેમજ તે ઉપદેશોથી પ્રેરાયલા સજ્જનોજ આ આશ્રમની સ્થાપના અને વહિવટમાં નિમિત્ત રૂપ છે.

આ આશ્રમ હિંદના મહાન તીર્થ કાશીપુરીમાં આવેલું હોઇને તેનું નામ પણ કનખલના આશ્રમની પેઠે " રામકૃષ્ણ સેવાશ્રમ " છે. સુજ્ઞ વાચકોથી આ વાત અજ્ઞાત નથી કે જીવનનો પાછલો ભાગ જ્ઞાન, ધ્યાન ઇ૦ સાધનોમાં ગાળવા માટે કાશીનિવાસનો મહિમા હજારો વર્ષથી મનાતો આવ્યો છે; અને હજારોજ નહિ પણ લાખો મનુષ્યો એવા ઉદ્દેશથી ત્યાં સદાને માટે નિવાસ કરી રહે છે. એ સિવાય ત્યાં થોડો સમય રહી ચાલ્યા જનાર યાત્રાળુઓની સંખ્યા તો દર વર્ષે દશવીશ લાખની કે તેથી પણ વધુ થતી હશે.

સાધુ, સંન્યાસી, બ્રહ્મચારી તેમજ દેશ પ્રદેશથી વિદ્યાભ્યાસ માટે આવી રહેતા વિદ્યાર્થી બ્રાહ્મણ બાળકોની સંખ્યા પણ કાશીપુરીમાં ઘણા મોટા પ્રમાણમાં છે. આ સઘળા વર્ગો માટે અહીં લગભગ ૪૦૦) અન્નક્ષેત્ર છે એજ તેમની બહોળી સંખ્યા દર્શાવવાને બસ છે.

આવા વિશાળ સ્થળમાં રોગી મનુષ્યોની સંખ્યા પણ પુષ્કળ હોય અને તેમાં હજારો મનુષ્યો એવાં પણ હોય કે જેઓ ધન, મનુષ્ય, સ્થળ, ઔષધી, ખોરાક, સારવાર વગેરેને અભાવે છેકજ નિરાધાર અને અશક્ત બની જઇને અપાર દુઃખનો અને છેવટે મરણનો ભોગ પણ થઇ પડતાં હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સેવાશ્રમ ઉપર જણાવેલા પ્રકારનાં નિરાધાર, અશક્ત, તેમજ વ્યાધિગ્રસ્ત મનુષ્યો–પછી તેઓ કોઇ પણ વર્ણ કે આશ્રમનાં હોય–તેમને ઇશ્વિર રૂપ માનીને તેમની સેવા કરવાને માટે સ્થાપિત થયેલું છે. આ કાર્યની શરૂઆત ઇ. સ. ૧૯૧૦ ના જુનની તેરમી તારીખે નીચે જણાવ્યા પ્રમાણે થઇ હતી, જે ઉપરથી જણાશે કે જે કાર્ય હૃદયની ઉંડી લાગણીથી અને પૂર્ણ નિષ્કામ સેવા ભાવથી કરાય છે; તેની શરૂઆત છેક નાના રૂપમાં હોય તોપણ કાળે કરીને તે કેવા વિસ્તૃત રૂપમાં પરિણામ પામે છે, અને **स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्** એ ભગવદ્વાક્યની કેવી સફળતા કરે છે.

સ્વામી શ્રી વિવેકાનંદજીના ઓજસ્વી ઉપદેશોથી પ્રેરાઇને રામકૃષ્ણ મિશનના જે બ્રહ્મચારીઓ કાશીવાસ કરી સાધન–ભજનમાં જોડાયા હતા, તેઓમાંના એક જણે ઉપલે દિવસે પ્રાતઃકાળમાં એક નિરાશ્રિત અને ભૂખ તથા રોગથી પીડિત ૮૦ વર્ષની વૃદ્ધા સ્ત્રીને બેભાન હાલતમાં એક ગલી આગળ પડેલી જોઇ. જતા આવતા અનેકોના જોવામાં આવવા છતાં તેમાંના કોઇનું પણ હૃદય તેના તરફ સક્રિય દયા દર્શાવી શક્યું નહિ. ઉપર કહેલા બ્રહ્મચારીની દૃષ્ટિ તેના તરફ ખેંચાતાં તેનું કોમળ પ્રભુપરાયણ હૃદય વ્યાકુળ થઈ આવ્યું અને તેણે આસપાસના લોકો પાસેથી ભીખ માગી ચારેક આના ભેગા કરીને તેવડે તે સ્ત્રીની યથાસાધ્ય સેવા બજાવી. આવી મહત્વની અને નિષ્કામ જનસેવાથી તેમજ આવાં અતિ દુઃખી મનુષ્યોની આંતરડીમાંથી અતિ એકાગ્ર ભાવે ઉદ્ભવતી આભાર અને આશિષની કલ્યાણકારક બળવાન લાગણીઓના પ્રભાવથી સેવા કરનારના હૃદય ઉપર જે ઉંડી અને વિશુદ્ધિ કારક અસર નીપજે છે; તેને લઇને આ બ્રહ્મચારીને પરમ શિવોપાસના રૂપ આ સેવાધર્મનો અદ્ભૂત મહિમા પ્રત્યક્ષ થયો.

આ સમયથી ત્રણ બ્રહ્મચારીઓએ એ પ્રકારની જનસેવામાં જી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વન ગાળવાનું અને નિરાશ્રિત દુઃખી જનોનો પત્તો મેળવતા રહીને તેમને માટે ઘર ઘર ભીખ માગી તેમને સરકારી હોસ્પીટલમાં મોકલવાનું તથા જેમને ઘર હોય છતાં પૈસા કે કોઇ બરદાસ્ત કરનારૂં ન હોય તેમની સેવા તેમને ઘેર જઇને કરવાનું શરૂ કર્યું. કાળે કરીને આ વાત તરફ સમજુ ઉદારાત્માઓનું લક્ષ્ય ખેંચાયું અને એક વગવાળી કમીટી આ કાર્યમાં આર્થિક સહાયતા કરવા માટે નીમાઇ. આ પ્રમાણે થવાથી બ્રહ્મચારીઓએ પોતાનું સેવાકાર્ય પૂર્ણ ઉત્સાહ તથા સંયમપૂર્વક ચલવવા માંડયું. ધીમે ધીમે સરકારી અધિકારીઓની સહાનુભૂતિ પણ આ કાર્ય તરફ ખેંચાઇ અને ઇ. સ. ૧૯૧૦ માં બનારસના કલેકટરને હાથે આ સેવાશ્રમનું સ્વતંત્ર મકાન ખુલ્લું મૂકાયું.

હાલ એ આશ્રમમાં બહારથી દવા લેવા આવનારાઓની સંખ્યા દરરોજ સોથી દોઢસો જેટલી છે અને કેટલેક પ્રસંગે તે બસો કે તેથી પણ વધુની રહે છે. આ સિવાય ૫૦ થી ૭૫ નિરાશ્રિત અને અશક્ત દરદીઓને રહેવાની, ખાવાની, દવાની તથા દરેક પ્રકારની સારવારની સગવડ દરદ મટતાં સુધી એ આશ્રમમાંજ મળે છે. દરદીઓની સેવા માટે દશ પંદર બ્રહ્મચારીઓ, ડૉકટર તેમજ કેટલાક વાનપ્રસ્થ થએલા સુશિક્ષિત બંગાળી ગૃહસ્થો આખો સમય આશ્રમમાંજ નિવાસ કરી રહે છે. અશક્ત દરદીઓનાં લોહી, પરૂ તથા મળમૂત્ર સુદ્ધાં આ સેવાપરાયણ બ્રહ્મચારીઓજ ધૂવે છે અને ઉઠાવે છે. કોઇ સ્થળે રેલની કે એવી મોટી આફત આવી પડતાં ત્યાં પણ આ આશ્રમના સેવકો દોડી જાય છે, અને પોતાના તન–મનથી તેમજ બહારની આર્થિક સહાયતાથી ત્યાંના નિરાધાર દુઃખી મનુષ્યોની બનતી બરદાસ્ત ઉઠાવે છે.

આ સેવાશ્રમની બાજુમાં રામકૃષ્ણ મિશનના જ્ઞાન–ભક્તિપરાયણ સાધુ સંન્યાસીઓને માટે એક મઠ સ્થાપવામાં આવેલો છે; જેની દરેક વ્યવસ્થા આ સેવાશ્રમથી તદ્દન અલગ અને એક વૃદ્ધ સંન્યાસીના અધ્યક્ષપણા નીચે થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામકૃષ્ણ સેવાશ્રમનો રિપોર્ટ તથા હિસાબ દર વર્ષે અંગ્રેજીમાં બહાર પડતો રહે છે. આ સેવાશ્રમનો માસિક ખર્ચ (બહારથી મળતા અન્ન વગેરે પદાર્થો ઉપરાંત) હાલ દર મહિને સુમારે સાતસો રૂા. નો છે; અને તેનો તમામ આધાર કાંઇ પણ સ્થાયી આવક ઉપર નહિ હોતાં માત્ર બહારથી મળતી સહાય ઉપર જ રહે છે. ઉપર જણાવેલા મઠનો ખર્ચ પણ "આકાશ વૃત્તિ" ના ધોરણે જ ચાલે છે.

ઉપર પ્રમાણે વ્યવસ્થા છતાં આ વિશાળ કાશીક્ષેત્રના પ્રમાણમાં આ આશ્રમની હાલની સગવડો ઘણીજ ઓછી પડે છે અને સેંકડો નિરાશ્રિત દુઃખી મનુષ્યોને આશ્રય ન અપાતાં પાછા વાળવા પડે છે.

થોડા સમયપર સરકારે સહાય કરીને બાજુની કેટલાક એકર જમીન આશ્રમને વેચાતી અપાવી છે; પરંતુ ત્યાં મકાનો તેમજ ઓરડા-ઓરડીઓ બાંધવાને માટે હજી પુષ્કળ મદદની જરૂર છે. ડાકટરને માટે; પરિદર્શકને માટે; વાઢકાપને માટે; કોલેરા, શીતલા તેમજ ક્ષયના ચેપી રોગવાળા દરદીઓને રહેવા માટે; અશકત સ્ત્રીઓને માટે; સેવકોને રહેવા માટે; રસોડા માટે; વગેરે વગેરે બાબતો માટે અનેક ઓરડા, ઓરડી તેમજ મકાનો બંધાવવાનાં હજી બાકી છે. ઓરડીનો ખર્ચ રૂ ૮૦૦ અને ઓરડાનો રૂ ૧૫૦૦ તેમજ જુદા જુદા પ્રકારનાં નાનાં મોટાં દરેક મકાનોનો ખર્ચ રૂ ૫૦૦૦ થી ૧૩૦૦૦ સુધીનો અડસટવામાં આવ્યો છે. આ બાબતનો છાપેલો નકશો ત્યાં લખવાથી મળી શકશે. શકિતવાનોએ આવાં સ્થળોમાં ઉદારતાથી સહાય કરી ઓરડી ઓરડા અથવા મકાન બંધાવી આપીને કાશીપુરીમાં પોતાનું નામ અમર કરવા સાથે પરલોકનું પણ ઉમદા ભથ્થું બાંધી લેવું જોઇએ.

ઉપર પ્રમાણે મકાન ખાતે મદદ કરવાની જરૂર ઉપરાંત ત્યાં જે વધારાના દરદીઓ રાખવામાં આવે તેમને માટે તથા તેમની સેવામાં રહેનારા અવૈતનિક સેવકોને માટે પણ અન્ન, વસ્ત્ર, દવા વગેરેની સગવડ વધારવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ચાલુ રાખવાને ખાતર ઉદાર સહાયની જરૂર છે. બને તેમણે આ પ્રકારની સ્થાયી સહાય દાખલ સારી રકમો ત્યાંની કમીટીને હવાલે કરીને તેના વ્યાજમાંથી હમેશાં એક, બે અથવા વધુ દરદીઓના ખાન-પાન તેમજ ઔષધ વગેરેનો ખર્ચ સદાકાળ નભતો રહે તેમ કરવું જોઇએ. આ પ્રકારનાં દાન કેવાં સાત્વિક અને પુણ્યદાયક છે તે વર્ણવવાનું આ સ્થળ નથી. દેશમાં દરાયલાઓને દરવવા પાછળ અને સ્વાર્થ માટે જોડી કદાયલાં મહાત્મ્યનાં મોટાંમોટાં ગપ્પાષ્ટકોથી અંજાઇ જઇને દાન-પુણ્યને નામે એક તરફ અપાર દ્રવ્ય છેક અંધશ્રદ્ધાથી ખર્ચવામાં આવે છે; ત્યારે આવાં સાત્વિક દાનો તરફ ભાગ્યેજ કોઇક લક્ષ્ય આપે છે !

ગુજરાત તેમજ મુંબઇ તરફના ઉદારાત્માઓનું આ આશ્રમ તરફ વિશેષ લક્ષ્ય ગયેલું જણાતું નથી. યાત્રાના અભિલાષી દરેક ગુજરાતી બંધુને અમારી આગ્રહપૂર્વક ભલામણ છે કે કાશી, હરિદ્વાર અને વંદ્રાવન જેવાં ઉત્તમ તીર્થોની યાત્રા કરતી વખતે એ દરેક જગાએ આવેલાં રામકૃષ્ણ સેવાશ્રમોની મુલાકાત લીધા વિના પોતાની યાત્રાને તેમણે અપૂર્ણજ સમજવી. દાન પુણ્યના પ્રસંગોમાં જેઓ આવાં ખરાં સહાય પાત્ર સ્થળોને મુખ્યતા નજ આપી શકે તેમણે પણ કાંઇ નહિ તો થોડી ઘણી સહાય પણ આવાં આશ્રમોને આપતાં શીખવું જોઇએ; તેમજ લોકસેવાની વાતો કરવામાંજ બધું આવી જતું સમજનારાઓએ આવાં આશ્રમોનાં દર્શન કરી પોતાના મિથ્યા અભિમાન માટે પ્રશ્ચાત્તાપ કરીને પોતાનાં-હૃદય પવિત્ર કરવાં જોઇએ.

સ્વ. લોકમાન્ય ગોખલે, ઍાન. સુરેંદ્રનાથ બેનરજી, લો. મા. તિલક, બનારસના કમીશનર તથા કલેકટર, તેમજ અન્ય પણ અનેક ઉત્તમ પુરૂષોએ આ આશ્રમ જાતે જોઇને તેના કાર્યને માટે હૃદયપૂર્વક ઉત્તમ વિચારો દર્શાવીને સહાયતા માટે ભલામણ કરી છે. રિપોર્ટ, દાન વગેરેને માટે એ સ્થળનું શિરનામું આ પ્રમાણે છે:—

સહાયક મંત્રી રામકૃષ્ણ સેવાશ્રમ, બનારસ—સીટી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદના મહાન દાદા !

શ્રીમાન દાદાભાઇ નવરોજજીનો સ્વર્ગવાસ.

પ્રત્યેક હિંદવાસીના પરમ પ્રિય હિંદના મહાન દાદા, મહર્ષિ દાદાભાઇ નવરોજજી (તા. ૩૦–૬–૧૭ ની સાંજે પાંચ વાગતે) સ્વર્ગગામી થવાથી આજે હિંદુસ્તાનના ખુણે ખુણામાં ગંભીર, ઉંડો શોક વ્યાપી ગયો છે, પ્રત્યેક હિંદી હૃદય હાય મારી રહ્યું છે. તેમના મહાન જીવન * * ઉપરથી દરેક હિંદીને તે મહાત્માએ પોતાના જીવનમાં શું શું ઉપયોગી કાર્ય કર્યું છે, અને હિંદમાતાપર કેવા કેવા મહાન ઉપકારો કર્યા છે, તે સ્પષ્ટ માલુમ પડશે. તેમનું જીવન મહાન હતું, તેઓ પોતે મહાન હતા, અને તેમનું મહાન જીવન આપણને ઉચ્ચ–દિવ્ય માર્ગે દોરે છે. તેમના પ્રસંગે પ્રસંગનું અધ્યયન કરીને તેને મનમાં ઠસાવવાનું છે, અને તેનું મહત્વ હંમેશાં દૃષ્ટિમાં રાખવાનું છે. * * *

એમનું જીવન લગભગ એક સદી જેટલું લંબાયું છે, અને 'શતં જીવ શરદઃ' એ આશીર્વાક્યનું સાફલ્ય તેમના સંબંધમાં પ્રાપ્ત થયું છે. મનુષ્યનું જીવન ૧૦૦ વર્ષ સાધારણ રીતે લંબાય છે; પરંતુ આયુષ્ય તેટલું લંબાવવાને જીવન શુદ્ધ રીતે ગાળવું જોઇએ, પુરૂષ મનસા, વાચા તેમજ કર્મણા પવિત્ર હોવો જોઇએ, અને કુદરતના કાનુનોનું પરિપાલન હંમેશ થવું જોઇએ. આપણામાં એક સાધારણ કહેવત છે કે, અસત્ય બોલવાથી પુરૂષનું આયુષ્ય ઘટે છે, તે પણ આ વાતનું સમર્થન કરે છે. વર્તમાનકાળમાં હિંદી સ્ત્રી પુરૂષોનું તેમજ અન્ય દેશોનાં સ્ત્રી પુરૂષોનું જીવન ઘટી ગયું છે, તેનું કારણ એ છે કે, તેઓ આ કાયિક, વાચિક અને માનસિક જીવનની શુદ્ધતા, પવિત્રતા

CC-0. Panini Kanya Maha Vidyalaya Collection. Digitized by eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મહાન દેશભક્ત દાદાભાઈ નવરોજજી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાળવી શકતાં નથી, અને તેટલે અંશે તેમના જીવનનો ક્ષય થાય છે. આપણા ઋષિ મુનિઓએ જીવનનું રહસ્ય અસાધારણ અંતર્દ્રષ્ટિથી જોયું હતું, અને તેથીજ તેમણે જીવન દીર્ઘ કરવાને અમુક અમુક નિયમો બાંધ્યા હતા. આ નિયમોનું પરિપાલન કરનારનું જીવન લંબાયા વિના રહેતું નથી. કાળ, અજેય કાળ આ નિયમોનું પાલન કરનારાઓની સમીપ અકાળે આવવાની હિંમત ધરી શકતો નથી; તે વાત આપણે ભીષ્મ પિતામહના દાખલાપરથી જોઇ શકીએ છીએ. સ્વેચ્છાપ્રાબલ્યથી તેમણે પોતાના મૃત્યુને છ માસ સુધી અટકાવી રાખ્યું હતું તે સર્વ હિંદીઓના જાણવામાં છે. એ દ્રષ્ટિએ જોતાં મહર્ષિ દાદાભાઇએ પોતાનું જીવન કેવું શુદ્ધ ગાળ્યું હશે, તે સહજ કલ્પી શકાય છે. તેમનું આટલું લાંબું આયુષ્ય એજ તેનો ઝળહળતો પુરાવો છે. આપણા ઘણા અગ્રેસરો પુખ્ત વયે પહોંચતા પહેલાં આ ફાની દુનિયાને ત્યજી જાય છે, અને આપણને ઉંડા શોકમાં મૂકી જાય છે, તેવો શોક આપણને મહર્ષિ દાદાભાઇના મૃત્યુથી થતો નથી. તેઓ પોતે પારસી હતા છતાં પણ તેમની જીવનશુદ્ધતા આશ્ચર્યકારક હતી.

તેમના વિદ્યાર્થિજીવનપરથી વિદ્યાર્થીઓએ પણ અમૂલ્ય બોધ લેવાનો છે. વિદ્યાર્થિવયમાં વિદ્યાર્થીઓએ ફક્ત પાઠ્ય પુસ્તકોજ વાંચવાં અને તે ઉપરાંત બહારનું કાંઇ વાંચવું નહિ એવો અજબ ખ્યાલ કેટલાકના મનમાં ઘુસી ગએલો હોય છે; તેમને દાદાભાઇનું વિદ્યાર્થિજીવન સચોટ જવાબ પુરો પાડે છે. * * * *

એમને એક બીજી એવી ટેવ હતી કે, જે સવાલનો તે અભ્યાસ કરવા માંડતા, તે નાનામાં નાની વિગતોવાર કરતા, અને જ્યારે તેનું સંપૂર્ણ નિરાકરણ આવે ત્યારેજ ઠરતા. ખંતપૂર્વક અને ઉદ્યમથી તે પોતાના કાર્યમાં મંડી રહેતા. એમનું જીવન અમેરિકાના પ્રખ્યાત ધુરંધર ડો૦ એડીસનની પ્રતિભાની વ્યાખ્યા સત્ય કરી બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે પ્રતિભાની વ્યાખ્યા એવી બાંધી હતી કેઃ–'**પાંચ ટકા બુદ્ધિ અને પંચાણું ટકા પ્રસ્વેદ**'.* ઉદ્યમ વિના ગમે તેવો બુદ્ધિમાન વિદ્યાર્થી ઝળકી ઉઠતો નથી એ વાત સર્વ ઉગતા યુવકે પોતાના મગજમાં કોતરી રાખવી જોઇએ, અને તદનુસાર વર્તવું જોઇએ.

* * * *

તેઓ જોઈ શક્યા કે હિંદના રાજકીય ભવિષ્યનો આધાર ઇંગ્લાંડ ઉપરજ છે, અને તેથી તેમણે પોતાની જીંદગીનો ઉત્તમ ભાગ ઇંગ્લાંડમાંજ ગાળવાનો પસંદ કર્યો. ત્યાં ધંધા અર્થે ગયા હતા, પરંતુ છેવટે ધંધાને વેગળો મૂકવો પડયો, અને રાજકીય ક્ષેત્રમાં તેમણે ઝોકાવ્યું. ઇંગ્લાંડમાં હિંદી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ કરવાને ખાસ જવું પડે છે, ત્યાં તેમના હક્કો માટે તેમણે લડત જારી કરી. ખાસ કરીને સીવીલ સર્વીસની પરીક્ષા હિંદુસ્તાન અને ઇંગ્લાંડમાં એક સાથેજ લેવાવી જોઇએ એ સવાલ તેમણે હાથમાં લીધો અને એટલે સુધી ચર્ચા ચલાવી કે, છેવટે તેમને એમ સંતોષ આપવામાં આવ્યો કે, તે પ્રમાણે થશે; પણ દુર્ભાગ્યે અત્યાર સુધી તેમ થયું નથી. હિંદુસ્તાનનો આ હક્ક સ્વીકારાયો નહિ, એટલે તેમને ખરી સ્થિતિનો બરોબર ખ્યાલ આવી ગયો, અને તેથી નિરાશ ન થતાં અજબ આશા બતાવી. તેઓએ આ પરથી શું કર્યું તે સર્વ હિંદીઓએ સ્મૃતિમાં રાખવું જોઇએ. તેમણે એક પ્રસંગે એમ કહ્યું હતું કે; બહુ સારૂં, તમે આટલી માગણી કબુલ કરી નહિ, તો હવે હું હિંદુસ્તાનને સ્વરાજ્ય આપવાની માગણી કરૂં છું. મહાત્મા દાદાભાઇની આ માગણી અવાસ્તવિક નથી–ન હતી, તે ખરો વિચાર કરનાર દરેક હિંદીને માલુમ છે. આપણને સ્વરાજ્ય મળ્યા વિના આપણી અનેક ફર્યાદો, અનેક

* પ્રસ્વેદનો અર્થ અહીં પરસેવો ઉતરે એવો ઉદ્યોગ, પુરૂષાર્થ અથવા પરિશ્રમ સમજવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખો ટળવાનાં નથી, એ આપણે જાણીએ છીએ. સ્વરાજ્યની માગણી કરતાં આપણે બ્રિટીશ મહારાજ્યના ઘણા લાભો ભૂલી જતા નથી, મહર્ષિ દાદાભાઇ પણ તે ભૂલ્યા ન હતા, એ લક્ષ્યમાં રાખવાનું છે; છતાં પણ તે બ્રિટીશ રાજ્યને 'પરદેશી' રાજ્ય કહેવાને અચકાતા નહિ. તેમનામાં એક એવો ગુણ હતો કે, નીડરપણે ખુલ્લી રીતે તે પોતાના ખાત્રીભર્યા વિચારો કહી નાખતા, અને તેથી કોઇને પણ સારૂં માઠું લાગશે એવી ખાસ ચિંતા રાખતા નહિ. એજ તેમના અપ્રતિમ મનોબળ અને પ્રબળ આત્માની ખુલ્લી સાબીતી છે.

હિંદના મહાન દેશભક્ત દાદાભાઈ નવરોજજીનો જન્મ ઇ. સ. ૧૮૨૫ના સપટેમ્બર માસની ચોથી તારીખે મુંબઇમાં માંડવી આગળ આવેલા એક ઘરમાં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ નવરોજજી પાલનજી દોરડી હતું. તેઓ ગરીબ સ્થિતિના પારસી દસ્તુર એટલે ધર્મગુરૂ હતા. તેમની માતુશ્રીનું નામાભિધાન માણેકબાઇ હતું. તે સ્વભાવે ઘણાંજ શાંત અને ચપળ હતાં. દાદાભાઇના વડવા અસલ નવસારીના વતની હતા. તેમના એક પૂર્વજ ચાંદજી કામદીને મોગલ પાદશાહ જહાંગીરની કૃપા પ્રાપ્ત કરી હતી અને તેણે "મુલ્લાં જામાસ્પ"નો કીતાબ અને દશ વીંઘાં જમીન પારિતોષિક તરીકે મેળવ્યાં હતાં.

દાદાભાઇની ચારેક વર્ષની બાળવયમાંજ તેમના પિતાશ્રીનો સ્વર્ગવાસ થયો. હવે માણેકબાઇની સર્વ આશાઓ દાદાભાઇપર હતી. તે દાદાભાઇને કાળજીપૂર્વક ઉછેરવામાં અને ઉચિત કેળવણી આપવામાં અને ઉછરતા બાળકને શુભ રસ્તે દોરવામાં પોતાનો કાળ નિર્ગમન કરવા લાગ્યાં. દાદાભાઇને પ્રથમ એક ગુજરાતી નિશાળે બેસાડયા. ત્યાં અભ્યાસ પુરો થતાં તેમને મુંબઇની એલ્ફીન્સ્ટન ઇન્સ્ટીટ્યુટમાં અંગ્રેજી કેળવણી લેવાને દાખલ કરવામાં આવ્યા. આ ઇન્સ્ટીટ્યુટ તે હમણાંની એલ્ફીન્સ્ટન કોલેજ. અહીંયાં દાદાભાઇએ શિક્ષણ લેવામાં વિસ્મય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારક બુદ્ધિચાતુર્ય દર્શાવ્યું હતું. પ્રત્યેક બુદ્ધિવાન બાળકની માફક તેમની બુદ્ધિ ગણિતના વિષયમાં ખાસ કરીને ઝળકી ઉઠી. તેઓ પોતાના વર્ગમાં ઉચ્ચ સ્થળેજ રહેતા અને લગભગ દરેક છાત્રવૃત્તિ અને ઇનામ જિતી જતા. આ સંસ્થામાં અભ્યાસ ચાલતો હતો તેવામાં મીસીસ પોસ્ટન નામક એક વિખ્યાત યુરોપિયન બાનુએ તેની મુલાકાત લીધી; તે વખતે તે દાદાભાઇની ગણિતશાસ્ત્રના વિષયમાં બાહોશી જોઇને ઘણી પ્રસન્ન થઇ અને તેને એક યોગ્ય ઇનામ આપ્યું; એટલુંજ નહિ પરંતુ તેણે પ્રસિદ્ધ કરેલા 'પશ્ચિમ હંદ' નામક ગ્રંથમાં દાદાભાઈની હોશિયારીની ખાસ નોંધ લીધી હતી. આ પ્રમાણે આપણે જોઇ શકીએ છીએ કે તેમની શાળાની તેમજ કોલેજની કારકીર્દી અતિ ઉજ્વળ અને આશાવંત હતી. પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાઇ આવતાં હતાં. એલ્ફીન્સ્ટન ઇન્સ્ટીટ્યુટમાં તેમને સરકારી છાત્રવૃત્તિ મળતી હતી. ૨૦ વર્ષની ઉમ્મરે એમનું ભણતર પુરૂં થયું. તેમણે કયા સંયોગોમાં શિક્ષણ મેળવ્યું હતું. તે વિષે તે લખે છેઃ—"મને તદન મફત કેળવણી મળતી. હાલની માફક તે વખતે ફી લેવાતી હોત તો મારી ગરીબ માતા મને ભણાવી શકત નહિ, આ ઉપરથી હું મફત કેળવણીનો ચુસ્ત હિમાયતી બન્યો છું, અને અંતઃકરણપૂર્વક એ સિદ્ધાંત સ્વીકારૂં છું કે દરેક બાળક ગમે તો તે ગરીબ માબાપને પેટે જન્મ્યો હોય કે સોનારૂપાને ઘુઘરે રમતો હોય તો પણ જેટલી કેળવણી લેવાનું એનું ગજું હોય એટલી કેળવણી તેને અવશ્ય મળવી જોઇએ."

બાળવયથીજ તેમનું અંતઃકરણ કેટલું બધું જાગ્રત થએલું હતું, તેમનો આત્મા કેટલો પ્રબુદ્ધ હતો, નીતિના વિચારોના અંકુરો તેમનામાં કેવા ફુટતા હતા; તે તેમના નીચેના શબ્દોપરથી માલુમ પડશે. તેઓ કહેતા કે "પહેલ વહેલો આત્મબોધ હું લગભગ ૧૫ વર્ષની ઉમ્મરનો હતો ત્યારે મને મળેલો. એ બનાવ જાણે આજ કાલેજ ના બન્યો હોય એટલો મારા મનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાજો છે. રસ્તે એકાંતમાં ચાલતાં મેં નિશ્ચય કર્યો કે ભુંડાળા શબ્દો મારે કદી ના બોલવા. એ દિવસથી જેમ જેમ મારી ઉમ્મર અને કેળવણી વધતી ગઇ તેમ તેમ મેં ઘણા નિશ્ચયો કર્યા છે અને મારા માનવા પ્રમાણે હું કહી શકું કે મેં એ વફાદારીથી પાળ્યા છે. નાનપણમાં જમતા પહેલાં અમારે ત્યાં જરા દારૂ પીવાનો રીવાજ હતો. એક દિવસ ઘરમાં દારૂ નહિ હોવાથી પાડોશની દુકાને મને મોકલ્યો. હું ત્યાં ગયો, અને ત્યાં જવાથી જે શરમ અને હલકાઇ મારા મનને લાગી તે હું કદી નહિ ભૂલું. બસ ! દારૂની દુકાને ત્યાર પછી આજ સુધીમાં કોઇ દિવસ હું ગયો નથી. ”

એમના વિદ્યાર્થિજીવનની ખાસ વિશિષ્ટતા એ હતી કે તે વર્ગની ચોપડીઓ વાંચવામાંજ મશગુલ બની રહેતા નહિ. સામાન્ય હિંદી વિદ્યાર્થિવર્ગની એ ખામી તેમનામાં ન હતી. વર્ગનાં પાઠ્ય પુસ્તકો વિના તેમનું બાહ્ય વાંચન પણ વિસ્તૃત હતું. પ્રત્યેક પ્રતિભાશાળી બાળકપર એવા બાહ્ય વાંચનનો ઘણોજ ઉંડો પ્રભાવ પડે છે, અને તેથી તે ઘણોજ લાભ પામે છે. તેવા બાહ્ય વાંચનથી ભાષાશૈલી અને વિચારો પરજ નહિ પરંતુ ચારિત્રબંધારણપર પણ સ્થાયી અસર થાય છે. દાદાભાઇના વિદ્યાર્થિજીવનમાં એવા વાંચનની શું અસર થઇ હતી તે તેમના નીચેના શબ્દો પરથી જણાશેઃ—

“ આ વખતે જે પુસ્તકોના વાંચનથી મારા ચારિત્રનાં જુદાં જુદાં લક્ષણો બંધાયાં અને મારા ભવિષ્યના જીવન ઉપર અસર થઇ તે પુસ્તકો ફીરદોસીનું શાહનામું અને ઝોરોસ્ત્રીઅન એટલે પારસી ધર્મ પાળનારનાં કર્તવ્યો એ નામની એક ગુજરાતી ચોપડી છે. એમાં વિચાર, વાણી અને કર્મ શુદ્ધ રાખવાનો બોધ હતો; પણ જે સાહિત્યસાથે મારે વધારેમાં વધારે સંબંધ બંધાયો અને જેનાથી મને ઘણું સુખ પ્રાપ્ત થયું છે તે તો અલબત્ત, ‘ વોટ ’ની ‘ મનનો સુધારો ’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Improvement of the mind એ નામની ઇંગ્રેજી ચોપડી હતી. એ ચોપડીએ મારી ભાષાશૈલી અને વિચારપદ્ધતિ ગોઠવ્યાં, એક શબ્દથી ચાલે ત્યાં કદી બે ન વાપરવા, વિચાર અને શૈલી સ્પષ્ટ અને સરળ રાખવાં; એટલું હું એમાંથી શીખ્યો. ત્યારથી મેં 'શિષ્ટ' અને 'અલંકારિક' શૈલીને નમસ્કાર કર્યા."

વિદ્યાર્થિજીવનની સમાપ્તિ થતાં શું વ્યવસાય કરવો? એ ગંભીર સવાલ ઉભો થયો. તે સમયના હાઇ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને કેળવણી ખાતાના વડા સર અર્સ્કીન પેરીએ તેમને વિલાયત જઇ બેરીસ્ટરની પરીક્ષાનો અભ્યાસ કરવાને ભલામણ કરી. તેને માટે અર્ધો ખર્ચ સર પેરીએ અને અર્ધો સર જમશેદજી જીજીભાઇએ આપવાને કબુલ કર્યું; પરંતુ ભાવીના બળે તેમનાં સગાંસંબંધીઓએ તેમને વિલાયત જવા દીધા નહિ.

આથી તેમને નોકરી ખોળવાની જરૂર પડી અને ઇ૦સ૦ ૧૮૪૬માં શિક્ષકનો પવિત્ર તેમજ મહત્વનો ધંધો તેમણે સ્વીકાર્યો; પરંતુ એવી સાધારણ જગ્યાએ પડી રહેવાને એ મહાન નર સરજાયલા ન હતા. ચાર વર્ષમાંજ એટલે ઇ૦ સ૦ ૧૮૫૦માં તે મદદનીશ અધ્યાપક અને ૧૮૫૪માં ગણિત અને વિજ્ઞાનશાસ્ત્રના અધ્યાપક તરીકે નીમાયા. મદદનીશ અધ્યાપક અને અધ્યાપક તરીકે પણ તેમણે અપૂર્વ ઉત્સાહ અને બાહોશીથી કાર્ય કર્યું; જેથી ઘણા નામાંકિત વિદ્વાનોએ તેમની અત્યંત પ્રશંસા કરી હતી. તે સમયેજ દાદાભાઇ હિંદના અમૂલ્ય હીરા નીવડશે એવી આશાઓ બાંધવામાં આવી હતી, જે આપણા સદ્ભાગ્યે અક્ષરશઃ સત્ય નીવડેલી છે.

પોતાની આ પ્રવૃત્તિમાં દેશસેવા અને સમાજસેવાનાં કાર્યો કરવામાં પણ તેઓ પછાત પડયા ન હતા. એલ્ફીન્સ્ટન ઇન્સ્ટીટ્યુટમાં સ્ટુડન્ટસ લીટરરી એન્ડ સાયન્ટીફીક સોસાયટી સ્થાપવામાં આવી હતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેનો જન્મ તેમના સ્તુત્ય પ્રયાસોને આભારી હતો. તેમને તે મંડળના પ્રમુખ નીમવામાં આવ્યા હતા.

પ્રથમથીજ દાદાભાઇ સ્ત્રીકેળવણીના મહાન પક્ષકાર હતા. એમનામાં એક ખુબી એ હતી કે, તે કેવળ પક્ષ કરીને, શબ્દો વાપરીનેજ જંપી બેસી રહેતા ન હતા; પરંતુ પોતાના તે વિચારોને શી રીતે વ્યવહારમાં ઉતારવા તેનો તેઓ અહર્નિશ વિચાર કર્યા કરતા, અને જ્યારે તે અમલમાં ઉતરે અને તેનું સંતોષકારક વ્યક્ત પરિણામ પ્રાપ્ત થાય, ત્યારેજ જંપતા. તેથી તેમણે સ્ત્રીકેળવણીને સંગીન સહાય શી રીતે કરવી ? તેના ઉપાયો યોજવા માંડયા; જેને પરિણામે ઇ. સ. ૧૮૪૯ માં કોટ, ધોબીતળાવ અને બહારકોટ ખાતે બાલિકાઓને કેળવણી આપવાની ત્રણ શાળાઓ સ્થાપવામાં આવી. એ પ્રમાણે તેઓ પશ્ચિમ હીંદમાં સ્ત્રીકેળવણીના પ્રથમ સ્થાપક હતા. તેમણે વાવેલાં એ બીજનું ફળ કેવું સરસ અને કેવું મિષ્ટ આવેલું છે, તે અત્યારે સ્ત્રીકેળવણીના પ્રમાણમાં બહોળા પ્રચારપરથી આપણે જોઇ શકીએ છીએ. આ ત્રણ કન્યાશાળાઓમાં સાત પારસી યુવકોએ સવારના સાતથી દશ વાગ્યા સુધી દરરોજ શિક્ષક તરીકે મફત કામ કર્યું હતું, અને દાદાભાઇએ પોતે બહાર કોટ આવેલી શાળામાં શિક્ષક તરીકે મફત કામ કર્યું હતું. સહસ્રશઃ ધન્ય છે એ નરરત્નોને ! ઇ૦ સ૦ ૧૮૫૦ માં આ સંસ્થાઓને આર્થિક મદદ મળતાં પગારદાર શિક્ષકો રાખવામાં આવ્યા હતા અને સવારના ત્રણ કલાકને બદલે આખો દિવસ શિક્ષણ અપાવા લાગ્યું.

' લીટરરી મીસ્લેની ' નામક એક છાપું પણ નીકળવા લાગ્યું હતું. વળી જ્ઞાનપ્રસારક મંડળ નામે એક સભા સ્થાપવામાં આવી હતી જેદ્વારા સામાજિક અને અન્ય લોકોપકારક વિષયો પર વ્યાખ્યાનો અપાતાં હતાં. ઇ૦ સ૦ ૧૮૪૯ ના જુલાઇ માસથી ' જ્ઞાનપ્રસારક ' નામક એક માસિક કાઢવામાં આવ્યું હતું. પારસી કોમમાં સુધારો દા-

CC-0. Panini Kanya Maha Vidyalaya Collection. Gurukul Kangri University Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખલ કરવાને 'રાહનુમાય માજદીયસનાન સભા' નામની એક સભા સ્થાપી. તદુપરાંત ધી બોમ્બે એસોસીએશન, ધી ફરામજી ઇન્સ્ટીટ્યુટ, ધી ઇરાની ફંડ, ધી પારસી જીમનેસિયમ (અખાડો), વિધવા પુનર્લગ્ન સભા અને વિકટોરિયા આલ્બર્ટ મ્યુઝિયમ એટલી સંસ્થાઓ સ્થાપવામાં તેમણે આગેવાની પડતો ભાગ લીધો હતો. ૧૮૫૧ માં એમણે રાસ્ત ગોફતાર (સત્ય પ્રકાશ) નામક ગુજરાતી સાપ્તાહિક વર્તમાન પત્ર કાઢયું. તે પત્રમાં તે સમયે ઘણા આગળ વધેલા અને ઉત્તમ વિચારોવાળા લેખો બહાર પડતા હતા. બે વર્ષ એના તંત્રી તરીકે એમણે સેવા બજાવી હતી. તે વખતે રાસ્ત ગોફતારમાં સંસાર સુધારાના અને રાજકીય વિષયો પર અતિ વિદ્વત્તાપૂર્ણ લેખો લખાતા હતા. જે પત્રના જન્મદાતા મહર્ષિ દાદાભાઈ હતા, તે પત્રમાં અત્યારે પહેલાંના જેવું ઝવેરાત ઝળકતું નથી એટલીજ શોકની વાત છે. એ રીતે એમના પ્રવૃત્તિમય જીવનનાં પ્રથમ દશ વર્ષ સંપૂર્ણ લોકસેવામાં ગયાં. એ સંબંધમાં તેઓ પોતે કહે છે કે ભૂતકાળના એ સમય ઉપર જ્યારે જ્યારે હું દ્રષ્ટિપાત કરૂં છું, ત્યારે ત્યારે મારૂં અંતઃકરણ આનંદથી પ્રફુલ્લ બને છે. જે જનસેવા કરવાનું મારૂં કર્તવ્ય હતું તે યથાવિધિ બજાવાયું તે જોઇને મને ઉંડો સંતોષ થાય છે. હા ! યુવાનીના મારા એ દિવસો મને કેવા વ્હાલા લાગે છે !

સને ૧૮૫૫ માં ઇંગ્લાંડમાં વ્યાપાર તથા આડતનું કામ કરવાને માટે " કામા એન્ડ કંપની " નામે પ્રથમ દેશી પેઢીની સ્થાપના કરવામાં આવી. એ પેઢીની લંડનની શાખામાં કામ કરવાને તેના ભાગીયા ખરશેદજી રૂસ્તમજી કામા અને મંચેરજી હોરમસજી કામાની સાથે દાદાભાઇને મોકલવાનું ઠરાવવામાં આવ્યું. અધ્યાપક પ્રોફેસરની જગ્યાપરથી તેમણે બે વર્ષની રજા માગી પણ તે મંજુર થઇ નહિ એટલે રાજીનામું આપીને તેજ વર્ષના જુન માસની તા. ૨૬ મીએ લંડન જવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ ઉપડયા. અહીંયાં તેમના રાજકીય જીવનનો ખરો પાયો નખાયો. એમ માલુમ પડે છે કે ત્યાં ગયા પછી એ ત્રણે સાથીઓએ વ્યાપાર ચલાવવાપર જોઇએ તેટલું ધ્યાન આપ્યું નહિ. એક ગૃહસ્થના કહેવા પ્રમાણે દાદાભાઇએ પાર્લામેન્ટની બ્લુબુકોનો અને હિંદને લગતા સવાલોનો અભ્યાસ કરવામાં, મર્હુમ ખરશેદજી કામાએ પારસી ધર્મનો અભ્યાસ કરવામાં અને મર્હુમ જમશેદજી કાપડીયાએ પોતે ઇરાનની તવારીખનો અભ્યાસ કરવામાં પોતાના વખતનો અને વેપાર ધંધાનો ભોગ આપ્યો અને તેને પરિણામે ૧૮૬૨ માં તેમણે સ્થાપેલી જુદી પેઢી ઇ. સ. ૧૮૬૬ માં પડી ભાગી. પ્રસ્તુત લેખક એમ ધારે છે કે, એ પેઢી પડી ભાગી તેજ ઠીક થયું; કેમકે તેથી વિના વિઘ્ને તેઓ રાજકીય હીલચાલોમાં સંપૂર્ણ છુટથી ભાગ લેવાને શક્તિવાન થયા હતા; પરંતુ આ ભંગાણુથી ઉભી થયેલી મુશીબતો તેમના મહાન પ્રમાણિકપણાને લીધે વધારે નડી નહિ અને તેઓ જલ્દી મુક્ત થઇ ગયા. ઇંગ્લાંડ ગયા પછી સીવીલ સર્વીસની પરીક્ષાના વિષયપર તેઓનું પ્રથમ ધ્યાન ખેંચાયું. ઇ. સ. ૧૮૫૫ માં સીવીલ સર્વીસમાં નીમણોકની પદ્ધતિ બંધ થઇ અને હરીફાઇની પરીક્ષા દાખલ કરવામાં આવી હતી. આ પ્રથમ પરીક્ષામાં રૂસ્તમજી હીરજીભાઇ વાડીઆ નામના એક પારસી ગૃહસ્થે ઉમેદવારી કરી હતી પણ તેમની ઉમ્મરના સંબંધમાં અધિકારીઓ તરફથી વાંધો લેવામાં આવ્યો. દાદાભાઇએ તે વખતના સેક્રેટરી ઓફ સ્ટેટ લોર્ડ સ્ટેનલીના ઉપર એક પત્ર લખીને મી. વાડીઆને થતા ગેરઇન્સાફ તરફ તેઓનું લક્ષ ખેંચ્યું હતું અને જોન બ્રાઇટની મદદથી આ વિષયમાં મોટી લડત ચલાવી હતી. જો કે આમાં દાદાભાઇને ફત્તેહ મળી નહિ તો પણ એઓને એવી ખાત્રી આપવામાં આવી કે ભવિષ્યમાં આ પરીક્ષાને લગતા નિયમોમાં આગમજથી ખબર આપ્યા સિવાય ફેરફાર કરવામાં આવશે નહિ. ઇ. સ. ૧૮૫૬ ની પહેલી માર્ચે લંડન યુની-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્સીટી કોલેજમાં ગુજરાતી ભાષાના પ્રોફેસર તરીકે એઓની નીમણોક કરવામાં આવી હતી. તે પદ્દી બે વર્ષ ભોગવીને ૧૮૫૮ની દશમી નવેમ્બરે એઓ ઇંગ્લાંડથી મુંબઇ પાછા આવ્યા. ત્રણ માસ પછી પાછા જઇને લંડન અને લીવરપુલમાં પોતાને નામે જુદી પહેડીઓ કાઢી.

દાદાભાઇના ઇંગ્લાંડ મધ્યેના વસવાટ દરમ્યાન એઓને લાગ્યું કે ઇંગ્લાંડના લોકો હિંદુસ્તાનની ઘણી બાબતોથી અજ્ઞાત છે અને હિંદવાસીઓની ખરી હાલત કેવી છે અને તેઓની પ્રગતિના માર્ગમાં કેવી કેવી મુશ્કેલીઓ છે તેનો ઇંગ્લાંડની પ્રજાને ખ્યાલ આપવાને માટે મર્હુમ મી૦ વ્યોમેશચંદ્ર બોનરજીની સાથે **"લંડન ઇન્ડીઆ સોસાઈટી" એ નામનું મંડળ ઇ. સ. ૧૮૬૫ માં** સ્થાપ્યું અને થોડા વખતમાં એ સંસ્થાને મોટા પાયાપર ફેરવી નાખી **"ઈસ્ટ ઈન્ડીયન એસોસીએશન"** એ નામ આપ્યું. આ સંસ્થાદ્વારા હિંદી તથા વિદેશી ગૃહસ્થો અને હિંદુસ્તાનના રીટાયર્ડ થએલા અમલદારો ભાષણો આપતા હતા અને ઇંગ્લાંડની સન્મુખ હિંદની ખરી સ્થિતિનો ચિતાર રજુ કરી આ વિષયમાં તેઓનું અજ્ઞાન દૂર કરતા હતા. નામદાર ગાયકવાડ, હોલ્કર, સીંધીઆ, કચ્છના રાવ વગેરેએ આ સંસ્થાને આર્થિક મદદ કરી હતી. સર ફીરોજશા મહેતા આ વખતે ઇંગ્લાંડમાં બેરીસ્ટરનો અભ્યાસ કરતા હતા. તેઓ પણ વારંવાર આ સંસ્થામાં નિબંધો વાંચતા હતા અને દાદાભાઇ પોતે પણ "સ્વરાજ્ય" ઇત્યાદિ વિષયોપર આ સંસ્થા મારફત ઇંગ્લાંડના જુદા જુદા વિભાગોમાં ફરી ભાષણો આપતા હતા અને ઇંગ્લાંડના લોકોની હિંદ તરફ દિલસોજી ખેંચતા હતા. હિંદુસ્તાનને લગતા વિષયોપર ઇંગ્લાંડનાં જાહેર પત્રોમાં લેખો લખતા હતા અને હિંદી પ્રધાન સાથે મોટો પત્રવ્યવહાર ચલાવતા હતા.

પોતાની પડી ભાગેલી પેઢીની મશીબતોમાંથી મુક્ત થઇને તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદપ્રતિ પાછા આવ્યા. અહીંઆં તેમને અસાધારણ માન આપવામાં આવ્યું અને રૂ. ૩૦૦૦૦ ને આશરેની એક રકમ 'પર્સ' રૂપમાં તેમને ભેટ કરવામાં આવી. આ રકમનો તેમણે પોતાના ખાનગી કામમાં ઉપયોગ ન કરતાં જાહેર સખાવતોમાં ઉપયોગ કર્યો.

ઇ. સ. ૧૮૭૯ માં દાદાભાઇ પાછા પાર્લામેન્ટની હિન્દુસ્તાનના મહેસુલ સંબંધી તપાસ રાખનારી કમીટી આગળ જુબાની આપવા વિલાયત ગયા. એ કમીટી ફોસેટ કમીટીના નામથી ઓળખાય છે. એ કમીટી આગળ દાદાભાઇએ જે અગત્યની વાતો સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો તે એ હતી કે હિન્દ દેશ ઘણોજ ગરીબ છે, અને દેશના કરનું પ્રમાણ ઘણું ભારે છે. આ વિષય ઉપર દાદાભાઇએ ખાસ અભ્યાસ કર્યો છે, અને નિવૃત થતાં સુધી એમણે એજ વિષય ઉપર ઘણાં ભાષણો કર્યા છે; અને ઘણા લેખો લખ્યા છે.

કમીટી આગળ જુબાની આપતાં જ્યારે એમણે જણાવ્યું કે હિન્દુસ્તાનના વતનીની સરેરાસ વાર્ષિક આવક માત્ર વીસ રૂપીઆ છે ત્યારે કમીટીના સભાસદોએ એ વાત હસી કાઢી, અને ઘણા હિંદી અંગ્રેજ અમલદારોનો એમના ઉપર ઘણો ગુસ્સો ઉત્પન્ન થયો; એ વાત ઉપર પાછળથી સખત ચર્ચા ચાલી પણ દાદાભાઇ ડગ્યા નહિ. ૧૮૭૩માં પુરાવા સાથે, દાખલા દલીલોથી આંકડા આપીને એમણે "હિંદની ગરીબાઇ" એ નામનું એક ચોપાનીયું બહાર પાડ્યું. સાત વર્ષ પછી એ ચોપાનીયાની નવી આવૃત્તિ "હિંદની સ્થિતિ" એ નામથી તૈયાર કરી. કેટલાંક વર્ષો પછી હિંદુસ્તાનના રાજ્યના મહેસુલી અમલદાર સર ઇ. બેરીંગ હવે જેઓ લોર્ડ ક્રોમરના નામથી ઓળખાય છે તેઓએ સરકારી રીતે તપાસ કરીને જાહેર કર્યું કે હિંદવાસીઓની માથાદીઠ સરેરાસ વાર્ષિક આવક માત્ર ૨૭ રૂપીઆ છે, એમના ને દાદાભાઇના આંકડામાં ઝાઝો ફેર ન રહેતાં દાદાભાઇના આંકડા ખરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે હિંદી સરકારે સ્વીકાર્યા એમ માનવામાં આપણને કંઇ હરકત નથી. દાદાભાઇએ ફોસેટ કમીટીનું ધ્યાન હિંદના રાજ્યવહીવટમાંની કેટલીક ખામીઓ બાબત દોર્યું હતું, તે નીચે પ્રમાણેઃ—

૧ રાજ્ય વહીવટનું ઉડાઉ ખર્ચ.

૨ ઇંગ્લાંડ તરફ ઘસડાઇ જતું હિંદનું અઢળક દ્રવ્ય.

૩ રાજ્ય વહીવટની મોટી નોકરીઓ આપવામાં હિંદના વતનીઓ તરફ ચલાવવામાં આવતી ગેરવ્યાજબી વર્તણુંક.

ઇ. સ. ૧૮૭૪ માં વડોદરા રાજ્યનો કારોબાર સુધારવાને માટે સરકારે ૧૫ માસની ટુંક મુદત વડોદરાના મલ્હારરાવ ગાયકવાડને આપી હતી; તેથી એ રાજાએ પોતાના દીવાન તરીકે દાદાભાઇની નીમણોક કરી. તુરત ચાંપતા ઉપાયો લઇને તેઓએ રાજ્યવ્યવસ્થા સુધારી. તે વખતના વડોદરાના રેસીડંટ કર્નલ ડરેયરને ગાયકવાડ સાથે અણબનાવ ચાલતો હતો તેથી તેણે ગાયકવાડ અને તેના દીવાન દાદાભાઇ, એ બન્નેની વિરૂદ્ધ કેટલીક હકીકતો મુંબઇ સરકારને લખી જણાવી અને મુંબઇ સરકારે તેની તરફદારી કરી. આ ઉપરથી દાદાભાઇએ તે વખતના વોઇસરાય લોર્ડ નોર્થબ્રુક પાસે ફરીઆદ ઉઠાવી અને તે ઉપરથી વડી સરકારે વચ્ચે પડીને વડોદરા રાજ્યની બાબતમાં મુંબઇ સરકારને હાથ નાખતાં અટકાવી અને રેસીડન્ટને વડોદરા છોડી બહાર જવા ફરમાવ્યું અને તેની જગ્યાએ પોતાના ખાસ એજન્ટ અને કમીશનરી નીમીને સઘળો વ્યવહાર પોતાની પાસે રાખવાની ગોઠવણ કરી; એમ છતાં દરબારીઓની નાલાયક ખટપટ અને સતાવણીને લીધે એઓએ બે વખત રાજીનામાં આપ્યાં હતાં, પણ મલ્હારરાવે દાદાભાઇના કાલાવાલા કરીને રાજીનામાં પાછાં ખેંચાવી લીધાં હતાં. આખરે ૧૮૭૪ ના ડીસેમ્બરમાં સ્વાર્થી દરબારીઓની ખટપટ વધવાથી દાદાભાઇએ દીવાનપદ છોડ્યું. ત્યાર પછી થોડી મુદતે વડોદરાના રેસીડેન્ટને ઝેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવાનો આરોપ મહારાજ મલ્હારરાવ ઉપર મૂકવામાં આવ્યો અને તેમાં દૂષિત ઠરવાથી તેમને પદભ્રષ્ટ કરવામાં આવ્યા.

સને ૧૮૭૫ માં મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનમાં દાદાભાઇને એક મેમ્બર તરીકે ચુંટવામાં આવ્યા હતા અને એક વર્ષની મુદત પછી તેઓ પાછા ઇંગ્લાંડ ગયા. ત્યાં રહીને ૧૮૮૧ માં હિંદી દુકાળ કમીશનના રિપોર્ટપર ટીકારૂપ એક લંબાણ લેખ હિંદી વજીર ઉપર મોકલી આપ્યો. ત્યારબાદ ૧૮૮૨ માં મુંબઇ પાછા ફર્યા. આ વખતે મુંબઇના ગવર્નર તરીકે લોકપ્રિય અમલદાર લોર્ડ રે હતા અને કલકત્તામાં વાઇસિરોય તરીકે લોર્ડ રિપન જેવા ન્યાયી રાજકર્ત્તાનો અમલ ચાલતો હતો અને તેમના કારભારથી લોકોમાં નવું જીવન આવ્યું હતું. આ વખતે હિંદુસ્તાનમાં જુદાં જુદાં વર્તમાનપત્રો મારફતે બહાર પડતો પ્રજા પોકાર અહીંના તેમજ ઇંગ્લાંડના સત્તા વાળાઓમાં સારી પેઠે જાણીતો કરવાના હેતુથી " વોઇસ ઓફ ઇન્ડીઆ " નામે એક માસિક ચોપાનીયું ૧૮૮૩ ની સાલમાં મી. બહેરામજી મહેરવાનજી મલબારીની સાથે મળીને કાઢવા માંડયું. સને ૧૮૮૫ની સાલમાં નામદાર લોર્ડ રેએ મુંબાઇની ધારાસભામાં એક મેમ્બર તરીકે દાદાભાઇની નીમણુંક કરી જેથી હિંદની સર્વે પ્રજાને મોટો સંતોષ થયો.

આ અરસામાં હિંદી નેશનલ કાંગ્રેસનો જન્મ થયો અને ૧૮૮૫ માં મુંબાઇમાં ભરાયલી કોંગ્રેસની પહેલી બેઠકમાં તેમણે હાજરી આપી હતી.

ઇંગ્લાંડમાં નવી ચુંટણી થવાની હોવાથી તેઓ ૧૮૮૬ ના માર્ચમાં ત્યાં ગયા. ત્યાં પાંચ વર્ષની સખત મહેનત પછી ૧૮૯૨ માં સેંટ્રલ ફીન્સબરી પરગણાં તરફથી લીબરલ પક્ષના સભાસદ તરીકે તેઓ પાર્લામેંટમાં દાખલ થઇ શક્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે દરમ્યાન ૧૮૮૭ ના જાન્યુઆરી માસમાં કોંગ્રેસની બીજી બેઠક કલકત્તે થઈ તેના પ્રમુખ તરીકે તેમને પસંદ કરવામાં આવ્યાથી તેઓ હિંદ પાછા આવ્યા. બ્રિટીશ પાર્લામેન્ટમાં નીમાવાનું અસાધારણ માન તેમને મળેલું હોવાથી સમગ્ર ભારત વર્ષે તેમને અપ્રતિમ અભિનંદન આપ્યું હતું. આમની સભામાં તેમણે જે પહેલું ભાષણ આપ્યું હતું તેની અસર ઘણીજ સરસ થઇ હતી. હિંદને લગતા વિષયોમાં પાર્લામેન્ટના સભાસદોને રસ લેતા કરવા માટે પણ કુદરતી રીતે તેમને ઘણો પરિશ્રમ વેઠવો પડયો હતો. હિંદના હિતૈષી સર ડબલ્યુ વેડરબર્ન અને મદ્યનિષેધક સમાજના અગ્રેસર સ્વ. મી. કેઇનની મદદથી એ 'ઇંડીયન પાર્લામેન્ટરી કમીટી' સ્થાપી શકયા હતા. એ કમીટીએ અત્યાર સુધીમાં આપણા દેશની કેટલી બધી કિમતી અને ઉપયોગી સેવા બજાવી છે તેનાથી ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે !

૧૮૯૩ માં કોંગ્રેસની ૯ મી બેઠક લાહોરમાં મળી તે વખતે તે બીજીવાર પ્રમુખ નીમાયા. તે સમયે એમની વય ૬૮ વર્ષની થઇ હતી અને પોતાના એકના એક પુત્રના મરણનો કારી ઘા તાજો હતો છતાં સ્વદેશના મહાન ઉત્સવપ્રસંગે પોતાના અંગત દુઃખને તેમણે હૃદયના એક ખુણામાં દાટી દીધું હતું.

વળી. ઇ. સ. ૧૯૦૬ માં કોંગ્રેસની ૨૨ મી બેઠક કલકત્તામાં ભરાઇ તે વખતે તેમને ત્રીજી વખત પ્રમુખસ્થાન અર્પીને હિંદવાસીઓએ તેમની મહામુલી સેવાઓની કદર કરી; તે સમયે તેમણે આપેલું ભાષણ ઘણુંજ મનનીય છે !

પાર્લામેન્ટની દાદાભાઇની ટુંક કારકીર્દીનું સૌથી વધારે ઉપયોગી ફળ એ થયું કે ઇ. સ. ૧૮૯૬ માં હિંદુસ્તાનના ખર્ચની તપાસ કરાવવા માટે વેલ્બી કમીશન નીમાયું. દાદાભાઇ તપરોજજી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર વીલીયમ વેડરબર્ન તથા ડબલ્યુ. એસ. કેઇન એ કમીશનના મેમ્બરો હતા. દાદાભાઇએ પોતે એ કમીશનમાં ૧૮૯૭ માં જુબાની આપી હતી અને જે જે હકીકત એમણે જુબાનીમાં જણાવેલી તે ઉપરથી હિંદુસ્તાનના ગુંચવાડા ભરેલા રાજદ્વારી તથા આર્થિક મહા પ્રશ્નોનું એમનું જ્ઞાન કેવું વિશાલ અને સંપૂર્ણ છે તે જણાઇ આવ્યું.

૧૮૯૫ માં લીબરલ પક્ષને રાજીનામું આપીને નાસવું પડયું અને નવી ચુંટણીમાં કોન્ઝરવેટીવ પક્ષ સત્તાધીશ બન્યો, દાદાભાઇ આ વખત ચુંટણીમાં હાર પામ્યા જેથી આખો દેશ શોકાતુર બની ગયો; પરંતુ તેઓએ પોતે બીલકુલ ગમગીની બતાવી ન હતી. એ પ્રસંગે " ઇન્ડીયા " પત્ર મારફતે તેમણે પોતાના સ્વદેશ બંધુઓને મોકલેલો સંદેશો પ્રત્યેક મનુષ્યે ધ્યાનપૂર્વક વાંચવા જેવો છે. તેમાં તેઓ કહે છે કે:–

" લગભગ ૫૦ વર્ષથી મારી ખાનગી અને જાહેર જીંદગીમાં મને તરેહવાર અનુભવો થયા છે. રાજકીય, સાંસારિક, કેળવણી ખાતાના, વહેપારી ખાતાના અને રાજ્યવહીવટના મારા જુદી જુદી જાતના જીવનમાં મને ફતેહ તેમજ નિષ્ફળતા ઘણી વખત પ્રાપ્ત થયાં છે, પણ હવે હું કહી શકું કે **ફતેહથી હું કદી ફુલાઇ ગયો નથી, કે નિષ્ફળતાથી ગભરાયો નથી.** એકજ નીતિને હું હંમેશાં વળગી રહ્યો છું. તે એ કે ધીરજ અને આગ્રહ રાખી મંડયા રહેવું. કોઈ પણ સારા કામમાં ફતેહ મળે કે ના મળે પણ એજ નીતિનો આશ્રય કરવો મને યોગ્ય લાગ્યો છે. **જ્યાં સુધી મારૂં શરીર સારૂં છે અને મારી માતૃભૂમિની સેવા કરવાની તક મળે છે, ત્યાં સુધી હું એ ઉત્તમ કાર્યમાં મંડયો રહીશ. હિંદુસ્તાનના કલ્યાણમાં બ્રિટીશ રાજ્યનું કલ્યાણ રહેલું છે અને હિંદના લાભનો પ્રશ્ન તે એકલા**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુસ્તાન કરતાં ઘણો વધારે વિશાળ છે. × × × હિંદુસ્તાનમાં નાના પ્રકારનાં બળો ઉત્પન્ન થયાં છે, અને હાલના બ્રિટીશ રાજ્યના વિદ્વાનો એ બળોને બ્રિટીશ સામ્રાજ્યના કલ્યાણ માટે, અને પ્રજાજનોનાં સુખ તથા સંતોષ ઉત્પન્ન કરવામાં ઉપયોગ કરે તો સારૂં. મારા નમ્ર પ્રયાસ હંમેશ માફક એજ દિશામાં જારી રહેશે, અને મારા સ્વદેશ બાંધવોને પણ મારી આ હારથી નિરૂત્સાહી બનવાનું કારણ નથી."

૧૮૮૭ પછી દાદાભાઇએ ઇગ્લાંડમાંજ વાસ કર્યો હતો અને પોતાના આગ્રહી સ્વભાવને વળગી રહી જન્મભૂમિના કલ્યાણ અર્થે પરદેશનેજ પોતાનું ઘર કર્યું હતું.

ઈ. સ. ૧૮૯૬ માં એમણે ખુશ્કી તથા નૌકા સૈન્યમાં દાખલ થવાની પરીક્ષાઓમાં હિંદવાસીઓને બેસવા દેવામાં આવતા નથી તે માટે પત્રવ્યવહાર ચલાવ્યો. જો કે તેનું પરિણામ શૂન્ય આવ્યું તો પણ એ ઉપરથી તે એટલું પુરવાર કરી શકયા કે જે નિયમોને આધારે એ ખાતાની પરીક્ષાઓ ચલાવવામાં આવે છે તે નિયમો ૧૮૫૮ તથા ૧૮૮૭ ના ઢંઢેરાથી વિરૂદ્ધ છે.

૧૮૯૮ માં સર હેનરી ફાઉલરની સોનાના ચલણ બાબત વિચાર કરવા મળેલી કમીટી આગળ એમણે બે સજ્જડ લેખો રજુ કર્યા.

૧૯૦૫ માં આમસ્ટરડામમાં સોશ્યલ ડેમોક્રેટ પક્ષની કોંગ્રેસ આગળ હિંદના પ્રતિનિધિ તરીકે એક ભાષણ આપ્યું; જેમાં હિંદમાં ચાલતા અંગ્રેજી રાજ્યવહીવટની પદ્ધતિ વિરૂદ્ધ એક ઠરાવ રજુ કર્યો અને ઘણીજ અલૌકિક અસર ઉપજાવી.

૧૯૦૨ માં "હિંદની ગરીબાઇ અને ઇંગ્રેજ પ્રજાને ન છાજતો હિંદનો રાજ્ય વહીવટ" એ નામનું સુપ્રસિદ્ધ પુસ્તક પ્રસિદ્ધ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પુસ્તકમાં એમણે એક વાત વારંવાર આગ્રહથી રજુ કરી છે કે હિંદ દેશની અત્યંત ગરીબાઇ જે દિનપ્રતિદિન વધતી જાય છે તેનું કારણ દર વર્ષે હિંદુસ્તાનમાંથી દેશાવર ખાતે ચડતા માલના સ્વરૂપમાં તથા બીજી રીતે ૪૫ કરોડ રૂપીઆ જેટલી ગંજાવર રકમ દેશને એક પાઇનો પણ બદલો મળ્યા વગર ચાલુ ઘસડાઈ જાય છે તે છે. બીજું હાલની રાજ્યવ્યવસ્થાસારૂ ઘણે મોટે ખર્ચે આખા દેશના ચડતા હોદ્દા યુરોપિયનોને આપેલા છે તેને બદલે એ હોદ્દાની નોકરી ઉપર દેશીઓને રાખી દેશનાં ધન પ્રાપ્ત કરવાનાં સાધનો દેશનાજ વતનીઓને આપવાં જોઇએ; વગેરે.

માતૃભૂમિને માટે સતત લડાઈઓ ચલાવ્યા પછી, નશ્વર દેહ શિથિલ થતાં તેમણે નિવૃત્તિ લેવાનું યોગ્ય ધાર્યું અને તેથી વિલાયતને છેવટની સલામ કરી, માતૃભૂમિને ખોળે તે ૧૯૦૬ ની ૧૪ મી ડીસેમ્બરે પધાર્યા. અહીંઆં આવ્યા પછી તેમણે આરામ લેવામાંજ સમય ગાળ્યો છે; પરંતુ હિંદની પ્રગાતને ચિંતાતુર ચક્ષુએ ઉત્સુકતાથી નિહાળી રહ્યા છે, અને હોમરૂલની ચળવળને પણ તેમણે આશીર્વાદો આપ્યા છે. અહીંઆં તેમના મહાન જીવનની કદર કરીને મુંબઇની યુનીવર્સીટીએ તેમના પશ્ચિમ જીવનમાં એલ. એલ. ડી. ની ઉપાધિથી વિભૂષિત કરવાનું અસાધારણ માન મેળવ્યું છે.

મહર્ષિ દાદાભાઇમાં નિરાશા અને આશાનું વિચિત્ર મિશ્રણ થયેલું હતું. હિંદુસ્તાનની સ્થિતિ તેમને શોચનીય—અતિ શોચનીય લાગી હતી; પરંતુ દૂર ભવિષ્યમાં તેનું નશીબ ઉજ્વળ બનવાનું છે એવી તેમને ઉંડી આશા હતી. બ્રિટીશ વ્યક્તિત્વનો એમને આબેહુબ ખ્યાલ હતો, અને તેથી તેઓએ હિંદના ઉજ્વળ ભાવિની આશા ત્યાગી દીધી ન હતી. બ્રિટીશ સ્વતંત્રતા અને બ્રિટીશ પ્રમાણુકતા વિષે તેમને એટલું બધું માન હતું કે, એક વખતે તેમણે એટલે સુધી કહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું કે, જો અમને એમનેએમજ રાખવાના હો તો તમે અમને ખુલ્લે ખુલ્લું એમ કહી નાખતા કેમ નથી ? આવીજ જાતના સવાલો હમણાં હમણાં ઘણાય કરવામાં આવ્યા છે; અને તેજ બ્રિટીશ ઉદારતા અને સ્વતંત્રતા આપણા ઉજ્વળ ભવિષ્યની હજી પણ ખાત્રી આપે છે. ગમે તેમ થાય તો પણ આપણે નિરાશ બનવાનું નથી–અને સંતોષની વાત છે કે આપણે એટલા બધા નિરાશ બન્યા નથી. નિરાશા અને આશા, આશા અને નિરાશા એ જીવનમાં હરઘડી જોવામાં આવે છે, અને હિંદના સંબંધમાં પણ એમજ છે; મહર્ષિ દાદાભાઇના જીવનનો પણ એજ મહામંત્ર છે. દેશબંધુઓ, તમારા હૃદયમાં એ મહામંત્રનો ઉદ્ઘોષ અહર્નિશ થવા દેજો, અને મહર્ષિના જીવનનો એ અનેરો પાઠ એકાગ્રચિત્તે પઢજો ! તેમાંજ કલ્યાણ છે, તેમાંજ ઉન્નતિ છે !

મહર્ષિ દાદાભાઇનું જીવન અન્ય પ્રકારે પણ ઘણું કિમતી છે. દરેક સ્ત્રીપુરૂષને તેમાંથી ઘણા પાઠો પઢવાના છે, અને અમે આશા રાખીએ છીએ કે, અમારા ભ્રાતાઓ અને ભગિનીઓ તેમને કાળજીપૂર્વક પઢીને પોતાના જીવનમાં ઉતાર્યા વિના નહિ રહે !

મહર્ષિ દાદાભાઇના મહાન જીવનની સમાપ્તિ સાથે હિંદી રાજકીય ગગનમાંથી એક ઝગઝગતો મોટો તારો અસ્ત થાય છે ! પરંતુ તે તારાએ પોતાની હયાતી દરમ્યાન દીર્ઘ કાળ સુધી એટલો બધો પ્રકાશ આપ્યો છે, એટલાં બધાં જીવનને સત્યમાર્ગે ચઢાવ્યાં છે, વિપંથે જતાં અટકાવ્યાં છે, તેણે હિંદ માતાની એટલી બધી સેવા કરી છે, કે તેના અસ્ત થવાના સમાચાર આપણે તીવ્ર શોક પરંતુ સંતોષથી સાંભળીએ છીએ. પરમ શક્તિમાન પ્રભુ તેમના આત્માને અચળ શાંતિ સમર્પો એજ અમારી છેવટની પ્રાર્થના છે.

(મંબઇના પ્રસિદ્ધ સાપ્તાહિક પત્ર 'હિંદુસ્તાન' ઉપરથી.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૬૨૬

स्वामी विवेकानंद

एमना सदुपदेश

भाग चोथो.

ભરતખંડના મહાપુરુષો.

ભરતખંડના મહાપુરુષોનો ઉલ્લેખ કરવા જતાં મારી કલ્પના આગળ એક એવો અત્યંત પ્રાચીન કાળનો ઇતિહાસ ખડો થાય છે કે જે સમયના કોઈ પણ પ્રસંગનો ઉલ્લેખ ઇતિહાસમાં છેજ નહિ અને જેના ઉપર વીંટાયલા ગાઢ અંધકારનો પડદો ઉંચકવા માટે દંત-કથાઓ ફોગટ ફાંફાં મારી રહી છે. ભરતખંડે અસંખ્ય મહાપુરુષો ઉત્પન્ન કર્યા છે—વાસ્તવિક રીતે હિંદુ પ્રજાએ હજારો વર્ષો થયાં અસંખ્ય મહાપુરુષોની ઉત્પત્તિ સિવાય બીજું કાંઇજ કર્યું નથી. આવી વસ્તુસ્થિતિ હોવાથી ભરતખંડમાં થઇ ગએલા સર્વોત્તમ મહાપુરુષો અને ધર્મરાજ્યમાં યુગાંતર કરનાર આચાર્યોના જીવનચરિત્રોનો મેં જેટલે અંશે અભ્યાસ કર્યો છે તે હું આજે તમારી આગળ દર્શાવીશ. પ્રથમ આપણાં શાસ્ત્રો વિષે કેટલુંક સમજી લેવાની આવશ્યકતા છે. આપણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રોમાં સત્યના બે જુદા જુદા આદર્શોનો ઉપદેશ કરવામાં આવ્યો છે-

એક આદર્શ સનાતન સત્યનો છે, કે જેનું નિરૂપણ વેદમાં કરેલું છે; અને બીજો પહેલાંના કરતાં કેટલેક દરજ્જે ઓછો પ્રમાણભૂત મનાતો પુરાણ, સ્મૃતિ ઇત્યાદિનો ઉપદેશ છે, કે જે દેશકાળની જુદી જુદી પરિસ્થિતિને માટે વિશેષ ઉપયોગી છે; અને તેનો અધિકાર તેવે પ્રસંગે સર્વોપરિ મનાય છે. જીવાત્મા અને પરમાત્માનું સ્વરૂપ તથા તેમના પરસ્પર સંબંધનો વિષય શ્રુતિ અથવા વેદમાં ચર્ચાયલો છે. બીજા પ્રકારનું સત્ય મનુસ્મૃતિ, યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, એવા સ્મૃતિગ્રંથોમાં તેમજ પુરાણ, તંત્ર વગેરે શાસ્ત્રીય પુસ્તકોમાં સંગૃહીત કરેલું છે. સ્મૃતિ, પુરાણ, તંત્ર એ સર્વને શ્રુતિનો આધાર રાખવો પડે છે; તેઓ શ્રુતિને અધીન છે; કારણ કે જ્યારે કોઇવાર સ્મૃતિ ઇત્યાદિનો સિદ્ધાંત શ્રુતિના સિદ્ધાંતથી વિરુદ્ધ જાય ત્યારે શ્રુતિનુંજ પ્રમાણ મનાવું જોઇએ એવું શાસ્ત્રનું વિધાન છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે મનુષ્યના જીવનનો ઉચ્ચતમ આદર્શ તથા તેને પ્રાપ્ત કરવાનાં સાધનની રૂપરેખા સંપૂર્ણ રીતે શ્રુતિ એટલે વેદમાં આપેલ છે; અને તેને વિસ્તારથી સમજાવવાનું તથા સામાન્ય વર્ગને પણ સમજ પડે એવા સ્વરૂપમાં ઉતારવાનું કામ સ્મૃતિ, પુરાણ વગેરેનું છે. સાધારણ રીતે શ્રુતિ સત્યના આદર્શનું માત્ર નિદર્શનજ કરાવે છે. મનુષ્યનું અંતિમ લક્ષ્ય શું હોવું જોઇએ અને તેના જ્ઞાનની પરિસીમા ક્યાં સુધી પહોંચે છે એનું સામાન્ય નિરૂપણ શ્રુતિદ્વારા કરવામાં આવ્યું છે. ધાર્મિક જીવન સંબંધે શ્રુતિ જે ઉપદેશ આપે છે એથી વધારે આપી શકાય એમ છે જ નહિ અને આપવા જેવું અવશિષ્ટ રહેતું પણ નથી. જીવાત્માના સંપૂર્ણ વિકાસ માટે જે જે ઉપદેશની જરૂર છે તે સર્વ શ્રુતિમાં સંપૂર્ણરૂપે જોવામાં આવે છે. માત્ર જુદા જુદા સમય અને સંજોગોમાં કેવા કેવા પ્રકારનું વિધાન કરવું જોઇએ એવી જે માહિતી શ્રુતિમાં નથી તે સ્મૃતિમાં આપેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રુતિનું એક ખાસ વિશેષત્વ એ છે કે અનેક મહર્ષિઓએ જુદાં જુદાં સત્યોનો સંગ્રહ તેની અંદર કરેલો છે. એમાંના ઘણાખરા પુરુષો હતા, તોપણ કેટલીક સ્ત્રીઓનાં નામ પણ જોવામાં આવે છે. તેમનાં પોતાનાં જીવનચરિત્ર વિષે, તેમના જન્મકાળ વિષે તો આપણે ઘણુંજ ઓછું જ્ઞાન ધરાવીએ છીએ; પણ તેમના સર્વોત્કૃષ્ટ વિચારો અથવા તો ગંભીર ચિંતનના પરિણામે તેમણે જે સત્યોનું દર્શન કર્યું હતું તે સત્યો આપણા દેશના ધર્મસાહિત્યના ભંડાર રૂપી વેદમાં લખાઇને સચવાઈ રહ્યાં છે. સ્મૃતિકારો વિષે આપણને વધારે માહિતી ઉપલબ્ધ થએલી છે. એ પુરુષો અત્યંત વિશાળ બુદ્ધિવાળા, અદ્ભુત શક્તિસંપન્ન, ઉન્નત ચારિત્ર્યવાળા અને આખા જગતને હલમલાવી નાખવાનું સામર્થ્ય ધરાવનાર મહાત્માઓ હતા. તેમનું **ચારિત્ર્ય એવું ઉન્નત હતું કે જેની આગળ** તેમના પોતાના ઉપદેશો પણ ઝાંખા પડી જાય છે.

આપણા ધર્મની એક ખાસ વિશેષતા કે જેને આપણે બરાબર સમજી લેવી જોઇએ તે એ છે કે, આપણા ધર્મમાં ઇશ્વિરને નિર્ગુણ માનેલો છે, તેની સાથે તે સગુણ છે એવું પણ પ્રતિપાદન કરેલું છે. આપણાં શાસ્ત્રોમાં વ્યક્તિગત સંબંધ રહિત, અનંત, સનાતન તત્ત્વસમૂહની સાથે અસંખ્ય અવતારી પુરુષોએ આપેલા ઉપદેશો પણ ગૂંથેલા છે; પરંતુ શ્રુતિ જે આપણા ધર્મનું મૂળ છે તેમાં તો માત્ર સનાતન તત્ત્વનોજ ઉપદેશ છે. મહાન અવતારી પુરુષો, આચાર્યો તેમજ મહાપુરુષો સંબંધી માહિતી જોઇતી હોય તો પુરાણ અને સ્મૃતિની સહાય લેવી પડે છે. તેની સાથે બીજી એક બાબત લક્ષમાં રાખવા જેવી છે કે આપણા ધર્મ સિવાયના જગતના તમામ ધર્મો કોઇ ને કોઈ ધર્મપ્રવર્તક મહાપુરુષ અથવા એવા મહાપુરુષોના સમૂહ સાથે અવિચ્છિન્ન રીતે સંકળાયલા છે. એ સઘળા ધર્મોની ઇમારત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમુક વ્યક્તિ ઉપર આધાર રાખે છે. તેઓને સ્થાપનાર કોઈ એક વ્યક્તિજ હોય છે. તેની રચના તેના સ્થાપનાર વ્યક્તિના ચારિત્ર અને તેના મનના વલણ અનુસાર થએલી છે. ખ્રિસ્તીધર્મ જીસસ ક્રાઇસ્ટ ઉપર, મુસલમાનધર્મ મહમદ ઉપર, બૌદ્ધધર્મ બુદ્ધ ઉપર, જૈનધર્મ જિનગણો ઉપર એમ આપણા શુદ્ધ સનાતનધર્મ સિવાયનો દરેક ધર્મ કોઇ ને કોઇ વ્યક્તિના જીવન ઉપર આધાર રાખે છે. આથી કરીને એ ધર્મસંસ્થાપકોના ઐતિહાસિકત્વ વિષે વિદ્વાનોમાં પુષ્કળ વાદવિવાદ ચાલે એ સ્વાભાવિક છે. હવે જો એ પ્રાચીન કાળમાં થઇ ગએલા મહાપુરુષો અથવા ધર્મસંસ્થાપકોના અસ્તિત્વને ઇતિહાસનું સબળ પ્રમાણ પ્રાપ્ત ન થાય તો જે ધર્મની ઇમારત તેના સ્થાપનારના વ્યક્તિત્વ ઉપરજ આધાર રાખે છે તે કડડભૂસ કરીને જમીનદોસ્ત થઇ જાય એમાં આશ્ચર્ય નથી. માત્ર આપણોજ ધર્મ કોઇ અમુક વ્યક્તિના જીવન ઉપર આધાર રાખતો નથી પણ સનાતન તત્ત્વસમૂહ ઉપરજ પ્રતિષ્ઠિત થએલો છે, અને તેથી કરીને આપણા ધર્મને ઐતિહાસિક આઘાતનો ભય છેજ નહિ. આપણા ધર્મનાં સત્યો અમુક મહાપુરુષે અથવા અમુક અવતારી પુરુષે પ્રકટ કર્યાં છે માટેજ તે આપણને સર્વને માન્ય હોવાં જોઇએ એમ છેજ નહિ. શ્રીકૃષ્ણનાં વચનવડે વેદને આધાર મળતો નથી પણ શ્રીકૃષ્ણે જે સત્યો પ્રકટ કર્યાં તે વેદનું અનુસરણ કરે છે માટેજ તે માન્ય ગણાય છે. શ્રી કૃષ્ણનું શ્રેષ્ઠત્વ એટલાજ માટે છે કે વેદના સિદ્ધાંતોને તેમણે સર્વોત્તમ રીતે સમજાવ્યા છે. બીજા અવતારી પુરુષો અને મહાપુરુષો માટે પણ એજ નિયમ સમજવો. આપણે પ્રથમજ વિચારી ગયા છીએ કે જીવાત્માના પૂર્ણતમ વિકાસ માટે તથા તેની મુક્તિને માટે જે જ્ઞાન જરૂરનું છે તે સર્વ વેદમાંથી મળી આવે છે. જીવાત્માની મુક્તિની બાબતમાં હવે બીજું નવીન સત્ય શોધવાનું રહ્યુંજ નથી. સત્ય જ્ઞાનના પરમ લક્ષ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરૂપ અદ્વૈતતત્ત્વની આગળ જવાનું કદિ પણ બની શકે એમજ નથી. મનુષ્યના તત્ત્વચિંતનનું છેલ્લામાં છેલ્લું પરિણામ તે જીવ અને બ્રહ્મની એકતા છે. મનુષ્યની બુદ્ધિ એ સત્ય કરતાં વધારે આગળ જઈ શકે એમ છેજ નહિ. હજારો વર્ષો થયાં વેદદ્વારા એ પૂર્ણ એકતા જાહેર થઈ ચૂકી છે. કોઇ પણ તત્ત્વચિંતકને એથી આગળ જવાનો અવકાશજ નથી. જે દિવસે '**तत्त्वमसि**'નો સિદ્ધાંત પ્રકટ થયો તેજ દિવસે આધ્યાત્મિક જ્ઞાનની પૂર્ણતા થઈ ગઇ અને એ '**तत्त्वमसि**'નું સૂત્ર વેદની અંદરનું છે. ત્યાર પછી લોકોને જુદે જુદે સમયે, જુદી જુદી પરિસ્થિતિમાં, દેશકાળને અનુસરીને ઉપદેશ આપવાનું તથા પ્રાચીન સનાતનધર્મના માર્ગ તરફ જનસમૂહને વારંવાર દોરવાનુંજ કામ બાકી રહ્યું હતું. એ કાર્ય બજાવવાને માટે દરેક યુગમાં જુદા જુદા મહાપુરુષો અને આચાર્યો પ્રકટ થતા આવ્યા છે. ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે ઘણીજ સ્પષ્ટ ભાષામાં અવતારતત્ત્વને પ્રકટ કર્યું છે. એટલી સ્પષ્ટતાપૂર્વક બીજા કોઈ પણ ધર્મગ્રંથમાં એ વિષે ઉલ્લેખ કરેલો જોવામાં આવતો નથી.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ॥
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ ભગવદ્ગીતા ॥

"જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ અને અધર્મનો અભ્યુદય થાય છે ત્યારે ત્યારે હું અધર્મનો નાશ કરવા માટે અને ધર્મની સંસ્થાપના કરવામાટે અવતાર ધારણ કરૂં છું."

હિંદુધર્મની ભાવના આવા પ્રકારની છે.

હવે આ ઉપરથી શું ફલિત થાય છે? એક બાજુએ આપણા ધર્મની ભવ્ય ઇમારત મુખ્યત્વે કરીને સનાતન તત્ત્વના પાયા ઉપર સ્થાપિત થએલી જોવામાં આવે છે. એ તત્ત્વો પૂર્ણપણે સ્વતઃ પ્રમાણિત છે; તેઓ કોઇ પણ વિશિષ્ટ પુરુષના અસ્તિત્વ ઉપર કે કોઈ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકારના કેવળ બુદ્ધિવાદ ઉપર આધાર રાખતાં નથી. તેમનું સત્યત્વ બુદ્ધિવાદવડે સ્થાપિત કરવાની જરૂર નથી. તેઓ ખરૂં જોતાં તર્કથી અતીત છે. અમુક ઋષિ, પછી તે ગમે તેવા મહાન હોય અથવા અમુક અવતાર, પછી ભલે તે ઘણાજ મહિમાવાન હોય, તે અમુક વચન ઉચ્ચારી ગયા છે માટેજ તે ગ્રાહ્ય છે એવી દલીલ ઉપર આપણા ધર્મની રચના થએલી નથી. આપણે એટલે સુધી બેધડકપણે કહી શકીએ છીએ કે અન્ય દેશોનાં દર્શનશાસ્ત્રો કરતાં ભારતીય દર્શનશાસ્ત્ર–**વેદાંત** પોતાની એક ખાસ વિશિષ્ટતાને લીધે **સમગ્ર વિશ્વના ધર્મ તરીકે મનાવાને યોગ્ય છે.** વેદાંતજ આખા જગતમાં સાર્વભૌમિક ધર્મ તરીકે મનાવા લાગ્યું છે, એમ પણ આપણે નિશ્ચિંતપણે કહી શકીએ છીએ, કારણ કે વેદાંત કોઈ પણ વિશિષ્ટ વ્યક્તિને પ્રમાણ માનીને ઉપદેશ આપતું નથી, તે તો માત્ર સનાતન તત્ત્વસમૂહનુંજ દર્શન કરાવે છે. કોઇ પણ વ્યક્તિ સાથે અવિચ્છિન્નપણે સંકળાયલો ધર્મ જગતમાં સમગ્ર માનવજાતિના ધર્મનું સ્થાન લેવા યોગ્ય નથી. આપણા પોતાના દેશમાંજ આપણે જોઇશું તો કેટલાએ મહાન આત્માઓ થઈ ગએલા માલુમ પડશે, પણ તેઓ આખા દેશમાં સર્વને પૂજ્ય નથી. એક નાના સરખા શહેરમાં પણ એવા અનેક જુદી જુદી પ્રતિના ભવ્ય આત્માઓ આપણા જોવામાં આવશે, પણ એકજ વ્યક્તિને બધા ગામના લોકો પોતાના આદર્શ તરીકે માનતા નથી. જો એમજ હોય તો એકજ વ્યક્તિ, પછી તે બુદ્ધ હો અથવા મહમદ હો અથવા જીસસ ક્રાઇસ્ટ હો, ગમે તે હો, પણ તે આખા જગતને માટે એક માત્ર આદર્શરૂપ શી રીતે મનાઇ શકે? અથવા એકજ માણસના વાક્યપ્રમાણવડે સમગ્ર નીતિશાસ્ત્ર અથવા આધ્યાત્મિક તત્ત્વ અથવા ધર્મના સિદ્ધાંતોને સત્ય તરીકે આપણે કેવી રીતે સ્વીકારી શકીએ? વેદાંતધર્મને માટે એવા કોઇ વિશિષ્ટ વ્યક્તિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાઙ્મયને પ્રમાણ તરીકે માની લેવાની બિલકુલ જરૂર નથી. માનવજાતિની સનાતન પ્રકૃતિ એજ તેનો પાયો છે. માનવજાતિના સનાતન આધ્યાત્મિક એકત્વરૂપી પાયા ઉપર તેના નીતિશાસ્ત્રની રચના થએલી છે. એ એકતાને પ્રયત્નવડે સિદ્ધ કરવાની કે ઉપજાવી કહાડવાની જરૂર નથી. એ તો અસલથીજ અનુભવાતી આવી છે. બીજી બાજુએ નજર કરીશું તો માલૂમ પડશે કે આપણા દેશના ઋષિમુનિઓ છેક પ્રાચીન કાળથી જોતા આવ્યા છે કે **જગતમાં મનુષ્યોના મોટા ભાગને કોઇ ને કોઇ વિશિષ્ટ વ્યક્તિ ઉપર અવલંબન કર્યા વગર ચાલતું નથી.** કોઇ ને કોઇ રીતે લોકો એકાદ મનુષ્યને ઇશ્વર તરીકે માની લે છે. જે બુદ્ધ ભગવાને સગુણ ઇશ્વરની વિરુદ્ધ અથવા ઇશ્વરના વ્યક્તિત્વની (Personal God) વિરુદ્ધ ઉપદેશ કર્યો હતો, તેજ બુદ્ધના અવસાનને પૂરાં પચાસ વર્ષ પણ ન થયાં એટલામાં તો તેના પોતાનાજ શિષ્યોએ તેનીજ ઇશ્વર તરીકે સ્થાપના કરી દીધી ! ઇશ્વરને એક વ્યક્તિ તરીકે માની લેવાની આવશ્યકતા તો આપણને સ્વીકારવીજ પડે છે, કેમકે મનુષ્યજાતિનો સ્વભાવજ એવો છે કે પરમેશ્વરના અવ્યક્ત સ્વરૂપનો તે સાક્ષાત્કાર કરી શકતો નથી. ઇશ્વરના સ્વરૂપ સંબંધે પોતપોતાને ફાવે તેમ વૃથા કલ્પના કરવા દઇએ (અને ઘણાખરાની બાબતમાં તો તેમની કલ્પના શક્તિ એવી કલુષિત હોય છે કે તેમનો કાલ્પનિક ઇશ્વર ઉપાસનાને યોગ્ય હોતો જ નથી), તે કરતાં તો આ પૃથ્વી ઉપર ઇશ્વરની જીવંત પ્રતિમાઓ કે જે સમયે સમયે આપણી વચ્ચે આવિર્ભૂત થઇને આપણી સાથેજ વસે છે તેમની ઉપાસના કરવી એજ વધારે ઇષ્ટ છે; કારણ કે કોઇપણ પ્રકારના કાલ્પનિક ઇશ્વર કરતાં અથવા આપણી કલ્પનાવડે ઉત્પન્ન કરવામાં આવેલા કોઇપણ પદાર્થ કરતાં, સારાંશમાં આપણે ઇશ્વર સંબંધે ઉંચામાં ઉંચો ખ્યાલ કરી શકીએ તે કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ મહાપુરુષો વધારે પૂજનીય છે. ઈશ્વિર સંબંધે આપણે ગમે તેટલો ઉંચામાં ઉંચો આદર્શ કલ્પીએ તે કરતાં પણ શ્રીકૃષ્ણ અનેકગણા ઉચ્ચ છે. આપણી કલ્પનાવડે રચાતા ઉંચામાં ઉંચા આદર્શ કરતાં પણ બુદ્ધ ભગવાન વધારે શ્રેષ્ઠ અને જીવંત આદર્શરૂપ છે. આજ કારણને લીધે કોઇપણ પ્રકારના કાલ્પનિક દેવતાઓને બદલે માનવજાતિ આ મહાપુરુષોની છેક પ્રાચીન કાળથી પૂજા કરતી આવી છે. આપણા દેશના મહર્ષિઓને આ વાતની ખબર હતી, તેથી તેમણે ભરતખંડના તમામ લોકોને આ મહાપુરુષોની અથવા અવતારી પુરુષોની પૂજા કરવાની પૂરતી છૂટ આપી છે, એટલુંજ નહિ પણ જેમને આપણે સઘળા નારાયણના સર્વોત્તમ, પૂર્ણ અવતાર તરીકે માનીએ છીએ તે પોતેજ કહે છે કે—

यद्यद्विभूतिमत्सत्वं श्रीमदूर्जितमेव वा ॥
तत्तदेवावगच्छत्वं मम तेजोंशसंभवम् ॥ भगवद्गीता.

"મનુષ્યજાતિમાં જ્યાં જ્યાં અદ્‌ભુત આધ્યાત્મિક શક્તિનો પ્રકાશ જોવામાં આવે ત્યાં હું છું એમ સમજવું. મારા દ્વારાજ એ શક્તિનું પ્રાકટ્ય થયેલું છે."

આથી કરીને હિન્દુઓને માટે સર્વ દેશના સર્વ અવતારી પુરુષોની ઉપાસના કરવાનો માર્ગ સદાએ ખુલ્લોજ છે. હિન્દુને કોઇપણ દેશના, કોઇપણ ધર્મના સાધુ મહાત્માનું પૂજન કરવાની છૂટ છે. આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ કે આપણામાંના કેટલાક લોકો કોઇ કોઇ વાર ખ્રિસ્તીઓના દેવળમાં જઇને ઉપાસના કરે છે અને મુસલમાન પીર અથવા ઑલીઆઓની દરઘાઓમાં જઇને તો ઘણાએ લોકો એ પરધર્મી સાધુઓ તરફ પૂજ્યભાવ બતાવે છે. એ વર્તણુક ઘણી ઉદાર અને પ્રશંસનીય છે, કેમકે આપણે શા માટે ઉદાર ન થવું જોઇએ ? શા માટે આપણે અન્ય દેશના મહાત્માઓનું સન્માન ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવું જોઇએ? આપણે હમણાંજ જોઈ ગયા છીએ કે આપણો ધર્મ સાર્વભૌમિક છે. એ એટલો ઉદાર છે, એટલો વિશાળ છે કે સર્વ પ્રકારના પવિત્ર આદર્શોને આદરપૂર્વક ગ્રહણ કરે છે. જગતમાં જે જે ધર્મના આદર્શો પ્રચલિત થયા છે તે સર્વને આજ ક્ષણે પોતામાં સ્થાન આપવા માટે આપણો ધર્મ તૈયાર છે. ભવિષ્યમાં પણ જે જે આદર્શો પ્રકટ થવાના છે તે સર્વને માટે આપણે ધીરજથી રાહ જોઇએ છીએ. તેમનો પણ આપણે સ્વીકાર કરીશું. વેદાંતધર્મ તેના અનંત, અમર્યાદિત બાહુ પ્રસારીને ઉભો છે. જગતમાં જે જે ધર્મ પ્રકટ થયા છે અને થશે તે સર્વને આલિંગન દેવા તે તૈયાર છે

મહાત્મા અથવા અવતારી પુરુષોને માટે આપણા ધર્મનો શો મત છે તેનું અહીં સુધી આપણે કાંઇક દિગ્દર્શન કર્યું. હવે એ પહેલા દરજ્જાના મહાપુરુષો કરતાં કાંઇક ઉતરતી પંક્તિના મહાત્માઓ પણ જગતમાં હોય છે તેમના વિષે કંઇક વિચારીશું. વેદમાં ઋષિ શબ્દનો ઉલ્લેખ વારંવાર કરવામાં આવ્યો છે અને એ શબ્દ હાલમાં તો છેક સામાન્ય થઈ પડયો છે. ઋષિનું વાક્ય પ્રમાણ શા માટે મનાય છે, એનું તાત્પર્ય આપણે સમજી લેવું જોઇએ. ઋષિ શબ્દનો અર્થ મંત્રનો દ્રષ્ટા, એટલે જેણે કોઇપણ તત્ત્વનો સાક્ષાત્કાર કર્યો હોય તે. પ્રાચીન કાળથી એકનો એક પ્રશ્ન હજારો વખત પૂછાતો આવ્યો છે કે ધર્મતત્ત્વના ખરાપણાનું પ્રમાણ શું છે? બાહ્ય ઇન્દ્રિયોવડે ધર્મની સત્યતા પ્રમાણિત થઈ શકતીજ નથી, એવો ઉત્તર પ્રાચીન કાળથી ઋષિગણો આપતા આવ્યા છે.

"यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।" (તૈત્તરીય ઉપનિષદ્) મનની સાથે તેને (ઇશ્વરને) ન પામવાથી નિષ્ફળ થઇને વાણી પાછી આવે છે. **"न तत्र चक्षुर्गच्छति न वाग् गच्छति नो मनः।** (કેન ઉપનિષદ્) ત્યાં નેત્રો જઈ શકતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, વાણી જઇ શકતી નથી અને મન પણ પહોંચી શકતું નથી.

સેંકડો યુગના યુગ થયાં ઋષિગણો આનો આજ ઉત્તર આપતા આવ્યા છે. આપણા આત્માનું અસ્તિત્વ, ઇશ્વરનું અસ્તિત્વ, અનંત જીવન, મનુષ્ય જીવનનું અંતિમ લક્ષ્ય એવા એવા પ્રશ્નોનો ઉત્તર આપણને બાહ્ય જગતના અવલોકનથી કદિ પણ સંતોષકારક રીતે મળશે નહિ. આપણું મન જે હમેશાં બદલાતુંજ રહે છે, જેનો પ્રવાહ હમેશ ચાલુ હોવાથી જે કદિ સ્થિરિતા ધારણ કરતુંજ નથી, જેના ક્ષણે ક્ષણે હજારો વિભાગ થઇ જવાથી જે હમેશાં મર્યાદિત રહે છે તે મન અનંત, અપરિવર્તનીય, અખંડ અવિભાજ્ય સનાતન વસ્તુને કેવી રીતે જાણી શકે ? તેના સ્વરૂપની ધારણા શી રીતે કરી શકે ? જ્યારે જ્યારે મનુષ્યો ચૈતન્યહીન જડસૃષ્ટિના અવલોકનદ્વારા ઉપર કહેલા મહાન પ્રશ્નોનો ઉત્તર મેળવવા ફોગટ ફાંફાં મારે છે ત્યારે તેનું પરિણામ કેવું શોચનીય આવે છે તેનો સાક્ષી જગતનો ઇતિહાસ છે. ત્યારે હવે પ્રશ્ન એ થાય છે કે વેદોક્ત જ્ઞાન પ્રાપ્ત થાયજ શી રીતે ? ઉત્તર એ છે કે જાતે ઋષિની અવસ્થાએ પહોંચ્યા વગર એ જ્ઞાન થઇ શકે નહિ. ઋષિઓએ પ્રાપ્ત કરેલું જ્ઞાન ઋષિ થઇએ તોજ મળે. આપણી બાહ્ય ઇન્દ્રિયોની સહાયથી આ જ્ઞાન મળી શકે એમ નથી. પણ ઇન્દ્રિયજન્ય જ્ઞાન એજ શું મનુષ્ય જીવનનું અંતિમ લક્ષ્ય છે ? એજ આપણું પ્રાપ્તવ્ય અને સર્વસ્વ છે એમ કહેવાની કોની તાકાત છે ? આપણા જેવા સામાન્ય મનુષ્યોના જીવનમાં પણ કોઇ કોઇ મોટા વિલક્ષણ પ્રસંગો ઉભા થાય છે. કોઈ વાર આપણા પરમ પ્રિય સ્વજનને આપણી સમક્ષ મરણ પામતો જોઇએ છીએ અથવા બીજી કોઇ જાતનો આઘાત આપણા હૃદયને થાય છે; તેમજ કોઇ વખત અત્યંત આનંદનો અવસર ઉપસ્થિત થાય છે ત્યારે આપણું મન અત્યંત શાંત બની જાય છે અને ક્ષણવાર સુધી પોતાના ખરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરૂપનું દર્શન કરે છે. જે પ્રદેશમાં વાણી અને મન જઇ શકતાં નથી તે ઠેકાણે આપણે ક્ષણવાર પહોંચી જઇએ છીએ અને ત્યાં અનંતનો કાંઇક આભાસ આપણને થાય છે. કાંઇક અપૂર્વ વસ્તુની ઝાંખી થતી હોય એમ લાગે છે. આપણા સામાન્ય જીવનમાં કોઇ કોઇ વાર આપણને આવો અનુભવ થાય છે. અલબત તે વેળા આપણે ઋષિની અવસ્થા કેટલેક અંશે પ્રાપ્ત કરીએ છીએ. હવે અભ્યાસવડે એ અવસ્થા પ્રગાઢ, સ્થાયી અને સંપૂર્ણ થાય એવો પ્રયાસ કરવાનું બાકી રહે છે. આત્મા ઇન્દ્રિયોવડે બંધાયલો અથવા મર્યાદિત થએલો છેજ નહિ, એ સત્ય હજારો વર્ષ થયાં પ્રાપ્ત થયેલું છે. આત્મા મન અને બુદ્ધિવડે પણ બંધાયલો નથી; જ્ઞાનવડે પણ મર્યાદિત થયેલો નથી. આપણે એટલું જાણી લેવું જોઇએ કે જ્ઞાન એ આત્મારૂપી અનંત શૃંખલાની એક નાનકડી કડી છે. જ્ઞાન એ આત્મા નથી પણ આત્માનો અંશ માત્ર છે. ઋષિઓ જ્ઞાનથી પણ અગમ્ય પ્રદેશમાં નિડરપણે વિચરણ કરીને આત્માનુસંધાન કરતા હતા. જ્ઞાનની સીમા પાંચ ઇન્દ્રિયવડે મર્યાદિત થયેલી છે. આધ્યાત્મિક વિષયનાં સત્યોની પ્રાપ્તિ કરવા માટે આપણે ઇન્દ્રિયોના પ્રદેશથી કોઇક વધારે આગળના પ્રદેશમાં દાખલ થવું જોઇએ. હજી પણ એવા પુરુષો છે કે જેઓ પાંચ ઇન્દ્રિયોની સીમાની પેલી મેરના પ્રદેશમાં જવાની શક્તિ ધરાવે છે. તેઓ ઋષિ કહેવાય છે. તેઓ આધ્યાત્મિક સત્યોનો સાક્ષાત્કાર કરી શકે છે. મારી સામે મૂકેલા આ ટેબલના અસ્તિત્વનું પ્રમાણ મને કોઇ પૂછે તો કહું કે હું ટેબલને પ્રત્યક્ષ જોઉં છું. તેમ વેદનિહિત સત્યોનું પ્રમાણ પણ પ્રત્યક્ષ અનુભવ એજ છે. એ જ્ઞાનનું સત્યત્વ અનુમાન અથવા તર્કના પુરાવા ઉપર આધાર રાખતું નથી. આ ટેબલના અસ્તિત્વ માટે મારે અનુમાન કે તર્ક કરવાની જરૂર પડતી નથી પણ માત્ર પ્રત્યક્ષ અનુભવવડે હું ટેબલનું અસ્તિત્વ જાણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું, તેમ એ આધ્યાત્મિક સત્યોનો પ્રત્યક્ષ અનુભવ આત્મા *જ્ઞાનાતીત અવસ્થામાં કરી શકે છે. એ ઋષિત્વની અવસ્થા પ્રાપ્ત કરવામાં દેશ, કાલ, લિંગ, જાતિ કશાનો પ્રતિબંધ નથી. વાત્સ્યાયન મુક્તકંઠે જાહેર કરે છે કે આ ઋષિત્વ ઉપર ઋષિઓનાં સંતાનો, આર્યો, અનાર્યો, મ્લેચ્છો, મનુષ્ય માત્ર સામાન્ય હક્ક ધરાવે છે. ઋષિત્વ સર્વની સામાન્ય મિલકત છે.

વેદમાં જે ઋષિઓનું વર્ણન કરેલું છે તેમણે આવા પ્રકારની સ્થિતિ પ્રાપ્ત કરેલી હતી. આપણા હિંદુધર્મનું અંતિમ લક્ષ્યબિંદુ એ અવસ્થાએ પહોંચવાનું છે. એ આદર્શ આપણે કદિ પણ ભૂલી જવો જોઇએ નહિ. હું એટલે સુધી ઇચ્છા રાખું છું કે જગતની અન્ય પ્રજાઓ પણ આ ઉચ્ચ આદર્શને પોતાની નજર આગળ રાખે, અને તેમ થશે તોજ ધર્મના મતભેદથી ઉત્પન્ન થતી તકરારો અને વિસંવાદો શાંત થઈ જશે. શાસ્ત્રોનાં વાચનથી ધર્મનાં સત્યોનો સાક્ષાત્કાર થતો નથી; તેમજ જુદા જુદા મતમતાંતરોવડે, વ્યાખ્યાનોવડે, તર્કવડે, કે બુદ્ધિવાદવડે પણ થઈ શકતો નથી. ધર્મનાં સત્યોનો કેવળ અનુભવવડેજ સાક્ષાત્કાર કરવો જોઇએ-ઋષિ બનીને ઋષિની દૃષ્ટિથીજ તેમનું દર્શન કરવું જોઇએ. બંધુઓ ! જ્યાં સુધી તમે પ્રત્યેક જણ ઋષિ ન બનો, જ્યાં સુધી તમે આધ્યાત્મિક સત્યનો સાક્ષાત્કાર ન કરી શકો ત્યાં સુધી તમારા ધાર્મિક જીવનની શરૂઆતજ નથી થઇ એમ નિશ્ચયપૂર્વક માની લેજો. જ્યાં સુધી ઉપર કહી તેવી જ્ઞાનાતીત અવસ્થાના દરવાજા તમારે માટે ખુલ્લા ન થઈ જાય ત્યાં સુધી ધર્મ એટલે કેવળ બકબકાટજ. એવી સ્થિતિ ન થાય ત્યાં સુધી આપણે તેની પ્રાપ્તિને માટે તૈયારીજ કરીએ છીએ અથવા બીજાને મોંએ સાંભળેલાં તત્ત્વો ઉપર મિથ્યા વાદવિવાદજ મચાવીએ છીએ. એક

* Transcendental State.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગે બુદ્ધ ભગવાને કેટલાક બ્રાહ્મણ પંડિતોની સાથે વાદવિવાદ કરતાં જે કથન કહ્યું હતું તે આપણી બાબતમાં પણ બરાબર લાગુ પડે છે. તે પંડિતો બુદ્ધ ભગવાનની પાસે જઇને બ્રહ્મના સ્વરૂપ વિષે પ્રશ્ન પૂછવા લાગ્યા. બુદ્ધે તેમને પૂછ્યું: "તમે બ્રહ્મનું દર્શન કર્યું છે?" પંડિતો કહે: "ના." "તમારા બાપે દર્શન કર્યું હતું? તેના બાપે દર્શન કર્યું હતું?" પંડિતો કહે: "અમારા બાપે કે અમારા દાદાએ કે અમારા કોઈ પૂર્વજે બ્રહ્મનું દર્શન કર્યું નથી." ત્યારે બુદ્ધ ભગવાન કહે: "ભાઇઓ! તમારા કોઈ પણ પૂર્વજે અથવા તમે પોતે જેનું દર્શન કર્યું નથી તેને વિષે ચર્ચા કરીને એકબીજાને પરાસ્ત કરવાનો મિથ્યા પ્રયત્ન શા માટે કરો છો?" આખું જગત આવાજ પ્રકારની જુઠ્ઠી ભાંજગડ કરી રહ્યું છે. વેદાંત આપણને ઉપદેશ આપે છે કે:–

"नायमात्मा प्रवचनेन लभ्यो
न मेधया न बहुना श्रुतेन।" કઠોપનિષદ્.

એકલાં ભાષણોવડે આત્માની પ્રાપ્તિ થતી નથી, તેમજ અત્યંત તીક્ષ્ણ બુદ્ધિવડે અથવા કેવળ શ્રુતિ એટલે વેદના અભ્યાસવડે પણ આત્માની પ્રાપ્તિ થતી નથી, એમ વેદ પોતેજ સ્પષ્ટપણે કહે છે.

આપણે જગતની તમામ પ્રજાઓને વેદના શબ્દોમાં કહેવાને તૈયાર છીએ કે તમારા વિવાદો, ચર્ચાઓ, ભાષણો ફોગટ છે. જે ઇશ્વર સંબંધી જ્ઞાનનો પ્રચાર કરવા તમે પ્રવૃત્ત થયા છો તે ઇશ્વરનું દર્શન તમને પોતાને થયું છે? જો તેમ થયુંજ ન હોય તો તમારો ધર્મપ્રચાર એ મિથ્યા આડંબર છે. તમે શું કહેવા માગો છો તેનો અર્થ તમે પોતેજ સમજતા નથી. જો તમે ઇશ્વરનો સાક્ષાત્કાર કર્યો હોત તો તમે વિવાદ કરવા તત્પર થાતજ નહિ. તમારા ચહેરા ઉપર કાંઈ અલૌકિક જ તેજ ચળકતું હોત. પ્રાચીન કાળમાં એક ઋષિએ પોતાના પુત્રને બ્રહ્મજ્ઞાન મેળવવા માટે ગુરુને ઘેર મોકલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે તે પાછો આવ્યો ત્યારે તેને પૂછ્યું: "તું શું શીખી આવ્યો?" પુત્રે જવાબ દીધો: "હું નાના પ્રકારની વિદ્યા શીખ્યો છું." ઋષિએ કહ્યું: "ત્યારે તો તું કાંઇજ શીખ્યો નથી, માટે ફરીને ગુરુને ઘેર જઇને વિદ્યા પ્રાપ્ત કર." તે બીજી વાર ગુરુ પાસે ગયો અને કેટલેક કાળે પાછો આવ્યો ત્યારે તેના પિતાએ ફરીથી એનો એજ સવાલ પૂછ્યો. પુત્રે જવાબમાં પોતે જે જે વિદ્યા ભણી આવ્યો હતો તે કહી બતાવી. એ સાંભળીને તેને ત્રીજી વાર ગુરુને ઘેર મોકલવામાં આવ્યો. હવે જ્યારે તે પાછો આવ્યો ત્યારે તેના ચહેરા ઉપર બ્રહ્મતેજ ઝળકી રહ્યું હતું. પિતાએ પ્રસન્ન થઇને કહ્યું, 'પુત્ર! આજ તારી કાંતિ બ્રહ્મજ્ઞાનીના જેવી તેજસ્વી દેખાય છે.' એજ પ્રમાણે **તમે પણ જ્યારે ઈશ્વરનો સાક્ષાત્કાર કરશો ત્યારે તમારી કાંતિમાં, સ્વરમાં અને સમગ્ર આકૃતિમાં પરિવર્તન થઇ જશે; અને તમારૂં અસ્તિત્વ માનવજાતિને માટે કલ્યાણપ્રદ ગણાશે.** એકવાર ઋષિત્વ પ્રાપ્ત કર્યું એટલે તમારૂં સામર્થ્ય એટલું બધું વધી જશે કે તમારો પ્રતિરોધ કોઇથી પણ થઇ શકશે નહિ. એજ ઋષિત્વ આપણા ધર્મનો ઉચ્ચતમ આદર્શ છે. બાકી તો વ્યાખ્યાનો, પ્રવચનો, તર્ક, વાદવિવાદ, દર્શનશાસ્ત્ર, દ્વૈતવાદ અને અદ્વૈતવાદ, અરે! વેદ સુદ્ધાં–એ ઋષિત્વ પ્રાપ્ત કરવાનાં સાધન માત્રજ છે–ગૌણ છે. તેમની આથી વધારે કિંમત આંકી શકાતી નથી. ઋષિત્વની પ્રાપ્તિ એજ મુખ્ય વસ્તુ છે. 'વેદ, વ્યાકરણ, જ્યોતિષ વગેરે સર્વ વિષયો ગૌણ છે; જે જ્ઞાનવડે આપણે તે અપરિણામી પદાર્થનો સાક્ષાત્કાર કરી શકીએ તેજ જ્ઞાન સત્ય છે; બાકીનું સર્વ મિથ્યા છે.' જેમણે આત્મસાક્ષાત્કાર કર્યો છે તેજ વૈદિક અર્થ પ્રમાણે ખરા ઋષિ છે. ઋષિ શબ્દવડે આપણને એક પ્રકારની વિશિષ્ટ અવસ્થાએ પહોંચેલ વ્યક્તિનું ભાન થાય છે. સાચા હિંદુ તરીકે આપણે વડે આપણા જીવનમાં વધેલા મોડા એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋષિત્વની પ્રાપ્તિ કરવીજ જોઇએ. તેમ થયાથીજ આપણાં શાસ્ત્રના મત પ્રમાણે આપણે મુક્ત થઈ શકીશું. અમુક અમુક મત મતાંતરમાં શ્રદ્ધા રાખ્યાથી, અથવા હજારો મંદિરોનાં દર્શન કર્યાથી અથવા દુનિયામાં જેટલી નદીઓ છે તેમાં સ્નાંન કર્યાથી મુક્ત થવાશે નહિ, એવો હિન્દુ ધર્મનો સિદ્ધાંત છે.* માત્ર ઋષિત્વ પ્રાપ્ત કર્યાથી, મંત્રના દ્રષ્ટા થવાથીજ મુક્ત થવાય છે.

વેદના પછીના યુગનું અવલોકન કરતાં આપણને જણાશે કે સમગ્ર જગતને હલમલાવી નાખવાને સમર્થ મહાપુરુષો–અવતારી પુરુષો એ યુગમાં જન્મ્યા હતા. એવા અવતાર અનેક થઇ ગયા છે. શ્રીમદ્ ભાગવતના મત પ્રમાણે અવતાર અસંખ્ય છે. તે બધામાંથી રામ અને કૃષ્ણ હિંદુસ્તાનમાં વિશેષ ભાવે પૂજાય છે. મહર્ષિ વાલ્મીકિએ પ્રાચીન વીરયુગના પૂર્ણ આદર્શરૂપ, સત્યપરાયણતા અને સમગ્ર નીતિતત્ત્વની સાકાર મૂર્તિસ્વરૂપ, આદર્શ પુત્ર, આદર્શ પતિ, આદર્શ પિતા, સર્વશ્રેષ્ઠ આદર્શ રાજ્યકર્તા રામચંદ્રનું ચરિત્ર આલેખીને આપણી સમક્ષ રજુ કર્યું છે. જે ભાષામાં એ મહાકવિએ રામચંદ્રજીના ચરિત્રનું વર્ણન કર્યું છે તેના કરતાં વધારે શુદ્ધ, મધુર અને સરલ ભાષા કોઇ પણ દેશના સાહિત્યમાં જડતી નથી; અને સીતા ! સીતાના ચારિત્ર્યનું વર્ણન કેવી રીતે થઇ શકે ? તમે આખા જગતનું તમામ પ્રાચીન સાહિત્ય શોધી વળો, તોપણ હું તમને હિંમતપૂર્વક કહી શકીશ કે સીતા જેવું બીજું સ્ત્રીપાત્ર શોધવા માટે જગતનું ભવિષ્યનું સાહિત્ય પણ તમારે ઉથાપવું પડશે અને તેમ કરતાંએ તમે

* જિજ્ઞાસુની અવસ્થાએ પહોંચેલા મનુષ્યને માટેજ આ કથન સમજવાનું છે. જેઓ માત્ર સ્થૂલ પદાર્થો અને તે પાછળના ભ્રમણથી વધુ કાંઇ સમજતા નથી તેમને માટે તો એ તીર્થયાત્રા વગેરેજ ઉન્નત જીવન તરફ ડોકીયું કરવાના પ્રાથમિક દ્વારરૂપ છે. મંત્રી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવું પાત્ર શોધી શકશો કે કેમ એ સવાલ છે. સીતાનું ચારિત્ર્ય અસામાન્ય છે. એવું ચિત્ર તો જગતમાં એકજવાર ચીતરાયું છે. ફરી કદી કોઇએ ચીતર્યું નથી અને કોઈ ચીતરી શકશે પણ નહિ. કદાચ રામ જેવા પુરુષો કેટલાક થઇ ગયા હોય પણ સીતા જેવી નારી તો બીજી કદિ પણ થઇ નથી. ભરતખંડની સ્ત્રીઓએ સીતાનો આદર્શ પોતાની સન્મુખ રાખીને તેના જેવા થવાનો યત્ન કરવો જોઇએ. સ્ત્રીચારિત્ર્ય સંબંધે ભરતખંડની પ્રજાએ જે આદર્શ ઘડયો છે તે આદર્શ સીતામાં સર્વાંશે ઉતર્યો છે અને ભરતખંડની અથવા કોઇ પણ દેશની ઉત્તમ સ્ત્રીઓનાં ચારિત્ર્ય સીતાના ચારિત્ર્યમાં સમાઇ જાય એવી સીતા અદ્વિતીય છે. આજ હજારો વર્ષ થયાં આ દેશનાં નાનાં મોટાં સર્વ માણસો સીતાનું પૂજન કરતાં આવ્યાં છે. અપૂર્વ મહિમાવાન સીતા, પવિત્રતા કરતાં પણ વધારે પવિત્ર, સહિષ્ણુતાની જીવંત મૂર્તિ સીતા અનંતકાળ સુધી ભરતખંડનાં સ્ત્રીપુરુષોને હાથે પૂજાયાજ કરશે. જેણે લેશ માત્ર કંટાળો લાવ્યા વગર અત્યંત દુઃખમય જીવન વ્યતીત કર્યું, તે પરમ સાધ્વી, પરમ વિશુદ્ધ ચારિત્ર્યવતી, આદર્શપત્ની સીતા એકલી મનુષ્યજાતિને માટેજ નહિ પણ દેવતાઓ માટે પણ આદર્શરૂપ ગણાશે અને આપણા દેશમાં પ્રજાકીય દેવતા તરીકે અનંતકાળ પર્યંત પૂજાતીજ રહેશે. આપણે સઘળા તેના ચરિત્રને સારી રીતે જાણીએ છીએ એટલે વિશેષ વર્ણન કરવાની જરૂર નથી. આપણાં સઘળાં પુરાણો નષ્ટ થઇ જાય, વેદ સુદ્ધાં તમામ શાસ્ત્રોનો નાશ થઇ જાય, આપણી સંસ્કૃત ભાષાનું નામ હમેશને માટે જગતમાંથી ભૂંસાઇ જાય, તો પણ હું કહું છું તે ધ્યાન રાખીને સાંભળજો કે જ્યાં સુધી આપણા દેશમાં ગ્રામ્ય ભાષા બોલનારા અજ્ઞાન પાંચજ હિન્દુઓ જીવતા રહેશે ત્યાં સુધી સીતાની કથા તો થવાનીજ. સીતા આપણા દેશનાં સ્ત્રીપુરુષોની નાડીએનાડીમાં અને રગેરગમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંચરી ગઇ છે. પ્રત્યેક હિંદુ સ્ત્રીપુરુષના રુધિરમાં સીતાનું રક્ત ધબકારા મારે છે; આપણે સઘળા સીતાનાં સંતાન છીએ. આપણી સ્ત્રીઓને હાલના નવા જમાનાનો રંગ ચડાવવાનો પ્રયત્ન થાય છે પણ જો એ પ્રયત્નથી એટલે આધુનિક કેળવણીથી તેમને સીતાના ચરિત્રના આદર્શમાંથી ભ્રષ્ટ કરવામાં આવશે તો જરૂર માનજો કે એ કેળવણીએ શ્રમ બરબાદ જશે. એનાં દૃષ્ટાંત આપણે દરરોજ જોઇએ છીએ. ભરતખંડની સ્ત્રીઓ માત્ર સીતાને પગલે ચાલીનેજ પોતાની ઉન્નતિ સાધે એજ ઇષ્ટ છે. હિંદુસ્તાનની સ્ત્રીજાતિની ઉન્નતિનો આ એકજ માર્ગ છે.

હવે હું એક એવા મહાપુરુષ વિષે કહેવા માગું છું કે જેમનું આખા દેશમાં અનેક રૂપે પૂજન થાય છે; જે સ્ત્રી, પુરુષ, બાળક, વૃદ્ધ, સર્વના પરમ પ્રિય અરાધ્ય દેવતા છે. હું એવા મહાપુરુષ વિષે કહેવા માગું છું કે જેમને ભાગવતના પ્રણેતા માત્ર ઇશ્વિરાવતાર કહીનેજ સંતોષ પામતા નથી, પણ કહે છે કે—

एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम् ।

"બીજા અવતાર તો ભગવાનના અંશ–કલાસ્વરૂપ છે પણ કૃષ્ણ તો સ્વયં ભગવાનજ છે." એવા ભગવાન શ્રીકૃષ્ણ વિષે હું કાંઇક કહેવાનો વિચાર રાખું છું.

જ્યારે આપણે શ્રીકૃષ્ણના વિવિધ ભાવયુક્ત ચારિત્ર્યનું અવલોકન કરીએ છીએ ત્યારે આપણને સહજ પ્રતીત થાય છે કે એમને માટે આવા પ્રકારનાં વિશેષણો વપરાય એમાં જરા પણ આશ્ચર્ય જેવું નથી. તે એકી વખતે અપૂર્વ સંન્યાસી અને અદ્‌ભુત ગૃહસ્થ હતા. તેમનામાં રજોગુણનો–સામર્થ્યનો અસાધારણ વિકાસ થએલો હતો, છતાં તેમનું જીવન અપૂર્વ ત્યાગની ભાવનાથી ભરપૂર હતું. ભગવદ્‌ગીતાનો અભ્યાસ કર્યા વગર શ્રીકૃષ્ણના ચારિત્ર્યનું રહસ્ય કદિપણ સમજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાયજ નહિ. કારણ કે ગીતામાં તેમણે જે ઉપદેશ આપ્યો છે તેના તે જીવંત મૂર્તિસ્વરૂપ હતા. આ નિયમ દરેક અવતારને લાગુ પડે છે. જે સત્યનો પ્રચાર કરવાના હેતુથી અમુક અવતાર થયો હોય તે સત્ય તે અવતારના ચરિત્રમાં સાકાર રૂપે માલૂમ પડે છે. ગીતાના પ્રચારક શ્રીકૃષ્ણ પોતાના આખા જીવનમાં ગીતાનાં સત્યોની મૂર્તિરૂપ દેખાતા હતા. તે અનાસક્તિના એક મહાન દૃષ્ટાંતરૂપ હતા. તે પોતાના રાજ્યનો પરિત્યાગ કરે છે અને તેને માટે મનમાં જરા પણ તૃષ્ણા રાખતા નથી. શ્રીકૃષ્ણ-ભરતખંડના તમામ રાજાઓના મુકુટમણિ, જેના એક શબ્દ માત્રથી રાજાધિરાજો સિંહાસન ઉપરથી પદભ્રષ્ટ થઇ જતા તે પોતે રાજા થવાની જરાએ પરવા કરતા નથી. તે બાળપણમાં જેવા સરલભાવથી ગોપીઓ સાથે રમતા હતા તેવોજ સરલભાવ તેમના જીવનની અન્ય અવસ્થાઓમાં પણ જોવામાં આવે છે.

તેમના જીવનનો જે ચિરસ્મરણીય પ્રસંગ અત્યારે મને યાદ આવે છે તે ઘણોજ દુર્બોધ્ય છે, અને જ્યાં સુધી મનુષ્ય પૂર્ણ બ્રહ્મચર્યવાન્ અને પવિત્ર ન થયો હોય ત્યાં સુધી એ અદ્‌ભુત પ્રસંગનું રહસ્ય સમજવાને તેણે માથું મારવું નહિ એજ બેહેતર છે. એ પ્રસંગ-પ્રેમના અત્યંત અદ્‌ભુત વિકાસનો પ્રસંગ-જે વૃન્દાવનની મધુર લીલાના વર્ણનમાં એક સુંદર રૂપકના આકારમાં વર્ણવાયો છે, તેનું રહસ્ય સમજવાનો અધિકાર તેનેજ પ્રાપ્ત થઇ શકે, કે જે પ્રેમમદિરાના પાનથી એકદમ પ્રેમોન્મત્ત બની ગયો હોય. એવા મનુષ્ય સિવાય એ વિષયમાં હાથ ઘાલવાનો બીજા કોઇનો અધિકાર નથી. ગોપાંગનાઓની પ્રેમજનિત વિરહવેદનાનો ભાવ સમજવાને કોણ શક્તિવાન છે? જે પ્રેમ, પ્રેમના સર્વોત્તમ આદર્શસ્વરૂપ છે, જે પ્રેમ (પ્રેમમૂર્તિ સિવાય) બીજા કશાની અપેક્ષા રાખતો નથી, જે પ્રેમને સ્વર્ગની પણ પરવા નથી, જે પ્રેમને આ લોકની યા પરલોકની કોઇ પણ વસ્તુની લેશ માત્ર દરકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી! બંધુઓ! જો નિર્ગુણ અને સગુણ ઈશ્વર સંબંધી વિસંવાદનું એકજ માત્ર સમાધાન થઇ શકતું હોય તો તે ગોપીઓના પ્રેમદ્વારાજ થઇ શકે એમ છે. આપણે સારી પેઠે જાણીએ છીએ કે સગુણ ઈશ્વર કરતાં ઈશ્વર સંબંધી વધારે ઉંચો આદર્શ કલ્પવાને મનુષ્ય અસમર્થ છે. વળી આપણે એમ પણ જાણીએ છીએ કે દાર્શનિક દૃષ્ટિથી જોતાં (Philosophical point of view) આખું જગત જેનો પ્રકાશ માત્ર છે એવા સમગ્ર વિશ્વવ્યાપી પરબ્રહ્મને નિર્ગુણ માનવો એજ મત વધારે સ્વાભાવિક છે. બીજી બાજુએ આપણા હૃદયનું વલણ સાકાર ઈશ્વર તરફ થાય છે. આપણા હૃદયને ઈશ્વરનું એવું સ્વરૂપ પ્રિય લાગે છે કે જેને આપણે સ્પર્શ કરી શકીએ અને જેના ચરણમાં લોટી પડીને આપણા હૃદયના ઉમળકાનો ઉભરો ઠાલવી નાખીએ. આ કારણને લીધે ઈશ્વરનું સગુણ સ્વરૂપ એ મનુષ્યની શક્તિ જોતાં તેણે ઘડેલો ઉંચામાં ઉંચો આદર્શ છે. પણ આ આદર્શ બુદ્ધિવાદ આગળ ટકી શકતો નથી. એજ જુનામાં જુનો મહાપ્રશ્ન, કે જે બ્રહ્મસૂત્રોમાં ચર્ચાયો છે, જે દ્રૌપદીએ વનવાસસમયે યુધિષ્ઠિર સાથેના વિવાદ-પ્રસંગે તેને પૂછ્યો હતો, કે જો ઈશ્વર સગુણ, સંપૂર્ણ દયામય અને સર્વશક્તિમાન હોય તો આ નરક જેવો દુઃખમય સંસાર શા માટે આપણી નજરે પડવો જોઇએ? શા માટે તેણે આવી સૃષ્ટિ ઉત્પન્નજ કરી? તેને તો એક અત્યંત પક્ષપાતી કહેવો જોઇએ, આ પ્રશ્નનું કોઇ પણ રીતે સંતોષકારક નિરાકરણ થઇ શકતું નથી. જો એનું કોઇપણ ઠેકાણે નિરાકરણ થએલું હોય તો તે માત્ર ગોપીઓના પ્રેમ વિષે શાસ્ત્રમાં જે કહેલું છે તેમાંજ જોવામાં આવશે. ગોપીઓ કૃષ્ણને કોઇ પણ વિશેષણ લગાડવાનું પસંદજ કરતી નહિ. કૃષ્ણ સર્વશક્તિમાન છે, સૃષ્ટિનો રચનાર છે, એ બધું જાણવાની તેમને દરકારજ ન હતી. કૃષ્ણ અનંત પ્રેમમય છે—બસ એટલુંજ જ્ઞાન તેમને માટે પૂરતું હતું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલુંજ તેઓ સમજતી હતી. ગોપીઓ કૃષ્ણને હમેશાં વૃન્દાવનમાં ગોપજીવન ગાળનાર કૃષ્ણ તરીકેજ પીછાણતી હતી. શ્રીકૃષ્ણ–રાજાધિરાજ શ્રીકૃષ્ણ–અસંખ્ય યોદ્ધાના સમૂહના નેતા શ્રીકૃષ્ણ, ગોપીઓને મન માત્ર એક ગોપાલબાલકજ હતા.

न धनं न जनं न सुंदरीं कवितां वा जगदीश कामये ॥
मम जन्मनि जन्मनीश्वरे भवताद्भक्तिरहैतुकी त्वयि ॥

"હે જગદીશ ! હું ધન, સ્વજન, કવિતા અથવા સુંદર સ્ત્રી એમાંનું કાંઇ માગતો નથી; માત્ર જન્મે જન્મે તમારા તરફ મારી અહૈતુકી–નિષ્કામ ભક્તિ રહે એટલુંજ માગું છું." ધર્મના ઇતિહાસમાં આ ભાવનાએ એક નવીન પ્રકરણ ઉઘાડયું છે. અહૈતુકી ભક્તિ–પ્રેમનીજ ખાતર પ્રેમ–કોઇપણ જાતના બદલાની ઇચ્છા વગરનો નિર્મળ પ્રેમ–નિષ્કામ કર્મ એ ઉપદેશ ભગવાન શ્રીકૃષ્ણદ્વારા આખા જગતને સૌથી પહેલીજવાર મળ્યો. માનવજાતિના ઇતિહાસમાં કર્મભૂમિ ભરતખંડના ક્ષેત્ર ઉપર સર્વશ્રેષ્ઠ અવતાર શ્રીકૃષ્ણના મુખમાંથી આ ઉપદેશ સૌથી પહેલીજવાર પ્રકટ થયો. ભયમૂલક ધર્મ એટલે અમુક પ્રકારનાં ધર્માચરણ નહિ કરો તો નરકની યાતના ભોગવવી પડશે, તેમજ કામનામૂલક ધર્મ એટલે અમુક કર્મ કર્યાથી સ્વર્ગસુખની પ્રાપ્તિ થશે, એ માન્યતાઓનો અધિકાર હમેશને માટે નષ્ટ થયો અને મનુષ્યના હૃદયમાં નરકની ભીતિ તથા સ્વર્ગસુખોપભોગની વાસનાને ઠેકાણે અહૈતુકી ભક્તિ અને નિષ્કામ કર્મ, એ બે ઉંચામાં ઉંચા આદર્શની સ્થાપના થઇ.

એ નિર્મળ પ્રેમનો મહિમા હું કયી ભાષામાં વર્ણવું ? હું તો તમને આટલુંજ કહી શકું છું કે ગોપીઓનો પ્રેમ એ બહુજ દુર્લભ પદાર્થ છે; એનું રહસ્ય સમજવું એ બહુજ મુશ્કેલ છે. શ્રીકૃષ્ણના જીવનના આ અપૂર્વ પ્રસંગનું અદ્‌ભુત રહસ્ય સમજવાને અશક્ત હોય એવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂર્ખ આપણામાં પણ ઘણા છે. હું ફરીથી કહું છું કે આપણાજ લોકોમાં એવા અપવિત્ર હૃદયના અને મૂર્ખ આત્માઓ છે કે જેઓ ગોપીઓના પ્રેમનું નામ સાંભળતાંજ તેને અત્યંત અપવિત્ર વ્યવહાર સમજીને રખેને પોતે અભડાઈ જાય એવા ભયથી તેનાથી દૂરના દૂર રહે છે. એવા લોકોને હું એટલુંજ કહેવા ઇચ્છું છું કે પહેલાં તમે તમારા હૃદયને પવિત્ર કરો, તમારા હૃદયમાંથી કામવાસનાને નિર્મૂળ કરી નાખો; અને એટલું પણ બરાબર સ્મરણમાં રાખો કે જેણે આ ગોપીઓના અદ્‌ભુત પ્રેમનું વર્ણન કર્યું છે તે બીજા કોઇજ નહિ પણ જન્મથીજ શુદ્ધ વ્યાસપુત્ર શુકદેવ છે. જે ઇતિહાસકાર ગોપીઓની અદ્‌ભુત પ્રેમભાવનાને ઇતિહાસના પટ ઉપર નોંધે છે તે મહાયોગી, મહાભક્ત, જન્મથીજ વૈરાગ્યવાન મહાત્મા શુકદેવ છે. જ્યાં સુધી તમારા હૃદયમાં સ્વાર્થપરાયણતા વાસ કરી રહી છે ત્યાં સુધી ઈશ્વર-પ્રેમ તમારે માટે દુષ્પ્રાપ્ય પદાર્થ છે. તમે જેને ઈશ્વરભક્તિ કહો છો તે તો માત્ર ભક્તિનો વ્યાપારી વ્યવહાર છે. 'હે ઈશ્વર ! હું તને કાંઇક આપું છું; તેના બદલામાં તું મને અમુક પદાર્થ આપ.' તમારી પ્રાર્થનામાં તમે એવુજ કાંઇક બોલો છો; અને તમારો ઈશ્વર તમને કહે છે કે 'જો તમે અમુક પ્રકારનાં આચરણ નહિ કરો તો યાદ રાખજો કે તમારા મરણ પછી હું તમારી ખબર લઇશ. તમને કદાચ અનંતકાળ પર્યંત ભડભડ બળતા અગ્નિમાં શેકી નાખીશ.' જ્યાં સુધી મગજમાં આવા પ્રકારના ખ્યાલનું ભૂસું ભરેલું હોય ત્યાં સુધી ગોપીઓની પ્રેમ-જનિત વિરહવેદના અને ઉન્માદાવસ્થા શી રીતે સમજી શકાય ?

"सुरतवर्धनं शोकनाशनं स्वरितवेणुना सुष्ठु चुम्बितम् ॥
इतररागविस्मारणं नृणां वितर वीर नस्तेऽधरामृतम् ॥"

श्रीमद्भागवत.

"હે પ્રાણવલ્લભ ! એકવાર-ફક્ત એકવાર તારા અધરામૃતનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાન કરાવ, તારા અધરામૃતનું પાન એકજ વાર જેમણે કર્યું છે તેમની અધરામૃતની તૃષા વધતીજ જાય છે, તેમના સર્વ સંતાપનો નાશ થયો છે, તેઓને બીજા સર્વ પ્રિય વિષયોનું વિસ્મરણ થયું છે. માત્ર તુંજ-તું એકલોજ અમારી પ્રીતિનો વિષય છે."

અહાહા ! એકવાર ધનપ્રાપ્તિનો, યશ વધારવાનો મિથ્યા લોભ મૂકી દો; એકવાર આ ક્ષણભંગુર સંસાર ઉપરની તમારી આસક્તિનાં બંધન તોડી નાખો. એમ કરશો તોજ તમે ગોપીના પ્રેમનો અર્થ સમજી શકશો. ગોપીનો પ્રેમ એ એવી વિશુદ્ધ ભાવના છે કે તમામ પાર્થિવ પદાર્થોનો, અને વાસનાઓનો સમૂળો ત્યાગ કર્યા વગર તેને સમજવાનો પ્રયત્ન કરવો ફોગટ છે. જ્યાં સુધી આત્મા સંપૂર્ણ રીતે પવિત્ર ન થયો હોય ત્યાં સુધી એ પ્રેમનું રહસ્ય ઉકેલવાનો પ્રયત્ન મિથ્યા છે. અંતઃકરણમાં કામવાસના, ધનલોભ, અને યશની આકાંક્ષાનાં ઝરણાં ફૂટયાંજ કરતાં હોય છતાં ગોપીના પ્રેમની પરીક્ષા અને પૃથક્કરણ કરવા બેસવું એ કેટલી ધૃષ્ટતા ! ગોપીનો પ્રેમ જગતને શીખવવો એજ કૃષ્ણાવતારનો મુખ્ય ઉદ્દેશ હતો. ગોપીનો પ્રેમ એ એવો સ્વર્ગીય અને પરમ પવિત્ર આદર્શ છે કે વેદાન્ત અને દર્શનશાસ્ત્રના શિરોમણિતુલ્ય ગીતા જેવો ગ્રંથ પણ એ પ્રેમની આગળ કાંઇ હિસાબમાં નથી. ગીતાનો ઉપદેશ સાધકને ધીરે ધીરે લક્ષ્યબિંદુ તરફ પ્રયાણ કરવાને પ્રેરે છે; પણ આ ગોપીનો પ્રેમ ઇશ્વિરરસના આસ્વાદનથી થએલી ઉન્માદાવસ્થા—ગાઢ પ્રેમોન્મત્તતા—જ્યાં ગુરુ અને શિષ્ય, શાસ્ત્ર અને ઉપદેશ, ઇશ્વિર અને સ્વર્ગ સૌ એકાકાર, તન્મય થઇ જાય છે, જ્યાં ભયમૂલક ધર્મનું ચિહ્નસરખું પણ નથી, જ્યાં માત્ર એક પ્રેમોન્મત્તતા સિવાય બીજું કાંઇજ નજરે પડતું નથી, ત્યાં સંસારની પૂર્ણ વિસ્મૃતિ થઇ જાય છે. પ્રેમોન્મત્ત ભક્ત આખા સંસારમાં એક કૃષ્ણ સિવાય બીજો કોઇ પદાર્થ જોઇજ શકતો નથી. તેને સર્વ પ્રાણીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ પદાર્થમાં કૃષ્ણનુંજ દર્શન થાય છે. તેની પોતાની કાંતિ પણ કૃષ્ણ-તુલ્ય દેખાય છે. તેનો આત્મા પણ કૃષ્ણના રંગથી રંગાઇ ગયો છે. મહાનુભાવ શ્રીકૃષ્ણનો આવો અદ્‌ભુત મહિમા છે !

શ્રીકૃષ્ણના જીવનની નાની નાની બાબતો લઇને તે વિષે ચર્ચા કરવામાં ખાલી વખતની બરબાદી કરતા નહિ. તેમના જીવનનો જે મુખ્ય અંશ છે તેનુંજ અવલંબન કરો. શ્રીકૃષ્ણના જીવનચરિત્રમાં અલબત ઐતિહાસિક દોષ છે, અનેક ક્ષેપક છે, એ બધું ભલે રહ્યું, તેની સાથે આપણે લેવા દેવા નથી; પણ સમાજમાં જેને લીધે અપૂર્વ નૂતન ભાવનો ઉદય થયો તેને અલબત્ત ઐતિહાસિક આધાર હોવો જોઇએ. બીજા કોઇ પણ પયગંબર અથવા મહાપુરૂષના જીવનનું તથા તેના ઉપદેશોનું અવલોકન કરી જુઓ. તમને તરતજ પ્રતીત થશે કે તેમણે જે ઉપદેશ આપ્યા છે તે તેમની અગાઉ થઇ ગએલા મહાપુરૂષોના વચનના પ્રતિધ્વનિજ છે અથવા તેમના સમયમાં દેશમાં જે જે વિચારો અને ભાવનાઓ પ્રચલિત થએલાં હતાં તેમનો તેમણે વિશેષરૂપે પદ્ધતિ-સર પ્રચાર કર્યો છે. એટલે સુધી કે એ મહાપુરૂષો ખરેખર થઇ ગયા છે કે કપોલકલ્પિત છે તે વિષે પણ ઘણા વિદ્વાનોને સંદેહ પડે છે. પણ શુદ્ધ નિષ્કામ કર્મ, નિષ્કામ પ્રેમતત્ત્વ, અહૈતુકી ભક્તિ, એ આદર્શો શ્રીકૃષ્ણના અગાઉના સમયમાં કદિ કોઇએ પ્રકટાવ્યા હતા એમ સાબિત કરવાને કોઇ તૈયાર છે ? જો એ આદર્શો શ્રીકૃષ્ણદ્વારાજ સૌથી પહેલીવાર જગતમાં જાહેર થયા હોય તો તેને પ્રગટાવનાર પુરૂષ હોવોજ જોઇએ એમાં શો સંદેહ ? આ આદર્શો શ્રીકૃષ્ણે બીજા કોઇ મહાપુરૂષના ઉપદેશમાંથી પ્રાપ્ત કર્યા છે અને એ તેમના પોતાના તદ્દન અપૂર્વ ભાવો નથી એમ સાબિત થઇ શકતું નથી; કારણ કે શ્રીકૃષ્ણના પ્રાકટ્ય પહેલાં નિષ્કામ પ્રેમ અને નિષ્કામ કર્મની ભાવનાઓ દેશમાં પ્રચલિત થઇ હોય એમ તે સમયના ઇતિહાસ ઉપરથી માલુમ પડતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. ભગવાન શ્રીકૃષ્ણ એ ભાવનાઓના સૌથી પહેલા પ્રચારક હતા. તેમના અનુયાયી વેદવ્યાસે એ ભાવનાઓને સાધારણ જનસમાજમાં રમતી કરી. માનવ ભાષામાં આવો સર્વોત્તમ આદર્શ કદિ લખાયો નથી. વ્યાસના રચેલા ગ્રંથ(ભાગવત)માં ગોપીજનવલ્લભ–વૃન્દાવનનો ગોપબાલ–એ કરતાં વધારે ઉંચી ભાવના હોઇ શકેજ નહિ. જ્યારે આપણા હૃદયમાં ગોપીના પ્રેમનો ઉન્માદ પ્રકટ થાય, જ્યારે આપણે ભાગ્યશાળી ગોપીઓના હૃદયનો ભાવ સમજી શકીએ, ત્યારે પ્રેમ એ શી વસ્તુ છે તે આપણે જાણી શકીએ. જ્યારે આખું જગત આપણા દૃષ્ટિમાર્ગમાંથી વિલુપ્ત થઇ જાય, જ્યારે આપણા હૃદયમાં બીજી કોઈ પણ વાસનાનું બીજ સરખું પણ ન રહે, જ્યારે આપણી ચિત્તશુદ્ધિ સંપૂર્ણ થાય, જ્યારે આપણે માટે બીજું કાંઇ પણ પ્રાપ્તવ્ય ન રહે, જ્યારે સત્યાનુસંધાન કરવાની પણ ઇચ્છા રહેવા ન પામે, ત્યારેજ આપણા હૃદયમાં એ પ્રેમોન્માદનો ઉદય થશે; ત્યારેજ આપણે ગોપીની અહૈતુકી, પૂર્ણ નિષ્કામ પ્રેમભક્તિનું સ્વરૂપ સમજવાને લાયક થઇશું. એજ આપણું લક્ષ્યબિન્દુ છે. એ ગોપીનો પ્રેમ મળ્યો એટલે સર્વસ્વ મળ્યું એમજ સમજી લેજો.

હવે આપણે એક પગથીઉં નીચા ઉતરીને ગીતાના પ્રચારક શ્રીકૃષ્ણ સંબંધે આલોચના કરીએ. ભરતખંડમાં હમણાં હમણાં એક એવા પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવતી જણાય છે કે જેને ગાડીને ઘોડો જોડતી વખતે ઘોડાના મોં આગળ ગાડી મૂકનારની મૂર્ખતા સાથે સરખાવી શકાય. આપણામાંના ઘણા માણસો એવો અભિપ્રાય ધરાવે છે કે શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે જે પ્રેમલીલા કરી હતી તે કેટલેક અંશે ભેદભરેલી અને અશ્લીલ પણ છે ! સાહેબ લોકોને એ પસંદ નથી ! અમુક ડૉક્ટર એ ગોપીના પ્રેમને માટે સારો મત ધરાવતો નથી! બસ, ત્યારે હવે ઉપાય શો ? સાહેબ લોકોને અને મહાનુભાવ યુરોપિયન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંડિતોને પસંદ નથી ત્યારે આપણે પણ કૃષ્ણનું અને ગોપીઓનું શું કામ છે ? યુરોપિયન લોકોના અનુમોદન વગર કૃષ્ણ રહીજ કેમ શકે ? મહાભારતમાં એકાદ બે નજીવા પ્રસંગો સિવાય ગોપીઓનો ઉલ્લેખજ નથી; માત્ર દ્રૌપદીએ કરેલા સ્તવનમાં અને શિશુપાલે મરણ વખતે કરેલા ઉદ્ગારમાં વૃન્દાવનનો ઇસારો જ કરવામાં આવ્યો છે. બસ, એ તો ક્ષેપકજ હોવાં જોઇએ ! સાહેબ લોકોને પસંદ નથી ત્યારે આપણને પણ તેમનું પ્રયોજન શું ? ગોપીઓની કથા અને ખુદ શ્રીકૃષ્ણની કથા પણ ક્ષેપક છે ! આવું બોલનારા માણસો—વાણિજ્યવૃત્તિમાં તરબોળ થએલા જીવડાઓ, જેમનો ધર્મનો આદર્શ પણ વાણિજ્યવૃત્તિથી ભરપૂર છે, જેઓ અહીં અમુક સત્કર્મ કરીને તેના બદલામાં સ્વર્ગમાં જવાની આશા રાખે છે, તેઓ આ નિષ્કામ પ્રેમતત્ત્વને કેવી રીતે પીછાણી શકે ? જેઓ મારવાડીની માફક અમુક શુભ કર્મને માટે તેનો ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે બદલો લેવાની આશા રાખે છે, તેમના વિચારપ્રદેશમાં બિચારી પ્રેમઘેલી, ભોળી ગોપાંગનાઓને શી રીતે સ્થાન મળે ? ગીતાના અવલોકનથી આપણને પ્રતીત થશે કે ગીતાના જેવો વેદની ટીકા રૂપ ગ્રંથ બીજો લખાયો નથી અને લખી શકાય એમ પણ નથી.

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनंदनः ॥
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥

આ વચન અક્ષરે અક્ષર સત્ય છે. શ્રુતિ અને ઉપનિષદોના અર્થ અત્યંત દુર્બોધ્ય છે; તેમનું તાત્પર્ય સમજાવું બહુ મુશ્કેલ છે. કારણ કે અનેક ભાષ્યકારોએ પોતપોતાના મતનું પ્રતિપાદન કરવા માટે પોતાને ફાવે તેવા અર્થ મારી મચડીને બેસાડયા છે. આથી કરીને ભગવાન પોતે, જે શ્રુતિના પ્રેરનાર છે તેમણે જાતે અવતાર ધારણ કરીને, ગીતાના પ્રચારક બનીને શ્રુતિનું તાત્પર્ય સ્પષ્ટ ભાષામાં સમજાવ્યું. જે પદ્ધતિએ શ્રીકૃષ્ણ ભગવાને શ્રુતિના રહસ્યનું સ્પષ્ટીકરણ કર્યું તે પદ્ધતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરતખંડને તેમજ આખા જગતને બીજા કોઇ પણ પદાર્થ કરતાં વધારે જરૂરની છે. એમના પછીના જમાનામાં અનેક ભાષ્યકારોએ શ્રુતિ ઉપર તેમજ ગીતા ઉપર ભાષ્યો લખ્યાં છે; પણ આશ્ચર્ય અને ખેદની વાત એ છે કે એ ભાષ્યકારો શ્રુતિ ઉપર ભાષ્ય લખતી વખતે અને ખુદ ગીતાભાષ્ય લખતી વખતે પણ ભગવાનનાં વાક્યનું રહસ્ય સમજી શક્યા નથી; કારણ કે આપણે જોઇએ છીએ કે ગીતામાં એક વાત કહેલી છે ત્યારે આધુનિક ભાષ્યકારો કાંઈ બીજીજ વાતનું પીંજણ કરે છે. એક અદ્વૈતવાદી ભાષ્યકાર ઉપનિષદ્ ઉપર ટીકા લખવા તૈયાર થાય છે, હવે ઉપનિષદોમાં દ્વૈતવાદાત્મક અનેક વાક્યો છે, તે બધાંને મારી મચડીને પોતાના અદ્વૈતવાદ સાથે તેમનો મેળ બેસાડે છે અને એમ કરતાં ઉપનિષદ્નું ખરૂં રહસ્ય માર્યું જાય છે. વળી બીજો કોઇ દ્વૈતવાદી ભાષ્યકાર ઉભો થાય છે અને તે અદ્વૈતાવાદાત્મક વાક્યોને ગમે તેમ કરી મારી મચડીને દ્વૈતવાદ સાથેજ ઘટાવી દે છે. પરંતુ ગીતામાં શ્રુતિના તાત્પર્યને ઉપર કહેવામાં આવ્યું તેમ વિકૃત કરવાનો લેશ માત્ર પણ યત્ન કર્યો નથી. ભગવાન પોતેજ કહે છે કે એ સર્વ જુદા જુદા સિદ્ધાન્તો સત્ય છે. આત્મા ધીરે ધીરે સ્થૂલમાંથી સૂક્ષ્મ અને સૂક્ષ્મમાંથી વધારે સૂક્ષ્મમાર્ગે આરોહણ કરતો જાય છે. એમ કરતાં આખરે જીવાત્માનું પરમ લક્ષ્ય અનંતપૂર્ણ સ્વરૂપનો તેને સાક્ષાત્કાર થાય છે. ગીતામાં એવી પદ્ધતિથી વેદનું તાત્પર્ય સમજાવ્યું છે કે કર્મકાંડ જેવા વિષયને પણ ગીતામાં સ્થાન મળ્યું છે, અને સાથે એમ પણ બતાવવામાં આવ્યું છે કે કર્મકાંડવડે પ્રત્યક્ષ મુક્તિ પ્રાપ્ત થતી નથી, તો પણ મુક્તિના માર્ગ તરફ આગળ વધવામાં કર્મ પરોક્ષ રીતે સાધન થઇ પડે છે એ વાત સત્ય છે. મૂર્તિપૂજન, નાના પ્રકારની યજ્ઞયાગાદિક ક્રિયાઓ, વ્રતો, અનુષ્ઠાનો, એ સર્વ વાજબી છે અને જરૂરનાં છે; પરંતુ જો તે માત્ર એકજ મુખ્ય બાબત ઉપર લક્ષ રાખીને કરવામાં આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોજ, અને તે બાબત તે "ચિત્તની શુદ્ધિ" છે. જો હૃદય શુદ્ધ અને સરલ થયું હોય તોજ ઉપાસના યથાર્થ રીતે કરી શકાય અને તોજ તે આપણને અંતિમ લક્ષ્ય સુધી લઈ જાય. એ દૃષ્ટિબિંદુથી નાના પ્રકારની ઉપાસના કરવાની સર્વ પદ્ધતિઓ સારી અને જરૂરની છે. કારણ કે તેમ ન હોત તો તેમની ઉત્પત્તિજ કેમ થઈ શકત? નાના પ્રકારના ધર્મો અને મતમતાંતરો દાંભિક અને દુષ્ટ માણસોએ લોકોપાસેથી દ્રવ્ય નીચોવી લેવાના ઉદ્દેશથીજ પ્રચલિત કરેલા છે એવું હાલ કેટલાક માણસો માને છે, પરંતુ તેમ નથી. તેઓએ કરેલા આરોપ ઉપર ઉપરની દૃષ્ટિએ ગમે તેટલા સત્ય અને સંગીન જણાય, તોપણ સત્ય હકીકત તો એજ છે કે ધર્મની અથવા સંપ્રદાયની રચના કોઇ પણ મનુષ્યે રચના કરવાના ઇરાદાથી કરેલીજ નથી. મનુષ્યજાતિની સ્વાભાવિક જરૂરીઆતને સંતોષવાને માટે કુદરતી રીતેજ જુદા જુદા ધર્મ અથવા સંપ્રદાયનું બંધારણ થએલું છે. જુદી જુદી શ્રેણીના, જુદા જુદા અધિકારવાળાં મનુષ્યોની ધર્મપિપાસા તૃપ્ત કરવાને અર્થે નાના પ્રકારના સંપ્રદાયો ઉભા થએલા હોવાથી તેમની વિરૂદ્ધ લડત ચલાવવાથી સારૂં ફળ આવનાર નથી. જે દિવસે એ સંપ્રદાયોની જરૂરીઆત નહિ રહે,—તેજ દિવસે જરૂરીઆતને અભાવે તે આપોઆપ સૂકાં પાંદડાંની માફક ખરી પડશે; પણ જ્યાં સુધી તેમનું થોડુંક પણ પ્રયોજન રહેશે ત્યાં સુધી તમે ગમે તેટલા પ્રબળ આઘાત કરો, ગમે તેટલી કડક ટીકા કરો, લડત ચલાવો તોપણ તે રહેશેજ રહેશે. તમે બંદુકો અને શસ્ત્રોનો ઉપયોગ કરીને જગતમાં મનુષ્યરક્તની નદીઓ વહેવડાવો પણ જ્યાં સુધી મૂર્તિપૂજન મનુષ્યના ધર્મજીવનની એકાદ પણ જરૂરીઆત પૂરી પાડશે ત્યાં સુધી તમે કદિ પણ મૂર્તિપૂજનનો બહિષ્કાર કરાવવામાં વિજય મેળવશો નહિ. ઉપાસના કરવાની જુદા જુદા પ્રકારની પદ્ધતિઓ એ ધર્મમાર્ગની જુદી જુદી નીસરણીઓ છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી તે રહેવીજ જોઇએ એમ આપણે શ્રીકૃષ્ણના ઉપદેશવડે જા શકીએ છીએ.

ભગવાન શ્રીકૃષ્ણના અંતર્ધાન થયા પછીના યુગમાં ભરતખંડ ઇતિહાસનો એક શોચનીય અધ્યાય શરૂ થાય છે. ભગવદ્‌ગીતામાં નાના પ્રકારના સંપ્રદાય વચ્ચે મચી રહેલા તુમુલ યુદ્ધના કોલાહલ ધ્વનિ દૂરથી આપણા કાનને અથડાતો લાગે છે; અને તેથીજ સ ધાનમંત્રના મહાન અને અદ્‌ભુત ઉપદેશક શ્રીકૃષ્ણ જાણે વ પડીને વિરોધનું ઉપશમન કરવા શાંતિમંત્ર ન ભણતા હોય તે કહે છે કે—

मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव । भगवद्‌गीत

"જેમ સૂત્રવડે મણિ ગૂંથાયલા હોય તેમ આ સર્વ મારા ઓતપ્રોતપણે રહેલું છે."

અલબત્ત, આપણને સાંપ્રદાયિક ઝગડાનો દૂરથી આવતો કોલ હલ તેજ ઘડીથી સંભળાવા લાગે છે. કદાચ ભગવાનના ઉપદેશ પ્રભાવને લીધે થોડા સમય સુધી એ વિરોધ નરમ પડી ગયો હ અને ભરતખંડના સમાજમાં શાંતિ અને સમાધાનનું સામ્રાજ્ય પ્રવ હશે, પણ એ થોડા સમયને માટેજ. વિરોધનાં બીજ ભરતખંડ ક્ષેત્રમાં વવાયલાં હતાં; તેનો એક રૂપે નહિ તો બીજે રૂપે પણ અં ફૂટ્યા વગર નજ રહ્યા. ખાસ ધર્મના મતભેદને લીધે નહિ તો જાતિ ભેદને લીધે પણ કલહ ઉત્પન્ન થયો. આપણા સમાજનાં બે બળવા અંગ–બ્રાહ્મણ અને ક્ષત્રિયવર્ગ–વચ્ચે કલહ મંડાયો; અને એક હજા વર્ષ સુધી જે પ્રબળ તરંગ આખા ભરતખંડ ઉપર સચરાચર વ્યા ગયો તેની ઉંચામાં ઉંચી ટોચ ઉપર આપણને એક અલૌકિક મહિમા શાલી મૂર્તિનું દર્શન થાય છે. તે ભવ્ય મૂર્તિ કોણ? ગૌતમબુદ્ધ અથ શાક્યમુનિ. તમને સર્વને એ મહાપુરૂષના ઉપદેશ તથા એમની ધર્મપ્રચા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાની પદ્ધતિ વિદિત છે. આપણે એમનું ઈશ્વિરના અવતાર તરીકે, સર્વશ્રેષ્ઠ નીતિતત્ત્વના પ્રચારક તરીકે, નિડર ધર્મોપદેશક તરીકે અને સર્વોત્તમ કર્મયોગી તરીકે પૂજન કરીએ છીએ. જાણે ભગવાન શ્રીકૃષ્ણ, પોતે પોતાના શિષ્ય થઇને, પોતાનાંજ ઉપદેશેલાં નીતિસૂત્રોને વ્યવહારિક સ્વરૂપ આપવાને બીજીવાર પ્રકટ ન થયા હોય! જે મહાવાણીએ ભગવદ્ગીતાનો ઉપદેશ કર્યો તેજ વાણી પુનઃ સંભળાઇ અને જગતને ઉદ્બોધવા લાગી કે—

स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ।

"આ ધર્મનું સાધારણ–અતિ અલ્પ અનુષ્ઠાન કર્યાથી પણ મહા ભયમાંથી રક્ષણ થાય છે."

स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परांगतिम् ।

"સ્ત્રીઓ, વૈશ્યો અને શૂદ્રો પણ પરમ ગતિને પામી શકે છે."

શ્રીકૃષ્ણની મેઘગંભીર અને આશાપ્રદ મહિમાવંત વાણી સર્વનાં બંધન, સર્વની બેડીઓને તોડી નાખે છે; સર્વને પરમપદને પામવાનો અધિકાર છે એવી મંગલ ઘોષણા કરે છે, તે કહે છે કે—

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ॥
निर्दोषं हि समं ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः ॥

"જેનું મન સામ્યભાવમાં સ્થિર થયેલું છે તેણે આ ક્ષણેજ સંસારનો જય કર્યો છે. બ્રહ્મ સમભાવરૂપ અને દોષરહિત હોવાથી બ્રહ્મમાં સ્થાન પ્રાપ્ત કરે છે."

समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम् ॥
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥

"પરમેશ્વરને સર્વત્ર સમભાવે રહેલા માનીને જે આત્માવડે આત્માની હિંસા કરતો નથી તે પરમ ગતિને પામે છે."

ગીતાના આ ઉપદેશનું જીવંત ઉદાહરણ આપવાને માટે, તેના એક અંશને પણ વ્યવહારિક સ્વરૂપમાં ઉતારવા માટે, એ ઉપદેશ આપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાર પોતેજ અન્ય રૂપ ધારણ કરીને બીજીવાર મર્ત્યલોકમાં પ્રકટ થયા; અને તે બીજા કોઇજ નહિ પણ દુઃખી, કંગાલ જીવોને ઉપદેશામૃતવડે સાંત્વન અને ધૈર્ય આપનાર, સાધારણ જનસમાજના હૃદયનાં ઉંડાણમાં પોતાનો સંદેશો પહોંચે તેટલા માટે દેવભાષા–સંસ્કૃત ભાષાનો ત્યાગ કરીને સામાન્ય લોકોની પ્રાકૃત ભાષામાં ઉપદેશ આપનાર, રાજ્યસિંહાસન અને બાદશાહી ઐશ્વર્યનો ત્યાગ કરીને દરિદ્ર, પતિત અને કંગાલ લોકોની સાથે વાસ કરનાર, બીજા રામચંદ્રની માફક અસ્પૃશ્ય ચંડાલને પ્રેમથી છાતી સરસો ચાંપનાર, દયા અને પ્રેમના મહાસાગરરૂપ શાક્યમુનિ પોતેજ હતા.

તમને એ મહાપુરૂષનું ચરિત્ર અને તેમનું અદ્‌ભુત ધર્મપ્રચારનું કાર્ય સારી રીતે વિદિત છે. પણ એ પ્રચાર કાર્યમાં એક મોટો દોષ હતો અને તે આજ સુધી આપણને નડતો આવ્યો છે. ભગવાન બુદ્ધના પોતાના ચારિત્ર્યમાં લેશ માત્ર દોષ હતો નહિ, તેમનું ચારિત્ર્ય પરમ વિશુદ્ધ અને મહિમાવાન હતું, પણ દુર્ભાગ્યની વાત એ હતી કે બૌદ્ધ ધર્મના પ્રચારને પરિણામે જે નાના પ્રકારની અસંસ્કૃત–અશિક્ષિત જાતિઓ આર્યજનસમાજમાં પ્રવેશ કરવા પામી તેમનાથી બુદ્ધ ભગવાનના ઉચ્ચ આદર્શ સારી રીતે ધારણ કરી શકાયા નહિ. થોડા વખત સુધી તો એવાં ચિહ્ન દૃષ્ટિએ પડવા લાગ્યાં કે એ અસંસ્કૃત મનુષ્યો કેટલેક અંશે સંસ્કૃતિ પ્રાપ્ત કરી શકયાં છે, પણ એકાદ સૈકો વીત્યો ન વીત્યો એટલામાં તો તેમના પૂર્વજો જેઓ સર્પ અને ભૂતપ્રેતાદિ ભયંકર પદાર્થોની પૂજા કરતા હતા તેમની ઉપાસના પુનઃ ચાલુ થવા લાગી, અને એ રીતે આખો દેશ કુસંસ્કારપૂર્ણ વિધાનોથી ભરપૂર થઇ અત્યંત દુર્દશા અને અવનતિ તરફ ઢળવા લાગ્યો. શરૂઆતમાં બૌદ્ધધર્મના અનુયાયીઓ પ્રાણિહિંસા તરફ અત્યંત તિરસ્કાર બતાવીને વૈદિક યજ્ઞો કે જેમાં પ્રાણીઓનું બલિદાન આપવામાં આવતું તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિરૂદ્ધ લડત ચલાવતા હતા. બૌદ્ધધર્મનો ઉદય થયો તે જમાનામાં પ્રત્યેક હિંદુ કુટુંબોમાં એવા પ્રકારના યજ્ઞો કરવામાં આવતા હતા. પ્રત્યેક ઘરમાં યજ્ઞને માટે અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવતો, પણ યજ્ઞ-યાગાદિક સંબંધે આના કરતાં વિશેષ આડંબર કરવામાં આવતો નહિ. બૌદ્ધધર્મના પ્રચાર પછી આ યજ્ઞોનાં અનુષ્ઠાન બંધ થઇ ગયાં, પણ તેમને ઠેકાણે મોટાં ભવ્ય વિશાળ મંદિરો, આડંબરપ્રિય પુરોહિતો, આડંબરપૂર્ણ ઉપાસનાઓ વગેરે જે હાલ આપણે ભરતખંડમાં જોઇએ છીએ તે સર્વની ઉત્પત્તિ થવા લાગી. કેટલાક પંડિતો જેમની પાસેથી આપણે વિશેષ સત્ય હકીકત મેળવવાની આશા રાખી શકીએ તેમનાજ ગ્રંથોમાં જ્યારે હું જોઉં છું કે ગૌતમબુદ્ધે મૂર્તિપૂજનનું ખંડન કર્યું ત્યારે મને હસવું આવે છે. બૌદ્ધધર્મ વડેજ બ્રાહ્મણધર્મ અને મૂર્તિપૂજનની ઉત્પત્તિ થએલી છે એ વાતની તેમને ખબરજ નથી. બેએક વર્ષની વાતપર એક રશિયન વિદ્વાને એક પુસ્તક પ્રકટ કર્યું હતું, તેમાં જીસસ ક્રાઇસ્ટના જીવન સંબંધે અદ્ભુત હકીકત શોધી કહાડવાનો ગ્રંથકારે દાવો કર્યો હતો. એ પુસ્તકમાં એવી હકીકત આપેલી છે કે, જીસસ ક્રાઇસ્ટ ધર્મસંબંધી ઉપદેશ ગ્રહણ કરવા માટે જગન્નાથના મંદિરમાં બ્રાહ્મણ પંડિતો પાસે ગયો હતો. બ્રાહ્મણ પંડિતોની સાંપ્રદાયિકતા (Sectarianism) અને મૂર્તિપૂજા જોઇને તેને અત્યંત કંટાળો ઉપજ્યો અને તેથી ખિન્ન થઇને તે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ટિબેટના*લામાઓ પાસે ગયો અને તેમના ઉપદેશવડે સિદ્ધિ પ્રાપ્ત કરીને સ્વદેશ પાછો ફર્યો હતો. જેમને ભરતખંડના ઇતિહાસનું લેશમાત્ર પણ જ્ઞાન છે તેમને ઉપર લખેલું તમામ વૃત્તાંત હડહડતું જુઠાણું છે એમ જણાયા વગર રહેશે નહિ કેમકે જગન્નાથનું મંદિર એ અસલમાં હિંદુમંદિર તરીકે હતુંજ નહિ. તે એક પ્રાચીન બૌદ્ધમંદિર હતું; અને માત્ર અર્વાચીન

* બૌદ્ધધર્મના પુરોહિતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળથીજ તે હિંદુમંદિર મનાવા લાગ્યું છે. આપણે એ મંદિરને તેમજ બીજાં અનેક બૌદ્ધમંદિરોને હિંદુમંદિરનું સ્વરૂપ આપેલું છે, અને આવા ફેરફાર આપણે હજી પણ કરવા પડશે. જગન્નાથના મંદિરનો આવો ઇતિહાસ છે, અને જીસસ ક્રાઇસ્ટના સમયમાં ત્યાં એક પણ બ્રાહ્મણ હતો નહિ; છતાં તે પુરાતન ઇતિહાસશોધક રશિયન પંડિત કહે છે કે ક્રાઇસ્ટ જગન્નાથના મંદિરમાં બ્રાહ્મણો પાસે ઉપદેશ લેવા ગયો હતો! ભવ્ય મંદિરો, ઠાઠમાઠ ભરેલી ઉપાસનાઓ અને આડંબરપૂર્ણ પુરોહિતોને લીધે બૌદ્ધધર્મની પ્રાણિમાત્ર પ્રત્યે દયા છતાં, તેનું અપૂર્વ નીતિતત્ત્વ છતાં, આત્માના અસ્તિત્વ અને નાસ્તિત્વ વિષે દધિમાંથી ઈ કહાડવા જેવાં તર્કશાસ્ત્રો છતાં, એ ધર્મની ભવ્ય ઇમારત ભાગીને કકડે કકડા થઇ ગઇ અને તેના જે અવશેષ હાલ રહેલા છે તે અત્યંત કમકમાટી ઉપજાવે એવા છે. બૌદ્ધધર્મની અવનતિ થયા પછી જે કમકમાટી ઉપજાવે એવા બનાવોની શરૂઆત થઇ તેનું વર્ણન કરવાનો અત્યારે સમય પણ નથી અને મારી ઇચ્છા પણ નથી. ભયંકરમાં ભયંકર અને બીભત્સમાં બીભત્સ અનુષ્ઠાનો અને ક્રિયાઓ, મનુષ્યને હાથે કદિપણ નહિ લખાયલા અથવા મનુષ્યની બુદ્ધિવડે કદિપણ નહિ યોજાયલા એવા અત્યંત ભયાનક અને બીભત્સ ગ્રંથો, એ અવનતિએ પહોંચેલા બૌદ્ધધર્મની પેદાશ હતી.

પરંતુ આવી અવસ્થાએ પહોંચેલો છતાં ભરતખંડની જીવનશક્તિ તદ્દન નષ્ટ થઇ ન હતી અને ભવિષ્યમાં પણ કદિ નષ્ટ થશે નહિ. એવા સંજોગોમાં ભરતખંડમાં પુનઃ ચેતન જગાવવાને ઈશ્વરનો આવિર્ભાવ બીજીવાર થયો. જે ભગવાને આપણને કોલ આપેલો છે કે જ્યારે જ્યારે ધર્મમાં સડો પેસશે ત્યારે હું પ્રકટ થઇશ તેજ ભગવાન આખરે પ્રકટ થયા. આ વખતે ઈશ્વરાવતાર દક્ષિણ ભારતમાં થયો અને જે તેજસ્વી બ્રાહ્મણ કુમાર વિષે એમ કહેવાય છે કે તેમણે સોળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષની વયની અંદર પોતાના તમામ ગ્રંથો તથા ભાષ્યો સંપૂર્ણ કર્યા તે અદ્‌ભુત પ્રતિભાશાળી ભગવાન શંકરાચાર્ય પ્રકટ થયા. એ સોળ વર્ષના બ્રાહ્મણ કુમારના લેખથી તેમજ તેની અદ્‌ભુત શક્તિથી તમામ સુધરેલી પ્રજાઓ વિમોહિત થઇ જાય છે. તેણે દૃઢ સંકલ્પ કર્યો કે આખા ભરતખંડને ધર્મના પ્રાચીન વિશુદ્ધ માર્ગ તરફ કોઇપણ રીતે પુનઃ વાળવો જોઇએ. એ કાર્ય કેટલું કઠિન અને વિશાળ હતું તેનો ખ્યાલ તમે કરી જુઓ. તે સમયની ભરતખંડની અવસ્થાનો કાંઇક ચિતાર મેં તમારી આગળ હમણાંજ રજુ કર્યો છે. જે જે ભયંકર રિવાજોમાં સુધારણા કરવાને તમે તૈયાર થયા છો તે તમામ રિવાજો આજ જમાનામાંથી ઉત્પન્ન થઇને ચાલ્યા આવે છે. તાતાર અને બલુચી જેવી ભયાનક અનાર્ય જાતિઓ બૌદ્ધ બનીને આપણા સમાજમાં ભળી ગઇ. તેઓ પોતાની સાથે પોતાના અસલ પ્રજાગત આચાર-વિચાર લેતા આવ્યા અને આ સંગતિદોષથી આપણા પ્રજા-જીવનમાં પણ કેટલાક અત્યંત ભયાનક, બીભત્સ અને પાશવ આચાર દાખલ થઇ ગયા અને કાળે કરીને તે વસ્તુતઃ આપણાજ છે એવી ભ્રાંતિ થઇ ગઇ. બૌદ્ધધર્મથી ઉત્પન્ન થએલી આ ભયંકર વિપત્તિએ શંકરાચાર્યના જમાનામાં અત્યંત ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું, અને તે સમયથી આજ દિન સુધી આખા ભરતખંડમાં અવનત બૌદ્ધધર્મ ઉપર વેદાંતનો વિજય થતો આવ્યો છે. હજી પણ એ સંગ્રામ ચાલુ છે. સૈકાના સૈકા વીતી ગયા પણ આ યુદ્ધનો હજી અંત આવ્યો નથી. મહાન તત્ત્વજ્ઞ શંકરાચાર્યે પ્રકટ થઇને જોયું કે બૌદ્ધધર્મ અને વેદાંતનાં મૂળતત્ત્વોમાં મહત્વનો તફાવત નથી. તોપણ બુદ્ધ ભગવાનના શિષ્યો અને ત્યાર પછીની શિષ્યપરંપરા પોતાના આચાર્યના ઉપદેશનું તાત્પર્ય સમજી શક્યા ન હતા, પોતે દુર્ગતિને પામ્યા હતા અને આત્મા તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇશ્વરના અસ્તિત્વનો અસ્વીકાર કરીને હડહડતા નાસ્તિક થયા હતા. શંકરાચાર્યે આ બાબત સિદ્ધ કરી બતાવી અને સઘળા બૌદ્ધમાર્ગીઓ પ્રાચીન ધર્મનું પાલન કરવા લાગ્યા. પણ અફસોસ ! ઉપર કહ્યાં તેવાં અનુષ્ઠાનો–ઉપાસનાઓ કરવાની તેમને સેંકડો વર્ષ થયાં ટેવ પડી ગઇ હતી. હવે શું કરવું એ એક મહાન પ્રશ્ન થઇ પડ્યો.

આવા બારીક સંજોગો વચ્ચે રામાનુજનો જન્મ થયો. રામાનુજ ઘણા ઉદાર દિલના અને લાગણીવાળા હતા. પતિત મનુષ્યોનું દુઃખ જોઇને તેમનું હૃદય દ્રવતું હતું, તેમનું દુઃખ રામાનુજના અંતરના મર્મ ભાગ ઉપર આઘાત કરવા લાગ્યું. કાળે કરીને જે નવાં નવાં અયોગ્ય અનુષ્ઠાનો અને ઉપાસનાવિધિઓ સમાજમાં રૂઢ થઇ ગયાં હતાં તેમને રામાનુજે બની શક્યાં તેટલાં શુદ્ધ કર્યાં અને નવી નવી અનુષ્ઠાનપદ્ધતિઓ તથા ઉપાસનાપ્રણાલીની રચના કરીને જે વર્ગના લોકોને તેમની જરૂર હતી તેમને એ સર્વ બાબતોનો ઉપદેશ આપ્યો. તેની સાથે તેમણે બ્રાહ્મણથી ચંડાલ જાતિ સુધીના તમામ લોકોને માટે ઉંચામાં ઉંચી આધ્યાત્મિક ઉપાસનાનાં દ્વાર મોકળાં કરી આપ્યાં. આ પ્રમાણે રામાનુજે આરંભેલા કાર્યનો પ્રદેશ વધારે ને વધારે વિસ્તૃત થવા લાગ્યો. દક્ષિણ ભારતમાંથી બહાર નીકળીને તેના ઉપદેશના તરંગ ઉત્તર હિંદુસ્તાનના લોકોનાં હૃદયને પણ સ્પર્શ કરવા લાગ્યા. તે દેશમાં જન્મેલા કેટલાક આચાર્યો રામાનુજનો ઉદ્દેશ હૃદયમાં ધારણ કરીને એવાજ પ્રકારનું કાર્ય પોતપોતાના પ્રાંતોમાં કરવા લાગ્યા. એ પછી મુસલમાન રાજાઓના સમયમાં એટલે કે રામાનુજના અવસાનને ઘણાં વર્ષ થઇ ગયા પછી મધ્ય યુગમાં થઇ ગએલા ભરતખંડના તમામ આચાર્યોમાં શ્રીચૈતન્ય અથવા ગૌરાંગ પ્રભુ સર્વોત્તમ સ્થાન ભોગવે છે. રામાનુજના સમય પછી ધર્મપ્રચાર કરવાની પદ્ધતિમાં એક વિશેષ તત્ત્વ એ જોવામાં આવે છે કે ધર્મનાં દ્વાર તમામ શ્રેણીના લોકોને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકસરખી રીતે ખુલ્લાં મૂકવામાં આવ્યાં છે. સાધારણ જનસમાજને છુટે હાથે ધર્મનો ઉપદેશ કરવાનો ઉદ્દેશ જેમ શંકરાચાર્યની અગાઉ થઇ ગયેલા આચાર્યોએ સાચવ્યો હતો તેમ રામાનુજની પછીના આચાર્યોએ પણ તેજ મૂળ ઉદ્દેશનું પાલન કર્યું છે. શંકરાચાર્યની ઉપર સંકુચિતપણાનો–સાંપ્રદાયિકપણાનો મિથ્યા આરોપ શા માટે મૂકવો જોઇએ તે હું સમજી શકતો નથી. એમણે રચેલા ગ્રંથોમાં કોઇપણ પ્રકારનું સંકુચિતપણું મારા જોવામાં આવતું નથી. જેમ ભગવાન બુદ્ધના ઉપદેશોને તેમના શિષ્યોએ વગર સમજ્યે વિકૃત કરી નાખ્યા તેવીજ રીતે શંકરાચાર્ય ઉપર પણ જે સંકુચિતપણાનું દોષારોપણ થાય છે તેમાં ઘણું કરીને તેમનો દોષ નથી; પણ તેમના શિષ્યો, જે ગુરુનો ઉપદેશ યથાર્થ રીતે સમજી શક્યા નહિ તેમનોજ દોષ છે.

હું હવે ભગવાન શ્રીચૈતન્ય સંબંધી કાંઇક વિવેચન કરીને આજનું વ્યાખ્યાન પૂરૂં કરીશ. તે ગોપીઓના પ્રેમોન્મત્ત મહાભાગના જીવંત આદર્શ હતા. ચૈતન્ય ભગવાન બ્રાહ્મણ કુળમાં, પાંડિત્યને માટે પ્રસિદ્ધ એવા પિતાના પુત્ર હતા. તેઓ પણ શંકરાચાર્યની માફક ચૌદ વર્ષની નાની વયે ન્યાયશાસ્ત્રના પ્રોફેસર થયા હતા અને તર્કયુદ્ધમાં હિંદુસ્તાનના મોટા મોટા દિગ્વિજયી પંડિતોને જમીનદોસ્ત કરી નાખતા હતા, કારણ કે તીક્ષ્ણ બુદ્ધિના પ્રભાવથી વાગ્યુદ્ધમાં જય મેળવીને સર્વશ્રેષ્ઠ પંડિતની પદવી પ્રાપ્ત કરવી એજ જીવનનો ઉંચામાં ઉંચો આદર્શ છે એવા સંસ્કાર તેમના મગજપર નાનપણથી ઠસાવવામાં આવ્યા હતા. એક સાધુપુરુષની કૃપાથી એમની જીવનપ્રણાલીમાં એકદમ પરિવર્તન થઇ ગયું. વાદવિવાદ, તર્કયુદ્ધ, ન્યાયશાસ્ત્રનું પ્રોફેસરપણું બધાનો એકદમ તેમણે ત્યાગ કર્યો. તેમના હૃદયમાંથી ઉછળતા ભક્તિના તરંગોવડે આખો બંગદેશ ભક્તિરસમાં ડુબી ગયો અને લાખો મનુષ્યોનાં હૃદયને શાંતિ મળી. તેનો પ્રેમપ્રવાહ નિઃસીમ હતો. સાધુ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિત, હિન્દુ અને મુસલમાન, પવિત્ર અને અપવિત્ર, સર્વ કોમનાં, સર્વ શ્રેણીનાં મનુષ્યો, વેશ્યાઓ સુદ્ધાં તેના પ્રેમામૃતનાં ભાગીદાર થયાં. તેની કૃપાની છાયા સર્વના ઉપર વિસ્તરાતી હતી, અને જો કે તેમણે પ્રવર્તાવેલા સંપ્રદાયમાં હાલ ભયંકર સડો પેઠેલો જોવામાં આવે છે–કાળક્રમે કયા ધર્મમાં–કયા સંપ્રદાયમાં સડો નથી પેઠો ?–તોપણ આજ દિન સુધી દરિદ્ર પામર જ્ઞાતિભ્રષ્ટ પતિત જનો, જેને કોઇપણ સમાજ કે સંપ્રદાય પોતાનામાં સંઘરતાં નથી તેવા ત્રિતાપદગ્ધ આત્માને ચૈતન્ય ભગવાનનો સંપ્રદાય આશ્રય અને સાંત્વન આપતો આવ્યો છે. આમ છતાં સત્યની ખાતર મને કહેવાની ફરજ પડે છે કે જેટલા સંપ્રદાયો શુદ્ધ તત્ત્વજ્ઞાનના પાયાપર રચાયલા છે તેમનામાં અદ્‌ભુત ઉદારભાવ જોવામાં આવે છે. કોઇપણ શંકરમતાવલંબી વ્યક્તિ એમ નહિ કહી શકે કે ભરતખંડમાં પ્રચલિત થએલા જુદા જુદા સંપ્રદાયો વચ્ચે વાસ્તવિક રીતે તફાવત છે. આ પ્રમાણે જો કે તેમણે બુદ્ધિવાદમાં અભેદનો સ્વીકાર કર્યો હતો, પરંતુ જ્ઞાતિબંધનની બાબતમાં તેઓ જુની સંકુચિત ભાવનાનો ત્યાગ કરી શક્યા ન હતા. એથી ઉલટું વૈષ્ણવ આચાર્યો જ્ઞાતિભેદની બાબતમાં ઘણી ઉદારતા બતાવે છે. તેઓ કોઇપણ જાતિના મનુષ્યને વૈષ્ણવ સંપ્રદાયમાં દાખલ કરતાં સંકોચાતા નથી. આમ છતાં તેમના ધર્મતત્ત્વમાં પણ એક પ્રકારની વિલક્ષણ સંકુચિત વૃત્તિ જોવામાં આવે છે.

શંકરાચાર્યમાં બુદ્ધિનો અદ્‌ભુત વિકાસ અને રામાનુજમાં હૃદયની અદ્‌ભુત ઉદારતા આપણા જોવામાં આવે છે. હવે ભરતખંડને શંકરાચાર્યની અદ્‌ભુત બુદ્ધિ અને રામાનુજની વિશાળ–નિઃસીમ ઉદારતાનું એકસામટું સંમેલન જેમાં થએલું હોય એવી એક વ્યક્તિની આ જમાનામાં જરૂર હતી. હિંદુસ્તાનની પ્રજા એક એવા મહાપુરુષની રાહ જોતી હતી કે જે દરેક સંપ્રદાયમાં એક આત્માનું, એક ઇશ્વરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિનું દર્શન કરે, જે પ્રાણિમાત્રમાં ઇશ્વરને વિદ્યમાન રહેલો અનુભવે, જેનું ઉદાર હૃદય ભરતખંડનાં અને ભરતખંડની બહારના દેશોનાં દરિદ્ર, દુર્બલ અને પતિત મનુષ્યોને માટે દ્રવીભૂત થાય, જેની વિશાળ બુદ્ધિ તત્ત્વજ્ઞાનના કૂટમાં કૂટ પ્રશ્નનું નિરાકરણ કરી શકે, જે ભરતખંડના અને અન્ય પ્રજાઓના તમામ પરસ્પર વિરુદ્ધ સંપ્રદાયોની એકતા અને સત્યતા સિદ્ધ કરીને પોતાની સમન્વય કરવાની અદ્‌ભુત શક્તિવડે તીક્ષ્ણ બુદ્ધિનો વૈભવ અને હૃદયની ઉચ્ચ ભાવનાયુક્ત સાર્વભૌમિક ધર્મનું દર્શન કરાવી શકે.

ઉપર જણાવ્યા જેવો એક મહાપુરુષ ભરતખંડમાં થોડાંજ વર્ષ ઉપર જન્મ્યો હતો અને અનેક વર્ષ સુધી તેના ચરણ સમીપ બેસીને તેમનો ઉપદેશ સાંભળવાને હું ભાગ્યશાળી થયો હતો. એવા મહાપુરુષના જન્મને માટે જ્યારે યોગ્ય સમય આવ્યો, જ્યારે જનસમાજને તેની ખરેખરી જરૂર જણાઈ ત્યારે તેણે દર્શન આપ્યું. આશ્ચર્યની વાત એ હતી કે તેનો જન્મ અને તેના જીવનનું કાર્યક્ષેત્ર એક એવા નગરની પાસે હતું કે જે નગરનો શિક્ષિત વર્ગ પાશ્ચાત્ય ભાવનાઓથી ઉન્મત્ત બની ગયો હતો અને જે નગર હિંદુસ્તાનનાં બીજાં સ્થાનો કરતાં વિશેષપણે યુરોપિયનસાઇ બની ગયું હતું. તેની પાસે પુસ્તકીયા જ્ઞાન લેશમાત્ર પણ ન હતું, જે મહા બુદ્ધિશાળી છતાં પોતાનું નામ પણ પૂરૂં લખી શકતા ન હતા અને તેમ છતાં પણ જેમના કથનને યુનિવર્સિટીના સર્વોત્તમ, તીક્ષ્ણતમ બુદ્ધિસંપન્ન ગ્રેજ્યુએટો એકે અવાજે સ્વીકારતા હતા એ મહાપુરુષની મગજશક્તિ આગળ આપણે બધા નાના બાળક જેવા છીએ. તે એક વિલક્ષણ પુરુષ હતા. તેમનો ઇતિહાસ ઘણો લાંબો છે, તે કહેવા જેટલો અવકાશ પણ મને આ સમયે નથી, માત્ર આપણા ભરતખંડના સર્વ મહાપુરુષોના પૂર્ણપ્રકાશસ્વરૂપ, યુગાચાર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ મહાત્મા *શ્રીરામકૃષ્ણ પરમહંસના નામનોજ ઉલ્લેખ કરીને આજે હું વિરામ લઇશ. એમના ઉપદેશ આજના જમાના માટે અત્યંત ઉપકારક છે એમ હું માનું છું. એ મહાપુરુષની અંદર પરમાત્માની વિભૂતિનો પ્રકાશ હતો એ નિશ્ચયપૂર્વક માનજો. એક ગરીબ બ્રાહ્મણનો પુત્ર કે જેનો જન્મ બંગાળામાં કોઇક દૂરના અપ્રસિદ્ધ ગામડામાં થયો હતો તેને આજે યુરોપ અને અમેરિકાનાં હજારો શિક્ષિત સ્ત્રીપુરુષો દેવતુલ્ય માનીને વંદન કરે છે, અને હજી પણ તેના ઉપાસકોની સંખ્યા અનેકગણી વધતી જાય છે. ઇશ્વરની ઇચ્છાનો ભેદ સમજવા કોણ સમર્થ છે? હે બંધુઓ! જો તમે આ મહાપુરુષના જીવનમાં ઇશ્વરનો ઉદ્દેશ અને પ્રેરણાનું દર્શન ન કરી શકો તો મારે કહેવું પડશે કે તમે અંધ છો–જન્માંધ છો. જો ફરી કોઇ વખત પ્રસંગ આવશે તો હું તેને વિષે તમને વિશેષ હકીકત કહીશ. હાલ તો વ્યાખ્યાન સંપૂર્ણ કરતા પહેલાં એટલુંજ જણાવું છું કે, જો હું મારા આખા જીવનમાં એક પણ સત્ય જાહેર કરી શક્યો હોઉં તો તે સત્ય હું તેમની પાસેથી શીખ્યો છું; મારાં વ્યાખ્યાનોમાં જે કાંઇ અસત્ય, ભ્રમાત્મક, માનવ જાતિને અનુપકારક બાબતો આવી ગઇ હોય તે સર્વ મારીજ છે અને તેને માટે હું સંપૂર્ણ રીતે જવાબદાર છું.

---

* શ્રીરામકૃષ્ણ પરમહંસના અદ્‌ભુત ઉપદેશ અને કથામૃત સંસ્થા તરફથી ચાર ભાગમાં પ્રસિદ્ધ થનાર છે. આવતા (૧૯૭૪ ના વર્ષમાંજ એકદર એ ભાગ પ્રસિદ્ધ થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણું હાલનું કર્તવ્ય.

[આ વ્યાખ્યાન સ્વામી વિવેકાનંદજીએ ટ્રિપ્લિકેન શહેરની સાહિત્ય સભા સમક્ષ આપ્યું હતું. સ્વામીજી અમેરિકા ગયા તે પહેલાં આ સભાના સભાસદો સાથે તેમનું ઓળખાણ થયું હતું. તેમની સાથે સ્વામીજીએ જુદા જુદા અનેક વિષયો ઉપર ચર્ચા કરી હતી. એ ઉપરથી મદ્રાસના લોકો સ્વામીજીની અદ્ભુત શક્તિ પિછાણી શક્યા અને પરિણામે એ લોકોનાજ પ્રયાસથી શિકાગોની ધર્મમહાપરિષદ્‌માં હિન્દુધર્મના પ્રતિનિધિ તરીકે તેઓને મોકલવામાં આવ્યા. આ સર્વ સંજોગોને ધ્યાનમાં લેતાં આ વ્યાખ્યાન વિશેષ મનન કરવાયોગ્ય છે.]

જગત્ જેમ જેમ આગળ ને આગળ પ્રગતિ કરતું જાય છે તેમ તેમ દિવસે દિવસે જીવનના મહાપ્રશ્નો વિશેષ ગંભીર અને વિશાળ થતા જાય છે. છેક પ્રાચીન કાળમાં સમગ્ર જગતની એકતા અને અખંડત્વરૂપ વેદાંતનું મહાન સત્ય જ્યારથી શોધી કહાડવામાં આવ્યું ત્યારથી ઉન્નતિનો મૂલમંત્ર અને તેનું ખરેખરૂં તત્ત્વ જાહેર થઈ ચૂકયાં હતાં. આખા જગતને પોતાની સાથે લીધા વગર એક પરમાણુ પણ એકલું આગળ વધી શકતું નથી, આખા જગતને પોતાની જોડે ઉન્નતિના માર્ગમાં વાળ્યા વગર કોઇ પણ દિશામાં કોઇ પણ પ્રકારની ઉન્નતિ સાધી શકાતીજ નથી, અને જીવનને લગતા કોઇ પણ મહાપ્રશ્નનો નિર્ણય સંકુચિતપણે એકાદ પ્રજાના કે જાતિના હિત તરફ દૃષ્ટિ રાખીને થઇ શકતોજ નથી, એ સત્ય હવે દિવસે દિવસે વધારે સ્પષ્ટપણે સમજાતું જાય છે. પ્રત્યેક ભાવના અથવા પ્રત્યેક આકાંક્ષા વધારે ને વધારે ઉદાર અને પ્રશસ્ત થતાં થતાં આખરે સમગ્ર માનવજાતિના—અરે ! પ્રાણિમાત્રના—આખા જગતના હિત અને ઉન્નતિનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં સમાવેશ કરી શકાય એવાં તેમને સાર્વભૌમિક કરવાની જરૂર છે. આપણો દેશ પ્રાચીન કાળમાં શામાટે ઉચ્ચ સ્થાન ભોગવતો હતો અને હાલમાં કેટલાંક શતક થયાં શા કારણથી તે સ્થાન ગુમાવી બેઠો છે, તેનું કારણ ઉપર કહેલા જગતના મહાનિયમવડે સમજાશે. અનુસંધાન કરતાં જણાશે કે આપણી અવનતિ થવાનાં કારણમાં આપણી સંકુચિત દૃષ્ટિ અને કાર્યક્ષેત્રની સાંકડી મર્યાદા, એ બે મુખ્ય છે.

જગતમાં બે પ્રજાઓ વિલક્ષણ ઉત્પન્ન થઇ છે. તે બેઉની ઉત્પત્તિ એક મૂળ પ્રજામાંથી થએલી છતાં બેઉ જુદા જુદા દેશોમાં અને જુદા જુદા સંજોગોમાં વસવાથી તેમણે બેઉએ જીવનના મહાપ્રશ્નનો નિર્ણય જુદી જુદી રીતે કર્યો. મનુષ્ય-જીવનના તત્ત્વદર્શનને લગતા મહાપ્રશ્નોનો ઉત્તર મેળવવા માટે જે બે પ્રાચીન પ્રજાઓ મથન કરી રહી હતી, તેમાંની એક આપણી પ્રાચીન આર્યપ્રજા અને બીજી પ્રાચીન ગ્રીકપ્રજા હતી. બરફરૂપી શ્વેત મુકુટથી સોહામણો અને ભવ્ય દેખાતો હિમાલય પર્વત જેની ઉત્તર દિશાએ આવેલો છે, જેની ખીણોમાં નિર્મળ જળથી ભરેલી અને સમુદ્ર જેવી વિશાળ નદીઓ વહે છે, જેનાં સનાતન અરણ્યો તે દેશના વતનીને જગતની સીમાનું ભાન કરાવે છે, એવા હિંદુસ્તાનમાં વસતી આર્યપ્રજાની દૃષ્ટિ સ્વાભાવિક રીતે અંતર્મુખ થઈ. આર્યપ્રજા મૂળથીજ અંતર્મુખ તો હતીજ, તેમાં ચારે દિશાએ જ્યાં જુએ ત્યાં નાના પ્રકારનાં ભાવોદ્દીપક દૃશ્યો આવેલાં હોવાથી એ પ્રજાની સૂક્ષ્મ-ભાવગ્રાહી બુદ્ધિ સ્વાભાવિક રીતે બહાર ન જતાં અંતરમાં વળી અને દેહની અંદર રહેલા સનાતન તત્ત્વનું શોધન કરવામાં રોકાઇ. પોતાના મનનું પૃથક્કરણ કરવું એજ આર્યપ્રજાનો મુખ્ય વિષય થઇ પડયો.

આ બાજુએ ગ્રીકપ્રજા જગતના એક એવા પ્રદેશમાં જઇને વસી કે જેનાં કુદરતી દૃશ્યોમાં ગાંભીર્ય કરતાં સૌન્દર્યનું તત્ત્વ વિશેષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. આર્કિપેલેગો સમુદ્રમાં આવેલા રળિયામણા ટાપુઓનો સમૂહ–ચારે દિશાએ પ્રકૃતિની રચના સાદી પણ રમણીય–આવા સંજોગોને લીધે ગ્રીકપ્રજાની બુદ્ધિ બહિર્મુખ બની અને તેથી તે બાહ્ય જગતનું પૃથક્કરણ કરવામાં મશગૂલ થઇ ગઇ. આનું પરિણામ આપણે જોઇએ છીએ કે *ભરતખંડમાં નાના પ્રકારનાં પૃથક્કરણાત્મક (Analytical) વિજ્ઞાનની રચના થઇ અને ગ્રીકપ્રજાએ એકીકરણાત્મક (Generalisation) શાસ્ત્રો ઉત્પન્ન કર્યાં.

આર્યપ્રજાની બુદ્ધિ પોતાના ખાસ વિષયમાં આગળ ને આગળ પ્રગતિ કરતી ગઇ અને તેના શ્રમનું પરિણામ ઘણુંજ આશ્ચર્યજનક નિવડ્યું. હજી પણ ન્યાયશાસ્ત્રના વિષયમાં હિંદુ પંડિતોનું મગજ અદ્ભુત કામ કરે છે; હિંદુસ્તાનના વિદ્વાનો જે અસાધારણ મગજશક્તિ ધરાવે છે તેવી શક્તિ જગતની બીજી પ્રજાઓ ભાગ્યેજ ધરાવી શકશે. આપણે જોઇએ છીએ કે બુદ્ધિની હરિફાઇમાં હિંદુસ્તાનના વિદ્યાર્થીઓ યુરોપ, અમેરિકા અને જાપાનની યુનિવર્સિટીઓમાં ઘણીવાર દિગ્વિજય કરી આવે છે. હિંદુપ્રજાનાં રચેલાં ન્યાયશાસ્ત્રની ઝીણવટ અને સૂક્ષ્મ પૃથક્કરણશક્તિ જોઈ ભલભલા યુરોપિયન પંડિતોનાં મગજ ચક્કરાઇ જાય છે. પરંતુ મુસલમાનોએ ભરતખંડ જિતી લીધો ત્યાર પહેલાં આશરે એકાદ બે શતકથી ભારતીય પ્રજાનું પ્રજાબળ ક્ષીણ થવા લાગ્યું

* મનુષ્યના મનમાં ચાલતા વ્યાપારનું પૃથક્કરણ અને વર્ગીકરણ કરતાં કરતાં આર્યપ્રજાએ વેદાંત અને ન્યાયશાસ્ત્ર ઉત્પન્ન કર્યાં અને મનુષ્યના બંધારણનું શોધન કરતાં કરતાં " तत्त्वमसि " નો મહાન સિદ્ધાંત પ્રાપ્ત કર્યો. ગ્રીકપ્રજાએ બહારના જગતની સુંદરતાનું અવલોકન કરીને શિલ્પશાસ્ત્ર, જે આખા જગતમાં શ્રેષ્ઠ મનાય છે, તેને પૂર્ણ કળાએ પહોંચાડ્યું. ભારતીય પ્રજાની મોટી ફતેહ વેદાંત છે ત્યારે ગ્રીકપ્રજાની મહાન ફતેહ ત્યાંની પાષાણનિર્મિત ભવ્ય મૂર્તિઓ છે. ભા. ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. એ અરસામાં આપણા લોકો ઉપર કહ્યું તેમ માનસિક શક્તિનો અત્યંત દુરૂપયોગ કરવા લાગ્યા હતા. આથી કરીને એ શક્તિની આપોઆપ અવનતિ થવા લાગી. એનું પરિણામ એ આવ્યું કે ભારતીય સંસ્કૃતિનાં એકેએક અંગ જેવાં કે શિલ્પ, સંગીત, વિજ્ઞાન, એ તમામની પડતીનાં ચિહ્ન દેખાવા લાગ્યાં. શિલ્પકળામાં અસલની ઉદાર ભાવનાઓ અદૃશ્ય થઇ ગઇ. ભાવનાની ઉત્કૃષ્ટતા અને અંગ-પ્રત્યંગની સમતા સચવાઇ નહિ. બધા વિષયોમાં હદબહાર અલંકારનો શોખ દાખલ થઇ ગયો. સમસ્ત પ્રજાની ઉત્સર્ગ શક્તિનો નાશ થયો. સંગીતમાં પણ પ્રાચીન સંસ્કૃત સંગીતની હૃદયને ડોલાવી નાખે એવી ગંભીરતા રહી નહિ. અસલ પ્રત્યેક સુર સ્વતંત્રપણે પોતપોતાના યોગ્ય સ્થાનમાં રહીને અપૂર્વ સંવાદમય એકતાનતા ઉત્પન્ન કરતો હતો તેજ શાસ્ત્રીય સંગીત ભ્રષ્ટ થઈ ગયું અને દરેક સુરનું સ્વતંત્રપણું જતું રહ્યું. આપણી આધુનિક ગાયનકળામાં અનેક સુરનો ખીચડો થઇ ગયો છે–કેટલાક મિશ્રસુરની કશા નિયમ વગરની ગૂંથણી થઈ ગઈ છે. આ આપણા સંગીતશાસ્ત્રની અધોગતિની નિશાનીઓ છે. આપણી ભાવ-નાઓ, આપણા આદર્શો, આપણું તે જમાનાનું અને ત્યાર પછીના સમયનું સાહિત્ય વગેરે વિષયોનું પૃથક્કરણ કરીને જોઇશું તો તેમાં પણ એનો એજ બહારના કૃત્રિમ અલંકારોનો શોખ અને ઉત્સર્ગ શક્તિનો પૂર્ણ અભાવ નજરે પડશે. આપણી પ્રજાનું ખાસ કાર્ય-ક્ષેત્ર જે ધર્મ અને ધર્મવિષયક તત્ત્વજ્ઞાન છે, તેમાં પણ ભયંકર અધો-ગતિ થએલી જણાશે. જે પ્રજા આજે સેંકડો વર્ષો થયાં ડાબે હાથે પાણી પીવું જોઇએ કે જમણે હાથે પીવું જોઇએ, એ અત્યંત ગંભીર (!) અને ઉપયોગી (!) સવાલનો નિવેડો લાવવા માટે શાસ્ત્રાર્થ કરવામાંજ રોકાઇ રહી છે, તે પ્રજા પાસેથી બીજી શી આશા રાખી શકાય? જે દેશના સર્વશ્રેષ્ઠ પંડિતો સેંકડો વર્ષો થયાં સ્પર્શાસ્પર્શનો અને પ્રાયશ્ચિત્તનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્ણય કરવામાંજ પોતાની બુદ્ધિનો–જ્ઞાનનો ઉપયોગ કરતા આવ્યા છે, શું ખવાય અને શું ન ખવાય એનો નિર્ણય કરવા માટેજ તર્ક-યુદ્ધો મચાવી રહ્યા છે, તે પ્રજા અવનતિના નીચામાં નીચા પગથીએ પહોંચી જાય એમાં આશ્ચર્ય શું? વેદાંતનાં ગંભીર તત્ત્વચિંતન, આખા જગતના તત્ત્વદર્શનમાં સર્વશ્રેષ્ઠ મનાતા ઇશ્વિર અને આત્મા સંબંધી મહાન, પ્રોજ્વલ સિદ્ધાંતો નષ્ટપ્રાય થઇ જઇને ઘોર અરણ્યમાં નિવાસ કરતા ગણ્યા ગાંઠ્યા સાધુ સંન્યાસીઓની પાસેજ તે સચવાઇ રહ્યા અને બાકીનો આખો દેશ શું ખવાય અને શું ન ખવાય, કોને અડકાય અને કોને ન અડકાય એ મહત્વના (!) પ્રશ્નોના નિરાકરણમાંજ વળુંધાઇ ગયો! મુસલમાનોએ હિંદુસ્તાન જિતી લીધો તેથી પણ અલબત્ત થોડો ઘણો લાભ તો થયોજ; કારણ કે જગતની અધમમાં અધમ વ્યક્તિ પણ ઉંચામાં ઉંચા મનુષ્યને કાંઇ ને કાંઇ શીખવી શકે એમ છે. આટલું છતાં પણ મુસલમાન વિજેતાઓ આપણી પ્રજામાં ચેતનનો સંચાર કરી શક્યા ન હતા.

ત્યાર પછી આપણા સારા નશીબે કે માઠા નશીબે દેશમાં અંગ્રેજી અમલની શરૂઆત થઈ. અલબત્ત, વિદેશી પ્રજાનો વિજય કોઇ પણ પ્રજા ચાહતી નથી કેમકે તે સર્વાંશે શુભફળદાયક હોતું નથી. આમ છતાં ગમે તેવા અશુભ બનાવોમાંથી પણ કોઇ કોઇવાર શુભ પરિણામ નીકળી આવે છે. અંગ્રેજ પ્રજાએ ભરતખંડ જિત્યો તેમાંથી એક મહત્વનું શુભ ફળ નીપજ્યું છે. ઇંગ્લંડ અને આખો યુરોપખંડ પોતાની સંસ્કૃતિને માટે ગ્રીસદેશનો ઋણી છે. યુરોપિયન પ્રજાઓના તમામ આદર્શો ગ્રીક સંસ્કૃતિના પ્રતિધ્વનિ માત્ર છે. ત્યાંના દરેક ઘરમાં, ગૃહશૃંગારનાં સાહિત્યમાં પણ ગ્રીક સંસ્કૃતિની છાપ સ્પષ્ટપણે જોવામાં આવે છે. એ ગ્રીક સંસ્કૃતિ અને પ્રાચીન આર્ય સંસ્કૃતિનું જે શુભ મિલન ભરતખંડની ભૂમિ ઉપર હાલ થવા પામ્યું છે, તે અંગ્રેજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમલનું એક શુભ પરિણામ છે. આ પ્રમાણે ધીરે ધીરે ખળભળાટ મચાવ્યા વગર ભારતીય પ્રજામાં પરિવર્તન થવાનો યુગ મંડાયો છે અને આપણે ચારે બાજુએ જે ઉદાર, ચેતનપ્રદ પુનરુત્થાનનાં આંદોલન આખા દેશમાં ફરી વળતાં જોઇએ છીએ તે એ ભિન્ન સંસ્કૃતિના આદર્શોના સંમેલનનુંજ પરિણામ છે. આપણી માનવજીવન વિષેની ભાવનાઓ દિવસે દિવસે વધારે ઉદાર અને પ્રશસ્ત થવા લાગી છે. આપણે ઉદારતા, સહૃદયતા અને સહાનુભૂતિથી માનવજીવનના મહા પ્રશ્નો તરફ નજર કરતાં શીખ્યા છીએ. જો કે આ નવા યુગના આરંભમાં આપણે એક પ્રકારના ભ્રમમાં પડયા હતા અને આપણા આદર્શોને કેટલેક અંશે સંકુચિત કરવા તરફ વલણ બતાવ્યું હતું તોપણ હમણાં હમણાં આપણે આપણી ભૂલ જોઇ શક્યા છીએ અને હવે સ્વીકારતા થયા છીએ કે જે વિશાળ ભાવનાઓ અને સહૃદયતાભરેલા ઉદાર વિચારો દેશમાં બધે ફેલાવા લાગ્યા છે તે આપણાજ પ્રાચીન શાસ્ત્રોના ઉપદેશના સ્વાભાવિક પરિણામરૂપ છે. આપણા શાણા પૂર્વજોએ છેક પ્રાચીન કાળમાં જે સત્યો શોધી કહાડયાં હતાં તેજ સત્યોને જો બરાબર વ્યવહારમાં ઉતારવામાં આવે તો આપણે ઉદાર અને મોટા મનના થયા વગર રહીએજ નહિ. સાંકડી ગલીમાંથી બહાર આવીને સર્વ પ્રજાઓના આદર્શ સાથે હસ્તમિલન કરવું તથા એકબીજાના વિચાર અને ભાવનાઓની આપ લે કરીને વિશેષ ઉદાર થવું અને અંતે સાર્વભૌમિક ભાવ ધારણ કરવો એજ આપણાં તમામ શાસ્ત્રના ઉપદેશનો મુખ્ય ઉદ્દેશ છે; પણ આપણે એ ઉપદેશથી વિમુખ થતા આવ્યા, આપણા સાંકડા વિચારોને વધારે ને વધારે સાંકડા કરતા ગયા અને તેનું પરિણામ એ આવ્યું કે આપણું જીવન નિર્માલ્ય અને શુષ્ક થઇ ગયું.

આપણી ઉન્નતિના માર્ગમાં થોડાક અંતરાય છે. તેમાં સૌથી મુખ્ય અંતરાય 'આપણેજ સર્વ પ્રજાઓમાં શ્રેષ્ઠ છીએ' એવું આપણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિથ્યાભિમાન છે. ભરતખંડ પ્રતિ મારા અંતઃકરણમાં સાચો પ્રેમ છે; સ્વદેશના કલ્યાણ અર્થે શ્રમ લેવાને હું સદાએ તત્પર છું; હિંદમાતા-પ્રત્યે હું અત્યંત ભક્તિભાવ રાખું છું; આપણા પૂર્વજોમાં મને પુષ્કળ શ્રદ્ધા અને સન્માન છે; તોપણ દુનિયાની અન્ય પ્રજાઓ પાસેથી આપણે હજી ઘણું શીખવાનું છે એ ભાવનાનો હું કદિ પણ ત્યાગ કરી શકતો નથી. આપણે ઉપદેશ ગ્રહણ કરવા માટે તમામ પ્રજાઓના ચરણ સમીપ નમ્રતાપૂર્વક બેસવું જોઇએ. સર્વ પ્રજાઓ આપણને કાંઇ ને કાંઈ નવું શીખવી શકે એમ છે, એ વાતનું તમે કદિ પણ વિસ્મરણ કરતા નહિ. આપણા શ્રેષ્ઠ સ્મૃતિકાર મનુભગવાન કહે છે કેઃ—

" श्रद्दधानो शुभां विद्यामाददीतावरादपि ॥
अंत्यादपि परोधर्मः स्त्रीरत्नं दुष्कुलादपि ॥ "

" શ્રદ્ધાવાન્ થઇને નીચ જાતિ પાસેથી પણ હિતકર વિદ્યા ગ્રહણ કરવી, ચંડાલ પાસેથી પણ શ્રેષ્ઠ ધર્મ શીખી લેવો વગેરે. " જો આમજ છે તો આપણે મનુભગવાનના સાચા પુત્રો તરીકે તેમની આજ્ઞાનું જરૂર પાલન કરવું જોઇએ. જે કોઇ વ્યક્તિ આપણને કાંઇ નવું શીખવી શકે એમ હોય તેની પાસેથી ઐહિક અથવા પારમાર્થિક વિષયનું શિક્ષણ લેવાને હમેશ તૈયાર રહેવુંજ જોઇએ.

વળી આ વાતનું પણ વિસ્મરણ થવું ન જોઇએ કે આપણે પણ જગતને કાંઇક શીખવવાને બંધાયલા છીએ. ઇતર દેશો સાથે આપણે કોઇ જાતનો સંબંધ રાખવાની જરૂર નથી એવી સંકુચિત ભાવનાનો ત્યાગ કરવાનો સમય હવે આવી પહોંચ્યો છે. આપણે ભૂતકાળમાં એકવાર એવા સાંકડા વિચારને સેવ્યો હતો, કે તેની સખત શિક્ષા તરીકે આપણે લગભગ એક હજાર વર્ષ થયાં ગુલામગિરીમાં સડીએ છીએ. આપણે બીજી પ્રજાઓની સાથે આપણી તુલના કરવા માટે વિદેશ ગયા નહિ, આપણે જગતના પ્રવાહની ગતિને ધ્યાનમાં રાખીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્તતાં શીખ્યા નહિ, એજ ભરતખંડની પ્રજાની બુદ્ધિમાં પેઠેલા સડાનું મુખ્ય કારણ છે. આપણી એ ભૂલને માટે કુદરતે આપણને સખત શિક્ષા કરેલી છે; રખેને એવી ભૂલ આપણે બીજીવાર કરીએ ! હિંદુઓને પરદેશ જવાની જરૂર નથી એ વિચાર છોકરવાદી અને અહંકારભરેલો છે. એવા અભિપ્રાયોને તમારા પગ તળે છૂંદી નાખો. તમે જેમ જેમ હિંદુસ્તાનમાંથી બહાર નીકળીને અન્ય પ્રજાઓમાં ભ્રમણ કરશો તેમ તેમ તમે તમારૂં પોતાનું અને તમારા દેશનું કલ્યાણ સાધી શકશો. જો એવું વર્તન તમેં સેંકડો વર્ષ અગાઉ રાખ્યું હોત તો તમારી આવી દુર્દશા ન થઈ હોત અને તમારો દેશ પરતંત્ર નજ બન્યો હોત. ચેતનનું મોટામાં મોટું સ્પષ્ટ ચિહ્ન વિસ્તાર છે. જો તમારે જીવતા રહેવું હોય તો તમારા જીવનનો વિસ્તાર કરો; તમારા છીછરા કુવામાંથી, તમારી સાંકડી ગલીમાંથી બહાર નીકળો. જે પળે તમારો વિસ્તાર બંધ થશે તેજ પળે તમારૂં મૃત્યુ થયું સમજજો. સાવધાન થાઓ ! વિપત્તિ તમારી નજર આગળ છે. હું યુરોપ અને અમેરિકા જઇ આવ્યો તેનો તમે સહૃદયભાવે ઉલ્લેખ કર્યો છે. મારે ત્યાં જવાનું થયું, એ વિસ્તૃતિનીજ–પ્રજાજીવનની ફરીથી થતી ચેતનાવસ્થાની પહેલી નિશાની છે. એ નવજીવનની અસર આપણી પ્રજાના થરેથરમાં પહોંચવા લાગી છે અને તેનાજ બળવડે હું દૂરના દેશોમાં નિક્ષિપ્ત થયો અને હજી બીજા હજારો થશે. હું જે કહું છું તે ધ્યાનથી સાંભળજો. જો આ પ્રજાનું અસ્તિત્વ ટકી રહેવાનું હશે તો હું કહું છું તે પ્રમાણે જરૂર થવાનુંજ. આ વિસ્તૃતિ આપણી પ્રજાના નવજીવનનું સૌથી મુખ્ય લક્ષણ છે અને માનવજાતિના સમગ્ર જ્ઞાનભંડારમાં આપણે જે હિસ્સો આપવાનો છે, સમગ્ર જગતનું ઉન્નતિ મંદિર ચણવામાં આપણે જે સહાય આપવાની છે તે પણ એ વિસ્તૃતિની સાથે અન્ય દેશોમાં જવા પામશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બનાવ કાંઇ તદ્દન નવીનજ નથી. તમારામાંના જેઓ એમ માનતા હશે કે ભરતખંડની પ્રજા તો અનાદિકાળથી પોતાના દેશની હદમાંજ ભરાઇ બેઠી છે તેઓ મોટી ભૂલ કરે છે. તેમણે પોતાનાં પ્રાચીન શાસ્ત્રોનો અભ્યાસ કર્યો નથી; તેમણે પોતાનો પ્રજા-સંબંધી ઇતિહાસ કદિ વાંચ્યો નથી. જો કોઇ પણ પ્રજાને પોતાનું અસ્તિત્વ સાચવી રાખવું હોય તો તેણે જગતને કાંઇક આપવુંજ જોઇશે. પ્રાણની કુરબાની આપશો તોજ પ્રાણનું રક્ષણ કરી શકશો. જો તમે કાંઇ પ્રાપ્ત કરો તો તેના બદલામાં તમારે સર્વને કાંઇ ને કાંઇ આપવુંજ જોઇએ. આટલાં હજારો વર્ષ થયાં આપણે હજી ટકી રહ્યા છીએ એ વાતની ના પાડી શકાય એમ છેજ નહિ. શા કારણથી આપણે હજી પૃથ્વીપર જીવતા છીએ એ પ્રશ્નનો યથાર્થ ઉત્તર મેળવવો હોય, તો મૂર્ખ માણસો ગમે તેમ કહે, પણ એટલું કબૂલ કરવુંજ પડશે કે આપણે પરાપૂર્વથી જગતને કાંઇ ને કાંઇ આપતાજ આવ્યા છીએ.

ભરતખંડે જગતને જે અર્પણ કર્યું છે તે ધર્મ, તત્ત્વજ્ઞાન, પ્રજ્ઞા અને આધ્યાત્મિક જીવનની ભાવના એજ છે. ધર્મનો પ્રચાર કરવા માટે, ધર્મપ્રચારનો માર્ગ મોકળો કરવા માટે સૈન્યની જરૂર હોતી નથી. પ્રજ્ઞા અને તત્ત્વજ્ઞાન મનુષ્યરક્તના પ્રવાહ ઉપર થઇને વહન કરતાં નથી; રુધિરથી ખરડાયલાં શબના ઢગલાઓ ઉપર થઇને કુચ કરતાં નથી; જુલમ અને ત્રાસ વર્તાવીને આગળ વધતાં નથી; પણ શાંતિ અને પ્રેમની પાંખ ઉપર આરૂઢ થઇને શાંતભાવે જ્યાં જવું હોય ત્યાં જાય છે. હમેશ એ પ્રમાણેજ બનતું આવ્યું છે. એટલું તો સ્પષ્ટ જણાઈ આવે છે કે ભરતખંડની પ્રજાએ અલબત્ત જગતને કાંઇ ને કાંઇ અર્પણ તો કર્યું છેજ. લંડનમાં મને એક યુવાન અંગ્રેજ સ્ત્રીએ સવાલ પૂછ્યો હતો કે, 'તમે હિન્દુઓએ શું કર્યું છે? તમે કોઇ પણ પ્રજા ઉપર જય મેળવ્યો નથી.' અંગ્રેજ લોકોનો સ્વભાવ જોતાં–એક વીર, સાહસિક, ક્ષાત્ર ગુણવાળી અંગ્રેજ મહિલાનું આ કથન સત્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના વિચાર પ્રમાણે એક પ્રજા બીજી પ્રજાને જીતી લે તેમાંજ તેનું ગૌરવ સમાયલું છે. તેમના દૃષ્ટિબિન્દુથી તેમની એવી માન્યતા કદાચ સાચી હશે, પરંતુ આપણા દૃષ્ટિબિન્દુથી જોતાં તો તે તદ્દન વિપરીતજ છે. જ્યારે હું મારા મનને પૂછું છું કે ભરતખંડની શ્રેષ્ઠતાનું કારણ શું છે, તો મને એકજ ઉત્તર મળે છે કે 'આપણે કોઇ પણ પ્રજાને શસ્ત્રયુદ્ધમાં પરાજિત કરી નથી એજ છે.' એમાંજ આપણું ગૌરવ સમાયલું છે. 'આપણો ધર્મ બીજાઓનો પરાજય કરવાને ઉદ્યુક્ત થતો નથી' એવા ઉદ્‌ગાર તમે ઘણીવાર સાંભળતા હશો. હું અત્યંત ખેદ સાથે જણાવું છું કે જે માણસો પાસેથી આપણે વધારે ઉદાર વિચારની આશા રાખીએ છીએ તેમને મોંએથી પણ એવાજ ઉદ્‌ગાર મારા સાંભળવામાં આવ્યા છે. મને તો એમજ સમજાય છે કે આપણો ધર્મ અન્ય ધર્મો કરતાં સત્યની વધારે નજદીક હોવાનું કારણ એજ છે કે આપણો ધર્મ પરધર્મ ઉપર વિજય મેળવવા માટે કદિ પણ તત્પર થયો નથી; આપણા ધર્મે કદિ પણ મનુષ્યના લોહીની નદીઓ વહેવડાવી નથી; તે હમેશ આશીર્વચન અને શાંતિમંત્રનોજ ઉચ્ચાર કરતો આવ્યો છે. સર્વ ધર્મના અનુયાયીઓની સાથે તે પ્રેમ અને સહાનુભૂતિપૂર્વક હસ્તમિલન કરતો આવ્યો છે. પરમતસહિષ્ણુતા અને સહાનુભૂતિની ભાવનાને માત્ર આપણાજ દેશમાં વ્યવહારિક સ્વરૂપ આપવામાં આવ્યું છે. બીજા દેશોમાં એ ભાવના માત્ર મોંએ બોલવામાં અને શાસ્ત્રનાં થોથાંમાંજ બાંધી રાખવામાં આવી છે. આ એકલોજ દેશ છે કે જ્યાં હિન્દુઓ મુસલમાનોમાટે મસ્જિદો અને +ખ્રિસ્તીઓ માટે દેવળો બાંધે છે. તો હે બંધુઓ ! તમે સારી પેઠે

+ વિલાયતમાં કેથોલિક લોકો પ્રોટેસ્ટંટ મતના પ્રચારના ખર્ચમાં એક પાઈ પણ આપવાની ના પાડે છે ત્યારે હિંદુસ્તાનની સરકારી તીજોરીમાંથી ખ્રિસ્તીધર્મ શિખવતી શાળાઓને માટે ગ્રાંટ અને ખ્રિસ્તી બિશપોના ભારે પગાર પણ અપાય છે ! ભા૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજી શક્યા હશો કે આપણે આપણા આદર્શો જગતને અનેકવાર પહોંચાડયા છે; પણ તે લેશ માત્ર પણ કોલાહલ મચાવ્યા વગર, શાંતિથી અને ગુપ્તપણેજ. ભરતખંડની પ્રજાની એજ કાર્યપદ્ધતિ છે. ભારતીય તત્ત્વચિંતનનું મુખ્ય લક્ષણજ શાંતિ અને નિરભિમાનપણું છે. એ શાંતિની પાછળ જે પ્રબળ શક્તિ કામ કરી રહી છે તેને કોઇપણ બળવાચક નામ લાગુ પાડી શકાતું નથી. એજ ભારતીય ફિલસુફીની નિઃશબ્દ છતાં અતિ આકર્ષક શક્તિ છે. જ્યારે કોઇપણ વિદેશી વ્યક્તિ આપણા દેશના સાહિત્યનો અભ્યાસ કરવા તત્પર થાય છે ત્યારે શરૂઆતમાં તો તેને અત્યંત કંટાળો ઉપજે છે; કારણ કે આપણા સાહિત્યમાં યુરોપિયન સાહિત્યની માફક દિલને ઉશ્કેરે એવી વસ્તુસંકલના અને તીવ્ર ગતિ નથી. યુરોપનાં કરૂણરસપ્રધાન નાટકોની સાથે આપણા દેશનાં કરૂણરસપ્રધાન નાટકોની તુલના કરી જુઓ. પાશ્ચાત્ય નાટકો લાગણી ઉશ્કેરે એવા પ્રસંગોથી ભરપૂર છે. તે ક્ષણભર આપણા હૃદયમાં ભાવનું ઉદ્દીપન કરે છે પણ તેમનું વાચન પૂરૂં થયા પછી તરતજ તેનો પ્રત્યાઘાત થવા માંડે છે અને થએલી તમામ અસર આપણા મગજમાંથી ઉડી જાય છે; જ્યારે ભરતખંડનાં કરૂણરસપ્રધાન નાટકો મેસ્મેરિઝમની માફક ધીરે ધીરે, નિઃસ્તબ્ધપણે, હૃદયમાં ખળભળાટ મચાવ્યા વગર, શાંતપણે ઉંડી અસર કરે છે; અને એકવાર તેમને વાંચવાનો આરંભ કર્યો કે તેની પ્રબળ અસર વાંચનાર ઉપર થવા માંડે છે અને પછી વાંચનાર તે અસરમાંથી છુટી શકતો નથી. આપણા સાહિત્યના રસની વાંચનારને જીવનપર્યંત લગની લાગી જાય છે. જેમણે આપણા દેશના સાહિત્યને હાથમાં લેવાની હિંમત ચલાવી છે તેમણે આ મોહિનીનું બળ અનુભવ્યું છે અને તેની સાથે જિંદગી સુધી પ્રેમબંધનમાં બંધાઇ ગયા છે.

જેમ ઝાકળનું ટીપું નિઃશબ્દભાવે, અદૃશ્ય રીતે અને લેશ માત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ અવાજ કર્યા વગર સુંદર ગુલાબના પુષ્પની કલિને વિકસિત કરે છે; તેમ આખા જગતના તત્ત્વદર્શનના સમૂહ ઉપર ભારતીય તત્ત્વદર્શને છૂપી અને સ્થાયી અસર કરેલી છે. શાંત, અજ્ઞાતભાવે પણ પોતાના અજય્ય બળવડે તેણે સમગ્ર જગતના વિચારસમૂહમાં મહાન પરિવર્તન કરી નાખ્યું છે. આ મહાન ફેરફાર તેણે ક્યારે કર્યો, અને શી રીતે કર્યો, તેની થોડાનેજ ખબર છે. મારી સાથે વાતચીતના પ્રસંગમાં મને કોઇએ એકવાર કહ્યું હતું કે 'હિંદુસ્તાનના કોઇપણ પ્રાચીન ગ્રંથકારનું નામ શોધી કહાડતાં કેટલી મહેનત પડે છે?' આ સાંભળીને મેં જવાબ આપ્યો કે 'એજ શુદ્ધ ભારતીય ભાવના છે.' ભરતખંડના પ્રાચીન વિદ્વાનો હાલના વિદ્વાનોના જેવા ન હતા; તેઓ બીજા ગ્રંથકારોના નેવું ટકા વિચારો ચોરી લઇને તેમાં પોતાના દશ ટકા વિચારો ઉમેરી નવું સ્વતંત્ર પુસ્તક રચવાનો દાવો કરતા ન હતા અને પ્રસ્તાવનામાં પોતાના વાચકોને જાહેર કરતા ન હતા કે 'આ વિચારો અમારા પોતાના છે અને તેમને માટે અમે એકલાજ જવાબદાર છીએ.'

જે મહાન ઋષિગણો અને તત્ત્વચિંતકો માનવ જાતિના હૃદયપટ ઉપર પોતાના મહાન તત્ત્વદર્શનની છાપ પાડી ગયા છે. તેઓ પોતાના ગ્રંથને અથવા પોતાના વિચારોને જગત્ સમક્ષ ધરીનેજ સંતોષ પામ્યા હતા. પોતાના ગ્રંથ સાથે પોતાનું નામ જોડવા માટે પણ તેઓ નારાજ હતા. તેઓ જનસમાજને પોતાના જ્ઞાનરાશિનો ઉપહાર આપીને અપ્રસિદ્ધપણે જગતમાંથી ચાલ્યા ગયા છે. આપણે દર્શનકારોના તથા પુરાણોના પ્રણેતાઓનાં પૂરાં નામ કોને ખબર છે? એ ગ્રંથો વ્યાસ અથવા કપિલ વગેરેની કૃતિ હશે એટલુંજ માત્ર આપણે જાણીએ છીએ. એ મહર્ષિઓ શ્રીકૃષ્ણના સાચા પુત્રો હતા; તેમણે ગીતાના કર્મફલના ત્યાગનો ઉપદેશ યથાર્થ રીતે પાળ્યો હતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' એ ભગવાન શ્રી-કૃષ્ણનો આદેશ તેમણે પોતાના જીવનમાં પૂરેપૂરો ઉતાર્યો હતો.

ગૃહસ્થો ! ભરતખંડે એ પ્રમાણે આખા જગતને પોતાનો શુભ સંદેશો પહોંચાડયો છે. આવાં કાર્યો સફલ થવાને માટે એક ખાસ અનુકૂળતાની જરૂર હોય છે. કોઇપણ નિર્માણ કરેલા વ્યાપારના માર્ગ વગર વ્યાપારના પદાર્થો એક દેશમાંથી બીજા દેશમાં જઇ શકતા નથી. એક પ્રજાની ભાવનાઓ પણ એવા કોઇ નિર્મિત રાજમાર્ગ વગર એક દેશમાંથી બીજા દેશમાં જઈ શકતી નથી. એક પ્રજાના વિચારો બીજી પ્રજાને પહોંચાડવા માટે વિચારના વ્યાપારમાર્ગની પણ આવશ્યકતા હોય છે. જ્યારે જ્યારે જગતના ઇતિહાસમાં કોઇ પરાક્રમશાલી પ્રજા ઉત્પન્ન થઇને જગતની જુદી જુદી પ્રજાઓને એક સાંકળથી જોડી છે, ત્યારે એ રસ્તે થઇને ભારતીય તત્ત્વદર્શનનો પ્રવાહ વહેવા માંડે છે અને પ્રત્યેક પ્રજાની નાડી એ નાડીમાં સંચરી જાય છે. બૌદ્ધધર્મના ઉદય પહેલાંના જમાનામાં પણ ભરતખંડનું તત્ત્વજ્ઞાન આખા જગતમાં ફરી વળ્યું હતું, એવાં પ્રમાણ દિવસે દિવસે વધારે ને વધારે મળતાં જાય છે. વેદાંતધર્મ બૌદ્ધધર્મના ઉદય પહેલાં ચીન, ઇરાન અને ગ્રીસની નજીકના દ્વીપસમૂહમાં પ્રવેશ કરવા પામ્યો હતો. બીજીવાર જ્યારે ગ્રીસ દેશની મહાન શક્તિએ પૂર્વની દુનિયાના જુદા જુદા દેશોને સંયુક્ત કરી દીધા ત્યારે પણ ભરતખંડના તત્ત્વજ્ઞાનનો પ્રવાહ વહેતો થયો અને ખ્રિસ્તી ધર્મ જે પોતે ઉત્પન્ન કરેલી સંસ્કૃતિનો ગર્વ રાખે છે તેની અંદર ભરતખંડના વિચારોનાં છૂટાં છવાયાં તત્ત્વોના સંગ્રહ ઉપરાંત બીજું કશું નવીન નથી. આપણે તે મહાન આર્યધર્મના અનુયાયી છીએ, કે બૌદ્ધધર્મ પણ પોતાનાં સઘળાં મહત્વ છતાં જે ધર્મના વિદ્રોહી સંતાનરૂપ છે, અને ખ્રિસ્તી ધર્મ પણ જે ધર્મની એક ઢંગધડા વગરની નકલરૂપજ છે. વળી પાછું ત્રીજી વાર પણ કાળચક્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફર્યું છે, ફરીથી પાછો તેવોજ સમય ઉપસ્થિત થયો છે. ઇંગ્લં
અજય્ય શક્તિવડે જગતના જુદા જુદા દેશો ફરીથી પણ સંધાયા
રોમન લોકોએ રચેલા વ્યાપારમાર્ગની માફક ઇંગ્લંડના વ્યાપાર
કેવળ જમીન ઉપરનાજ નથી. ઇંગ્લંડના વ્યાપારમાર્ગ એક સમુ
બીજા સમુદ્ર સુધી પથરાઇ ગયા છે. જગતનો દરેક વિ
અન્ય વિભાગ સાથે સંકળાઇ ગયો છે અને વિજળી એક નવ
પ્રકારના દૂતનું કાર્ય અદ્‌ભુત રીતે બજાવવા લાગી છે. આવા અ
પ્રસંગોની મદદ મળતાં ઉંઘેલો ભરતખંડ પુનઃ જાગૃત થયો છે
જગતની ઉન્નતિ અને સંસ્કૃતિના ભંડારમાં પોતાનો હિસ્સો આપ
તૈયાર થયો છે. એનાજ પરિણામે, ખુદ કુદરતેજ પોતાનું બળ વાપ
મને ઇંગ્લંડ અને અમેરિકામાં ધર્મનો પ્રચાર કરવાને મોકલી
આપણે દરેક જણે આશાવંત થવું જોઇએ કે હવે આપણી શક્તિ આ
બતાવવાનો સમય ફરીને આવી પહોંચ્યો છે. બધી બાજુએ શુભ ચિ
નજરે પડે છે. હવે ભરતખંડના તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક
નાઓને માટે જગતમાં દિગ્વિજય કરવાનો પ્રસંગ આવી લાગ્યો
માનવજીવનને લગતો જે મહા પ્રશ્ન આપણી સમક્ષ રજુ થયો
હવે દિવસે દિવસે વધારે પ્રશસ્ત બનતો જાય છે. આપણે અ
દેશમાં જાગૃતિ લાવીનેજ બેસી રહેવાનું નથી. એતો સાધારણ
છે. હું ઘણોજ કલ્પનાપ્રિય મનુષ્ય છું. હું એવી આશા રાખું
હિન્દુ પ્રજા આખા જગતમાં વિજય કરશે—આખા જગતના
રાજ્યમાં તે દિગ્વિજય કરશે એવું ચિત્ર મારી કલ્પનામાં ખડું થ

જગતમાં અનેકાનેક દિગ્વિજયી પ્રજાઓ ઉત્પન્ન થઇ છે.
પણ સર્વાશે મહાન વિજયી પ્રજા છીએ. આપણા દિગ્વિજયની
ભારત સમ્રાટ્ મહાન અશોકે ધર્મ અને આધ્યાત્મિકતાના દિગ્વિ
હવે [illegible] ફરીથી આપણો [illegible] જાગી ઉઠે એ મારા

એક મહાન
મારૂં વ્યાખ
કલ્પના
રૂપમાં પરિ
તમને શિ
સંભાળો
સ્પષ્ટ ભાષ
તમારૂં કાર
કરશો, સ
જ્ઞાનનો પ્ર
રીતે બજા
તન કર
જે મેં
ઇંગ્લંડ અ
ચોથા ભા
જોઇએ
ખંડ આપ
રવાની
તને માટે
પ્રજા
વ્યાસ કરી
ઓ !
આધ્યાત્મિ
સ્કારનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મહાન સ્વપ્ન છે. હું આશા રાખું છું કે જે કોઇ આજનું મારૂં વ્યાખ્યાન સાંભળે છે તેમાંનો દરેકે દરેક જણ આવાજ પ્રકારની કલ્પના જાગૃત કરશે અને જ્યાં સુધી એ કલ્પનાસૃષ્ટિ વ્યાવહારિક રૂપમાં પરિણત નહિ થાય ત્યાં સુધી જંપીને બેસશે નહિ. લોકો તમને શિખામણ દેવા તૈયાર થશે કે પહેલાં તમે તમારૂં પોતાનું ઘર સંભાળો અને પછીજ અન્ય પ્રજાઓને જિતવા જાઓ; પણ હું તમને સ્પષ્ટ ભાષામાં કહું છું કે તમે બીજાઓને માટે પરિશ્રમ ઉઠાવશો તોજ તમારૂં કાર્ય સર્વોત્તમ થયું ગણાશે. જો તમે અન્ય પ્રજાઓનું કાર્ય કરશો, સમુદ્રની પાર જઈને વિદેશી ભાષાઓ મારફતે તમારા તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરશો તોજ તમે તમારૂં પોતાનું કાર્ય પણ સર્વોત્તમ રીતે બજાવી શકશો. આજની સભાથી પણ એજ વાત સાબિત થાય છે. શક્તિ આપણા તત્ત્વજ્ઞાનનો અન્ય પ્રજાઓમાં પ્રચાર કરવાનો માત્ર પ્રયત્ન કર્યાથી પણ આપણા દેશનું કાર્ય કેટલું સરળ થઈ જાય છે. જો મેં મારૂં કાર્યક્ષેત્ર ભરતખંડમાજ બાંધી રાખ્યું હોત તો મારા ઇંગ્લંડ અને અમેરિકા જવાથી જે અસર આ દેશમાં થએલી છે તેના ચોથા ભાગની પણ ન થઇ હોત. આજ આપણો આદર્શ હોવો જોઈએ અને દરેક જણે તે ગ્રહણ કરવા તૈયાર થવું જોઈએ. ભરતખંડ આખા જગતને જિતી લે—એ આદર્શમાં જરા પણ ન્યૂનતા કરવાની નથી. એ મહેચ્છા માટે આપણે બધાએ તૈયાર થવું જોઇએ; તેને માટે પ્રાણાન્ત સુધી અવિરત પરિશ્રમ ઉઠાવવો જોઇએ. ભલે, પરદેશી પ્રજાઓ અત્ર આવીને પોતાનાં સૈન્યવડે આખા ભરતખંડને કબ્જામ કરી દે તેની દરકાર કરતા નહિ. ભારતનાં સંતાનો ! જાગૃત થાઓ ! તમારો દિગ્વિજય બીજાજ પ્રકારના રણક્ષેત્રમાં છે. તમારી આધ્યાત્મિકતાવડે જગતના દેશે દેશ જિતી વળો. **તિરસ્કારવડે તિરસ્કારનો પરાભવ નહિ થાય પણ પ્રેમવડેજ વૈરનો પરાજય**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી શકાશે, એ મહાન સત્ય આપણાજ દેશમાંથી સૌથી પહેલીવાર વિઘોષિત થએલું છે. જડવાદ અને તેની સાથે આવનારાં અનેક દુઃખોનો જડવાદવડે નિસ્તાર નહિ થાય. જ્યારે એક પ્રજાનું સૈન્ય બીજી પ્રજાના સૈન્યને પોતાના બાહુબળવડે પરાજિત કરવાનો યત્ન કરે છે ત્યારે માનવજાતિ કેવળ ફાડી ખાનારાં પશુની અવસ્થાએજ ઉતરી જાય છે અને તે જાતિમાં ધીમે ધીમે નરપશુઓની સંખ્યા વધતી જાય છે. આપણી આધ્યાત્મિકતા જરૂર પશ્ચિમના દેશોને જિતી લેશે. ધીમે ધીમે હવે તેઓ પણ સમજવા લાગ્યા છે કે તેમની પ્રજાના આસ્તિત્વ માટે તેમને આધ્યાત્મિક ભાવનાઓની ઘણીજ જરૂર છે. તેઓ આધ્યાત્મિકતાના પ્રવાહની રાહ જોઇ રહ્યા છે. તેઓ આધ્યાત્મિકતાને ગ્રહણ કરવાને અત્યંત ઉત્કંઠિત બની ગયા છે. માત્ર અન્ય દેશોમાં જઇને ઋષિ મુનિઓએ સંચિત કરેલા તત્ત્વજ્ઞાનના સંદેશા પહોંચાડવાને તૈયાર હોય એવા વીર પુરુષોનોજ ખેદ છે ! આ કલ્યાણકારક સંદેશો જગતને ખુણે ખુણે જઇને પહોંચાડવાને માટે દરેક પ્રકારના સ્વાર્થનું બલિદાન આપનારા પુરુષોજ કયાં છે ? સત્યના પ્રચારના કાર્યમાં સહાયભૂત થવાને વીર હૃદયના પુરુષોનીજ જરૂર છે. પરદેશમાં જઇને વેદાંતનાં મહાન સત્યોનો પ્રચાર કરે એવા મહાનુભાવ કર્મવીરોનીજ આવશ્યકતા છે. જગતને આ વિષયનીજ અત્યારે અત્યંત જરૂર છે; તેના વગર જગત વિનાશ તરફ ધસ્યું જાય છે. આખું પાશ્ચાત્ય જગત એક એવા જ્વાલામુખીના શિખર ઉપર બેઠેલું છે કે તે મોટા ધડાકાની સાથે આવતીજ કાલે ફાટી જાય અને એ પ્રજાઓના ચૂરેચૂરા થઇ જાય.* તેઓ આ

* આ ભવિષ્યવાણી આધુનિક યુરોપીય વિગ્રહે સાચી પાડી. ઇતિહાસના દરેક અભ્યાસકને ખબર હતી કે જડવાદપર રચાયલી યુરોપીય સંસ્કૃતિનું આવું ભયંકર પરિણામ આવવુંજ જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ભાષાંતર કર્તા

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગત શોધી વળેલ છે પણ શાંતિ પ્રાપ્ત કરવાનો ઉપાય તેમને હાથ લાગ્યો નથી. એમણે વિલાસ અને વૈભવનો પ્યાલો ઠસ ઠસાવીને પીધો છે પણ તેથી તેમને તૃપ્તિ થઇ નથી. ભારતીય આધ્યાત્મિક ભાવનાઓ પાશ્ચાત્ય પ્રજાઓમાં છેક ઉંડાણ સુધી લઈ જવાનો આજે સમય આવી પહોંચ્યો છે; તેટલા માટે, હે મદ્રાસવાસી યુવકો ! મારા શબ્દો બરાબર સ્મરણમાં રાખવાને ભાર મૂકીને કહું છું. આપણે પરદેશ જવુંજ પડશે; આપણી આધ્યાત્મિકતા અને તત્ત્વદર્શનરૂપી શસ્ત્રોવડેજ આપણે આખા જગતને જિતી લેવું પડશે. એ સિવાય બીજો રસ્તોજ નથી. જો આપણે આ આધ્યાત્મિક સંગ્રામમાં જોડાવા તૈયાર નહિ થઇશું તો આપણો વિનાશ જરૂર થવાનો. જો આપણે આપણા પ્રજાજીવનને પુનઃ સતેજ કરવું હોય, જો તેને જીવંત અને બળવાન રાખવું હોય તો તેને માટે એકજ ઉપાય છે કે આપણા આધ્યાત્મિક તત્ત્વદર્શનવડે આખા જગતને જિતી લેવું.

બીજી બાજુએ જોતાં આપણે એ બાબતનું પણ વિસ્મરણ ન કરવું જોઇએ કે જ્યારે હું આપણી આધ્યાત્મિક ભાવનાઓવડે જગતને જિતવાની વાત તમને કહું છું ત્યારે હું માત્ર આપણી આધ્યાત્મિકતા એટલે કે આપણા જીવનપ્રદ તત્ત્વજ્ઞાનનોજ પ્રચાર કરવાનું કહું છું. સૈકાના સૈકા થયા આપણે હજારો પ્રકારના જે સંસ્કાર અને વ્હેમોને આપણા હૃદયમાં સ્થાન આપતા આવ્યા છીએ, તે ઝેરી કચરાનો પ્રચાર કરવાનું નથીજ કહેતો. એ ઝેરી છોડવાઓને તો આપણા દેશમાંથી પણ નિર્મૂળ કરી નાખવાના છે કે જેથી કરીને તેઓ હમેશને માટે ચીમળાઇને મરી જાય. એ વ્હેમજ આપણી પ્રજાની અવનતિનું મુખ્ય કારણ છે અને તેમણેજ આપણી પ્રજાની બુદ્ધિને નિર્માલ્ય બનાવી દીધી છે. તેમનાથી અત્યંત સાવધાન રહેવાની આપણને જરૂર છે. કારણકે ધર્મને નામે પ્રચલિત થએલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષુદ્ર કુસંસ્કારો અને વ્હેમોને શરણ થવાથી આપણી બુદ્ધિને અને વિચારશક્તિને એક પ્રકારનું ઝેર ચ્હડી જાય છે; મગજ શક્તિ ઉંચા પ્રકારના ગંભીર વિચારોને ઉત્પન્ન કરવાને માટે નાલાયક બની જાય છે; ઉત્સર્ગશક્તિ(સ્વાર્થત્યાગની ભાવના) નો નાશ થાય છે અને સ્વતંત્રપણે વિચાર કરવાની શક્તિ ક્ષીણ થવાથી આખી પ્રજા નિર્માલ્ય થઇ જાય છે. આપણી દૃષ્ટિસન્મુખ આપણા દેશમાં બે પ્રકારનાં અત્યંત ભયકારક કારણો ઉભાં થયાં છે. એક બાજુએ હડહડતો ભયંકર જડવાદ છે, અને બીજી બાજુએ તેના પ્રત્યાઘાત સ્વરૂપ જૂના સડેલા વ્હેમ છે. એ બેઉથી આપણે ઘણાજ સાવધાન રહેવાનું છે. પાશ્ચાત્ય જ્ઞાનરૂપી મદિરાના પાનથી ઉન્મત્ત થએલા કેટલાક લોકો એમ માની બેઠા છે કે અમેજ બધું જાણીએ છીએ અથવા અરે જે માનીએ છીએ તેજ સત્ય છે. તેઓ પ્રાચીન આર્ય ઋષિ મુનિઓનો તિરસ્કારની સાથે ઉપહાસ કરે છે. તેઓની દૃષ્ટિએ હિન્દુઓના તમામ તત્ત્વવિચારો નકામા કચરા જેવા છે; હિન્દુ પ્રજાનું તત્ત્વજ્ઞાન નાના બાળકની લવરી જેવું છે; અને હિંદુ પ્રજાનો ધર્મ મૂર્ખ, પામર લોકોના વ્હેમનો સમુદાય છે. બીજી બાજુએ આપણા કેળવાયલા વર્ગમાં કેટલાક એવા પણ દોઢડાહ્યા માણસો છે કે જેઓ બીજા ભદ્રંભદ્ર જેવા હોઇને ઉપર કહ્યા તેવા નાસ્તિકોથી તદ્દન સામે પાટલે બેસનારા છે. તેઓ તમામ પ્રકારના બનાવોને શુભ અથવા અશુભ શુકન તરીકે માની લે છે, અને બીજાઓને તેનું રહસ્ય સમજાવવા પ્રયત્ન કરે છે. તેઓ પોતાના ગામમાં પ્રચલિત થએલા દરેક વ્હેમી રિવાજ ઉપર આધ્યાત્મિક ભાષ્ય કરવામાં ઘણા કુશળ રહે છે. જે જે હલકા પ્રકારની પૂજાવિધિઓ ગ્રામ્ય દેવતાઓ, માનતાઓ આપણા લોકોમાં પ્રચલિત છે તે સર્વ આજ સુધી કોઇના જાણવામાં ન હતું એવું આધ્યાત્મિક રહસ્ય ઉપજાવી કહાડીને લોકોના વ્હેમ અને અજ્ઞાનને વિશેષ દૃઢ બનાવવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યત્ન તેઓ કર્યા કરે છે. એવા દોઢડાહ્યાઓથી તમે બહુજ સાવધાન રહેજો. **તમે દરેક જણ મૂર્ખ, પામર અને વ્હેમી હો તે કરતાં તમે હડહડતા ભયંકર નાસ્તિક હો તે હું વધારે પસંદ કરૂં છું;** કારણ કે દરેક ખરા નાસ્તિકમાં જે વિચારશક્તિ અને જીવન હોય છે, તે ભવિષ્યમાં સુધરશે એવી આશા રાખી શકાય છે; કેમકે તેનામાં ચેતન અને સ્વતંત્રતાનો જુસ્સો રહેલો છે. જો વ્હેમ અને અજ્ઞાન તમારા મગજમાં દાખલ થઇ ગયાં તો તમારી બુદ્ધિ નિર્માલ્ય થઇ જશે અને તમારૂં જીવન કટાઇ જઇને તદ્દન નિર્જીવ બની જશે, માટે એ એકથી દૂર રહેજો. **આપણને નિડરપણે સ્વતંત્ર વિચાર બાંધે એવા વીર પુરુષોની જરૂર છે. તાજું અને ઉછાળા મારતું રૂધિર, મજબૂત જ્ઞાનતંતુઓ અને ખંડ જેવા દૃઢ સ્નાયુઓવાળા મર્દોની જરૂર છે. નિર્વીર્ય અને દુર્બળ, ઢીલાઢબ અને પોચાપચ, મુર્દાલ મનુષ્યોની આપણને જરૂર નથી.** એવા માણસોથી દૂરજ રહેજો. કોઇપણ ગુપ્તપણાનો, કે તેવા અધિકારી મંડળનો (inner circle) ત્યાગજ કરજો. ધર્મની બાબતમાં ગુપ્તપણું અને અધિકારી મંડળ હોતુંજ નથી. જ્યાં એવું જુઓ ત્યાં કાંઇ ગોટાળો હોવોજ જોઇએ. પ્રાચીન ઋષિઓએ કોઇ વાર ધર્મનો પ્રચાર કરવા માટે ગુપ્ત અને અધિકારી મંડળો સ્થાપ્યાં હતાં ? વેદાંતમાં, વેદમાં, પુરાણમાં, સંહિતામાં કોઇ ઠેકાણે ગુપ્ત જેવું કાંઇ જોવામાં આવે છે ? ઋષિઓએ જાતે શોધી કહાડેલાં મહાન સત્યોનો આખા જગતમાં પ્રચાર કરવા માટે કોઇ પણ જાતની હાથ-ચાલાકી અને ચમત્કાર ત્યાં નમસ્કાર, એવી પદ્ધતિ કદિ ગ્રહણ કરી હતી ? ગુપ્તપણું, ચમત્કાર, સિદ્ધિ એ સર્વ વ્હેમ, નબળાઇ અને ઠગાઇ છે. તે હમેશ અવનતિ અને વિનાશનાંજ ચિહ્ન છે, માટે એવા લો-કોથી પણ સંભાળતા રહેજો. આત્મબળથી બળવાન થાઓ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા પોતાના જ પગ ઉપર ઉભા રહેતાં શીખો. જગતમાં ઘણાએ અદ્‌ભુત બનાવો બને છે. કુદરતના નિયમોનું આપણને જે થોડું જ્ઞાન છે તેને હિસાબે એવા બનાવોને આપણે અગમ્ય અથવા આધિભૌતિક એવું નામ આપીએ તે ઠીક છે, પણ તેમાં ગુપ્ત જેવું તો કશું છેજ નહિ. "ધર્મનાં સત્યો અત્યંત ગૂઢ છે અથવા હિમાલયના બરફથી ઢંકાએલાં શિખરો ઉપર અધિવેશન કરતા કોઇ ગુપ્ત મંડળના એકલાના અધિકારનો વિષય છે" આવી ઠગાઇભરેલી હકીકત આ દેશમાં કદિ જાહેર કરવામાં આવીજ ન હતી. હું હિમાલય ઉપર ભ્રમણ કરી આવ્યો છું; તમે ગયા નથી. તમારા મુલકથી તે સેંકડો માઇલને છેટે છે. હું સંન્યાસી છું—છેલ્લાં ચૌદ વર્ષથી પગે ચાલીને ચારે દિશાએ ભ્રમણ કરૂં છું. હું ખાત્રીપૂર્વક કહું છું કે આવા પ્રકારનાં ગુપ્ત મંડળો કોઇ ઠેકાણે છે જ નહિ. એવા વ્હેમ અને અજ્ઞાનની પાછળ ફાંફાં મારતા નહિ. એના કરતાં તો પૂરેપૂરા નાસ્તિક થવામાં તમારૂં અને તમારા દેશનું વિશેષ કલ્યાણ છે; કારણ કે નાસ્તિક હશો તોપણ તમારામાં એક પ્રકારનું મનોબળ અને ચેતન તો રહેશેજ, પણ વ્હેમી થવાથી તો તમે છેકજ નિર્માલ્ય, નિર્જીવ અને પામર થઇ જશો. બુદ્ધિવાન માણસો આવા વ્હેમોની પાછળ વખતની બરબાદી કરે, એ વ્હેમમાં ગુપ્ત રહસ્ય છે એમ સમજાવવાને રૂપક અને અલંકારો ગોઠવી કહાડે અને જુનામાં જુના અને સડેલામાં સડેલા રિવાજો અને વ્હેમોમાં ગંભીર રહસ્ય સમાયલું છે એવું સાબિત કરવામાં પોતાની અક્કલનો ઉપયોગ કરે એ આખી માનવજાતિને માથે મોટું કલંક છે. બહાદુર થાઓ, બળવાન થાઓ; જે અસત્ય છે તેને કોઇ પણ રીતે પાટીઆં બેસાડીને ટેકો આપવાનો મિથ્યા ડોળ ન કરો. સત્ય છે કે આપણા જનસમાજમાં અનેક પ્રકારના વ્હેમ જડ ઘાલીને બેઠા છે અને આપણા શરીરમાં અનેક ચાંદાં અને ઘાઓ છે, એ સર્વને એકદમ કહાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખો; ઉખાડીને ફેંકી દો; નિર્મૂળ કરી નાખો. એવા વ્હેમનો નાશ કર્યાથી આપણા ધર્મના ખરા સ્વરૂપને લેશ માત્ર પણ ક્ષતિ પહોંચવાની નથી; આપણી આધ્યાત્મિકતા અને આપણા પ્રજાજીવનને એથી જરાએ આઘાત થવાનો નથી. ઉલટાં આથી તેઓ વિશુદ્ધ અને બળવાન થશે. આપણા ધર્મનાં મૂળતત્વ તેવાં ને તેવાં જ રહેશે; એટલું જ નહિ પણ મલિનતાનો કાટ નીકળી જવાથી વધારે પ્રોજ્જ્વલ અને ભવ્ય બનશે. તેમને જ દૃઢતાથી વળગી રહેજો.

જગતનો દરેક ધર્મ પોતાને માટે સાર્વભૌમિકતાનો દાવો કરે છે, એ તમે ઘણીવાર સાંભળ્યું હશે. હું તમને શરૂઆતથી જ કહી દઉં છું કે કોઇ પણ ધર્મ કોઇપણ જમાનામાં આખા જગતના એક ધર્મ તરીકે મનાશેજ નહિ. આમ છતાં જો કોઇ ધર્મ એવા પ્રકારની યોગ્યતા ધરાવતો હોય તો તે આપણોજ ધર્મ છે; બીજા કોઇ પણ ધર્મમાં એવી યોગ્યતા નથી;* કારણ કે આપણા ધર્મ સિવાય બાકીના તમામ ધર્મ કોઇ ને કોઇ મહાપુરુષ અથવા મહાપુરુષો ઉપર આધાર રાખે છે. આપણા ધર્મ સિવાયના તમામ ધર્મ કોઇ ઐતિહાસિક પુરૂષ તરીકે મનાતા મહાપુરૂષના જીવન સાથે અવિચ્છિન્નપણે સંકળાયલા છે. એ બધા ધર્મના અનુયાયીઓ એમજ સમજે છે કે આ ઐતિહાસિકત્વ વડે આપણા ધર્મના પાયા મજબુત બન્યા છે, પણ ખરૂં જોતાં એજ તેમની મોટામાં મોટી નિર્બળતા છે. જો એમાંના કોઈ પણ ધર્મના મૂળ પ્રવર્તકનું ઐતિહાસિકત્વ સાબિત ન થઇ શકે તો તેનાપર ચણેલી ધર્મની ઇમારત એકદમ જમીનદોસ્ત થઈ જાય એમાં સંદેહ નથી. એ બધા મહાપુરુષો અથવા ધર્મપ્રવર્તકોના જીવનના અડધો અડધ બનાવો તો આજ દિન સુધીમાં જુઠ્ઠા ઠરી ચૂકયા છે;

* આ મુદ્દાના વિશેષ વિવેચન માટે 'ભરતખંડના મહાપુરૂષો' એ નામનું વ્યાખ્યાન જોવું. [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બાકીના અડધા ભાગ ઉપર વિદ્વાનો સંદેહભરી નજરથી જુએ છે. આથી કરીને જે સત્યોનો એક માત્ર આધાર અમુક મહાપુરુષના મુખમાંથી તે નીકળ્યાં હતાં એટલોજ છે, તે બધાં હવે નિરાધાર થવાથી હવામાં ઉડી જવા લાગ્યાં છે. આપણા દેશમાં પણ સંખ્યાબંધ મહાપુરુષો થઈ ગયા છે; પરંતુ આપણા ધર્મનાં સત્યો કોઇ માત્ર એ મહાપુરૂષોનાં વચન ઉપર જ આધાર રાખતાં નથી. શ્રી કૃષ્ણની મહત્તા શ્રી કૃષ્ણ તરીકે નથી પણ વેદના સર્વશ્રેષ્ઠ ઉપદેશક તરીકે છે. જો તેમ નહિ હોત તો જેમ બુદ્ધ ભગવાનનું નામ હિંદુસ્તાનના લોકોની સ્મૃતિમાંથી લગભગ વિલુપ્ત થઇ ગયું છે તેમ કૃષ્ણનું નામ પણ વિલુપ્તજ થઇ ગયું હોત. આપણે પરાપૂર્વથીજ અમુક મહાપુરુષના અનુયાયી નથી પણ અમુક આધ્યાત્મિક સિદ્ધાંતોના ઉપાસક છીએ. આપણા મહાત્માઓ અને અવતારી પુરૂષો એ સિદ્ધાંતોની સાક્ષાત્ મૂર્તિરૂપ અથવા તેમના ઉદાહરણ રૂપ છે. જ્યાં સુધી ભારતવર્ષમાં આ સિદ્ધાંતો સલામત છે ત્યાં સુધી એક નહિ પણ હજારો મહા પુરુષો ઉત્પન્ન થયાજ કરશે. જ્યાં સુધી આ સિદ્ધાંતોના સ્વરૂપમાં બગાડો નથી થયો ત્યાં સુધી એક નહિ પણ હજારો ગૌતમ બુદ્ધો ઉત્પન્ન થવાની આશા રહે છે, પણ જો એ સિદ્ધાંતોનોજ લોપ થયો, જો એમનુંજ વિસ્મરણ થયું અને જો આપણું પ્રજાજીવન ઉપર કહ્યા તેવા કોઇ એક ઐતિહાસિક પુરૂષનેજ વળગી રહ્યું તો જરૂર માનજો કે ધર્મની અવનતિ થયા વગર રહેવાની નથી. એવા ધર્મને માથે મોટાં સંકટ આવ્યા વગર રહેશેજ નહિ. માત્ર આપણોજ ધર્મ એવા ભયમાંથી મુક્ત છે, અને તેનું કારણ એજ છે કે તેનો આધાર કોઈ મહાપુરૂષ કે મહાપુરૂષો ઉપર નથી પણ માત્ર સનાતન સત્યો ઉપર છે. બીજી બાજુએ આપણા ધર્મમાં એક નહિ પણ લાખો મહાપુરૂષોને માટે અવકાશ છે. નવા અવતારી પુરૂષ માટે અથવા નવા મહાપુરૂષને માટે આપણા ધર્મમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાન છે, પણ તેઓ ધર્મનાં સનાતન સત્યોના જીવંત ઉદાહરણરૂપ થાય તોજ. આ બાબત તમે કદિ ભૂલી જશો નહિ. આપણા ધર્મના મૂળ સિદ્ધાંતો હજી સુધી સલામત અને અવિકૃત અવસ્થામાં સચવાયલા છે. માત્ર કાળે કરીને તેમના ઉપર ધૂળ ન ચ્હડી જાય અથવા કાટનાં પડ ન ચ્હડી જાય તેને માટેજ આપણે જીવનભર પ્રયત્ન કરવાનો છે. આશ્ચર્યની બાબત એ છે કે આપણા પ્રજાજીવનની ભયંકર અધોગતિ થઇ છે છતાં પણ હજી વેદાંતનાં મૂળતત્ત્વોમાં મલિનતા પ્રવેશ કરવા પામી નથી. અત્યંત દુષ્ટ માણસો પણ તેમને દૂષિત કરવાની ધૃષ્ટતા કરતા નથી. આપણાં શાસ્ત્રો આખી દુનિયામાં સૌથી ઉત્તમપણે સચવાયલાં છે. બીજી પ્રજાઓનાં શાસ્ત્રો સાથે સરખાવતાં આપણાં વેદાંતશાસ્ત્રોમાં ક્ષેપક ભાગ, મૂળ તાત્પર્યની વિકૃતિ અથવા અર્થનો અનર્થ નથી થયો એમ કહીએ તો ચાલે. પ્રાચીન કાળમાં હતાં તેવાં ને તેવાંજ હજી પણ તે જીવાત્માને તેના લક્ષ્યબિંદુ-તરફ-પરમ આદર્શ તરફ પ્રેરવાને સમર્થ છે.

અનેક ભાષ્યકારોએ તેમના ઉપર ભાષ્યો લખ્યાં છે. અનેક આચાર્યોએ તેમનો દેશમાં પ્રચાર કર્યો છે. તેમને આધારે અનેક ધર્મ, સંપ્રદાયોની સ્થાપના થઈ છે. તમે એ પણ જોઇ શકશો કે વેદાંતમાં એવા કેટલાક અંશ છે કે જે પહેલી દૃષ્ટિએ પરસ્પર વિરોધી જેવા માલમ પડે છે. કેટલાક શ્લોક સંપૂર્ણ રીતે દ્વૈતવાદાત્મક છે. કેટલાક શ્લોક સંપૂર્ણ રીતે અદ્વૈતવાદાત્મક છે. દ્વૈતવાદી ભાષ્યકારો દ્વૈતવાદ-સિવાય બીજું કાંઈ સમજીજ શક્યા નહિ; તેથી તેમણે અદ્વૈતવાદાત્મક શ્લોકોનો કચ્ચરઘાણ કહાડી નાખ્યો. દ્વૈતવાદી ધર્માચાર્યો અને પુરોહિતોએ પોતાનો દ્વૈતવાદ સિદ્ધ કરવાને અદ્વૈતવાદાત્મક શ્લોકોનો અર્થ મચડી નાખ્યો. અદ્વૈતવાદી ભાષ્યકારોએ પણ દ્વૈતવાદાત્મક શ્લોકોનું તેવીજ રીતે ખૂન કર્યું; પરંતુ આ પ્રમાણે થયું તેમાં કાંઇ વેદનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનો દોષ નથી. સમગ્ર વેદમાં માત્ર દ્વૈતવાદનીજ વાત લખેલી છે એમ સિદ્ધ કરવાને યત્ન કરવો એ મૂર્ખાઇ નહિ તો બીજું શું? તેવીજ રીતે સમગ્ર વેદમાં અદ્વૈતવાદના સિદ્ધાંતો સિવાય બીજા કોઇપણ મતને આધાર મળતો નથી એમ સાબિત કરવાને યત્ન કરવો એ પણ મૂર્ખાઇજ છે. વેદમાં દ્વૈત અને અદ્વૈત બેઉ છે. આપણે નવા જમાનાના વધારે ઉદાર વિચારોની સહાયથી આ વાત વધારે સારી રીતે સમજી શકીએ છીએ. આ તમામ જુદા જુદા સિદ્ધાંત અને મતદ્વારા અંતે મુખ્ય સિદ્ધાંત એજ નીકળે છે કે જુદી જુદી શ્રેણીનાં મનુષ્યોની ક્રમશઃ ઉન્નતિ થવી જોઇએ અને તેટલાજ હેતુથી વેદ એવો ઉપદેશ આપે છે. સમગ્ર માનવ જાતિના કલ્યાણ તરફ દૃષ્ટિ રાખીને ઉંચામાં ઉંચા લક્ષ્યબિંદુ સુધી પહોંચવાને વેદમાં જુદી જુદી સીડીઓ બતાવી છે; એથી કરીને તેઓ એકબીજાથી વિરૂદ્ધ છે એમ ફલિત થતું નથી. બાળક જેવાં અજ્ઞાન મનુષ્યોને ભોળવવાને માટે વેદમાં ઉપલકીઆ દૃષ્ટિથી પરસ્પર વિરૂદ્ધ દેખાતા સિદ્ધાંતો લખ્યા નથી.

જુદા જુદા સિદ્ધાંતોની પણ જરૂર છે. તેમની નાના બાળકને તેમજ પુખ્ત ઉમરના મનુષ્યને–બેઉને સરખી જરૂર છે. જ્યાં સુધી આપણને દેહ છે, જ્યાં સુધી દેહને આત્મા માની લેવાની ભ્રાંતિ થાય છે, જ્યાં સુધી આપણે પંચેન્દ્રિયવડે બંધાઈ રહેલા છીએ, અને જ્યાં સુધી આપણે બહારની સૃષ્ટિને જોઇ શકીએ છીએ ત્યાં સુધીજ ઈશ્વરને એક વ્યક્તિ તરીકે અથવા સગુણ માનવાની આપણને જરૂર પડે છે. ઉપર કહી ગયા તે બાબતોનું જ્ઞાન આપણને જ્યાં સુધી રહે ત્યાં સુધી શ્રી રામાનુજાચાર્યના સિદ્ધાંત પ્રમાણે ઈશ્વર, જીવ અને જગત, એ ત્રણેનો સ્વીકાર આપણે કરવોજ પડશે. એ ત્રણમાંના એકનો પણ સ્વીકાર કરવો પડયો એટલે બાકીનાં બેનો સ્વીકાર પણ તમારે કરવોજ પડશે. એ સિવાય બીજો રસ્તોજ નથી; માટે જ્યાં સુધી આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાહ્ય જગતને જોઇ શકીએ છીએ ત્યાં સુધી ઇશ્વર અને જીવાત્માનો અસ્વીકાર કરવો એ ગાંડપણજ કહેવાય.

આમ છતાં મહાત્માઓના જીવનમાં કોઇ કોઇ વાર એવા અવસર પણ આવી લાગે છે કે જ્યારે જીવાત્મા પોતાનાં તમામ પ્રકારનાં બંધનોને ઓળંગી જઇને, પ્રકૃતિના પ્રદેશમાંથી બહાર નીકળીને સર્વાતીત પ્રદેશમાં ચાલ્યો જાય છે–જે પ્રદેશને વિષે શ્રુતિ કહે છે કે **यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह। न तत्र चक्षुर्गच्छति नवाग्गच्छति नो मनः। नाहं मन्ये सुवेदेति नो न वेदेति वेद च।** (મનની સાથે વાણી પણ જેને ન પહોંચી શકવાથી પાછી ફરે છે; ત્યાં ચક્ષુ જઇ શકતાં નથી; વાણી જઈ શકતી નથી; અને મન પણ જઇ શકતું નથી. હું તેને જાણતો નથી એમ ન સમજવું; હું તેને જાણું છું એમ પણ ન સમજવું.)

જ્યારે એવી અવસ્થા થાય છે ત્યારે જીવાત્મા પોતાનાં તમામ બંધનોમાંથી મુક્ત થાય છે. માત્ર ત્યારેજ તેના હૃદયમાં અદ્વૈતવાદનું મૂળતત્ત્વ–હું અને આ સમગ્ર જગત એકજ છીએ; હું અને બ્રહ્મ એકજ છીએ–એ ભાવનાનો ઉદય થાય છે.

આ સિદ્ધાંત કેવળ જ્ઞાન અને તર્કવડેજ સમજાય છે એમ પણ નથી. પ્રેમવડે પણ એનો સાક્ષાત્કાર થઇ શકે છે. તમે શ્રીમદ્ ભાગવતમાં વાંચ્યું હશે કે જ્યારે રાસક્રીડાની વચમાં ગોપીઓની નજર આગળથી શ્રીકૃષ્ણ અંતર્ધાન થઇ ગયા ત્યારે તેઓ કૃષ્ણવિરહથી આક્રંદ કરવા લાગી. અંતે તેમની ભાવનાએ તેમના મન ઉપર એવી પ્રબળ અસર કરી દીધી કે તેમને પોતાના દેહનું સંપૂણ વિસ્મરણ થઇ ગયું; દરેક ગોપી પોતાને શ્રીકૃષ્ણ માનવા લાગી અને તેની માફક વસ્ત્ર પહેરીને તેની લીલાનું અનુકરણ કરવા પ્રવૃત્ત થઇ. ઇરાનના એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુફી વિષે પણ એક કવિતામાં એજ ભાવનું લખાણ છેઃ—"હું માશુકને ઘેર ગયો પણ દરવાજો બંધ હતો, મેં બારણું ખખડાવ્યું ત્યારે અંદરથી કોઇએ પૂછ્યું કે 'કોણ છે ?' મેં કહ્યુંઃ–'એતો હું.' બારણું ઉઘડ્યું નહિ અને હું પાછો ગયો. હું બીજીવાર ગયો ત્યારે તેનો તેજ અવાજ અંદરથી આવ્યો કે 'કોણ છે ?' મેં મારૂં નામ કહ્યું, તોપણ માશુકે દ્વાર ન ઉઘાડ્યું. હું ત્રીજી વાર ત્યાં ગયો અને કહ્યું કે, અયે માશુક! હું તારૂં સ્વરૂપ છું, હું તેજ તું અને તું તેજ હું ! આ જવાબ સાંભળતાંજ માશુકે દરવાજો ઉઘાડયો."

માટે આપણે ધ્યાનમાં રાખવું જોઇએ કે જીવાત્માની ઉન્નતિના માર્ગમાં ઘણા તબક્કાઓ છે અને તેથી જુદા જુદા માનસિક અને આધ્યાત્મિક વિકાસવાળાં મનુષ્યો જગતમાં જોવામાં આવે છે. આ વાત ધ્યાનમાં રાખીને આપણે કદિ શાસ્ત્રના જુઠ્ઠા વિવાદમાં પડવું નહિ. ભાષ્યકારો કે જેમના તરફ આપણે માનની નજરથી જોવું જોઇએ તેઓ ભલે તેવા વિવાદ કરી ગયા હોય, પણ આપણે તેમ કરવાની જરૂર નથી, કારણ કે જ્ઞાનને સીમા નથી. પ્રાચીન કાળમાં જ્ઞાન ઉપર કોઇનો ઇજારો ન હતો અને વર્તમાન કાળમાં પણ કોઇનો નથી. પ્રાચીન કાળમાં ઋષિમુનિઓ થઇ ગયા છે તેમ વર્તમાન કાળમાં પણ તેવા અનેક ઋષિઓ ઉત્પન્ન થવાનાજ. જો પ્રાચીન યુગમાં વ્યાસ, વાલ્મીકિ અને શંકરાચાર્ય થઇ ગયા, તો તમારામાંથી પણ કોઇ કેમ આ જમાનાનો શંકરાચાર્ય ન થઇ શકે ? આપણા ધર્મની બીજી એક બાબત સ્મરણમાં રાખવા જેવી છે. બીજા દરેક ધર્મનાં શાસ્ત્રોમાં પ્રેરિત પુરૂષોનાં વચનજ પ્રમાણભૂત માન્યાં છે. ઇશ્વરની પ્રેરણા અથવા ઇશ્વરનો આદેશ પ્રાપ્ત કરે એવા અધિકારવાળા મહાત્માઓ કોઇકજ હોય છે અને "તેમના દ્વારાજ ઇશ્વર જ્ઞાનનો પ્રચાર કરે છે, અને તેથી માટે આપણે પણ તેઓનાં વચનોમાં શ્રદ્ધા રાખવી જોઇએ" એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરમાન આપણને કરવામાં આવે છે. બાઇબલ કહે છે કે નાઝરેથના રહીશ જીસસના હૃદયમાંજ માત્ર સત્યનો પ્રકાશ થયો છે અને તેટલા-માટે આપણે એ બધું માનવુંજ જોઇએ. જ્યારે આપણાં શાસ્ત્રો કહે છે કે મંત્રદ્રષ્ટા ઋષિઓના હૃદયમાં સત્યનો પ્રકાશ થયો છે–એક કે બે જણના હૃદયમાં નહિ પણ સેંકડોનાં હૃદયમાં તે થયો છે–અને ભવિષ્યમાં પણ થયા કરશે. મંત્રદ્રષ્ટાનો અર્થ તત્ત્વજ્ઞાનનો, સત્યનો સાક્ષાત્કાર કરનાર થાય છે—નહિ કે માત્ર વાચાળ, વેદીઆ, પુસ્ત-કીઆ પંડિતો અને શાસ્ત્રના કેવળ શબ્દનેજ જાણનારા. **नायमात्मा प्रवचनेन लभ्यो। न मेधया न बहुना श्रुतेन॥** એટલે વ્યાખ્યાનો-વડે અથવા કેવળ બુદ્ધિવડે અથવા વેદનું અધ્યયન કર્યાથીજ આત્માની પ્રાપ્તિ થતી નથી.

આ સિદ્ધાંત ખુદ વેદનો છે. દુનિયાના કોઈ પણ શાસ્ત્રમાં આમ સ્પષ્ટપણે, બેધડકપણે કહેલું જોવામાં આવે છે કે વેદનું એટલે ધર્મશાસ્ત્રનું અધ્યયન માત્ર કર્યાથી પણ આત્મસાક્ષાત્કાર થઇ શકતો નથી ? તમારા હૃદયનાં દ્વાર ખુલ્લાં મૂકો, ખરા અંતઃકરણથી આત્માનું અનુસંધાન કરો તોજ આત્માના સ્વરૂપનું દર્શન તમે કરી શકશો. ધર્મ એટલે મંદિરે મંદિરે ભટકવું, અમુક જાતનાં તિલક છાપાં કપાળપર લગાવવાં અથવા અમુક પ્રકારનાં વસ્ત્ર ધારણ કરવાં એમ નહિ. એ તો બધી બહારની ઉપર ઉપરની ટાપટીપ છે. ભલેને તમે શરીરને ચંદન કેસરથી રંગીને કાબરચિત્રા વાઘ જેવા બની જાઓ પણ જ્યાં સુધી તમારા હૃદયના પડદા ખુલ્યા ન હોય ત્યાં સુધી તમે ઇશ્વિરના દર્શનની આશા રાખો એ ફોગટજ છે. જો ભક્તિ-નો રંગ હૃદય ઉપર એકવાર ચ્હડી ગયો હોય તો પછી બહારના રંગની કશી જરૂર નથી. ધર્મનાં તત્ત્વોનો સાક્ષાત્કાર કરો, જીવનને તદનુસાર બનાવો તોજ કાર્યસિદ્ધિ થશે. બહારની ક્રિયાઓ જેટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંશે ભક્તિ અને વૈરાગ્યના ઉદ્દીપન માટે જરૂરની છે તેટલે સુધી ભલે તેમને રહેવા દેશો તો નુકસાન નથી; પણ યાદ રાખજો કે વગર વિચાર્યે એ બધી બહારની ક્રિયાઓ કર્યા કરવાથી લાંબી મુદતે તે શુષ્ક અને અર્થવગરની થઇ જાય છે અને આત્માની પ્રગતિમાં સહાયભૂત થવાને બદલે તેના માર્ગમાં અંતરાયરૂપ થઇ પડે છે. કાળે કરીને "એ બહારની ક્રિયાઓ એજ સત્ય ધર્મ છે" એવી ભ્રાંતિ દૃઢ થઇ જાય છે. પછી મંદિરમાં જઇને દર્શન કરી આવવાં અથવા બ્રાહ્મણોને અમુક દાન કરવું એજ આધ્યાત્મિકતા અને એજ ધાર્મિક જીવન છે એમ મનાઇ જાય છે. આ ભાવના ઘણીજ ભયંકર અને અનિષ્ટકારક હોવાથી તેનો એકદમ ઉચ્છેદ કરવો જોઇએ. આપણાં શાસ્ત્રો વારંવાર પુકારે છે કે બાહ્ય ઇન્દ્રિયજન્ય જ્ઞાનવડે ધર્મની પ્રાપ્તિ નથી. જેનાવડે તે અનાદિ અને અક્ષર પરબ્રહ્મનો સાક્ષાત્કાર થાય તેનું નામ જ ધર્મ, અને તે ધર્મ અમુક વ્યક્તિને માટે નહિ પણ મનુષ્ય માત્રને માટે જરૂરનો છે. જેણે એ અતીન્દ્રિય સત્યોનો સાક્ષાત્કાર કર્યો છે, જેણે આત્માના સ્વરૂપનું દર્શન કર્યું છે, જેણે એ પરમાત્માનો અપરોક્ષ અનુભવ કર્યો છે, જે પ્રાણિમાત્રમાં ઇશ્વરનું દર્શન કરે છે તેણે ઋષિત્વની પ્રાપ્તિ કરી છે. હજારો વર્ષ પર જેમણે આ અવસ્થા પ્રાપ્ત કરી હતી તેઓ પણ ઋષિજ હતા અને હજારો વર્ષ પછી પણ જેઓ એવી અવસ્થા પ્રાપ્ત કરશે તેઓ ઋષિજ કહેવાશે. જ્યાં સુધી તમે ઋષિની અવસ્થાએ ન પહોંચો ત્યાં સુધી તમે ખરૂં ધાર્મિક જીવન ધારણ કર્યું એમ કહેવાયજ નહિ. હાલ તમે જે કાંઇ કર્મ કરો છો અથવા વિચાર કરો છો તે તો માત્ર એ ધાર્મિક જીવનની પ્રાપ્તિને માટે થતી તૈયારીજ કહી શકાય. યોગ્ય સમયેજ તમારા હૃદયમાં ધર્મનો સત્ય પ્રકાશ ઉદય થશે. હાલ તો તમે માત્ર માનસિક વ્યાયામ અને ઇન્દ્રિયસંયમના અભ્યાસ ઉપરાંત વધારે કશું કરતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણાં શાસ્ત્રોમાં સ્પષ્ટપણે ફરમાવેલું છે કે જેને મુક્તિની અભિલાષા હોય તેણે ઋષિ થવું જોઇશે, **મંત્રદ્રષ્ટા** થવું જોઈશે અને ઇશ્વરનો સાક્ષાત્કાર કરવોજ જોઇશે. આપણાં શાસ્ત્રો પ્રમાણે મુક્તિ શબ્દનો અર્થ એજ થાય છે. શાસ્ત્રોનો જ્યારે આવોજ સિદ્ધાંત છે, તો પછી શાસ્ત્રનું રહસ્ય સમજી લેવું, તેમાંથી આપણી પ્રગતિને માટે જરૂરની માહિતી તારવી કહાડવી અને તેને જીવનમાં ઉતારવી તથા સત્યનો અપરોક્ષ અનુભવ જાતેજ કરી લેવો એ કાંઇ બહુ કઠિન નથી. જે કરવાનું છે તે એજ છે. તેની સાથે પ્રાચીન મહર્ષિઓ જે મહાન કાર્ય કરી ગયા છે તેને માટે આપણે તેમના પ્રતિ માનભરી દૃષ્ટિથી જોવું જોઇએ. અલબત, તેઓ મહાપુરૂષો હતા તે ખરૂં, પરંતુ આપણે તેમનાથી પણ વિશેષ મહાન થવાની આકાંક્ષા રાખવી જોઇએ. તેઓ પ્રાચીન કાળમાં મહાન કાર્ય કરી ગયા છે પણ આપણા દ્વારા તેમના કરતાં પણ વિશેષ મહાન કાર્યો થશે. ભરતખંડમાં સેંકડો મહર્ષિઓ થઇ ગયા છે પણ ભવિષ્યમાં બીજા લાખો કાં નહિ થાય? જરૂર થશેજ. આ વાતમાં તમે જેમ જલદી વિશ્વાસ રાખશો તેમ ભરતખંડનું અને જગતનું વિશેષ કલ્યાણ થશે. **તમે જેવા થવાની શ્રદ્ધા રાખશો તેવાજ થશો.** તમે એમ માનશો કે અમને ભય છેજ નહિ તો તમને ભય સ્પર્શ પણ નહિ કરી શકે. તમે નિશ્ચયપૂર્વક માનો કે અમે પણ મહર્ષિઓ છીએ તો તમે તત્કાળ તેમની અવસ્થા પ્રાપ્ત કરશો. તમને કશો અંતરાય નડવાનો નથી; કારણકે જુદા જુદા સંપ્રદાયોની માન્યતાઓમાં પરસ્પર વિરૂદ્ધ તત્ત્વો છે તો પણ એ બધામાં એક સામાન્ય સિદ્ધાંત એવો જોવામાં આવે છે કે જીવાત્માની અંદર અનંત ઐશ્વર્ય, સામર્થ્ય અને પવિત્રતા અસલથીજ રહેલાં છે. રામાનુજના મત પ્રમાણે આત્મા વખતો વખત વિકાસ અને સંકોચ પામતો હોય અને શંકરાચાર્યના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મત પ્રમાણે એ સંકોચ અને વિકાસ બેઉ કેવળ ભ્રમ હોય તો પણ ભલે એ ભેદ રહેવા દો; અને બેઉ એકમતે જે વાતનો સ્વીકાર કરે છે કે વ્યક્તપણે યા અવ્યક્તપણે પણ આત્માની અંદર સામર્થ્ય ભરેલું છેજ, તે વાતને માનો. આ વાત તમે જેટલી પણ શીઘ્રતાપૂર્વક સ્વીકારશો તેટલું તમારૂં કલ્યાણ નજીક આવતું જશે. તમારામાં સર્વ પ્રકારની શક્તિ રહેલી છે. "તમે હરકોઇ કાર્ય કરવાને સમર્થ છો" એમ તમે અવશ્ય માનજો. જો નહિ માનો તો શક્તિહીન થઇ જશો. આજ કાલ ઘણા માણસો માને છે કે આપણે અડધા દિવાના જેવા છીએ, પરંતુ એવી વાતો ઉપર જરા પણ લક્ષ ન આપતા. બસ નિશ્ચયપૂર્વક એમજ માની લેજો કે અમે સ્વાશ્રયથી હરકોઇ કામ કરવાને શક્તિવાન છીએ. **તમારામાં સર્વ પ્રકારની શક્તિ છે. ચાલો ઉભા થાઓ અને તમારામાં ગુપ્ત રહેલી અનંત વિભૂતિને પ્રકટ કરો!**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરતખંડનું ભવિષ્ય.

[આ વ્યાખ્યાન સ્વામીજીએ મદ્રાસમાં એક વિશાળ મંડપમાં આપ્યું હતું. તે વખતે લગભગ ચાર હજાર માણસો એકત્ર થયાં હતાં.]

ભરતખંડ એ એક એવો પ્રાચીન દેશ છે કે તત્ત્વજ્ઞાને બીજા કોઇપણ દેશમાં જતા પહેલાં જ્યાં પોતાનો નિવાસ કર્યો હતો; જેની આધ્યાત્મિકતાનો પ્રવાહ જડસૃષ્ટિમાં વહેતી સમુદ્ર જેવી વિશાળ નદીઓના પ્રવાહ જેવો છે; જ્યાં બરફથી ઢંકાયલાં અને એક એકથી ઉંચાં જતાં જતાં અંતે આકાશને સ્પર્શ કરીને જાણે સ્વર્ગનાં રહસ્યનું અવલોકન કરી રહ્યાં હોય એવાં હિમાલય પર્વતનાં શિખરો આવી રહ્યાં છે; જે દેશની ભૂમિ ઋષિમુનિઓના ચરણસ્પર્શથી પવિત્ર થએલી છે; જ્યાં મનુષ્યનું મન પોતાના સ્વરૂપનું અનુસંધાન કરવા સૌથી પહેલુંજ પ્રવૃત્ત થયું હતું અને જ્યાં અદૃશ્ય સૃષ્ટિનાં રહસ્યો ઉકેલવાનો પ્રયત્ન સૌથી પહેલીજ વાર કરવામાં આવ્યો હતો; તેજ આ ભરતભૂમિ છે. એજ દેશમાં જીવાત્માનું અમરપણું સૌથી પ્રથમ સિદ્ધ કરવામાં આવ્યું હતું; એજ દેશમાં અંતર્યામી ઇશ્વિરનું અસ્તિત્વ, અને જગત તથા મનુષ્યમાં ઓતપ્રોતપણે રહેલી ઇશ્વિરીય શક્તિની સૌથી પહેલી વાર શોધ થઇ હતી, અને એજ દેશમાં ધર્મ તથા તત્ત્વજ્ઞાનના સર્વોત્કૃષ્ટ આદર્શોનો સૌથી પહેલીજ વાર ઉદ્ભવ થયો હતો. આ તેજ ભરતભૂમિ છે કે જેના ધર્મ અને તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમુદ્રનાં મોજાંની માફક અનેક વાર આખા જગત ઉપર ફરી વળ્યા હતા; અને જ્યાંથી હજી પણ એકવાર આધ્યાત્મિકતાનો બળવાન પ્રવાહ ઉત્પન્ન થઇને જગતની ચેતનહીન થએલી અન્ય પ્રજાઓમાં ચેતનનો સંચાર કરશે. આ તેજ ભરતભૂમિ છે કે જે સેંકડો વર્ષના જુલમ, સેંકડો પરદેશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજાઓના હુમલા અને અનેક સામાજિક વિપ્લવો થયા છતાં એ સર્વ આઘાતની સામે ટકી રહીને હજી પણ તેવી ને તેવીજ આપણી સમક્ષ ઉભી છે. પોતાની અવિનાશી, અખૂટ ચેતનશક્તિના પ્રતાપવડે આજ સુધી ખડકના કરતાં વિશેષ દૃઢતાથી તે ઉભી રહી છે. ભરતભૂમિનું જીવન આત્માના જેવુંજ અમૃતસ્વરૂપ અને અનાદ્યનંત છે. આપણે સર્વ એક એવી મહાન ભારત માતાનાં સંતાન છીએ.

ભારતનાં સંતાનો! હું આજે તમને કેટલીક વ્યવહારોપયોગી બાબતો કહેવા ધારૂં છું; જેમ કરવા પહેલાં તમને ભારતના પ્રાચીન ગૌરવનું સ્મરણ કરાવવામાં મારો હેતુ તમને સત્ય કર્તવ્ય તરફ પ્રેરવાનોજ છે. મને ઘણીવાર કહેવામાં આવે છે કે પ્રાચીન ગૌરવનું સ્મરણ કરવાથી દિવસે દિવસે આપણે શક્તિહીન બનતા જઇએ છીએ, તેમ કરવાથી કાંઇ ફાયદો નથી; આપણે તો ભવિષ્ય તરફ લક્ષ રાખીને કાર્ય કરવા મંડી જવું જોઇએ. કેટલેક અંશે આ કથન સત્ય છે, પણ તે સાથે એ પણ યાદ રાખવું જોઇએ કે ભૂતકાળમાંથીજ ભવિષ્યકાળ જન્મે છે; માટે બને ત્યાં સુધી પ્રાચીન કાળના ઇતિહાસ તરફ નજર નાખતાજ રહેજો. તમારી પાછળ જે અમૃતનાં ભરેલાં અનંત ઝરણાંઓ વહન કરી રહ્યાં છે તેના જળનું તૃપ્તિ પર્યંત પાન કરજો અને ત્યાર પછી તમારી સામેના ભવિષ્યકાળ ઉપર દૃષ્ટિ રાખીને આગળ વધજો. પ્રાચીન કાળમાં ભરતખંડ ગૌરવના જે ઉંચા શિખરે પહોંચ્યો હતો તેના કરતાં પણ વધારે ઉંચે શિખરે તેને લઇ જજો; તેને વિશેષ યશસ્વી, વિશેષ દેદીપ્યમાન અને વિશેષ મહિમાવાન બનાવવાને યત્ન કરજો. આપણા પૂર્વજો મહાપુરૂષો હતા એ આપણે પ્રથમથીજ જાણી લેવું જોઇએ. આપણી પ્રજાના બંધારણનાં કયાં કયાં મૂળતત્ત્વો છે, કોનું રૂધિર આપણી નાડીઓમાં વહન કરી રહ્યું છે તે આપણે પ્રથમથી જાણવુંજ જોઇએ. જે રૂધિર આપણને આપણા પૂર્વજો પાસેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાપ્ત થયું છે અને જેણે પ્રાચીન કાળમાં મહાન કાર્યો બજાવ્યાં છે તેના ઉપર આપણને શ્રદ્ધા હોવી જોઇએ. એ શ્રદ્ધાના બળવડે, તેના પ્રાચીન કાળના ગૌરવના જ્વલંત આદર્શની પ્રેરક શક્તિવડે એથી પણ વધારે શ્રેષ્ઠ નવીન ભારતની આપણે ઉત્પત્તિ કરવી જોઇએ. હા, વચમાં વચમાં અનેક વાર અવનતિ અને નિર્બળતાના જમાના આવી ગયા છે, પણ હું તેમને ઝાઝા અગત્યના સમજતો નથી. આપણે બધા એ વાત સારી પેઠે જાણીએ છીએ કે એવા જમાનાની પણ જરૂર હોય છે. એક મહાન વૃક્ષ સુંદર, સુપક્વ ફળને ઉત્પન્ન કરે છે—તે ફળ જમીન-પર ખરી પડે છે અને સડી જાય છે, પણ તે સડેલા ફળના બીજ-માંથી નવીન અંકુર ફૂટીને બીજું વધારે મહાન વૃક્ષ પેદા થાય છે. આવાજ કારણને લીધે જે અવનતિના જમાનામાંથી આપણે પસાર થઇ ગયા તે આપણાં હિત અને અભિવૃદ્ધિને માટે ખાસ જરૂરનો હતો. એ અવનતિમાંથીજ ભરતખંડનો ભવિષ્યનો ઉત્કર્ષ જન્મ પામશે. અત્યારેજ તેના અંકુર મારી નજરે પડે છે; તેનાં નવપલ્લવની પાંદડીઓ ઉગવા લાગી છે અને એ મહાન, વિશાળ '**ઊર્ધ્વમૂલ**' વૃક્ષનો ઉદ્ભવ થવા લાગ્યો છે—હું આજે તેજ બાબત વિષે તમને કાંઇક કહેવા ઇચ્છું છું.

બીજા દેશોના અગત્યના પ્રશ્નો કરતાં આ દેશને લગતા પ્રશ્નો વિશેષ ગંભીર અને ગૂંચવણભરેલા છે. જાતિ, ધર્મ, ભાષા અને રાજ્યપદ્ધતિ, એ સર્વવડે એક પ્રજાની ગૂંથણી થાય છે. જગતની બીજી પ્રજાઓ જે તત્ત્વોની બનેલી છે તેમનો સરવાળો ભારતીય પ્રજાના બંધારણનાં તત્ત્વો કરતાં અનેકગણો ઓછો છે. આપણી પ્રજામાં આર્ય, દ્રવિડ, તાતાર, તુર્ક, મોગલ, યુરોપિયન એવી એવી અનેક જાતિઓનું રૂધિર ભળી ગએલું છે. જાણે આખા જગતની પ્રજાઓનું આપણી પ્રજામાં મિશ્રણ ન થઇ ગયું હોય એવી સ્થિતિ છે. અહીંઆં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાના પ્રકારની ભાષાઓનો અપૂર્વ સમાવેશ થઈ ગયો છે; નાના પ્રકારના સાંસારિક રીતરિવાજો જોવામાં આવે છે. યુરોપ અને એશિયાની પ્રજાઓના રીતરિવાજ વચ્ચે જેટલો પ્રભેદ છે તેથી પણ વિશેષ પ્રભેદ હિંદુસ્તાનની અન્યાન્ય જાતિઓ વચ્ચે નજરે પડે છે. આ સર્વ પ્રભેદ છતાં આપણા દેશની પ્રજાની એકતા કરનાર સાંકળ, પરંપરાથી ચાલી આવતી પવિત્ર ભાવનાઓ અને ધર્મ છે. ધર્મની સામાન્ય ભૂમિકા ઉપર ભરતખંડમાં વસતી અનેક જાતિઓનું સંમિલન થાય છે. એજ ભૂમિકા ઉપર આપણે પ્રજાજીવનની ઇમારત ચણવાની છે. યુરોપિયન પ્રજાના ઐક્યનો મૂળ પાયો સામાન્ય રાજનૈતિક ભાવનાઓ છે. એશિયાની પ્રજાઓમાં ધર્મ સિવાય ઐક્યનું બીજું સાધન છેજ નહિ; માટેજ ભરતખંડના ભવિષ્યના ઉત્કર્ષને માટે ધર્મના ઐક્યની અનિવાર્ય અને પરમ આવશ્યકતા છે. હિમાલયથી લંકા સુધીની અને આસામથી હિંદુકુશ સુધીની તમામ જાતિઓએ એકજ ધર્મનો સ્વીકાર કરવો પડશે. 'એક ધર્મ' એ વાક્યનો ઉપયોગ હું કેવા અર્થમાં કરતો હોઇશ ? ખ્રિસ્તી, મુસલમાન અને બૌદ્ધધર્મના અનુયાયીઓ 'એક ધર્મ'નો જે ખ્યાલ બાંધે છે તે મારે માન્ય નથી. આપણે સઘળા જાણીએ છીએ કે આપણા દેશમાં પ્રચલિત થએલા સંપ્રદાયોમાં ઘણી જાતનો મતભેદ છે, તેમનું લક્ષ્યબિંદુ ભિન્ન છે, છતાં પણ એવા કેટલાક સિદ્ધાંતો છે કે જે સર્વ ધર્મની સામાન્ય ભૂમિકાતુલ્ય છે. એ સામાન્ય ભૂમિકા ઉપર દરેક સંપ્રદાયની રચના થએલી છે. માત્ર એ સામાન્ય સિદ્ધાંતોનો સ્વીકાર કર્યા પછી આપણો ધર્મ દરેક સંપ્રદાયને અને વ્યક્તિમાત્રને પોતાની મરજી મુજબ આદર્શો ઘડવાની, સ્વતંત્રપણે વિચાર કરવાની અને કાર્ય કરવાની પૂરતી છૂટ આપે છે. આપણામાંના જે જે માણસો વિચાર કરી શકે છે તેઓ આ બાબત સારી પેઠે સમજી શકે છે. આપણે હવે એટલુંજ ઇચ્છવાનું છે કે આપણા ધર્મમાં સર્વત્રે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપલબ્ધ થઇ શકે એવાં જે જીવનપ્રદ, સામાન્ય તત્ત્વો છે તેનો દેશનાં તમામ સ્ત્રી પુરૂષોમાં પ્રચાર થાય અને જે કોઇ જેટલે અંશે એ સત્યો સમજી શકે તેટલે અંશે તેમને વ્યવહારમાં મૂકવા પ્રયત્ન કરે. એજ માત્ર આપણું પ્રથમ કર્તવ્ય છે. આપણે જોઇ શકીએ છીએ કે એશિયામાં અને ખાસ કરીને ભરતખંડમાં જાતિ, ભાષા અને અનેક સાંસારિક બાબતોના પ્રભેદ ધર્મની ઐક્ય કરવાની પ્રબળ શક્તિ આગળ ટકી શકતા નથી. આપણે વળી એ પણ જાણીએ છીએ કે ભારતીય પ્રજાના મત પ્રમાણે આધ્યાત્મિકતા કરતાં જગતમાં કોઇ શ્રેષ્ઠ ભાવના છેજ નહિ. એજ ભરતખંડની પ્રજાના જીવનનો મૂળ મંત્ર છે. ભરતખંડનો ઉત્કર્ષ કરનારને માટે કાર્ય કરવાની એજ દિશા છે; કેમકે એજ દિશામાં કાર્ય કરવાથી ઓછામાં ઓછા પરિશ્રમે વધારેમાં વધારે સારૂં પરિણામ નિપજાવી શકાય છે.

ધર્મનો આદર્શ એ સર્વથી શ્રેષ્ઠ આદર્શ છે એ વાત સત્ય છે; એટલુંજ નહિ પણ ભરતખંડની પરિસ્થિતિ જોતાં એ દિશાએજ કાર્ય થઇ શકે એમ છે. પ્રથમ ધર્મનો પાયો મજબૂત કર્યા વગર બીજી કોઇપણ દિશાએ કરેલી પ્રવૃત્તિનું પરિણામ અનિષ્ટ થયા વગર રહેશેજ નહિ; માટે ભરતખંડના ઉત્કર્ષની ઇમારતનો પાયો, ભરતખંડની વિભિન્ન જાતિઓને એકત્ર કરવારૂપ પૂલનું પહેલું પાટીયું, જમાના ને જમાના થયાં ટકી રહેલા ભરતખંડ રૂપી પર્વત ઉપર કોતરવાની નિસરણીનું પહેલું પગથીયું ભરતખંડના તમામ ધર્મ અને સંપ્રદાયોની એકતા કરવાનું છે. આપણે બરાબર મનમાં ઠસાવી દેવું જોઇએ કે દ્વૈતવાદી, અદ્વૈતવાદી, વિશિષ્ટાદ્વૈતવાદી, શૈવ, વૈષ્ણવ વગેરે જુદા જુદા સંપ્રદાયના હિન્દુઓમાં કેટલાંક સામાન્ય મૂળતત્ત્વો રહેલાં છે અને આપણા પોતાના તથા આપણી સમસ્ત પ્રજાના કલ્યાણને માટે નાની નાની બાબતો વિષે કલહ, વિસંવાદ અને ભેદબુદ્ધિનો ત્યાગ કરવાનો સમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે આવી પહોંચ્યો છે. જરૂર માનજો કે એ કલહો ભૂલનુંજ પરિણામ છે. આપણાં શાસ્ત્રોમાં તેની સખત મના કરેલી છે; આપણા પૂર્વજોએ તેમ કરવાની લેશ માત્ર પણ સંમતિ આપી નથી. જેમના વંશજો હોવાનો આપણે દાવો કરીએ છીએ, જેમનું શોણિત આપણી નાડીઓમાં ઉછળે છે તે મહાપુરૂષો આપણને નાની નાની વાત માટે કલહ કરતા જોઇ અત્યંત ઘૃણાની નજરથી આપણા તરફ જુએ છે.

એક વાર આવા પ્રકારના કલહનો ત્યાગ કરો, એક વાર ધર્મનું ઐક્ય સિદ્ધ કરો અને જુઓ કે બીજી બાબતોમાં તમારો ઉત્કર્ષ થાય છે કે નહિ. જો તમારા શરીરમાં તાજું અને શુદ્ધ રૂધિર વહેતું હશે તો કોઇ પણ જાતના રોગ ઉત્પન્ન કરનાર જંતુઓ તમને ઉપદ્રવ કરી શકશે નહિ. ધર્મ એજ આપણા જીવનને ટકાવનાર રૂધિર છે. જો તે તાજું, શુદ્ધ, બળવાન, અને જીવનતત્વોથી ભરપૂર હશે તો દરેક બાબતમાં આપણી ઉન્નતિ થયા વગર રહેશે નહિ. જો ધર્મરૂપી રૂધિર શુદ્ધ હશે તો રાજનૈતિક, સાંસારિક અને આર્થિક બાબતોની ખામીઓ–અરે! આપણા દેશનું ભયંકર દારિદ્ર્ય પણ નષ્ટ થઇ જશે. કારણકે રોગોત્પાદક જંતુઓથી એકવાર શરીરને મુક્ત કરશો તો કોઇ પણ પ્રકારની બહારની આપત્તિ તમને પીડા કરી શકશે નહિ. આધુનિક વૈદક શાસ્ત્રનું એક દૃષ્ટાંત લઇએ. વૈદકશાસ્ત્ર કહે છે કે વ્યાધિની ઉત્પત્તિ થવાને માટે બે કારણોની જરૂર છે; બહારના એક જંતુ અને શરીરની ચોક્કસ પ્રકારની હાલત. જ્યાં સુધી ઝેરી જંતુઓને શરીરમાં સ્થાન ન મળે, જ્યાં સુધી શરીરમાં રહેલી જીવનશક્તિ ક્ષીણ ન થઇ હોય, જ્યાં સુધી જંતુઓ શરીરમાં પ્રવેશ કર્યા પછી વૃદ્ધિ પામે એવી શરીરની સ્થિતિ ન હોય, ત્યાં સુધી જગતમાં એવો એક પણ ઝેરી જંતુ નથી કે જે રોગની ઉત્પત્તિ કરી શકે. ખરૂં જોતાં આપણા શરીરમાં લાખો જંતુઓ દરરોજ પ્રવેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે, પણ શરીરમાં રહેલી જીવનશક્તિવડે તેમનો તત્કાળ નાશ થઇ જાય છે અને આપણને તેમના અસ્તિત્વની પણ ખબર પડતી નથી. જ્યારે શરીર દુર્બળ થાય છે ત્યારેજ એ જંતુઓ રોગ પેદા કરી શકે છે. પ્રજાજીવનને પણ આ વૈજ્ઞાનિક નિયમ લાગુ પડે છે. જ્યારે પ્રજાનું શરીર ક્ષીણ થાય છે ત્યારે તે પ્રજાની રાજનૈતિક, સામાજિક, આર્થિક, કેળવણી વિષયક, સર્વ પ્રકારની બાબતોમાં જંતુઓ પ્રવેશ કરે છે અને વ્યાધિ ઉત્પન્ન કરે છે. આવી અવસ્થા થયા પછી વ્યાધિના પ્રતીકાર માટે રોગનું મૂળ કારણ શોધી કહાડવું જોઇએ અને લોહીમાં ઉત્પન્ન થએલી મલિનતાને દૂર કરવી જોઇએ. આપણું કર્તવ્ય એટલુંજ છે કે લોકોમાં શક્તિનો–જીવનનો સંચાર કરવો, લોહીની શુદ્ધિ કરવી અને પ્રજાના અંગને સતેજ કરવું કે જેથી કરીને દ્વારથી દાખલ થતાં વિષમય જંતુઓની સામે થઇને તેમનો પ્રતિકાર કરી શકાય. આપણે હમણાંજ જોઇ ગયા છીએ કે આપણો ધર્મ એજ આપણું બળ અને પરમ ચેતન છે અને પ્રજાજીવનનો મુખ્ય આધાર છે.

આ માન્યતા સત્ય છે કે અસત્ય છે તેનું વિવેચન કરવાનો અત્યારે મારો વિચાર નથી. તેમ ધાર્મિક ભાવનામાં આ પ્રમાણે નવીન ચેતન આપવાથી લાંબી મુદતે પ્રજાજીવનને મુખ્ય લાભ હોય યા ન હોય; પરંતુ ખરી વાત એ છે કે ધર્મ એજ આપણા પ્રજાજીવનનો મુખ્ય પાયો છે. આપણે કદી પણ એનો ત્યાગ કરી શકવાના નથી. એ સદાને માટે આપણા પ્રજાજીવનના મૂળ આધારરૂપ રહેશે. ધર્મમાં તમને કદાચ મારા જેટલી શ્રદ્ધા હોય કે ન હોય તો પણ તમારે તેનો આધાર તો લેવોજ પડશે. તમે ધર્મની સાથે સદાને માટે અવિચ્છિન્નપણે સંકળાયલા છો અને જે પળે તમે તેનો આશ્રય છોડી દેશો તેજ પળે તમે વિનાશના મુખમાં ધસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જશો. ધર્મ એજ આપણી પ્રજાના જીવનસ્વરૂપ છે અને તેથી તેને કોઇ પણ રીતે સુદૃઢ કરવોજ પડશે. તમે યત્નપૂર્વક તમારા ધર્મની રક્ષા કરી છે તેથીજ તમે સેંકડો વર્ષના જુલમ છતાં પણ આજ સુધી ટકી રહ્યા છો. તમારા પૂર્વજોએ અનેક પ્રકારના અત્યાચાર સહન કર્યા, મૃત્યુ પણ પસંદ કર્યું પરંતુ તેમણે હરેક ઉપાયે ધર્મનું સંરક્ષણ કર્યું. એક પછી એક ઘણાં દેવાલયો જમીનદોસ્ત થઈ ગયાં વિદેશી, વિધર્મી પ્રજાએ તમારા પૂર્વજો ઉપર અનેક પ્રકારના જુલમનો વરસાદ વરસાવ્યો પણ એ જુલમની ભરતીનાં મોજાં જે પછી ઉતરી ગયાં તેજ પળે, તેજ સ્થળે નવાં મંદિરોનાં શિખર આકાશને ચૂમવા લાગ્યાં. દક્ષિણ ભારતનાં કેટલાંક પ્રાચીન મંદિરોનો અને ગુજરાતના સોમનાથના મંદિરનો ઇતિહાસ જોતાં તમને આપણી પ્રજાના ઇતિહાસનું જેટલું ઉંડું જ્ઞાન મળશે, આપણી પ્રજાના ઇતિહાસને જેવો ગંભીર અભિનિવેશ થશે તેટલો ઇતિહાસનાં થોથાં ઉથામ્યાથી નહિ થાય. ઉપર્યુકત મંદિરો ઉપર ફરી ફરીને હુમલા થયા, અનેકવાર તેમના ટુકડે ટુકડા થઈ ગયા અને અનેકવાર તેઓ પાછાં ફરી ફરી ઉભાં થયાં; તેમનાં રવડતાં અસ્થિ નવ જીવન પ્રાપ્ત કરીને પાછાં અચલપણે આજે પણ તમારી સમક્ષ વિદ્યમાન છે, એ વાત બરાબર લક્ષમાં રાખજો.

આપણી પ્રજાની ભાવના અને પ્રજાજીવનનો પ્રવાહ તમને અહીંઆંજ દૃષ્ટિગોચર થશે. તેનું અનુસરણ કરો અને મહાન પદવી પ્રાપ્ત કરો; તેને છોડી દો અને હમેશને માટે નષ્ટ થઇ જાઓ. જે પળે તમે એ પ્રજાજીવનના પ્રવાહથી દૂર ગયા તેજ પળે તમારો સંપૂર્ણ વિનાશ થયો જાણજો. આ ઉપરથી એમ કહેવાનો મારો આશય નથી કે બીજી બાબતો જરૂરની નથી. રાજનૈતિક અને સામાજિક સુધારણા કરવાની જરૂર નથી એમ કહેવાનો મારો ઉદ્દેશ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલુંજ કહેવા માગુ છું કે એ સર્વ વિષયો ગૌણ છે અને ધર્મજ મુખ્ય છે; એનું કદિ પણ વિસ્મરણ કરતા નહિ. ભારતવાસીઓને મન ધર્મ સૌથી પહેલો અને પછી બીજું બધું; માટેજ એ ધાર્મિક ભાવનાને વિશેષપણે જાગૃત કરવી જોઇએ. હવે સવાલ એ ઉપસ્થિત થાય છે કે એને કેવી રીતે જાગૃત કરવી? હું તમારી આગળ મેં ઘડી રાખેલી કાર્યપ્રણાલી રજુ કરૂં છું. ઘણા વખતપર મેં અમેરિકા જવા માટે મદ્રાસ છોડયું ત્યાર પહેલાં એ યોજના મારા મનમાં ઘડાઇ ચૂકી હતી અને હું અમેરિકા ગયો તેનું પણ મુખ્ય કારણ એજ હતું. મને ધર્મ મહાસભામાં બેસવાની ઝાઝી દરકાર ન હતી. માત્ર મારા વિચારને પ્રકટ કરવાની સારી તકજ હું શોધતો હતો અને મને ધર્મ મહાસભાના અધિવેશનથી પ્રાપ્ત થઇ.

મારા મનમાં જે જે વિચારો પોષ્યા હતા તેમને મારે જગતમાં રમતા કરવા હતા. ધર્મનાં જે અમૂલ્ય રત્નો આપણા શાસ્ત્રભંડારમાં સચવાઇ રહ્યાં હતાં, જે અમુક માણસોનાજ કબજામાં હતાં, જે ખરૂં કહીએ તો, અરણ્યોમાં અને સંન્યાસીઓના આશ્રમોમાં દટાઇ રહ્યાં હતાં તેમને મારે જગજાહેર કરવાં હતાં. એ શાસ્ત્રનિબદ્ધ તત્ત્વજ્ઞાનરૂપી રત્નો જેમના કબજામાં ગુપ્તપણે રાખવામાં આવ્યાં તેમની પાસેથી લઇને પ્રકટ કરવાનો મારો ઇરાદો હતો; એટલુંજ નહિ પણ એથી પણ વધારે દુર્ભેદ્ય પેટી રૂપ જે ભાષામાં એ સત્યો સચવાઇ રહ્યાં હતાં, તે સંસ્કૃત ભાષાનાં યુગના યુગ થયાં જામેલાં આવરણો ભેદીને મારે એ મહા મૂલ્યવાન રત્નોને મનુષ્ય માત્રની સામાન્ય મિલ્કત બનાવવી હતી. ટૂંકામાં મારે તેમને લોકપ્રિય અને લોકોપયોગી કરવાં હતાં. સંસ્કૃત ભાષા—જેને માટે અલબત્ત હું ઘણો મગરૂર છું—તે અઘરી હોવાથી આ વિચારોના પ્રચારને માટે મોટા અંતરાય રૂપ નીવડી છે. જ્યાં સુધી આપણી સમસ્ત પ્રજા ઉચ્ચ રીતે સંસ્કૃત ભાષા જાણતી થાય ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી એ અંતરાય દૂર થવાનોજ નથી. હિંદુસ્તાનમાં વસતો કો
માણસ, સંસ્કૃત જાણતો હોય યા ન જાણતો હોય તોપણ તે ધર્મ
સિદ્ધાંતો સારી રીતે સમજી શકે તેટલા માટે સંસ્કૃત ભાષામાંથી
સર્વ સિદ્ધાંતોને બહાર કહાડવાનો મારો નિશ્ચય હતો. મેં આ
આખી જિંદગી સંસ્કૃતના અભ્યાસ પાછળ ગાળી છે છતાં હજી
કોઇપણ નવું સંસ્કૃત પુસ્તક મારે માટે નવુંજ છે. એ ઉપરથી સંસ્
ભાષા કેટલી અઘરી છે તેનો તમને ખ્યાલ આવશે; અને જેમને સંસ્
ભાષા ભણવાનો કદિ અવકાશજ મળ્યો નથી તેમને માટે આ બાબ
કેટલી મુશ્કેલ છે તે તમે સહેલાઇથી સમજી શકશો. એટલા
લોકોની પ્રચલિત ભાષાદ્વારાજ ધર્મનો ઉપદેશ આપવાની પૂરેપૂરી આ
શ્યકતા છે. તેની સાથે સાથે સંસ્કૃત ભાષાનો અભ્યાસ ચાલુ રહેવો
જોઇએ; કારણ કે સંસ્કૃત ભાષાના ઉચ્ચારથી પણ આપણી પ્રજામ
એક પ્રકારના ગૌરવનો અને શક્તિનો સંચાર થાય છે. ભગવાન રામા
નુજ, કબીર અને ચૈતન્યે ભરતખંડની નીચ જાતિના ઉદ્ધાર માટે
પ્રયત્ન કર્યા હતા તેમના પ્રયાસનું ફળ તેમની હયાતીમાંજ જણ
આવ્યું હતું; તોપણ પાછળથી તેમના કાર્યનું આવું ખેદકારક પરિણ
શાથી આવ્યું? તેનું પણ કારણ તો અવશ્ય હોવુંજ જોઇએ. એ આ
ર્યોના અવસાનને એક સૈકો પણ પૂરો વીત્યો ન હતો એટલામાં
તેમણે આરંભેલું કાર્ય શાથી અટકી પડ્યું? તેનું કારણ એજ છે
તેમણે પતિત જાતિઓનો ઉદ્ધાર કર્યો, તેઓ ઉન્નતિને શિખરે પહોં
એવી તેમની ઇચ્છા પણ હતી; માત્ર તેમણે સામાન્ય લોકવર્ગ
સંસ્કૃત ભાષાના જ્ઞાનનો પ્રચાર કરવાનો યત્ન કર્યો ન હતો.
ભગવાને પણ સામાન્ય લોકોને સંસ્કૃત શીખવવાનું બંધ કરીને
મોટામાં મોટી ભૂલ કરી હતી. તેમને જલદીથી, તરતજ શુભ
ણામ લાવવાની ઉમેદ હતી તેથી તેમણે લોકોમાં વપરાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષામાં ઉપદેશ આપ્યો અને સંસ્કૃત ગ્રંથોનો તેજ ભાષામાં અનુવાદ કરાવ્યો. અલબત્ત, આ યોજના ઘણીજ ફતેહમંદ નીવડી. તેમણે લોકોની ચાલુ ભાષામાં ઉપદેશ આપ્યો; લોકોએ તેમનો ઉપદેશ સહેલાઇથી ગ્રહણ કર્યો; એ બધું ખરૂં છે; પ્રાકૃત ભાષાથી વિચારો જલદી ચારે દિશાએ ફેલાય છે, પણ તેની સાથે સંસ્કૃત ભાષાનો અભ્યાસ ચાલુ રાખવો જોઇતો હતો. જ્ઞાનનો ફેલાવો થયો ખરો પણ તેનાવડે ગૌરવ અને સંસ્કૃતિ ઉત્પન્ન થયાં નહિ. બહારના આઘાતોની સામા ટક્કર ઝીલવા માટે એકલું જ્ઞાન બસ નથી પણ **જ્ઞાન જીવનમાં ઉતરી જઇને સંસ્કૃતિ ઉત્પન્ન કરે ત્યારેજ અનેક પ્રકારના વિપ્લવોની સામે ટકી શકાય છે.** તમે જગતને નાના પ્રકારનું જ્ઞાન આપો તેથી તેનું વિશેષ કલ્યાણ થશે નહિ. એ જ્ઞાન રગેરગમાં સંચરી જાય અને સંસ્કૃતિ ઉત્પન્ન કરે ત્યારેજ સ્થાયી લાભની આશા રાખી શકાય. હાલમાં એવી અનેક પ્રજાઓ છે કે જેમને ઘણી બાબતોનું જ્ઞાન છે, પણ તેથી શું થયું ? સંસ્કૃતિ વગર તેઓ વાઘ જેવી અથવા રાની મનુષ્ય જેવી ભયંકર છે, કારણકે તેમને જ્ઞાન છે છતાં પણ તેઓ કેળવાઇ નથી અથવા સારા સંસ્કાર પામી નથી. તેમનું જ્ઞાન તેમના સુધારાની માફક માત્ર ઉપર ઉપરનું છે, અંદરનું નથી. જરાક છેડીએ એટલે તેમની અંદરની પાશવ પ્રકૃતિ બહાર નીકળી આવે છે. આવા બનાવ વારંવાર જગતના ઇતિહાસમાં બનતા જોવામાં આવે છે. આ ભારે વિપત્તિનું મૂળ છે માટે તમને તેનાથી સાવધાન રહેવાની સૂચના કરૂં છું. સામાન્ય લોકોને તેમની સ્વભાષામાં જ્ઞાન આપો. તેમને નવા નવા વિચાર આપો. આથી તેમના જ્ઞાનમાં વધારો થશે પણ તેની સાથે તેઓનું જ્ઞાન પરિપક્વ થઇને તેમની સંસ્કૃતિમાં વધારો થાય તેવો પ્રયત્ન પણ કરજો. જ્યાં સુધી તમે તેમ કરી ન શકો ત્યાં સુધી જનસમાજની ચિરસ્થાયી ઉન્નતિની આશા રાખવી વ્યર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એમ કર્યાથી તો એક નવીન જ્ઞાતિની ઉત્પત્તિ થશે. તે સંસ્કૃ
ભાષાનો અભ્યાસ કરીને બીજી બધી જ્ઞાતિઓ ઉપર અધિકાર ભોગવ
થશે, માટે જેઓ ઉતરતી જ્ઞાતિના છે તેમને ફરીથી કહું છું કે તમા
ઉત્કર્ષ કરવો હોય તો સંસ્કૃત શીખો, એ ભાષાનો અભ્યાસ બને
ટલો વધારો અને લોકોમાં તેનો વધારે ફેલાવો કરો. ઉંચી જ્ઞાતિ
લોકોની સામે લખાણ લખીને અને ભાષણો આપીને દ્વંદ્વ યુદ્ધો મ
વ્યાથી તમને કોઇપણ પ્રકારનો ફાયદો નથી. એમ કર્યાથી તો અ
તિની જ્વાળા બમણા વેગથી વધી જશે અને હાલ જેટલી
પ્રકારની જ્ઞાતિઓમાં આપણી પ્રજા વિભક્ત થઇ ગઇ છે તેના
પણ વધારે જ્ઞાતિઓ ઉત્પન્ન થશે અને આપણે વધારે વિભક્ત
નિર્બળ થઇ જઇશું. જ્ઞાતિભેદને કહાડી નાખવાનો અને સમભાવ
ઐક્ય પ્રસરાવવાનો એકજ ઉપાય છે કે જે કેળવણી અને સંસ્કૃ
ઉચ્ચ વર્ણના લોકોએ લીધી છે, જે તેમના બળનું અને ગૌરવનું
કારણ છે તે તમે પ્રાપ્ત કરો. એમ કરશો તો તમે જેવા થવા
છો તેવા થઈ શકશો.

હવે આ બાબતના સંબંધમાં એક બીજા પ્રશ્ન વિષે ચર્ચા
વાનો મારો ઇરાદો છે. એ પ્રશ્ન મદ્રાસના લોકો સાથે વધારે સં
ધરાવે છે. એક એવો મત વિદ્વાનોમાં પ્રચલિત થએલો છે કે દ
હિંદુસ્તાનમાં એક દ્રવિડ જાતિ વસતી હતી. તે ઉત્તર હિંદુસ્તા
વસતી આર્ય જાતિથી તદ્દન જુદાજ પ્રકારની હતી; અને જે બ્રાહ્મ
દક્ષિણ હિંદુસ્તાનમાં વસે છે તેઓ જ માત્ર ઉત્તર હિંદમાં વ
બ્રાહ્મણોના વંશજો છે, અને દક્ષિણના બાકીના બધા માણસો
નથી પણ કોઇ બીજી જ જાતિમાંથી ઉત્પન્ન થએલા છે. હે પુરા
ઇતિહાસના શોધકો ! ભાષા શાસ્ત્રીઓ ! મને ક્ષમા કરજો, પણ
કહેવું પડશે કે તમારો સિદ્ધાંત તદ્દન પાયા વગરનો છે. તમારા તર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્ર એકજ દલીલ કરવામાં આવે છે કે, ઉત્તર હિંદુસ્તાન અને દક્ષિણ હિંદુસ્તાનમાં બોલાતી ભાષાઓ વચ્ચે ઘણો ફરક છે. મને પોતાને તો બીજો કશો તફાવત લાગતો નથી. આ સભામાં સેંકડો ઉત્તર હિંદુસ્તાનના લોકો છે; હવે હું અત્ર બેઠેલા મારા યુરોપિયન મિત્રોને વિનતિ કરૂં છું કે એમાંથી કયા ઉત્તરના છે અને કયા દક્ષિણના છે તે બતાવો જોઇએ. એ બેઉ વચ્ચે કયી જાતનો તફાવત છે તે હું સમજી શકતો નથી. માત્ર જરાક ભાષામાં તફાવત છે એજ કેની ? મેં હમણાં જે ભાષાશાસ્ત્રીઓનો અભિપ્રાય તમને કહ્યો તેઓ એમ જણાવે છે કે જ્યારે દક્ષિણ હિંદુસ્તાનમાં વસતા બ્રાહ્મણો પ્રથમ ઉત્તરના પ્રદેશોમાંથી દક્ષિણમાં આવ્યા ત્યારે સંસ્કૃત ભાષા બોલતા હતા. અહીં આવ્યા પછી દ્રાવિડી ભાષા બોલવાનો અભ્યાસ પડી જવાથી ધીમે ધીમે સંસ્કૃત ભાષા ભૂલી ગયા. હવે જો બ્રાહ્મણોની બાબતમાં આ પ્રમાણે બન્યું જ હોય તો અન્ય વર્ણના સંબંધમાં શા માટે તેમ ન બનવું જોઇએ ? બીજા બધા વર્ણના લોકો અસલ ઉત્તર હિંદુસ્તાનમાં જ વસતા હતા અને તેઓ પણ દક્ષિણમાં આવ્યા પછી કાલે કરીને સંસ્કૃત ભાષા ભૂલી ગયા હોય એમ શા માટે ન માની શકાય? જે દલીલ વડે દક્ષિણના બ્રાહ્મણો સિવાયના બીજા બધા લોકોને અનાર્ય ઠરાવાય છે, તે જ દલીલ વડે તેઓ આર્ય છે એમ પણ સાબિત થઇ શકે છે. આ બધી અહંકારમૂલક માન્યતાઓ છે. તેમાં લેશ માત્ર પ્રમાણ નથી માટે તમે તેમાં કદિ વિશ્વાસ રાખતા નહિ. કદાચ દક્ષિણ હિંદુસ્તાનમાં દ્રવિડ જાતિ વસતી પણ હોય અને કાળે કરીને તેનો લોપ પણ થઇ ગયો હોય અને તેમાંના કેટલાક બાકી રહેલા લોકો પર્વતોમાં અથવા જંગલોમાં વસતા હોય ! એમ પણ બની શકે કે તેમની ભાષા કાયમ રહી હોય અને સંસ્કૃતને ઠેકાણે વપરાવા લાગી હોય. તો પણ એટલું તો સત્ય છે કે દક્ષિણ હિંદુસ્તાનના તમામ લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્ય જાતિના છે અને અસલ ઉત્તર હિંદુસ્તાનમાંથી જ ઉતરી આવેલા છે. આખા હિંદુસ્તાનના બધા લોકો આર્ય જાતિના છે–બીજી પ્રજા આપણા દેશમાં છે જ નહિ.

વળી "એક બીજો મત એવો છે કે ભરતખંડના શૂદ્રો અનાર્ય જાતિના છે, તેઓ આર્ય લોકોના ગુલામો હતા. પાશ્ચાત્ય પંડિતો કહે છે કે ઇતિહાસમાં એકવાર જેવા બનાવ બને છે તેવા ને તેવાજ બનાવ બીજીવાર પણ બનવા પામે છે. અમેરિકનો, અંગ્રેજો, વલંદાઓ અને પોર્ટુગીઝો ગરીબ બિચારા આફ્રિકાનિવાસીઓને પકડીને ગુલામ બનાવતા હતા અને જીવતાં સુધી તેમની પાસે સખત મજુરી કરાવતા હતા. એ આફ્રિકાના ગુલામો અને યુરોપિયનોથી જે મિશ્ર પ્રજા ઉત્પન્ન થઇ હતી તેને પણ ગુલામ તરીકેજ ગણતા હતા. આ ધાતકી વ્યવહાર લાંબા વખત સુધી ચાલુ રહ્યો હતો. આ બનાવ જોયાથી ડોઢ-ડાહ્યા ઇતિહાસકારોની કલ્પના ભૂતકાળના ઇતિહાસમાં હજારો વર્ષની છલંગ મારે છે અને એવું માની લે છે કે જે બનાવ અમેરિકામાં થોડા સૈકા પહેલાં બન્યો હતો તેવોજ બનાવ હિંદુસ્તાનમાં પણ બનેલો હોવો જોઇએ. પુરાતન ઇતિહાસવેત્તાઓ એવી કલ્પના કરે છે કે પ્રાચીન કાળમાં આખો ભરતખંડ કાળાં નેત્રવાળા અનાર્ય લોકોથી ભરપૂર હતો અને ત્યાર પછી ગૌર વર્ણના આર્ય લોકો આવીને હિંદુસ્તાનમાં વસતિ લાગ્યા. એ આર્યો કયા દેશમાંથી ચાલ્યા આવ્યા તે તો ઇશ્વર જાણે. કેટલાક કહે છે કે તેઓ ટિબેટથી આવ્યા હતા. બીજા કેટલાક કહે છે કે તેઓ મધ્ય એશિયામાંથી આવ્યા હતા. કેટલાક સ્વદેશવત્સલ અંગ્રેજો કહે છે કે આર્ય લોકો સોનેરી વાળવાળા હતા. વળી બીજા કેટલાક પોતપોતાના મત પ્રમાણે એમ પણ કહે છે કે તેઓ કાળા વાળવાળા હતા. બસ જો લેખકના પોતાના વાળ કાળા હોય તો આર્ય લોકોના વાળ પણ કાળા જ હોવા જોઇએ ! વળી હમણાં હમણાં એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો મત નીકળ્યો છે કે આર્ય લોકો અસલ સ્વિટઝરલેંડનાં સરોવરોની આસપાસના પ્રદેશમાં વસતા હતા. જો એ બધા આર્યો અને આ સિદ્ધાંતો, બેઉ એ સરોવરોમાંજ ડૂબી ગયા હોત તો મને ખેદ થાત નહિ ! વળી આર્ય લોકો ઉત્તર ધ્રુવની આસપાસના મુલકમાં વસતા હતા એવું માનનારા વિદ્વાનો પણ છે. આર્યો અને તેમનાં નિવાસસ્થાનો ઉપર શો જુલમ ! હવે આ જુદા જુદા મતની સત્યતા વિષે જો આપણાં શાસ્ત્રોનો અભિપ્રાય જોઇએ તો તેમાં આવું કશું છેજ નહિ. એક શબ્દ પણ એવો જડતો નથી કે જેથી આર્ય પ્રજા હિંદુસ્તાનથી બહારના મુલકમાંથી આવીને અત્ર વસી છે એ મતને આધાર મળે. જુના વખતમાં ભરતખંડની અંદર અફઘાનીસ્તાનનો પણ સમાવેશ થતો હતો એ પણ સાથે સાથે યાદ રાખવું. શૂદ્રો અનાર્ય પ્રજાના વંશજો છે અને તેઓની સંખ્યા ઘણી મોટી હતી એ વાત તદ્દન પાયાવગરની અને નહિ માની શકાય એવી છે. તે સમયમાં મુટ્ઠીભર આર્ય લોકો લાખો અનાર્યોને હરાવે અને તેમને પોતાના ગુલામ બનાવી દે એ વાત બિલકુલ અસંભવિત છે. આટલા બધા ગુલામો ભેગા થઇને આર્ય લોકોની પાંચ મિનિટમાં 'ચટણી' જ કરી નાખત. આ બાબતનો એકજ ખુલાસો મહાભારતમાંથી મળી આવે છે. તેમાં લખ્યું છે કે સત્યયુગના પ્રારંભમાં માત્ર એકજ જ્ઞાતિ બ્રાહ્મણોનીજ હતી. ત્યાર પછી જુદા જુદા વ્યવસાયને લીધે ધીમે ધીમે આર્ય પ્રજા અનેક જ્ઞાતિઓમાં વિભક્ત થઈ ગઇ. જ્ઞાતિભેદના સંબંધમાં આ એકલોજ સત્ય અને વાજબી ખુલાસો છે. હવે ભવિષ્યના સત્યયુગમાં અનેક જુદી જુદી જ્ઞાતિઓ એકત્ર થઇને મૂળ સ્થિતિએ આવી જશે. આથી કરીને ભરતખંડના જ્ઞાતિભેદના મહા પ્રશ્નનો નિર્ણય આજ પ્રમાણે થઇ શકે કે ઉચ્ચ વર્ણના લોકોને અવનત ન કરતાં, બ્રાહ્મણ જાતિનો ઉચ્છેદ ન કરતાં નીચી જાતિઓનો ઉત્કર્ષ કરીને તેમને બ્રાહ્મણોની કોટિએ ચ્હડાવી દેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણત્વની પ્રાપ્તિ એજ માનવ જાતિનો પરમ આદર્શ છે એવું ભરતખંડમાં મનાતું આવ્યું છે. શંકરાચાર્યે પોતાના ગીતાભાષ્યની ભૂમિકામાં આ વિચાર બહુજ સુંદર રીતે પ્રદર્શિત કર્યો છે. શ્રીકૃષ્ણના અવતાર ધારણ કરવાના પ્રયોજન વિષે ચર્ચા કરતાં તે લખે છે કે તેઓ બ્રાહ્મણત્વનું રક્ષણ કરવાને જ પ્રકટ થયા હતા. એજ તેમના અવતારનો મહાન્ ઉદ્દેશ હતો. બ્રાહ્મણો, બ્રહ્મજ્ઞ પુરુષો, જે આદર્શ સિદ્ધ પુરુષો છે તેમની અત્યંત આવશ્યકતા છે. તેમનો ઉચ્છેદ કરવો ઇષ્ટ નથી. આધુનિક જ્ઞાતિભેદમાં અનેક પ્રકારની ખામીઓ છે તે હું સારી રીતે જાણું છું તોપણ મારે બ્રાહ્મણોને માટે કહેવું પડે છે કે બીજી જ્ઞાતિઓ કરતાં તેઓમાં હજી પણ બ્રાહ્મણત્વનો વિશેષ અંશ છે; તેમનામાંથી બ્રાહ્મણત્વવાળા પુરુષો સૌથી વધારે ઉત્પન્ન થયા છે. આ વાત તદ્દન સત્ય છે અને બીજી જ્ઞાતિઓએ બ્રાહ્મણોને તેમના આ ગુણ મટે યશ અને સન્માન આપવાં જોઇએ. તેમનામાં જે દોષ છે તે તો આપણે નિડરપણે જાહેર કરવાજ જોઇએ પણ તેની સાથે જે સન્માનને, જે ગૌરવને તેઓ પાત્ર છે તે પણ તેમને આપવાં જ જોઇએ. 'દરેક જણને જે ઘટિત છે તે આપતા રહો' એ પ્રાચીન અંગ્રેજી કહેવત યાદ રાખજો. માટે હે બન્ધુઓ! જ્ઞાતિઓમાં અંદર અંદર કલહ અને વિદ્વેષ ઉત્પન્ન કરવાનું પ્રયોજન નથી. એથી કયું શુભ પરિણામ લાવવાની તમે આશા રાખો છો? એથી તો આપણે વધારે વિભક્ત અને નિર્બળ થઈ જઇશું; આપણી અવનતિ વધારે ભયંકર સ્વરૂપ ધારણ કરશે. એકહથ્થા અધિકારના, જોહુકમીના દિવસ હવે વીતી ગયા છે. ભરતખંડની ભૂમિ ઉપરથી તે દિવસો સદાને માટે ચાલતા થયા છે. અંગ્રેજી અમલનું એ એક અત્યંત શુભ પરિણામ છે. મુસલમાનોના અમલથી પણ અમુક જાતિના એકહથ્થા અધિકારને ધોકો પહોંચ્યો હતો; મુસલમાનોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમલથી આપણને તદ્દન ગેરલાભ જ થયો હતો એમ કહી શકાય નહિ. **જગતમાં કોઇ પણ વસ્તુ સંપૂર્ણ ખરાબ અથવા સંપૂર્ણ સારી હોઇ શકે જ નહિ.** ભરતખંડની દરિદ્ર અને પતિત જાતિઓના ઉદ્ધારને માટે મુસલમાની અમલથી પણ સુયોગ પ્રાપ્ત થયો હતો. આજ કારણથી એક પંચમાંશ હિંદુઓએ મુસલમાન ધર્મ સ્વીકાર્યો હતો. કેવળ તલવારના જ ત્રાસથી આટલા બધા હિંદુઓ મુસલમાન થયા ન હતા. મુસલમાનોએ તલવાર અને બંદુકના જોરથી બળાત્કારે આટલા બધા હિંદુઓને વટલાવીને મુસલમાન બનાવી દીધા એમ માનવું એ મોટામાં મોટી મૂર્ખાઇ છે. જો તમે સાવધાન નહિ થાઓ તો મદ્રાસ ઇલાકાની વસ્તીનો પણ એક પંચમાંશ તો શું પણ અડધો અડધ ભાગ ખ્રિસ્તી થઇ જશે. મલબાર પ્રાંતમાં જે જોયું તે કરતાં વધારે મૂર્ખતા અને મિથ્યાભિમાનનું દૃષ્ટાંત આખા જગતમાં શોધ્યું જડશે નહિ. જે રસ્તે થઇને ઉચ્ચ વર્ણના લોકો જતા હોય તે રસ્તા ઉપર ચાલવાનો ગરીબ બિચારા ભંગીઓને અધિકાર જ નથી! પણ એ જ ભંગીઓ રામલાને બદલે રૉબર્ટ અથવા રહીમ બનીને આવે તો બસ તેનો દરજ્જો એકદમ વધી જાય છે! પછી તેની સાથે ચાલવાને અથવા તેનો સ્પર્શ કરવાને બસ કશીજ હરકત નહિ!! આવો દેશાચાર જોઇને બધા મલબારવાસી દિવાના છે, અને તેમનાં ઘર દિવાનાનાં દવાખાનાં જેવાં છે એ સિવાય બીજું શું અનુમાન બાંધી શકાય? જ્યાં સુધી તેઓ આ મૂર્ખાઇનો ત્યાગ નહિ કરે અને પોતાની રીતભાતમાં સુધારો નહિ કરે ત્યાં સુધી જગતના તમામ લોકો તેમના તરફ તિરસ્કારની નજરથી જુએ એમાં શું આશ્ચર્ય? જે પ્રજામાં આવા દૂષણભરેલા, રાક્ષસી રિવાજો પળાતા હોય તે પ્રજાએ શરમાઇને ડૂબી મરવું જોઇએ. **જે પ્રજા પોતાનાં જ સંતાનોને ભૂખે મરવા દે અને જ્યારે તેજ સંતાન**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્ય ધર્મ ગ્રહણ કરે ત્યારે તેમને સન્માન આપીને અને ખવડાવી પીવડાવીને પુષ્ટ કરે તેમને ધિક્કાર છે !

આ પ્રશ્નનો સફળતાપૂર્વક નિવેડો લાવવો હોય તો ઉચ્ચ વર્ણના લોકોને હલકા ન પાડો, તેમનો દરજ્જો નીચો ન કરો, પણ જેઓ નીચી પંક્તિના છે તેમને ઉંચે ચ્હડાવવા યત્ન કરો. કેટલાક લોકો જેઓનું શાસ્ત્રજ્ઞાન અત્યંત અલ્પ છે અને જેઓ આપણા પૂર્વજોનો મહાન ઉદ્દેશ સમજવાને અસમર્થ છે તેઓ ભલે ગમે તેમ કહે તો પણ મેં હમણાં કહ્યો તેજ ઉન્નતિનો માર્ગ આપણા શાસ્ત્રકારોએ બતાવેલો છે. એથી ઉલટું સમજાવનારા પોતેજ બિલકુલ સમજતા નથી; પણ જેમને બુદ્ધિ છે, જેમનામાં વિચારશક્તિ છે તેઓ આપણા પૂર્વજોનો ઉદ્દેશ અને કાર્યપદ્ધતિ સારી રીતે સમજી શકે છે. તેઓ તો તટસ્થ રહીને અનંત યુગથી જે પ્રજાજીવનનો અદ્‌ભુત પ્રવાહ ચાલ્યો આવે છે તેનું આદિથી અંત સુધી અવલોકન કરે છે. તેઓ પ્રાચીન અને અર્વાચીન શાસ્ત્રોમાં અસલના ઋષિઓની કાર્યપ્રણાલીનાં દરેક દરેક પગથીઆં જોઇ શકે છે.

એ કાર્યપ્રણાલી ક્યી ? તેને એક છેડે બ્રાહ્મણ અને બીજે છેડે ચંડાળ છે. એ ચંડાળને ધીમે ધીમે ઉન્નત કરીને આખરે બ્રાહ્મણની કોટિમાં લઇ જવો એજ તેમની કાર્યપ્રણાલી છે. તમે જોઇ શકશો કે જેમ સમય જતો ગયો તેમ તેમ નીચ જાતિને વધારે ને વધારે અધિકાર અને સ્વતંત્રતા અપાતાં ગયાં છે. એવાં પણ શાસ્ત્રો છે કે જેમાં એવી આજ્ઞા કરી છે કે " જો શૂદ્રને કાને વેદનો એક શબ્દ પણ જાય તો તેના કાનમાં સીસાનો ગરમ ગરમ રસ રેડી દેવો અને જો વેદની એક પંક્તિ પણ તેને યાદ હોય તો તેની જીભ કાપી નાખવી. વળી જો તે બ્રાહ્મણને એમ કહે કે ' અરે ઓ બ્રાહ્મણ ! ' તો પણ તેની જીભ કાપી નાખવી. " અલબત, આ પ્રાચીન આસુરી જંગલીપણું છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કહેવાની જરૂર જ નથી, પણ એ સ્મૃતિકારોનો અપરાધ નથી. તેમણે તો તેમના સમયનાજ જનસમાજના અમુક વર્ગની માન્યતાઓને માત્ર નોંધી લીધી છે. પ્રાચીન કાળમાં એવા નરપિશાચો વખતો વખત ઉત્પન્ન થતા હતા. દરેક યુગમાં *દુનિયાના બધા દેશોમાં એવી આસુરી પ્રકૃતિના લોકો થઇ ગયા છે. ત્યાર પછીના યુગમાં લખાયલી સ્મૃતિઓમાં જોશો તો શૂદ્રજાતિ પ્રતિ નિર્દય વ્યવહાર કેટલેક અંશે ઓછો થએલો જણાશે. દાખલા તરીકે એક ઠેકાણે લખ્યું છે કે "શૂદ્રો તરફ નિષ્ઠુર વ્યવહાર કરવો નહિ; તેમજ તેમને વેદ વગેરે શાસ્ત્રોનું અધ્યયન પણ કરાવવું નહિ." આના પછીના જમાનામાં જે સ્મૃતિઓ લખાઇ છે અને જે ખાસ કરીને કલિયુગનેમાટેજ લખાયલી હોવાથી વિશેષ પ્રમાણભૂત મનાય છે, તેમાં એવા ભાવાર્થનું લખાણ છે કે, "જો શૂદ્રો બ્રાહ્મણોના આચાર વિચારનું અનુકરણ કરે તો તેઓ ઘણું સારૂં કરે છે–તેમને એવા કામમાં ઉત્તેજન આપવું જોઇએ." આ પ્રમાણે જેમ વખત જતો જાય છે તેમ શૂદ્રોને વધારે વધારે અધિકાર પ્રાપ્ત થતા જાય છે. આ પ્રમાણે જુદા જુદા સમયમાં શૂદ્રો તરફના વ્યવહારમાં કેવી કેવી રીતે ફેરફાર થતા ગયા તેનું જુદાં જુદાં શાસ્ત્રો અને ઇતિહાસદ્વારા અનુસંધાન કરીને આખી કાર્યપ્રણાલીનું વિસ્તારથી વિવેચન કરવાનો અત્યારે સમય નથી પણ આટલું તો સ્પષ્ટ છે કે શૂદ્ર જાતિઓ ધીમે ધીમે ઉંચે ચ્હડતી જાય છે. વળી ભરતખંડમાં હજારો જ્ઞાતિઓ છે અને તેમાંની કેટલીક બ્રાહ્મણોની પંક્તિમાં પણ ભળી ગઇ છે; કારણ કે અમુક જ્ઞાતિના બધા લોકો એમ જાહેર કરે કે અમે બ્રાહ્મણો છીએ તો તેમને કોણ

* યુરોપના જુદા જુદા સંપ્રદાયના ખ્રિસ્તીઓ એક બીજા ઉપર જે ક્રૂર વર્તાવતા હતા તેનો જોટો તો જગતના કોઈપણ દેશના ઇતિહાસમાં મળે તેમ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અટકાવનાર છે? જ્ઞાતિબંધન ગમે એટલાં સખત છે છતાં પણ તે આજ પ્રમાણે નવી નવી જ્ઞાતિઓ ઉત્પન્ન થતી આવી છે. ધારો કે દસ દસ હજાર માણસની અમુક જ્ઞાતિઓ છે. જો એ બધી જ્ઞાતિઓ સંપ કરીને જાહેર કરે કે અમે બ્રાહ્મણ છીએ તો તેમને કોઇ અટકાવે એવું નથી. મેં આવાં +અનેક ઉદાહરણ જાતે જોયાં છે. અમુક જ્ઞાતિઓ કેળવણીથી અથવા બીજા કારણથી આગળ પડતી થઇ જાય છે અને જો તેઓ એકમત થઇને પોતાને બ્રાહ્મણ કહેવડાવે તો કોઇ તેમને ના કહી શકતું નથી. એમાં બીજી જ્ઞાતિઓને લેવા દેવા નથી કેમકે એક બીજાને લગ્નવ્યવહાર કે ભોજનવ્યવહાર હોતો નથી. એક જ્ઞાતિ બીજી જ્ઞાતિના કામમાં માથું ખોસતી નથી; એટલુંજ નહિ પણ એક જ્ઞાતિની જુદી જુદી પેટા જ્ઞાતિઓ પણ કોઇ કોઇના કામમાં વચ્ચે પડતી નથી.

શંકરાચાર્ય વગેરે શક્તિસંપન્ન યુગાચાર્યો જ્ઞાતિઓના રચનાર હતા. તેમણે જે અદ્‌ભુત કાર્ય કર્યાં છે તે હું અત્યારે તમને કહી શકતો નથી અને કહું તો તમારામાંના કેટલાકની લાગણી પણ દુખાય; પરંતુ મારા પ્રવાસ દરમ્યાન તથા બીજા અનુભવોથી મને તેમની કાર્યપ્રણાલી વિષે ઘણું જાણવાનું મળ્યું છે અને એ વિષે સંશોધન કરતાં મને અજાયબ જેવી માહિતી મળી છે. તેમણે ઘણીવાર બલુચી લોકોની સેંકડો ટોળીઓને એક ક્ષણવારમાં ક્ષત્રિય બનાવી દીધી છે; અસંખ્ય માછીઓને એકદમ બ્રાહ્મણો બનાવી દીધા છે. અલબત્ત આ કાર્ય કરનારા મહાપુરુષો હતા. આપણે તેમના કાર્ય તરફ સન્માનની દૃષ્ટિથી જોવું જોઇએ. માટે જ હું તમને વારંવાર કહું છું કે તમે પણ

+ ગુજરાતમાં પણ એવાં ઉદાહરણની ખોટ નથી. એવી ઘણીએ અસ્પૃશ્ય જ્ઞાતિઓ એકસંપી કરીને ઉંચી જ્ઞાતિમાં ખપી ગઈ છે. એક જાતના બ્રાહ્મણો જેમની બોલી, શરીરરચના અને અટકો સુદ્ધાં દ્રવળાને મળતાં છે તેઓ પણ હાલ બ્રાહ્મણમાંજ ગણાય છે. ભા૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના જેવા ઋષિઓ, મહાપુરુષો થાઓ. એજ કાર્યસિદ્ધિનો મહામંત્ર છે. થોડા ઘણા તો આપણે બધાને ઋષિ જેવા થવુંજ પડશે. ઋષિ એટલે શું ? પવિત્ર, વિશુદ્ધ આત્મા. પ્રથમ પવિત્ર થાઓ એટલે પછી તમને અદ્ભુત શક્તિ પ્રાપ્ત થશે. માત્ર 'હું ઋષિ છું' એમ બોલ્યા એટલે ઋષિ થઇ જવાતું નથી; પણ એકવાર ખરેખરા ઋષિ બનો અને પછી જુઓ કે બધા તમારી આજ્ઞાને અધીન થાય છે કે નહિ! પછી તમારા શરીરમાંથી એક અલૌકિક પદાર્થ નીકળીને બીજાના મન ઉપર પોતાનો પ્રભાવ બેસાડશે. તેઓ તમારે અધીન થઇને તમારૂં અનુસરણ કરશે, તમારાં વચન સાંભળશે. તેઓ બીલકુલ અજાણપણે, કેટલીકવાર તેમની પોતાની મરજી વિરૂદ્ધ જઇને પણ તમારા કાર્યમાં સહાયભૂત થશે. આનું નામજ ખરેખરૂં ઋષિત્વ.

મેં તમને આપણી કાર્યપ્રણાલીની રૂપરેખા જ માત્ર સમજાવી છે. મૂળ ઉદ્દેશ સાચવીને અનેક યુગસુધી કાર્ય થતું જશે તો મેં આલેખેલા ખોખામાં જુદી જુદી વિગતો ભરાતી જશે. કલહ અને વિદ્વેષનો એકદમ જ ત્યાગ કરવો જોઇએ એ બતાવવાને માટે જ મેં માત્ર સૂચન કર્યું છે. જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચે આ જમાનામાં જ્યારે હું કલહ થતા જોઉં છું ત્યારે હું ઘણોજ ખેદ પામું છું; એ અનિષ્ટકારક પ્રવૃત્તિ તો એકદમ બંધજ થવાની જરૂર છે. એથી બેઉ પક્ષને હાનિ છે અને ખાસ કરીને ઉચ્ચ વર્ણના લોકોને, બ્રાહ્મણોને વિશેષ હાનિ છે; કારણ કે એકહથ્થા અધિકારનો જમાનો હવે પુરો થયો છે. દરેક ઉંચી જ્ઞાતિએ પોતાના મિથ્યાભિમાનની કબર પોતાને હાથે જ ખોદવી જોઇએ અર્થાત્ પોતાનું ખોટું જાતિઅભિમાન પોતાની મેળે જ છોડી દેવું જોઇએ અને આ કાર્ય જેમ જલદી થશે તેમ તેઓને વિશેષ લાભ થશે. જેમ જેમ વધારે વિલંબ થશે તેમ તેમ મિથ્યા જાતિઅભિમાનનું વિષ પ્રજામાં વધારે ઉંડું સંચરતું જશે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિણામે જે વિનાશ થવાનો છે તે વધારે ભયાનક સ્વરૂપ ધારણ કરશે. આટલા માટે ભરતખંડની બીજી જ્ઞાતિઓના ઉદ્ધારને માટે પરિશ્રમ લેવો એ બ્રાહ્મણોનું ખાસ કર્તવ્ય છે. તેઓ આ કાર્ય કરે અને જ્યાં સુધી કરતા રહે ત્યાં સુધી જ તેમને બ્રાહ્મણ કહેવડાવવાનો અધિકાર છે અને ત્યાં સુધી જ તેઓ સન્માનને પાત્ર છે. જો તેઓ માત્ર દ્રવ્યોપાર્જન તરફ જ દૃષ્ટિ રાખતા હોય તો તેઓ ખરેખરા બ્રાહ્મણ છે જ નહિ. ખરેખરા બ્રાહ્મણોને એટલે કે સ્વદેશનું અને સ્વજાતિનું હિત કરવામાં જ જેઓ રોકાયા હોય તેમને જ તમારે સહાય આપવી જોઇએ; તેઓજ તમારી સહાયને પાત્ર છે. તેમ કરશો તોજ તમે જે સ્વર્ગપ્રાપ્તિની આશા રાખો છો તે સફળ થશે; પણ ખરા બ્રાહ્મણ સિવાય બીજાને દાન આપશો, કુપાત્રે દ્રવ્યનો વ્યય કરશો તો સ્વર્ગમાં નહિ પણ એથી જુદા જ લોકમાં એટલે નરકમાં જ જવું પડશે, એવું આપણાં શાસ્ત્રોમાં સ્પષ્ટપણે કહેલું છે; તેથી આ બાબતમાં તમારે ઘણાજ સાવધ રહેવાની જરૂર છે. જે કોઇ પણ સાંસારિક કાર્ય કરતો નથી પણ લોકહિતનાં જ કાર્ય કરે છે તેજ સાચો બ્રાહ્મણ છે. સાંસારિક કાર્યો બ્રાહ્મણો માટે નથી પણ અન્ય જ્ઞાતિઓ માટે છે; માટે હું બ્રાહ્મણોને સંબોધીને કહું છું કે તમે જે કાંઇ જ્ઞાન ધરાવો છો તે અન્ય જ્ઞાતિઓને આપો, તમે જે સંસ્કૃતિ સેંકડો વર્ષથી સાચવી રહ્યા છો તેનો આખા દેશમાં પ્રચાર કરો અને તેમ કરીને ભરતખંડની પ્રજાને ઉન્નત કરવાનો ઉગ્ર પરિશ્રમ આદરો. ખરૂં બ્રાહ્મણત્વ શામાં રહેલું છે તેનું સ્મરણ કરવું એ બ્રાહ્મણોનું કર્તવ્ય છે. મનુ ભગવાન કહે છે કે:—

ब्राह्मणो जायमानो हि पृथिव्यामधिजायते ।।
ईश्वरः सर्वभूतानां धर्मकोषस्य गुप्तये ॥

અર્થાત્ બ્રાહ્મણો સન્માન અને અનેક પ્રકારના વિશેષ અધિકારને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાત્ર છે તેનું કારણ એ છે કે તેઓ ધર્મના ભંડારના રક્ષકો છે. હવે હે બ્રાહ્મણો ! એ રત્નભંડારનાં દ્વાર ખુલ્લાં કરો અને તેમાં સંચિત કરેલાં રત્નો જગતને વહેંચી આપો. અલબત્ત, ભરતખંડના લોકોને સૌથી પ્રથમ ધર્મનો ઉપદેશ આપનાર બ્રાહ્મણો જ હતા. અન્ય જાતિઓના પહેલાં જીવનના ગહન પ્રશ્નનું અનુસંધાન કરવા માટે પોતાના સર્વસ્વનો ત્યાગ કરનાર બ્રાહ્મણોજ હતા. બીજી જાતિઓ કરતાં ઉન્નતિના માર્ગમાં બ્રાહ્મણો વધારે આગળ વધ્યા તેમાં તેમણે શું ગુન્હો કર્યો ? શા માટે બીજી જાતિઓએ પણ બ્રાહ્મણોની માફક જ્ઞાન પ્રાપ્ત ન કર્યું ? શામાટે તેમણે સત્યની શોધ કરવા પાછળ બ્રાહ્મણોના જેટલો પરિશ્રમ ન લીધો ? શા માટે તેઓ આળસુ થઇને હાથ જોડીને બેસી રહ્યા અને બ્રાહ્મણોને પોતાના કરતાં આગળ વધવા દીધા?

પણ અહીં મારે કહેવું જોઇએ કે બીજાઓથી આગળ વધીને અમુક પ્રકારના અધિકાર અને અનુકૂળતાઓ પ્રાપ્ત કરવી એ એક વાત છે, અને પોતાના સ્વાર્થને માટે તેમનો દુરુપયોગ કરવો અને ખોટી દાનતથી બીજાઓને તે અધિકાર પ્રાપ્ત કરતા અટકાવવા એ જુદીજ વાત છે. જ્યારે જ્યારે અધિકારનો દુરુપયોગ થાય છે ત્યારે ત્યારે એ અધિકાર રાક્ષસી સ્વરૂપ ધારણ કરે છે. સત્તાનો ઉપયોગ માત્ર બીજાના કલ્યાણ માટે જ કરવો જોઇએ; માટે જે જ્ઞાનભંડાર, જે સંસ્કૃતિ આજ સેંકડો વર્ષથી બ્રાહ્મણોએ ટ્રસ્ટીની માફક સાચવી રાખ્યાં છે તે તેમણે હવે એ ભંડારના ખરા માલિક, જનસમુદાયને સ્વાધીન કરી દેવાં જોઇએ. એમણે અત્યાર સુધી તેમ ન કર્યું તેથીજ હિંદ ઉપર મુસલમાનોને સ્વારીઓ કરવા માટે માર્ગ ખુલ્લો થયો હતો. શરૂઆતથીજ બ્રાહ્મણોએ આ જ્ઞાનભંડાર સર્વને માટે ખુલ્લો ન મૂકયો તેથી જ બીજી પ્રજાઓ હિંદુસ્તાનને મરજીમાં આવે તેમ કચરતી આવી છે, તેથી જ આપણે એક હજાર વર્ષ થયાં ગુલામોની હાલત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોગવીએ છીએ, તેથીજ આપણી પૂરેપૂરી અવનતિ થએલી છે; માટે આપણી સૌથી પહેલી ફરજ એ છે કે, જે તિજોરીઓમાં ધર્મરૂપી રત્નરાશિ આજ સુધી ગુપ્તપણે રાખવામાં આવ્યો છે તેને એકદમ ખોલી નાખવી. એ કિંમતી રત્નો દેશમાં વસતા તમામ માણસોને વર્ણભેદ કે જાતિભેદ રાખ્યા વગર છૂટથી વહેંચી દેવાં એ આપણી અને બ્રાહ્મણોની સૌથી પહેલી ફરજ છે. બંગ દેશમાં એક એવો જુનો વહેમ છે કે જો સર્પ પોતે પોતાનું વિષ ચૂસી લે તો સર્પદંશ થએલા માણસનો જીવ બચે. એજ પ્રમાણે બ્રાહ્મણોએ પોતે પોતાનું વિષ ચૂસી લેવું જોઇએ.

બ્રાહ્મણ સિવાયની બીજી જ્ઞાતિના લોકોને હું કહું છું કે તમે ધીરજ રાખો; બહુ ઉતાવળા ન થાઓ. જરાક તક મળી એટલે તરત બ્રાહ્મણોને ગાળો દેવા ન મંડી પડો, કારણ કે હું તમને હમણાંજ કહી ગયો છું કે તમે તમારી પોતાની જ ભૂલનાં માઠાં ફળ ભોગવો છો. આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવાને અને સંસ્કૃત શીખવાને તમે શા માટે બેદરકાર રહ્યા ? તમને કોઇએ રોકયા હતા ? આજ સુધીમાં તમે શું શું કર્યું ? તમે શા માટે આજ સુધી હાથ જોડીને બેસી રહ્યા છો ? અને જ્યારે બીજાઓ તમારા કરતાં વધારે મગજ શક્તિ, વધારે પરાક્રમ, વધારે સાહસ, વધારે ઉત્સાહ અને વધારે વ્યવહારિક ચપળતા બતાવે, તેથી શા માટે બળી જાઓ છો ? માટે વર્તમાનપત્રોમાં નાહક ચર્ચાઓ અને ઝગડાઓ મચાવીને અને તમારા પોતાનાં જ ગૃહોને મિથ્યા કલહથી કલંકિત કરીને તમારી શક્તિનો મિથ્યા વ્યય કરો નહિ, પણ જે જ્ઞાન અને સંસ્કૃતિ બ્રાહ્મણોએ પ્રાપ્ત કર્યાં છે તે તમે પણ પ્રાપ્ત કરો; જે જ્ઞાનના પ્રતાપવડે બ્રાહ્મણોએ તમારા ઉપર પોતાનો અધિકાર બેસાડ્યો તે જ્ઞાન પ્રાપ્ત કરવામાં તમારી તમામ શક્તિઓનો ઉપયોગ કરો એટલે તમારા મનોરથ સિદ્ધ થશે. તમે પણ શા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃત પંડિતો થતા નથી ? શામાટે તમે હિંદુસ્તાનની તમામ જ્ઞાતિઓમાં સંસ્કૃત જ્ઞાનનો પ્રચાર કરવા માટે લાખો રૂપીઆ ખરચતા નથી ? મોટો સવાલ જ આ છે. જે પળે હું કહું છું તેમ તમે કરશો તેજ પળે તમે બ્રાહ્મણોના બરોબરીઆ થઇ શકશો. હિંદુસ્તાનમાં ઉચ્ચ પદવી અથવા અધિકાર પ્રાપ્ત કરવાની આજ ચાવી છે.

જેને સંસ્કૃતભાષાનું ઉંચા પ્રકારનું જ્ઞાન છે તે ભરતખંડમાં સન્માનને પાત્ર થાય છે. જો તમે સંસ્કૃત શીખશો તો તમારી વિરુદ્ધ બોલવાની કોઇની પણ હિંમત ચાલશે નહિ. એજ આપણા દેશમાં શક્તિનો મહામંત્ર છે; તેની જ સાધના કરવા મંડી જાઓ. અદ્વૈતવાદની એક પ્રાચીન ઉપમા હું અહીં લાગુ પાડીને કહું છું કે આખું જગત પોતાની માયાથી મોહિત થઈ ગયું છે, દૃઢ સંકલ્પ એ સર્વથી ઉચ્ચ અને અમોઘ શક્તિ છે. દૃઢ ઇચ્છાશક્તિવાળા પુરુષના શરીરમાંથી એક એવા પ્રકારનું તેજ બહાર નીકળે છે કે જેથી કરીને તે પોતાના જ હૃદયના ભાવ સર્વના હૃદયમાં જગાડી શકે છે. એવા પ્રબળ ઇચ્છાશક્તિવાળા પુરુષો વખતો વખત દુનિયામાં પ્રકટ થાય છે. સંકલ્પનું બળ તમે અનુભવ્યું છે ? જ્યારે અદ્ભુતશક્તિસંપન્ન પુરુષ પ્રકટ થાય છે, ત્યારે તેની પ્રતિભાના બળથી તેના વિચાર આપણા તેમજ બીજા ઘણાના હૃદયમાં પ્રવેશ કરે છે અને આથી કરીને ઘણા માણસો સરખા વિચારવાળા થાય છે અને એમ કરતાં કરતાં આખો જનસમુદાય બળવાન બની જાય છે. છૂટી છવાઇ વ્યકિતના બળ કરતાં અમુક મંડળ અથવા સમાજનું બળ શા કારણથી વધારે હોય છે ? સમાજનું એકીકરણ એ કાંઇ બહારની ક્રિયા નથી. એક પ્રત્યક્ષ દૃષ્ટાંત જુઓ. શા કારણથી માત્ર ચાર જ કરોડ અંગ્રેજો ત્રીશ કરોડ હિંદુઓ ઉપર અધિકાર ભોગવે છે ? એકતા જ એ શકિતનું મૂળ છે. તમે કદાચ એમ કહેશો કે એ તો જડશકિતનું જ પરિણામ છે, પણ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન્યતા ખોટી ઠરે છે. એ જડશક્તિનું નહિ પણ માનસિક અથવા આધ્યાત્મિક શક્તિનું પરિણામ છે. આ ચાર કરોડ અંગ્રેજો પોતાની તમામ સંકલ્પશક્તિનો એક જ દિશામાં એકજ કાર્ય માટે ઉપયોગ કરીને વિજયી નીવડે છે, અને આપણા ત્રીશ કરોડ હિંદુઓમાંથી દરેક જણ જુદી જુદી દિશામાં છૂટાછવાયા પ્રયત્ન કરીને પોતાની શક્તિનો મિથ્યા ક્ષય કરે છે; માટે જો ભરતખંડનું ઉજ્જવળ ભવિષ્ય જોવાની તમને ઇચ્છા હોય તો વિજયનો મહામંત્ર જે એકતા, શક્તિસંગ્રહ અને જુદી જુદી ઇચ્છાશક્તિઓને એકજ કેન્દ્રમાં સ્થિત કરવાની પ્રવૃત્તિ છે, તેનું સાધન કરો. અથર્વવેદની સંહિતાનો એક અપૂર્વ મંત્ર મને આ સમયે યાદ આવે છે કે:—

संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानतां।
देवा भागं यथा पूर्वे ઇત્યાદિ.

"તમે બધા એક માર્ગે ચાલનારા, એક પ્રકારની વાણીવાળા કે મનવાળા થાઓ, કારણ કે અસલના દેવતાઓ પણ એક મનના હતા તેથીજ તેઓ પોતાનો હિસ્સો લેવાને સમર્થ થયા હતા." એનું તાત્પર્ય એ છે કે જ્યારે દેવતાઓ પણ એક વિચારના થયા ત્યારે જ તેઓ મનુષ્યની ઉપાસનાને યોગ્ય થયા હતા. એકતા એજ હર કોઈ જનસમાજના દૃઢ બંધારણનું રહસ્ય છે; અને જ્યાં સુધી તમે 'આ આર્ય' અને 'આ દ્રવિડ'; 'આ બ્રાહ્મણ' અને 'આ શૂદ્ર'; એવી એવી તુચ્છ બાબતો વિષે અંદર અંદર કલહ કર્યા કરશો, ત્યાં સુધી હિંદનું ઉજ્જવળ ભવિષ્ય ઘડવા માટે જે શક્તિ અને ચેતન જરૂરનાં છે તેનો સંગ્રહ કરી શકશો નહિ. સ્મરણ રાખજો કે ભરતખંડના ઉત્કર્ષનો આધાર માત્ર એના ઉપર જ છે. દેશના તમામ માણસોની ઇચ્છાશક્તિના સંમિલનમાં, તેમને એક કેન્દ્રમાં સ્થિત કરવામાં જ ઉત્કર્ષની, વિજયની ચાવી સમાયલી છે. હાલનો દરેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીનો પોતાના મનમાં જુદા જુદા વિચાર સેવે છે અને બધા જાપાનીઝ એકજ વિચારના છે તેનું પરિણામ શું આવ્યું તે તમે સાંભળ્યું હશે.* જગતના ઇતિહાસમાં હમેશાં આ પ્રમાણે જ બનતું આવ્યું છે. તમે ઇતિહાસ ઉપરથી જોઇ શકયા હશો કે નાની પણ સુદૃઢ પ્રજાઓ, સંખ્યામાં અધિક પણ એકતા અને સુવ્યવસ્થાવગરની પ્રજાઓ ઉપર અધિકાર ભોગવતી આવી છે; કારણકે નાની સુદૃઢ પ્રજાઓ પોતાના વિચારની એકતા અને એકાગ્રતા સહેલાઇથી કરી શકે છે અને તેથી કરીને તેઓ ઘણી જ સહેલાઇથી બળવાન અને ઉન્નત થઇ શકે છે; અને હરકોઇ પ્રજામાં મનુષ્યોની સંખ્યા જેમ વિશાળ તેમ તેને એક જ વિચારથી, એકજ ઉદ્દેશથી કાર્ય કરવું મુશ્કેલ થઇ પડે છે. તેનું બંધારણ શિથિલ અને વ્યવસ્થાવગરનું થઇ જાય છે. અનિયંત્રિત અને અવ્યવસ્થિત લોકસમુદાય કદિ પણ એકત્રપણે કાર્ય કરી શકતો જ નથી; **માટે કોઇ પણ ઉપાયે આપણા અંદર અંદરના કલહ હવે એકદમ બંધજ થવા જોઇએ.**

આપણા સમાજમાં એક બીજો દોષ મારી નજરે પડે છે. સન્નારીઓ ! ×ક્ષમા કરજો, પણ સેંકડો વર્ષની ગુલામગિરીને પરિણામે આખો દેશ જાણે સ્ત્રીઓનોજ બનેલો હોય તેવો થઇ ગયો છે. આ દેશની અથવા કોઇ પણ અન્ય દેશની માત્ર ત્રણ જ સ્ત્રીઓ ફક્ત પાંચ જ મિનિટ એકઠી એસે તો લઢયા વગર રહેતી નથી. પાશ્ચાત્ય દેશોમાં સ્ત્રીઓની મોટી મોટી સભાઓ ભરાય છે અને સ્ત્રીઓની પદવી તથા અધિકાર વિષે ભાષણો આપી આકાશ ગજાવી મૂકે છે, પણ એ

* આ વ્યાખ્યાન અપાયું ત્યાર પહેલાં થોડા સમય પૂર્વે જ જાપાને ચીનને સખત હાર ખવરાવીને કોરીઆ જિતી લીધો હતો. ભા૦ ક૦

× આ સંબોધન પુરૂષસમાજનોનેજ ઉદ્દેશીને કરાયલું જણાય છે. બહેનોમાં ચૈતન્ય મૂકવા આવા પ્રયોગ થવા સ્વાભાવિક છે. સંપાદક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતને પૂરા બે દિવસ નથી થતા ત્યાર પહેલાં તો તેમની અંદર અંદર કજીઓ સળગે છે અને આખરે કોઇ પુરુષ આવીને તેમના સર્વના ઉપર અધિકાર ચલાવે છે ત્યારે તેમની સભાનું કામ આગળ ચાલે છે. આખી દુનિયામાં હજી સ્ત્રીઓને પુરુષના કાબુની જરૂર છે. આપણે બધા પણ સ્ત્રીઓ જેવા જ થઈ ગયા છીએ. જો કોઇ સ્ત્રી બીજી સ્ત્રીઓને સુમાર્ગે દોરવા પ્રયત્ન કરે તો તરતજ બધી સ્ત્રીઓ ભેગી થઇને તેને તોડી પાડે છે, તેના ઉપર સખતમાં સખત આક્ષેપ કરે છે અને તે એસી જાય ત્યારે જ જંપે છે; પણ જો પુરૂષ તેમના ઉપર સખત ટીકા કરે, તેમના તરફ નિર્દય વર્તન ચલાવે, તેમને વખતોવખત કડવાં વચન સંભળાવે તો તેથી તેમને કશું અપમાન લાગતું નથી; કેમકે તેમને પુરુષોનો અધિકાર સહન કરવાનો અભ્યાસ પડી ગયો છે. **આખું જગત જાદુ અને વશીકરણવિદ્યા જાણનારે શક્તિસંપન્ન વ્યક્તિઓ સર્વદા ધરાવે છે** અને તેઓ બીજા ઉપર પોતાની શક્તિ અજમાવતી જ આવી છે; પરંતુ જો આપણા દેશમાંનો કોઇ તેવો માણસ સૌનો આગેવાન થવા તૈયાર થાય તો આપણે બધા તેને દબાવી દઇએ છીએ પણ જો કોઇ પરદેશી આવીને આપણને લાતો મારે તો પણ તે સહન કરતાં આપણને જરા પણ અઘરૂં લાગતું નથી, કેમકે આપણને એવા પ્રકારનો વ્યવહાર સહન કરવાનો અભ્યાસ પડી ગયો છે. કપાળ ઉપર દાસત્વનો, ગુલામગિરીનો દાગ ધારણ કરીને આપણે મહાન થવાની શી રીતે આશા રાખીએ ? માટે આજ ને આજ એ ગુલામગિરીની નીચ ભાવનાનો પરિત્યાગ કરો.

બીજાં પચાસ વર્ષ સુધી આપણી પરમ આરાધ્ય દેવી એકલી હિન્દમાતા જ છે એવી ધારણા કરો. બીજાં બધાં દેવદેવીઓને એટલાં વર્ષ સુધી વિસારે મૂકશો તો કશી હાનિ થવાની નથી. બીજા બધા દેવો હમણાં ઉંઘી ગયા છે. હાલ માત્ર જે એકજ દેવી જાગૃત અવસ્થામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તે તમારી હિન્દમાતા છે. તેના બાહુ, તેના ચરણ, તેના કાન આખા દેશમાં પથરાઇ ગયા છે. તેની અંદર તેત્રીશ કરોડ દેવતાઓનો સમાવેશ થઈ ગયો છે. તમારી સન્મુખ, તમારી ચારે બાજુએ જ્યાં જુઓ ત્યાં આ માતાનાં દર્શન થાય છે, તેને મૂકીને તમે શા માટે બીજાં દેવદેવીઓની આરાધના પાછળ ફાંફાં મારો છો? બસ, હમણાં એ બધાંને છોડી દો અને માત્ર એક વિરાટ્સ્વરૂપની ઉપાસના કરવા તત્પર થાઓ. તેની ઉપાસના કર્યાથી તમામ દેવતાઓની ઉપાસના કરવાનો અધિકાર તમે પ્રાપ્ત કરશો. આ પહેલો પાઠ શીખ્યા વગર તમે કદિ પણ આગળ વધી શકશો ખરા કે? અડધો માઇલ તો તમારાથી પેટે ચલાતું નથી અને હનુમાનની માફક મહાસાગર કૂદી જવાની હામ ભીડો છો! એ કોઈ દિવસ નહિ બને. બધાને યોગી થવું છે! બધાને ધ્યાનસ્થ થવું છે! એ કદિ પણ નહિ બને. આખો દિવસ સંસારની અંદર કર્મકાંડમાં, વ્યવહારમાં રચ્યા પચ્યા રહેવું અને સાંજે ઘેર આવી પલાંઠી વાળીને નાકવાટે ફૂંફાડા માર્યાથી શું વળે? યોગ તે કાંઇ રમત વાત છે? ત્રણવાર નાક ઝાલ્યું એટલે બસ યોગી થઇ ગયા?! એ ફારસ–એ ઢોંગ જવા દો. ખરી જરૂરની વસ્તુ તો ચિત્તશુદ્ધિ છે. ચિત્તશુદ્ધિ કરવી હોય તો પ્રથમ પરમેશ્વરના વિરાટ્સ્વરૂપની ઉપાસના કરો–જે વિરાટ્સ્વરૂપ તમારી નજર આગળ છે, જેને જંગલોમાં કે ગુફાઓમાં શોધવા જવું પડે એમ નથી, તમારી આસપાસ ચારે બાજુએ જ્યાં જુઓ ત્યાં જેનાં દર્શન થાય છે તેની પૂજા કરો. 'પૂજા' કરતાં વધારે યોગ્ય શબ્દ છે જ નહિ. 'સેવા' 'ઉપાસના' એ શબ્દ પૂર્ણ અર્થવાહક નથી. મનુષ્ય માત્રને–પ્રાણિમાત્રને તમે ઈશ્વરની મૂર્તિઓ માનો, પણ સૌથી પ્રથમ તો તમારા સ્વદેશબંધુઓનીજ પૂજા કરજો. એમને જ અત્યારે તો આપણા ઇષ્ટ દેવતા તરીકે ગણવાની જરૂર છે. આપણે આપણાં ભયંકર કુકર્મનાં ફળ ભોગવીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ તોપણ હજી આપણી આંખ નથી ઉઘડતી !

વિષય એટલો બધો વિસ્તૃત છે કે મારે ક્યાં અટકવું તેની મને સમજ પડતી નથી; તોપણ મદ્રાસમાં જે પ્રકારનું કાર્ય કરવાનો મારો વિચાર છે તે વિષે થોડોક ઇસારો કરીને હું આજનું વ્યાખ્યાન પૂર્ણ કરીશ. **આપણા દેશની આધ્યાત્મિક અને લૌકિક કેળવણીની વ્યવસ્થા આપણે આપણા જ હાથમાં લઇ લેવી જોઇએ.** મારા કહેવાનો ભાવાર્થ તમે સમજ્યા હશો. તમારે એ વિષે મનમાં સારી રીતે ખ્યાલ બાંધવા, પુષ્કળ ચર્ચા કરવી, વિચાર કરવા, મનન કરવું અને ત્યાર પછી તમારા વિચારોને, તમારી યોજનાઓને વ્યવહારિક સ્વરૂપ આપવું. જ્યાંસુધી તમે આ કાર્ય નહિ કરો ત્યાં સુધી તમારા દેશનો ઉદ્ધાર થવાનો નથી. જે કેળવણી હાલમાં આપણા દેશમાં અપાય છે તેમાં થોડા ઘણા લાભ તો છે જ, પણ તેની સાથે તેનામાં કેટલીક ભયંકર ખામીઓ પણ છે અને એ ખામીઓ એટલી ગંભીર છે કે તેમનાથી બધા લાભ દબાઇ જાય છે. પ્રથમ તો એ કે જે કેળવણી મનુષ્યત્વ આપતી નથી તે પૂરેપૂરી અભાવસૂચક (Negative) છે. જે કેળવણીથી અથવા સંસ્કારથી માત્ર ખંડનનું કાર્ય થતું હોય તે મૃત્યુ કરતાં પણ વિશેષ ભયાનક છે. આપણા બાળકો નિશાળોમાં અને પાઠશાળાઓમાં શું શીખે છે? તેમના મગજ ઉપર કેવા સંસ્કાર પાડવામાં આવે છે? તેઓ એ શીખે છે કે આપણો પિતા મૂર્ખ છે; આપણો દાદો ગાંડો છે; પ્રાચીન કાળના ઋષિ મુનિઓ ઢોંગી હતા; અને આપણાં શાસ્ત્રો અસત્ય વાતોથી ભરપૂર છે. સોળ વર્ષની ઉમ્મર થતા પહેલાં તો આપણા દેશના છોકરાઓ ચેતનવગરના, અસ્થિવગરના, બીજાનું નચવ્યું નાચે એવાં પૂતળાંઓ જેવા થઇ જાય છે. આવા પ્રકારની કેળવણીનું પરિણામ એ આવ્યું છે કે અડધો સૈકો થયાં કેળવણી આપવાનું કાર્ય ચાલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે છતાં પણ મુંબઇ, મદ્રાસ અને બંગાળા એ ત્રણમાંથી એક પણ ઇલાકામાં સ્વતંત્ર મગજશકિતવાળો પુરુષ ઉત્પન્ન થયો નથી; અને જે જે ઉત્સર્ગશક્તિવાળા પુરુષો થયા છે તેમણે આ દેશમાં નહિ, પણ કોઇ બીજા દેશમાં જ કેળવણી લીધેલી છે અથવા તો પોતાનામાં ભરાઇ ગએલા કુસંસ્કારને દૂર કરવાને તેમણે કેળવણીની પ્રાચીન પદ્ધતિનું અવલંબન કર્યું છે. મગજમાં વિચારોના ઢગલે ઢગલા દાબીને ભરવા પણ એ વિચારોને જીરવાય નહિ તો તે મગજમાં આખી જિંદગી સુધી ગરબડ ગોટાળો ઉત્પન્ન કરે એનું નામ ખરી કેળવણી નથી. આપણે તો જુદા જુદા શુભ વિચારોને એવી રીતે મગજમાં ઉતારીને આપણા પોતાના કરી લેવા જોઇએ કે જેથી આપણું ચારિત્ર્ય અને જીવન દૃઢ થાય અને આપણે ખરા મનુષ્યત્વને પ્રાપ્ત કરીએ. જો તમે માત્ર પાંચ જ સારા વિચારોને સારી રીતે જીરવો અને તે વડે તમારા ચારિત્ર્ય અને જીવનનું દૃઢ બંધારણ કરી શકો તો હજારો પુસ્તકો ગોખી મારનાર કરતાં તમે વધારે સંગીન કેળવણી પામ્યા છો એમ કહેવાને લેશ માત્ર પણ હરકત નથી.

यथा खरश्चंदनभारवाही । भारस्य वेत्ता न तु चंदनस्य ॥

"ચંદનનો ભાર ઉપાડનાર ગધેડો ચંદનના ભારને જ જાણે છે પણ તેની સુવાસને જાણતો નથી."

કેળવણીનો અર્થ અનેક વિષયોની માહિતી એટલોજ થતો નથી. કેળવણીના સંબંધમાં આપણો આદર્શ એવો હોવો જોઇએ કે આપણા દેશની આધ્યાત્મિક અને તમામ પ્રકારની લૌકિક કેળવણી આપણાજ હાથમાં લેવી અને બને ત્યાં સુધી રાષ્ટ્રીય ધોરણ ઉપર, રાષ્ટ્રીય પદ્ધતિથી કેળવણી આપવાની શરૂઆત કરવી. અલબત્ત, આ યોજના ઘણી વિશાળ છે અને આપણા યુવકોને કેવા પ્રકારની કેળવણી આપવી એ પ્રશ્ન ઘણો ગંભીર છે. મારી યોજના ફતેહમંદ થશે કે કેમ તે હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહી શકતો નથી, પણ કોઇ પણ ઉપાયે કાર્યની શરૂઆત તો કરવીજ જોઇએ.

હવે સવાલ એ છે કે કયા પ્રકારે કાર્ય શરૂ કરવું, દાખલા તરીકે આપણે મદ્રાસની વાત કરીએ. આપણે પ્રથમ એક મંદિર બંધાવવું જોઇએ; કારણ કે હિંદુ પ્રજાની ભાવના પ્રમાણે દરેક કાર્યનો આરંભ ધર્મથી જ થાય છે. તમે મને એમ કહેશો કે જુદા જુદા સંપ્રદાયના લોકોમાં આ નવા મંદિરમાં કયા દેવનું પૂજન કરવું એ બાબતની તકરાર ઉભી થશે, પણ મારી યોજનામાં એવી તકરારને અવકાશ નથી. આપણે જે મંદિરની વાત કરીએ છીએ તેને આપણે સર્વાંશે અસાંપ્રદાયિક બનાવીશું અને બધા સંપ્રદાયના લોકો જેને પવિત્ર માને છે તે ૐ કારની જ ત્યાં ઉપાસના કરાવીશું. જો કોઇ સંપ્રદાય ૐ કારની ઉપાસના કરવાને વાંધો લે તો તેનો હિંદુપણા ઉપર લેશ માત્ર હક નથી. કારણ કે દરેક સંપ્રદાયના હિંદુઓ ૐ કારને તો પવિત્ર માને છે જ. ભલે દરેક જણ પોતપોતાના સંપ્રદાયની માન્યતા પ્રમાણે ૐ કારનો જુદો જુદો અર્થ કરે; પણ બધા સાથે ઉપાસના કરી શકે એવા એક સામાન્ય મંદિરની બહુજ જરૂર છે. બીજાં મંદિરોમાં તમારા પોતપોતાના સંપ્રદાયના ભિન્ન ભિન્ન ઉપાસનીય દેવોની મૂર્તિઓને ભલે રહેવા દો, પણ અહીં તો તમારે ભિન્ન સંપ્રદાયના લોકો સાથે સહિષ્ણુતાપૂર્વક વર્તન રાખવું પડશે. આ મંદિરમાં તો જુદા જુદા સંપ્રદાયોના સિદ્ધાંતોમાં જે સામાન્ય હોય તેનો જ ઉપદેશ આપવો અને જુદા જુદા લોકોને ત્યાં આવીને પોતપોતાના સિદ્ધાંત અથવા મતનો ઉપદેશ આપવાની પૂર્ણ સ્વતંત્રતા આપવી. માત્ર સરત એટલી જ કે તેમણે બીજા સંપ્રદાય ઉપર આક્ષેપ કરવો નહિ અથવા અમારો જ મત સાચો છે એવી તકરાર કરવી નહિ. તમારે જે કાંઈ કહેવાની ઇચ્છા હોય તે સુખેથી કહેજો. જગતને તેની જરૂર છે; પણ બીજા સંપ્રદાયના લોકોવિષે તમે શો મત ધરાવો છો, તે સાંભળવાની જગતને ફુરસદ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે એ તમારા મનમાં જ રહેવા દેજો.

બીજી બાબત એ છે કે એ મંદિરમાં શિક્ષકો અને ધર્મપ્રચારકોને કેળવવાની વ્યવસ્થા રાખવી, અને એવી રીતે કેળવાયલા શિક્ષકો આપણા દેશબાંધવોને ધર્મની તથા બીજા બધા પ્રકારની કેળવણી આપવાને માટે દેશમાં બધે મોકલવા. આધ્યાત્મિક અને લૌકિક કેળવણી સાથે સાથેજ અપાવી જોઇએ. જેમ હમણાં આપણે ઘેર ઘેર ફરીને એકલા ધર્મનો ઉપદેશ આપવાની વાત કરીએ છીએ તેમ લૌકિક વિષયની કેળવણી પણ દેશના બધા માણસોને મળવી જોઇએ, અને તેમ કરવામાં ઝાઝી મુશ્કેલી પણ નથી. જેમ જેમ આ શિક્ષકો અને ધર્મપ્રચારકોના કાર્યનો પ્રદેશ વધતો જશે તેમ તેમ તેમની સંખ્યા પણ વધતી જશે. એમ કરતાં કરતાં બીજાં શહેરોમાં પણ એવાં મંદિરોની સ્થાપના થશે અને આખરે સમગ્ર ભરતખંડ તેમનાથી વ્યાપ્ત થઇ જશે. આ મારો કાર્યક્રમ છે.

આ યોજના તમને ઘણી વિશાળ લાગતી હશે, પણ તેને અમલમાં મૂકવાની જરૂર જ છે. તમે એમ પણ કહેશો કે એ બધા કામને માટે નાણું ક્યાંથી લાવવું? નાણાંની બીલકુલ જરૂર નથી. એકલા પૈસાવડે કોઇ પણ કાર્ય સફળ થતું નથી. છેલ્લાં બાર વર્ષ થયાં હું કાલે શું ખાઇશ તેનો પણ મેં કશો બંદોબસ્ત કર્યો નથી, પણ નાણું તથા જે જે પદાર્થની જરૂર પડે છે તે બધાં મને આવી મળવાંજ જોઇએ. કારણ કે પૈસો મારો નોકર છે; હું પૈસાનો નોકર નથી. નાણું અને બીજાં બધાં જોઇતાં સાધનો તમને મળશે જ. બસ, મળવાં જ જોઇએ. **માત્ર સારાંશ એટલો જ છે કે કામ કરનારા માણસો ક્યાં છે?**

હે મદ્રાસવાસી યુવકો! મારી આશા તમારા ઉપર છે. તમે સમગ્ર ભારતીય પ્રજાનો પોકાર કાને ધરશો? આખી પ્રજા તમારી મદદ માટે પોકાર કરી રહી છે. તમે મારા વચન ઉપર વિશ્વાસ રાખી શકતા હો તો હું તમને કહું છું કે તમારૂં ભવિષ્ય ઘણું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉજ્જવળ અને યશસ્વી છે. તમારી પોતાની શક્તિ ઉપર અત્યંત પ્રબળ વિશ્વાસ રાખો. હું નાનો હતો ત્યારે મારામાં ઘણીજ આત્મશ્રદ્ધા હતી અને તે જ આત્મશ્રદ્ધાના પ્રતાપથી હું આજે આ બધાં મુશ્કેલ કામ પાર ઉતારી શક્યો છું. તમારે દરેકે આત્મશ્રદ્ધાનો સારી રીતે વિકાસ કરવો. તમારે નિશ્ચયપૂર્વક માની લેવું કે આત્માની અંદર અનંત શક્તિનો ભંડાર છે અને તેમ કરશો તો તમે આખા ભરતખંડનો પુનરુદ્ધાર કરી શકશો. હા, પછી આપણે દુનિયાના એક એક દેશમાં ફરી વળીશું અને થોડા જ સમયમાં આપણા વિચારનું બળ, જગતની પ્રત્યેક પ્રજાનું બંધારણ ઘડવામાં જે જુદી જુદી શક્તિઓ કામ કરી રહી છે, તેમના અંશ રૂપ બની જશે. આપણે હિંદુસ્તાનની અને હિંદુસ્તાન બહારની પ્રત્યેક પ્રજાના જીવનમાં પ્રવેશ કરીશું, આ પરિણામ લાવવાને આપણે કાર્ય કરવાની જરૂર છે.

હવે એ કાર્યને માટે મારે થોડાક તરુણ પુરુષોની જરૂર છે. વેદમાં લખ્યું છે કે "**अशिष्ठो बलिष्ठो दृढिष्ठो मेधावी।**" એટલે યુવાન, બળવાન, દૃઢ અને તીક્ષ્ણ બુદ્ધિવાળા પુરુષો જ પરમાત્માની પ્રાપ્તિ કરશે; મારે તેવા માણસો જોઇએ છે. તમારૂં ભવિષ્ય નક્કી કરવાનો આ જ ખરો સમય છે, કેમકે તમે તો યૌવનના પૂર્ણ ઉત્સાહથી ભરપૂર છો. પરાક્રમ કરવાનો સમય તમારામાં જુવાનીનું જોર ઉછાળા મારી રહ્યું હોય તે જ છે; નહિ કે તમે ઘરડા અને આખી જિંદગીભરના કામના બોજાથી ઘસાઇ જાઓ ત્યારે. અત્યારે તમારામાં ઉત્સાહ છે, વીર્ય છે, ચેતન છે. કામ કરવાનો આજ અવસર છે. પ્રભુને ચરણે સુંઘાયલાં, કરમાયલાં અને કચરાયલાં પુષ્પો અર્પણ ન થાય પણ તાજાં, ખીલેલાં, સુગંધવાળાં અને કોઇએ પણ સ્પર્શ ન કર્યો હોય એવાં પુષ્પોજ અર્પણ કરવા યોગ્ય છે. આખી જિંદગી સુધી નોકરી ધંધો કરી કરીને ઘસાઇ ગએલા નિર્વીર્ય પુરુષો નહિ પણ યુવાન,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિવાન અને સશક્ત પુરુષોજ હિંદમાતાની સેવામાં અર્પણ થઈ શકે અને તેમનોજ તે સ્વીકાર કરશે. ઉઠો, જાગૃત થાઓ; આયુષ્ય ઘણું ટૂંકું છે. વકીલાત કરવા કરતાં–નકામા કલહ કરવા કરતાં વધારે મહત્વનાં કામ કરવાનાં પડયાં છે. તમારી સ્વજાતિના ભલા માટે, આખી માનવજાતિની સેવા માટે તમારી જિંદગીનું બલિદાન આપવું એજ ઉદ્યમ સર્વથી શ્રેષ્ઠ છે. જિંદગીમાં શું છે ? તમે હિંદુઓ છો. તમે તમારી માતાઓના દૂધમાંથી આત્મા અમર છે એ સત્ય ગ્રહણ કરતા આવ્યા છો. દેહના નાશની સાથે આત્માનો નાશ થતો નથી એ વાત તમારે–હિંદુને મન સહજ છે. કોઇકોઇવાર કેટલાક તરુણ પુરુષો મારી પાસે આવીને નાસ્તિકતા વિષે ચર્ચા કરે છે, પરંતુ કોઇ પણ હિંદુ નાસ્તિક થઇ શકે એ હું માનતોજ નથી. ભલે તે પાશ્ચાત્ય ગ્રંથોનો અભ્યાસ કરે અને પોતાના મનથી ભલે કદાચ એમ માને કે હું જડવાદી બન્યો છું, પણ એ સ્થિતિ લાંબો વખત ટકશે નહિ. એ જડવાદના વિચાર તમારા હિંદુ લોહીમાં છેજ નહિ. તમારા બંધારણમાંજ ન હોય તેવા વિજાતીય વિચારોને તમે કદિ પણ તમારા પોતાના કરી શકશો નહિ. એવા અખતરા કદિ કરતા નહિ. હું નાનો હતો ત્યારે મેં એ અનુભવ કરી જોયો હતો, પણ લાંબો વખત ટકયો નહિ. **આયુષ્ય ટુંકું છે; આત્મા અવિનાશી અને અનંત છે; અને મૃત્યુ થશે એ ચોક્કસ વાત છે, માટે તૈયાર થાઓ. એક ઉત્તમ આદર્શ લઇને તેમાં આખું જીવન હોમી દેવું એજ આપણો દૃઢ સંકલ્પ થાઓ.** જે ભગવાન શ્રીકૃષ્ણ "પોતાના ભક્તોના, સાધુ પુરુષોના પરિત્રાણને માટે વારંવાર અવતીર્ણ થાય છે" તે આપણને આશીર્વાદ આપે અને તેની કૃપા વડે આપણા સર્વ મનોરથ સિદ્ધ થાઓ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી વિવેકાનંદ કલકત્તામાં.

મદ્રાસ છોડયા પછી સ્વામીજી કલકત્તે ગયા. સ્વાગતમંડળે કરેલા બંદોબસ્ત મુજબ એક સ્પેસ્યલ ટ્રેન ખિદિરપુર સ્ટેશનથી ઉપડી છેક મળસ્કામાં શિયાલદહ સ્ટેશને આવી પહોંચી. ત્યાં સ્વામીજીનો સત્કાર કરવા માટે આશરે વીશેક હજાર માણસો એકત્ર થયાં હતાં. ટ્રેન સ્ટેશન આગળ આવી પહોંચી એટલે સ્વામીજીએ ગાડીમાં ઉભા થઇને બધા લોકોને પ્રણામ કર્યા. સ્વામીજીની પ્રતિભા યુક્ત અને ચિત્તાકર્ષક કાંતિ જોઇને કલકત્તાવાસીઓના હૃદયમાં ઉત્સાહનો જુઆળ ચહડી આવ્યો અને 'ભગવાન રામકૃષ્ણ પરમહંસ દેવની જય' 'સ્વામી વિવેકાનંદની જય' એવા ધ્વનિથી આખું સ્ટેશન ગાજી ઉઠયું. યુવાન છોકરાઓએ સ્વામીજીની ગાડીના ઘોડા છોડી નાખી પોતેજ ગાડી ખેંચવા માંડી. રિપન કૉલેજ સુધીનો રાજમાર્ગ નાના પ્રકારનાં પત્ર-પુષ્પનાં રંગ બેરંગી તોરણો અને પતાકાઓથી શણગારવામાં આવ્યો હતો. રિપન કૉલેજમાં થોડો વખત થોભ્યા પછી સ્વામીજી રાય પશુપતિનાથ બસુ બહાદુરના, બાગ બજારમાં આવેલા મકાનમાં પોતાના ગુરુભાઇઓને મળ્યા. ત્યાં પશુપતિ બાબુના આતિથ્યનો સત્કાર કરી ત્યાંથી સ્વામીજી આલમ બજારમાં આવેલા મઠમાં ગયા. તેમના યુરોપિયન શિષ્યોએ ગોપાળલાલ શીલના કાશીપુરમાં આવેલા ઉદ્યાન-ગૃહમાં મુકામ કર્યો. સ્વામીજી મઠમાંથી રોજ ત્યાં આવતા અને પોતાને મળવા આવનારને નાના પ્રકારના વિષય ઉપર ઉપદેશ આપતા.

એક અઠવાડીઆ પછી સ્વામીજીને અભિનંદન આપવા માટે રાજા રાધાકાંત દેવના મકાનના વિશાળ ચોગાનમાં એક ગંજાવર સભા મળી હતી. એ પ્રસંગે લગભગ પાંચ હજાર માણસો એકત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયાં હતાં. રાજા વિનય કૃષ્ણ દેવ બહાદુર કે જેઓ આ સભાના પ્રમુખ હતા તેમણે માનપત્ર વાંચી સંભળાવ્યું હતું અને તેને ચાંદીની પેટીમાં મૂકીને સ્વામીજીને અર્પણ કરવામાં આવ્યું હતું. એ માનપત્ર નીચે મુજબ હતું:—

શ્રીમત્ સ્વામી વિવેકાનંદજીને,

પ્રિય બંધુ !

અમે કલકત્તા શહેરના તથા તેની આસપાસનાં કેટલાંક શહેરના નાગરિકો, આપ પોતાની જન્મભૂમિમાં શુભાગમન કરો છો તે પ્રસંગે આપનું અંતઃકરણ પૂર્વક સ્વાગત કરીએ છીએ, અને તેમ કરતાં આપે કરેલા કાર્ય તરફ અમે આભાર અને ગર્વભરી દૃષ્ટિથી જોઇએ છીએ; કારણ કે જગતના જુદા જુદા દેશોમાં આપે જે મહાન કાર્ય કર્યું છે અને આપે પોતાના જીવનનું જે ભવ્ય દૃષ્ટાંત જગત્ સમક્ષ રજુ કર્યું છે તે વડે માત્ર અમારા ધર્મનું જ નહિ પણ આખા ભરતખંડનું અને ખાસ કરીને બંગ દેશનું ગૌરવ અત્યંત વૃદ્ધિ પામ્યું છે.

૧૮૯૩ની સાલમાં અમેરિકાના શિકાગો નગરમાં જે 'જગતનો મહાન મેળો' ભરવામાં આવ્યો હતો તેના એક વિભાગમાં ધર્મ મહાસભાનું અધિવેશન થયું હતું. તે પ્રસંગે આપે આર્ય ધર્મના સિદ્ધાંતોનો ઉત્તમ રીતે પરિચય કરાવ્યો હતો. આપના વ્યાખ્યાનથી આપના શ્રોતૃવર્ગમાંથી ઘણા ખરાને દેવવાણીતુલ્ય ચમત્કારિક રીતે અપૂર્વ જ્ઞાન પ્રાપ્ત થયું હતું. આપે આપના ભાષણની પ્રતિભા અને માધુર્યવડે સર્વનાં મન હરણ કરી લીધાં હતાં. કેટલાક લોકોએ આપનું વ્યાખ્યાન શંકાશીલ પણે શ્રવણ કર્યું હતું; વળી કેટલાકે તેના ઉપર કટુ સમાલોચના પણ કરી હતી તોપણ આપ ઘણાખરા કેળવાયલા અમેરિકન લોકોના ધર્મવિચારમાં પરિવર્તન કરી શક્યા હતા. તેમના હૃદયમાં નવીન પ્રકાશનો ઉદય થયો હતો અને તેઓ સ્વભાવથીજ સત્યાનુરાગી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરળ હોવાથી આ નવીન પ્રકાશનો સંપૂર્ણ લાભ લેવાનો તેમણે દૃઢ સંકલ્પ કર્યો હતો. આપના કાર્યક્ષેત્રની મર્યાદા વધવા લાગી. આપના ધર્મપ્રચારના કાર્યનું બીજ અંકુરિત થઇને એક મહાન વૃક્ષતુલ્ય થતું ગયું. અનેક શહેરોમાંથી, અનેક દેશોમાંથી આપને નિમંત્રણ મળવા લાગ્યાં; આપને નાના પ્રકારના પ્રશ્નોના ઉત્તર આપવા પડયા. નાના પ્રકારની શંકાઓનું નિવારણ કરવું પડયું; અનેક મહાન ગંભીર પ્રશ્નોના ઉત્તર આપવા પડયા. આપે આ મહાન કાર્ય અત્યંત પરિશ્રમ લઇને, કુશળતા અને સરળતાથી બજાવ્યું છે અને તેનું ફળ ચિર સ્થાયી થયું છે. આપના ઉપદેશથી અમેરિકાના પ્રજાસત્તાક રાજ્યના અનેક સુશિક્ષિત મંડળોમાં ઉંડી અસર થઇ છે; નવા વિચાર અને સંશોધક વૃત્તિનું ઉદ્દીપન થયું છે અને અનેક સ્થળે હિંદુઓની ધાર્મિક ભાવનાઓનું વધારે સહૃદયતાપૂર્વક અવલોકન કરવાની વૃત્તિ જાગવાથી એ લોકોની ધર્મવિષયક ભાવનાઓમાં જબરૂં પરિવર્તન થવા પામ્યું છે. જુદા જુદા ધર્મોના જ્ઞાનવડે દરેક ધર્મનું અવલોકન અને અભ્યાસ કરવામાટે તથા આધ્યાત્મિક સત્યોનું સંશોધન કરવામાટે સ્થપાયલા મંડળો અને પ્રતિષ્ઠિત સમાજોની વધતી જતી સંખ્યા આપે પાશ્ચાત્ય દેશોમાં કરેલા કાર્યની સાક્ષી પૂરે છે. વેદાંતદર્શનના અભ્યાસ માટે લંડન શહેરમાં સ્થપાયલા વિદ્યાલયના આપ મૂળ સ્થાપક છો એમ કહેતાં સંકોચ થતો નથી. આપે નિયામતપણે વ્યાખ્યાનો આપ્યાં હતાં, આપના શ્રોતાઓ આપની વાણી સાંભળવાને નિયમિત રીતે હાજર થતા હતા અને આપના વિચારોનો અનેક સ્થળે સારો સત્કાર થયો હતો. સભામંદિરની બહાર પણ આપનો પ્રભાવ ઉત્તમ રીતે પડયો હતો. આપે લંડન શહેર છોડયું ત્યારે તે શહેરના વેદાંતદર્શનનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓએ આપને જે અભિનંદન આપ્યું હતું આપના તરફ આગ્રહપૂર્વક તેમણે જે ઉંડા આભારની લાગણીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રદર્શિત કરી હતી તે જોતાં તેઓની આપના પ્રત્યે કેવી પ્રીતિ, ભક્તિ અને શ્રદ્ધા હતાં તે અમે સારી રીતે સમજી શકીએ છીએ.

આપે વેદાંતના ઉપદેશક તરીકે જે મોટા પ્રમાણમાં વિજય મેળવ્યો છે તેનું કારણ માત્ર આપનું આર્યધર્મનાં રહસ્યોનું ઉંડું જ્ઞાન અને અપરોક્ષ અનુભવજ નથી, કે કેવળ વાણીની છટા અથવા સમર્થ લેખન-શક્તિ પણ નથી; કેમકે એમાં આપનું અપ્રતિમ ચારિત્ર્ય પણ એક મહત્વના કારણ રૂપ છે. આપનાં વ્યાખ્યાનો, નિબંધો અને ગ્રંથો તત્ત્વ-જ્ઞાન અને સાહિત્યના ભંડારનાં ઉમદા રત્ન જેવાં છે અને તેથી કરીને તેમનો લોકો ઉપર પ્રભાવ પડે એમાં પણ સંદેહ નથી; પરંતુ તેના કરતાં પણ સોગણું ઉત્તમ પરિણામ આપના સરળ, નિષ્પાપ અને આત્મત્યાગમય જીવનથી, તેમજ આપના અકૃત્રિમ વિનયથી, દૃઢ નિષ્ઠા અને તત્પરાયણતાના જ્વલંત દૃષ્ટાંતથી નીપજ્યું છે.

અમારા ધર્મનાં મહાન સત્યોના આચાર્ય રૂપે આપે જગતનું જે કલ્યાણ સાધ્યું છે તેનો સ્વીકાર કરતી વખતે આપના પરમ પૂજ્ય અહ્વારપદ ગુરુ રામકૃષ્ણ પરમહંસની સ્વર્ગીય સ્મૃતિ પ્રત્યે સન્માન પ્રદર્શિત કરવાની અમને આવશ્યકતા લાગે છે. આપની અમને પ્રાપ્તિ થઇ છે તે બદલ પણ અમે તેમના ઋણી છીએ. આપની અંદર જે સ્વર્ગીય અગ્નિનો તણખો ગુપ્તપણે રહેલો હતો તે તેમણે પોતાની અપૂર્વ દિવ્ય દૃષ્ટિના પ્રતાપથી ઘણા સમયથી પારખી લીધો હતો અને આપના ભવિષ્યના જીવન વિષે ભવિષ્ય વાણી× પણ પ્રકટ કરી હતી. મોટા આનંદની વાત છે કે આજે એ ભવિષ્યવાણીને અમે સફળ થએલી જોઇએ છીએ. ઇશ્વરની કૃપાથી આપને જે દિવ્ય દૃષ્ટિ

× આ ભવિષ્યવાણી આ ખાતા તરફથી હવે પછીના વર્ષમાં પ્રકટ થનાર "રામકૃષ્ણ કથામૃત" નામના પુસ્તકમાં વિસ્તારથી આપેલી છે, તે સમયે વિવેકાનંદનું નામ નરેન્દ્ર હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને અમાનુષિક શક્તિ પ્રાપ્ત થએલી હતી તેના ઉપરનાં આવરણ દૂર કરનાર તેજ મહા પુરૂષ હતા. તેમણેજ પોતાના પવિત્ર સ્પર્શવડે તમારા વિચારો અને જીવનના ઉદ્દેશની દિશા પલટાવી નાખ્યાં અને ઇન્દ્રિયાતીત પ્રદેશોનાં સત્યોનું અન્વેષણ કરવાને આપને પ્રોત્સાહિત કર્યા. એ મહાત્માએ ભરતખંડની ભવિષ્યની પ્રજાને જે કિંમતી વારસો આપ્યો છે તે આપ પોતેજ છો.

હે મહાત્મન્ ! આપે જે માર્ગ ગ્રહણ કર્યો છે તે માર્ગ ઉપરથી ચલિત થયા વગર બહાદુરીથી આગળ ને આગળ પ્રગતિ કરતાજ જજો. આપે આખું જગત્ જીતી લેવાનું છે. મૂર્ખ, નાસ્તિક અને દુરાગ્રહથીજ જાતે અંધ થએલી પ્રજાઓને હિંદુ ધર્મનો ઉપદેશ આપીને એ મહાન્ ધર્મના રક્ષકનું કાર્ય કરવાનું છે. આપે જે ઉત્સાહથી આપનું કાર્ય આરંભ્યું છે તે જોઇને અમારા હૃદયમાં આપને માટે શ્રદ્ધા અને સન્માન ઉત્પન્ન થાય છે, અને અત્યાર સુધીમાં આપે જે સફળતા મેળવી છે તેની સાક્ષી જગતના અનેક દેશો પૂરે છે, પણ હજી આપને ઘણું કામ કરવાનું બાકી રહ્યું છે. અમારો દેશ–અમારો શા માટે-આપણો દેશ આપની મદદની રાહ જોઇ રહ્યો છે. ખુદ હિન્દુઓનાજ સમુદાયને તેમના ધર્મનાં સત્યો આપે શીખવવાનાં છે. આ મહાન કાર્ય કરવાને આપ સજ્જ થાઓ. આપના સામર્થ્યમાં અને આપના જીવન-વ્રતના વાજબીપણામાં અમને પૂર્ણ શ્રદ્ધા છે. આપણા પ્રજાધર્મને કોઇ પણ પ્રકારના સાંસારિક વિજયની સ્પૃહા નથી. તેનો ઉદ્દેશ કેવળ આધ્યાત્મિક છે. જડદૃષ્ટિથી અગોચર પણ વિચારદૃષ્ટિથી સ્પષ્ટ જોઇ શકાય એવાં સત્યો આપણા ધર્મનાં હથિયાર છે. અંતશ્ચક્ષુ ઉઘાડવાને ઇન્દ્રિયાતીત પ્રદેશોમાં પ્રવેશ કરવાને, શાસ્ત્રોનું સમ્યક્ અવલોકન કરવાને, પરમ સત્યની સન્મુખ ઉભા રહેવાને અને મનુષ્ય તરીકે જગતમાં તેમનું જે યથાર્થ સ્થાન અને અંતિમ સ્થિતિ છે તેનો સાક્ષાત્કાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાને સમગ્ર જગતને અને જરૂર પડે તો હિંદુઓને પણ સંબોધન કરીને ઉપદેશ આપો. માનવ જાતિને જાગૃત કરવાને અને ઇશ્વરનો આદેશ પહોંચાડવાને આપના કરતાં વિશેષ યોગ્યતાવાળો કોઇ છે જ નહિ અને ઇશ્વરના આદેશાનુસાર જે જીવનવ્રત આપે આદર્યું છે તેમાં અમે પૂર્ણ સહાનુભૂતિ અને ભક્તિપૂર્વક સહાયતા આપતાજ રહીશું એવું અમે આપને નિશ્ચયપૂર્વક જાહેર કરીએ છીએ.

અમે છીએ,

હે પ્રિય બંધુ !

આપના સ્નેહાધીન મિત્રો અને ભક્તો.

ઉપલા અભિનંદનનો સ્વામીજીએ આપેલો પ્રત્યુત્તર.

મનુષ્ય પોતાની મુક્તિને માટે જગત સાથેનો પોતાનો સંબંધ સમૂળગો તોડી નાખવા ઇચ્છે; તે પોતાનાં સ્વજન, સ્ત્રી, પુત્ર, બંધુ વગેરેનાં સ્નેહબંધન તોડીને સંસારથી દૂર થાય; દેહના સર્વ પ્રકારના સંબંધ અને જુના સંસ્કારનો એક સામટો ત્યાગ કરવાને યત્ન કરે; એટલે સુધી કે પોતે મનુષ્ય છે એનું પણ વિસ્મરણ થઇ જવા સારૂ જીવપર આવીને મહેનત કરે; આટલું છતાં પણ તેના અંતઃકરણના ઉંડાણમાં હમેશાં એક કોમળ રણકાર તે સાંભળે છે; તેના હૃદયનો એક તાર ઝણઝણે છે અને તેનો સુર તે સાંભળે છે. એક અવાજ જાણે ધીમેથી તેના કાનમાં કહેતો હોય કે 'તું પૂર્વના દેશોમાં જા કે પશ્ચિમના દેશોમાં જા, પણ અંતે ધરજ દુનિયાનો છેડો છે' એવો તેને આભાસ થાય છે. જાણે તેના હૃદયના ઉંડાણમાંથી કોઈ અવાજ આવતો હોય કે **જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી** એવી તેને પ્રતીતિ થાય છે. ભારત સામ્રાજ્યના પાટનગરના નાગરિકો ! હું આજે તમારી સમક્ષ એક સંન્યાસી તરીકે ઉભો નથી, એક ધર્મ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રચારક તરીકે ઉભો નથી પણ હું તમારી સાથે કેટલાંક વર્ષ અગ
કલકત્તાના એક સામાન્ય યુવક તરીકે વાત કરતો હતો તેવીજ હા
તમાં ઉભો છું. હજી પણ મને એવી ઇચ્છા થઇ આવે છે કે, જાણે તમ
સાથે રસ્તા વચ્ચે ધૂળમાંજ બેસી જાઉં અને બાળપણની સરળતા
તમારી આગળ મારૂં અંતઃકરણ ખુલ્લું કરૂં. હે ભાઇઓ ! તમે સંન્યાસ
માટે નહિ વપરાતા 'બન્ધુ' એવા શબ્દથી મને સંબોધન
છે તેને માટે હું તમને મારા ખરા અંતઃકરણથી ધન્યવાદ આપું
અલબત્ત, હું તમારો ભાઈ છું અને તમે મારા ભાઇઓ છો. મેં ઈ
છોડયું એ અરસામાં મને મારા એક અંગ્રેજ મિત્રે પ્રશ્ન કર્યો
'સ્વામીજી ! ચાર વર્ષ સુધી વિલાસમય, ગૌરવાન્વિત અને શ
સંપન્ન પાશ્ચાત્ય દેશોનો અનુભવ લીધા પછી તમને તમારો દેશ ગ
ખરો કે ?' મેં ઉત્તર આપ્યો કે 'હું પશ્ચિમના દેશોમાં આવ્યો ત
પહેલાં હું મારા સ્વદેશને ચાહતો હતો અને આજે તો ભરતભૂ
રજની કણિકા પણ મારે મન અત્યંત પવિત્ર બની ગઇ છે, ભ
ખંડની હવા પણ મને પવિત્ર લાગે છે. અત્યારે મારી ભારતભૂ
મારે મન એક પવિત્ર તીર્થતુલ્ય છે.' આ સિવાય મને બી
જવાબ સૂઝ્યો નહિ.

હે કલકત્તાવાસીઓ ! મારા ભાઇઓ ! તમે મારા પ્રત્યે જે અ
ગ્રહ બતાવ્યો છે તે માટે તમારો આભાર જણાવવાને મારી વા
અસમર્થ છે અથવા તો મારે તમારો આભાર માનવાનું પ્રયોજન
નથી; કેમકે તમે મારા ભાઇઓ છો અને મારા તરફ તમે સાચા
તરીકેની ફરજ બજાવી છે. અરે ! આ કાર્ય એ ખરેખરા હિન્દુબ
જ કાર્ય છે; કારણ કે આવું કુટુંબબંધન, આવું સગપણ અને અ
સ્નેહ આપણી માતૃભૂમિની હદ બહારના કોઈ પણ દેશમાં જો
આવતાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિકાગોની ધર્મમહાસભા એક મહાન્ બનાવ હતો એ વાત ખરી છે. એ સભાના પરિચાલકોને હિંદુસ્તાનનાં અનેક શહેરમાંથી ધન્યવાદ આપવામાં આવ્યો છે, તેઓએ આપણા તરફ એવી મમતા રાખી હતી કે તે જોતાં તેઓ ધન્યવાદને પાત્ર છે; પણ જો એ ધર્મમહાસભાનો ખરો ઇતિહાસ જાણવો હોય, તેમનો ઉંડો હેતુ સમજવો હોય તો હું તમને અત્યારે તે વિષે જે કહું છું તે સાંભળજો. એ લોકોની ઉમેદ એવી હતી કે એ સભાદ્વારા પોતાનું (ખ્રીસ્તી ધર્મનું) શ્રેષ્ઠત્વ સિદ્ધ થાય. ત્યાંના ઘણાખરા લોકોની એવી ઇચ્છા હતી કે એમ કરીને ખ્રિસ્તીધર્મની પ્રતિષ્ઠા વધારવી અને બીજા ધર્મ ખ્રિસ્તીધર્મને મુકાબલે જંગલી છે એમ સિદ્ધ કરીને તેમનો ઉપહાસ કરાવવો, પણ પરિણામ તેમની ધારણા મુજબ ન આવતાં કાંઇક વિપરીતજ આવ્યું. ઇશ્વરનીજ ઇચ્છા એવી હતી તેથી તેમ થયા વગર રહે એમ ન હતું. તેઓમાંના ઘણાએ મારા તરફ અનુકંપા-ભર્યું વર્તન કર્યું હતું, પણ તે બદલ તેમને પૂરતો ધન્યવાદ મળ્યો છે. હવે વિશેષ આપવાની જરૂર નથી. ખરી હકીકત એ છે કે હું અમેરિકા ગયો તે કાંઇ એ ધર્મમહાસભાને માટેજ ગયો ન હતો. એ તો એક પંથ ને દો કાજ જેવું હતું. એ સભાદ્વારા મારે માટે કેટલાક માર્ગ મોકળા થાય એમ હતું અને મારા કાર્યને માટે કેટલાક પ્રકારની અનુકૂળતાઓ મળશે એવો સંભવ હતો અને તેને માટે એ ધર્મ-મહાસભાના સભાસદોનો હું ઋણી છું; પણ વાસ્તવિક રીતે તો મારે ખરેખરો ધન્યવાદ સંયુક્ત સંસ્થાનોની મહાન પ્રજાને આપવાનો છે. એ મહાન અમેરિકન પ્રજા—સહૃદયતા અને આતિથ્યથી ભરેલી અમેરિકન પ્રજામાં ભ્રાતૃભાવની ભાવના જેટલે અંશે કેળવાઇ છે તેટલી બીજી કોઇ પણ પ્રજામાં કેળવાઇ નથી. એક અમેરિકન સાથે અમસ્તું ટ્રેનમાં પાંચ મિનિટનું ઓળખાણ થયું હોય તો પણ તે તમારી સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મિત્ર જેવો વ્યવહાર કરે છે, તમને તે પોતાને ઘેર તેડી જઇ તમારૂં સારી રીતે આતિથ્ય કરે છે અને ખુલ્લા દિલથી તમને પોતાના મનની વાત કહે છે. એજ અમેરિકન પ્રજાનું જાતીય લક્ષણ છે અને તે આપણી અત્યંત પ્રશંસાને યોગ્ય છે. તેમણે જે સ્નેહ મારા તરફ દર્શાવ્યો છે તેનું વર્ણન મારાથી થઇ શકે એમ નથી. તેમણે મારા પ્રત્યે જે અદ્‌ભુત સ્નેહ અને દયા બતાવ્યાં છે તેનું બ્યાન કરવા બેસું તો વર્ષોનાં વર્ષ વીતી જાય.

પણ એકલા અમેરિકનોજ ધન્યવાદને પાત્ર નથી. આટ્‌લાંટિક મહાસાગરની બીજી બાજુએ વસતી અંગ્રેજ પ્રજાનો પણ હું તેટલોજ આભારી છું. જ્યારે મેં ઇંગ્લંડની ભૂમિ ઉપર પગ મૂક્યો ત્યારે મારા અંતઃકરણમાં અંગ્રેજ પ્રજા માટે જેટલો તિરસ્કાર હતો તેથી વધારે તિરસ્કાર સાથે ભાગ્યેજ બીજા કોઇએ એ દેશમાં પ્રવેશ કર્યો હશે, અને જે અંગ્રેજ ગૃહસ્થો આજે આ પ્લાટફૉર્મપર બેઠેલા છે તેઓ આ વાતની સાક્ષી પૂરશે; પણ જેમ જેમ હું એ લોકો સાથે વસીને વધારે ગાઢ પરિચયમાં આવતો ગયો, જેમ જેમ અંગ્રેજોના પ્રજાજીવનના યંત્રની ગતિનું અવલોકન કરતો ગયો, તેમ તેમ એ મહાન પ્રજાના હૃદયના ધબકારા ક્યાં થાય છે તે સ્થાન હું જાણવા પામ્યો અને તેમને હું વિશેષ ચહાવા લાગ્યો. બંધુઓ! અંગ્રેજ પ્રજાપર જેટલો પ્રેમ રાખું છું તેથી વધારે પ્રેમ રાખનાર આ સભામાંથી ભાગ્યેજ કોઇ નીકળી આવશે, પણ તે દેશમાં શું શું થાય છે તે તમારે પ્રથમ સારી રીતે જાણવું જોઇએ, ત્યાં કેવા કેવા બનાવો બને છે તે જાતે જોવા જોઇએ અને એ લોકોની સાથે ભળી જવું જોઇએ. આપણા દર્શન શાસ્ત્ર વેદાંત કહે છે કે સંસારનાં તમામ દુઃખ અને સંતાપનું મૂળ કારણ અજ્ઞાન છે તેમ આપણા લોકો અને અંગ્રેજો વચ્ચે જે કડુતા ઉત્પન્ન થાય છે તેનું મૂળ કારણ પણ અજ્ઞાનજ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે આપણા હૃદયની ઉદારતા અને આપણને તેમના હૃદ
ની નથી. [illegible] એ છે કે પાશ્ચાત્ય લોકોની માન્યતા પ્રમાણે
આધ્યાત્મિકતા અને નીતિ પણ વૈદિક ઉન્નતિની સાથે જ્યારે પ્રગટ છે;
આવી રીતમાં જ્યારે કોઈ અંગ્રેજ અથવા બીજો યુરોપિયન આપણી
દેશમાં સ્ત્રીને ઉદ્ધારની કંગાલીયત અને દુર્દશા જુએ છે, ત્યારે તેઓ એ હકીકત
સ્વીકારે અનુમાન પર આવી જાય છે કે અહીંના લોકો ધર્મતાદ વિષયમાં
વધુ પ્રગતિ છે અને તેમની નીતિ પણ ઉચ્ચ દરજ્જાની જ હશે. પરંતુ
આધ્યાત્મિકતામાં તેમનો અનુભવ એવો જ છે કે યુરોપના દેશોની
હકીકત જોતાં સીધા પણ છે. પરંતુ પૂર્વના દેશોમાં ઠંડી પ્રકૃતિ પ્રત્યક્ષ
ઉદાહરણ તરીકે સ્ત્રીઓ દારિદ્ર્ય અને અનીતિ એ જ પાત્રમાં જોવામાં
આવે છે. જ્યાં જ્યાં દારિદ્ર્ય છે ત્યાં ત્યાં પાપ અને અનીતિ પણ હોય
છે. પણ હિંદુસ્તાનમાં એમ નથી. પરિસ્થિતિ છે. હિંદુસ્તાનની પ્રાચીનતામાં
તેમ જ આનુભવ એવો છે કે જ્યાં વધારે પ્રમાણમાં ધર્મ નીતિનું
ઉલ્લંઘન જ્યાં થાય છે ત્યાં હિંદુસ્તાનના શ્રીમંત વર્ગ
તેમાં હાનીકારક વર્ગમાં નીતિ વધારે સારી રીતે સાચવાય છે.
હિંદુસ્તાનના પ્રજાજીવનનું આખી દુનિયાથી સરખાવતાં નિઓ સમુચ
ચ્ચ છે. અને હિંદુસ્તાનમાં ઘણો વખત રહીને વધુ પ્રગતિ બરાબરી
કરનાર કેટલા થોડા અંગ્રેજો પ્રશંસા કરે છે? આપણા લોકોના ચારિત્ર્યની
ઉન્નતિ નિષ્પક્ષપાતપણે અવલોકન કરીને તેની ખુબી સમજે
એવા થોડા જ અંગ્રેજો છે. આજ દેશમાં-ફક્ત આજ દેશમાં
એવી પ્રજા વસે છે કે જ્યાં દારિદ્ર્યનો અર્થ પાપ અને અનીતિ
કરતો નથી, એટલુંજ નહિ પણ ગરીબ માણસો પવિત્ર મનાય છે;
ગરીબાઈ એ સાધુતાનું લક્ષણ મનાય છે અને સંન્યાસીના કૌપીનને
દુનિયામાં ઉંચું સ્થાન આપવામાં આવે છે. તેવી જ રીતે આપણે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ લોકોના જનસમાજના રીતરિવાજોનું ધૈર્યથી અવલોકન કરવું જોઇએ અને ઉપર ઉપરથી જોઇને એકદમ તેઓ આવા છે, એવું ઉતાવળથી અનુમાન બાંધી ન લેવું જોઇએ. પશ્ચિમના દેશોમાં સ્ત્રી પુરૂષો છૂટથી એક બીજાની સાથે હળે મળે છે તેમાં અને ત્યાંના બીજા રીત રિવાજોમાં રહસ્ય છે અને જો તમે તેમના જીવનનું શાંતિથી અવલોકન કરો તો તમને તેમની ઉચ્ચતા જણાયા વગર રહેશે નહિ. મારા કથનનું એવું તાત્પર્ય નથી કે તેમના રીતરિવાજો અને ભાવનાઓને આપણા જીવનમાં દાખલ કરી દેવાં અથવા તો અંગ્રેજોએ આપણા રિવાજોનું અનુકરણ કરવું. દરેક પ્રજાના રિવાજ સેંકડો વર્ષના ધીમા વિકાસના પરિણામ રૂપ છે અને લોકોના જીવનની સાથે દૃઢપણે બંધાઇ ગયા છે. તાત્પર્ય એજ છે કે દરેકના રીતરિવાજમાં ઊંડો અર્થ સમાયલો છે; માટે તેમણે આપણા રિવાજોનો ઉપહાસ ન કરવો તેમ આપણે પણ તેમના રિવાજો તરફ તિરસ્કારની દૃષ્ટિથી ન જોવું.

હવે આ સભાસમક્ષ એક બીજી બાબત રજુ કરવા ઇચ્છું છું. મારા અભિપ્રાય પ્રમાણે અમેરિકા કરતાં ઇંગ્લાંડમાં ધર્મપ્રચારનું કાર્ય મારાથી વિશેષ સંતોષજનક થયું છે. મને કહેવા દો કે નિર્ભય દૃઢ મનની અને સ્થિર ચિત્તવૃત્તિવાળી અંગ્રેજ પ્રજા એવી છે કે તેમના મગજનું ઢાંકણુ બીજી પ્રજાઓ કરતાં વધારે દુર્ભેદ્ય છે. તેઓ નવીન વિચાર ગ્રહણ કરવામાં જરા ધીમા છે એ વાત ખરી પણ જો તમે એકવાર એમના મગજમાં અમુક વિચાર ઠસાવી શકો તો એમની અસાધારણ શાક્ત અને કાર્યકુશળતાના ગુણવડે એ વિચાર તરતજ અંકુરિત થઇને મહાન પરિણામ નિપજાવશે. બીજા દેશમાં તેમ બની શકતું નથી. અંગ્રેજ પ્રજામાં જે મહાન કાર્યકારિણી શક્તિ અને અખુટ જીવનશક્તિ જોવામાં આવે છે તે અન્ય પ્રજામાં નથી. તેઓમાં કલ્પનાશક્તિની ન્યૂનતા છે પણ તેમની કાર્ય કરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ અગાધ છે. એ અંગ્રેજ પ્રજાની શક્તિનાં ગુપ્ત ઝરણાં ક્યાં રહેલાં છે તેનો પત્તો મળવો મુશ્કેલ છે. તેમના હૃદયમાં કેવી કલ્પનાશક્તિ અને લાગણીની તીવ્રતા છે એ વાત ઉપર ઉપરથી જોનારને સમજાય તેવી નથી. એ એક ખરેખરી વીર પ્રજા છે; અંગ્રેજો પૂરા ક્ષત્રિયો છે; પોતાના હૃદયના ભાવને ગુપ્ત રાખવાની અને કદિપણ પ્રકટ ન કરવાની તેમને પહેલેથીજ તાલિમ મળે છે. એક અંગ્રેજને અથવા અંગ્રેજ સ્ત્રીને પણ પોતાના હૃદયના ભાવ પ્રકટ કરતાં તમે ભાગ્યે જ જોશો. મેં અંગ્રેજ સ્ત્રીઓને એવાં એવાં કામ કરતી જોઇ છે કે તેવાં કામ કરતાં બહાદુરમાં બહાદુર બંગાળી પણ પાછો હઠી જાય; પણ એ બહાદુરી અને યોદ્ધાને છાજે એવી કઠોરતાની પાછળ અંગ્રેજોના હૃદયના ઉંડાણમાં કોમળ લાગણીઓનાં ઝરણાં વહેતાં હોય છે. જો તમે ત્યાં સુધી પહોંચી શકો, જો તમે એ ગુપ્ત ઝરણાં ફોડી શકો, જો તમે અંગ્રેજોની સાથે હળીમળીને તેમના નિકટના પરિચયમાં આવો, તો જરૂર તેઓ તમને પોતાના મિત્ર તરીકે ગણશે; તમારી આગળ પોતાનું હૃદય ઠાલવશે અને તમારા સદાના મિત્ર અને સેવક બનશે. આથી કરીને મારા સમજવા પ્રમાણે બીજા દેશો કરતાં ઇંગ્લાંડમાં હું વધારે સંતોષકારક અને સંગીન કામ કરી શક્યો છું; અને જો કદાચ આવતીજ કાલે મરણ પામું તોપણ મેં ઇંગ્લાંડમાં કરેલું કામ ક્ષય ન પામતાં ઉત્તરોત્તર વિકાસ પામતું જશે.

ભાઇઓ ! તમે મારા હૃદયના એક બીજા તારને–ઉંડામાં ઉંડા તારને છેડ્યો છે. મારા ગુરુદેવ, મારા આચાર્ય, મારા જીવનના આદર્શ, મારા ઇષ્ટદેવતાતુલ્ય શ્રીરામકૃષ્ણ પરમહંસનું તમે મને સ્મરણ કરાવ્યું છે. જો મેં મન, વાણી અને કર્મથી એક પણ સત્કાર્ય કર્યું હોય, જો જગતના કોઇપણ મનુષ્યને ઉપકારક થઇ પડે એવું એકપણ વચન મારા મુખમાંથી નીકળી ગયું હોય તો તેનો યશ મને નહિ પણ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાપુરુષને જ છે; અને જેમાં કોઈ પણ કટુ વાક્ય ઉચ્ચાર્યું હોય, મારા
બુદ્ધિમાંથી તિરસ્કારપૂર્વક વચનો નીકળી ગયાં હોય તો તેને માટે હું
એકલો જ જવાબદાર છું. મારામાં જે નિર્બળતા અને ખામીઓ છે
તે સર્વ મારાં છે; મારામાં જે કાંઈ જીવનપ્રદ, બળ પ્રેરનાર અને પવિ
ત્રતા આપનાર શક્તિઓ હોય તો તે સર્વ તેમની પ્રેરણાનું અને તેમનાં
ઉપદેશનું પરિણામ છે અથવા એ સર્વ મારી પોતાની રહેલી છે. બંધુઓ
હજી એ મહાપુરુષને જગત ઓળખી શકે તે દિવસ ઘણો દૂર છે.
આપણે જગતના ઇતિહાસમાં સેંકડો મહાપુરુષોનાં જીવનચરિત્ર વાંચીએ
છીએ. જે સ્વરૂપમાં એ જીવન ચરિત્રો આપણને વાંચવા મળે છે
તેમના શિષ્યોએ સેંકડો વર્ષ થયાં અનેકવાર સુધારી વધારીને તેમ
લખાણનું પરિપક્વ રૂપ છે. પ્રાચીન કાળના મહાત્માઓનાં જીવન
ચરિત્રોને તેમને લખનારાઓએ હજારો વર્ષ સુધી છોલીને, ઘસીને
મોરકુ ટાંકણાં મારીને આપણને મનોહર મૂર્તિના સ્વરૂપમાં આપ્યાં
છે; તોપણ મારી ખાતરી એવી છે કે જે મહાત્માનું મેં જાતે દર્શન
કર્યું હતું, જેની છાયાનો મેં આશ્રય લીધો હતો અને જેના ચરણ પાસે
બેસીને હું સર્વ શીખ્યો હતો તે રામકૃષ્ણ પરમહંસનાં જીવન
ઉજ્જ્વલ અને મહિમાવંત જીવન બીજાં કોઈનું પણ નથી.
બંધુઓ! તમને ભગવદ્ગીતાનો સુપ્રસિદ્ધ શ્લોક યાદ હશે કે

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

એનો સાચો સમાર્થ એક બીજી બાબત પ્રત્યે સ્મરણમાં રાખવો
છે. એ બાબત એ જ આપણે વર્ષોવર્ષ જોઈએ છીએ કે
આવી પ્રબળ ભરતીના મહિમાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજમાં જ્યાં ત્યાં ધાર્મિક ભાવનાના ક્ષુદ્ર તરંગ ઉત્પન્ન થવા લાગે છે. એવો એકાદ તરંગનું અસ્તિત્વ પણ કોઇના જાણવામાં આવતું નથી. તેના તરફ કોઇની દૃષ્ટિ પણ પડતી નથી, તેનો કોઇને વિચાર સરખો આવતો નથી, પણ કાળક્રમે તે મહાન રૂપ ધારણ કરે છે અને બીજા નાના નાના તરંગોનો ગ્રાસ કરીને તેમને પોતાની અંદર સમાવી દે છે. એ પ્રમાણે તે ઘણાજ વિપુલ અને બલવાન મહામોજનું રૂપ ધારણ કરીને આખા જનસમાજ ઉપર એવા પ્રબળ વેગથી અથડાય છે કે તેની ગતિનો અવરોધ કરવા કોઇનામાં પણ સામર્થ્ય હોતું નથી. એવો એક પ્રભાવ હમણાં આપણા સમયમાં પ્રવર્તી ચૂક્યો છે. જો તમને નેત્રો હોય તો તમે જોઇ શકશો. જો તમારા હૃદયનાં દ્વાર ખુલ્લાં થયાં હોય તો તમે તેને ઝીલી શકશો. જો તમારામાં સત્યશોધક વૃત્તિ જાગ્રત થઇ હોય તો તમે તેનો પત્તો મેળવી શકશો. જેમ મારા ખુલ્લા સમયનાં ચિહ્ન જોઇ શકતો તથી તે પારેખર અંધ છે. હું જે મહાપુરુષની વાત કરું છું તે એક ગરીબ બ્રાહ્મણનો પુત્ર હતો અને એક અપ્રસિદ્ધ અને દૂરના નાના ગામડામાં જન્મ્યો હતો. તેનું નામ પણ તમારામાંના ઘણાખરાએ નહિ સાંભળ્યું હોય, પણ આજે જે દેશો મૂર્તિપૂજાને વિરુદ્ધ સેંકડો વર્ષ થયાં સખતમાં સખત પોકાર ઉઠાવી રહ્યા છે તે દેશોમાં પણ તેનું વાસ્તવિક રીતે પૂજન થાય છે. એ શક્તિ કોની છે? એ મારી નથી અને તમારી પણ નથી. જેમ ઇશ્વરીય અંશ આપણી સમક્ષ રામકૃષ્ણ પરમહંસ રૂપે પ્રકટ થયો હતો તેનીજ એ શક્તિ છે. કારણ કે હું અને તમે, મહર્ષિઓ અને પેગંબરો, અવતારી પુરુષો અને સમગ્ર બ્રહ્માંડનો વિકાસ પામ્યો છે અથવા પામશે તેજ પરમ શક્તિનું ત્રનીકરણ અને પ્રકટીકરણ છે. હમણાં તો આપણે એ મહાન શક્તિના કાર્યનો માત્ર આરંભ જ જોઇએ છીએ. પણ આ જમાનો પૂરો થશે તે પહેલાં તમે એ શક્તિદ્વારા થએલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્ચર્યકારક કાર્ય પ્રત્યક્ષ જોઇ શકશો. હિંદુસ્તાનના પુનરુદ્ધાર માટે યોગ્ય સમયે જ એ શક્તિએ દર્શન આપ્યું છે. જે સંજીવની શક્તિ હિંદુસ્તાનની પ્રજાનું હમેશ રક્ષણ કરતીજ આવે છે તેનું આપણને વખતો વખત વિસ્મરણ થઇ જાય છે.

દરેક પ્રજા પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવાને જુદી જુદી પદ્ધતિઓ ગ્રહણ કરે છે. કેટલીક પ્રજા રાજનીતિદ્વારા, કેટલીક સમાજસુધારણાદ્વારા એમ જુદી જુદી પ્રજાઓ અમુક વિષયને પ્રધાન માનીને પોતપોતાના ઉદ્ધારનું કાર્ય કરે છે. આપણા લોકોને માટે ધર્મને મુખ્ય વિષય ગણ્યા વગર બીજો કાર્ય કરવાનો રસ્તો છેજ નહિ. અંગ્રેજ પ્રજા ધર્મને પણ રાજનીતિની મદદથીજ સમજી શકે છે. અમેરિકન પ્રજા ઘણું કરીને સંસારસુધારણાદ્વારા ધર્મનાં સત્યો સહેલાઇથી ગ્રહણ કરી શકે છે; પણ હિંદુ પ્રજા રાજનીતિ, સંસારસુધારો અને બીજા બધા વિષયો ધર્મદ્વારાજ સમજી શકે છે. કારણ કે ધર્મ એજ તેમના પ્રજાજીવનના સંગીતનો મુખ્ય સુર છે; બીજા બધા વિષયો માત્ર તેના પલટાજ છે. એ મુખ્ય વિષય નષ્ટપ્રાય થશે એવી ધાસ્તી રખાતી હતી. થોડા સમય પર આપણે આપણા પ્રજાજીવનના મુખ્ય ઉદ્દેશને બદલીને તેને ઠેકાણે કોઇ બીજાજ ઉદ્દેશને ગ્રહણ કરતા હોઇએ; આપણા આસ્તિત્વનો મેરૂદંડ જે આધ્યાત્મિકતા છે તેને ઠેકાણે રાજનીતિને બેસાડતા હોઇએ એવાં ચિહ્ન દેખાતાં હતાં; અને જો તેમ થયું જ હોત તો તો આપણો પૂર્ણ રીતે વિનાશ થાત. પણ હિંદુસ્તાનના પ્રારબ્ધમાં એવી દુર્દશા સરજેલી ન હતી, એથી જ કરીને જે શક્તિનો હું હમણાં ઉલ્લેખ કરી ગયો છું તે પ્રકટ થઇ. આ મહાત્માને તમે ગમે તેવા રૂપમાં જુઓ તેની મને પરવા નથી, તમે તેને થોડું સન્માન આપો અથવા વધારે આપો તે વિષે મારો આગ્રહ નથી; પણ એક વાત તો હું તમને ભાર મૂકીને નિશ્ચયપૂર્વક કહું છું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે આવી અદ્ભુત શક્તિ હિંદુસ્તાનમાં કેટલાંક સૈકાં થયાં પ્રકટ થઈ ન હતી અને આ શક્તિનું અવલોકન કરીને તેનું રહસ્ય સમજવાને શ્રમ લેવાની, તેના દ્વારા હિંદુસ્તાનનું કલ્યાણ અને પુનરૂજ્જીવન કેટલે અંશે સિદ્ધ થયું, તથા પરિણામે આખી માનવ જાતિને કેટલો લાભ થયો તે શોધી કહાડવાની હિંદુ તરીકે તમારી ફરજ છે. કોઇ પણ દેશની અંદર આખા જગતમાં એક સામાન્ય ધર્મ પ્રવર્તાવવાનો વિષય ચર્ચાયો અને જુદા જુદા ધર્મસંપ્રદાયો વચ્ચે ભ્રાતૃભાવ વધારવાનો વિચાર ઉત્પન્ન થયો ત્યાર પહેલાં ઘણાં વર્ષ પૂર્વે આજ નગરની નજીકમાં એ મહાપુરુષ વસતો હતો, જેનું સમગ્ર જીવન એક ધર્મમહાપરિષદ્ જેવું હતું અને તેમજ હોવું જોઇએ.

આપણો ઉંચામાં ઉંચો આદર્શ નિર્ગુણ બ્રહ્મજ હોવો જોઇએ એવો બોધ આપણાં શાસ્ત્રો કરે છે, પણ આપણે બધા એ નિર્ગુણ બ્રહ્મની ધારણા કરી શકતા નથી, તેથી કરીને ઘણા ખરા માણસોને સગુણ બ્રહ્મનો આદર્શ રાખ્યા વગર બિલકુલ ચાલે તેમ નથી. એ પ્રમાણે કોઇ મહાન્ આદર્શ પુરુષ ઉપર સવિશેષ પ્રેમભક્તિ રાખ્યા વગર, તેના છત્ર નીચે ઉભા રહ્યા વગર કોઇ પણ પ્રજા ઉન્નત અને મહાન થઇ શકતી નથી તેમજ પોતાનો વ્યવહાર પણ નિભાવી શકતી નથી. રાજનૈતિક આદર્શો અથવા રાજનૈતિક આદર્શના મૂર્તિરૂપ પુરુષો, તેમજ સામાજિક અને વ્યાપારી આદર્શો હિંદુસ્તાનના લોકો ઉપર પોતાનો પ્રભાવ બેસાડી શકશે નહિ. આપણે તો આધ્યાત્મિક આદર્શ માગીએ છીએ. આપણે અધ્યાત્મપ્રદેશમાં વિજય કરી આવેલા પુરુષોના વાવટા નીચે ઉત્સાહપૂર્વક એકત્ર થવા ઇચ્છીએ છીએ. આપણા આદર્શ પુરુષો પૂરેપૂરા ધર્મવીરજ હોવા જોઇએ. તેવા જે ન હોય તેમને આપણે આદર્શ રૂપે માનીશું નહિ. રામકૃષ્ણ પરમહંસમાં આપણને એવાજ ધર્મવીર અને આદર્શ પુરુષનાં દર્શન થતાં હતાં. હું નિશ્ચયપૂર્વક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહું છું કે જો આપણી પ્રજાને ઉન્નત થવું હોય તો તેણે ઉત્સાહપૂર્વક એમની આસપાસ એકત્ર થવું જોઇએ. એ મહાત્માના ઉપદેશનો પ્રચાર તમે, હું કે ગમે તે કરો; પણ હું તો એ મહાન વ્યક્તિનેજ તમારી સમક્ષ રજુ કરીને એની તુલના કરવાનું કાર્ય તમને સોંપું છું. તમારે એ મહાપુરુષના જીવનના આદર્શનો કેવી રીતે ઉપયોગ કરવો તેનો વિચાર આપણી પ્રજાના કલ્યાણની ખાતર અત્યારેજ કરી લેજો. એ વિષે તમારે એક બાબત તો ખાસ સ્મરણમાં રાખવા જેવી છે. તે એ કે તમે જેટલા મહાપુરુષ જોયા હશે અથવા સ્પષ્ટ ભાષામાં કહું તો તમે જે જે મહાપુરુષો વિષે વાંચ્યું અથવા સાંભળ્યું હશે તે સર્વમાં રામકૃષ્ણનું જીવન સૌથી વધારે પવિત્ર હતું. એટલું તો તમે સ્પષ્ટ રીતે જોઇ શકો છો કે આવી અત્યંત અલૌકિક આધ્યાત્મિક શક્તિનું દર્શન કોઇ પણ મહાપુરુષની જીવનકથામાં તમને થયું નથી. તો પછી જાતે તેવા બીજા મહાપુરુષને જોવાની તો વાતજ શી? તેના અવસાનને પૂરાં દસ વર્ષ વીત્યાં ન હતાં એટલામાં તો તેની શક્તિ આખા જગત ઉપર ફરી વળી એ વાત તો તમારી સમક્ષ બનેલી છે. આપણી સર્વની પ્રજાના કલ્યાણ માટે, આપણા ધર્મના ઉત્કર્ષ માટે એ આદર્શ તમારી સમક્ષ રજુ કરવાનું હું મારૂં કર્તવ્ય સમજું છું. મારા ઉપરથી એ મહાપુરુષની તુલના કરશો નહિ. હું તો માત્ર તેના હલકામાં હલકા ચંદ્રે જેવો છું. મને જેમની તેના ચારિત્ર્યની તુલના કરતા નહિ. એમનું ચારિત્ર્ય તો એવું ઉન્નત હતું કે હું અને તેમના બીજા શિષ્યો કરોડો અવતાર ધારણ કરીને પરિશ્રમ લઇએ તોપણ તેના એક લક્ષાંશ સુધી પણ પહોંચી શકીએ નહિ; માટે તમે સ્વતંત્રપણે તમારો વિચાર બાંધજો. તમારા અંતઃકરણના ઉંડાણમાં સનાતન સાક્ષિસ્વરૂપ પરમાત્મા બિરાજેલા છે. અને મારી પ્રાર્થના છે કે આપણી પ્રજાના ભલાને ખાતર આપણા દેશનાં બધાં સમય માનવજાતિના કલ્યાણને ખાતર એ પરમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે સમકૃષ્ણ પોતેજ તમારાં હૃદયનાં દ્વાર ઉઘાડી નાખે; અને આપણે આપણા તરફથી પ્રયત્ન કરીએ કે ન કરીએ તોપણ જે મહાન યુગ-પરિવર્તન થવાની વકી છે તેને સહાયતા આપવા માટે તે તમારામાં સત્યનિષ્ઠા અને દૃઢતા પ્રેરે. કારણ કે **આપણી રૂચિ અથવા અરૂચિને લીધે કાંઇ ઈશ્વરનું કાર્ય અટકતું નથી, તે ધારે તો ધૂળમાંથી પણ હજારો કર્મવીરો ઉત્પન્ન કરી શકે તેમ છે,** માટે તેને અધીન રહીને કાર્ય કરવાની જો આપણને તક મળે તો આપણું મહાન સદ્ભાગ્ય સમજીને મગરૂર થવું જોઇએ.

ધીમે ધીમે આ ભાવના ચારે દિશાએ ફેલાવા લાગી છે. તમે મને હમણાંજ કહી ગયા કે આપણે હજુ આખું જગત જિતી લેવાનું છે. ખરેખર આપણે તેમ કરવુંજ પડશે. હિંદ આખું જગત જિતી લેશે એ આપણો આદર્શ છે અને તેમાંથી હું લેશ માત્ર ન્યૂનતા કરવા ચાહતો નથી. એ આદર્શ કદાચ તમને ઘણોજ દુષ્પ્રાપ્ય લાગતો હોય, કદાચ એ જોખમનો તમે ચોકી જતા હો પણ આદર્શ તો એજ. કાં તો આપણે આખું જગત જિતી લેવું અથવા પ્રાણનું બલિદાન આપવું. એ સિવાય બીજો માર્ગ છે જ નહિ. વિરતતિ એજ જીવનનું લક્ષણ છે. આપણે આપણી સીકડી ગલીઓમાંથી બહાર નીકળવું જોઇએ, આપણે હૃદયનો વિસ્તાર કરવો જોઇએ. કાં તો આપણામાં જે ચેતન છે તેનું પ્રકટીકરણ કરવું અથવા ક્રમશઃ અધોગતિએ જતાં જતાં સડી જઇને મરી જવું. એ સિવાય ત્રીજો રસ્તો નથી. એમાંથી એક માર્ગ પસંદ કરો. કાં તો જીવો યા મરણ પામો.

આપણા દેશમાં અંદર અંદર જે ક્ષુદ્ર કલહ અને વિસંવાદ ચાલી રહ્યા છે તેમને વિષે આપણે સારી રીતે જાણીએ છીએ. હું તમને નિશ્ચયપૂર્વક કહું છું કે બીજા દેશોમાં પણ એવીજ સ્થિતિ છે. બીજા દેશોની પ્રજાઓના જીવનનો મુખ્ય આધાર રાજનીતિ છે, તેથી કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓને આત્મસંરક્ષણને માટે વૈદેશિક રાજનીતિ (Foreign policy)નો આધાર લેવો પડે છે. જ્યારે તેઓને લાગે છે કે હવે દેશની અંદર પુષ્કળ વિસંવાદ મચી રહ્યો છે ત્યારે પોતાના લડાયક જુસ્સાને માર્ગ આપવાને માટે તેઓ અન્ય પ્રજા સાથે યુદ્ધ કરવાનું બ્હાનું શોધી કહાડે છે અને તેમ થતાંજ દેશની અંદર અંદરના કલહ એકદમ શાંત થઇ જાય છે.* આપણે ત્યાં પણ અંદર અંદરના કલહ છે પરંતુ તેમને શાંત કરવાને વૈદેશિક રાજનીતિ જરૂરની નથી. જગતની બીજી પ્રજાઓમાં આપણાં શાસ્ત્રોનાં સત્યોનો પ્રચાર કરવો એજ વૈદેશિક રાજનીતિ આપણે હમેશ ધારણ કરવી. જેઓના મનનું વલણ રાજનૈતિક વિષયતરફ વિશેષ છે તેમને હું પૂછું છું કે જે નીતિનો સ્વીકાર કર્યાથી આપણે જગતની આગળ એક અવિભક્ત પ્રજા તરીકે ઉભા રહી શકીશું, તે નીતિની યથાર્થતા વિષે તમારે વિશેષ કયું પ્રમાણ જોઇએ છે ? આજની સભા જ આ બાબતનું શ્રેષ્ઠ પ્રમાણ છે.

વળી આ સ્વાર્થનો વિચાર એક બાજુએ મૂકીએ તો પણ આપણી પાછળ નિષ્કામ, ઉદાર અને જીવંત દૃષ્ટાંતો રહેલાં છે. હિંદુસ્તાનની અવનતિ અને તેની દુર્દશાનું એક મુખ્ય કારણ એ છે કે તેણે પોતાના કાર્યક્ષેત્રને ઘણુંજ સંકુચિત કરી નાખ્યું; કાલુ માછલીની માફક આપણે આપણા નાના કોટલામાં ભરાઇ બેઠા અને આપણી પાસે રહેલાં કિંમતી રત્નો—આપણાં જીવનપ્રદ સત્યો—આર્ય નહિ એવી, તરસથી પીડાતી બીજી પ્રજાઓને સાંકડા મનના થઇને આપ્યાં નહિ.

* ચાલુ જમાનાના ઇતિહાસમાંથી આ બાબતનું દૃષ્ટાંત મળી આવશે. આધુનિક યુરોપીય વિગ્રહ શરૂ થયો તે પહેલાં ઇંગ્લંડમાં કેટલાક મોટા રાજનૈતિક તકરારી પ્રશ્નો ચર્ચાતા હતા. જેવા કે આયર્લાંડના સ્વરાજનો, મતાધિકારિણી સ્ત્રીઓના હકનો વગેરે; પણ એ બધી તકરારો આ લડાઇ આગળ શાંત થઈ ગઈ છે. ભા૦ કે૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે સ્વદેશ બહાર ગયાજ નહિ અને બીજી પ્રજાઓ સાથે આપણી સરખામણી કરીજ નહિ. જે દિવસે રાજારામમોહનરાયે એ સાંકડાપણાની દિવાલને તોડી તે દિવસથીજ ભરતખંડમાં જે કાંઇ ચેતન, જે કાંઇ જાગૃતિ જોવામાં આવે છે તેનો આરંભ થયો. તેજ દિવસથી હિંદુસ્તાનના ઇતિહાસનો ક્રમ બદલાયો અને હવે તેનો વેગ દિવસે દિવસે અનેક ગણો વધતો જાય છે. ભૂત કાળમાં જે ઠેકાણે નાનાં નાનાં ઝરણા વહેતાં હતાં તે ઠેકાણે હવે જળની રેલ આવી ગઇ છે અને તેની અજય પ્રગતિને કોઇથી અટકાવાય એમ નથી; માટે આપણે વિદેશ જવું એ જરૂરનુંજ છે. આપવું અને લેવું એજ જીવનનો મૂલ મંત્ર છે. શું આપણે હમેશા પશ્ચિમની પ્રજાઓ પાસેથી દીનતાપૂર્વક શીખ્યાજ કરવું ? આપણા ધર્મનો ઉપદેશ પણ તેમનીજ પાસેથી આપણે ગ્રહણ કરવો ? આપણે યંત્રકળા અને એવી કેટલીક લૌકિક વિદ્યાઓ ભલે તેમની પાસેથી શીખીએ પણ તેના બદલામાં આપણે પણ તેમને કાંઇક શીખવવું જોઇએ. આપણે તેમને આપણો ધર્મ, આપણાં ઉંડાં આધ્યાત્મિક રહસ્યો શીખવવાં જોઇએ. જગત હજી સંપૂર્ણ સુધારણાની રાહ જોઇ રહ્યું છે. પોતાના પૂર્વજો પાસેથી જે આધ્યાત્મિકતા રૂપી અમૂલ્ય રત્નો હિંદુસ્તાનની પ્રજાને વારસામાં પ્રાપ્ત થયાં છે તે રત્નો હિંદુસ્તાનની બહાર નીકળીને જગતમાં ફેલાઈ જાય એ સમયની આખું જગત આતુર નેત્રથી રાહ જુએ છે. સેંકડો વર્ષ સુધી અવનતિ અને વિપત્તિના સમયમાં પણ એ રત્નોને હિંદુસ્તાનની પ્રજાએ છાતી સરસાં દાબીને સાચવ્યાં છે. તે ગ્રહણ કરવાને હવે જગતને ઉત્કંઠા થઇ છે.

આપણા પૂર્વજોએ પ્રાપ્ત કરેલાં એ અપૂર્વ રત્નોને માટે ભારતની બહારના દેશોમાં કેટલી જિજ્ઞાસા–અરે ! કેટલી ઉત્કંઠા વધી ગઇ છે તે તમે શી રીતે જાણી શકો ? આપણે તો અહીં બેઠા બેઠા વાતોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યી કરીએ છીએ, અંદર અંદર વિસંવાદ ઉભા કરીએ છીએ. જે કાંઇ પવિત્ર અને માનનીય છે તેના ઉપહાસ અને વખતે તિરસ્કાર પણ કરીએ છીએ અને એમ કરતાં કરતાં દરેક પવિત્ર ભાવનાનો તિરસ્કાર એ હમણાં હમણાં આપણેજ પ્રજાગત દોષ ગણાવા લાગ્યો છે. તમારા પૂર્વજોએ હિંદમાં સંચિત કરેલા જીવનપ્રદ અમૃતનો એ ઘુંટડો પણ ચાખવાને બીજા દેશોનાં લાખો સ્ત્રી પુરુષો કેટલા આતુરતાથી પોતાના હાથ લાંબા કરીને ઉભાં છે? તેમના હૃદયની વેદના આપણે અહીં બેઠા બેઠા કેવી રીતે સમજી શકીએ ? માટેજ આપણે પરદેશ જવું જોઇએ અને આપણી આધ્યાત્મિકતા અને ધર્મના બદલામાં તેમની પાસેથી જે વિષય શીખી શકાય એમ હોય તે શીખી લાવવા જોઇએ. અધ્યાત્મ પ્રદેશનાં અપૂર્વ તત્ત્વોના બદલામાં આપણે તેમની પાસેથી જડ સૃષ્ટિનાં અલૌકિક રહસ્યો શીખી લેવાં જોઇએ. આપણે શિષ્યો હવે ક્યાં સુધી રહીશું? જરા ગુરુ પણ થવું જોઇએ. સમાનતા વગર મૈત્રી થઈ શકતી નથી અને જ્યારે એક પક્ષ બધે વખત ગુરુનુંજ કામ કરે અને બીજો પક્ષ હમેશ તેના ચરણ આગળ બેસીને શીખ્યાજ કરે તો તેમની વચ્ચે કદિ પણ સમાનતા થઈ શકે નહિ. જો અંગ્રેજ કે અમેરિકન પ્રજા સાથે સમાન થવાની તમને ઇચ્છા હોય તો જેમ તમે તેમની પાસેથી શીખ્યા કરો છો તેમ શીખવતા પણ રહેજો. સૈકાનો સૈક સુધી પહોંચે એટલું બધું હજી જ્ઞાન તમે શીખવવાનું બાકી છે. આ મહાન કાર્ય થવુંજ જોઇએ. આપણે હૃદય, ઉત્સાહ અને વીરત્વ રૂપી અગ્નિથી ભભૂકી ઉઠવું જોઇએ. એમ કહેવાય છે કે બંગાળીઓમાં કલ્પનાશક્તિ ઘણી તીવ્ર છે અને એ વાત મને પણ સાચી લાગે છે. આપણે બંગાળીઓ એક કલ્પનાપ્રિય પ્રજા છીએ અને લાગણીઓનો આવેશ આપણામાં ઘણો પ્રબળ છે. તે માટે આપણી મસ્કરી પણ થાય છે. પણ બાંધવો ! હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહું છું કે એ ગુણ ઉપહાસ કરવા જેવા નથી, કારણ કે બુદ્ધિ અને તુલનાશક્તિ એ ઘણાજ સારા ગુણ છે, એ વાત ખરી પણ તેને સીમાઓ છે, અને તે સીમાથી આઘેના પ્રદેશમાં તેમનાથી જઇ શકાતું નથી; તીવ્ર લાગણીઓદ્વારાજ, પ્રબળ આવેગદ્વારાજ સત્યના પ્રકાશનું હૃદયમાં એકાએક સ્ફુરણ થાય છે. હૃદયના ભાવદ્વારાજ ઉંડામાં ઉંડાં સત્યોની શોધ થઈ છે; તેથી કરીને આ મહાન કાર્ય કરવાને જો કોઇનામાં યોગ્યતા હોય તો તે તીવ્ર લાગણી અને કલ્પનાવાળા બંગાળીઓમાંજ છે.

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत। ઉઠો, જાગ્રત થાઓ અને પ્રાપ્તવ્ય પદાર્થ મળે નહિ ત્યાં સુધી અટકતા નહિ. કલકત્તાના યુવાન પુરુષો! ઉઠો, જાગ્રત થાઓ! સમય ઘણોજ અનુકૂળ છે. હાલમાં તમારા માર્ગ સરળ થતા જાય છે; અનેક પ્રકારની અનુકૂળતાઓ મળતી જાય છે. બહાદુર, સાહસિક અને નિડર થાઓ. માત્ર આપણાંજ શાસ્ત્રોમાં ભગવાનને **अभीः** "નિડર" એવું વિશેષણ લગાડેલું છે. આપણે પણ **अभीः** 'નિડર" થઇશું એટલે કાર્યસિદ્ધિ થયા વગર રહેશેજ નહિ. ઉઠો, જાગ્રત થાઓ. અત્યારે તમારો દેશ તમારા તરફથી ત્રિય આત્મબલિદાનની આશા રાખે છે. આ કાર્ય યુવાન પુરુષોનું જ છે. **"युवा, आग्रिष्ठ, दृढीष्ठ, बलीष्ठ मेधावी।"** યુવાન, ઉત્સાહી, બળવાન અને બુદ્ધિમાન માણસોજ આ કાર્યને માટે યોગ્ય છે. કલકત્તામાં તેવા સેંકડો નહિ પણ હજારો તરુણ પુરુષો છે. જો તમે કહો છો તે પ્રમાણે હું કાંઇક પણ કરી શક્યો હોઉં તો એટલું પણ યાદ રાખજો કે હું કલકત્તાનો એક નાદાન, કશા હિસાબ વગરનો છોકરો હતો—તમારીજ માફક આ શહેરની શેરીઓમાં રમતો ફરતો હતો. મારા જેવા માણસ જ્યારે આટલું કાર્ય કરી શક્યો ત્યારે તમારા જેવા કેવડાં મહત્વનાં કાર્ય કરી શકશે? માટે ઉઠો, જાગો, આખું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગત્ તમને બોલાવી રહ્યું છે. હિંદુસ્તાનના બીજા પ્રાંતોમાં કોઇ ઠેકાણે એકલી દોલત છે, તો કોઇ ઠેકાણે એકલી બુદ્ધિ છે, પણ આપણી માતૃભૂમિ બંગદેશમાંજ ઉત્સાહ અને જુસ્સો છે. એ ઉત્સાહના અગ્નિને પ્રજ્વલિત કરો. હે કલકત્તાના યુવાન પુરુષો ! તમારા હૃદયમાં એ ઉત્સાહના અગ્નિને પ્રજ્વલિત કરીને જાગૃત થાઓ, ગાજી ઉઠો.

આપણે નિર્ધન છીએ, આપણે અસહાય છીએ એવા કાયરતા ભરેલા વિચારોને પોષતા નહિ. કોઇ પણ દિવસ કાર્ય કરનારા માણસે નાણાંવડે ઉત્પન્ન થયા નથી, કાર્ય કરનારાઓએજ નાણું ઉત્પન્ન કર્યું છે. માણસે પોતાની શક્તિથી, ઉત્સાહથી અને આત્મશ્રદ્ધાના બળથી આખા દેશના દેશ ઉત્પન્ન કર્યા છે.

તમામ ઉપનિષદોમાં સર્વોત્તમ જે કઠોપનિષદ્ છે તેનો તમારામાંથી જેમણે અભ્યાસ કર્યો હશે તેમને યાદ હશે કે એક રાજાએ મોટા યજ્ઞનું અનુષ્ઠાન કરાવ્યું હતું. તે પ્રસંગે આપવા જેવી વસ્તુઓનું દાન ન કરતાં તેણે ઘરડી અને નિરુપયોગી ગાયોનું દાન કરવા માંડ્યું. કથામાં એમ આવે છે કે તે વખતે ઉપર કહેલા રાજાના પુત્ર નચિકેતાના હૃદયમાં શ્રદ્ધાએ પ્રવેશ કર્યો. આ 'શ્રદ્ધા' શબ્દને માટે યોગ્ય અંગ્રેજી શબ્દ મળી આવતો નથી. એ અપૂર્વ શબ્દનું માહાત્મ્ય સમજાવું બહુ મુશ્કેલ છે અને કાર્યસિદ્ધિનો મુખ્ય આધાર તેનાજ બળ ઉપર છે. નચિકેતાના હૃદયમાં તે શ્રદ્ધાનો ઉદય થતાંજ કેવું પરિણામ આવ્યું તે આપણે જરા જોઇએ. એજ પળે તેને પ્રતીતિ થઇ અને તેણે કહ્યું, " હું ઘણા કરતાં શ્રેષ્ઠ છું, થોડાથીજ ઉતરતો હોઉં પણ અધમ તો છુંજ નહિ. હું પણ કાંઇ કરી શકીશ. " આ પ્રમાણે તેનો આત્મવિશ્વાસ અને સાહસ વધતાં ગયાં અને મૃત્યુ એ શું છે એ મહા પ્રશ્નના ચિંતનમાં તેનું ચિત્ત પરોવાયું. ખુદ યમરાજને ઘેર ગયા વગર એ પ્રશ્નનો ઉત્તર મળે એમ નહતું, તેથી તે નિડર છોકરો યમરાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે જવા તૈયાર થયો. એ બહાદુર બાળક નચિકેતા ત્રણ દિવસ સુધી યમની રાહ જોતો બેઠો, અને તેણે યમની પાસેથી તત્ત્વજ્ઞાન કેવી રીતે મેળવ્યું તે તમે બધા જાણતાજ હશો. એ આત્મશ્રદ્ધાની અત્યારે આપણને ઘણીજ જરૂર છે. મોટા દુર્ભાગ્યની વાત છે કે એ આત્મશ્રદ્ધા હમણાં ભરત-ખંડમાંથી લગભગ અદૃશ્યજ થઈ ગઇ છે, અને તેથીજ હાલ આપણે આ હાલતમાં છીએ. એક માણસનું બીજા કરતાં વિશેષત્વ—શ્રેષ્ઠત્વ શામાં રહેલું છે ? આત્મશ્રદ્ધા સિવાય બીજા કશામાં નથી. એક મનુષ્ય બધાનો નેતા થાય છે તે આત્મશ્રદ્ધાના પ્રતાપથીજ. બીજા મનુષ્યો તેની પાછળ ઘસડાય છે, તેને અધીન થાય છે તે પણ આત્મશ્રદ્ધાના અભાવથીજ. મારા સદ્‌ગુરુ ઘણીવાર કહેતા કે જે માણસ ' હું દુર્બળ છું' એવા વિચારને પોષે છે તે ખરેખર દુર્બળજ થઇ જાય છે. તમારા હૃદયમાં આ આત્મશ્રદ્ધાનો ઉદય થવો જોઇએ. પાશ્ચાત્ય પ્રજાઓએ જડસૃષ્ટિ ઉપર પોતાનો અધિકાર બેસાડયો છે અને કુદરતની શક્તિઓ પાસે દાસત્વ કરાવે છે તે પણ આત્મશ્રદ્ધાનુંજ પરિણામ છે. તેઓને પોતાના બાહુબળમાં શ્રદ્ધા છે, તમે તેટલીજ શ્રદ્ધા તમારા આત્માના બળમાં રાખો! અને જુઓ કે તમે કેવાં અદ્‌ભુત કામો કરી શકો છો. અનંત, અવિનાશી આત્મા જેની અંદર અખુટ શક્તિનો ભંડાર છે એવું આપણા શાસ્ત્રકારો એકે અવાજે કહી ગયા છે તેમાં દૃઢ વિશ્વાસ રાખો. એ આત્માનો કોઇ પણ ઉપાયે નાશ થઇ શકતો નથી. માત્ર તેને જાગૃત કરવાનીજ જરૂર છે. બીજા દેશોના અને હિંદુસ્તાનના તત્ત્વ-દર્શનમાં આજ મોટો તફાવત છે. દ્વૈતવાદી, વિશિષ્ટાદ્વૈતવાદી કે અદ્વૈત-વાદી ગમે તે વાદને પોતાનો કહેનાર માણસો એટલું તો દૃઢ વિશ્વાસ-પૂર્વક માને છે કે આત્માની અંદર તમામ પ્રકારની શક્તિઓ રહેલી છે. માત્ર તેમને વ્યક્ત કરવાનીજ અપેક્ષા છે, માટેજ જે વસ્તુ હાલ આપણને અત્યંત જરૂરની છે તે કેવળ શ્રદ્ધા અથવા આત્મશ્રદ્ધા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ આત્મશ્રદ્ધા પ્રાપ્ત કરવાનું મહાન કાર્ય તમારી સામે પડેલું છે. દરેક વિષયને હસી કહાડવાનો અને ગંભીર્યનો ત્યાગ કરવાનો મોટો દોષ આપણા પ્રજાજીવનમાં હાલ કેટલોક વખત થયાં પ્રવેશ કરવા પામ્યો છે, તેનો એકદમ ત્યાગ કરજો. બહાદુર થાઓ, શ્રદ્ધાળુ થાઓ એટલે બીજું બધું મળી રહેશે.

હું અત્યાર સુધીમાં કાંઇ કરી શક્યો નથી. તમારેજ બધું કરવાનું છે. જો હું આવતી કાલેજ ગુજરી જાઉં તો પણ મારૂં કાર્ય પડી ભાગવાનું નથી. મને દૃઢ શ્રદ્ધા છે કે આપણા દેશના સામાન્ય વર્ગમાંથી હજારો યુવકો નીકળી આવશે. તેઓ આવાજ પ્રકારનું જીવન વ્રત લેશે અને મારી કલ્પનામાં ન આવે તેટલે સુધી મારા કાર્યની ઉન્નત અને વિસ્તૃત કરશે. મને મારા દેશમાં અને ખાસ કરીને મારા દેશના યુવાન વર્ગ ઉપર પૂર્ણ શ્રદ્ધા છે. કોઇ પણ દેશના યુવાન વર્ગને માથે કદિ પણ નહિ મૂકવામાં આવેલી જવાબદારી બંગાળાના યુવાનોને શિર છે. હું લગભગ છેલ્લાં દશ વર્ષથી આખા ભરતખંડમાં ફરી છું અને મારો પૂર્ણ વિશ્વાસ છે કે બંગદેશીય યુવકોદ્વારા એવી શક્તિ પ્રકટ થશે કે તે વડે ભરતખંડનું આધ્યાત્મિક સામ્રાજ્ય પુનઃસ્થાપિત થશે. બંગદેશના યુવકો, જેમનું રૂધિર ઉત્સાહ, ચેતન અને તીવ્ર લાગણીથી ભરપુર છે તેઓમાંથી હજારો વીર પુરૂષો ઉત્પન્ન થશે અને તેઓ આપણા પૂર્વજોએ શોધેલી સનાતન સત્યોનો પ્રચાર કરતાં જગતના એક ખુણાથી બીજા ખુણા સુધી ઘૂમી વળશે. આ મહાન કાર્ય તમારી સન્મુખ મૂકવામાં આવ્યું છે; માટે મારૂં વ્યાખ્યાન સંપૂર્ણ કરતા પહેલાં હું તમને તે મહાન વાણી ફરીથી સંભળાવું છું—

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान् निबोधत। કદિ પણ તમારા હૃદયમાં ભયને સ્થાન આપતા નહિ. આખી માનવજાતિનો ઇતિહાસ સાક્ષિ પૂરે છે કે જ્યારે જ્યારે શક્તિ પ્રકટ થઇ છે ત્યારે ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધારણ પ્રજા વર્ગમાંથીજ ઉત્પન્ન થઇ છે. જગતના તમામ પહેલા દરજ્જાના પ્રતિભાશાળી પુરુષો સામાન્ય લોકોમાંથીજ પ્રકટ થયા છે. ઇતિહાસમાં જેવા પ્રસંગ એકવાર બન્યા હતા તેવાજ બીજીવાર પણ બનશે. કોઇ પણ જાતની મુશ્કેલીથી પાછા હઠતા નહિ. તમે અદ્‌ભુત કાર્યો કરવા સરજાયા છો. જે ક્ષણે તમારા હૃદયમાં ભયનો સંચાર થયો તેજ ક્ષણે તમે શક્તિહીન થઈ જશો. જગતમાં ભયજ વિપત્તિનું મુખ્ય કારણ છે. ભય એજ મોટામાં મોટો વહેમ છે. ભયવડેજ આપણી દુર્દશા થઇ છે. નિડરતા એક પળવારમાં મોટી મોટી મુશ્કેલીઓને ચૂર્ણ કરી નાખે છે માટે 'ઉઠો, જાગૃત થાઓ અને ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત કરતાં સુધી ઠરીને બેસતા નહિ.'

સદ્‌ગૃહસ્થો ! તમે મારા તરફ જે અનુગ્રહ બતાવ્યો છે તેને માટે હું ફરીથી તમારો આભાર માનું છું. મારી ઇચ્છા-પ્રબળ આંતરિક ઇચ્છા એજ છે કે જગતની અને ખાસ કરીને મારા સ્વદેશની અને સ્વદેશ બાંધવોની નજીવી પણ સેવા બજાવી શકું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદાંતનું સાંગોપાંગ અવલોકન.

[સ્વામીજીએ આ વ્યાખ્યાન કલકત્તાના સ્ટાર થિયેટરમાં આપ્યું હતું.]

અત્યંત પ્રાચીન યુગ જેનો હેવાલ લખાયલા ઇતિહાસદ્વારા અથવા દંતકથાઓના મંદ પ્રકાશદ્વારા પણ પ્રાપ્ત થતો નથી તે સમયથી અને ત્યાર પહેલાનાં પણ અનંત યુગથી એક પ્રકાશ પોતાનાં કિરણ આખા જગત ઉપર એક સરખી રીતે નાખી રહ્યો છે. કોઇવાર બહારના સંજોગોમાંથી તેનો પ્રકાશ મંદ પડયો છે તો કોઇવાર અત્યંત ઉજ્જ્વલપણે ભભૂકી નીકળ્યો છે; પરંતુ કદિપણ તે સમૂળગો બંધ થયો નથી. એ પ્રકાશ માત્ર હિંદુસ્તાન ઉપરજ નહિ પરંતુ આ જગતનો વિચારસમૂહઉપર પોતાનાં પવિત્ર, સૌમ્ય, સ્નિગ્ધ અને દુર્લક્ષ્ય પણ સર્વ શક્તિમાન કિરણ પાથરી રહ્યો છે. પ્રભાતમાં વરસતા ઝાકળના બિન્દુની માફક શાંત અજ્ઞાતભાવે જગત ઉપર પડીને તેમાંની અત્યંત સુંદર ગુલાબની કલિઓને તે વિકસાવી રહ્યો છે. એ પ્રકાશ તે ઉપનિષદોના તત્વવિચારનો અથવા ભરતખંડના વેદાંત દર્શનનો છે. એનો આવિર્ભાવ ભરતખંડમાં ક્યારે થયો તે કોઇ કહી શકતું નથી. અનુમાનદ્વારા તેની ઉત્પત્તિનો કાળ શોધી કહાડવામાં તો નિષ્ફળતાજ મળે છે; પાશ્ચાત્ય વિદ્વાનોએ આ વિષયમાં કરેલાં અનુમાનો એટલાં તો પરસ્પર વિરુદ્ધ છે કે તેમના અભિપ્રાયને આધારે કાળગણના કરવાની બને એમજ નથી. આપણે હિંદુઓ તો આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી જોતા હોવાથી અમુક વ્યક્તિદ્વારા તેમની ઉત્પત્તિ થઇ છે એ માનતા જ નથી. હું નિડરપણે, વગર સંકોચે કહેવાને તૈયાર છું કે ઉપનિષદોનો તત્ત્વવિચાર અથવા વેદાંતદર્શન મનુષ્યજાતિને પ્રાપ્ત થએલા આધ્યાત્મિક વિચારસમૂહમાં સર્વથી પ્રાચીન અને સર્વથી [illegible] ભવિષ્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ મનુષ્યની તર્કશક્તિ એનાથી આગળ જઇ શકશે નહિ કેમકે વેદાંતના આખરના સિદ્ધાંત કરતાં વિશેષ શોધવાનુ રહેતુંજ નથી. એ વેદાંતના મહાસાગરમાંથી જ્ઞાનરૂપી પ્રકાશનાં મોજાં કોઇવાર પૂર્વ તરફ તો કોઇવાર પશ્ચિમ તરફ વેગભેર વહન કર્યાંજ કરે છે. પ્રાચીનકાળમાં એના એક તરંગે પશ્ચિમ દિશામાં જઇને ઍથેન્સ, અલેક્ઝાંડ્રિયા અને ઍન્ટિઓકસના ગ્રીક તત્ત્વજ્ઞાનીઓના ચિંતનની દિશા પલટાવી નાખી હતી.

પ્રાચીન ગ્રીક પ્રજાનાં ચિંતન ઉપર સાંખ્ય દર્શનની પ્રબળ અસર થઇ હતી એ સ્પષ્ટ રીતે માલમ પડે છે. એ સાંખ્યદર્શન તેમજ હિંદુસ્તાનમાં ઉત્પન્ન થએલાં અન્યાન્ય દર્શનોનો આધાર કેવળ ઉપનિષદ્ અથવા વેદાંત ઉપરજ છે. હિંદુસ્તાનમાં જે પરસ્પર વિરુદ્ધ મતના અનેક સંપ્રદાયો પ્રાચીન કાળમાં હતા અને હાલમાં છે તે સર્વનું એકજ પ્રમાણ તેમના સિદ્ધાંતનો એકમાત્ર આધાર ઉપનિષદો અથવા વેદાંતજ છે. તમે દ્વૈતવાદી હો, વિશિષ્ટાદ્વૈતવાદી હો, શુદ્ધાદ્વૈતવાદી હો અથવા કેવલાદ્વૈતવાદી હો, ગમે તે વાદી હો પણ તમારે પ્રમાણ તરીકે, શાસ્ત્ર તરીકે, ધર્મગ્રંથ તરીકે માત્ર ઉપનિષદોનેજ માનવાં પડશે. હિંદુસ્તાનની અંદર જે ધર્મ ઉપનિષદના પ્રમાણનો સ્વીકાર કરતો નથી તેની સનાતન ધર્મની કોટિમાં ગણના થતી નથી. જૈનો અને બૌદ્ધોના મતને ભરતખંડ છોડવો પડયો તેનું કારણ એજ હતું કે તેમણે ઉપનિષદોને પ્રમાણ ગણ્યાં ન હતાં. આથી કરીને વેદાંત ભરતખંડના તમામ સંપ્રદાયોમાં જાણ્યે અજાણ્યે પણ ઓતપ્રોત થઇ ગયું છે; અને જેને આપણે હિંદુધર્મ કહીએ છીએ તે અનંત શાખા પ્રશાખાયુક્ત મહાન વૃક્ષની રગેરગમાં વેદાંત પ્રસરી ગયું છે. આપણે માનીએ કે ન માનીએ તોપણ આપણા વિચારમાં, આપણા જીવનમાં, આપણા પ્રત્યેક શ્વાસોશ્વાસમાં વેદાંત વેદાંત અને વેદાંતજ રમી રહ્યું છે. આપણે જીવતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ વેદાંતી છીએ અને મરણ સમયે પણ વેદાંતી છીએ.

આટલા માટે હિંદુસ્તાનમાં અને હિંદુઓ સમક્ષ વેદાંતવિષે વ્યાખ્યાન કરવા ઉભા થવું એ અસંગત છે, પણ જો કોઇ વિષય વ્યાખ્યાન કરવાને યોગ્ય હોય તો તે વેદાંતજ છે; અને વિશેષ કરીને આ જમાનાને તેની અત્યંત જરૂર છે. કારણકે હું તમને થોડા વખત ઉપરજ કહી ગયો છું, કે હિંદુસ્તાનના તમામ સંપ્રદાયો ઉપનિષદોને પ્રમાણ ગણે છે તેમની વચ્ચે અનેક પ્રકારના દેખીતા મતભેદ જોવામાં આવે છે ખરા પણ એમ તો ઘણી વાર પ્રાચીન કાળના મોટા મોટા ઋષિઓ પણ ઉપનિષદોનો પરસ્પર સમન્વય સમજી શકતા નહિ. તેઓમાં પણ અંદર અંદર મતભેદ ઉભા થતા હતા અને તેમાંથી એવા કલહ ઉત્પન્ન થતા કે જેનો મત બીજાના મતથી જુદો ન હોય તે ઋષિજ ન કહેવાય **नासौ मुनिर्यस्य मतं न भिन्नम्**। એવી લોકમાન્યતા હતી, પણ હવે આ જમાનામાં એ વિરોધ હોવો ન જોઇએ. હાલ તો ઉપનિષદોના જુદા જુદા મંત્રોમાં જે ગૂઢ સમન્વય રહેલો છે તેનું ઉત્તમ રીતે સ્પષ્ટીકરણ કરીને તેનો દેશમાં પ્રચાર કરવાની આવશ્યકતા ઉભી થઇ છે. દ્વૈતવાદ, અદ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ અને એવા અનેક ભિન્ન ભિન્ન સંપ્રદાયોમાં જે સમન્વય છે તે જગતને સ્પષ્ટપણે સમજાવવાની જરૂર છે. એકલા ભરતખંડમાં ચાલતા ધર્મોમાં નહિ પણ આખા જગતના ભિન્ન ભિન્ન ધર્મોમાં જે સામ્ય દૃષ્ટિએ પડે છે તે પણ સાથે સાથે સિદ્ધ કરી બતાવવાની જરૂર છે.

ઈશ્વરકૃપાથી એક મહાપુરુષના ચરણ આગળ બેસીને જ્ઞાન પ્રાપ્ત કરવાનું મારા પ્રારબ્ધમાં સરજાયું હતું. એમનું સમગ્ર જીવનજ ઉપનિષદોના સમન્વયરૂપ હતું; એમના ઉપદેશ કરતાં એમનું જીવન વિશેષરૂપે ઉપનિષદોના મૂર્તિમાન ભાષ્યતુલ્ય હતું. જાણે ઉપનિષદનું તત્વજ્ઞાનજ મનુષ્યરૂપ ધારણ કરીને પ્રકટ થયું હોય એવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાપુરુષ હતા. એ સમન્વયનો કાંઇક અંશ મને પ્રાપ્ત થએલો છે, પણ હું તેને તમારી સમક્ષ વ્યક્ત કરી શકીશ કે નહિ તે વિષે મને સંદેહ રહે છે; પરંતુ વેદાંતિક સંપ્રદાયો વચ્ચે વાસ્તવિક વિરોધ નથી, તેઓ એકબીજાના મતનું સમર્થન કરે છે, એકબીજાની અપેક્ષા રાખે છે, અને અન્યોન્યની ન્યૂનતા પૂર્ણ કરે છે. માનવજાતિનું પરમ લક્ષ્ય, અદ્વૈત સિદ્ધાંતની ઉંચામાં ઉંચી **તત્વમસિ**ની ભાવનાએ પહોંચવાની નીસરણીનાં તેઓ એક ઉપર એક આવેલાં પગથીઆં રૂપ છે, એ સિદ્ધ કરવાનું જીવનવ્રત મેં આદર્યું છે.

એક સમય એવો પણ હતો કે જ્યારે હિંદુસ્તાનમાં કર્મકાંડનો પૂર્ણ અધિકાર જામેલો હતો. વેદના કર્મકાંડમાં અનેક ઉચ્ચ આદર્શો છે એમાં તો સંદેહ નથી. હજી પણ આપણાં નિત્ય, નૈમિત્તિક કર્મો, પૂજાઓ એ કર્મકાંડને આધારેજ થાય છે. આટલું છતાં પણ કર્મકાંડનો અધિકાર આપણા દેશમાંથી ઘણો સમય થયાં નષ્ટ થઇ ગયો છે. આપણાં રોજનાં જીવન વૈદિક કર્મકાંડનાં અનુશાસન પ્રમાણે ઘણાજ થોડા પ્રમાણમાં નિયંત્રિત થએલાં છે. સેંકડો વેદોક્ત વિધાનો જે પ્રાચીન કાળમાં નિત્ય કરવામાં આવતાં તે વિષે પોતાને કર્મકાંડી અને આચારનિષ્ટ કહેવડાવતો હાલનો બ્રાહ્મણ જાણતો પણ નથી. આપણા રોજના વ્યવહારમાં પુરાણ કે *તંત્રનો અંશ અધિક પ્રમાણમાં જોવામાં આવે છે; અને જ્યાં વૈદિક મંત્રોનો ઉપયોગ થાય છે ત્યાં પણ તેમનો ક્રમ વેદાનુસાર ન થતાં ઘણે ભાગે પુરાણ અથવા તંત્રની પદ્ધતિ પ્રમાણે ગોઠવાય છે; તેથી કરીને વેદોક્ત કર્મકાંડના આપણે અનુયાયી

* બંગાળામાં તંત્રનો અને તેથી કરીને શક્તિની ઉપાસનાનો વિશેષ પ્રચાર છે. ત્યાં શૈવ માર્ગનું પ્રાબલ્ય ઘણુંજ અલ્પ છે. ઉંચી જ્ઞાતિના લોકોનો મોટો ભાગ શાક્ત છે. બાકીના વૈષ્ણવ છે. ગુજરાતમાં તંત્રની અસર છે જ નહિ એમ કહીએ તો ચાલે. ભા૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ માટે આપણે વૈદિક ધર્મ પાળીએ છીએ એ મત મને અસંભ
લાગે છે, પણ આપણે બધા વૈદિક નહિતો વેદાંતી તો છીએજ. બધ
હિંદુઓને-દ્વૈતવાદી તેમજ અદ્વૈતવાદી હિંદુઓને-વેદાંતવાદી એવું
સામાન્ય નામ આપવું જોઇએ.

હિંદુસ્તાનમાં હાલ જે જે સંપ્રદાયો પ્રચલિત છે તેમને બે મોટા
વિભાગમાં વહેંચી શકાય છે, એક દ્વૈતવાદી અને બીજા અદ્વૈતવાદ
એ બેઉની અંદર આવેલા નાના નાના સંપ્રદાયો અમુક નજીવા મત
ભેદને વિશેષ મહત્વ આપે છે અને તેને આધારે વિશિષ્ટાદ્વૈત, શુદ્ધ
દ્વૈત એવાં જુદાં જુદાં નામથી ઓળખાય છે, તોપણ તે બધાએ અદ્વૈત
વાદી જ છે એમ કહેવાને હરકત નથી. સાધારણ રીતે વર્ગીકરણ
કરતાં તો અમુક સંપ્રદાયોને દ્વૈતવાદી અને અમુકને અદ્વૈતવાદી
કહેવા પડે છે. કેટલાક આધુનિક સંપ્રદાય નવીન છે અને કેટલાક
પ્રાચીન સંપ્રદાયોને નવીન રૂપ આપીને ઉપજાવી કહાડેલા છે. દ્વૈત
વાદી સંપ્રદાયોનો રામાનુજના જીવન અને તત્ત્વ દર્શનમાં સમાવેશ
થાય છે અને અદ્વૈતવાદી સંપ્રદાયોના પ્રતિનિધિ તરીકે શંકરાચાર્યના
તત્ત્વદર્શનને ગણી શકાય છે. રામાનુજ ભરતખંડના અર્વાચીન
મના મુખ્ય દ્વૈતવાદી દાર્શનિક છે. બીજા દ્વૈતવાદી સંપ્રદાયોએ પરો
રીતે કે અપરોક્ષ રીતે રામાનુજના સિદ્ધાંતો માન્ય રાખ્યા છે અ
તેમના બંધારણની નાની નાની બાબતોમાં પણ તેમણે તેમનાજ નિયમો
અક્ષરે અક્ષર અનુકરણ કર્યું છે. જો રામાનુજના ધર્મપ્રચારના કાર્ય
સાથે હિંદુસ્તાનના બીજા દ્વૈતવાદી વૈષ્ણવ સંપ્રદાયોના કાર્યની તુલના
કરશો તો તેમના ઉપદેશમાં, સાધનપદ્ધતિમાં અને સાંપ્રદાયિક નિ
મોમાં અત્યંત સામ્ય જોઇને તમે ચકિત થઇ જશો. બીજા વૈષ્ણ
આચાર્યોમાં દાક્ષિણાત્ય આચાર્યશિરોમણિ મધ્વમુનિ અને તેમ
અનુયાયી આપણા બંગદેશીય મહાપ્રભુ ચૈતન્ય એ બે મુખ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૈતન્યે મધ્વાચાર્યનો જ મત બંગાળામાં પ્રવર્તાવ્યો હતો. દક્ષિણમાં બીજા કેટલાક નાના નાના સંપ્રદાયો છે, તેઓ ઘણા ખરા વિશિષ્ટાદ્વૈતવાદી શૈવ છે. હિંદુસ્તાનના ઘણાખરા શૈવમતના લોકો અદ્વૈતવાદી છે. માત્ર લંકા અને દક્ષિણ હિંદુસ્તાનના કેટલાક ભાગના લોકો શૈવ છતાં અદ્વૈતવાદી નથી. તેમનામાં અને વૈષ્ણવોમાં તફાવત માત્ર એટલો જ છે કે તેઓ વિષ્ણુને ઠેકાણે શિવનું સ્થાપન કરે છે. માત્ર જીવાત્માના પરિમાણ સંબંધી સિદ્ધાંત સિવાય બીજી બધી વાતે તેઓ રામાનુજના મતના અનુયાયી છે. રામાનુજના મત પ્રમાણે આત્મા અણુ જેવો એટલે અત્યંત નાનો છે. શંકરાચાર્યના અનુયાયીઓ આત્માને વિભુ એટલે સર્વવ્યાપી માને છે. અદ્વૈતવાદી સંપ્રદાયો પણ પ્રાચીન કાળમાં ઘણા હતા, પણ શંકારાચાર્યે બધાને પોતાના સંપ્રદાયમાં સમાવી દીધા એવું અનુમાન કરવાને પૂરતાં કારણ મળી આવે છે. કેટલાંક ભાષ્યોમાં અને ખાસ કરીને વિજ્ઞાન ભિક્ષુ જે અદ્વૈતવાદી હતો તોપણ જેણે શંકરાચાર્યના માયાવાદનું ખંડન કરવાનો પ્રયત્ન કર્યો હતો, તેના ભાષ્યમાં શંકરાચાર્ય ઉપર કોઇ કોઇવાર પ્રહાર થતા જોવામાં આવે છે. માયાવાદને નહિ માનનારા સંપ્રદાયો પણ હતા અને તેમાંના કેટલાક તો શંકરાચાર્યને "પ્રચ્છન્ન બૌદ્ધ"* કહેતાં પણ સંકોચાતા ન હતા. તેઓ એમ માનતા કે શંકરાચાર્યે બૌદ્ધ ધર્મના માયાવાદને વેદાંતમાં ઘુસાડી દીધો છે. એ ગમે તેમ હોય પણ હાલમાં તો બધા અદ્વૈતવાદીઓ પોતાને શંકરાચાર્યના અનુયાયી તરીકે જ ઓળખાવે છે; શંકરાચાર્ય અને તેમના અનુયાયીઓએ ઉત્તર તેમજ દક્ષિણ હિંદુસ્તાનમાં અદ્વૈતવાદનો સારો પ્રચાર કર્યો છે. તેમનો પ્રભાવ બંગાળા, કાશ્મીર અને પંજાબમાં ઝાઝો પડયો નથી પણ દક્ષિણના બધા સ્માર્ત લોકો શંકરાચાર્યનાજ અનુયાયી છે;

* બહારથી વેદને માનનાર પણ છુપા વેશમાં બૌદ્ધ મતનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેમના ધર્મપ્રચારનું કેન્દ્ર કાશીમાં હોવાથી ઉત્તર હિંદના ઘણા ખરા પ્રદેશોમાં તેમણે સારી પ્રતિષ્ઠા મેળવી છે.

રામાનુજ અને શંકરાચાર્ય બેઉમાંથી એકે પણ નવીન તત્ત્વની શોધ કરવાનો કદિ પણ દાવો કર્યો નથી. રામાનુજ પોતે જ સ્પષ્ટ રીતે કહે છે કે મેં બોધાયન ભાષ્યનું અનુસરણ કરીને તેને આધારે જ વેદાંત સૂત્ર ઉપર વ્યાખ્યાન લખ્યું છે. જેમકે:–"**भगवद्बोधायनकृतां विस्तीर्णां ब्रह्मसूत्रवृत्तिं पूर्वाचार्याः संचिक्षिपुः तन्मतानुसारेण सूत्राक्षराणि व्याख्यास्यन्ते**" એવો ઉલ્લેખ તે પોતાના ભાષ્યના આરંભમાં જ કરે છે. અર્થાત્ ભગવાન્ બોધાયને બ્રહ્મસૂત્ર ઉપર જે વિસ્તીર્ણ ભાષ્ય રચ્યું હતું તેને પૂર્વે થઇ ગએલા આચાર્યોએ સંક્ષેપમાં સમજાવ્યું છે, તેને આધારે હું સૂત્રના શબ્દોનો અર્થ કરૂં છું. આ પ્રમાણે રામાનુજ પોતે રચેલા શ્રીભાષ્યના આરંભમાં પ્રસ્તાવના કરે છે. બોધાયને રચેલું ભાષ્ય જોવાનો મને કદિ પ્રસંગ મળ્યો નથી. મેં મારા ભરતખંડના પ્રવાસ દરમ્યાન બધે ઠેકાણે એની શોધ કરી હતી પણ એ ગ્રંથ હું જોવા જ પામ્યો નથી. સ્વર્ગસ્થ સ્વામી દયાનંદ સરસ્વતી વ્યાસસૂત્ર ઉપર બોધાયને કરેલા ભાષ્ય સિવાય બીજા કોઇ પણ ભાષ્યને માન્ય રાખતા નહિ; અને જ્યારે જ્યારે તક મળે ત્યારે રામાનુજ ભાષ્ય ઉપર આક્ષેપ પણ કર્યા વગર રહેતા નહિ. એમ છતાં તે પણ બોધાયનકૃત ભાષ્યની એક પણ પ્રત બતાવી શકયા ન હતા; પણ રામાનુજ સ્પષ્ટપણે લખે છે કે મેં બોધાયન ભાષ્યના તમામ વિચાર અને ઘણે ખરે ઠેકાણે તેના શબ્દે શબ્દ ટાંકીને મારૂં શ્રીભાષ્ય રચ્યું છે. શંકરાચાર્યે પણ એ પદ્ધતિ ગ્રહણ કરી હતી એવી સાબિતી મળી આવે છે. તેમણે રચેલા ભાષ્યમાં કોઇ કોઇ ઠેકાણે એમની પૂર્વે થઇ ગએલા ભાષ્યકારોનો ઉલ્લેખ જોવામાં આવે છે. વળી તેમના ગુરુ અને ગુરુના ગુરુ તમામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના જ મતના અદ્વૈતવાદી વેદાંતીઓ હતા અને અદ્વૈત સિદ્ધાંતને શંકરાચાર્યના કરતાં પણ વધારે સ્પષ્ટપણે અને નિડરપણે સ્થાપિત કરતા હતા તે ઉપરથી સિદ્ધ થાય છે કે શંકરાચાર્યે તદ્દન નવીન મત પ્રવર્તાવ્યો ન હતો પણ તેમણે પોતાના ભાષ્યમાં રામાનુજની માફકજ કોઇ પ્રાચીન ભાષ્યકારનો આધાર લીધો હતો; પણ કયા ભાષ્યકારનો તે નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી.

આપણે હાલ જે જે દર્શનોનાં નામ સાંભળીએ છીએ તે સર્વનો મૂળ આધાર ઉપનિષદો જ છે. જ્યારે જ્યારે તેમને શ્રુતિનું પ્રમાણ આપવાની જરૂર પડે છે ત્યારે તેઓ હમેશાં ઉપનિષદ્માંના જ શ્લોકનું અવતરણ કરે છે. ઉપનિષદ્માંથી બીજા કેટલાક તત્ત્વજ્ઞાનના સંપ્રદાય આપણા દેશમાં ઉત્પન્ન થયા હતા, પણ જે પ્રતિષ્ઠા વ્યાસપ્રણીત વેદાંત દર્શને પ્રાપ્ત કરી હતી અને તેનો જેટલો પ્રભાવ જનસમાજમાં પડ્યો હતો તેની તેમને કદિપણ પ્રાપ્તિ થઇ નથી. વેદાંત દર્શન પણ તેની પૂર્વે થઇ ગએલા સાંખ્ય દર્શનના વિશેષ વિકાસ રૂપ છે. એ સાંખ્ય દર્શનના પ્રણેતા કપિલ મુનિ હતા. હિંદુસ્તાન તો શું પણ આખા જગતની તમામ પ્રકારની ફિલસુફીના મૂળ પ્રણેતા કપિલ મુનિજ મનાય છે. માનસ શાસ્ત્ર અને તત્વજ્ઞાનના વિષયમાં **सिद्धानां कपिलो मुनिः**। (ગીતા. અ૦ ૧૦, શ્લો૦ ૨૬) કપિલના કરતાં ચડીઆતો વિદ્વાન ભરતખંડમાં ભાગ્યેજ જન્મ્યો હશે. જગતના તમામ દેશના તત્વજ્ઞાન ઉપર કપિલના વિચારની ચોખ્ખી છાપ જણાઇ આવે છે. જ્યાં જ્યાં તત્વજ્ઞાનનો પ્રતિષ્ઠિત મત જોવામાં આવે છે ત્યાં ત્યાં કપિલના વિચારની અસર ખરીજ. કપિલને થઇ ગયે હજારો વર્ષ વીતી ગયાં છે તોપણ હજી જગતના દાર્શનિક સિદ્ધાંતો ઉપર પોતાનો અપૂર્વ પ્રભાવ પાડતા પ્રતિભાશાળી, યશસ્વી કપિલમુનિ પોતાના અક્ષર દેહથી વિદ્યમાનજ છે. હિંદુસ્તાનના તમામ સંપ્રદાયો કપિલનું માનસશાસ્ત્ર અને તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાર્શનિક સિદ્ધાંતોને માન્ય રાખે છે. માત્ર જુજ જુજ બાબતમાંજ મતભેદ છે. આપણા પોતાના દેશમાં (બંગાળામાં) નૈયાયિક પંડિતો હિંદુસ્તાનના દાર્શનિક પ્રદેશ ઉપર પોતાનો પ્રભાવ વિશેષપણે બેસાડી શક્યા નથી. તેઓ ન્યાયશાસ્ત્રની ઝીણી ઝીણી વ્યાખ્યાઓ, સામાન્ય, વિશેષ, જાતિ, દ્રવ્ય, ગુણ વગેરે અત્યંત કઠિન પારિભાષિક શબ્દો જેને યથાર્થ રીતે સમજતાં આખી જિંદગી નીકળી જાય, એવી એવી બાબતોનુંજ વિવેચન કરતા હતા. ન્યાય શાસ્ત્રનેજ તેમણે મુખ્ય વિષય માન્યો અને દર્શન શાસ્ત્રની ચર્ચા વેદાંતવાદીઓના હાથમાં રહેવા દીધી; તોપણ હિંદુસ્તાનના તમામ દાર્શનિક સંપ્રદાયોએ બંગાળી નૈયાયિકોનીજ પરિભાષા ગ્રહણ કરી છે. જગદીશ, ગદાધર અને શિરોમણિનાં નામ +નદીઆમાં જેટલાં પ્રસિદ્ધ છે તેટલાંજ ભરતખંડનાં દૂરનાં શહેરોમાં પણ વિદ્વાનોને જાણીતાં થયાં છે, પણ વ્યાસપ્રણીત વેદાંતદર્શને અને વ્યાસસૂત્રોએ આખા ભરતખંડમાં સ્થાયી પ્રતિષ્ઠા મેળવી છે. પ્રાચીન વૈદિક સિદ્ધાંતોને દાર્શનિક સ્વરૂપ આપ્યાથી વ્યાસસૂત્રની પ્રતિષ્ઠા હમેશને માટે સ્થાપિત થઇ ચૂકી છે. જે જે ભાષ્યકારો પાછળથી થયા તેમને પોતાના સિદ્ધાંતની ઇમારતનો પાયો વ્યાસસૂત્ર ઉપરજ રાખવો પડયો હતો. વેદાંતદર્શનમાં બુદ્ધિવાદને સંપૂર્ણ રૂપે શ્રુતિને આધીન રાખ્યો છે. શંકરાચાર્ય પણ લખે છે કે વ્યાસે સ્વતંત્રપણે દલીલ કરવાની દરકાર રાખીજ નથી, વ્યાસસૂત્રનો એકજ ઉદ્દેશ હતો કે વેદાંતના મંત્રો રૂપી પુષ્પોને એક સૂત્રથી ગૂંથીને તેમની માળા તૈયાર કરવી. જેટલે અંશે તે ઉપનિષદનું અનુસરણ કરે છે તેટલેજ અંશે તે પ્રમાણભૂત મનાય છે. એના કરતાં વિશેષ

+ સંસ્કૃતના અધ્યયન માટે અને વિશેષે કરીને ન્યાયશાસ્ત્ર માટે એ શહેર નામાંકિત છે. એ કલકત્તાની ઉતરે ૭૦ માઇલને અંતરે આવેલ છે. એજ શહેરમાં ચૈતન્યનો જન્મ થયો હતો. ભા૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધિકાર તેમને આપી શકાતો નથી.

ભરતખંડના તમામ સંપ્રદાયો વ્યાસસૂત્રને સર્વશ્રેષ્ઠ પ્રમાણ માનતા આવ્યા છે, અને જે જે નવા સંપ્રદાયો ઉભા થાય છે તેમના પ્રવર્તકોને વ્યાસસૂત્ર ઉપર પોતાના મતાનુસાર નવીન ભાષ્ય રચવું પડેછે. એ ભાષ્યકારોના સિદ્ધાંતોમાં ઘણી વાર ભયંકર મતભેદ જોવામાં આવે છે. આટલો મતભેદ છતાં પણ દરેકને પોતપોતાનો સિદ્ધાંત વ્યાસસૂત્રને આધારેજ સ્થાપિત કરવો પડે છે. પોતાને મનમાનતો અર્થ વ્યાસસૂત્રમાંથી નીચોવી કહાડવા માટે ભાષ્યકારો પોતાની બુદ્ધિના પ્રભાવથી, ભાષાજ્ઞાન અને તર્કશાસ્ત્રની કુશળતાથી મૂળ શ્લોકને મારી મચડીને એવા તો વિકૃત કરી નાખે છે કે તે જોતાં ત્રાસ છૂટે છે; છતાંપણ વ્યાસસૂત્ર મુખ્ય પ્રમાણ તરીકે પરાપૂર્વથી મનાઈ ચૂકયાં છે. એ વ્યાસસૂત્ર ઉપર પોતાના સંપ્રદાયના સિદ્ધાંતની રચના ન કરતાં સ્વતંત્રપણે કરે તો તે સંપ્રદાય હિંદુસ્તાનમાં સનાતનધર્મની કોટિમાં ન ગણાતાં નાસ્તિક ધર્મમાંજ ગણાઇ જાય. આવી સ્થિતિ હોવાથી દરેક સંપ્રદાયના મૂળ આચાર્યને વ્યાસસૂત્ર ઉપર નવીન ભાષ્ય રચવાની ફરજ પડી છે.

વ્યાસસૂત્રથી પ્રમાણભૂત ગ્રંથોમાં બીજો નંબર ગીતાનો છે. શંકરાચાર્યે ગીતાના ઉપદેશોનો પ્રચાર કર્યાથીજ ઉચ્ચ સ્થાન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યાં છે. આ મહાપુરુષે તેના અલ્પ પણ મહિમાવાન જીવનમાં જે જે મહાન કાર્ય કર્યાં છે તેમાં તેમણે ગીતાઉપર જે અત્યંત સુંદર ભાષ્ય રચ્યું છે તે સર્વોપરિ છે. સનાતન ધર્મનું અવલંબન કરનારા દરેક સંપ્રદાયના આચાર્યે શંકરાચાર્યની માફક એક એક ગીતાભાષ્ય લખ્યું છે.

ઉપનિષદોની સંખ્યા ઘણી મોટી છે. કેટલાકનો એવો અભિપ્રાય છે કે ઉપનિષદોની કુલ સંખ્યા ૧૦૮ છે. કેટલાક એથી પણ વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એમ માને છે, એમાંનાં કેટલાંક તો ખુલ્લી રીતે આધુનિકજ દેખાય છે. દાખલા તરીકે અલ્લોપનિષદ એમાં અલ્લાની સ્તુતિ કરેલી છે અને મહમદને રજસુલ્લા એવું નામ આપેલું છે. મને એવી ખબર મળી છે કે એ ઉપનિષદ અકબરના સમયમાં લખાયું હતું. એનો ઉદ્દેશ હિંદુ મુસલમાન વચ્ચે ઐક્ય કરવાનો હતો. સંહિતામાં " અલ્લા " અથવા " ઇલ્લા " એવા કેટલાક શબ્દો છે તે ઉપરથી કોઈએ આ ઉપનિષદ ઉપજાવી કહાડયું છે. આ ઉપરથી અલ્લોપનિષદમાં મહંમદને રજસુલ્લા કહ્યા છે. રજસુલ્લા શબ્દ કયા અર્થમાં વાપર્યો છે તે મારા જાણ્યામાં નથી. એવીજ જાતનાં બીજા કેટલાંક સાંપ્રદાયિક ઉપનિષદો પણ છે. તેમની રચના છેક આધુનિક સમયમાંજ થએલી છે. વેદના સંહિતા વિભાગની ભાષા એવી પ્રાચીન છે કે તેને વ્યાકરણના નિયમ લાગુ પડી શકતાજ નથી; તેથી કરીને એવાં ઉપનિષદો બનાવી કહાડવાં એ બહુજ સહેલી વાત છે. ઘણાં વર્ષ ઉપર વેદનું વ્યાકરણ શીખવાનો મેં વિચાર કર્યો હતો, અને ભારે ઉલટથી પાણિનિ અને મહાભાષ્યનો અભ્યાસ કરવા માંડયો; પણ થોડો ઘણો અભ્યાસ કર્યા પછી મને ઘણા આશ્ચર્ય સાથે માલમ પડયું કે વેદના વ્યાકરણનો મોટો ભાગ સંસ્કૃત વ્યાકરણના સામાન્ય નિયમોના અપવાદનોજ બનેલો છે. બસ, વ્યાકરણમાં અમુક નિયમ અપાય છે અને તરતજ નીચે ટીપ્પણ હોય છે કે " વેદમાં આ નિયમ લાગુ પડતો નથી. " આ ઉપરથી તમને માલમ પડશે કે હરકોઇ માણસ વેદની ભાષાને મળતું કાંઈ લખી નાખે તો તે વેદ તરીકે મનાઈ જાય એમાં સંદેહ નથી. માત્ર યાસ્કકૃત નિરૂક્ત (વૈદિક શબ્દકોષ) દ્વારાજ એ ચોરી પકડાઇ જવાનો સંભવ છે; પરંતુ એમાં પણ એકાર્થવ્યંજક અનેક શબ્દો આપેલા છે. આમ હોવાથી ગમે તેટલાં ઉપનિષદો બનાવી કહાડતાં મુશ્કેલી પડતી નથી. માત્ર થોડું ઘણું સંસ્કૃત અને ઉપર ઉપરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદના જેવા લાગે એવા શબ્દો બનાવી કહાડતાં આવડવું જોઈએ. વ્યાકરણના નિયમોનો ભંગ થવાની તો ફિકરજ નથી. પછી રજ-સુલ્લા અથવા ગમે તે સુલ્લાને સહેલાઇથી ગોઠવી શકાય છે. આ પ્રમાણે ઘણાં બનાવટી ઉપનિષદો લખાયાં છે અને મેં સાંભળ્યું છે કે હજી પણ એ ઉદ્યોગ ચાલુ છે. હું નિશ્ચયપૂર્વક માનું છું કે હજી પણ હિંદુસ્તાનમાં કોઇ કોઇ ઠેકાણે જુદા જુદા સંપ્રદાયોમાં પણ એવાં ઉપનિષદોની બનાવટ થાય છે; પરંતુ એવાં કેટલાંક ઉપનિષદો છે કે જે જોતાંવારજ અસલ અને ખરેખરાં ઉપનિષદો તે હોવાં જોઇએ એમ આપણને માલમ પડે છે અને તેમના ઉપરજ શંકરાચાર્ય, રામાનુજ અને બીજા ભાષ્યકારોએ ભાષ્યો રચ્યાં છે.

હવે એ ઉપનિષદો વિષે બીજી એક બે બાબતો તમારા ધ્યાન-પર લાવવા ઇચ્છું છું. ઉપનિષદો જ્ઞાનના અગાધ મહાસાગરતુલ્ય છે, અને મારા જેવો સામર્થ્યહીન પુરુષ તેમાંના તમામ વિચાર ઉપર વ્યાખ્યાન કરવા બેસે તો વરસનાં વરસ વીતી જાય. એકજ વ્યાખ્યા-નમાં એવાં ગંભીર સત્યોનો સમાવેશ કરવો એ મારા જેવા માટે અસંભવિત કાર્ય છે; માટે ઉપનિષદનું અવલોકન કરતાં મેં જે વિચાર ગ્રહણ કર્યા છે તેમાંથી માત્ર એકાદ બે તમને જણાવવાની મારી ઇચ્છા છે. પ્રથમ તો ઉપનિષદો એક અપૂર્વ કાવ્યનો ભંડાર છે. વેદના સંહિતા વિભાગમાં ઘણી વાર આપણને અદ્ભુત કાવ્યસૌન્દર્યનો પરિ-ચય થાય છે. દાખલા તરીકે ઋગ્વેદ સંહિતામાંના નાસદીય સૂક્તનું અવલોકન કરીએ. એની અંદર પ્રલયસમયે થતા ગંભીર અંધકારનું વર્ણન; એક શ્લોકમાં આપેલું છે–**"तम आसीत् तमसामूढमग्रे"** ઇત્યાદિ. અર્થાત્ " જ્યારે અંધકાર ઉપર અંધકારનું આવરણ આવેલું હતું;" આ પંક્તિ વાંચતાં એમ નથી લાગતું કે એ અદ્ભુત ગાંભીર્ય-યુક્ત કાવ્ય છે. તમને વિદિત હશે કે આપણા દેશમાં તેમજ અન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશોમાં ગંભીર ભાવનાને કાવ્યમાં ઉતારવાનો યત્ન ઘણા કવિઓએ કરેલો છે. હિંદુસ્તાન સિવાયના બીજા તમામ દેશના કવિઓ જ્યારે જ્યારે ગંભીર ભાવને આલેખવાનો યત્ન કરે છે ત્યારે તેમની શક્તિ હમેશ જડ પ્રકૃતિની અનંતતાના વર્ણન સુધી જ પહોંચી શકે છે- અનંત પ્રકૃતિનું બાહ્ય શરીર, અનંત જડ સૃષ્ટિ, અનંત અવકાશ- એનાથી તેઓ આગળ જઇ શકતા નથી. જ્યારે જ્યારે મિલ્ટન અથવા ડેન્ટી અથવા બીજો કોઇ પણ પ્રાચીન અથવા આધુનિક મહાન યુરોપિયન કવિ અનંતતાનું ચિત્ર આલેખવાનો યત્ન કરે છે ત્યારે તે કવિતારૂપી પાંખની મદદથી બાહ્ય પ્રદેશમાં ઘણે ઉંચે સુધી ભ્રમણ કરીને અનંત બાહ્ય પ્રકૃતિનો આભાસ કાવ્યમાં ઉતારી શકે છે. આપણા દેશમાં પણ અમુક સમય સુધી કવિઓની કલ્પના શક્તિ માત્ર બાહ્ય સૃષ્ટિમાંજ નિબદ્ધ હતી. તમે સંહિતા જોશો તો જણાશે કે બાહ્ય પ્રકૃતિના અનંત વિસ્તારનાં એવાં અદ્‌ભુત ચિત્રો વાંચનાર સમક્ષ રજુ કરેલાં છે કે તેની તુલનાનાં કાવ્ય અન્ય દેશના સાહિત્યમાંથી ભાગ્યેજ મળી આવશે. " **तम आसीत्तमसा गूढमग्रे** " એ પંક્તિ સ્મરણમાં રાખો અને પછી ત્રણ જુદા જુદા કવિઓએ કરેલાં અંધકારનાં વર્ણન સરખાવો. કવિ કાલિદાસ અંધકારનું વર્ણન કરતાં લખે છે કે " સૂચિવેધ્ય અંધકાર "-સોયની અણીથી વીંધાય એવો ગાઢ અંધકાર. મિલ્ટન નરકનું વર્ણન કરતાં લખે છે કે No light but rather darkness visible-" પ્રકાશ ન હતો પણ દૃશ્યમાન અંધકાર હતો. " પણ હવે ઋગ્વેદ સંહિતાનું વર્ણન જુઓ:- " અંધકારના આવરણથી ઢંકાયલો અંધકાર. " આપણે ઉષ્ણ કટિબંધમાં વસનારા હોવાથી આ ભાવ સહેલાઇથી ગ્રહણ કરી શકીએ છીએ જ્યારે ચોમાસામાં આકાશ એકાએક કાળાં વાદળાંથી છવાઇને ઘનઘોર બની જાય છે અને વાદળાંના થર ઉપર થર જામતા જાય છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે આ પંક્તિમાં કરેલું વર્ણન આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ. એ પ્રમાણે ગંભીર અંધકારનું વર્ણન આગળ ચાલે છે પણ આ કાવ્ય કવિતાની દૃષ્ટિએ અત્યંત મનોહર છતાં હજી બાહ્ય પ્રકૃતિના પ્રદેશથી વધારે આગળ જતું નથી. બીજા દેશોમાં જેમ જડ પ્રકૃતિના પૃથક્કરણ અને અવલોકનદ્વારા માનવ જીવનનો મહાન્ પ્રશ્ન ઉકેલવાના યત્નો થયા હતા તેમ આપણા દેશમાં પણ અમુક સમય સુધી કવિ અને તત્ત્વચિંતકની બુદ્ધિ જડ પ્રકૃતિથીજ અટકતી હતી. જેમ ગ્રીક ફિલસુફો અને આધુનિક યુરોપિયન ફિલસુફો અને વૈજ્ઞાનિકો માનવ જીવન તથા જગતની ઉત્પત્તિને લગતા મહાન પ્રશ્નનો ઉત્તર બાહ્ય પ્રકૃતિમાંથી મેળવવાનો યત્ન કરે છે તેમ શરૂઆતમાં આપણા પૂર્વજો પણ કરતા હતા; અને જેમ પાશ્ચાત્ય વિદ્વાનો સંતોષકારક ઉત્તર મેળવી શકતા નથી તેમ આપણા પૂર્વજો પણ મેળવી શકયા ન હતા. પણ પાશ્ચાત્ય વિદ્વાનો એક પગલું આગળ ગયા નહિ અને જતા પણ નથી. બાહ્ય પ્રકૃતિના અવલોકનમાંથી જીવન અને મરણસંબંધી પ્રશ્નનો ઉત્તર નથી મળતો તો પણ હજી તેઓ હતા ત્યાં ને ત્યાંજ છે. બારીકમાં બારીક યંત્રોવડે હજી પણ પરમ સત્યની પ્રાપ્તિ થશે એવી આશાએ બાહ્ય સૃષ્ટિના અવલોકનમાંજ ગૂંથાઇ રહ્યા છે. આપણા પૂર્વજોને પણ તેમના જેવીજ નિષ્ફળતા મળી હતી પણ તેમણે નિડરપણે જાહેર કર્યું કે પરમ સત્યનાં દર્શન કરવા ઇન્દ્રિયો અસમર્થ છે. લેશ માત્ર પણ સંકોચ કે ભય લાવ્યા વગર ઉપનિષદ્ જાહેર કરે છે કે **यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह। न तत्र चक्षुर्गच्छति न वाग् गच्छति।** "જ્યાંથી મનની સાથે વાણી પાછી વળે છે; જ્યાં ચક્ષુ જઇ શકતાં નથી; જ્યાં વાણી પહોંચી શકતી નથી." ઉપનિષદોમાં એવાજ ભાવાર્થના અનેક શ્લોક છે. તેઓ સ્પષ્ટપણે ઉદ્ઘોષ કરે છે કે સત્યની પ્રાપ્તિ ઇન્દ્રિયોવડે થઈ શકતી નથી, પણ આટલું જણાવીને આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વજો અટકયા ન હતા. જ્યારે બાહ્ય પ્રકૃતિમાંથી ઉત્તર ન મળ્યો ત્યારે તેમણે મનુષ્યની અંતઃપ્રકૃતિનું અવલોકન અને પૃથક્કરણ કરવા માંડયું. જે પ્રશ્નનો ઉત્તર તેમને પ્રાપ્ત કરવો હતો તે પ્રશ્ન તેમણે પોતાના અંતરાત્માને પૂછ્યો. તેમણે પોતાની વૃત્તિને અંતરમાં વાળી. તેમને ખાત્રી થઇ હતી કે જડ સૃષ્ટિમાંથી એ મહાપ્રશ્નનો ઉત્તર મેળવવાની આશા વ્યર્થ છે. તેમાંથી કોઇ પણ ઉપાયે ઉત્તર મળશે નહિ તેથી એ ચેતનરહિત જડ સૃષ્ટિનો ત્યાગ કરીને તેઓ જ્યોતિર્મય આત્મા તરફ વળ્યા અને ત્યાંથી ઉત્તર મળ્યો કે—

तमेवैकं जानथ आत्मानं अन्यवाचो विमुञ्चथ ।

"એકલા આત્માનેજ ઓળખો; બીજો બકવાદ જવા દો" એવું તેમણે સ્પષ્ટપણે જાહેર કર્યું." આત્મામાંથીજ તેમના પ્રશ્નનું સમાધાન થયું; આત્માના તત્ત્વનું અવલોકન કરતાં કરતાં પરમ આત્મા, ઇશ્વર, બ્રહ્માંડનો અધિપતિ પરમેશ્વર–તેનું જ્ઞાન થયું. પરમાત્મા અને જીવાત્મા વચ્ચે કેવા પ્રકારનો સંબંધ છે, આપણું તેના તરફ શું કર્તવ્ય છે અને તેને લીધે મનુષ્યોનું એકબીજા તરફ શું કર્તવ્ય છે, એ બધા પ્રશ્નોના સંતોષકારક ઉત્તર મળી ગયા. એ આત્મતત્ત્વનું વર્ણન જે શ્લોકો દ્વારા કરવામાં આવ્યું છે તેના કરતાં વિશેષ ગાંભીર્યપૂર્ણ કાવ્ય જગતમાં શોધ્યું જડશે નહિ. હવે આત્માનું વર્ણન કરવાને જડ સૃષ્ટિની ભાષાનો ઉપયોગ કરવાનું પ્રયોજન રહ્યું ન હતું. એટલે સુધી કે આત્માના વર્ણનમાટે નિર્દિષ્ટ ગુણવાચક (Positive) શબ્દોનો પણ ત્યાગ કરવામાં આવ્યો. હવે અનંતની કલ્પના કરવા માટે ઇન્દ્રિયગમ્ય ઉદ્દીપનની કે ઇન્દ્રિયોની સહાયતા લેવાની જરૂર રહી નહિ. હવે બાહ્ય ઇન્દ્રિયગ્રાહ્ય, નિશ્ચેતન, મૃત, જડભાવપૂર્ણ અવકાશ રૂપ અનંતનું વર્ણન કરવાનો ક્રમ બંધ થયો, અને તેને ઠેકાણે આત્માના તત્ત્વનું એવી ભાષામાં વર્ણન કરવામાં આવ્યું છે કે તે વાંચતાં આપણે કાંઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂક્ષ્મ ઇન્દ્રિયાતીત પ્રદેશમાં દાખલ થઇ જઇએ છીએ. દાખલા તરીકે ઉપનિષદનો એક અપૂર્વ સુંદર શ્લોક સાંભળોઃ—

न तत्र सूर्यो भाति न चंद्रतारकम् ॥
नेमा विद्युतो भांति कुतोऽयमग्निः ॥
तमेव भांतमनुभाति सर्वम् ॥
तस्य भासा सर्वमिदं विभाति ॥

આના કરતાં વિશેષ ગાંભીર્યપૂર્ણ કાવ્ય હોઇ શકે ખરૂં ? "ત્યાં સૂર્ય પ્રકાશ પાડી શકતો નથી; ચંદ્ર અને તારા ચળકતા નથી; ત્યાં વિજળીનું અજવાળું પડતું નથી તો મર્ત્યલોકના સામાન્ય અગ્નિની તો વાત જ શી ? તેનાજ પ્રકાશથી બધું પ્રકાશિત થાય છે; તેનુંજ તેજ સર્વને તેજસ્વી બનાવે છે." કેવું સુંદર કાવ્ય !

આવું કાવ્ય મળી આવવું મુશ્કેલ છે. વળી કઠોપનિષદ જે એક અદ્ભુત ઉપનિષદ્ છે તેમાં કેવું અપૂર્વ અને સંપૂર્ણ રીતે સુંદર કાવ્ય રહેલું છે તે વિચારો. એની અંદર કેવા અલૌકિક કલાવિધાનનું આખરસુધી દર્શન કરાવ્યું છે ! તેની શરૂઆતજ કેવી ખુબીથી કરવામાં આવી છે ? નાનો બાળક નચિકેતા—તેના હૃદયમાં શ્રદ્ધા પ્રવેશ કરે છે અને તે યમરાજને ઘેર જવા તૈયાર થાય છે. એ અલૌકિક આચાર્ય યમરાજ નચિકેતાને જન્મ મૃત્યુનું રહસ્ય સમજાવે છે. નચિકેતાને શું જાણવાની ઇચ્છા હતી ? મૃત્યુનું રહસ્ય.

ઉપનિષદ સંબંધી બીજી એક બાબત ખાસ લક્ષમાં રાખવા જેવી એ છે કે, ઉપનિષદના સિદ્ધાંતો અમુક વ્યક્તિ તરફથી પ્રાપ્ત થએલા નથી. અલબત્ત, ઉપનિષદોની અંદર અનેક આચાર્યો, અનેક વક્તાઓ અને અનેક મહાપુરુષોનાં નામ જોવામાં આવે છે પણ તેમાંના કોઇના શબ્દો ઉપર ઉપનિષદોના સિદ્ધાંતના સત્યનો આધાર નથી. ઉપનિષદના એકપણ શ્લોકમાં તેમના જીવન સંબંધે ઉલ્લેખ કર્યો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તમામ આચાર્યો, વક્તાઓ છાયામૂર્તિની માફક રંગભૂમિના પડદા પાછળજ ઉભા રહ્યા છે. તેમના તરફ કોઈ જોતું નથી, તેમના અસ્તિત્વનો કોઇને અનુભવ થતો નથી, તેમના તરફ કોઇનું ધ્યાન સરખું ખેંચાતું નથી; પણ ખરેખરી શક્તિ તો ઉપનિષદોના અપૂર્વ મહિમામય, જ્યોતિર્મય, પ્રતિભાપૂર્ણ મંત્રોમાંજ રહેલી છે. કોઇપણ વિશિષ્ટ વ્યક્તિ સાથે તેમને સંબંધ છેજ નહિ. ગમે તો વીસ યાજ્ઞવલ્કય જન્મે, જીવે અને ચાલ્યા જાય તોપણ ઉપનિષદને તેમાં લાભ કે હાનિ નથી. ઉપનિષદના મંત્ર તો જેમ છે તેમ ને તેમજ રહેવાના અને આટલું છતાં પણ તેમાં કોઇ વ્યક્તિની સામે આક્ષેપ કરવામાં નથી આવ્યો તેમ કોઇપણ પ્રકારનો વિરોધ જોવામાં નથી આવતો. જગતમાં આજ સુધીમાં જે જે અવતારી પુરુષો અથવા આચાર્યો થઇ ગયા છે અને ભવિષ્યમાં થશે તે સર્વનો સમાવેશ કરી શકે એવાં ઉપનિષદ ઉદાર અને વિશાળ છે. અવતાર અને મહાપુરુષોના પૂજનવિરુદ્ધ ઉપનિષદમાં એક શબ્દ પણ લખ્યો નથી. ઉલટું એવા પ્રકારના પૂજનને તે અનુમોદન આપે છે. તેની સાથે તે સંપૂર્ણરીતે વ્યક્તિગત ભાવનાથી મુક્ત છે. એ ઘણીજ અદ્‌ભુત ભાવના છે. ઉપનિષદમાં કોઇ મનુષ્યની વાણી નહિ પણ સાક્ષાત્ ઇશ્વરની વાણી સંભળાય છે. એટલે દરજ્જે ઉપનિષદો વ્યક્તિગત આદર્શોથી સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે. તેની સાથે ચુસ્તમાં ચુસ્ત આધુનિક વિજ્ઞાનશાસ્ત્રીને સંતોષ આપે અને કોઇ પણ દેશનો, કોઇ પણ યુગનો તત્ત્વચિંતક, ઋષિ કે જ્ઞાની ઉપનિષદોનો આદર્શ માન્ય રાખે એવાં તે ઉદાર, વિશાળ અને પૂર્ણ રીતે વ્યક્તિનિરપેક્ષ (Impersonal) છે.

આજ આપણાં ખરેખરાં શાસ્ત્રો છે. ખ્રિસ્તીઓને માટે જેમ બાઇબલ છે, મુસલમાનો માટે કુરાન છે, બૌદ્ધોને માટે ત્રિપિટક છે, પારસીઓને માટે ઝંદ અવેસ્તા છે તેમ હિંદુઓને માટે ઉપનિષદ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ, ફક્ત એકલાં આજ આપણાં શાસ્ત્રો છે. પુરાણ, તંત્ર અને બીજાં અનેક ધર્મપુસ્તકો, ખુદ વ્યાસસૂત્રો ઉપનિષદથી ઉતરતાં છે; તેમનો અધિકાર ગૌણ છે. સર્વોપરિ અધિકાર તો માત્ર વેદનોજ છે. મનુ વગેરે સ્મૃતિકારોની સ્મૃતિઓ, પુરાણ અને બીજાં શાસ્ત્રો જ્યાં સુધી ઉપનિષદ સાથે એકમત થતાં હોય ત્યાં સુધી તેમને માન્ય રાખવાં; અને તેઓ ઉપનિષદથી વિરુદ્ધ જાય તેજ પળે તેમને નિર્ભયપણે કોરે મૂકી દેવાં. આ બાબત આપણે હમેશ સ્મરણમાં રાખવાની જરૂર છે; પણ દુર્ભાગ્યે હાલમાં હિંદુસ્તાનના લોકો તેને તદ્દન વિસરી ગયા છે. હાલ તો ઉપનિષદને બદલે સાધારણ નાનાં નાનાં ગામડાંઓના લૌકિક રિવાજ, સ્ત્રીઓના આચાર વિશેષ પ્રમાણભૂત મનાય છે, વેદના જે-ટલો અથવા વેદના કરતાં પણ તેમનો અધિકાર વિશેષ છે! અને જે હાલ "સનાતન ધર્મ" કહેવામાં આવે છે તેનું પ્રાબલ્ય એટલું બધું છે? સાધારણ માણસોને મન પૂજા, દર્શન, બહારની પવિત્રતા, બાધાઓ, માનતાઓ, કથાઓ, યાત્રાઓ, બસ એનું નામ જ "સનાતન ધર્મ" છે; અને જે એમાંનું કાંઇ ન કરે તેને હિંદુ કહેવડાવવાનો અધિકાર નથી, કેમકે તે નાસ્તિક છે. દુર્ભાગ્યે આપણા દેશમાં (બંગાળામાં) એવા માણસો જોવામાં આવે છે કે તેઓ અમુક *તંત્રનું અવલંબન કરીને લોકોને સમજાવે છે કે આ તંત્રમાં બતાવેલા વિધાનપ્રમાણે વ્યવહાર કરવો જોઇએ; જેઓ તેમ ન કરે તેઓ એકલાજ સનાતન ધર્માવલંબી અને બાકીના નાસ્તિક, પતિત વગેરે. માટે તમે બરાબર સ્મરણમાં રાખજો કે આપણા ધર્મના વિષયમાં સર્વથી શ્રેષ્ઠ પ્રમાણ ઉપનિષદોનુંજ છે; ગૃહ્યસૂત્ર અને શ્રૌતસૂત્ર

*આપણા ગુજરાતમાં તંત્રનો પ્રચાર નથી પણ તેને ઠેકાણે સામાન્ય લોકોમાં પુરાણોનો અને પુરાણીઓનો અધિકાર વિશેષ છે; એટલે વસ્તુ-સ્થિતિ તો ગુજરાત અને બંગાળામાં સરખી છે. ભા૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ વેદની સત્તાને અધીન છે. ઉપનિષદો એ મહર્ષિઓના, આપણા પૂર્વજોના ઉદ્‌ગાર છે અને જો તમે વાસ્તવિક રીતે હિંદુ હો તો તમે તેમને માન્ય રાખવાં જોઇએ. ભલે તમે ઇશ્વરને માટે તમારી મરજી આવે એવા વિચાર બાંધજો પણ જો તમે વેદનું પ્રમાણ નહિ સ્વીકારો તો તમને નાસ્તિક કહેવા પડશે. ખ્રિસ્તી, બૌદ્ધ અને બીજા ધર્મનાં શાસ્ત્રો અને આપણાં શાસ્ત્રો વચ્ચે એજ મોટો તફાવત છે. બાઇબલ, કુરાન વગેરે શાસ્ત્રો ખરેખરાં શાસ્ત્રોજ નથી પણ આપણાં પુરાણ જેવાં છે; કારણ કે તેઓમાં આપણાં પુરાણની માફક મહાપ્રલય, જળપ્રલયની, રાજાઓની, રાજ્યકર્તા વંશોની, અને મહાપુરુષોની કથાઓ આપેલી છે. એ કાર્ય ખરૂં જોતાં પુરાણોનુંજ છે. માટે જ્યાં સુધી બાઇબલ, કુરાન કે પુરાણ વેદની સાથે સંમત હોય ત્યાં સુધી તેઓ માન્ય છે, પણ જ્યારે તેઓ વેદના કરતાં કાંઇ જુદોજ ઉપદેશ આપતાં હોય તો તેટલી બાબતમાં તેમને માન્ય રાખી શકાય નહિ. કુરાન, બાઇબલ વગેરેમાં નીતિના ઉપદેશ છે પણ જેટલે અંશે તેમનું વેદ સાથે ઐક્ય હોય તેટલે અંશેજ તેઓ પ્રમાણભૂત છે અને નહિ તો નહિ. આપણી માન્યતા એવી છે કે વેદ કદિ લખાયાજ નથી. ખરૂં જોતાં તેમની ઉત્પત્તિજ નથી. મને એક પ્રસંગે એક ખ્રિસ્તી પાદરીએ કહ્યું કે અમારા બાઇબલને ઐતિહાસિકત્વનો આધાર છે માટે તે સત્ય છે. મેં જવાબ દીધો કે "મારાં શાસ્ત્રો ઐતિહાસિક નથી તેટલા માટેજ તેઓ સત્ય છે. તમારૂં શાસ્ત્ર ઐતિહાસિક હોવાથી તેને કોઇ સમયે કોઇ મનુષ્યે લખ્યું હોવું જોઇએ. તમારૂં શાસ્ત્ર મનુષ્યકૃત છે પણ મારાં શાસ્ત્રો મનુષ્યકૃત નથી. તેમનામાં ઐતિહાસિકત્વનો અભાવ એજ તેમની સત્યતાનું સબળ પ્રમાણ છે." વેદ અને બીજાં આધુનિક શાસ્ત્રોનો આવા પ્રકારનો સંબંધ છે.

હવે આપણે ઉપનિષદોમાં જે જે વિષય ઉપર ઉપદેશ આપવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યા છે તેનું અવલોકન કરીએ. એની અંદર અનેક જાતના વિચારો-વાળા શ્લોક છે. અમુક શ્લોક સંપૂર્ણ અંશે દ્વૈતવાદાત્મક છે. "દ્વૈતવાદ" એ શબ્દ હું કયા અર્થમાં વાપરૂં છું, તે હું તમને સ્પષ્ટ રીતે કહેવા ઇચ્છું છું. અમુક પ્રકારના વિચાર તો હિંદુસ્તાનના તમામ સંપ્રદાય માન્ય રાખે છે. પ્રથમ તો સંસારવાદ એટલે જીવાત્મા ફરી ફરીને જન્મ ધારણ કરે છે એ મત તમામ હિંદુ સંપ્રદાયો સ્વીકારે છે. બીજું એમના માનસશાસ્ત્રવિષયક સિદ્ધાંતો એકસરખા છે. તેઓ બધા માને છે કે આ આપણું સ્થૂળ શરીર છે, તેની અંદર સૂક્ષ્મ શરીર અથવા મન રહેલું છે. એ બધાં શરીરની અંદર જીવાત્મા રહેલો છે. પાશ્ચાત્ય માનસ શાસ્ત્ર અને હિંદુસ્તાનના માનસ શાસ્ત્ર વચ્ચે મોટો તફાવત એ છે કે પાશ્ચાત્ય માનસ શાસ્ત્રમાં મન અને આત્મા વચ્ચેનો તફાવત જ બતાવવામાં આવતો નથી. તેમના મત પ્રમાણે મન તેજ આત્મા છે. આપણ દેશનાં માનસ શાસ્ત્રો આ બાબતમાં જુદાં પડે છે. મન અથવા જેને અંતઃકરણ પણ કહેવામાં આવે છે તે જીવાત્માનું એક યંત્ર રૂપ છે. એ યંત્રવડે આ શરીર ઉપર અથવા બાહ્ય જગત ઉપર જીવ પોતાનું કાર્ય કરી શકે છે. આ સિદ્ધાંત હિંદુસ્તાનના બધા સંપ્રદાયો કબુલ રાખે છે, અને જીવ, આત્મા અથવા જીવાત્મા એવાં જેને જુદાં જુદાં નામ આપવામાં આવે છે તે અનાદિ, અનંત, અવિનાશી છે; અને જ્યાં સુધી તે સંપૂર્ણ મુક્ત દશા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી ફરી ફરીને જન્મ ધારણ કરે છે. આ બાબતમાં બધા સંપ્રદાયો એકમત થાય છે અને એ સિવાય બીજી પણ એક બાબત છે કે જે વિષે પાશ્ચાત્ય અને ભારતીય તત્ત્વવિચારની પ્રણાલીમાં પૂરેપૂરો, એક બીજાને તદ્દન જુદાં પાડી નાખે એવો ચોખ્ખો ભેદ સમાયલો છે; તે વિષે પણ હિંદુસ્તાનના તમામ સંપ્રદાયો એકસરખો મત ધરાવે છે. આપણી માન્યતા એવી છે કે જીવાત્માની અંદર અસલથીજ સર્વ પ્રકારની શક્તિઓ રહેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મબળ પ્રાપ્ત કરવાને બહારથી કોઇ શક્તિ પ્રાપ્ત કરવાની નથી પણ જે શક્તિ આત્માની અંદર અનાદિકાળથી રહેલી છે તેનો ફક્ત વિકાસ કરવાનો છે. અંગ્રેજીમાં જે Inspiration (પ્રેરણા) શબ્દ છે તેમાંથી એવું તાત્પર્ય નીકળે છે કે આત્માની અંદર કાંઇક તત્ત્વ બહારથી આવીને દાખલ થાય છે. In એટલે અંદર અને Spiration એટલે ફૂંકવું તે. અર્થાત્ જેમને પ્રેરણા થાય છે તેમના આત્માની અંદર કોઇક બહારથી આવેલો પ્રકાશ અથવા જ્ઞાન દાખલ થાય છે. પણ આપણાં શાસ્ત્રના મત પ્રમાણે તમામ પ્રકારની શક્તિઓ, મહત્ત્વ અને પવિત્રતા આત્માની અંદરજ રહેલાં છે અને ઋષિઓ, મહાપુરુષો બહારથી નવું તત્ત્વ ન લાવતાં પોતાના આત્માની અંદર જે રહેલું છે તેનો માત્ર વિકાસ કરે છે. યોગીઓ કહે છે કે અણિમા, લઘિમા વગેરે અષ્ટ સિદ્ધિઓ જે તેઓ પ્રાપ્ત કરવા ઇચ્છે છે તે ખરૂં જોતાં પ્રાપ્ત કરવાની છેજ નહિ. પરાપૂર્વથી આત્મામાં રહેલીજ છે. માત્ર તેમને વ્યક્ત કરવાનુંજ કામ બાકી છે. દાખલા તરીકે પતંજલિનો મત એવો છે કે ભોંય પર ચાલતા ક્ષુદ્ર કીડાની અંદર પણ અષ્ટ સિદ્ધિઓ રહેલી છે અડચણ માત્ર શરીરને લીધેજ છે. એ શરીરને લીધેજ આત્મા પોતાની શક્તિઓને પ્રકટ કરી શકતો નથી. ઉત્કૃષ્ટ શરીરની પ્રાપ્તિ થતાંજ એ શક્તિઓ એકદમ પ્રકટ થઇ જશે; અત્યારે પણ તેનામાં તમામ અસ્તિત્વ તો છેજ. તે પોતાના એક સૂત્રમાં લખે છે કે:—**निमित्तम् प्रयोजकं प्रकृतीनां वरणभेदस्तु ततः क्षेत्रिकवत् ।** અર્થાત્ કર્મ કાંઈ પ્રકૃતિનો સ્વભાવ બદલતાં નથી પણ તેની ઉન્નતિમાં જે અંતરાયો છે તે દૂર કરવાની ગરજ સારે છે. જેમ એક ખેડુત પોતાના ખેતરમાં પાણી વાળવાને માટે જે જમીન પોતાની ઉંચાઇને લીધે પાણીને આવતું અટકાવતી હોય છે તેને ખોદી નાખે છે એટલે પાણી એની મેળેજ પોતાના સ્વભાવ પ્રમાણે ધડધડાટ કરતું ચાલ્યું આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાના સંબંધમાં કપિલ મુનિ ખેડુતનું પ્રખ્યાત ઉદાહરણ આપે છે. એક ખેડુતને પાસેના તળાવમાંથી પોતાના ખેતરમાં પાણી વાળવું છે. તળાવ પાણીથી છલાછલ ભરાયલું છે પણ જો તળાવ અને ખેતરની વચ્ચે જે ક્ષેત્રની પાળ છે તે તૂટી જાય તો ક્ષણવારમાં આખા ખેતરમાં પાણીની રેલ છેલ થઇ રહે. તે પાળને ખેડુત તોડી નાખે તો પાણી પોતાના જ વેગવડે ખેતરમાં ચાલ્યું આવે. તેમ આત્માની અંદર અનાદિ કાળથી પવિત્રતા, શક્તિઓ, સંપૂર્ણ અંશે ભરેલાં છે; માત્ર તેના ઉપર માયાનું આવરણ આવેલું હોવાથી એ શક્તિઓ પ્રકટ થઇ શકતી નથી. એ આવરણ ખસી જાય તો આત્મા પોતાની સ્વાભાવિક પવિત્રતા પ્રાપ્ત કરે અને તેની અંદર રહેલી નાના પ્રકારની શક્તિઓ જાગૃત થાય. હવે પાશ્ચાત્ય માનસશાસ્ત્ર અને ખાસ કરીને ધર્મશાસ્ત્રો આ વાત સ્વીકારતાં નથી એ આપણી અને તેમની વચ્ચે મોટો તફાવત છે. પાશ્ચાત્ય દેશોના લોકોમાં એવો ભયંકર મત ચાલે છે કે આપણે બધા+ જન્મથીજ પાપી છીએ. આપણે આ ભયંકર મતને માનતા નથી તેથી આપણને પણ તેઓ પાપી ધારે છે અને આપણા ઉપર ઘૃણા લાવે છે. તેઓ વિચાર નથી કરતા કે જો આપણે સ્વાભાવિક રીતેજ પાપી હોઇએ તો પછી આપણે કદિ પણ પવિત્ર થઇ શકીએજ નહિ, કેમકે મૂળ પ્રકૃતિમાં કાંઇ ફેરફાર થઇ શકેજ નહિ અને પ્રકૃતિ ફરી જાય

+ ખ્રિસ્તી ધર્મશાસ્ત્ર–બાઈબલ બે વિભાગમાં વહેંચાયલું છે. જૂનો વિભાગ અને નવો વિભાગ. (Old testament, New Testament) જૂના વિભાગનાં પ્રકરણો યાહુદી લોકોના ઓલીઆઓએ લખેલાં છે. ત્રણ ચાર હજાર વર્ષ ઉપર યાહુદીઓ મિસર દેશમાં ગુલામોની હાલત ભોગવતા હતા, તેમને મુસા નામના પેગંબરે મુક્ત કર્યા; પણ લાંબા સમયની ગુલામીને-લીધે આપણે પાપી છીએ, જન્મથી ગુલામ અને પાપી છીએ એ ભાવના તેમના મગજમાં દૃઢ થઇ ગઈ હતી. તેને લીધેજ મનુષ્ય માત્ર જન્મથી પાપી છે એ માન્યતા ઉત્પન્ન થઇ છે. ભા૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તે પ્રકૃતિજ ન કહેવાય; એટલે તેઓ પોતાના મતનું પોતેજ ખંડન કરે છે. આપણા અને પશ્ચિમના દેશોમાં ચાલતા ધર્મ વચ્ચે આ જે પ્રભેદ રહેલો છે તે સ્મરણમાં રાખજો, પણ આપણા દેશમાં દ્વૈતવાદી અને અદ્વૈતવાદી બધાએ સંપ્રદાયો આ બાબતમાં તો એકમત છે.

બીજી એક બાબતમાં પણ આપણા દેશમાં ચાલતા તમામ સંપ્રદાયો એકજ મત ધરાવે છે અને તે ઇશ્વરના આસ્તિત્વ સંબંધે છે. દરેક સંપ્રદાયના ઇશ્વર સંબંધી વિચારમાં ભિન્નતા છે એ વાત ખરી, પણ ઇશ્વરના અસ્તિત્વ સંબંધી કોઇને સંદેહ નથી. જેઓ દ્વૈતવાદી છે તેઓ સગુણ ઇશ્વરને અને અદ્વૈતવાદીઓ નિર્ગુણ બ્રહ્મને માને છે. હવે "સગુણ ઇશ્વર" એ શબ્દનો અર્થ હું તમને સ્પષ્ટપણે સમજાવવા ઇચ્છું છું કે જેથી કરીને ગેરસમજ ઉભી ન થાય. "સગુણ" શબ્દનો અર્થ એવો નથી કે ઇશ્વરને શરીર છે, તે અમુક ઠેકાણે સિંહાસન ઉપર બેઠેલો છે અને ત્યાં રહ્યો રહ્યો જગત ઉપર રાજ્ય કરે છે. સગુણ એટલે માત્ર ગુણયુક્ત. સગુણ ઇશ્વરનું અનેક પ્રકારે વર્ણન કરવામાં આવ્યું છે. એ સગુણ ઇશ્વર જગતની સૃષ્ટિ, સ્થિતિ અને લય કરે છે એ મત દરેક સંપ્રદાય મંજૂર રાખે છે. અદ્વૈતવાદીઓ સગુણ ઇશ્વર કરતાં જરા આગળ વધીને ઇશ્વરના એથી પણ અધિક ઉચ્ચ પ્રકારના સ્વરૂપને માને છે. તેઓ સગુણ ઇશ્વરના કરતાં પણ વિશેષ ઉચ્ચ સ્વરૂપ જેને સગુણ–નિર્ગુણ એવું નામ આપી શકાય તે સ્વરૂપને માને છે. જેનામાં ગુણનો કેવળ અભાવ છે તેને કોઇ પણ વિશેષણ વાપરીને વર્ણવી શકાય જ કેમ ? આથી કરીને અદ્વૈતવાદીઓ તેને સત્ ચિત્ અને આનંદ, એ ત્રણ જ વિશેષણ લગાડે છે. શંકરાચાર્ય ઇશ્વરને સચ્ચિદાનંદ એ વિશેષણથી વિશિષ્ટ માન્યો છે પણ ઉપનિષદો તો શંકરાચાર્યના કરતાં પણ એક પગલું આગળ જાય છે. તેમના મત પ્રમાણે ઇશ્વરને તો માત્ર "**નેતિ નેતિ**"–"તે આવો નથી, આવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી " એવી નિષેધાત્મક ભાષાથીજ વર્ણવી શકાય. તે આવો છે એમ કહેવાય જ નહિ. એ મતભેદ ગમે તેટલા હોય તોપણ ઇશ્વરના અસ્તિત્વ માટે તો આપણા દેશમાં બે મત છે જ નહિ.

હવે આપણે દ્વૈતવાદીઓના સિદ્ધાંતનું સંક્ષેપમાં અવલોકન કરીએ. હું થોડા વખત ઉપર કહી ગયો છું કે હું રામાનુજને દ્વૈતવાદી સંપ્રદાયના શ્રેષ્ઠ પ્રતિનિધિ તરીકે માનું છું. ઘણા જ ખેદની વાત છે કે બંગાળાના લોકો ભરતખંડના બીજા પ્રદેશોમાં થઇ ગએલા મોટા મોટા આચાર્યો વિષે બિલકુલ જ્ઞાન ધરાવતા નથી. મુસલમાનોનું રાજ્ય ભરતખંડમાં રહ્યું તે દરમ્યાન ચૈતન્ય સિવાયના બીજા બધા ધર્મપ્રવર્તકો દક્ષિણ હિંદુસ્તાનમાં જ પેદા થયા હતા. ખરૂં જોતાં દક્ષિણ હિંદુસ્તાનના આચાર્યોની જ બુદ્ધિ આખા હિંદુસ્તાનમાં ધર્મના વિષય ઉપર હાલ અધિકાર ભોગવે છે. કારણ કે ચૈતન્યે પણ દક્ષિણમાં ઉત્પન્ન થએલા મધ્વાચાર્યના સિદ્ધાંતો સ્વીકાર્યા છે. રામાનુજના મત પ્રમાણે ત્રણ પદાર્થો નિત્ય છે—ઇશ્વર, જીવ અને જગત. આત્મા નિત્ય અને અવિનાશી પદાર્થ છે અને અનંત કાળ પર્યંત તેનું પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ કાયમ રહેશે, તેનો કદિ પણ લોપ થશે નહિ. તમારો આત્મા મારા આત્માથી અનંતકાળ પર્યંત પૃથક્ રહેશે; અને આ જગત્—પ્રકૃતિ જે આત્મા અને ઇશ્વરના જેટલી જ સત્ય છે, મિથ્યા નથી, તે પણ અનંત કાળ પર્યંત પૃથક્રૂપે રહેશે. ઇશ્વર સર્વની અંદર અંતર્યામી રૂપે રહેલો છે, અને એ દૃષ્ટિએ જીવ એ ઇશ્વરથી ભિન્ન છતાં પણ અભિન્ન છે એવું રામાનુજ માને છે. પ્રલય વખતે જ્યારે આખું જગત્ સંકુચિત થઇ જશે ત્યારે આ જીવાત્માઓનો પણ સંકોચ થઇ જશે અને એવી અવસ્થામાં તેઓ અમુક કાળપર્યંત રહેશે. જ્યારે બીજા કલ્પનો પ્રારંભ થશે ત્યારે જીવાત્માઓ પુનઃ પ્રકટ થશે અને પોતાનાં પૂર્વ જન્મોનાં કર્મોનાં ફળ ભોગવશે, માટે જે જે કર્મોનેલીધે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવાત્માની સ્વભાવિક પવિત્રતામાં ઘટાડો થાય તે સર્વ પાપ છે અને જે કર્મથી જીવાત્માનો ઉત્તરોત્તર વિકાસ થતો જાય તે સર્વ પુણ્ય કર્મ છે. એ પ્રમાણે આત્મા કોઇક વાર સંકુચિત થાય છે તો કોઈ વાર વિકાસ પામે છે. એમ કરતાં કરતાં અંતે ઈશ્વરકૃપાથી તે મુક્ત થઇ જાય છે, માટે જેઓ પવિત્ર સ્વભાવવાળા છે અને જેઓ ઈશ્વરની કૃપા મેળવવા ઉત્કંઠા સહિત યત્ન કરે છે તેઓને ઈશ્વરની કૃપા મળે છે એવો રામાનુજનો સિદ્ધાંત છે.

શ્રુતિનું એક પ્રસિદ્ધ વાક્ય છે કે **आहारशुद्धौ सत्वशुद्धिः सत्वशुद्धौ ध्रुवा स्मृतिः** અર્થાત્ જો આહાર શુદ્ધ હોય તો સત્વની એટલે કે અંતઃકરણની શુદ્ધિ થાય છે, અને તેમ થતાં સ્મૃતિ એટલે ઈશ્વરસ્મરણ (અદ્વૈતવાદીના મત પ્રમાણે પોતાની પૂર્ણતાનું સ્મરણ) અચલ અને સ્થાયી થાય છે. આપણે જાણીએ છીએ કે સાંખ્યદર્શનના મત પ્રમાણે અને ભરતખંડનાં બીજાં તમામ દર્શનના મત પ્રમાણે આપણો દેહ ત્રણ ઉપાદાનનો બનેલો છે–સત્વ, રજ અને તમ. આ ત્રણ ગુણયુક્ત પ્રકૃતિ જ જગતના ઉપાદાન કારણરૂપ છે. હવે વિશુદ્ધ સત્વની પ્રાપ્તિ કરવી એ વેદાંતનો મુખ્ય વિષય છે. હું તમને આગળ કહી ગયો છું કે આત્મા પોતે તો સ્વાભાવિક રીતે જ પૂર્ણ અને શુદ્ધ છે; પરંતુ તે રજ અને તમ એ પદાર્થોથી આચ્છાદિત થએલો છે. સત્વગુણ અત્યંત પ્રકાશિત છે અને તેથી કરીને જેમ કાચમાં થઇને સૂર્યનાં કિરણ સહેલાઇથી પસાર થઇ શકે છે તેમ સત્વગુણમાં થઇને આત્મચૈતન્ય પ્રગટી નીકળે છે. તેથી જો રજ અને તમ પદાર્થો દબાઇ જાય અને માત્ર સત્વ પદાર્થ જ અવશિષ્ટ રહે તો આત્માની શક્તિ અને વિશુદ્ધિ ઝળકી નીકળીને વિશેષ રૂપે પ્રકટ થઇ શકે છે, માટે આ સત્વ ગુણની પ્રાપ્તિ બહુજ જરૂરની છે. હવે એ સત્વની પ્રાપ્તિનો ઉપાય શ્રુતિમાં બતાવ્યો છે કે જો શુદ્ધ આહાર લેવામાં આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો સત્વની શુદ્ધિ થાય. " આહાર " શબ્દનો અર્થ રામાનુજે માત્ર ખાવાના પદાર્થો એવો જ કર્યો છે અને તેના દર્શનમાં અને અન્ય દર્શનોમાં જે ભેદ છે તેને ઉત્પન્ન કરનાર " આહાર " શબ્દનો તેમનો એ અર્થજ છે. આ માન્યતાની અસર એકલા રામાનુજના સંપ્રદાય ઉપર થઇ છે એમ નથી પણ આખા હિંદુસ્તાનની પ્રજા ઉપર તેની સચોટ અસર થએલી છે, માટે એ આહારશુદ્ધિનો પૂરેપૂરો અર્થ વિચારવાની જરૂર છે; કેમકે આહારની શુદ્ધિ એ રામાનુજના મત પ્રમાણે આપણા જીવનને લગતી મુખ્ય બાબત છે.

રામાનુજ કહે છે કે ખોરાક ત્રણ કારણને લીધે અશુદ્ધ થાય છે. પ્રથમ **જાતિ દોષ.** કેટલીક વસ્તુઓ પોતાની મૂળ જાતિથી જ અશુદ્ધ હોય છે. લસણ, કાંદા વગેરે પદાર્થો સ્વભાવથીજ અશુદ્ધ હોય છે. બીજો **આશ્રયદોષ** છે. જે માણસ પાસેથી ખાવાનો પદાર્થ પ્રાપ્ત થયો હોય તેને આશ્રય કહે છે. જેમકે દુષ્ટ માણસના ઘરનો અથવા દુષ્ટ માણસને હાથે રંધાયલો ખોરાક ખાધાથી આપણે અપવિત્ર થઇએ છીએ. મેં એવા અનેક મહાપુરુષ જોયા છે કે જેઓ આ ઉપદેશને આખા જીવન પર્યંત પૂર્ણ રીતે અનુસરે છે. અલબત્ત, તેમનામાં એક પ્રકારની શક્તિ હતી. ખોરાક લાવનાર અથવા તેને અડકનાર માણસમાં કયા કયા ગુણ દોષ છે તે તેઓ જાણી શકતા. મેં નજરો નજર એવા પ્રસંગો સેંકડો વાર જોયા છે. ત્રીજો દોષ **નિમિત્ત દોષ** છે. ખાવાના પદાર્થોને અશુદ્ધ વસ્તુઓનો સ્પર્શ થયો હોય અથવા તેની અંદર એવી વસ્તુઓ ભળી ગઇ હોય તેથી પણ ખોરાક અશુદ્ધ થાય છે તેને નિમિત્ત દોષ કહે છે. આ બાબત ઉપર આપણે હાલમાં ધ્યાન આપવાની ખાસ જરૂર છે. ખોરાકમાં ધૂળ, મેલ, વાળ એવા અનેક પદાર્થો મળ્યા હોય તે છતાં તેવો ખોરાક લેવાની કુટેવ હાલ આપણા લોકોમાં ઘણી જોવામાં આવે છે. એ ત્રણે દોષ વગરનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવિત્ર ખોરાક ખાધાથી મનુષ્યમાં સત્વગુણની શુદ્ધિ થાય છે.

હવે જો ખરેખર આમજ હોય ? તો ધર્મ ઘણોજ સહેલો થઇ જાય છે. જો માત્ર પવિત્ર ખોરાક ખાધાથીજ ધર્મની પ્રાપ્તિ થતી હોય તો તો દરેક જણ ધાર્મિક થઇ શકે. આ ત્રણ દોષથી પોતાના ખોરાકને મુક્ત ન રાખી શકે એવો નિર્બળ બુદ્ધિનો, મૂર્ખ માણસ ભાગ્યેજ હોઇ શકે, અને ખાસ કરીને એટલુંજ કર્યાથી પરમ પુરુષાર્થ સિદ્ધ થતો હોય તોપણ તેમ ન કરે એવો પામર તો કોઇ હોઇ શકે જ નહિ. હવે આ મતની સાથે શંકરાચાર્યનો મત સરખાવો. તે કહે છે કે આહાર એટલે મનની અંદર જે જે વિચારોનો સંગ્રહ થએલો છે તેની જ્યારે વિચારોવડે શુદ્ધિ થાય ત્યારેજ સત્વની શુદ્ધિ થઇ શકે. એકલા આહારથી નહિ. તમે ગમે તે ખાઓ. જો એકલા ખોરાકથીજ સત્વની શુદ્ધિ થતી હોય તો વાંદરાને આખી જિંદગી સુધી દૂધ ભાત ખવડાવી જુઓને ! તેના સત્વની શુદ્ધિ થાય છે ? તે યોગી થઇ શકે ખરો ? એમ યોગી થવાનું હોય તો ગાય અને હરિણ પણ મહાન્ યોગી થઇ જાય. નહાવાથી સ્વર્ગપ્રાપ્તિ થતી હોય તો માછલીઓ સોથી પહેલીજ સ્વર્ગમાં દાખલ થઇ જાય.

હવે આ તકરારનું નિરાકરણ શી રીતે કરવું ? રામાનુજ અને શંકરાચાર્ય બેઉના મત સત્ય છે પણ અધૂરા છે. શુદ્ધ આહારની સાથે શુદ્ધ વિચાર પણ જરૂરના છે. આહાર શબ્દનો જે અર્થ શંકરાચાર્ય કરે છે તેની અગત્ય પહેલી છે. તોપણ શુદ્ધ આહારથી વિચારશુદ્ધિનું કામ સરળ થઇ પડે છે એ વાતનું પણ વિસ્મરણ ન થવું જોઇએ. આહાર અને વિચાર વચ્ચે નિકટનો સંબંધ છે, માટે બેઉને શુદ્ધ રાખવા ઉપર લક્ષ આપવું જોઇએ; પણ દુર્ભાગ્યે હાલ આપણે શંકરાચાર્યનો ઉપદેશ ભૂલી ગયા છીએ અને માત્ર "શુદ્ધ આહાર" ઉપરજ લક્ષ આપીએ છીએ (ખરૂં જોતાં આહારશુદ્ધિ પણ નથી સચવાતી).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એથીજ હું કહું છું કે આપણો ધર્મ હાલ તો રસોડામાંજ આવી ગયો છે ત્યારે લોકો મારા ઉપર ક્રોધે ભરાય છે. હાલ કદાચ તમને મારી વાત સાચી નહિ લાગતી હોય પણ જો તમે મારી સાથે એકવાર મદ્રાસ આવો અને ત્યાંના રીત રિવાજ જુઓ તો પછી તમે મારૂં કહેવું કબુલ કર્યા વગર રહો નહિ. બંગાળીઓમાં હજી મદ્રાસીઓના જેવી મૂર્ખાઈ દાખલ થઇ નથી. મદ્રાસમાં તો એવો રિવાજ છે કે ઉચ્ચ વર્ણના ખોરાક ઉપર કોઈની નજર સરખી પડે તો તે ખોરાકને અપવિત્ર ગણીને લોકો નાખી દે છે; અને ખોરાકની પવિત્રતા માટે આટઆટલી કાળજી રાખ્યા છતાં પણ તેઓએ ધર્મના વિષયમાં ખાસ ઉન્નતિ કરી હોય એવું જોવામાં આવતું નથી. જો અમુક ચીજ ખાવી અને અમુક ચીજ ન ખાવી અને રખેને આપણા ખોરાક ઉપર કોઇની દૃષ્ટિ પડે એટલા પુરતી કાળજી રાખ્યાથીજ સિદ્ધ થઇ જવાતું હોય તો મદ્રાસીઓ બધા પૂર્ણ સિદ્ધ પુરુષો થવા જોઇએ; પણ તેઓ સિદ્ધ થયા નથી એ વાત પણ સ્પષ્ટ છે. અલબત્ત, મારી સાથે કેટલાક મદ્રાસી ગૃહસ્થો બેઠેલા છે તેમને બાદ કરીને હું આ વાત કરૂં છું. તાત્પર્ય એ છે કે મદ્રાસના લોકોએ ધર્મના વિષયમાં જે પ્રગતિ કરી હોય તેનાં કારણ જુદાંજ હોવાં જોઇએ.

માટે સંપૂર્ણ અંશે સત્વની શુદ્ધિ કરવા માટે આહારની તેમજ વિચારની બંનેની શુદ્ધિની જરૂર છે. વળી ઘોડાની આગળ ગાડી મૂકવાની ભૂલ આપણે કરીએ નહિ એટલે કે જે પ્રથમ કરવાનું છે તેને વિસારે મૂકીએ નહિ તેની પણ સંભાળ રાખવાની જરૂર છે. હમણાં ખોરાક અને વર્ણાશ્રમ સંબંધે દેશમાં ઘણી ચર્ચા થાય છે અને તેમાં સૌથી વધારે કોલાહલ મચાવનારા આપણા બંગાળીઓ છે. હું તમને દરેકને પૂછું છું તમે " વર્ણાશ્રમ " શબ્દનો અર્થ સમજો છો ખરા ? હમણાં આપણા દેશમાં ચાર વર્ણ છે ખરા ? હું તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર વર્ણ જોતો નથી. આપણી બંગાળી ભાષામાં એક કહેવત છે કે "માથું તો છે નહિ છતાં માથું દુઃખે છે". તેમ દેશમાં અત્યારે ચાર વર્ણનું ઠેકાણું તો છે નહિ છતાં તેને માટે ચર્ચાઓ અને તકરારો ઉભી કરો છો! હાલ માત્ર બ્રાહ્મણો અને શૂદ્રો બેજ છે. જો ક્ષત્રિઓ અને વૈશ્યો હોય તો તેઓ ક્યાં છે? શા માટે બ્રાહ્મણો તેમને હિંદુ ધર્મના નિયમ પ્રમાણે વેદ ભણવાની અને યજ્ઞોપવીત ધારણ કરવાની આજ્ઞા કરતા નથી? હવે જો વૈશ્ય અને ક્ષત્રિઓ જે દેશમાં ન જ હોય અને એકલા બ્રાહ્મણો અને શૂદ્રોજ રહેતા હોય તો બ્રાહ્મણો એ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે તેવા દેશમાં રહેવું પણ નજ જોઇએ. શાસ્ત્રમાં એવી આજ્ઞા છે કે જે દેશમાં એકલા શૂદ્રો જ વસતા હોય તે દેશમાં બ્રાહ્મણોએ વસવું નહિ; માટે હે બ્રાહ્મણો! ગાંસડાં પોટલાં બાંધીને તમે અહીંથી ચાલ્યા જાઓ! જે લોકો વિધર્મીનું અન્ન ખાય છે, * * * * * * તેમને વિષે શાસ્ત્રમાં શું કહ્યું છે તે તમે જાણો છો? તમે છેલ્લાં હજાર વર્ષ થયાં તેમ કરતા આવ્યા છો * * * * * * * * * એ અપરાધનું શું પ્રાયશ્ચિત્ત છે તે તમને ખબર છે? પ્રાયશ્ચિત્ત એ જ છે કે તમે જાતે ચિતા ખડકીને બળી મરો. શું તમે લોકોના ગુરૂ થવા ચાહો છો છતાં વ્યવહારમાં આવા પાખંડી થાઓ છો! જો તમે તમારાં શાસ્ત્રોને માનતા જ હો તો ચિતા ખડકીને બળી મરો! એક બ્રાહ્મણને મહાન સિકંદર ગ્રીસ લઇ ગયો હતો. પોતે વિધર્મીનું અન્ન ખાધું હતું તેથી કરીને તે બળી મુઓ હતો તેમ તમે પણ બળી મરો. તમે એક વાર તેમ કરો તો ખરા. પછી જુઓ, આખો દેશ તમારા ચરણમાં મસ્તક નમાવે છે કે નહિ. તમને પોતાને તમારાં શાસ્ત્રોમાં વિશ્વાસ તો છે નહિ અને બીજાઓ વિશ્વાસ રાખે એમ ઇચ્છો છો! જો તમે એમ કહેતા હો કે આ જમાનાની સ્થિતિ જોતાં અમે તે બ્રાહ્મણની માફક ઉગ્ર પાયશ્ચિત્ત કરી શકીએ એમ નથી તો તમે તમારી પોતાની નબળાઇ જાહેર કરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તે જ પ્રમાણે બીજી જ્ઞાતિઓની નબળાઇને વધારે ઉદાર દિલના થઇને ક્ષમા કરો. તેઓને પણ તમારી સાથે ઉન્નત કરતા જાઓ. તેમની ઉન્નતિમાં સહાયભૂત થાઓ. તેમને પણ વેદ ભણાવો. જગતનાં અન્ય સ્થાનોમાં જેવી બીજી આર્ય પ્રજાઓ છે તેવા તમે પણ થાઓ. હે બંગાળી બ્રાહ્મણો ! હું તમને ખાસ ભાર મૂકીને કહું છું કે તમે ખરેખરા આર્ય બનો.

અધમ, મલિન વામાચારનો ત્યાગ કરો. એ તમારી સમસ્ત પ્રજાનું સત્યાનાશ કહાડી નાખે છે. તમે હિંદુસ્તાનના બીજા પ્રદેશ જોયા જ નથી. જ્યારે આપણા જનસમાજમાં રગેરગ વ્યાપી ગએલો વામાચાર જોઉં છું ત્યારે આપણી આટલી ઉંચી સંસ્કૃતિ છતાં પણ મને બંગાળા એક ભયાનક નરકતુલ્ય લાગે છે. જેઓ દિવસે આચારશુદ્ધિ વિષે લાંબાં લાંબાં ભાષણો આપે છે તેઓ જ રાત્રિએ અત્યંત ભયાનક, ત્રાસ જનક બીભત્સ વ્યભિચાર અને મદિરાપાનમાં ચકચૂર થઇ જાય છે અને પોતાનાંx આચરણના બચાવમાં ભયંકરમાં ભયંકર પુસ્તકોનો આધાર બતાવે છે. તેઓ કહે છે કે અમને અમુક શાસ્ત્રોમાં આવાં બીભત્સ કાર્ય કરવાની આજ્ઞા કરેલી છે. આ વાત બધા બંગાળીઓ જાણે છે. વામાચારના તંત્રો એજ બંગાળાનાં શાસ્ત્રો છે. તેઓ ઢગલા બંધ છપાય છે અને તમારાં બાળકો પવિત્ર વેદને બદલે આ ભયાનક પુસ્તકો વાંચીને પોતાના હૃદયમાં હલાહલ વિષ દાખલ કરે છે. કલકત્તાના વતનીઓ ! તમે પિતા તરીકેની તમારી ફરજ સમજો છો ? આ ભયંકર વામાચારી તંત્રોને અને તે વળી ભાષાંતર સહિત તમારાં બાળકોના હાથમાં આપતાં તમને શરમ નથી આવતી ?

* ગુજરાતમાં કોઇ કોઈ ઠેકાણે વામાચારીઓનાં ગુપ્ત મંડળ છે. તેઓ મદિરાપાન, અને વ્યભિચાર કરીને અત્યંત મલિન અને અધમ જીવન ગાળતા હોય છે.

ભા. ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમને એમ નથી લાગતું કે આ મલિન પુસ્તકોના વાચનથી તેમનાં હૃદય અત્યંત અપવિત્ર થઇ જશે અને તેઓ એમજ સમજતાં થશે કે આજ આપણાં ખરાં શાસ્ત્રો છે. જો તમને ગ્લાનિ ઉપજતી હોય તો એ બીભત્સ પુસ્તકો તમારાં બાળકોના હાથમાંથી ઝુંટવી લો અને તેને ઠેકાણે વેદ, ગીતા અને ઉપનિષદ જે આપણાં ખરાં શાસ્ત્રો છે તે જ આપવા માંડો.

દ્વૈતવાદના સિદ્ધાંત પ્રમાણે જીવાત્માનું વ્યક્તિત્વ અનંત કાળ પર્યંત પૃથક્ રહે છે એટલે તે જીવાત્માજ રહે છે; અને કદિ પણ બ્રહ્મની સાથે એકાકાર થઇ જતો નથી. ઇશ્વર જગતનું નિમિત્ત કારણ છે, એટલે જગતનું *ઉપાદાન તો અનાદિ કાળથી હતું જ. અદ્વૈતવાદીઓનો મત એથી જુદો છે તેમના મત પ્રમાણે ઇશ્વરજ જગતનું ઉપાદાન અને નિમિત્ત કારણ બેઉ છે. તે જગતનો એકલો કર્તા જ નથી પણ ઉપાદાન ભૂત પોતાના શરીરમાંથી જ જગતને વ્યક્ત કરે છે. એટલે કે સૃષ્ટિની રચના થઇ નથી પણ પરબ્રહ્મમાંથી તેનું માત્ર પ્રકટીકરણ જ થયું છે. આવો અદ્વૈતવાદનો સિદ્ધાંત છે. વળી કેટલાક અપરિપક્વ દ્વૈતવાદી સંપ્રદાયો પણ ઉત્પન્ન થયા છે. તેઓ માને છે કે ઇશ્વરે જગતને પોતાનામાંથી જ ઉત્પન્ન કર્યું છે, અને તેની સાથે તેઓ એમ પણ કહે છે કે ઇશ્વર જગતથી સદાને માટે ભિન્ન છે, અને દરેક પદાર્થ ચિરકાળ પર્યંત ઇશ્વરની સત્તાને અધીન છે. વળી બીજા કેટલાક સંપ્રદાયોનો મત એવો છે કે ઇશ્વરે પોતે પોતાનું જ ઉપાદાન ઉત્પન્ન કરીને જગતને પોતામાંથી વ્યક્ત કર્યું છે અને અંતે જીવાત્માઓ સાન્ત (અન્તવાળું) મટીને અનંતમાં ભળી જશે ત્યારે નિર્વાણ પ્રાપ્ત કરશે, પણ આ બધા સંપ્રદાયોનો હાલમાં લોપ થઇ ગયો છે. હાલ તો ભરતખંડમાં જે અદ્વૈતવાદ પ્રચલિત જણાય છે તે કેવળ શંકરાચાર્યનોજ

* જેમકે માટી એ ઘડાનું ઉપાદાન કારણ છે. કુંભાર નિમિત્ત કારણ છે.

ભા.ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. શંકરાચાર્યનો મત એવો છે કે ઇશ્વર પોતાની માયાને વશ થઇને જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ બને છે, પણ વાસ્તવિક રીતે જગત છે જ નહિ. ઇશ્વિર જગતના રૂપમાં ફેરવાઇ ગયો પણ નથી અને જગતનું અસ્તિત્વ પણ નથી. કેવળ ઇશ્વિરજ છે.

અદ્વૈતવાદ માંહેના માયાવાદનો વિષય સમજવો અને સમજાવવો એ બહુ મુશ્કેલ છે. આપણા દેશમાં ઉત્પન્ન થએલા તત્ત્વ દર્શનના આ કઠણમાં કઠણ પ્રશ્નની ચર્ચા આ વ્યાખ્યાનમાં બની શકે એમ નથી. તમારામાંથી જેમણે પાશ્ચાત્ય તત્વ દર્શનનો અભ્યાસ કર્યો હશે તેમને કૅન્ટના દર્શનમાં શંકરના માયાવાદનું કાંઇક સામ્ય નજરે પડશે; તોપણ જેમણે કૅન્ટના સંબંધમાં પ્રોફેસર મૅક્સમુલરે લખેલાં ભાષ્ય વાંચ્યાં હોય તેમને હું ચેતવણી આપું છું કે તેમાં એક બાબત ઘણીજ ભૂલ ખવરાવે એવી છે. આપણા જ્ઞાનની સીમા દિશા અને કાળ- (Time and Space) થી મર્યાદિત થએલી છે. એ સિદ્ધાંતનો મૂળ પ્રતિપાદક કૅન્ટ છે એવો પ્રોફેસર મૅક્સમુલરનો મત છે; પણ કૅન્ટની પહેલાં અનેક સૈકા પૂર્વે થઇ ગએલા શંકરાચાર્યે દિશા, કાળ અને કારણના માયા સાથેના અભિન્ન સંબંધની શોધ કરી હતી. સુભાગ્યે મને શાંકરભાષ્યમાંથી એવા કેટલાક ફકરા જડી પણ આવ્યા અને તે મેં મારા એ પ્રોફેસર મિત્રને વાંચવા માટે મોકલાવ્યા પણ હતા. તેમા ઉપરથી તાત્પર્ય એ નીકળે છે કે કૅન્ટની પહેલાંના સમયમાં પણ

* અઢારમા સૈકામાં થઈ ગએલો મહાન્ જર્મન ફિલોસોફર.

§ આ ઉપરથી એમ પણ ન સમજવું કે કૅન્ટે શંકરાચાર્યનું માત્ર અનુકરણજ કર્યું છે. કૅન્ટ લગભગ ત્રીશ વર્ષ સુધી ગંભીર ચિંતન કરીને છેવટે આ ઠરાવ પર આવ્યો હતો. એકસરખી શક્તિવાળા જુદા જુદા દેશના જુદે જુદે સમયે થએલા વિદ્વાનો એકબીજાનો આધાર લીધા વગર પણ એક સિદ્ધાંત પર આવે એ સ્વાભાવિક છે. ભા. ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સિદ્ધાંત ભરતખંડમાં પ્રચલિત થયો હતો. અદ્વૈતવાદી વેદાંતીઓનો માયાવાદ એ એક પેટા સિદ્ધાંત છે. એ મત પ્રમાણે માત્ર એકલા બ્રહ્મનુંજ અસ્તિત્વ છે અને નામ અને રૂપનો ભેદ માત્ર માયાથીજ પ્રતીત થએલો છે.

એ એકત્વ, **एकमेवाद्वितीयं ब्रह्म**જ આપણું અંતિમ લક્ષ્ય છે, અને આ બાબતમાં પણ ભારતીય અને પાશ્ચાત્ય દર્શન વચ્ચે શરૂઆતથીજ મોટો તફાવત ચાલ્યો આવે છે. હજારો વર્ષ થયાં ભરતખંડે પોતાના માયાવાદની ગર્જના આખું જગત સાંભળે એમ કીધી છે અને છાતી ઠોકીને કહ્યું છે કે તમારામાં શક્તિ હોય તો આ સિદ્ધાંતનું ખંડન કરો. જગતની અનેક પ્રજાઓએ ખંડન કરવાનું બીડું ઝડપ્યું અને પરિણામ આપણે નજરો નજર જોઇએ છીએ કે ખંડન કરવા તત્પર થનાર પ્રજાઓનાં આજે નામ નિશાન પણ નથી અને આપણે હજી જીવતા છીએ. ભરતખંડે આખા જગતસમક્ષ હિંમતપૂર્વક જાહેર કર્યું હતું કે આખું જગત એ એક ભ્રાંતિજ છે–માયાની ઇન્દ્રજાળ છે. તમે માટીની ઠીબમાં ખાઓ કે સુવર્ણનાં મનોહર પાત્રોમાં ખાઓ, મોટા રાજાધિરાજ બનીને ભવ્ય રાજપ્રાસાદમાં રહો કે દરિદ્રિ ભિખારીની માફક પૃથ્વીનું પાથરણું અને આકાશનું આચ્છાદન કરીને સૂઓ; પણ પરિણામ એકજ આવશે. જગત એ સ્વપ્નજ છે. પછી એ સ્વપ્ન કોઇને ઉત્તમ પ્રકારનું આવ્યું હોય કે ભયાનક આવ્યું હોય; પણ જાગી ઉઠયા પછી તો પાછું સૌ સરખુંજ છે. બધાની–રાજાની અને રંકની, સત્તાધારીની અને નિર્બળની ગતિ એકસરખીજ છે. એનું નામજ માયા. આ સિદ્ધાંત ભરતખંડનો છેક પ્રાચીન સિદ્ધાંત છે. એનું ખંડન કરવાને, એથી ઉલટો સિદ્ધાંત એટલે કે જગત અને જગતના ઉપભોગ સત્ય છે એ મત સિદ્ધ કરવાને અનેક અનેક પ્રજાઓએ વારાફરતી પ્રયત્ન કરી જોયા છે. તેમણે સત્તા પ્રાપ્ત કરી, ભોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિલાસને પોતાનો મૂળ મંત્ર માન્યો, તેમણે પોતાની સત્તાનો યથેચ્છ ઉપભોગ કર્યો, અત્યંત ભોગવિલાસ માણ્યા, અને બીજીજ પળે+ તે પ્રજાઓના ચૂરેચૂરા થઇ ગયા; જ્યારે આપણે, અનંત યુગથી અક્ષત રહ્યા છીએ. આનું કારણ એ છે કે જગત અને જગતના પદાર્થો માયામાત્રજ છે એ ભાવના આપણી પ્રજાભાવના બની ગઇ છે.

ભારતીય અને પાશ્ચાત્ય તત્ત્વદર્શન વચ્ચે એક બીજો મોટો પ્રભેદ છે. યુરોપખંડમાં કૅન્ટની પછીના સમયમાં હેગેલ અને *શોપનહોર નામના બે તત્ત્વજ્ઞાનીઓ જર્મનીમાં થયા હતા; તેમના જેવાજ વિચાર એકવાર પ્રાચીનકાળમાં ભરતખંડમાં પણ (ચાર્વાક વગેરે) કેટલાક તત્વજ્ઞાનીઓએ પ્રચલિત કર્યા હતા; પણ સદ્ભાગ્યે એવા વિનાશક વિચારોનો અંકુર ફૂટતાંજ વિનાશ થઇ ગયો તેથી એ ઝેરી વૃક્ષ આપણી માતૃભૂમિ ઉપર ઉગવા પામ્યુંજ નહિ અને તેનાં ઝેરી મૂળીઆં આપણા પ્રજાજીવનમાં કદિ દાખલ થઇ શકયાંજ નથી. હેગેલનો સિદ્ધાંત એવો છે કે જે એક અને નિરપેક્ષ સત્તા છે તે કેવળ અપંચીકૃત અવ્યવસ્થિત મહાભૂતના સમુદાય(Chaos)રૂપ છે અને જે સાકાર વ્યષ્ટિ છે તે સત્ય છે અને સમષ્ટિ કરતાં શ્રેષ્ઠ છે; એટલે

+ હિંદુ પ્રજાની સમોવડી રોમન, ગ્રીક અને મિસરની પ્રજાઓ ક્યાં છે ? હાલની યુરોપની પ્રજાઓના હાલ તો આપણે નજરોનજરજ જોઇએ છીએ. ભરતખંડની ઈમારત ખડક ઉપર છે, બીજી પ્રજાઓની ઈમારતો રેતી ઉપર છે.

ભા. ક.

*શોપનહોર મહાન વેદાંતી અને ઉપનિષદ્નો ચુસ્ત અભ્યાસક હતો. "આખા વિશ્વમાં ઉપનિષદોના અભ્યાસ જેવો શ્રેય કરનાર અન્ય કોઈપણ અભ્યાસ નથી. મારા જીવનનું એ આશ્વાસન છે, અને મારા મૃત્યુસમયે પણ મને એનુંજ આશ્વાસન રહેશે." આ ઉદ્ગાર શોપનહોરના છે; છતાં સ્વામી વિવેકાનંદ આ કારણથી તેના ઉપર આક્ષેપ મૂકે છે તે સમજાતું નથી.

ભા. ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે અ–જગત (શૂન્ય) કરતાં જગત શ્રેષ્ઠ છે. મુક્તિ કરતાં સંસાર શ્રે છે. આ હેગેલના તત્ત્વદર્શનનો સારાંશ છે. તે કહે છે કે જેમ જેમ આપણે સંસારમાં અધિક ને અધિક ડૂબતા જઇએ, જેમ જેમ જિંદગીને લગતી ભિન્ન ભિન્ન પ્રકારની પ્રવૃત્તિઓમાં આત્મા લપેટાતો જાય તેમ તેમ આપણે ઉન્નત થતા જઇશું. પાશ્ચાત્ય પ્રજાઓ આપણને કહે છે કે જુઓ અમે કેવી ભવ્ય ઇમારતો બાંધીએ છીએ, કેવા સુઘડ રળીઆ મણા રસ્તાઓ બનાવીએ છીએ, કેવા કેવા વિષયભોગ ભોગવીએ છીએ! હા. બરાબર છે, પણ તમારા ઐશ્વર્ય અને વિલાસની પાછળ, તમારા દરેકે દરેક ઉપભોગની પાછળ ભયંકર દુઃખ, ઇર્ષ્યા, વૈર અને તિરસ્કાર ની રાક્ષસી વૃત્તિઓ છૂપાઇ બેઠી છે તેનું કેમ ?

આ બાજુએ આપણા દેશના તત્ત્વજ્ઞાનીઓ પહેલેથીજ કહેતા આવ્યા છે કે વ્યક્ત થતો દરેક પદાર્થ કે જેને તમે ક્રમવિકાસ કહો છો તે અવ્યક્તને વ્યક્ત થવાના કેવળ મિથ્યા પ્રયત્નોજ છે. તમે જે કાંઇ બાહ્ય યત્ન કરો છો તેનું નામ બીજું કાંઇજ નહિ પણ માત્ર "તમારામાં અવ્યક્ત રૂપે રહેલા પરમતત્ત્વને પ્રકટ કરવાના ખોટા અખતરાઓજ છે. તમે પોતેજ આ દ્રશ્યમાન થતા જગતના સર્વશક્તિમાન ઉત્પાદક હોવા છતાં શા માટે આ જગત રૂપી નાનકડા ખાબોચીઆમાં તમારા મુખનું પ્રતિબિંબ પાડવાને ફોગટ ફાંફાં મારી રહ્યા છો ? થોડો સમય તમે કર્યા પછીજ તમને ખાત્રી થશે કે એ સર્વ પ્રયત્ન મિથ્યાજ છે. તમારું મૂળસ્વરૂપ એટલું વિશાળ છે કે આ નાનકડા ખાબોચીઆમાં તેનું પૂર્ણ પ્રતિબિંબ કદીપણ પડી શકનાર નથી. જગતનાં એક પછી એક કરીને તમામ પ્રકારનાં સુખોને અજમાવી જુઓ, પરંતુ તેમાંનું કોઇપણ સુખ તમારા અંતરાત્માને પૂર્ણ સંતોષ આપી શકનાર નથી. જગતમાંના તમામ પ્રકારના ઐહિક ઉપભોગ ભોગવ્યા છતાં પણ તેનાથી તમને સદાની શાંતિ થશેજ નહિ, અને ઉત્પન્ની ઉત્પન્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે. જ્યારે એમ થશે ત્યારેજ તમે જ્યાંથી આવ્યા હતા તે દિશા તરફ-તમારા મૂળસ્વરૂપ તરફ પાછા ફરવા માંડશો; અને એવું વલણ થવું એનું નામજ વૈરાગ્ય. એ વૈરાગ્યનો ઉદય થાય ત્યારેજ ખરા ધર્મની સાધનાનો પાયો ખોદાયો કહેવાય. વૈરાગ્ય વગર ધર્મ અને નીતિની શરૂઆતજ શી રીતે થાય? ત્યાગમાંજ ધર્મનો આરંભ છે અને ત્યાગમાંજ તેની પરિસમાપ્તિ છે. વેદ આજ્ઞા કરે છે કે "ત્યાગ કરો," "ત્યાગ કરો." એ વિના બીજો માર્ગજ નથી.+ **न प्रजया धनेन न चेज्यया त्यागेनैकेन अमृतत्वमानशुः** પ્રજા વડે તેમજ યજ્ઞવડે અમૃતત્વની પ્રાપ્તિ થતી નથી પણ એકલા ત્યાગ વડે જ થાય છે. આપણાં શાસ્ત્રોનો એજ પરમ આદેશ છે. અલબત્ત, અનેક મહાપુરૂષો સિંહાસન પર બેઠા છતાં પણ ત્યાગમય જીવનનું દૃષ્ટાંત આપી ગયા છે, પરંતુ જનક જેવાને પણ થોડા વખતને માટે સંસાર સાથેનો સંબંધ એકદમ છોડી દેવાની જરૂર પડી હતી. જનકના કરતાં વિશેષ વૈરાગ્યવાન કોઇ છે ખરો? હાલમાં આપણે બધા જનકનેજ ઓથે આપણી નબળાઇ છુપાવવા મથીએ છીએ અથવા તો પોતાને ખુદ જનક જ કહેવડાવવા માગીએ છીએ! હા, આપણે છીએ પણ જનક જ. નાગાં, અડધાં, ભૂખ્યાં અને કંગાલ એવાં અર્ધોક ડજન છોકરાંના આપણે જનક (પિતા) જ હોઇએ છીએ! જનક શબ્દ આપણને એ જ અર્થમાં લાગુ પડી શકે એમ છે. ખરેખરા જનક રાજાના જેવા ઇશ્વરીય, પવિત્ર ગુણમાંનો તો એક પણ આપણામાં નથી. વાહરે મારા આધુનિક જનક! હમણાં

+ રામકૃષ્ણ પરમહંસ કહેતા કે ગીતા શબ્દને ઉલટાવી નાખીએ એટલે ભગવદ્ગીતાનું બધું રહસ્ય સમજાઈ જાય છે. ગીતા-તાગી-ત્યાગી. ત્યાગી થા, ફળની કામનાનો ત્યાગ કરી ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કર એજ ગીતાનો મુખ્ય આદેશ છે. બા. ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો એવા જનક થવાની ઇચ્છા જરા ઓછી કરીને સીધે રસ્તે ચાલવાનું રાખો તો બહુ સારૂં ! જો તમે ખરેખરો ત્યાગ કરી શકશો તો જ તમે ધર્મ પાળી શકશો. પૂર્વથી પશ્ચિમ સુધીના તમામ દેશોનાં પુસ્તકો વાંચી જાઓ, જગતની લાયબ્રેરીની લાયબ્રેરીઓ ઉથલાવી નાખો, મોટા મોટા પંડિત થાઓ, પણ જો તમે ત્યાગ નહિ કરી શકો તો તમારૂં કાંઇ પણ વળશે નહિ. એકલા કર્મકાંડથી કશો આધ્યાત્મિક લાભ નથી; કારણકે તેમાં ચેતન નથી, આત્મા નથી. એકલા ત્યાગવડે જ અમૃત તત્વની પ્રાપ્તિ થાય છે. ત્યાગ એ જ મહાશક્તિ છે. જેના હૃદયમાં એ મહાશક્તિનો અવિર્ભાવ થાય છે તે આ જગતને પણ લેખવતો નથી. **ब्रह्माण्डं गोष्पदायते** । વૈરાગ્યવાન મનુષ્યને મન આખું બ્રહ્માંડ ગાયની ખરીની તળેના ખાડા બરોબર છે. ત્યાગ એ જ ભરતખંડે પ્રાચીન કાળથી ધારણ કરેલો વાવટો છે. જે પ્રજાઓ મરવા પડી છે તેને ભરતખંડ વૈરાગ્યની ગર્જના કરીને સાવધાન કરે છે—સર્વ પ્રકારના જુલમનું, સર્વ પ્રકારના નિર્દય વ્યવહારનું બળપૂર્વક ખંડન કરે છે. પરાપૂર્વથી ભરતખંડ આખા જગતને પોતાનો સંદેશો પહોંચાડે છે કે, હે મનુષ્યો ! સાવધાન થાઓ ! વૈરાગ્યનો માર્ગ એજ પરમ શાંતિનો માર્ગ છે. તેનું અવલંબન કરો; નહિ તો તમારો વિનાશ થશે. હે મારા હિંદુ ભાઇઓ ! એ વૈરાગ્યના ઝુંડાનો કદિ પણ ત્યાગ કરતાં નહિ. આખું જગત જોઇ શકે તેમ તેને ઉંચો ને ઉંચો જ રાખજો. જો તમારામાં આત્મબળની ન્યૂનતા હોય અને તમે ત્યાગ ન કરી શકતા હો તોપણ એ મહાન આદર્શને તો કદિ નીચો ઉતારતા જ નહિ. તમે કબુલ કરી દેજો કે અમારી એ નબળાઇ છે. અમે સંસારનો ત્યાગ કરી શકતા નથી; પણ પાખંડી, ઢોંગી મિથ્યાવાદી કદી પણ થતા નહિ. શાસ્ત્રના અર્થને મારી મચડીને વિકૃત કરતા નહિ. તમારા પોતાના બચાવને માટે જુડી જુડી દલીલો કરીને, શાસ્ત્રનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોટા ખોટા અર્થ કરી કેવળ બુદ્ધિબળથી લોકોને ઠગવાનો તથા તેમને કુમાર્ગે દોરવાનો કદિ પણ યત્ન કરતા નહિ. જે લોકો તમારા વાક્-ચાતુર્યથી ઠગાય છે તેમણે પણ શાસ્ત્રનો મર્મ સમજવો જોઇતો હતો; પરંતુ તમે તો કદિએ એવું કપટ, પાખંડ કરતા જ નહિ. સાફ કહી દેજો કે આટલી વાતે અમારૂં મનોબળ ઓછું છે; કારણ કે વૈરાગ્યનો આદર્શ ઘણો જ ઉંચો છે. લાખો માણસો યુદ્ધમાં માર્યા જાય અને દસ કે ફક્ત બે જ માણસો પ્રતેહમંદ જીવતા પાછા આવે તોપણ શું થઇ ગયું ? જેઓ માર્યા ગયા છે તેઓને પણ ધન્ય છે. તેઓ પણ કૃતકૃત્ય થઇને ગયા છે. તેમના જ રૂધિરથી, તેમના પ્રાણના મૂલ્યથી જ વિજયની પ્રાપ્તિ થઇ છે. એક અપવાદ સિવાય તમામ વૈદિક ધર્મોની અંદર વૈરાગ્યનો આદર્શ અત્યંત જરૂરનો મનાય છે. તે અપવાદ-રૂપ કયો સંપ્રદાય છે ? મુંબઇ ઇલાકામાં પ્રચલિત થએલો વલ્લભા-ચાર્યનો સંપ્રદાય એકલોજ; પરંતુ જ્યાં એ આદર્શ નથી હોતો ત્યાં કેવાં ભયંકર પરિણામ આવે છે એ પણ તમે ઘણા ખરા સારી રીતે જાણો છો જ.+ એ ત્યાગના આદર્શના રક્ષણ માટે આપણને ધર્માંધ પણાની-ભયંકર હડહડતા ધર્માંધપણાની પણ હાલ જરૂર છે. ભસ્મના લેપનથી ભયંકર દેખાતા, જટાધારી, ઉંચા રાખેલા હાથવાળા ભયાનક બાવાઓની પણ જરૂર છે. અલબત્ત, એમાંનો ઘણો ખરો અંશ કેવળ ઢોંગ અને બહારનો દેખાવ જ માત્ર છે, તોપણ આપણા મનુષ્યત્વનો વિનાશ કરનાર વિલાસપરાયણતા આપણા સમાજમાં પ્રવેશ કરે અને આપણું રૂધિર, માંસ પર્યંત ચૂસીને આપણને ખોખાં જેવા નિર્માલ્ય બનાવી દે, આખી હિંદુ પ્રજાને કપટ અને પાખંડથી કલુષિત કરી

+ જેમણે મહારાજ લાઇબલ કેસ વાંચ્યો હશે તેઓ ગોસાંઈજીઓના ગોટાળા જાણે છે. હાલ એ પુસ્તક ફરીથી છપાયું છે; અંગ્રેજીમાં પણ તેનો અનુવાદ થયો છે. મુંબઈમાં ડી. લક્ષ્મીદાસની દુકાને મળે છે. ક્ષા. ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખે, ધર્મને નામે હડહડતા વ્યભિચાર કરાવે તે કરતાં આવો ઢોંગ તો ઢોંગ, પણ એ વૈરાગ્યસૂચક ચિહ્નો આપણી સમક્ષ વૈરાગ્યનો આદર્શ ધર્યા કરીને આપણને સાવધાન તો રાખશે જ. શરીરે હીરા મોતીના દાગીનાવાળા અને વારાંગનાનાં જેવાં પટીઆં પાડનારા મહારાજો કરતાં ભસ્મધારી, જટાધારી, તિલકધારી, માળાધારી કે ગમે તેવો મેલોઘેલો મૂર્ખ સાધુ હશે તોપણ તે પોતાના સાધુના પોશાકથી એકવાર ખરેખરા ત્યાગી સાધુ કેવા હતા તેનું સ્મરણ તો આપણને અવશ્ય કરાવશેજ. હાલ તો આપણને ત્યાગની વિશેષ જરૂર છે. પ્રાચીન કાળમાં ત્યાગની ભાવનાએ આખા હિંદુસ્તાન ઉપર પોતાનો અધિકાર જમાવ્યો હતો, અને હજી પણ તેના જ અધિકારની પુનઃ સ્થાપના કરવી પડશે; કારણકે ભરતખંડે ઉત્પન્ન કરેલા આદર્શોમાં ત્યાગનો આદર્શ હજી પણ સર્વોત્કૃષ્ટ જ છે. ભગવાન રામચંદ્ર, કૃષ્ણ, બુદ્ધ, શંકર, રામાનુજ અને રામકૃષ્ણ પરમહંસ જેવા મહાન ત્યાગીઓની જન્મભૂમિ, વૈરાગ્યની જનેતા, કે જ્યાં પ્રાચીન કાળથીજ કર્મકાંડનો દરજ્જો નીચો મનાતો આવ્યો છે અને હજી પણ જે ભૂમિનાં અનેક બાળકો સર્વસ્વનો ત્યાગ કરીને જીવનમુક્ત થતાં જ ચાલે છે તે પવિત્ર, સાત્વિક, પરમ વૈરાગ્યવતી આર્યભૂમિ પોતાના આદર્શનો પરિત્યાગ કરશે ? કદિ નહિ. કદાચ પાશ્ચાત્ય ભોગવિલાસોથી ઉન્મત્ત થએલાં હજારો બલ્કે લાખો માણસો આપણા દેશમાં પેદા થયાં હશે; ઇન્દ્રિયોના અનેકવિધ ઉપભોગ રૂપે પાશ્ચાત્ય પ્રજાઓએ પેદા કરેલા હલાહલ વિષનું પાન કરીને પોતાની બુદ્ધિમાં વિભ્રમ ઉત્પન્ન કરનારા પણ લાખો માણસો હશે; પરંતુ તમની બદલે મારી માતૃભૂમિ બીજા હજારો, લાખો વીર પુત્રો પણ પ્રસવશે જ. એ પુત્રો ધર્મને માત્ર મોંએથી ચર્ચા કરવાનો વિષય ન માનતાં પરમ સત્ય પદાર્થ તરીકેજ સ્વીકારશે અને જરૂર પડતાં તેને અર્થે સર્વસ્વનો પણ ત્યાગ કરતાં અચકાશે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો એક આદર્શ જે આપણા દેશના તમામ સંપ્રદાયોમાં સામાન્ય મનાય છે તે હું તમારી સમક્ષ મૂકવા ઇચ્છું છું. એ વિષય અત્યંત વિશાળ છે. "ધર્મનો અપરોક્ષ અનુભવજ કરવો જોઇએ" એ આદર્શ કેવળ ભરતખંડનીજ પેદાશ છે.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।

" માત્ર મોંએ બોલવાથી કે વિવાદથી આત્માનો અનુભવ થતો નથી; તેમજ બુદ્ધિવડે અથવા ઘણાં પુસ્તકો વાંચ્યાથી પણ થતો નથી" શાસ્ત્રના અભ્યાસથી, વાદ વિવાદથી, ભાષણો સાંભળ્યાથી અને એવાં બીજાં ઉપર ઉપરનાં કામ કર્યાથી આત્માનો સાક્ષાત્કાર થતો નથી; પણ તેનો અપરોક્ષ અનુભવ કરવો જોઇએ, આમ નિડરપણે જાહેર કરનાર એકલાં આપણા જ દેશનાં શાસ્ત્રો છે. એ અપરોક્ષ અનુભવજન્ય જ્ઞાન ગુરૂની મારફતેજ શિષ્યને પ્રાપ્ત થાય છે. શિષ્યની અંતર્દ્રષ્ટિ ઉઘડી એટલે તેની આગળ એ પરમ સત્ય જાહેર થઇ જાય છે અને તેને તેના આત્મસ્વરૂપનો સાક્ષાત્ અનુભવ થાય છે.

એક બીજી વાત પણ મને હમણાં યાદ આવે છે. બંગાળામાં કુળગુરૂનો એક વિચિત્ર રિવાજ ચાલ્યો આવે છે. " મારો પિતા તમારો ગુરૂ હતો માટે હું પણ તમારો ગુરૂ થઇશ" અથવા " મારો પિતા તમારા પિતાનો ગુરૂ હતો માટે હું તમારો ગુરૂ થાઉં," આવા સોરણથી લોકો ગુરૂ કરી બેસે છે. મને કહેશો કે " ગુરૂ " શબ્દનો શો અર્થ છે ? ચાલો, આપણે એ પ્રશ્ન શ્રુતિ ભગવતીનેજ પૂછીએ અને જોઇએ કે તે શો ઉત્તર આપે છે ? શ્રુતિ કહે છે કે " જે વેદનું રહસ્ય જાણે છે તેજ ગુરૂ થવાને યોગ્ય છે." પુસ્તકીયા પંડિત, વ્યાકરણ કે ન્યાય ભણીને ઘટ અને પટની તર્કજાળ રચનાર કે એવા બીજાઓ જેમને દુનિયામાં હાલ પંડિત કહે છે તેઓ ગુરૂ થવાને યોગ્ય નથી; પણ વેદનું રહસ્ય જેણે અનુભવવડે જાણ્યું છે તેનામાંજ ગુરૂ થવાની યોગ્યતા છે. બાકીના તો—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यथाखरश्चंदनभारवाही । भारस्यवेत्ता न तु चंदनस्य ॥
માત્ર ચંદનનો ભારજ વહન કરનાર અને તેની સુવાસને ન જાણનાર ગધેડા જેવાજ છે. આપણને એવા ગુરૂઓની જરૂર નથી. જેને પોતાને કશો અનુભવ નથી તે આપણને શું શીખવવાના હતા? જ્યારે હું નાનો હતો ત્યારે હું ધર્મની શોધ કરવા માટે કલકત્તામાં ઠેકાણે ઠેકાણે ભટકતો હતો, અને હમેશ લાંબાં લાંબાં ભાષણ થઇ રહ્યા પછી વિદ્વાન વક્તાઓને પૂછતો કે "તમને ઇશ્વિરનાં દર્શન થયાં છે?" બસ આટલા સવાલથી તો તેઓ બિચારા ઠંડાજ બની જતા! ઇશ્વિરનું દર્શન! તેનો અપરોક્ષ અનુભવ! આ સવાલથી એ લોકો સ્તબ્ધજ થઇ જતા! માત્ર એકજ મહાપુરૂષનો મને સમાગમ થયો કે જેમણે આ સવાલનો એવો ઉત્તર આપ્યો હતો કે મને પોતાને તો ઇશ્વિરનાં દર્શન થયાં છેજ; પરંતુ ઇચ્છા હશે તો તને પણ તેનાં દર્શન કરવાનો માર્ગ બતાવી શકું છું. એ મહાપુરૂષ તે બીજા કોઇજ નહિ પણ ભગવાન રામકૃષ્ણ પરમહંસ હતા. શાસ્ત્રના શબ્દોને મારી મચડીને ગમે તેવા અર્થ કરવામાંજ માત્ર કુશળ હોય તેઓ ગુરૂપદને યોગ્ય નથી.

वाग् वैखरी शब्दझरी शास्त्रव्याख्यानकौशलम् ॥
वैदुष्यं विदुषां तद्वद्भुक्तये न तु मुक्तये ॥

"નાના પ્રકારના શાસ્ત્રના અર્થ કરવાની કુશળતા હોવી એ તો માત્ર પંડિતોના વિનોદનું સાધન છે; મુક્તિનું સાધન નથી."

જે "શ્રોત્રિય" એટલે વેદના રહસ્યને જાણનાર છે, જે "અવૃજિન" એટલે નિષ્પાપ છે અને જે "અકામહત" એટલે તૃષ્ણાવિનાનો છે-તમને ઉપદેશ આપવા બદલ તમારી પાસે દ્રવ્યની આશા નથી રાખતો તેજ શાંત છે, તેજ સાધુ છે. જેમ વસંતઋતુ વૃક્ષોને નવાં પલ્લવો અને પુષ્પો અર્પણ કરે છે; પણ તેના બદલામાં વૃક્ષો પાસેથી કાંઇક પણ પ્રાપ્ત કરવાની આશા નથી રાખતી; કારણ કે પરોપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર કરવો એ તેનો પ્રકૃતિગત સ્વભાવ છે, તેમ **'परोपकाराय सतां विभूतयः'** એ સૂત્રને વ્યવહારમાં મૂકનારા સાધુઓજ ગુરૂ થવા યોગ્ય છે. બીજાનું કલ્યાણ કરવાનીજ જેમને કામના છે તેજ સાચા ગુરૂ થઇ શકે. **तीर्णाः स्वयं भीमभवार्णवं जनाः अहेतुनान्यानपि तारयन्तः।** પોતે ભયાનક ભવસાગર તરી ગયા છે અને કોઇપણ પ્રકારના લાભની આશા રાખ્યા વગર બીજાઓને તારે છે તેનેજ ગુરૂ માનજો; બીજાઓને નહિ; કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

अविद्यायामन्तरे वर्तमानाः स्वयंधीराः पण्डितं मन्यमानाः॥
जघन्यमानाः परियन्ति मूढाः अन्धेनैव नीयमाना यथान्धाः॥

"જેઓ પોતે અવિદ્યાના અંધકારમાં ડૂબી ગએલા છે પણ અહંકારવશ થઇને એમ માને છે કે અમે મોટા પંડિતો છીએ; એટલુંજ નહિ પણ એ મૂર્ખાઓ બીજાઓને માર્ગ બતાવવા જાય છે, તેઓ નાના પ્રકારના કુટિલ માર્ગમાં અથડાય છે. જાણે એક આંધળો બીજા આંધળાઓને દોરતો હોય અને તે પોતે તથા બીજા બધાએ ખાડામાં પડે, તેમ એવા ગુરૂ અને તેમના શિષ્ય પાપના ખાડામાં પડે છે."

આ આપણાં શાસ્ત્રોનું વચન છે. તેની સાથે આપણા આધુનિક રિવાજની તુલના કરો. તમે વેદાંતીઓ છો. સનાતનધર્મ પાળનારા છો. હું તમને એટલુંજ કહું છું કે તમે સનાતન ધર્મને વિશેષ આગ્રહથી પાળો. તમે ચુસ્ત હિંદુઓ છો પણ વધારે ચુસ્ત થાઓ. જેમ જેમ તમે ધર્મની બાબતમાં વધારે ચુસ્ત અને આગ્રહી થશો અને સનાતન ધર્મના આદેશ જેમ વધારે આગ્રહપૂર્વક પાળતા જશો તેમ તમે વધારે બુદ્ધિમાન, સમજણા અને વિચારવંત થશો; અને આજકાલ ચાલતા ઢોંગને તમે જેમ વળગી રહેશો તેમ વધારે ને વધારે મૂર્ખ અને વિચારશૂન્ય બનતા જશો; માટે હું તમને કહું છું કે તમે પ્રાચીન સનાતનધર્મ તરફ વળો. કારણ કે તે સમયમાં પ્રગટેલા શાસ્ત્રના આદેશ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજાજીવનનું એકેએક સ્પંદન, બળવાન, સ્થિર અને સરળ હતાં. તેનો પ્રત્યેક સૂર ખામીવગરનો હતો. ત્યાર પછી પ્રજાજીવનની અવનતિ થવા લાગી. ધર્મ, વિજ્ઞાન, કલા વગેરે સર્વ પ્રદેશોમાં સડો પેઠો. તેમનાં મૂળ કારણો વિચારવાનો અત્યારે આપણને અવકાશ નથી, પણ જે ગ્રંથો એ અવનતિના આરંભ પછીના યુગમાં રચાયા છે તે સર્વની અંદર પ્રજાગત વ્યાધિનાં, અવનતિનાં ચિહ્ન જોવામાં આવે છે. વીર્ય અને પ્રતાપપૂર્ણ ગર્જનાને બદલે માત્ર રોદનનોજ અવાજ સાંભળીએ છીએ, માટે છેક પ્રાચીન કાળના જમાના તરફ પાછા વળો. ત્યાં બળ છે, ચેતન છે, તેજ છે, વીર્ય છે. ત્યાંનાં જીવનપ્રદ તત્ત્વો ખેંચીને પુનઃ બળવાન થાઓ. એજ પ્રાચીન ઝરણાનું જળ ફરીથી તૃપ્તિ પર્યંત પીઓ. હિંદમાં ચેતન લાવવાનો આ એકલોજ ઉપાય છે.

હું અન્ય વિષયોની ચર્ચામાં મૂળ વિષયને તો ભૂલી જ ગયો. વિષય એટલો વિસ્તીર્ણ છે કે તેથી હું માત્ર આટલુંજ કહી શકું છું કે હું બધું જ ભૂલી ગયો છું. ઠીક, અદ્વૈતવાદનો મત એવો છે કે આપણને વ્યક્તિત્વ છે એમ જે આપણે માની બેઠા છીએ તે કેવળ ભ્રમજ છે. આખા જગતને માટે આ પ્રશ્ન ઘણોજ મુશ્કેલ છે. તમે કોઈ પણ માણસને કહો કે તમારૂં વ્યક્તિત્વ છેજ નહિ તો તમારૂં વચન સાંભળતાંજ તે ચમકી જશે. કારણ કે તે માને છે કે મારામાં વ્યક્તિત્વ–હુંપણું છે, પછી એ સંબંધી તેનો અભિપ્રાય ગમે તે હોય તોપણ જ્યારે એ હું પણું જ નષ્ટ થવા જાય ત્યારે તો તે ભયભીત થાયજ; પણ અદ્વૈતવાદી કહે છે કે તમારામાં ખરૂં જોતાં પૃથક્ વ્યક્તિત્વ અથવા હુંપણું એવું કાંઇ છે જ નહિ. તમારા જીવનમાં તમારૂં સેંકડો વાર પરિવર્તન થતું જાય છે. તમે એક સમયે બાળક હતા તે વખતે અમુક પ્રકારના વિચાર કરતા હતા, હાલ તમે યુવાન છો અને અમુક પ્રકારના વિચાર કરો છો. પછી તમે વૃદ્ધ થશો અને તે વખતે કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદા જ પ્રકારના વિચાર કરશો. દરેક પદાર્થનું પરિવર્તન થતું જ જાય છે. જો એમ જ હોય તો તમારૂં વ્યક્તિત્વ ક્યાં રહ્યું ? એ હું-પણું-વ્યક્તિત્વ તમારા દેહમાં નથી, મનમાં નથી તેમજ વિચારમાં નથી. એ દેહ અને મનની પાર તમારો આત્મા છે અને તે આત્મા બ્રહ્મસ્વરૂપ છે એવો અદ્વૈતવાદીઓનો મત છે. અનંત બે હોઇ શકે જ નહિ. વ્યક્તિ એક જ હોઇ શકે અને તે અનંતસ્વરૂપ છે.

સત્ય હકીકત એવી છે કે આપણે બધા વિચારશીલ છીએ અને તર્ક તથા બુદ્ધિનો ઉપયોગ કરીને જ સત્યનું અનુસંધાન કરવા ઇચ્છીએ છીએ. તર્ક એટલે શું ? એ એક પ્રકારનું વર્ગીકરણ કરવાની પદ્ધતિ છે. પદાર્થના અમુક સમુદાયને ક્રમવાર વધારે વધારે ઉચ્ચ શ્રેણીમાં મૂકતાં મૂકતાં અંતે તેને એક એવા વર્ગમાં ગોઠવી દેવો કે પછી તેના કરતાં વધારે વિશાળ શ્રેણી હોઇ શકે જ નહિ. દરેક સાન્ત પદાર્થને આખરે અનંતમાં પર્યવસિત કર્યા પછી આપણી તર્કશક્તિ સ્તંભી જાય છે. એક સાન્ત પદાર્થ લઇને તેનાં કારણનું અનુસંધાન કરતાં કરતાં આખરે અંતિમ પદાર્થ એટલે અનંતપર્યંત ન પહોંચીએ ત્યાં સુધી શાંતિ પ્રાપ્ત થતી નથી. એ અનંત પદાર્થ જેની અંદર જગતના તમામ સાન્ત પદાર્થો પર્યવસાન પામે છે તે એકલો જ વાસ્તવિક રીતે અસ્તિત્વ ધરાવે છે, એવો અદ્વૈતવાદનો સિદ્ધાંત છે. બાકીનું સર્વ માયા છે; તેમનું અસ્તિત્વજ નથી. કોઈ પણ જડ પદાર્થમાં ખરૂં અસ્તિત્વ ધરાવે એવું જે કાંઇ તત્ત્વ છે તેજ બ્રહ્મ છે. આપણે પણ બ્રહ્મ છીએ. નામ, રૂપ વગેરે જે કાંઇ ભેદ દેખાય છે તે સર્વ માયા છે. એ નામ રૂપને કોરે મૂકો એટલે તમે અને હું એકજ છીએ; પણ એ "હું" શબ્દનું તાત્પર્ય તમારે બરાબર સમજી લેવું જોઇએ. સાધારણ રીતે લોકો પૂછે છે કે 'જો હું બ્રહ્મ હોઉં તો અમુક અમુક કાર્ય હું કેમ કરી શકતો નથી? પણ અહીં તેઓ "હું" શબ્દને વદન જુદાજ અર્થમાં વાપરે છે. તમે જ્યાં સુધી પોતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બદ્ધ, શરીર અથવા પરિચ્છિન્ન માનો ત્યાં સુધી તમે બ્રહ્મ અથવા આત્મ-રૂપ કહી શકાઓ જ નહિ; કેમકે બ્રહ્મને કોઇ પણ પ્રકારનો અભાવ નથી. તેને કોઇ પણ પ્રકારની કામના નથી. તે સંપૂર્ણ રીતે નિર્ભય અને સ્વાધીન છે. તે જ બ્રહ્મ છે અને એ બ્રહ્મરૂપે આપણે બધા એક જ છીએ.

હવે આ બાબતમાં દ્વૈતવાદ અને અદ્વૈતવાદ વચ્ચે ઘણો મોટો પ્રભેદ છે. શંકરાચાર્ય જેવા મોટા મોટા ભાષ્યકારોએ પણ પોતાના મતનું સ્થાપન કરવા માટે શાસ્ત્રના એવા અર્થ કર્યા છે કે જે મને ઘણીવાર સત્ય લાગતા નથી. રામાનુજ પણ ઘણીવાર એવા અર્થ કરે છે કે જે સ્પષ્ટપણે સમજી શકાતા નથી. આપણા દેશના પંડિતોમાં એક એવી ધૂન ભરાઇ ગઇ છે કે આ બધા જુદા જુદા સિદ્ધાંતોમાંથી માત્ર એક જ સિદ્ધાંત સત્ય હોઇ શકે અને બાકીના બધા અસત્ય હોવા જોઇએ. જો કે શ્રુતિમાં તો એમ જણાવ્યું છે કે **एकं सद्विप्रा बहुधा वदन्ति** । સત્ય પદાર્થ એકજ છે પણ વિદ્વાનો તેનું જુદે જુદે રૂપે વર્ણન કરે છે. આ સિદ્ધાંતનો આખા જગતમાં પ્રચાર કરવાનું કર્તવ્ય ભરતખંડની પ્રજાનું છે. આ જ આપણા પ્રજાજીવનનો મહામંત્ર છે અને તેને વ્યવહારમાં મૂક્યાથી આપણા પ્રજાજીવનને લગતા મહાન, દુર્ભેદ્ય પ્રશ્નનું નિરાકરણ થઇ જશે. ભરતખંડના ગણ્યા ગાંઠયા પંડિતો સિવાય બધા લોકોને આ સિદ્ધાંતનું તદ્દન વિસ્મરણ થઇ ગયું છે. અહીં "પંડિત" શબ્દને હું સંપૂર્ણ રીતે ધાર્મિક અને જ્ઞાનીના અર્થમાં જ વાપરૂં છું તે ધ્યાનમાં રાખશો. આપણે આ મહાન તત્ત્વને હમેશાં ભૂલતા જ આવ્યા છીએ. તમે જોશો કે આપણા દેશના પંડિતોનો મોટો ભાગ, લગભગ સેંકડે ૯૯ ટકા જેટલા પંડિતો એમ જ માની બેઠા છે કે અદ્વૈતવાદ જ સત્ય છે અથવા વિશિષ્ટાદ્વૈતવાદ જ સત્ય છે અથવા દ્વૈતવાદ જ સત્ય છે. અને જો તમે કાશી જઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંના કોઇ પણ ઘાટ ઉપર પાંચ મિનિટ ઉભા રહેશો તો તમને મારા કથનની યથાર્થતાનો અનુભવ થશે. ત્યાં જુદા જુદા સંપ્રદાયના પંડિતો વચ્ચે કેવાં મલ્લયુદ્ધ અથવા ગોધાની સાઠમારી મચી રહે છે તે તમે જરો નજર જોઇ શકશો, આપણા જનસમાજની તથા આપણા પંડિતોની આવી દુર્દશા છે.

આ પ્રમાણે વિભિન્ન સંપ્રદાય વચ્ચે ચાલતા દ્વંદ્વયુદ્ધની વચમાં એક મહાપુરૂષનો આવિર્ભાવ થયો. ભરતખંડના જુદા જુદા સંપ્રદાયોમાં જે સમન્વય અને એકતા રહેલાં છે તે તેમણે વ્યવહારમાં ઉતારીને પોતાના જીવનદ્વારા જગતને સમજાવ્યાં. તેમનું જીવન જુદા જુદા ધર્મોના મૂર્તિમાન્ સમન્વય રૂપ હતું અને તે બીજા કોઇ નહિ પણ રામકૃષ્ણ પરમહંસ હતા. તેમના જીવનનું અવલોકન કર્યાથી પ્રતીતિ થાય છે કે બેઉ મત જરૂરના છે–બેઉ જ્યોતિષ શાસ્ત્રના ભૂકેન્દ્રિક (Geocentric) અને સૂર્યકેન્દ્રિક (Heliocentric) સિદ્ધાંતોના જેવા છે. બાળક જ્યારે ખગોળ વિદ્યાનો અભ્યાસ શરૂ કરે છે ત્યારે ભૂકેન્દ્રિક મત પ્રમાણે એટલે પૃથ્વી એ જ જગતનું મધ્ય બિન્દુ છે, એમ કામચલાઉ સિદ્ધાંત તરીકે માંની લઇને તેને શીખવવામાં આવે છે; પણ જ્યારે તે અભ્યાસમાં આગળ વધે છે અને ખગોળ વિદ્યાની ઝીણી ઝીણી બાબતોનું તેને જ્ઞાન થતું જાય છે ત્યારે સૂર્યકેન્દ્રિક મત પ્રમાણે એટલે સૂર્યને જગતનું મધ્યબિન્દુ માનીને તેને સમજાવવામાં આવે તોજ તે વધારે સારી રીતે સમજી શકશે. પંચેન્દ્રિયબદ્ધ જીવ સ્વાભાવિક રીતેજ દ્વૈતવાદી છે. જ્યાંસુધી આપણા જ્ઞાનની સીમા પંચેન્દ્રિયવડે બંધાયલી રહેશે, જ્યાંસુધી આપણને દેહ છે એવું લેશ પણ જ્ઞાન રહેશે ત્યાં સુધી સગુણ ઇશ્વરનાજ આપણે અધિકારી છીએ. સગુણ ઇશ્વરથી વધારે ઉંચા પ્રકારના તત્ત્વનું આપણને દર્શન થઇ શકશે નહિ અને જગત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્ય છે એમજ આપણને પ્રતીત થશે. રામાનુજ કહે છે કે "જ્યાંસુધી તમે પોતાને દેહ, મન અથવા જીવ માનશો ત્યાં સુધી તમારી દરેક જ્ઞાનક્રિયામાં જીવ, જગત અને એ બેઉના કારણ સ્વરૂપ કોઇ અમુક તત્ત્વનું જ્ઞાન રહેવાનુંજ." પરંતુ મનુષ્યના જીવનમાં કોઇ કોઇ વાર એવા પ્રસંગ પણ ઉપસ્થિત થાય છે કે જ્યારે દેહનું જ્ઞાન પૂરેપૂરૂં લુપ્ત થઇ જાય છે, મન પણ સૂક્ષ્મ-વધારે સૂક્ષ્મ બની જઇ લગભગ અદૃશ્ય થઇ જાય છે, અને દેહને બંધનમાં રાખનાર ભીતિ, દુર્બલતાજનક ભાવો ઉડી જાય છે ત્યારેજ-માત્ર ત્યારેજ ઉપનિષદ્‌ના ભવ્ય ઉપદેશની યથાર્થતા સમજાય છે; એ ઉપદેશ કયો ?—

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ॥
निर्दोषं हि समं ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः ॥

જેમનું મન દરેક પદાર્થની એકતામાં સ્થિત થયું છે તેમણે સદેહે સ્વર્ગની પ્રાપ્તિ કરી લીધી છે. બ્રહ્મ દોષરહિત અને સર્વત્ર સમાન હોવાથી તેવા મનુષ્યો પણ બ્રહ્મમાંજ અવસ્થિત થાય છે.

समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम् ॥
न हिनस्त्यामनात्मानं ततो याति परां गतिम् ॥

ઇશ્વરને સર્વત્ર સમભાવે અવસ્થિત થએલો જોઇને તે આત્મા-દ્વારા આત્માની હિંસા કરતો નથી એટલે તે પરમ ગતિને પામે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Acc, No. 2 E 26

આલમોરાનાં માનપત્રનો સ્વામીજીએ આપેલો ઉત્તર.

[સ્વામી વિવેકાનંદજી હિમાલય પ્રદેશમાં આવેલા આલમોરા શહેરમાં ગયા ત્યારે ત્યાંના વતનીઓએ તેમને હિન્દી ભાષામાં ત્રણ જુદાં જુદાં માનપત્રો આપ્યાં હતાં. તેમાં સ્વામીજીએ આર્ય ધર્મનો જે ઉત્કર્ષ કર્યો હતો, ભારતવાસીઓને તથા યુરોપ અમેરિકાની પ્રજાને આર્ય ધર્મનાં ઉચ્ચ તત્ત્વોથી પરિચિત કરવાનો જે ભગીરથ પ્રયાસ કર્યો હતો તેને માટે તેમની સ્તુતિ કરી હતી. ભરતખંડનો પ્રાચીન સર્વોત્કૃષ્ટ ધર્મ જે હમણાં કેટલોક સમય થયાં અવનત થતો હતો, અને ભરતખંડની પ્રજા, તેમના પૂર્વજોએ સંચિત કરેલું અમૂલ્ય રત્ન ગુમાવી બેસે એવી સ્થિતિ હતી તે વખતે બીજા શંકરાચાર્ય રૂપે સ્વામીજીએ વેદાંતની ધ્વજા પુનઃ ફરકાવી, તે મહાન કાર્ય માટે તેમને ધન્યવાદ આપ્યો હતો અને એ શુભ કાર્યમાં તેમને વિજય પ્રાપ્ત થાઓ એવી શુભ વાંછના દર્શાવી હતી. આલમોરામાં એક મઠ સ્થાપવાનો સ્વામીજીનો વિચાર હતો; એ પગલું પણ ત્યાંના લોકોએ ઘણુંજ પસંદ કર્યું હતું અને એમાં તેમને સફળતા મળો એવી ભાવના પ્રદર્શિત કરી હતી. એ માનપત્રનો ઉત્તર આપતાં સ્વામીજીએ નીચે પ્રમાણે ટુંકું ભાષણ આપ્યું હતું.]

હિમાલયની આ તેજ પવિત્ર ભૂમિ છે કે જ્યાં આપણા પૂર્વજોએ પોતાનાં સ્વપ્ન રચ્યાં હતાં, અને જે ભૂમિમાં ભારતજનની પાર્વતીનો જન્મ થયો હતો. આ તેજ પવિત્ર પ્રદેશ છે કે જ્યાં ભરતખંડનો દરેક જ્ઞાનપિપાસુ આત્મા પોતાના આયુષ્યની આખરની પળ ગાળવાની અને પોતાના જીવનરૂપી નાટકનો છેલ્લો પ્રવેશ ભજવવાની અભિલાષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખે છે. આ મંગલ ભૂમિના પર્વતોનાં શિખર ઉપર, તેની ગુફાઓનાં ઉંડાણની અંદર અને તેની ધડધડાટ વહેતી સ્વચ્છ નદીઓના કિનારા ઉપર એવાં અપૂર્વ તત્ત્વદર્શનની રચના થઇ હતી કે જેના અલ્પ અંશનો પણ વિદેશી પ્રજાઓ શ્રદ્ધા અને માનથી સત્કાર કરે છે અને જેને તત્ત્વજ્ઞાનના વિષયમાં નિષ્ણાત થએલા પંડિતો જગતના તત્ત્વદર્શનમાં અપૂર્વ સ્થાન આપે છે. આ તેજ દિવ્ય પ્રદેશ છે કે જ્યાં વસવાટ મેં બાળપણથીજ સ્વપ્નો રચ્યાં હતાં. તમને સઘળાને વિદિત છે કે મેં અત્ર નિવાસ કરવાનો અનેક વાર પ્રયત્ન કર્યો હતો; અને જો તે વખતે અત્ર વસવાનો યોગ્ય સમય ન હતો, મારે કેટલાંક કામ કરવાની પણ જરૂર હતી અને ત્યાર પછી સંજોગોને વશ થઇ આ પવિત્ર પ્રદેશથી ઘણે દૂર ગયો હતો તોપણ હજી મારા અંતઃકરણની પ્રબળ ઇચ્છા છે કે જ્યાં એક વાર ઋષિમુનિઓના આશ્રમો હતા, જ્યાં તત્ત્વજ્ઞાનનો જન્મ થયો હતો તે પર્વતરાજ હિમાલયના ખોળામાં મારા જીવનનાં છેલ્લાં વર્ષ વ્યતીત કરૂં. મિત્રો ! મેં અત્ર નિવાસ કરવાની યોજના મારા મનમાં પ્રથમથીજ ઘડી રાખેલી છે તેમાં કદાચ મને નિષ્ફળતા પણ મળે; તોપણ હું ઇચ્છું છું કે મારૂં બાકીનું જીવન અહીં પૂર્ણ શાંતિમાં અને અપ્રસિદ્ધપણે વ્યતીત થાય ! એ ઇચ્છા ફળીભૂત થાય યા ન થાય તોપણ મારી પ્રાર્થના છે, મારી આશા છે, અને લગભગ મને વિશ્વાસ છે કે મારા આખરના દિવસ જગતના બીજા કોઇ સ્થાનમાં ન જતાં અહીંજ પસાર થાય !

આ પવિત્ર પ્રદેશનાં બાળકો ! મેં પશ્ચિમના પ્રદેશોમાં કરેલા નજીવા કાર્યમાટે તમે મારી પ્રશંસા કરી, તેમાટે હું તમારો આભાર માનું છું; પણ આ ક્ષણે તો પશ્ચિમના અથવા પૂર્વના કોઇ પણ પ્રદેશનું બોલવાની ઇચ્છાજ થતી નથી. અહીં આવતાં હિમાલય પર્વતનાં એક પછી ઉંચે આવેલાં શિખર મારી નજરે પડતાં ગયાં તેમ તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમામ કર્મપ્રવૃત્તિ, વર્ષોનાં વર્ષ થયાં જે વિચારો મારા મગજમાં ઉછળી રહ્યા હતા તેનું સર્વનું ઉપશમન થતું ગયું; અને ક્યાં ક્યાં કાર્ય આજ સુધીમાં થયાં છે અથવા ક્યાં કાર્ય ભવિષ્યમાં કરવાનાં છે તેના વિચાર આવતાં જે સનાતન ભાવના અનંત યુગથી હિમાલય આપણને શીખવતો આવ્યો છે, જેનાં આંદોલન આ પ્રદેશના વાતાવરણમાં હજી પણ ઘૂમી રહ્યાં છે; અને જે સનાતન ભાવનાનો અસ્ફુટ ધ્વનિ અહીંના જળપ્રપાતમાં, વેગબંધ વહેતી નદીઓના વમળમાં હું સાંભળું છું તે ત્યાગની ભાવનાના વિચારમાંજ મારૂં મન પરોવાયું છે.

सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम्।

પદાર્થમાત્રમાં ભય રહેલો છે. જગતમાં માત્ર એક વૈરાગ્યજ નિર્ભયછે. ખરેખર, આ પ્રદેશ વૈરાગ્યની ભૂમિ છે. મારા મનના વિચાર વિસ્તારથી જણાવવાનો અત્યારે સમય નથી અને સુયોગ પણ નથી. માત્ર ઉપસંહાર કરતાં તમને આટલુંજ કહેવા ઇચ્છું છું કે હિમાલય પર્વત ત્યાગ અને વૈરાગ્યની સાકાર મૂર્તિ રૂપે તમારી સમક્ષ ઉભો છે. એના તરફથી મળતી વૈરાગ્યની ભાવના કરતાં વધારે ઉચ્ચ ઉપદેશ આપણે જીવન જાતિને આપી શકીએ એમ છેજ નહિ. જેમ આપણા પૂર્વજો તેમની જીંદગીના છેવટના ભાગમાં આ પવિત્ર પ્રદેશ તરફ આકર્ષાતા હતા તે જ પ્રમાણે જગતના દેશે દેશના ઉત્કૃષ્ટ કોટિના આત્માઓ પણ આ-વળ તરફ આકર્ષાશે. જ્યારે ધર્મના ઝગડા અને જુદા જુદા ધર્મોના સિદ્ધાંતો વચ્ચેના મતભેદ આપણા સ્મરણપટમાંથી વિલુપ્ત થઇ જશે; જ્યારે મારો ધર્મ સાચો અને તમારો ધર્મ જૂઠો, એવો મિથ્યા આ-ગ્રહ આ જગતને છોડી ચાલ્યો જશે; જ્યારે સમગ્ર માનવ જાતિ સ-મજવા લાગશે કે ધર્મ એકજ અને સનાતન છે, અને મનુષ્યની અંદર રહેલા પરમાત્માનું દર્શન એ જ સત્ય ધર્મ હોઇને બાકીનો મિથ્યા વિવાદ છે, એવી સાર્વત્રિક માન્યતા થઇ જશે ત્યારે પૃથ્વી ઉપરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશોદેશના વીર પુરુષો આ પવિત્ર ભૂમિની યાત્રાએ આવતા થશે જગત્ એ માયાનો મિથ્યા ખેલ જ છે અને ઈશ્વર અને તેની ભક્તિ વિના બીજો કોઇ પણ વિષય ઉપયોગી નથી એવું સમજનારા મહાત્માઓ આ કલ્યાણકારી પ્રદેશનું દર્શન કરવાને ચાલ્યા આવશે.

મિત્રો ! હિમાલયમાં એક મઠ સ્થાપવાના મારા વિચારનો તમે પ્રેમપૂર્વક ઉલ્લેખ કર્યો છે તેને માટે હું તમારો આભારી છું. બીજા કોઇ સ્થાન કરતાં અહીંજ મઠ સ્થાપવાની અગત્ય શા માટે વિશેષ છે અને સાર્વભૌમિક ધર્મનો પ્રચાર કરવાનું મુખ્ય કેન્દ્ર શા માટે આ જગ્યાએ સ્થપાવું જોઇએ, એવિષે મેં તમને વિસ્તારથી કહ્યું છે. હિમાલય પર્વતની સાથે આપણી પ્રજાનાં અનેક સંસ્મરણો સંલગ્ન થએલાં છે અને જો ભરતખંડના ધાર્મિક ઇતિહાસમાંથી હિમાલયનો અંશ બાદ કરવામાં આવે તો કશું અવશિષ્ટ રહેશેજ નહિ. એજ કારણથી અહીં એક કેન્દ્ર સ્થાપવાની અગત્ય છે. માત્ર એકલું કર્મપ્રધાન કેન્દ્ર નહિ પણ જ્યાં શાંતિ, ધ્યાન અને બ્રહ્મચિંતન અધિક પ્રમાણમાં ભોગવી શકાય એવા એક કેન્દ્રની અહીં ખાસ અગત્ય છે. એ સ્વપ્ન મૂર્તિમાન થએલું જોવાની મને આશા પણ રહે છે. મને આશા છે કે હું તમને સર્વને બીજીવાર મળીશ અને તે વખતે તમારી સાથે વાર્તાલાપ કરવાનો વધારે સારો યોગ પ્રાપ્ત થશે. હાલ તો તમે જે અનુગ્રહ અને પ્રેમ મારા તરફ પ્રદર્શિત કર્યો છે તેને માટે હું તમારો આભાર માનું છું. હું એમ જ માનું છું કે તમે જે પ્રેમ દર્શાવ્યો છે તે માત્ર મારા પોતાનેજ માટે નહિ પણ મને તમારા ધર્મનો પ્રતિનિધિ માનીને તેને યોગ્ય પ્રેમ અને ભક્તિ અર્પણ કર્યાં છે. હું ઇચ્છું છું કે આ ધાર્મિક ભાવના તમારા અંતઃકરણમાં નિરંતર જાગૃત રહે. આપણાં હૃદય હમણાં જેવાં વિશુદ્ધ છે તેવાં સદાએ રહે અને આત્મિકતા પ્રાપ્ત કરવા હાલ જેવા ઉત્સુક છીએ તેવા હમેશ રહીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આલમોરામાં સ્વામીજીએ આપેલાં બીજાં વ્યાખ્યાનોનો સારાંશ.

સ્વામીજીનો આલમોરા છોડી જવાનો સમય પાસે આવતો હતો તેવામાં ત્યાંના ભક્તોએ તેમને એક વ્યાખ્યાન આપવાને પ્રાર્થના કરી. શહેરમાં વસતા અંગ્રેજોને પણ તેમનું વ્યાખ્યાન સાંભળવાની ઇચ્છા થવાથી તેમણે ઇંગ્લિશ કલબમાં ભાષણ આપવાને નિમંત્રણ કર્યું. આલમોરાની હાઇસ્કૂલમાં સ્વામીજીનું વ્યાખ્યાન હિન્દીમાં હતું અને ઇંગ્લિશ કલબમાં આપેલું વ્યાખ્યાન અંગ્રેજીમાં હતું. ઘણાને એવો સંદેહ હતો કે હિંદી ભાષા સારી રીતે કેળવાયલી નહિ હોવાથી એ ભાષામાં વ્યાખ્યાન આપવાનું અનુકૂળ પડશે નહિ. સ્વામીજીએ પોતાના ભાષણની શરૂઆત ધીમેથી કરી પણ થોડીજ વારમાં તે પોતાના વિષય ઉપર ઘણીજ સ્પષ્ટ અને જ્વલંત ભાષામાં બોલવા લાગ્યા ત્યારે શ્રોતાઓનો સંદેહ ભાગ્યો. સઘળાએ વિસ્મયપૂર્વક જોયું કે હિન્દી-ભાષાને સ્વામીજી એક યંત્રની માફક રમાડતા હતા. નવાં નવાં વાક્યો, નવા નવા શબ્દપ્રયોગ તે ને તેજ પળે ઉપજાવી કહાડીને પોતાનું ભાષણ અસ્ખલિતપણે આપતા હતા. જેઓ હિન્દી ભાષાની સુસ્તેદીઓ અને ન્યૂનતા સારી રીતે જાણતા હતા તેમના મત પ્રમાણે સ્વામીજીએ હિન્દી બોલવામાં સંપૂર્ણ વિજય મેળવ્યો હતો; એટલુંજ નહિ પણ એ વિજય અપૂર્વ હતો. તે ઉપરાંત એમના વ્યાખ્યાનથી કેવળ વિદ્વાનને હાથે હિન્દી ભાષાનો કેટલો અણધાર્યો વિકાસ થઇ શકે એમ છે અને જુસ્સાદાર ભાષણને માટે તેને કેવી યોગ્ય બનાવી શકાય એમ છે તે પણ સિદ્ધ થઈ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વેદનો ઉપદેશ (શાસ્ત્રીય અને વ્યાવહારિક)"—એ વ્યાખ્યાનનો વિષય હતો. પ્રથમ આર્ય પ્રજામાં પ્રત્યેક ટોળીના "જાતીય દેવ" (Tribal God) ની ઉપાસનાની ઉત્પત્તિનો સંક્ષિપ્ત ઇતિહાસ કહ્યો. ત્યાર પછી આર્ય પ્રજા ભરતખંડમાં અન્ય પ્રાંતો જિતતી ગઇ તેમ તેમ આ ઉપાસનાવિધિનો પ્રચાર થતો ગયો. ઐતિહાસિક ભાગ કહ્યા પછી તેમણે વેદ સંબંધી કેટલીક હકીકત કહી. વેદનું સાહિત્ય કેવા પ્રકારનું છે, વેદનો શો ઉપદેશ છે એ વિષે કેટલુંક વિવેચન કર્યા પછી સ્વામીજીએ આત્મતત્ત્વનો વિષય ઉપાડ્યો. તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની પાશ્ચાત્ય પદ્ધતિ, જે બાહ્ય જગતમાંથી જીવનને લગતા મહાન પ્રશ્નોના ઉત્તર મેળવવા મથે છે અને આ દેશની પદ્ધતિ, જે બાહ્ય જગતમાંથી ઉત્તર ન મળવાથી નિરાશ ન થતાં આંતરિક સૃષ્ટિમાં શોધ ચલાવી રહી છે; એ બેઉની તુલના કરીને સ્વામીજીએ કહ્યું કે આંતરિક સૃષ્ટિમાં શોધ ચલાવનાર હિન્દુપ્રજા પહેલી અને એકલીજ છે. એ પ્રજાની એ જ વિશેષ સંપત્તિ છે. માત્ર એ જ પદ્ધતિવડે અનુસંધાન કરતાં આર્ય પ્રજાએ ધર્મ અને આધ્યાત્મિકતા રૂપી અમૂલ્ય રત્નો પ્રાપ્ત કર્યાં છે અને આખા જગતને એ કિમતી ખજાનો એ જ પ્રજાએ અર્પણ કર્યો છે. એ વિષય ઉપર આગળ બોલતાં જ્યારે આત્મા અને પરમાત્માનો સંબંધ, આત્માની અંતિમ સ્થિતિ અને આત્મા તથા પરમાત્માનું અભિન્નત્વ–જે વિષય દરેક હિંદુને અત્યંત પ્રિય છે–તેના ઉપર જ્યારે સ્વામીજીએ બોલવાનું શરૂ કર્યું ત્યારે તેમણે આધ્યાત્મિક વિદ્યાના આચાર્ય તરીકેની પોતાની સંપૂર્ણ યોગ્યતાનુ અને અદ્વિતીય શક્તિનું દર્શન કરાવ્યું. થોડાક સમયસુધી શ્રોતાઓને એવો જ અનુભવ થયો કે જાણે વક્તા, તેમના શબ્દો, શ્રોતૃવર્ગ અને તેમની ત્રણેની અંદર ઓતપ્રોત રૂપે રહેલો દિવ્ય આત્મા એ સર્વ એકાકાર થઇ ગયાં છે. કોઇનો પણ "હું" અને "તું," "આ" અને "પેલું" એવું ભાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું ન હતું. એ આચાર્યશિરોમણિના શરીરમાંથી જે દેદીપ્યમાન ક્ષત્રતેજ નીકળતું હતું તેના પ્રભાવથી ત્યાં એકત્ર થએલી જુદી જુદી વ્યક્તિઓ મંત્રમુગ્ધ બની ગઇ અને તેમનું વ્યક્તિત્વ લુપ્ત થઇને એ ક્ષત્રતેજમાં જ ડુબી ગયું.

જેઓને સ્વામીજીનાં વ્યાખ્યાન સાંભળવાનો અનેક વાર સુયોગ પ્રાપ્ત થયો હશે તેમને આવા પ્રકારનો ઘણી વાર થએલો અનુભવ આ ક્ષણે યાદ આવ્યા વગર રેહેશે નહિ. તે સમયે, તેમના શબ્દે-શબ્દને પરીક્ષકની દૃષ્ટિથી લક્ષપૂર્વક સાંભળનાર શ્રોતાઓ સન્મુખ વ્યાખ્યાન આપનાર જાણે તે સ્વામી વિવેકાનંદ હોય જ નહિ એવું તેમનું સ્વરૂપ બદલાઇ જાય છે. સર્વની વિભિન્નતાનો, પૃથક્ વ્યક્તિત્વનો, નામ રૂપનો લોપ થાય છે, અને એક પરમ ચૈતન્ય જ અવશેષ રહે છે. વક્તા, શ્રોતા અને વક્તવ્ય સર્વ એકરૂપ બની જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*સ્વામી વિવેકાનંદનો પંજાબ અને કાશ્મીરમાં પ્રવાસ.

સ્વામીજી અઢી માસ આલમોરામાં રહ્યા પછી પંજાબ અને કાશ્મીરના લોકોના નિમંત્રણનો સ્વીકાર કરીને તેઓ તે પ્રદેશો તરફ જવા તૈયાર થયા. આ વખતે તેમણે અંગ્રેજીમાં ઘણાં જ થોડાં ભાષણ આપ્યા હતાં, ઘણાં ખરાં ભાષણ હિન્દીમાં અપાયા હતાં. એ સર્વ વ્યાખ્યાનોનો હેવાલ મળી શકતો નથી. પોતાને મળવા માટે આવેલા ગૃહસ્થો સાથે સ્વામીજી સારી રીતે ધર્મચર્ચા કરતા અને જ્યાં જતા ત્યાંના વિદ્યાર્થીઓને ખાસ ઉપદેશ આપવાનો પ્રયાસ કરતા. સ્વામીજીએ પંજાબ અને કાશ્મીરમાં કરેલા પ્રયાસનું વિસ્તૃત વર્ણન ભવિષ્યમાં તેમનું જીવનચરિત્ર લખનારને સહાયભૂત થઈ પડે તેમજ તેમની તે સમયની દૈનિક પ્રવૃત્તિ જાણવાની તેમના ભક્તોની જિજ્ઞાસા તૃપ્ત થાય એ હેતુથી, સ્વામી અચ્યુતાનંદ નામના સંન્યાસી જેઓ એકવાર આર્ય સમાજના ધર્મપ્રચારક હતા અને સ્વામી વિવેકાનંદના આ પ્રવાસ દરમ્યાન તેમની સાથે જ ફર્યા હતા તેમણે સ્વામીજીની પ્રવૃત્તિનો સંક્ષિપ્ત હેવાલ પોતાની નિત્ય નોંધમાં લખી રાખ્યો હતો

* સ્વામીજીના પ્રવાસની હકીકત તારીખના ક્રમવાર આપેલી છે. તેમની પ્રકૃતિ અસ્વસ્થ છતાં ઉપદેશ આપવામાં, મળવા આવનાર લોકો-સાથે ધર્મ સંબંધી વાર્તાલાપ કરવામાં તેઓ કેટલો ઉત્સાહ રાખતા, તથા શીખ, બ્રહ્મો, મુસલમાન, આર્યસમાજિસ્ટ વગેરે ભિન્ન ભિન્ન મતના મનુષ્યો સાથે કેવો સમભાવ રાખતા તેનું દર્શન કરાવવાના હેતુથી આ લેખનો અનુવાદ કર્યો છે. કદાચ આ પ્રકરણ કોઇને નીરસ લાગશે પણ સ્વામીજીની દિનચર્યા જાણવા માટે એ બહુ અગત્યનું છે. ભા. ક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાંથી કેટલોક ભાગ અહીં આપવામાં આવે છેઃ—

૧૦ મી ઑગસ્ટ સને ૧૮૯૭, સ્થાન બેરિલ-પ્રિયનાથ બાબુનો બંગલો. સવારમાં બે ગૃહસ્થો સ્વામીજીને મળવા આવ્યા હતા તેમની સાથે વાતચીત કરી. પછી તેઓ આર્ય સમાજનું અનાથાશ્રમ જોવા ગયા. બપોર પછી દર્શને આવનાર લોકો સાથે નાના પ્રકારના વિષય ઉપર ચર્ચા કરી સાંજના તેમને થોડો તાવ આવ્યો હતો. શરીરમાં નબળાઇ વધારે હતી.

૧૧ મી ઑગસ્ટ, એજ સ્થાન. સવારમાં બે ગૃહસ્થોને ધર્મનો ઉપદેશ કર્યો. બપોર પછી દર્શને આવનાર લોકોની સાથે ધર્મવિષયક ચર્ચા કરી, ત્યાર પછી સ્વામીજીએ એક વિદ્યાર્થિમંડળની સ્થાપના કરી. સાંજ પડતા પહેલાંજ તેમને તાવ આવ્યો હતો. એજ દિવસે જમ્યા પછી સ્વામીજીએ અચ્યુતાનંદને કહ્યું હતું કે હું પાંચ છ વર્ષ જીવી શકીશ.×

૧૨ મી ઑગસ્ટ, એજ સ્થાન. શરીર અસ્વસ્થ હતું તોપણ સ્વામીજી પાસે બે મુન્સફ તથા બીજા કેટલાક ગૃહસ્થો આવ્યા હતા તેમને ધર્મની ગંભીર બાબતોનો ઉપદેશ આપ્યો. જમ્યા પછી તાવ વધ્યો—અત્યંત પીડા થવા લાગી. સાંજ પડતા પહેલાં તાવ કાંઇક ઉતરી જવાથી તેમની પાસે આવેલા અનેક આબરૂદાર ગૃહસ્થોને ધર્મનાં મૂળતત્ત્વો અત્યંત જુસ્સાદાર ભાષામાં વ્યાખ્યાન કરીને સમજાવ્યાં. ત્યાર પછી રાત્રિના અગીઆર વાગે સેકન્ડ કલાસમાં બેસીને અંબાલા જવા ઉપડી ગયા.

૧૩ મી ઑગસ્ટ, અંબાલા કેંપ. સવારના સાત વાગે ટ્રેન અંબાલા કેંપ સ્ટેશન આગળ આવી પહોંચી. કેટલાક પ્રતિષ્ઠિત બંગાળીઓ સ્વામીજીનો સત્કાર કરવા સ્ટેશન પર આવ્યા હતા. ત્યાંથી ઘોડાગાડીમાં

× સ્વામીજીએ ૪થી જુલાઇ ૧૯૦૨ માં દેહત્યાગ કર્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસીને પોતાના મુકામ માટે નિર્માણ કરવામાં આવેલા બંગલામાં ગયા. મી. સેવિયર, જે સ્વામીજીના પ્રવાસ વખતે તેમની સાથે ઘણે ઠેકાણે ગયા હતા, તેમની સાથે તથા બીજા પ્રતિષ્ઠિત ગૃહસ્થો સાથે વાતચીત થઇ. શરીર પહેલાનાં કરતાં ઠીક હતું. ચ્હેરો આનંદી હતો.

૧૪ મી ઑગસ્ટ, અંબાલા કેંપ. શરીર સુધરતું હતું. સવારમાં લોકો સાથે ધર્મવિષયક ચર્ચા. જમ્યા પછી ક્ષીરોદ બાબુ તથા બીજા ગૃહસ્થો સાથે વિશેષ ચર્ચા.

૧૫ મી ઑગસ્ટ, અંબાલા કેંપ. સવારમાં થોડીક વાર જ્ઞાનચર્ચા કર્યા પછી સ્વામીજી ફરતા ફરતા સેવિયર સાહેબને બંગલે ગયા. એ દરમ્યાન કેટલાક કેળવાયલા, પ્રતિષ્ઠિત લોકો તેમને મળવા આવ્યા હતા; પણ તેઓ મુકામપર ન હોવાથી પાછા ફર્યા હતા. સાંજના આર્યસમાજના અનુયાયીઓ સાથે ધર્મ સંબંધી વાતચીત થઇ. રાત્રિએ ધર્મપ્રચારના કાર્ય સબંધી ચર્ચા કરી. શરીર પહેલાનાં કરતાં ઠીક હતું.

૧૬ મી ઑગસ્ટ, અંબાલા કેંપ. સવારમાં મળવા આવેલા લોકો સાથે ધર્મવિષયક ચર્ચા. બપોર પછી પણ તેમજ. રાત્રે મુસલમાન, બ્રહ્મો, આર્યસમાજી અને સનાતન ધર્મીઓ એવા ભિન્ન ભિન્ન મતાવલંબી લોકો તેમનાં દર્શને આવ્યા હતા, તેમની સાથે અનેક પ્રકારની જ્ઞાનચર્ચા કરી. લાહોર કૉલેજના એક પ્રોફેસર સ્વામીજી પાસે ફોનોગ્રાફ લઇને આવ્યા અને વિનતિ કરી કે, એ યંત્રમાં તમે જરા તમારૂં વ્યાખ્યાન ઉતારવા દો. સ્વામીજીએ પોતાની પ્રકૃતિ અસ્વસ્થ હતી છતાં આ માગણી કબૂલ રાખી.

૧૭ મી ઑગસ્ટ, અંબાલા કેંપ. પ્રાતઃકાળમાં આર્ય સમાજીઓ સ્વામીજીને મળવા આવ્યા હતા, તેમની સાથે શાસ્ત્રની ચર્ચા કરી. આર્યસમાજીઓએ અનેક કઠિન પ્રશ્નો પૂછ્યા, તેમનો યોગ્ય ઉત્તર આપીને સ્વામીજીએ તેમને શાંત કર્યા. જમ્યા પછી શરીર ફરીથી બગડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યું. પેટમાં સખત શૂળ આવવા લાગ્યું; તો પણ સંધ્યાકાળ થયા પછી એક નાની સરખી સભા ભરવામાં આવી હતી, ત્યાં દોઢ કલાક-સુધી સ્વામીજીએ હૃદયગ્રાહી ધર્મોપદેશ કર્યો હતો. રાત્રે અનાહાર રહ્યા હતા.

૧૮ મી ઑગસ્ટ, અંબાલા કેંપ. સવારમાં થોડીક વાર ઉપદેશ કર્યો. જમ્યા પછી મળવા આવેલા લોકો સાથે વાતચીત અને શંકાસમાધાન કર્યાં. રાત્રે ત્રણ પ્રતિષ્ઠિત ગૃહસ્થો આવ્યા હતા તેમની સાથે યુરોપ, અમેરિકા અને હિંદુસ્તાનને લગતા અનેક વિષયો ઉપર વાતચીત કરી અને સ્વદેશોન્નતિનો ખરો માર્ગ દર્શાવ્યો. શરીર ગઇ કાલ કરતાંઠીક હતું.

૧૯ મી ઑગસ્ટ, અંબાલા કેંપ. સવારમાં થોડીવાર ચર્ચા કરી. પછી સ્વામીજી હિન્દુ મેહોમેડન સ્કૂલ જોવા ગયા. જમ્યા પછી શ્યામાચરણ મુખોપાધ્યાય તથા બીજા કેટલાક પ્રતિષ્ઠિત લોકો સાથે વાતચીત કરી. સાંજના આર્યસમાજવાળા દ્વારકાનાથ વકીલ તથા બીજા આબરૂદાર ગૃહસ્થોસાથે દેશભક્તિ, સમાજનીતિ તથા તત્ત્વજ્ઞાન સંબંધી વિશેષ ચર્ચા કરી. સ્વામીજીની વાતચીતથી દ્વારકાનાથ વકીલ ઘણા પ્રસન્ન થયા. સ્વામીજીના અંબાલામાં નિવાસ દરમ્યાન શ્યામાચરણ બાબુએ તથા તેમના મિત્રોએ ઘણો સ્નેહ બતાવ્યો હતો.

૨૦ મી ઑગસ્ટ, અંબાલા કેંપ. સવારના નવ વાગે મેલમાં બેસીને સ્વામીજી, મિસ્ટર અને મિસીસ સેવિયર સાથે અંબાલાથી અમૃતસર જવા ઉપડી ગયા. સ્ટેશન ઉપર ઘણા આબરૂદાર ગૃહસ્થો તેમનું સ્વાગત કરવા આવ્યા હતા. ચાર પાંચ કલાક બૅરિસ્ટર ટોડરમલને ત્યાં આરામ લીધા પછી ધર્મશાલા નામના સ્થાનમાં ગયા. સાથે મિસ્ટર અને મિસીસ સેવિયર હતાં. ત્યાં પંદર દિવસ રહ્યા પછી સ્વામીજી અમૃતસર પાછા આવ્યા અને બે દિવસ રહ્યા. ત્યાં રાય મૂલરાજ વગેરે આબેવાન આર્યસમાજીઓ સાથે અનેક વિષય ઉપર વાર્ત્તાલાપ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશરે ૩૧મી ઑગસ્ટને રોજ મેલમાં બેસીને સ્વામીજી અમૃતસરથી રાવલપિંડિ ગયા. સ્ટેશન પર ડાક્ટર ભક્તારામના ભાઇએ તેમને સારૂ ગાડી વગેરેનો બંદોબસ્ત કરી રાખ્યો હતો. એ લોકોએ તેમનો સારો સત્કાર કર્યો; તો પણ ત્યાં ઝાઝો વખત ન થોભતાં સ્વામીજી મિસ્ટર અને મિસીસ સેવિયર સાથે ટાંગામાં બેસી મરી પર્વત ઉપર ચાલ્યા ગયા. એમના બીજા સોબતીઓ પાછળથી એક્કામાં બેસીને ગયા. મરીમાં વકીલ હંસરાજને ઘેર મુકામ કર્યો હતો. ત્યાંના બંગાળીઓએ સ્વામીજીને પોતાને ઘેર નિમંત્ર્યા તેમને ઘેર જઇને સ્વામીજીએ ધાર્મિક પદ ગાયાં અને તેમને થોડોક ઉપદેશ આપ્યો. મરીમાં ઘણું કરીને બીજી સપ્ટેંબરે આવ્યા હતા. ત્યાંથી સ્વામીજીએપોતાના અનુષંગીઓ સાથે કાશ્મીર તરફ પ્રયાણ કર્યું. છઠ્ઠી સપ્ટેંબરે ઘણું કરીને સ્વામીજી મરીથી ઉપડી આઠમી તારીખે ટાંગામાં બેસીને બારામૂલા આવી પહોંચ્યા. ત્યાંથી હોડીમાં બેસીને તેઓ શ્રીનગર ગયા. રસ્તામાં સોબતીઓ સાથે નાના પ્રકારનો વાર્તાલાપ અને આનંદ કર્યો હતો.

દસમી સપ્ટેંબરે શ્રીનગરના મુખ્ય ન્યાયાધીશ ઋષિવર મુખોપાધ્યાયને ઘેર મુકામ કર્યો હતો. તેમણે સ્વામીજીને પોતાને ઘેર અત્યંત આગ્રહપૂર્વક રાખીને ઉત્તમ રીતે પરિચર્યા કરી હતી. ત્યાં ડાક્ટર મિત્રની સાથે મુલાકાત થઇ. તેમણે પણ સ્વામીજી પ્રત્યે સારો સદ્ભાવ બતાવ્યો હતો. કાશ્મીરવાસી અનેક પંડિતો તેમની પાસે આવતા અને પુષ્કળ ચર્ચાઓ થતી.

૧૩ મી સપ્ટેંબરે સ્વામીજી રાજમંદિર જોવા ગયા. ત્યાં કોઇ પંજાબી અમલદારે તેમને એકાંતમાં લઇ જઇને પૂછ્યું કે તમારે રાજાની મળવાની ઇચ્છા છે? સ્વામીજીએ હા કહી. એવામાં ડાક્ટર મિત્રે ઉપલા માળપરથી આવીને સ્વામીજીને કહ્યું કે આવતી કાલે રાજા રામસિંહ સાથે મુલાકાત થશે. ડાક્ટર સાથે અનેક વિષયો ઉપર વાતચીત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં કરતાં સ્વામીજી ઘણે ઠેકાણે ફર્યા હતા.

૧૪ મી સપ્ટેંબર, શ્રીનગર, કાશ્મીર. સવારમાં નાના પ્રકારની ચર્ચા ચાલી. બપોરના બે વાગે સ્વામીજી રાજમંદિરમાં ગયા. રાજાએ તેમનો યોગ્ય સત્કાર કર્યો–સ્વામીજીને ખુરશી પર બેસાડયા અને રાજા તથા તેમના બીજા અમલદારો નીચે બેઠા. તેમની સર્વની સાથે સ્વામીજીએ આશરે બે એક કલાક સુધી વાતચીત કરી, અને પછી મુકામપર પાછા આવ્યા. સાંજના ફરવા નીકળ્યા હતા.

૧૫ મી સપ્ટેંબર, શ્રીનગર. સવારમાં સ્વામીજી શંકરાચાર્યનો પર્વત જોવા ગયા. ત્યાંથી મુકામપર આવીને મળવા આવેલા લોકો સાથે વાતચીત કરી. જમ્યા પછી પણ ચર્ચા ચાલુજ રહી. લોકોનાં ટોળાંટોળાં આવવા લાગ્યાં. લગભગ સાંજ પડતા સુધી ચર્ચા ચાલ્યાજ કરી. સાંજે સ્વામીજી ફરવા ગયા. પાછા આવ્યા પછી કેટલાક પંડિતો તથા બીજા મળવા આવેલા લોકો સાથે વાર્તાલાપ થયો. આજે એક પંજાબી સાધુ એમને મળવા આવ્યા હતા.

૧૬ મી સપ્ટેંબર, શ્રીનગર. સવારમાં હોડીમાં બેસીને સરોવર ઉપર ફરવા ગયા. આનંદ પૂર્વક વાર્તાલાપ કરતા હતા. સાંજના પાંચ વાગે મુકામ પર પાછા ફર્યા. સાંજ પડતા પહેલાં એમને મળવા આવેલા પંજાબી અને કાશ્મીરી લોકો સાથે અંગ્રેજીમાં તથા હિન્દીમાં ધર્મવિષયક ચર્ચા અને શંકાસમાધાનનું કાર્ય શરૂ થયું તે રાતના નવ વાગતા સુધી ચાલ્યું. રાત્રે ભજન ગવાયાં હતાં.

૧૭ મી સપ્ટેંબર, શ્રીનગર. સવારમાં દર્શને આવેલા પંજાબી ગૃહસ્થો સાથે ધર્મવિષયક ચર્ચા કરી. ત્યાર પછી "હાઉસ બોટ"નો બંદોબસ્ત કરવા તેમની સાથે વકીલ જયકૃષ્ણને ઘેર ગયા. તેમણે સ્વામીજીનો સારો સત્કાર કર્યો અને હાઉસ બોટનો બંદોબસ્ત કરી આપવાનું વચન આપ્યું, અને કહ્યું કે બીજી કાંઇ ઇચ્છા હોય તો આજ્ઞા કરો. સ્વામીજીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું કે એ સિવાય બીજા કશાની જરૂર નથી. પાછા આવતાં પંજાબી ગૃહસ્થો સાથે ધર્મવિષયક ચર્ચા ચાલુ રહી.

સ્વામીજી મુકામ પર પાછા ફર્યા. આવ્યા ત્યારે રાજા અમરસિંહના દિવાન તેમની રાહ જોઇને બેઠા હતા. તેમની સાથે વાતચીત થવા લાગી. પ્રસંગોપાત્ત "હાઉસ બોટ"ની વાત નીકળી. દિવાને કહ્યુ કે હું હમણાંજ બંદોબસ્ત કરી દઉંછું. બપોરના ગવર્નરનો સેક્રેટેરી બોટ લઇને હાજર થયો તેની સાથે વાતચીત થઇ. બપોર પછી સ્વામીજી જમ્યા, જરા આરામ લીધો અને પછી વાતચીત કરવા લાગ્યા. સાંજના ધર્મવિષયક ચર્ચા અને સંગીત શરૂ થયાં. રાતના એક પ્રતિષ્ઠિત બ્રાહ્મણને ઘેર જમવાનું નિમંત્રણ હતું ત્યાં પણ પુષ્કળ શાસ્ત્રચર્ચા થઇ. ભોજન વખતે ઘણા પંડિતો અને બ્રાહ્મણો હાજર હતા. તેમણે સ્વામીજી ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને પુષ્પનો હાર પહેરાવી ઘણુંજ સન્માન આપ્યું અને પાછા ફરતી વખત મુકામ સુધી વળાવવા આવ્યા.

૧૮ મી સપ્ટેંબરથી ૨૪ મી સપ્ટેંબર સુધીની રોજનિશી જોતાં સ્વામીજીની દિનચર્યામાં નવીનતા નથી. ઉપર મુજબજ પ્રવૃત્તિ ચાલુ હતી. એ મુદતમાં તેઓ કાશ્મીરની જોવા લાયક પ્રાચીન જગ્યાઓ જેમકે અનંત નાગકેશરનાં ખેતર, અક્ષય બળતું ૨૦૦૦ વર્ષપર બંધાયલું પ્રાચીન દેવાલય વગેરે જોઇ આવ્યા હતા. ત્યારપછીનાં રોજનિશીનાં પાન ખોવાઇ ગયાં છે.

૧૨ મી ઓકટોબરે સ્વામીજી મરી હતા, અને સેવિયરના બંગલામાં મુકામ હતો.

૧૪ મી ઓકટોબર, મરી. સ્વામીજીને શહેરના લોકોએ એક સભા ભરીને માનપત્ર અર્પણ કર્યું હતું. તેનો ઉત્તર આપતાં તેમણે હિન્દીમાં એક સુંદર ભાષણ આપ્યું હતું. સભાનાં ચિત્ત પ્રસન્ન થયાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬ મી ઑકટોબરે સવારના નવ વાગે સ્વામીજી ટાંગામાં બેસીને રાવલપિંડી આવ્યા. ત્યાં આર્યસમાજવાળા સ્વામી પ્રકાશાનંદ તથા બીજા આગેવાન સમાજિસ્ટો સાથે મુલાકાત થઇ. વકીલ હંસરાજને ઘેર મુકામ હતો. સ્વામીજી અને આર્યસમાજના સભાસદો બેઉ એક બીજાથી સંતુષ્ટ થયા.

૧૭ મી ઑકટોબર, રાવલપિંડી. સવારમાં લોકો સાથે ધર્મવિષયક ચર્ચા. ત્યાર પછી ભોજન માટે છાવણીમાં નિમાઇ બાબુને ઘેર ગયા. ત્યાં બંગાળીઓ સાથે વાર્તાલાપ કર્યો. ત્રણ વાગે મુકામ પર પાછા આવ્યા. થોડીવાર આરામ લીધા પછી ભાષણ આપવા માટે સુજાનસિંહના બગીચામાં ગયા. જજ રાય નારાયણદાસે દરખાસ્ત મૂકી અને વકીલ હંસરાજે અનુમોદન આપ્યાથી સુજાનસિંહ પ્રમુખપદે બેઠા. સભામાં ચારસો માણસ હાજર હતાં. પાંચ વાગે વ્યાખ્યાન શરૂ થયું તે બે કલાક ચાલ્યું. ભાષા અંગ્રેજી—વિષય હિન્દુધર્મ. સ્વામીજી વચમાં વચમાં વેદના મંત્રો બોલીને બહુજ સ્પષ્ટભાષામાં પોતાનો વિષય સમજાવતા હતા. કોઇ કોઇ વાર આવેશમાં આવી જઇ આત્માનો અનંત મહિમા અને સર્વ શક્તિમત્તા વિષે વિવેચન કરતાં શ્રોતાઓના હૃદયમાં મહાન શક્તિનો અને અલૌકિક તેજનો સંચાર કરતા હતા. વળી કોઇ વાર આપણા જનસમાજમાં ચાલતા પાખંડવિષે સખત પણ શ્લેષાત્મક ટીકાઓ કરીને સર્વને પુષ્કળ હસાવતા હતા. સ્વામીજીના વ્યાખ્યાનથી સર્વના હૃદયમાં ભાવનું ઉદ્દીપન થયું હતું. ભાષણ પૂરૂં થયા પછી મુકામ પર પાછા આવ્યા અને કેટલાક લોકોને ભજન સાધનનું રહસ્ય બતાવ્યું. રાત્રે ડાક્ટર ભક્તરામને ઘેર નિમંત્રણ હતું. સાથે જજ, પ્રકાશાનંદ, હંસરાજ વગેરે ગયા હતા. જમ્યા પછી રાતના દશ વાગતે મુકામપર આવ્યા અને મળસ્કાના ત્રણ વાગતાસુધી પ્રકાશાનંદ સાથે ચર્ચા કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮ મી ઑક્ટોબર, રાવલપિંડી. સવારમાં રાય નારાયણદાસ અને બાબા ક્ષેમસિંહના પુત્ર સાથે વાતચીત થઇ. પ્રકાશાનંદે પણ એ ચર્ચામાં ભાગ લીધો હતો. જમ્યા પછી થોડી વાર આરામ લીધો. સૂઇ ઉઠયા પછી પોતાનું માથું ઘણું દુખે છે એ વાત તેમણે પોતાના અનુયંગીઓને જણાવી. માથાની વેદના તો ગઇ કાલની હતી પણ તે અત્યારે ઘણીજ સખત થતી હોવાથી તેમણે એ વાત જાહેર કરી. તોપણ જે લોકો મળવા આવતા તેમની સાથે હસતે મોંએ વાતચીત કરતા હતા. કોઇને ખબર પણ પડી નહિ કે એમના શરીરને ઘણી પીડા થતી હતી. સાંજના જજ અને ક્ષેમસિંહના પુત્ર સાથે બગીમાં બેસીને ફરવા ગયા. રસ્તામાં તેમની સાથે નાના પ્રકારના વિષયો ઉપર ચર્ચા કરી. રાત્રે તેમની સાથે બેસીને જમ્યા. ત્યાર પછી આર્યસમાજ અને મુસલમાન લોકોના સંબંધમાં કેટલીક શંકાઓનું સમાધાન કર્યું. અગીઆર વાગતે સૂઇ ગયા. પ્રકાશાનંદ ત્યાંસુધી સ્વામીજીની પાસે બેઠા હતા.

૧૯ મી ઑક્ટોબર, રાવલપિંડી. × × × સાંજના કાલિકા મંદિરમાં એક નાની સરખી સભા ભરવામાં આવી હતી. ત્યાં સ્વદેશનો ખરો ઉત્કર્ષ કેવી રીતે કરી શકાય તે વિષે સ્વામીજીએ ઘણો ઉપદેશ આપ્યો. ત્યાર પછી ધર્મપ્રચારના કાર્યને માટે એક ફંડ એકઠું કરવાને સભામાં બેઠેલા ગૃહસ્થોને આગ્રહપૂર્વક જણાવ્યું. તેઓ એ કાર્યમાટે સંમત થયા.

૨૦ મી ઑક્ટોબર, રાવલપિંડી. સવારના નવ સુધી મિસ્ટર અને મિસીસ સેવિયર સાથે વાતચીત કરી. પછી હંસરાજને ઘેર ગયા. ત્યાં વાર્તાલાપ અને ભોજન થયાં. જમ્યા પછી પણ વાતચીત ચાલતી હતી એવામાં સ્વામીજીનો એક ગુરૂભાઇ ગાડી લઇને આવ્યો અને કહ્યું કે એક બંગાળી ગૃહસ્થ બિમાર છે અને આપનાં દર્શન કરવા અત્યંત ઉત્સુક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. દયાળુ સ્વામીજી તેજ પળે જવા તૈયાર થયા. સાથે પ્રકાશાનંદ, નિમાઇ બાબુ વગેરે હતા. ત્યાં ગયા એટલે તે બાબુએ સ્વામીજીને પાંચ પ્રશ્ન પૂછ્યા અને કહ્યું કે એ પ્રશ્નના મને સંતોષકારક જવાબ નહિ મળે તો હું નાસ્તિક થઇ જઇશ. સ્વામીજીએ એ પ્રશ્નની વિસ્તારપૂર્વક ચર્ચા કરીને તેમને બધી બાજુએથી તપાસીને એવા જવાબ આપ્યા કે તે માણસ કૃતાર્થ થઇ ગયો. ત્યાં સ્વામીજીએ* જળપાન કર્યું. રાતના સાડા આઠ વાગે હંસરાજને ઘેર ગયા. ત્યાં થોડીવાર વાતચીત કરી જમ્યા પછી હંસરાજની ગાડીમાં બેસીને કાલિકામંદિરમાં ગયા. રાત્રીના બાર વાગે સ્ટેશન પર ગયા. આ વખતે તેમણે પહેલા વર્ગમાં મુસાફરી કરી હતી. વજીરાબાદ સ્ટેશન સુધી પોતાના સોબતીઓને સ્વામીજીએ સાથે રાખ્યા હતા. ત્યાર પછી તેમણે કેટલાકને જુદે જુદે ઠેકાણે મોકલી દીધા. સ્વામીજી વજીરાબાદથી જમ્મુ તરફ જવાની ટ્રેનમાં બેઠા અને ૨૧મી ઓકટોબરે બપોરે બાર વાગે જમ્મુ આવી પહોંચ્યા. એક બંગાળી અમલદાર ગાડી લાવ્યો હતો તેમાં બેસીને તેમને માટે નિર્માણ કરવામાં આવેલા મુકામ પર ગયા. જમ્મુના રાજાના અતિથિસત્કાર ખાતાના એક અમલદારના પુત્રને સ્વામીજીની સેવા માટે નિયુક્ત કર્યો હતો. × × × આરામ લીધા પછી રાજા અમરસિંહના અમલદારો સાથે વાર્તાલાપ કર્યો. તેમની સાથે બીજા ત્રણ જણ હતા. એવામાં બીજા બે બંગાળી ગૃહસ્થો આવી પહોંચ્યા. તેમની સાથે સ્વામીજી રાજાની લાઇબ્રેરી જોવા ગયા. શરીર સારૂં નહોતું. લાઇબ્રેરી જોઇને મુકામ પર પાછા આવ્યા. સ્વામીજીની કાશ્મીરમાં એક મઠ સ્થાપવાની ઇચ્છા હતી.

* બંગાળીઓ નાસ્તો કરવાને "જળપાન" કરવું કહે છે, એ લોકો પોતાને ઘેર મળવા આવનારને એકલું પાણી પીવા આપતાજ નથી, પણ સાથે થોડું ક ખાવાનું આપે છે, તેથી કરીને જળપાન કરવું એટલે થોડું ક ખાવું અને પછી પાણી પીવું. ભા. ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨ મી ઑકટોબર, જમ્મુ. પ્રાતઃકાળમાં મહેશ બાબુ સાથે વાર્તાલાપ કર્યો. જમ્યા પછી અગીઆર વાગે રાજાએ મોકલેલી બગીમાં બેસીને સ્વામીજી રાજાની મુલકાતે ગયા. મહારાજા પોતે, તેમના બે ભાઇઓ અને મુખ્ય મુખ્ય અમલદારો વગેરે સ્વામીજીનો સત્કાર કરવા એકત્ર થયા હતા. સ્વામીજીને એક સ્વતંત્ર આસન આપવામાં આવ્યું. શરૂઆતમાં મહારાજાએ સંન્યાસ ધર્મ વિષે પ્રશ્ન કર્યા. સ્વામીજીએ તેનો યોગ્ય ઉત્તર આપ્યો. ત્યાર પછી પ્રસંગ આવતાં તેમણે બહારના આચારની નિષ્ફળતા સિદ્ધ કરી બતાવી. સ્વામીજીએ કહ્યું કે નાના પ્રકારના વહેમમાં બંધાઈ જવાથી આપણે લગભગ સાતસો વર્ષ થયાં વિદેશી પ્રજાનું દાસત્વ કરીએ છીએ. જે ખરેખરાં પાપ છે, જે સર્વ પ્રકારના અનર્થનું મૂળ છે, તે વ્યભિચાર અને એવાં બીજાં કુકર્મ કરનારને કોઇ જ્ઞાતિબહાર મૂકતું નથી. પાપ તો માત્ર હવે ખાવા પીવામાંજ રહ્યું છે. સમુદ્રયાત્રાની વાત નીકળતાં તેમણે કહ્યું કે રામચંદ્ર લંકા ગયા હતા અને હજી પણ વ્યાપાર કરવા માટે ઘણા લોકો બ્રહ્મદેશ, ચીન વગેરે દેશોમાં જાય છે. જો આપણે પરદેશ જઇશું નહિ તો ખરી કેળવણી પ્રાપ્ત કરીશું નહિ. પછી વિલાયત અને અમેરિકામાં ધર્મપ્રચાર કરવાની વાત નીકળી. છેવટમાં ઉપસંહાર કરતાં સ્વામીજીએ કહ્યું કે **સ્વદેશના કલ્યાણમાટે જો નરકમાં જવાની જરૂર પડે તો ત્યાં જવાનું પણ હું પસંદ કરું છું.** લગભગ ત્રણ વાગે વાતચીત પૂરી થઇ. સ્વામીજીની વાતચીતથી મહારાજા પોતે તથા બીજા દરબારીઓ સંતુષ્ટ થયા. બગીમાં બેસી પોતાને મુકામે પાછા આવ્યા. થોડી વાર આરામ લીધા પછી વડા રાજકુમારને મળવા માટે બીજા રાજભવનમાં ગયા. સ્વામીજીની ગાડી દરવાજા આગળ આવી પહોંચતાંજ રાજકુમારે પ્રણામ કરીને યોગ્ય સન્માન આપ્યું. ત્યાં પણ ખુબ વાતચીત થઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩ મી ઑક્ટોબર, જમ્મુ. સવારમાં મળવા આવેલા લોકો સાથે વાતચીત કરી. જમ્યા પછી સ્વામીજી રાજ્યના મુખ્ય અમલદાર ભાગરાયને મળવા ગયા; સાથે મહેશ બાબુ હતા. દોઢ વાગે પાછા આવ્યા. બાર પછી ટપાલમાં આવેલા કાગળો વાંચવા બેઠા. એવામાં શિયાલકોટના ગૃહસ્થો સ્વામીજીને ત્યાં આવવાનું નિમંત્રણ કરવા માટે ત્યાંના એક ઇંજિનેર તથા બીજા કેટલાક જણને લઇને આવી પહોંચ્યા. સ્વામીજીએ ઝડપથી કાગળો વાંચી લઇને તેમની સાથે વાતચીત કરી. તેઓ અઢી કલાક વાત કર્યા પછી ઘણાજ પ્રસન્ન થઇને ગયા. ત્યાર પછી મહેશ બાબુ અને તેમના તાબાના બે અમલદારો આવ્યા. આજે સ્વામીજીનું ભાષણ હતું તેઓ ત્યાં જવા તૈયાર થયા. ભાષણ આપ્યા પછી મુકામ પર ચાલતા આવ્યા. જમતાં સુધી બંગાળીઓ સાથે વાર્તાલાપ કર્યો.

જમ્મુના મહારાજાએ આવતી કાલે સ્વામીજીને ભાષણ આપવાની વાત કરી હતી. તેમણે એટલે સુધી કહ્યું કે જ્યાં સુધી તમે જમ્મુ રહો ત્યાં સુધી એક એક દિવસ આરામ લઇને આંતરે દિવસે ભાષણ આપતા રહો. સ્વામીજીને તેમણે દસ બાર દિવસ રહેવા અત્યંત આગ્રહ કર્યો હતો.

૨૪ મી ઑક્ટોબર, જમ્મુ. બીજે દિવસે સવારે સ્વામીજી નદી જોવા ગયા. ત્યાં વોટર વર્કર્સ જોયાં. મુકામ પર આવ્યા પછી લોકોનું સંદેહસમાધાન કર્યું. જમ્યા પછી થોડી વાર આરામ લીધો અને સંગીત કર્યું. સાંજ પડયા પછી ગાડીમાં બેસીને દિવાળી જોવા ગયા. ત્યાંથી મુકામ પર ન જતાં મહેશ બાબુને ઘેર ગયા. ત્યાંથી ઘેર આવ્યા પછી એક બંગાળી શિક્ષક અને અચ્યુતાનંદ સાથે આર્ય સમાજના કેટલાક ભેદવિષે ચર્ચા કરી.

આજે પણ સ્વામીજીનું વ્યાખ્યાન હતું. ત્યાં એકત્ર થયેલા પંડિતો અને બીજા ગૃહસ્થોની સાથે ધર્મવિષયક ચર્ચા કરી. હજી મહારાજા આવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હતા તેથી તેમની રાહ જોવાતી હતી; પણ અમુક અડચણને લીધે તેઓ આવી ન શકવાથી સાડા પાંચ વાગે વ્યાખ્યાનનો આરંભ થયો. વેદથી આરંભીને પુરાણ સુધીનાં તમામ શાસ્ત્રો વિષે ચર્ચા કરીને ભક્તિ અને હાસ્યરસયુક્ત સુંદર વ્યાખ્યાન કર્યું. બે કલાક સુધી વ્યાખ્યાન ચાલ્યું. પછી લાઇબ્રેરીમાં જઇને સ્વામીજી ચાલતા મુકામ પર આવ્યા.

૨૫ મી ઑક્ટોબર, જમ્મુ. સવારમાં સ્વામીજી પગે ચાલીને ફરવા ગયા હતા. ત્યાંથી પાછા આવતાં રાજાની પશુશાળા જોઇ. દર્શને આવેલા લોકોસાથે ધર્મની ગહન બાબતોવિષે ચર્ચા કરી.

૨૮ મી ઑક્ટોબર, જમ્મુ. સવારમાં ફરી આવ્યા પછી મુકામ પર આવીને સમાજનીતિ સંબંધી ગૂઢ તત્ત્વનો ઉપદેશ કર્યો. તેનો સારાંશ એ હતો કે સર્વને ઉપયોગી થઇ પડીએ એવા થવાની જરૂર છે. વંશમત અને ગુણમત જાતિભેદ ઉપર યોગ્યતા અને અધિકારનું ધોરણ રાખવાની જરૂર નથી. પછી ગુણમત અને વંશગત જાતિભેદની તુલના કરી. પહેલા કરતાં બીજાનામાં વિશેષ લાભ છે એમ બતાવ્યું. વંશગત ન્યાતો હોવાથી એક માણસ ગમે તેટલો વિદ્વાન અથવા ધનવાન થાય તો પણ તે પોતાની ન્યાતનાં માણસોનો પરિત્યાગ કરી શકતો નથી; એથી કરીને એના ગુણ અને ધનનો લાભ આખી ન્યાતને મળવાનો સંભવ રહે છે. ગુણથી બંધાયલી ન્યાતોમાં તેમ બની શકતું નથી. પછી બેકનના નીતિતત્ત્વની વાત નીકળી. માન કે યશની તરફ લક્ષ ન રાખતાં પોતાનું કાર્ય કર્યા જવું એ મહાપુરુષનું લક્ષણ છે. મારૂં કહેવું લોકો માને યા ન માને તોપણ મને જે કર્તવ્ય જણાશે તે હું કર્યે જ જઇશ. પછી સ્વામીજીએ પોતાના બાળપણનું દૃષ્ટાંત આપ્યું. તેઓ નાનપણમાં ભંગીઆઓના મોહોલ્લામાં જઇને તેમનો ઉદ્ધાર કરવાની પ્રવૃત્તિ કરતા હતા. આ વાત ચાલતી હતી તે વખતે સ્વામીજીના ખાસ નિકટનાં જ માણસો બેઠાં હતાં. એવામાં લાહોરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગેલિયરનો પત્ર આવ્યો. બીજે દિવસે અહીંથી ઉપડી જવાનો વિચાર સ્વામીજીએ મહેશ બાબુને જણાવ્યો. તેમણે બે ત્રણ દિવસ વધારે રહેવાનો આગ્રહ કર્યો.

પછી ત્રીજે દિવસે સ્વામીજીએ જમ્મુ છોડયું અને સિયાલકોટ ગયા. ત્યાં તેમણે બે ભાષણ આપ્યાં હતાં. એક અંગ્રેજીમાં અને બીજું હિન્દીમાં. હિન્દી વ્યાખ્યાનનો અનુવાદ હવે પછીના પ્રકરણમાં આપવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તિ.

(પંજાબના શિયાલકોટ શહેરમાં આપેલું વ્યાખ્યાન)

જગતમાં જે જે ધર્મ પ્રવર્તે છે તેમની ઉપાસનાની પદ્ધતિ એ બીજાથી જુદી છે તોપણ ખરૂં જોતાં તેમનામાં કશો ભેદ છેજ નહિ. કોઇ કોઇ ઠેકાણે લોકો મંદિર બંધાવે છે અને ત્યાં જઇને ઇશ્વરની ઉપાસના કરે છે, કોઇ ઠેકાણે અગ્નિની ઉપાસના થાય છે, કોઇ ઠેકાણે ઇશ્વરની મૂર્તિનું પૂજન થાય છે અને કેટલાક લોકો ઇશ્વરના અસ્તિત્વને પણ માનતા નથી.

આ પ્રમાણે તેમના સ્વરૂપમાં મતભેદ છે એ વાત સત્ય છે તોપણ જો તમે તેઓનાં શાસ્ત્રોના અસલ શબ્દો, તેમનાં સત્ય સ્વરૂપ અને તેમના દરેક સિદ્ધાંતો નિષ્પક્ષપાતપણે તપાસો તો માલમ પડશે કે તેઓ વાસ્તવિક રીતે ભિન્ન નથી. કેટલાક ધર્મ એવા છે કે તેઓ ઇશ્વરની ઉપાસના કરવાની જરૂર જોતા નથી, એટલેસુધી કે તેઓ ઇશ્વરનું અસ્તિત્વ પણ સ્વીકારતા નથી; પણ ઇશ્વરને ઠેકાણે પવિત્ર સાધુ મહાત્માઓને સાક્ષાત્ ઇશ્વરતુલ્ય ગણીને તેમને એ ધર્મના અનુયાયીઓ પૂજે છે. બૌદ્ધ ધર્મ એ ઉપર કહ્યો તેવાજ પ્રકારનો ધર્મ છે. ભક્તિ તો સર્વ ધર્મની અંદર જોવામાં આવે છે—કોઇ ધર્મમાં ઇશ્વરની તો કોઇ ધર્મમાં મહાપુરુષોની; પરંતુ ભક્તિભાવ વગરનો કોઇ ધર્મ છેજ નહિ. સર્વ ધર્મોમાં ભક્તિદ્વારા ઇશ્વરની ઉપાસના કરવામાં આવે છે. જ્ઞાન કરતાં ભક્તિ સુલભ પણ વધારે છે. જ્ઞાનપ્રાપ્તિ માટે દૃઢ, સતત અભ્યાસ, અનુકૂળ સ્થિતિ વગેરે અનેક બાબતોની જરૂર પડે છે. શરીર સંપૂર્ણ રીતે દૃઢ અને નિરોગી હોય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન વિષયાનુરાગથી પૂરેપૂરૂં મુક્ત ન થયું હોય તો યોગાભ્યાસ થઇ શકતો નથી; પણ ભક્તિ તો ગમે તેવી અવસ્થામાં હરકોઇ માણસ સહેલાઇથી કરી શકે છે. ભક્તિમાર્ગના આચાર્ય શાંડિલ્ય મુનિ કહે છે કે ઇશ્વર પ્રત્યે પરમ અનુરાગનું નામ ભક્તિ છે. પ્રહ્લાદ પણ એવુંજ કહે છે. જેમ કોઇને એક દિવસ ભોજન ન મળે તો તેને અત્યંત પીડા થાય છે અને પુત્રનું મરણ નીપજે તો એથી પણ વધારે તીવ્ર મનોવેદના થાય છે; તેમ જે ભગવાનનો સાચો ભક્ત છે તેનું હૃદય પણ ભગવાનના વિરહથી એજ પ્રમાણે દુઃખથી વિદીર્ણ થઇ જાય છે. ભક્તિમાં મોટો ગુણ એ રહેલો છે કે તેનાથી ચિત્તની શુદ્ધિ થઇ જાય છે. જો ઇશ્વરમાં દૃઢ ભક્તિ થઇ હોય તો કેવળ ભક્તિના પ્રભાવથીજ ચિત્ત શુદ્ધ થઇ જાય છે.

ઇશ્વરનાં નામ અસંખ્ય છે અને તે દરેક નામમાં અનંત શક્તિ ભરેલી છે. દરેક નામમાં ગંભીર તાત્પર્ય રહેલું છે. તે નામ જપવામાં સમય કે સ્થાન, પવિત્રતા કે અપવિત્રતાનો કશાનો વિચાર કરવાની જરૂર નથી. મૃત્યુ જેમ સમય કે સ્થાનનો વિચાર કર્યા વગરજ મનુષ્યને પોતાને સ્વાધીન કરી દે છે તેમ ઇશ્વરનું નામ લેતી વખતે પણ સમય તેમજ સ્થળનો વિચાર કરવાની જરૂર નથી. ગમે તે વખતે, ગમે તે ઠેકાણે, પવિત્ર હોઇએ કે અપવિત્ર હોઇએ તોપણ ઇશ્વરનો નામોચ્ચાર કરવાની છૂટ છે.

જુદા જુદા ભક્તોએ ઇશ્વરને જુદે જુદે નામે ભજ્યો છે પણ એ ભેદ ઉપરઉપરનોજ છે, વાસ્તવિક રીતે કશો ભેદ નથી. કેટલાક એવો દુરાગ્રહ કરે છે કે ભજન સાધન કરવાની અમારી રીતજ વધારે શ્રેયસ્કર છે, તો કેટલાક કહે છે કે અમારી પદ્ધતિ પ્રમાણે ભજન સાધન કરવાથી ટુંક સમયમાં મુક્ત થઇ શકાય છે; પણ એ સર્વનો મળ પાયો જોશો તો જણાશે કે ખરી રીતે બંને એકજ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શૈવો શિવને બીજા બધા દેવ કરતાં વિશેષ શક્તિસંપન્ન માને છે; વૈષ્ણવો કહે છે કે એકલા વિષ્ણુજ સર્વશક્તિમાન છે; શાક્તો કહે છે કે દેવીજ સર્વશ્રેષ્ઠ છે; અને શિવ તથા વિષ્ણુ સુદ્ધાં દેવીની ઉપાસના કરે છે. દરેક જણનો આવો દુરાગ્રહ છે, પણ જો તમારે સ્થાયી ભક્તિ પ્રાપ્ત કરવી હોય તો આવા પ્રકારના દ્વેષનો એકદમ ત્યાગજ કરજો. જે દ્વેષભાવ છોડશે તેનેજ ઈશ્વરની પ્રાપ્તિ થશે. દ્વેષભાવવડે ભક્તિનો પ્રવાહ એકદમ અટકી જાય છે. અલબત્ત સર્વ દેવો ઉપર સમભાવ રાખવો પણ ભક્તિ તો એક ઇષ્ટ દેવની જ કરવી. ભક્તવીર હનુમાન કહે છે કે:—

श्रीनाथे जानकीनाथे अभेदः परमात्मनि ॥
तथापि मम सर्वस्वो रामः कमललोचनः ॥

"હું જાણું છું કે સીતાપતિ અને લક્ષ્મીપતિ વચ્ચે વાસ્તવિક રીતે કશો ભેદ છેજ નહિ; છતાં પણ કમલલોચન શ્રી રામજ મારૂં સર્વસ્વ છે." અમુક ભાવ અથવા સંસ્કાર મનુષ્યને જન્મથીજ પ્રાપ્ત થએલા હોય છે અને તે મનુષ્ય માત્રમાં ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. મનુષ્ય કોઇ દિવસ પોતાના તે સંસ્કારોનું એટલે કે પોતાની મૂળ પ્રકૃતિનું ઉલ્લંઘન કરી શકતો નથી. આખા જગતમાં એક ધર્મ પ્રવર્તાવવાનું કાર્ય અસંભવિત છે તેનું આ પણ એક કારણ છે. હું તો ઈશ્વર પાસે એમજ માગું છું કે જગત કદિ પણ એક ધર્મને માનતું ન થાઓ ! તેમ કરવા જતાં જગતમાં સમતા અને સંવાદને ઠેકાણે દુર્વ્યવસ્થા અને વિસંવાદ ઉભા થશે; માટે દરેક મનુષ્યને તેની પ્રકૃતિ પ્રમાણેજ ચાલવા દો. જો તેને યોગ્ય ગુરૂ મળી જશે તો તે તેના સંસ્કારની પરીક્ષા કરીને તેનો વિશેષ વિકાસ કરવાને જરૂરનો ઉપદેશ આપશે એટલે તે પોતાની ઉન્નતિ કરી શકશે. તેને તો પોતાના ભાવનો જ વિકાસ કરવાની જરૂર છે. જે મનુષ્યને જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ગે જવાની ઇચ્છા હોય તેને તે માર્ગે જવા દેવો. જો તમે તેને બીજે માર્ગે ખેંચી જશો તો તેણે જે થોડું ઘણું સાધન કર્યું હશે તે પણ ગુમાવી બેસશે; અને કર્મભ્રષ્ટ થઇ જશે. જેમ એક માણસનો ચહેરો બીજા માણસના ચહેરાને મળતો નથી આવતો તેમ એક માણસની પ્રકૃતિનો બીજા માણસની પ્રકૃતિ સાથે મેળ બેસતો નથી. ત્યારે શા-માટે દરેક જણને પોતપોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તન કરતાં અટકાવવો જોઇએ ? એક નદી ચોક્કસ દિશામાં વહેતી હોય છે. હવે જો તેના પ્રવાહને એજ દિશાએ ખોદેલી નહેરમાં વાળશો તો તેના પ્રવાહનો વેગ વિશેષ પ્રબળ થશે અને જો એના પ્રવાહની દિશાથી ઉલટી બાજુએ નહેર ખોદીને તેમાં તેનું પાણી વાળીશું તો તેનો પ્રવાહ ક્ષીણ થઇ જશે અને વેગ પણ અત્યંત મંદ પડી જશે. આપણા જીવનનો હેતુ એક અત્યંત અગત્યનું કાર્ય બજાવવાનો હોવાથી જીવનના પ્રવાહને પણ તેના સંસ્કારને અનુસરતી યોગ્ય દિશામાં વાળવો જોઇએ. જે દેશમાં લોકોને એક જ ધર્મ તરફ વાળવાનો પ્રયાસ કરવામાં આવે છે તે દેશ ધીમે ધીમે ધર્મહીનજ થઇ જાય છે. ભરતખંડમાં કદિ પણ તેવો પ્રયાસ કરવામાં આવ્યો નથી. જુદા જુદા ધર્મ વચ્ચે કદિ કલહ ચાલતો જ નહિ; દરેક જણ પૂર્ણ સ્વતંત્રતાથી પોતપોતાના ધર્મનું અનુસરણ કરતો હતો. માટે જ અહીંઆ આજ સુધી સત્ય ધર્મની ભાવના જાગૃત રહી છે, અહીં એટલું સ્મરણમાં રાખવાનું છે કે જ્યારે એક ધર્મના લોકો એમ માની બેસે છે, કે સત્યની ચાવી અમે એકલાએજ પ્રાપ્ત કરી છે, અને બીજા જેઓ અમારૂં કથન અસત્ય માને છે તે બધા મૂર્ખ છે; ત્યારે બીજા ધર્મના લોકો તેમને એમજ કહેશે કે તમે જ ઢોંગી છો, આવા પ્રકારનો વ્યવહાર જે દેશના લોકો એક બીજા પ્રત્યે રાખે છે ત્યાંજ ધર્મને માટે કલહ ઉત્પન્ન થાય છે.

જો ઇશ્વરની ઇચ્છા એવી જ હોય કે બધા માણસો માત્ર એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ ધર્મનું પાલન કરે તો જુદા જુદા ધર્મની ઉત્પત્તિ થઇજ શા માટે? તમે શું સર્વ શક્તિમાન્ ઇશ્વરની ઇચ્છાવિરૂદ્ધ કાર્ય કરવાને સમર્થ છો? સર્વ મનુષ્યોને એક ધર્મ તરફ વાળવા માટે સેંકડોવાર પ્રયત્ન થઇ ચૂકયા છે અને તરેહ તરેહના ઉપાયો યોજવામાં આવ્યા છે, પણ તે સઘળા ફોગટજ ગયા છે. સઘળા માણસોને બળાત્કારે એક ધર્મ પાળતા કરવામાટે તલવારનો પણ ઉપયોગ થયો; પરંતુ ઇતિહાસ સાક્ષી પૂરે છે કે એવે પ્રસંગે એકને ઠેકાણે દસ નવા ધર્મ ઉત્પન્ન થયા હતા. આખા જગતનેમાટે એક ધર્મ કદિપણ ચાલી શકે જ નહિ. ક્રિયા અને પ્રતિક્રિયા(action and reaction)ની ભિન્ન શક્તિઓ જે મનુષ્યના મનમાં વિચારનો વ્યાપાર ચલાવે છે તેનાવડેજ જાતિસ્વભાવનું બંધારણ થાય છે. જો આ શક્તિઓની અસર મનુષ્યના મન ઉપર ન થતી હોય તો તેની વિચારશક્તિનો નાશ થાય છે અને વિચાર શક્તિ નષ્ટ થતાં તે પશુવત્ જ બની જાય છે. કારણ કે મનુષ્ય શબ્દનો અર્થજ વિચાર કરનાર પ્રાણી થાય છે. નિશ્ચેતન મનુષ્યત્વ કોઇને પ્રિય હોતું નથી. ઇશ્વર કરે અને એવી અવસ્થા ભારતવાસીઓની ન થાય !

મનુષ્યમાં મનુષ્યત્વ જાળવી રાખવા માટે એકત્વની અંદર વિવિધતાનું સંમિલન કરવાનું પ્રયોજન છે. દરેક વિષયમાં વિવિધતા જાળવવાની બહુજ જરૂર છે, કારણ કે જ્યાં સુધી વિવિધતા છે ત્યાં સુધી જ જગતનું પણ આસ્તિત્વ છે. વિવિધતાનો અર્થ અમુક માણસો નીચા દરજ્જાનાં અને અમુક માણસો ઉંચા દરજ્જાના એવો કરવાનો નથી. બધા માણસોની પદવી સમાન રહે છતાં પણ વિવિધતાને ક્ષતિ ન પહોંચે. દરેક પોતપોતાના આશ્રમ અને અધિકારને લગતાં કાર્ય ઉત્તમ રીતે બજાવે તો સમાન હક્કના સિદ્ધાંતને ક્ષતિ ન પહોંચતાં વિવિધતા સચવાય. દરેક ધર્મમાં થોડા ઘણા સારા અને સમર્થ માણસો હોય છેજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેમનેલીધે જ તેમનો ધર્મ જગતમાં પ્રતિષ્ઠા ભોગવે છે. આ પ્રમાણે જ્યારે દરેક ધર્મ એવાં ઉત્તમ પ્રકારનાં મનુષ્યો ઉત્પન્ન કરી શકે છે ત્યારે તેમનામાં ઉત્તમ તત્ત્વો હોવાં જ જોઇએ; અને તેથી કરીને કોઇ પણ ધર્મ તરફ તિરસ્કાર રાખવો એ અયોગ્ય જ છે.

હવે પ્રશ્ન એ થાય છે કે જે ધર્મમાં પાપાચરણને ઉત્તેજન અપાતું હોય તે ધર્મને સન્માન આપવું કે નહિ ? એના જવાબમાં ચોખ્ખી "ના" સિવાય બીજું શું કહી શકાય ? એવા ધર્મને જેમ બને તેમ જલદીથી તિલાંજલિ આપવી જોઇએ કેમ કે એનાથી લોકોનું શ્રેય ન થતાં ઉલટું અકલ્યાણ થવાનો સંભવ છે. દરેક ધર્મનો મૂળ પાયો નીતિના ઉંચા ધોરણ ઉપર રચાવો જોઇએ અને સદાચારને વધારે અગત્યનું સ્થાન અપાવું જોઇએ. **आचारो प्रथमो धर्मः** અત્ર કહેવાની જરૂર પડે છે કે "આચાર" શબ્દનો ખરો અર્થ બહારની તેમજ અંતરની પવિત્રતા એવો થાય છે. બહારની શુદ્ધિ જલસ્નાનથી તથા શાસ્ત્રમાં જણાવેલા બીજા× કેટલાક પદાર્થોના સંયોગથી થઈ શકે છે. અંતરની શુદ્ધિને માટે સત્ય વચન બોલવું જોઇએ, મદ્ય માંસ વગેરે ભ્રષ્ટ ખાન-પાનનો ત્યાગ કરવો જોઇએ, અનીતિમાન કૃત્યોથી દૂર રહેવું જોઇએ, અને તેની સાથે પરોપકાર પણ કરવો જોઇએ. જો કોઇ મનુષ્ય પાપાચરણ ન કરે, અસત્ય ન બોલે, મદિરાપાન કે માંસભક્ષણ ન કરે, ચોરી ન કરે અને જુગાર ન રમે, તો એમાં તે પોતાના કર્તવ્ય ઉપરાંત વિશેષ કાંઇજ કરતો નથી. એવાં કાર્ય ન કરવાં એ તો આપણી સૌની ફરજજ છે. એથી કરીને કાંઇ આપણે પ્રશંસાને પાત્ર થતા નથી; પરંતુ એ ઉપરાંત પરોપકાર કરવાની પણ જરૂર છે. જેમ આપણે પોતાના હિતને માટે પરિશ્રમ કરીએ છીએ તેમ બીજાનાં સુખને માટે, બીજાનાં કલ્યાણને માટે પણ આપણે પરિશ્રમ કરવો જોઇએ.

× ગોમૂત્ર વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં " ખોરાક " ના સંબંધમાં કાંઈક કહેવાની આવશ્યકતા જણાય છે. ખોરાક વિષેની તમામ પ્રાચીન વિધિઓનું પૂરેપૂરૂં વિસ્મરણ થઇ ગયું છે અને આની સાથે બેસીને ખવાય અને આની સાથે બેસીને ન ખવાય એવી ઝાંખી, અસ્પષ્ટ ભાવના સિવાય બીજું કશુંજ આપણ લોકોમાં રહ્યું નથી. સેંકડો વર્ષપર પવિત્રતામાટે જે સુંદર અને મનન કરવા યોગ્ય નિયમોની ઇમારત ઋષિ મુનિઓએ રચી હતી તેમનાં માત્ર ખંડેરજ હવે રહ્યાં છે. હવે પવિત્રતા માત્ર સ્પર્શાસ્પર્શના વિચારમાંજ આવી ગઇ છે. શાસ્ત્રમાં આહારના સંબંધમાં ત્રણ પ્રકારના દોષ ગણાવ્યા છે અને તેવો આહાર લેવાનો નિષેધ કર્યો છે. (૧) **જાતિદોષ**–જે પદાર્થો જાતેજ અશુદ્ધ છે જેમકે લસણ, કાંદા વગેરે. એવા પદાર્થોનો આહાર કરનારને **જાતિદુષ્ટ** પદાર્થનો આહાર કર્યાનો દોષ લાગે છે. એવા પદાર્થો અધિક પ્રમાણમાં ખાવાથી કામ, ક્રોધ વગેરે તામસિક વૃત્તિઓ પ્રબળ થાય છે, અનીતિમાન આચરણ તરફ મનનું વલણ થાય છે અને ઈશ્વર અને મનુષ્ય બેઉની દૃષ્ટિએ નિંદાને પાત્ર એવાં કુકર્મ કરવા તરફ તે પ્રેરાય છે. (૨) **નિમિત્તદોષ**–એંઠવાડ, કચરો અને જીવડાં હોય એવી જગ્યાએ બેસીને જમવું અથવા મેલાં વાસણમાં જમવું એ બીજા પ્રકારનો દોષ છે; માટે જમવા બેસવાની જગ્યા ઘણીજ સ્વચ્છ અને પવિત્ર રાખવી જોઇએ. (૩) **આશ્રયદોષ**–અપવિત્ર માણસે સ્પર્શ કરેલા અન્નનો ત્યાગ કરવો, કારણ કે એવા અન્નનો આહાર કર્યાથી મનમાં અપવિત્ર વિચાર પેદા થાય છે અને તેટલામાટે બ્રાહ્મણ છતાં પણ જો તે વ્યભિચારી અથવા દુરાચારી હોય તો તેના હાથનું અન્ન પણ લેવું જોઇએ નહિ.

પણ આ નિયમોનું તાત્પર્ય માર્યું ગયું છે અને હવે તો માત્ર એટલુંજ રહ્યું છે કે બ્રાહ્મણોથી બ્રાહ્મણ સિવાય અન્ય વર્ણનું અન્ન ખવાયજ નહિ. અન્ય વર્ણનો માણસ ગમે તેવો જ્ઞાની અને સાત્વિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો પણ તે બ્રાહ્મણ નહિ હોવાથી તેનું અન્ન અપવિત્ર મનાય છે. શાસ્ત્રના નિયમોના ચોખ્ખા ઉલ્લંઘનનું દૃષ્ટાંત જોવું હોય તો મિઠાઇવાળાની દુકાને જઇને જુઓ. ચારે બાજુએ માખીઓ ભમણુતી હોય છે અને થાળીમાં મૂકેલી મિઠાઇ ઉપર બેઠેલી હોય છે; રસ્તાની ધૂળ ઉડી ઉડીને મિઠાઇ ઉપર તેનું પડ બાઝેલું હોય છે; અને મિઠાઇવાળાનાં કપડાં પણ એવાં સ્વચ્છ હોય છે કે તે જોતાંજ સૂગ આવે અને અડકતાં હાથે મેલ ચોંટે. શામાટે બધા ગ્રાહકો એકઠા થઇને મિઠાઇવાળાને કહેતા નથી કે જો કાચના કબાટમાં મિઠાઇ નહિ રાખે તો અમે તારી દુકાનેથી કોઇપણ ચીજ લઇશું નહિ. આમ કરવાથી ખોરાકની ચીજો અપવિત્ર નહિ થાય અને માખી તથા ધૂળદ્વારા પ્લેગ, કૉલેરા વગેરે રોગોનાં જંતુઓનો ઉપદ્રવ થાય છે તે ઓછો થઇ જશે. અસલ વસ્તી થોડી હતી તેથી કરીને જે નિયમો અસલ ઘડાયા હતા તેમનાવડે સમાજનો વ્યવહાર ચાલતો હતો. હવે વસ્તી વધી ગઇ છે તથા બીજા અનેક પ્રકારના ફેરફાર થઇ ગયા છે; માટે બધી બાબતોમાં નવા સંજોગોને ધ્યાનમાં લઇને આપણે ઉત્કૃષ્ટ નિયમોની રચના કરવી જોઇએ; પણ આપણે તો ઉન્નતિ કરવાને બદલે ઉલટા ધીરેધીરે અવનત થતા જઇએ છીએ. મનુ ભગવાન કહે છે કે પાણીમાં થુંકવું નહિ પણ આપણે હાલ શું કરીએ છીએ? આપણે તો નદીમાં તરેહ તરેહના મલિન પદાર્થો નાખીએ છીએ. આટલા ઉપરથી તમને સ્પષ્ટ રીતે સમજાયું હશે કે બાહ્ય શૌચની બહુ અગત્ય છે, શાસ્ત્રકારોને તેની સારી પેઠે ખબર હતી; પણ હાલ તો શુચિ અને અશુચિના વિચારનો મૂળ ઉદ્દેશજ માર્યો જાય છે. માત્ર શબ્દોજ રહ્યા છે અને શબ્દાર્થ અથવા શબ્દના અસલી ભાવનો લોપ થઇ ગયો છે. ચોર, વ્યભિચારી, દારૂડીઆ અને જેલની યાત્રા કરી આવેલા બદમાશોને ન્યાતીલા ગણીને તેમને પોતાની સાથે જમવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસાડતાં અટકાવ નથી; પણ કોઇ ઉંચી ન્યાતનો માણસ જરા નીચી ન્યાતવાળા સાથે જમે તો તરતજ તેને આપણે ન્યાતિ બહાર મૂકી દઇએ છીએ અને તેને સદાને માટે પતિત થએલોજ માનીએ છીએ. આવા પ્રકારની નીતિથી આપણા દેશનું અત્યંત અકલ્યાણ થયું છે; માટે તમારે સર્વને સ્પષ્ટપણે સમજી લેવું કે પાપીના સંસર્ગથી પાપી થવાય છે અને સાધુપુરુષના સંસર્ગથી પવિત્ર થવાય છે, અને તેટલા માટે અયોગ્ય સંગતિથી દૂર રહેવું એજ ખરેખરી બાહ્ય શુદ્ધિ છે. અંતરની શુદ્ધિ એના કરતાં પણ વિશેષ કઠિન છે. અંતરની શુદ્ધિ કરવા માટે સત્ય વચન, દરિદ્રને સહાય અને રોગી, દુઃખી મનુષ્યોની સેવા બરદાસ્ત કરવાની જરૂર છે.

શું આપણે હમેશ સત્ય બોલીએ છીએ? લોકો પોતાના ધંધાને અર્થે ધનવાન માણસો પાસે જાય છે અને તેને પ્રસન્ન કરવાને માટે એક હજાર પ્રકારનાં અસત્ય વચનો બોલે છે. તેને પરમ દયાળુ, ગરીબોનો બેલી એવાં એવાં વિશેષણો આપે છે; પણ ખરી રીતે તો તે ધનવાન એવો નીચ સ્વભાવનો હોય છે કે એક ગરીબ માણસને ગળે છરી મૂકતાં પણ તે ડરતો નથી. આ શું કહેવાય? હડહડતું જુઠું! આવાં સત્ય વચન બોલવાના અભ્યાસથી મન નિર્બળ અને ભ્રષ્ટ થઇ જાય છે; એટલા માટે જ શાસ્ત્રમાં કહ્યું છે કે જે માણસ બાર વર્ષ સુધી પોતાના મનમાં એક પણ અપવિત્ર વિચાર આવવા ન દઇને અને સત્ય વચન બોલીને અંતઃકરણને શુદ્ધ કરે છે તેને વાક્‌સિદ્ધિ પ્રાપ્ત થાય છે એટલે તે જે બોલે તે પ્રમાણેજ ફળ થાય છે. સત્ય ભાષણમાં આવી અમોઘ શક્તિ રહેલી છે. જે માણસ અંતર અને બાહ્ય ઉભય શૌચ સિદ્ધ કરે છે તે જ ભક્તિનો અધિકારી થાય છે, પણ ભક્તિની ખૂબી એ છે કે ભક્તિ કરતાં કરતાં જ ચિત્ત ઘણે દરજ્જે શુદ્ધ થઇ જાય છે. તમે દરેક ધર્મનું અવલોકન કરી જાઓ તો જણાશે કે દરેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મમાં ભક્તિને મુખ્ય ગણેલી છે અને બાહ્ય અને અંતરની પવિત્રતાને જરૂરની ગણી છે. જો કે યાહુદીઓ, મુસલમાનો અને ખ્રિસ્તીઓ, હિન્દુઓના જેટલી બાહ્ય શૌચની અગત્ય સમજતા નથી; તોપણ તેમના ધર્મમાં પણ કોઇ ને કોઇ પ્રકારે બાહ્ય શૌચનું થોડું ઘણું પાલન થાય છેજ. આ ઉપરથી માલમ પડશે કે બાહ્ય શૌચની જરૂર તો છેજ.

યાહુદી લોકોના ધર્મમાં મૂર્તિપૂજાનો નિષેધ છે; તો પણ તેમનું અસલ એક મંદિર હતું. તે મંદિરમાં એક પેટી રાખવામાં આવતી. તેને તેઓ " આર્ક " (ark) કહેતા. એ પેટીની અંદર મુસા પયગંબરે પ્રગટ કરેલા " દશ ઇશ્વિરાદેશ " સાચવી રાખવામાં આવતા હતા, એ પેટીની ઉપર પહોળી પાંખ કરીને બેઠેલા બે ફિરસ્તાઓની મૂર્તિઓ બેસાડેલી હતી. એ બે ફિરસ્તાઓની વચ્ચેના ભાગમાં એક વાદળાના રૂપમાં ઇશ્વિરનો આવિર્ભાવ થતો હતો એવી એ લોકોની માન્યતા હતી. એ મંદિર ઘણા સમયથી નષ્ટ થઇ ગયું છે તો પણ જે નવાં મંદિર બંધાય છે તે પણ એજ પ્રાચીન ધોરણે બંધાય છે અને અસલની માફકજ પેટીની અંદર ધર્મનાં પુસ્તકો રાખવામાં આવે છે. રોમન કૅથોલિક અને ગ્રીક સંપ્રદાયના ખ્રિસ્તીઓ અમુક પ્રકારનું મૂર્તિપૂજન કરે છે. તેઓ જીસસ ક્રાઇસ્ટ અને તેની માતા મેરીની પ્રતિમાઓનું પૂજન કર છે. પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓમાં મૂર્તિપૂજન નથી તો પણ તેઓ ઇશ્વિરને ગુણ અને ઉપાધિયુક્ત વ્યક્તિ માનીને તેની ઉપાસના કરે છે, જે મૂર્તિપૂજાનું એક રૂપાંતરજ છે. પારસી અને ઇરાનીઓમાં અગ્નિનું પૂજન કરવાનો રિવાજ છે. મુસલમાન લોકો તેમનાં પયગંબર નબી ઇ૦ સાધુ મહાત્માઓને પૂજે છે અને નિમાજ પઢતી વખતે કાબા તરફ મોં રાખે છે. આ બધી બાબતો શું સાબિત કરે છે ? ધર્મસાધનની શરૂઆતની સ્થિતિમાં લોકોને કોઇ ને કોઇ બાહ્ય પદાર્થની સહાય લેવી પડે છે. એમ કરતાં કરતાં ચિત્ત શુદ્ધ થાય ત્યારે વધારે ને વધારે સૂક્ષ્મ બાબતો સમજવાને તેઓમાં સામર્થ્ય આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

उत्तमो ब्रह्मसद्भावो ध्यानभावस्तु मध्यमः ॥
स्तुतिजपोऽधमो भावो बाह्यपूजाधमाधमा ॥

" સર્વત્ર બ્રહ્મનું દર્શન થાય એ સર્વોત્તમ છે; ધ્યાન મધ્યમ છે; સ્તુતિ અને જપ કનિષ્ઠ છે; અને બાહ્યપૂજા તેથી પણ કનિષ્ઠ છે." તો પણ એટલું બરાબર સ્મરણમાં રાખવું કે ચોથા દરજ્જાનું સાધન જે બાહ્ય પૂજા છે તે કરવામાં પણ પાપ તો નથીજ. જેનાથી જે થઇ શકે તે તેણે કરવું જોઇએ; અને જો તેને પોતાના માર્ગથી ચ્યુત કરવામાં આવશે તો તે પોતાના કલ્યાણને માટે, મનોરથની સિદ્ધિને માટે બીજા રૂપમાં પણ એનીએ બાહ્ય પૂજાજ કરશે. માટે જેઓ મૂર્તિપૂજાન કરે છે તેમની નિંદા કરવી, અથવા તેમના ઉપર આક્ષેપ કરવા એ અયોગ્ય છે. ઉન્નતિની જે ભૂમિકા ઉપર તેઓ અત્યારે છે તે ભૂમિકાની જરૂરીયાતને અનુસરીને તેમના મનનું વલણ મૂર્તિપૂજા તરફ થાય એ સ્વાભાવિક છે. જેઓ પોતે જ્ઞાની છે તેમણે એવા માણસોનો અધિક વિકાસ થાય, અને તેઓ ઉન્નતિના માર્ગે વિશેષ પ્રગતિ કરે એવા ઉપાય યોજવા જોઇએ. તેમની પાસે દિવસે દિવસે વધારે સારાં કામ કરાવવાં જોઇએ. અમુક પ્રકારની ઉપાસના કરવાની રીત સારી છે અને અમુક અધમ અને દૂષિત છે એવી મિથ્યા તકરાર કરવાથી કાંઇ ફળ નથી.

પરા ભક્તિ પ્રાપ્ત થયા પછી આત્મા દેહથી વિમુક્ત થઈ જાય છે. એટલે કે એવા ઉત્તમ કોટિના ભક્તનો આત્મા દેહમાં રહેલો છતાં ×દેહાત્મભાવથી મુક્ત થઇને જીવન્મુક્ત અવસ્થા પ્રાપ્ત કરે છે. કેટલાક

+ આ સિદ્ધાંત સમજાવવા માટે રામકૃષ્ણ પરમહંસ નાળીએરનું ઉદાહરણ આપે છે. લીલા નાળીએરમાં કાચલાની સાથે કોપરૂં વળગેલું હોય છે તેમ સાધારણ મનુષ્યનો આત્મા દેહની સાથે દૃઢ વળગેલો હોય છે પણ રસ સૂકાઈ જતાં અંદરનું કોપરૂં કાચલાથી ફૂટું પડી જાય છે અને ખડખડયા કરે છે. એવા નાળીએરને ગોટો કહે છે. કોપરૂં અંદર છતાં કાચલાથી જુદું થઈ જાય છે. જીવન્મુક્તની એવી સ્થિતિ છે. ભા. ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો ધનપ્રાપ્તિની આશાએ, કેટલાક પુત્રપ્રાપ્તિની આશાએ એમ ઘણા માણસો અમુક કામનાની સિદ્ધિને અર્થે ઈશ્વરની ઉપાસના કરે છે, અને જાણે પોતે પરમ ભક્ત હોય તેવો ડોળ કરે છે; પણ તેમની ભક્તિ એ ખરી ભક્તિ નથી અને તેઓ સાચા ભક્ત પણ નથી. જો કોઇ તેમને આવીને કહે કે ફલાણે ઠેકાણે એક બાવો આવ્યો છે તે તાંબાનું સોનું કરી આપે છે, તો તરત તેની પાસે દોડી જાય છે; છતાં તેઓ કહેવડાવે છે કે અમે મોટા ભક્ત છીએ. પુત્રની પ્રાપ્તિમાટે, ધનપ્રાપ્તિમાટે, સ્વર્ગપ્રાપ્તિને માટે અથવા નરકના ભયમાંથી બચવાને માટે, એવા કોઈ પણ હેતુથી ઈશ્વરની ઉપાસના કરી હોય તો તે ભક્તિ કહેવાયજ નહિ. નરકના ભયથી અથવા સ્વર્ગની કામનાથી કદિ પણ શુદ્ધ ભક્તિનો ઉદય થતોજ નથી. જે સાચો ભક્ત છે તે તો ઈશ્વરને એમજ કહે છે કે,

न धनं न जनं न सुन्दरीं कवितां वा जगदीश कामये॥
मम जन्मनि जन्मनीश्वरे भवताद्भक्तिरहैतुकी त्वयि ॥

"હે જગદીશ્વર ! હું ધન, સગાં, સુંદર સ્ત્રી, વિદ્વત્તા એમાંનું કાંઈ પણ ઇચ્છતો નથી. માત્ર જન્મોજન્મ તમારી **અહૈતુકી ભક્તિજ** માગું છું" જ્યારે ભક્ત આ અવસ્થાએ પહોંચે, જ્યારે સર્વ વસ્તુમાં ઈશ્વરનું દર્શન કરે અને ઈશ્વરમાં સર્વ વસ્તુનું દર્શન કરે ત્યારે જ તેણે પૂર્ણ ભક્તિ કરી કહેવાય. જ્યારે તે બ્રહ્માથી ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુ સુધીના તમામ પ્રાણીઓમાં ઈશ્વરના સ્વરૂપનું દર્શન કરી શકે છે, જ્યારે તેને પદાર્થમાત્રમાં ઈશ્વર સિવાય બીજું દેખાતું નથી, ત્યારેજ, માત્ર ત્યારેજ તે પોતાને અત્યંત અધમ માનીને સાચા ભક્તના ભાવથી ઈશ્વરની ઉપાસના કરે છે. એવી અવસ્થા થયા પછી તેને બહારની ક્રિયાઓ, તીર્થયાત્રાઓ કશાની અપેક્ષા રહેતી નથી. તેને મનુષ્ય માત્ર ખરેખરા દેવમંદિરતુલ્ય દેખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણાં શાસ્ત્રોમાં ભક્તિનાં અનેક પ્રકારનાં સ્વરૂપ વર્ણવ્યાં છે; પણ જ્યાં સુધી આપણું હૃદય ભક્તિ પ્રાપ્ત કરવાને ખરેખરૂં આકુળ-વ્યાકુળ ન થઇ જાય ત્યાં સુધી આપણે ભક્તિના કોઇ પણ પ્રકારનું ખરૂં રહસ્ય હૃદયમાં ધારણ કરવાને યોગ્ય હોતા નથી. દાખલા તરીકે આપણે ઈશ્વરને પિતા કહીએ છીએ. તેને પિતા કહેવાનું કારણ શું? "પિતા" શબ્દ જે અર્થમાં સામાન્ય રીતે વપરાય છે તે અર્થમાં તે કદિ પણ ઈશ્વરને લાગુ પાડી શકાય નહિ. ઈશ્વરને માતા કહેવામાં પણ એવાજ પ્રકારનો વાંધો છે; પણ આપણે એ બેઉ શબ્દનું ખરૂં તાત્પર્ય વિચારીએ તો જણાશે કે ઈશ્વરને પિતા અથવા માતા કહેવામાં પૂર્ણ યથાર્થતા રહેલી છે. એ બેઉ નામ અત્યંત પ્રેમસૂચક છે. સાચા ભક્તનું હૃદય ઈશ્વરપ્રેમથી છલોછલ ભરાયલું હોય છે તેથી તેને પિતા અથવા માતાનું સંબોધન કર્યા વગર તેનાથી રહેવાતુંજ નથી. રાસલીલામાં રાધા અને કૃષ્ણની કથાવિષે વિચાર કરો. એ કથામાં પરમ ભક્તના હૃદયના સાચા ભક્તિભાવનું વર્ણન કરેલું છે, કારણ કે સંસારમાં સ્ત્રી-પુરૂષના પ્રેમ કરતાં વધારે ગાઢ પ્રેમ કોઇ પણ ઠેકાણે જોવામાં આવતો નથી. જ્યાં પ્રેમ ઘણોજ વિશુદ્ધ અને ગાઢ છે ત્યાં કોઇ પણ જાતનો ભય નથી, કોઇ પણ પ્રકારની વાસના નથી તેમજ બીજા કોઇ પણ પદાર્થપર આસક્તિ રહેતી નથી. માત્ર એક અચ્છેદ્ય, અચળ બંધનથી બંધાયલાં પ્રેમીનાં યુગ્મ સનાતન ગ્રંથિથી સંલગ્ન થઇને તન્મય થઇ જાય છે. માબાપ પ્રત્યે સંતાનનો પ્રેમ તો છેજ, પણ એ પ્રેમની સાથે કાંઇક ભય પણ મિશ્રિત થએલો હોય છે; કારણ કે બાળક માતાપિતા પ્રત્યે કાંઇક ભય અને કાંઇક માનથી જુએ છે. માતા કરતાં પિતા પ્રત્યે ભય અને માનનો અંશ વિશેષ છે; પરંતુ ખરો ભક્ત તો માત્ર ઈશ્વરના પ્રેમમાંજ તલ્લીન થઇ જાય છે. ઈશ્વરે સૃષ્ટિ ઉત્પન્ન કરી હોય યા ન કરી હોય, તે આપણું સંરક્ષણ કરતો હોય યા ન કરતો હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બધું જાણવાની આપણને શી જરૂર છે ? તે તો આપણો પ્રાણાધાર પ્રિયતમ, આરાધ્ય દેવતા છે, માટે હૃદયમાં લેશ પણ ભય રાખ્યા વગર ઇશ્વરને અત્યંત નિકટનો સ્વજન માનીને તેની ઉપાસના કરવી જોઇએ. જ્યારે મનુષ્યના હૃદયમાંથી તમામ વાસનાઓ નિર્મૂળ થઇ જાય, જ્યારે તેને કોઇ પણ પદાર્થનો વિચાર ન આવે ત્યારે તે ઇશ્વરને માટે ઉન્મત્ત બની જાય છે. ત્યારેજ તે ઇશ્વર પ્રત્યે સત્ય પ્રેમ રાખી શકે છે. સંસારમાં એક પ્રેમોન્મત્ત પ્રેમી પોતાની પ્રિયા પ્રત્યે જે પ્રેમ રાખે છે તેવોજ પ્રેમ આપણે ઇશ્વર પ્રત્યે રાખવાનો છે. મજનુન જેવા આશકનો પ્રેમ એક ખરા ભક્તના ઇશ્વરપ્રેમનું દર્શન કરાવે છે. કૃષ્ણ એટલે ઇશ્વર અને રાધા એટલે તેના પ્રેમથી ઉન્મત્ત બનેલી વૃત્તિ છે. જે જે ગ્રંથોમાં રાધાકૃષ્ણની કથા વર્ણવેલી છે તે સર્વનો તમે અભ્યાસ કરશો ત્યારેજ ઇશ્વર પ્રત્યે કેવો પ્રેમ રાખવો જોઇએ તેનો તમને ખ્યાલ આવશે. એ અપૂર્વ પ્રેમનું રહસ્ય જાણવાનો કોણ અધિકારી હોઇ શકે ? આપણામાં ઘણાં માણસો તો એવાં છે કે જેમના અંતઃકરણની અંદર અનેક પ્રકારનાં પાપ મૂળ ઘાલીને બેઠેલાં હોય છે. જે બિચારાઓ નીતિ કે પવિત્રતા એટલે શું ? તેજ ખરેખરૂં જાણતા નથી તેઓથી આ અદ્‌ભુત પ્રેમનું માહાત્મ્ય કેવી રીતે સમજાય? તેઓ કોઈ પણ રીતે સમજી શકેજ નહિ. જ્યારે અંતઃકરણમાંથી મલિન વિચારો જતા રહે, અને પવિત્રતાનો હૃદયમાં સંચાર થાય ત્યારે મૂર્ખ માણસ પણ શાસ્ત્રની કઠિનમાં કઠિન બાબતો સહેલાઇથી સમજી શકે છે; પણ એવા માણસો દુનિયામાં ઘણાજ વિરલ હોય છે.

ભ્રષ્ટ માણસોએ કલુષિત ન કર્યો હોય એવો એકે ધર્મ નથી. એવા પણ દુષ્ટ માણસો છે કે જેઓ આત્મજ્ઞાનને ઓથે પાપાચરણ કરે છે; અને કહે છે કે આત્મા દેહથી જુદો છે, તેથી દેહદ્વારા વ્યભિચારાદિ પાપ કર્મ થાય તેમાં આત્માને શું ? આત્મા તે નિર્લેપ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો ધર્મનું બરાબર પાલન કરવામાં આવે તો હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, ગમે તે ધર્મનો માણસ પવિત્રતાની મૂર્તિરૂપ બની જાય, પણ માણસ પોતાની પ્રકૃતિ અનુસારજ વર્તન કરે છે; મલિન પ્રકૃતિવાળા માણસો સ્વાભાવિક રીતેજ અશુભ કાર્ય કરવા પ્રેરાય છે એ વાત સ્વીકારવીજ પડે છે. દરેક ધર્મમાં દુષ્ટ માણસોની સંખ્યા અધિક છે છતાં તેમાં કેટલીક એવી પણ વ્યક્તિઓ નજરે પડે છે કે જેઓ ઈશ્વરનું નામ સાંભળતાંજ ઉન્મત્ત થઇ જાય છે–ઈશ્વરનાં ગુણગાન કરતાં તેમનાં નેત્રો પ્રેમાશ્રુથી ભરાઇ જાય છે. એવા માણસોજ સાચા ભક્ત છે.

ધાર્મિક જીવનની શરૂઆતમાં માણસો ઈશ્વરનેજ પોતાનો માલિક માને છે અને પોતાને ઈશ્વરના સેવક ગણે છે. તેઓ કહે છે કે "હે પ્રભુ ! હે પિતા ! આજે હું એ પૈસા કમાયો તે માટે તમારો આભાર માનું છું." બીજા કેટલાક કહે છે કે "હે ભગવાન્ ! અમને અન્ન વસ્ત્ર આપજે ! કેટલાક કહે છે કે "અમે અમુક કાર્યમાં સિદ્ધિ મેળવી તે ખાતર તારો આભાર માનીએ છીએ" એવી એવી ક્ષુદ્ર ભાવનાઓનો ત્યાગ કરજો. શાસ્ત્રમાં કહ્યું છે કે જગતમાં એકજ આકર્ષણ કરનાર મહાન શક્તિ છે. તે શક્તિને અધીન થઇને સૂર્ય, ચંદ્ર વગેરે પદાર્થો ગતિમાન થાય છે. એ આકર્ષણશક્તિનુંજ બીજું નામ ઈશ્વર છે. તે જગતના સારા નઠારા તમામ પદાર્થને પોતાની તરફ આકર્ષે છે. આપણા જીવનમાં જે શુભ અથવા અશુભ પ્રસંગો આવે છે તે સર્વ આપણને ઈશ્વરની નજીકજ દોરતા જાય છે. એક માણસ કોઇનું ખુન કરે છે. હવે ખૂન કરવાનો ઉદ્દેશ તેના પોતાના સ્વાર્થનેમાટે હોય અથવા બીજા કોઈના સ્વાર્થમાટે હોય પણ એ ખૂન કરવાની વૃત્તિને પ્રેરનાર પ્રેમ છે. શુભ અને અશુભ સર્વ કાર્યમાં પ્રેરકશક્તિ પ્રેમમાંથી જ ઉદ્ભવે છે. સિંહ જ્યારે એક બકરી અથવા હરણની હિંસા કરે છે, ત્યારે કાં તો તે પોતાના પોષણનેમાટે અથવા પોતાનાં ભૂખ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બચ્ચાંને પોષવાને માટે એ કાર્ય કરે છે; તેથી એ કાર્ય જો કે છે તો નિર્દયતાભરેલું તોપણ તે પ્રેમની પ્રેરણાથીજ થએલું છે.

કોઇ એવો પ્રશ્ન કરશે કે ઇશ્વરનું સ્વરૂપ કેવું છે ? તેનો ઉત્તર એ છે કે ઇશ્વર પ્રેમસ્વરૂપ છે. તે સર્વના અપરાધની ક્ષમા આપવા હંમેશ તૈયાર છે. તે અનાદિ, અનંત ઇશ્વર પ્રત્યેક વસ્તુમાં રહેલો છે. તેને પ્રાપ્ત કરવા માટે અમુક પ્રકારનીજ ઉપાસના કરવી જોઇએ, નહિ તો તેની પ્રાપ્તિ નહિજ થાય; એવું કશું બંધન છેજ નહિ. લોકો જાણ્યે, અજાણ્યે પણ તેના તરફ પ્રગતિ કરતા જાય છે. પતિ પ્રત્યે અત્યંત પ્રેમભક્તિ રાખનાર પત્નીને ખબર નથી કે તેના પતિની અંદર જે મહાન આકર્ષક શક્તિ રૂપે ઇશ્વર રહેલો છે તેજ તેને તેના પતિ તરફ આકર્ષી રહ્યા છે. પ્રેમમૂર્તિ ઇશ્વરજ આપણો આરાધ્ય દેવતા છે. જ્યાં સુધી આપણે તેને સૃષ્ટિનો ઉત્પન્ન કરનાર, પાલન કરનાર માન્યા કરીએ ત્યાં સુધીજ આપણને બાહ્ય પૂજાનું પ્રયોજન રહે છે. જ્યારે એ ભાવનાનો પરિત્યાગ કરીને તેને પ્રેમના અવતારતુલ્ય ગણીએ અને સર્વ પદાર્થમાં તેનું તેમજ તેનામાં સર્વ પદાર્થનું દર્શન કરતા થઇએ ત્યારેજ આપણે પરાભક્તિની પ્રાપ્તિ કરી શકીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવણી માટે સ્ત્રી શિક્ષિકાઓની જરૂર.

શયાલકોટમાં સ્વામીજી પાસે ઘણી જાતના લોકો આવતા હતા. એક દિવસ હિમાલયના પહાડી પ્રદેશમાં વસતી બે સાધ્વીઓ તેમની પાસે આવી હતી. તેમને જોઇને સ્વામીજીને એક કન્યાશાળા સ્થાપવાની પ્રબળ ઇચ્છા થઇ. આ વિચાર તેમણે શિયાલકોટના લોકોને જણાવ્યો. તેઓએ પણ મોટી ખુશીની સાથે આ વિચારને વધાવી લીધો. આ કાર્યની વ્યવસ્થા માટે યોગ્ય પુરૂષોની એક કમિટી નીમાઇ. આ સ્થળે જણાવવાની આવશ્યકતા છે કે નાનાં છોકરા છોકરીઓને પ્રાથમિક શિક્ષણ આપનાર શિક્ષિકાઓજ જોઇએ એવો સ્વામીજીનો અભિપ્રાય હતો. કોઇ પણ રીતે સ્ત્રીઓ આ કાર્યમાં સામિલ થાય એમ જોવાને તેઓ ઘણા ઉત્સુક હતા. તેમનો અભિપ્રાય એવો હતો કે આ રીતે હિન્દુ વિધવાઓના ભરણપોષણના સવાલનો પણ નિર્ણય થઈ જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી વિવેકાનંદ લાહોરમાં.

નવેંબર માસની ૯મી તારીખે સ્વામી વિવેકાનંદ પોતાના અનુયાયીઓ સાથે શિયાલકોટથી બપોરે ઉપડી સાંજના સાડાચાર વાગે લાહોર આવી પહોંચ્યા. સ્થાનિક સનાતન સભાના સભાસદોએ તેમનો સ્ટેશન ઉપર સત્કાર કર્યો. 'રાજા ધ્યાનસિંહની હવેલી' એ નામના લાહોર નગરના એક વિશાળ મહેલમાં તેમને ઉતારો આપ્યો. ત્યાં પહોંચ્યા પછી દર્શને આવેલા ગૃહસ્થોને સ્વામીજીએ સારી રીતે ઉપદેશ કર્યો. જમ્યા પછી ટ્રિબ્યૂન પત્રના તે સમયના અધિપતિ નગેન્દ્રનાથ ગુપ્તને ઘેર જઇને રાત્રિ ત્યાં વ્યતીત કરી.

આર્યસમાજના સભાસદોએ પણ સ્વામીજીનો સત્કાર કરવામાં ન્યૂનતા રાખી ન હતી. દયાનંદ એંગ્લો વૈદિક કૉલેજના પ્રોફેસર લાલા હંસરાજ અને બીજા આર્યસમાજના આગેવાન સભાસદો હમેશ તેમની પાસે આવતા અને નાના પ્રકારના વિષયો ઉપર ચર્ચા કરતા. આર્યસમાજિસ્ટો વેદને—અને વિશેષે કરીને વેદના સંહિતાભાગનેજ પ્રમાણ માને છે અને વળી તેમનો અભિપ્રાય એવો છે કે વેદનો એકજ રીતે અર્થ થઇ શકે. સ્વામી વિવેકાનંદનો મત એથી જુદા પ્રકારનો છે. તેઓ સંહિતા કરતાં ઉપનિષદ્‌વિભાગને વિશેષ પ્રમાણભૂત ગણતા, અને અદ્વૈતવાદ, દ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ એમ જુદાં જુદાં દૃષ્ટિબિન્દુથી ઉપનિષદ્‌ના જુદા જુદા અર્થ થઇ શકે છે એવી તેમની માન્યતા હતી. તેઓ કહેતા કે તેમ કરવામાં કશી હાનિ નથી. ઉલટી તેનાથી આત્માની ઉન્નતિ કરવાનું કાર્ય વિશેષ સરળ થઇ જાય છે; કારણ કે એકજ અર્થ સ્વીકારીને કોઇ પણ માણસને બળાત્કારથી તે મતને અનુસરનારા અમુક મત અથવા સંપ્રદાયમાં બાંધી રાખવા કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને માટે (અનેક અર્થનો માર્ગ ખુલ્લો રાખીને) તેની પોતાની પ્રકૃતિને અનુકૂળ પડતા ધર્મમાર્ગદ્વારા ચાલવામાં તેને સહાય આપ્યાથી તેની ઉન્નતિ કદાચ ધીમેથી થાય તોપણ તે દૃઢ અને સ્થાયી હોય છે. જો કોઇ એવી શંકા ઉઠાવે કે એ પરસ્પર વિરુદ્ધ મત એકી વખતે કેવી રીતે સાચા હોઇ શકે? ઉત્તર એ છે કે મનુષ્યની આધ્યાત્મિક ઉન્નતિ જેટલે દરજ્જે થઇ હોય તે જોતાં અમુક અવસ્થા હોય ત્યાં સુધી તેનું વલણ એક પ્રકારના મત તરફ રહે છે અને વિશેષ પ્રગતિ કર્યા પછી તે જૂના મંતવ્યને મૂકીને બીજા તરફ વળે છે માટે એ બેઉ સત્ય છે, અને જરૂરના પણ છે.

આર્ય સમાજનો ઇશ્વર સંબંધી આદર્શ બંગદેશના બ્રહ્મો (બ્રાહ્મ) સમાજ તથા ગુજરાતના પ્રાર્થના સમાજના ઇશ્વિરના આદર્શને બહુધા મળતો આવે છે. તેઓનો મત એવો છે કે ઇશ્વિર નિરાકાર, સર્વજ્ઞ સર્વશક્તિમાન્, દયામય, પ્રેમમય અને આનંદમય છે. તેઓ અદ્વૈતવાદીના નિર્ગુણ બ્રહ્મના આદર્શનો સ્વીકાર કરતા નથી તેમજ મૂર્તિપૂજકોનો આદર્શ પણ તેમના હૃદયમાં ઉતરતો નથી. આથી કરીને તેઓ અદ્વૈતવાદ તેમજ મૂર્તિપૂજનના પ્રબળ વિરોધી છે. સ્વામીજીએ સંગીન પ્રમાણપરંપરાવડે સિદ્ધ કરી બતાવ્યું કે બુદ્ધિ અને જ્ઞાનપૂર્વક વિચાર કરતાં અદ્વૈતવાદ સિવાય બીજો એક પણ સિદ્ધાંત ટકી શકતો નથી. × ત્યાર પછી તેમણે બીજા પ્રશ્નના ઉત્તરમાં મૂર્તિપૂજનના

× યુરોપના વૈજ્ઞાનિકોની પ્રબળ દલીલ આગળ અદ્વૈતવાદ સિવાય જગતના કોઇ પણ ધર્મની ફિલસુફી ટકી શકતી નથી. હકલ્ નામના જર્મન વિદ્વાને કુશળતાપૂર્વક સિદ્ધ કરી બતાવ્યું છે કે Monism (અદ્વૈતવાદ) જ સત્ય છે. ફિલસુફીની કસોટી વિજ્ઞાન છે. વિજ્ઞાન આગળ જે ન ટકી શકે તે ફિલસુફી, વિદ્વાન સત્ય શોધક વર્ગના મન ઉપર અસર કરી નહિ શકે.

ભા૦ ક૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભાવમાં કહ્યું કે નિરાકાર ઈશ્વરની અથવા સગુણ ઈશ્વરની ધારણા આપણે મન અથવા મનદ્વારા ઉત્પન્ન થએલી કલ્પનાશક્તિની સહાયતા કરી શકતા નથી. આ પ્રમાણે જ્યારે આપણે પોતે પણ કલ્પનાશક્તિનો આશ્રય લીધા વગર નિર્ગુણ તો શું પણ સગુણ ઈશ્વરનો પણ ખ્યાલ બાંધી શકતા નથી ત્યારે પછી જેઓ આપણા કરતાં ઉતરતા અધિકારવાળા છે તેઓ ઇન્દ્રિયોની મદદથી પ્રતિમાનું દર્શન કરીને સહેલાઇથી ઈશ્વરોપાસના કરતા હોય તેમાં શા માટે વાંધો લેવો જોઇએ? જો તમે ઉત્તમ અધિકાર પ્રાપ્ત કર્યો હોય તો ભલે તમે તમારા પોતાના મંતવ્ય પ્રમાણે સાધન કર્યા જાઓ; પણ તમારા બીજા બંધુઓ જેઓની શક્તિ, જેમનું જ્ઞાન તમારાથી ઉતરતા પ્રકારનાં છે તેમને શા માટે તેમના પોતાના અધિકાર પ્રમાણે સાધન કરતા અટકાવો છો? તમે પોતે પણ પોતાને જેટલા જ્ઞાની ધારો છો તેટલા વાસ્તવિક રીતે નથી. તમારાથી પણ શ્રેષ્ઠ કોટિના, તમારા કરતાં પણ વધારે ઉચ્ચ ભાવનાઓને હૃદયમાં ધારણ કરી શકે એવા (અદ્વૈતવાદી) પુરૂષો છે. એ પ્રમાણે નાના પ્રકારના ઉપદેશદ્વારા અનેક મનુષ્યોની ધાર્મિક ભૂલો દૂર કરવા તેમણે તનતોડ પરિશ્રમ કર્યો હતો. લગભગ સવારના બે કલાક અને સાંજે દોઢ કલાક દરરોજ ધ્યાનસિંહની હવેલીમાં દોઢસોથી બસો પંજાબી અને બંગાળી ગૃહસ્થો સાથે આ પ્રમાણે નાના પ્રકારની ચર્ચા થતી. એ ઉપરાંત નગેન્દ્ર બાબુને ઘેર જ્યાં સ્વામીજી રહેતા હતા ત્યાં પણ ઘણા લોકો આવતા હતા. એક દિવસ નગેન્દ્રબાબુને ઘેર લાલાહંસરાજ સાથે વાતચીતના પ્રસંગમાં સ્વામીજીએ નીચેના વિચાર જણાવ્યા હતા. લાલાહંસરાજ આર્યસમાજ પક્ષનો વેદનો સત્ય અર્થ એકજ થઈ શકે એવી માન્યતાનો બચાવ કરતા હતા. સ્વામીજી નાના પ્રકારની દલીલોવડે સિદ્ધ કરતા હતા કે વેદના જુદા જુદા અર્થ, ભલે તે પરસ્પર વિરુદ્ધ હોય તોપણ જુદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદા અધિકારવાળાં માણસોને માટે સરખી રીતે કલ્યાણકારક છે. એ બધાએ મત મનુષ્યોને પ્રગતિ કરવામાં સહાયભૂત થઇ પડે છે. લાલા હંસરાજ એ મતનું ખંડન કરવાને તેની સામી દલીલ કરતા હતા. છેવટે સ્વામીજીએ કહ્યું "લાલાજી ! આપ આ બાબતમાં આટલો બધો આગ્રહ કરો છો તેને હું fanaticism એટલે ધર્માન્ધતા કહું છું. સંપ્રદાયની બળની વૃદ્ધિ કરવામાં એવા પ્રકારની ભાવના ઘણી ઉપયોગી છે અને શાસ્ત્રગત ધર્માન્ધતા કરતાં વ્યક્તિગત ધર્માન્ધતા અદ્‌ભૂત રીતે અને અત્યંત શીઘ્રતાપૂર્વક ધર્મનો ફેલાવો કરે છે એ પણ હું જાણું છું. વ્યક્તિગત ધર્માન્ધતા એટલે સમજ્યા ? અમુક પુરુષ ઇશ્વિરાવતાર છે અને તેનો આશ્રય લીધાથીજ મુક્તિ થશે એવા મતનો પ્રચાર. તમે જાણતા હશો કે મારી પાસે એવા પ્રકારની શક્તિ પણ છે. અમારા ગુરુ રામકૃષ્ણ પરમહંસનું ઇશ્વિરના અવતાર તરીકે સ્થાપન કરીને એ નવા અવતારનો જગતમાં પ્રચાર કરવા મારા એકલા સિવાય બીજા બધા મારા ગુરુભાઇઓ તલપી રહ્યા છે. અટકાવ કરનાર હું એકલોજ છું કારણ કે મારો દૃઢ વિશ્વાસ છે કે મનુષ્યને તેની શ્રદ્ધા અને ધારણા શક્તિ વગેરેને અનુસરતો ઉપદેશ આપીને તેની ક્રમે ક્રમે ઉન્નતિ કરવી જોઇએ. અલબત્ત, આ રીતે તેની ઉન્નતિ અત્યંત ધીમી થશે, પણ દૃઢ અને સ્થાયી થશે. ઠીક, હું જોઉં છું, ચાર વર્ષ સુધી તો સાંપ્રદાયિકતા જાળવી રાખતાં ઉદારતાના ધોરણ ઉપર ધર્મપ્રચાર કરીશ. જો કે સારું ફળ આવશે એવો મારો દૃઢ વિશ્વાસ છે તોપણ ચાર વર્ષ પર્યંત શ્રમ કરતાં કશુંય ફળ નહિ નિપજે તો હું પણ ધર્માન્ધ બનીને કાર્ય કરીશ."

* મુસલમાન અને ખ્રિસ્તી ધર્મ ત્વરાથી જગતમાં ચારે દિશાએ ફેલાઇ ગયા તેનું આજ કારણ છે. ખ્રિસ્તી ધર્મનું એક સૂત્ર એવું છે "Simply Believe and you will be saved." માત્ર જીસસને માનો એટલે તમે મુક્ત થશો. "જીસસે પોતાના રૂધિરથી મનુષ્ય માત્રનાં પાપ ધોઇ નાખ્યાં છે" વગેરે. ભા૦ ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રસંગે સ્વામીજીના સંબંધમાં બેએક બનાવો નોંધવા જેવા છે. જો કે તે ઘણા મહત્વના નથી તોપણ નાના નાના બનાવોમાં મહાપુરુષોનું ખરૂં મહત્વ પ્રકટ થાય છે એ વાત સુપ્રસિદ્ધ છે. સ્વામીજીના જે શિષ્યો તે સમયે એમની સાથે હતા તેમણે આ હકીકત જાહેર કરી હતી.

એક દિવસ સ્વામીજીએ તેમના કેટલાક અનુષંગીઓના સાંભળતાં અમુક વ્યક્તિની પુષ્કળ પ્રશંસા કરી. એ સાંભળીને એકે કહ્યું, "પણ સ્વામીજી ! એ આપને માનતો નથી !" સ્વામીજીએ તરતજ જવાબ દીધો કે "જેટલા સારા માણસો હોય તે બધાજ મને માને એનો અર્થ શો ?" આ સાંભળીને ટીકા કરનાર શરમાઇ ગયો.

એવામાં લાહોરમાં ગ્રેટ ઇન્ડિયન સર્કસ કંપની આવી પહોંચી. એક દિવસ કાંઇક કામપ્રસંગે એ કંપનીના એક ભાગીદાર બાબુ મતિલાલ બસુ નગેન્દ્ર બાબુને ઘેર આવ્યા. સ્વામીજીને તેમણે જોતાંવારને ઓળખી લીધા કે આ પુરુષ બીજો કોઇજ નહિ પણ મારો નાનપણનો મિત્ર છે. પછી બેઉ જણ દોસ્તોની માફક ખુલ્લા દિલથી વાત કરવા લાગ્યા. નાનપણમાં બેઉ જણ એકજ અખાડામાં કસરત કરવા જતા હતા. મતિલાલ બાબુ તો પોતાના નાનપણના સોબતીનું અપૂર્વ તેજ, પ્રતિભા અને પ્રતાપવાન મુખ જોઇને અંજાઇજ ગયા. સ્વામીજી તેમને પોતાના અંતરના સ્નેહી ગણીને તેમની સાથે પ્રેમ અને મમતાપૂર્વક વ્યવહાર કરતા ગયા તેમ તેમ તેઓ વધારે ને વધારે સંકુચિત થવા લાગ્યા. આખરે હિંમત પકડીને તેમણે દીનતાપૂર્વક સ્વામીજીને સંબોધીને કહ્યું, "ભાઇ ! હવે તમને હું કયે નામે બોલાવું ?" સ્વામીજીએ અત્યંત સ્નેહપૂર્ણ અવાજે જવાબ દીધો, "અરે મતિ ! તું ઘેલો થયો કે શું ? હું કોણ થઇ ગયો છું ? એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો હું તેનો તેજ *નરેન અને તું તેનો તેજ મતિ !" સ્વામીજીના આવા શબ્દો સાંભળતાં મતિ બાબુનો સંકોચ દૂર થઈ ગયો.

સ્વામીજી લાહોરમાં માત્ર ૧૦ કે ૧૧ દિવસ રહ્યા હતા. ધ્યાનસિંહની હવેલીમાં પહેલા દિવસના વ્યાખ્યાનની વ્યવસ્થા કરવામાં આવી હતી. "આપણા હાલના મહાન પ્રશ્નો" (The Problems before us) એ વ્યાખ્યાનનો વિષય હતો; પણ સ્વામીજીનું વ્યાખ્યાન સાંભળવા માટે ત્યાં એટલાં બધાં માણસોનો સમુદાય એકઠો થયો કે હૉલની અંદર વ્યાખ્યાન આપવાનું અસંભવિત થઇ પડ્યું. છેવટે આંગણામાં ભાષણ કરવાનું નક્કી થયું, પણ લોકોની ભીડ એટલી બધી હતી કે સ્વામીજી અત્યંત મોટા અવાજે બોલતા હતા છતાં સભામાં શાંતિ જળવાઇ નહિ. તેથી કરીને દોઢ કલાક ભાષણ ચાલ્યા પછી સભા બરખાસ્ત કરવાની જરૂર પડી. ભાષણનો જે વિષય હતો તેનું સંપૂર્ણ વિવેચન થઇ શક્યું નહતું તેથી કરીને "હિંદુધર્મનાં સામાન્ય મૂળતત્વો" એ નામથી એ વ્યાખ્યાન પ્રકટ કરવામાં આવ્યું. આ પુસ્તકમાં પણ આ વિષય એજ મથાળા હેઠળ આપેલો છે.

"ભક્તિ" એ વિષય ઉપર બીજું વ્યાખ્યાન મતિલાલ બાબુના સર્કસના ચોગાનમાં આપવામાં આવ્યું હતું. એ વ્યાખ્યાનનો રિપૉર્ટ ટ્રિબ્યુન પત્રમાં આવ્યો હતો તેનો અનુવાદ અહીં આપ્યો છે.

આટલું છતાં પણ લાહોરના લોકોને સ્વામીજીનાં બે ભાષણથી સંતોષ થયો ન હતો તેથી તેમણે ધ્યાનસિંહની હવેલીમાં ત્રીજી વાર વ્યાખ્યાન અપાવવાની વ્યવસ્થા કરી. ફરીથી પહેલાંની માફક ગડબડ ન થાય તેટલા માટે ભાષણ સાંભળવા આવવાની ટીકીટો મફત વહેંચી

* સ્વામીજીનું અસલ નામ નરેન્દ્રનાથ દત્ત હતું. નરેન્દ્રને ટુંકામાં નરેન કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી, અને લોકોને બેસવા માટે ખુરશીઓ વગેરેનો સારો બંદોબસ્ત કર્યો હતો. લાહોરનો તમામ કેળવાયલો વર્ગ ત્યાં હાજર હતો. આ લાંબું, ગંભીર રહસ્યથી ભરપૂર વ્યાખ્યાન આશરે અઢી કલાક ચાલ્યું હતું અને સાંભળવા આવેલા લોકો અંત સુધી એક ચિત્તે ઉલટપૂર્વક શ્રવણ કરી રહ્યા હતા. કેટલાક પંડિતો (બંગાળીઓ) આ ભાષણ સાંભળ્યા પછી પોતાના મિત્રોને કહેતા હતા કે 'હા, આ ભાષણમાં તો માલ હતો!' એજ લાહોરમાં આપેલું સુપ્રસિદ્ધ "વેદાંત" વિષે વ્યાખ્યાન.

પછી એક દિવસ સ્વામીજીએ લાહોરના સંખ્યાબંધ તરૂણ પુરુષોને એકઠા કરી તેમની એક સભાની સ્થાપના કરી. સભાને જાહેરમાં ખુલ્લી મુકવાની ક્રિયા કરતી વખતે સ્વામીજીએ એક મધુર, હૃદયંગમ વ્યાખ્યાનદ્વારા દરેક માણસ પોતાની આસપાસના લોકોનું કલ્યાણ કેવી રીતે કરી શકે તેનો માર્ગ દર્શાવ્યો. આ સભા સંપૂર્ણ રીતે અસાંપ્રદાયિક હતી. સાંજના અભ્યાસ કરી રહ્યા પછી નવરાશના વખતમાં યુવક લોકો "દરિદ્ર, કંગાલ નારાયણ" ની મૂર્તિઓ જે આપણી આસપાસ જોવામાં આવે છે તેમની સેવા કરે, ભૂખ્યાંને અન્ન મળે, રોગીઓને ઔષધ મળે, અજ્ઞાનને જ્ઞાન મળે એવાં એવાં સામાજિક સેવાનાં કાર્ય કરવાનો આ સભાનો ઉદ્દેશ હતો.

આર્યસમાજીઓ પિતૃશ્રાદ્ધ કરવાની આવશ્યકતા સ્વીકારતા નથી. આથી કરીને લાહોરની સનાતન ધર્મ સભાના સભાસદો સ્વામીજીને "શ્રાદ્ધ" વિષે એક ભાષણ આપવાની વિનતિ કરવા લાગ્યા. અનેક જાતનાં કારણોને લીધે એ વિષય ઉપર ભાષણ આપવાની સ્વામીજીને ઇચ્છા ન હતી, પણ સનાતન ધર્મસભાના આગેવાનોના આગ્રહને વશ થઇને તેમણે બહુજ નાખુશીની સાથે ભાષણ આપવાનું કબુલ કર્યું. એજ દિવસે બીજા કેટલાક પંજાબવાસીઓએ એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોજના કરી હતી કે સ્વામીજીને લઇને નગરસંકીર્તન કરવું. તેઓનો પ્રથમ એવો વિચાર હતો કે સ્વામીજીને પાલખીમાં બેસાડીને સંકીર્તન કરતા કરતા શહેરની આસપાસ ફરી આવવું. સ્વામીજીએ પાલખીમાં બેસવાની ચોકખી ના કહી પણ સંકીર્તન કરવાના વિચારને ઉલટથી અનુમોદન આપ્યું. તેમણે પોતાના અનુષંગીઓને કહ્યું કે પંજાબવાસીઓ સામાન્ય રીતે બહુ શુષ્ક છે. તેઓમાં સંકીર્તનદ્વારા ભક્તિનો ઉદ્રેક થાય એ હેતુથી મેં સંકીર્તનમાં આવવાની ખુશી બતાવી છે. પછી તેમણે બંગાળીઓને સુંદર ધ્વજા-પતાકા વગેરે તૈયાર કરવા કહ્યું, પણ થયું એમ કે સ્વામીજી પોતાના અનુષંગીઓ સાથે લાહોરના મ્યૂઝીયમ આગળ થઇને ધ્યાનસિંહની હવેલી પાસે આવીને જુએ છે તો માણસો તો સંખ્યાબંધ એકત્ર થયાં હતાં પણ સંકીર્તન કરાવનાર કીર્તનીયાની મંડળીનો અભાવ હતો. વળી એવા પણ સમાચાર મળ્યા કે આખા લાહોર નગરમાંથી માત્ર એકજ ઢોલ મળી આવ્યું, અને તે પણ ઝાઝો વખત વપરાશમાં નહિ આવવાથી પડયું પડયું ખરાબ થઇ ગયું હતું. એકજ થાપ મારતાં તેમાંથી ગાબડું પડયું. સંકીર્તન થયું નહિ એટલે પછી સ્વામીજીએ "શ્રાદ્ધ" ઉપર ભાષણ પણ ન આપ્યું. એકત્ર થએલા લોકો પાસે જઈને તેમણે કહી દીધું કે આજે ભાષણ થવાનું નથી. કેટલાક જણ આ ઉપરથી સ્વામીજીની સાથે તેમના મુકામ સુધી આવ્યા અને શ્રાદ્ધ વિષે સ્વામીજી સાથે પુષ્કળ તર્ક વિતર્ક કરવા લાગ્યા.

એક દિવસ સાંજના સ્વામીજીના માનમાં એક સાંધ્ય સંમિલન (Evening Party) કરવામાં આવ્યું હતું. ત્યાં લાહોરના પ્રતિષ્ઠિત ગૃહસ્થો સાથે સ્વામીજીનો પરિચય કરાવવામાં આવ્યો. લાહોરના ચીફ જસ્ટિસ્ટ તથા બીજા બંગાળી તેમજ પંજાબી ગૃહસ્થોએ સ્વામીજીને પોતાને ઘેર જમવા નિમંત્ર્યા હતા. તેઓ જ્યાં જતા ત્યાં ધર્મવિષયક ચર્ચા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયા વગર રહેતીજ નહિ. એ દરમ્યાન લાહોરના ઘણા આગેવાન ગૃહસ્થો સ્વામીજી પાસે એકાંતમાં સાધન કરવાનો અભ્યાસ કરવા આવતા હતા.

લાહોરમાં શિખ સંપ્રદાયની "શુદ્ધિસભા" કરીને એક સંસ્થા હતી. જે જે શિખ લોકો કોઈ પણ કારણથી મુસલમાન થઇ ગયા હોય છતાં પણ જો તેઓને પોતાની ભૂલ સમજાતી હોય, પશ્ચાત્તાપ કરતા હોય, શિખ સમાજમાં ફરીથી દાખલ થવાની તેમની ઇચ્છા હોય, અને જો તેઓ સાબિત કરી શકતા હોય કે અમે ભૂલથી આ અયોગ્ય કર્મ કર્યું છે તો તેમને શુદ્ધ કરીને ફરીથી શિખ સમાજમાં દાખલ કરવાનો આ મંડળનો ઉદ્દેશ હતો. આ સભાના અધિવેશનમાં પધારવાને સ્વામીજીને તથા તેમના અનુયંગીઓને નિમંત્રણ થયું હતું. જ્યારે સ્વામીજી ત્યાં ગયા ત્યારે એક મોટી કઢાઇમાં કડાપ્રસાદ (શીરો) તૈયાર થતો હતો. થોડીવાર પછી સભાનું કાર્ય શરૂ થયું. આજે બે જણને પ્રાયશ્ચિત્ત આપીને શુદ્ધ કરવાના હતા. એ લોકો કેવા કારણથી મુસલમાન થઇ ગયા હતા તેનો પહેલેથી છેવટ સુધીનો હેવાલ સભાના પ્રમુખે કહી સંભળાવ્યો; પછી શુદ્ધ થવાની પ્રાર્થના કરવા આવેલા બેઉ જણે પશ્ચાત્તાપપૂર્વક સભાને વિનતિ કરી કે અમને ફરીથી શિખધર્મમાં દાખલ કરો. ત્યાર પછી તેમની પાસે ગુરૂ ગોવિંદસિંહના નામનો ઉચ્ચાર કરાવ્યો, ગ્રંથ સાહેબના પવિત્ર મંત્રનો પાઠ કરાવ્યો, તેમના ઉપર પુણ્યોદક છાંટવામાં આવ્યું. આટલા સંસ્કાર થયા એટલે તેઓ "શુદ્ધ" થયા કહેવાયા. પછી સભામાં હાજર થએલા તમામ લોકોને કડાપ્રસાદ વહેંચાયો. શિખ લોકોની આવી ઉદાર વર્તણુંક જોઇને સ્વામીજી ઘણા પ્રસન્ન થયા.

આ પ્રમાણે લાહોરમાં દશ બાર દિવસ વ્યતીત થયા. સ્વામીજીએ આ ઠેકાણે વિવાદ કરતાં વાસ્તવિક કાર્ય તરફ વિશેષ વલણ બતાવ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુ ધર્મનાં સામાન્ય મૂળતત્ત્વો.

(લાહોરમાં અપાયલું વ્યાખ્યાન.)

આ તેજ પવિત્ર પ્રદેશ છે કે જે પ્રદેશ આર્યાવર્તમાં પણ સર્વથી પવિત્ર મનાય છે. આ તેજ બ્રહ્માવર્ત છે કે જેનો મનુ ભગવાન ઉલ્લેખ કરી ગયા છે. આ તેજ અલૌકિક ભૂમિ છે કે જ્યાં આત્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે મહર્ષિઓના હૃદયમાં પ્રબળ ઉત્કંઠા અને અતુરાગ ઉત્પન્ન થયાં હતાં કે જે જ્ઞાન એક વાર આખા જગત્ ઉપર સિંધુના પૂરની માફક ચારે દિશાએ ફરી વળ્યું હતું. પ્રાચીન ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે. આ તેજ પ્રતાપી પ્રદેશ છે કે જેની વેગવતી મહાન નદીઓની માફક ધર્મભાવના અને આધ્યાત્મિકતાના પ્રવાહ જુદે જુદે સ્થળે ઉત્પન્ન થઇ ક્રમે ક્રમે એકત્ર બનીને અત્યંત બળવાન સ્વરૂપ ધારણ કરીને ચારે દિશાએ ફેલાઇ મેઘગંભીર વાણીવડે પોતાની અપૂર્વ મહિમાપૂર્ણ શક્તિનું જગતની અન્ય પ્રજાઓને દર્શન કરાવતા હતા. આ તેજ વીરભૂમિ છે કે જેણે હિંદ ઉપર આક્રમણ કરનાર અનેક જંગલી પ્રજાઓના હુમલા સામે સૌથી પહેલી ટક્કર લીધી હતી. આર્યાવર્તની પવિત્ર ભૂમિ ઉપર થતા દરેક રાની પ્રજાઓના હુમલાની સામે પોતાની વિશાળ છાતી ધરીને ઉભી રહેનાર આજ વીરપ્રસવિની ભૂમિ છે. અનેક પ્રકારના જુલ્મ અને સંકટોના આઘાત થયા છતાં પણ હજી જેનું ગૌરવ, જેનું વીર્ય ક્ષીણ થયું નથી એવો મર્દાની પ્રદેશ આ જ છે. આ જ ભૂમિ ઉપર કાંઇક અર્વાચીન સમયમાં દયાળુ નાનકે પોતાનો અપૂર્વ વિશ્વવ્યાપી પ્રેમ પ્રકટ કર્યો હતો. અહીંઆં જ એ મહાત્માના ઉદાર હૃદયનો વિકાસ થયો હતો. અહીંઆંજ તેણે પોતાના પ્રેમાળ હાથ પ્રસારીને એકલા હિંદુઓનેજ નહિ પણ મુસલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનોને-આખા જગતને પ્રેમપૂર્વક આલિંગન દીધું હતું. આજ પ્રદેશમાં આપણી ભારતીય પ્રજાનો છેલ્લો પણ સર્વશ્રેષ્ઠ મહિમાવાન્ મહાવીર ગુરુ ગોવિંદસિંહ જન્મ્યો હતો; જેણે સ્વધર્મના રક્ષણ માટે પોતાનાં પ્રહાલાંઓની, પોતાનાં કુમળાં પણ સિંહનાં બચ્ચાં જેવાં બાળકોના રુધિરની આહુતિ આપી હતી. જેમને માટે તેણે આવું અદ્ભુત બલિદાન આપ્યું તેમનાથી પણ પરિત્યક્ત થવાથી, ઘવાયલા સિંહ જેવો તે ગુરુ ગોવિંદસિંહ, પોતાના દેશપ્રતિ અસંતોષનો એક પણ ઉદ્ગાર પ્રકટ કર્યા વગર દક્ષિણ તરફના પ્રદેશનો આશ્રય લઇને ત્યાંજ શાંતપણે આ જગતને છોડી ચાલતો થયો હતો.

હે પંચનદ (પંજાબ) પ્રદેશનાં બાળકો ! આ આપણા પ્રાચીન દેશમાં હું તમારી સામે આચાર્ય અથવા ઉપદેશક બનીને ઉભો નથી; કારણ કે તમને શીખવવા જેટલું જ્ઞાન મારી પાસે છેજ નહિ. હું પૂર્વ તરફના પ્રદેશમાંથી આવ્યો છું તે માત્ર મારા પશ્ચિમદેશવાસી બંધુઓ સાથે હસ્તમિલન કરી આનંદપૂર્વક વાર્તાલાપ કરવા અને એક બીજાના વિચારનો વિનિમય કરવાને જ આવ્યો છું. આપણા વચ્ચે શા શા મતભેદ છે તે તપાસવા હું આવ્યો નથી, પણ કયી ભૂમિકા ઉપર આપણું ઉભયનું મિલન થઇ શકે એમ છે, તે જાણવાનો જ મારો ઉદ્દેશ છે. કયી ભૂમિકા ઉપર ઉભા રહેવાથી આપણે સઘળા બન્ધુભાવના સૂત્રથી સંલગ્ન થઇ શકીએ, કયી ભૂમિકાનું અવલંબન કર્યાથી જે સનાતન મહા વાણી આપણને આશાપ્રદ સંદેશો આપતી આવી છે તેનો ધ્વનિ દિવસે દિવસે વિશેષ ગંભીર અને બળવાન થાય, તે જાણવા-માટે હું તમારી પાસે આવ્યો છું. હું તમને ખંડનાત્મક-ઉચ્છેદક નીતિનું અવલંબન કરવાની સલાહ આપવા આવ્યો નથી, પણ મંડનાત્મક નીતિ ગ્રહણ કરીને તમને વાસ્તવિક કાર્ય કરવાનું સૂચન કરવા આવ્યો છું.

સમાલોચના કરવાના, દોષ દર્શન કરવાના દિવસો હવે પૂરા થયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. હવે તો ખરેખરૂં કાર્ય કરવાની આપણને વિશેષ જરૂર છે. જગતને વખતો વખત ટીકાની–કડક ટીકાની–સખત સમાલોચનાની જરૂર પડે છે, પણ તે અમુક સમય સુધી જ. ટીકાના જમાના પછી કાર્ય કરવાનો–ખંડન કર્યા પછી નવું મંડાણ કરવાનો જમાનો પણ આવે છે. ઉન્નતિ પ્રાપ્ત કરવાનો પ્રયાસ–મંડનકાર્ય એ જ હવે આપણે અનંત કાળ પર્યંત કરવાનું છે–સમાલોચના અને ખંડનનું કાર્ય નહિ જ. લગભગ છેલ્લાં સો વર્ષ થયાં આપણા દેશમાં સર્વત્ર સમાલોચના અને દોષદર્શનનું જ પૂર આવ્યું હતું. આપણા સમાજના તમામ દોષો ઉપર પાશ્ચાત્ય વિજ્ઞાનનો પ્રખર પ્રકાશ પડવાને લીધે તેનાં એકેએક છિદ્ર, એકેએક ડાઘ, અને એકેએક ગલી કુંચી બીજાં બધાં સ્થાન કરતાં સાધારણ માણસની દૃષ્ટિએ વિશેષ સ્પષ્ટતાથી દેખાઇ આવે છે. સ્વાભાવિક રીતે આપણા દેશમાં સ્થળે સ્થળે મહા બુદ્ધિસંપન્ન, એક મહિમાવાન, સત્ય અને ન્યાયપરાયણ મહા પુરુષો ઉત્પન્ન થયા હતા. તેમના હૃદયમાં અગાધ સ્વદેશપ્રેમ હતો; અને તે કરતાં પણ વિશેષ રૂપે ઇશ્વિરપ્રત્યે અને ધર્મપ્રત્યે પ્રબળ અનુરાગ હતો. એ મહાપુરુષોની સ્વદેશપ્રત્યે એટલી ગાઢ ભક્તિ હતી, તેમનો સ્વદેશપ્રેમ એવો ઉત્કટ હતો, સ્વદેશની હીન દશા જોઇને તેમનું હૃદય એવું દ્રવી જતું હતું કે તેમની નજરે જે કાંઇ ખામીવાળું જણાયું તેના ઉપર તેમણે ટીકા રૂપી હથોડાના સખ્ત પ્રહાર કરવા માંડયા હતા. ગયા જમાનાના એ મહાપુરુષોને ધન્ય છે અને તેમણે સ્વદેશનું અનેક પ્રકારે કલ્યાણ કર્યું છે; પણ આજે આપણા કાનમાં એક મહાન્ સંદેશ સંભળાય છે કે " બસ કરો ! " સમાલોચના પૂરતી થઈ ચૂકી છે. દોષદર્શન કરવામાં હવે કસર રહી નથી." હવે તો કાંઇક નવેસરથી મંડાણ કરવાનો સમય આવી પહોંચ્યો છે. હવે આપણી છૂટી છવાઇ શક્તિઓને એકત્ર કરવાનો સમય આવી લાગ્યો છે. હવે એ તમામ શક્તિઓને એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્દ્રમાં સ્થિત કરીને એક અપૂર્વ શક્તિસમૂહની રચના કરો અને
તેના બળવડે જે પ્રજાની પ્રગતિ આજે સેંકડો વર્ષ થયાં અટકી પડી
છે તેને હવે આગળને આગળ કુચ કરવાને પ્રેરો. હવે આપણાં ઘર
ભાઈ ઝડાઇને સાફસુફ થઈ ગયાં છે. હવે તેમાં વાસ પૂરવા તૈયાર
થાઓ. માર્ગ મોકળો થયો છે. આર્યસંતાનો ! હવે આગળ વધો !

ગૃહસ્થો ! આ જ સંદેશો તમને પહોંચાડવાને હું તમારી સમક્ષ
આવ્યો છું અને હું તમને પ્રથમથી જ જણાવી દઉં છું કે હું કોઈ પણ
પંથ કે સંપ્રદાય સાથે જોડાયલો નથી. મારી દૃષ્ટિએ તમામ ધર્મ,
તમામ સંપ્રદાય મહાન્ અને મહિમાવાન્ જણાય છે, તેઓને સર્વને હું
અંતઃકરણપૂર્વક ચાહું છું અને તેઓમાં જે સત્ય છે, જે ગ્રહણ કરવા
યોગ્ય છે તેને શોધવામાં મેં મારૂં જીવન વ્યતીત કર્યું છે. માટે જે જે
બાબતો આપણે બધા માન્ય રાખવા તૈયાર છીએ તેમને તમારી સમક્ષ
રજુ કરવાનો મારો આજના કાર્યનો ઉદ્દેશ છે. જો બની શકશે તો
આપણી સર્વની સંમિલનભૂમિ નક્કી કરવાનો પણ યત્ન કરીશ; અને
જો ઈશ્વરકૃપાથી તેમ થઈ શકે તો એ સામાન્ય ભૂમિકા ઉપર ઉભા
રહીને આપણા આદર્શને વ્યાવહારિક સ્વરૂપ આપવાને પ્રવૃત્ત થવામાં
હવે આપણે વિલંબ કરવાની જરૂર નથી. આપણે સઘળા હિન્દુઓ
છીએ. હું "હિન્દુ" શબ્દ કોઇ પણ જાતના નઠારા અર્થમાં વાપરતો
નથી. જે લોકો કહે છે કે "હિન્દુ" શબ્દ અપમાન અને તિરસ્કાર-
સૂચક છે તેમના અભિપ્રાયને હું બિલકુલ માન્ય ગણતો નથી. પ્રાચીન
કાળમાં જે પ્રજા સિન્ધુ નદીને પેલે કિનારે રહેતી હતી તે હિન્દુ
નામથી ઓળખાતી હતી. આજ હમણાં જેઓ આપણા પ્રત્યે તિર-
સ્કાર રાખે છે તેમણે જ એ શબ્દનો એવો ખોટો અર્થ કરીને તેની
તિરસ્કારવ્યંજક ભાવના ભેળી દીધી છે. નામની પોતાની અંદર કશું
વાસ્તવિક મહત્વ નથી. "હિન્દુ" શબ્દને સર્વાંશે મહિમાવાન્ બનાવવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે તેને તિરસ્કાર અને અવનતિસૂચક રહેવા દેવો એ આપણ
પોતાના જ હાથમાં છે. "હિંદુ" શબ્દને સંપૂર્ણ રીતે આધ્યાત્મિ
તાનો સમાનાર્થ શબ્દ કરવો કે પછી હમેશને માટે તેને ઘૃણાસૂચ
શબ્દ તરીકે જ વપરાવા દેવો, "હિન્દુ" શબ્દવડે એક પરાક્રમશા
અને તેજસ્વી પ્રજાને ઓળખાતી કરવી કે પછી એક નિર્જીવ, ક
ભ્રષ્ટ, વિદેશી પ્રજાઓની ઠોકરે ચડેલી, કચરાયલી, હીણાયલી પ્રજા
ઓળખાણ એ શબ્દથી આપવું, એ સર્વ આપણા પોતાનાજ હાથ
છે. જો હમણાં "હિન્દુ" શબ્દદ્વારા નિર્માલ્યભાવનું જ સૂચન થ
હોય તો તેથી ખિન્ન ન થતાં તમારી કૃતિવડે સાબિત કરવાને તૈ
થાઓ કે કોઈ પણ ભાષામાં તેના કરતાં વધારે સારો, વધા
યશસ્વી શબ્દ છે જ નહિ. મારાં જીવનસૂત્રોમાંનું મુખ્ય સૂત્ર એ
કે મારે કદિ પણ મારા પૂર્વજોનું સ્મરણ કરતાં લજવાવું નહિ. જગત
મગરૂરમાં મગરૂર માણસોમાંનો એક હું છું, પણ મને સરળતા
કહેવા દો કે હું મારા પોતાના કોઇ ગુણમાટે અથવા મારી પોતા
કોઇ શક્તિનેમાટે મગરૂર નથી; પરંતુ મારા પ્રાચીન પૂર્વજોને
અત્યંત મગરૂર છું. જેમ હું ભૂતકાળનો ઇતિહાસ અવલોક
ગયો, જેમ જેમ હું મારી પાછળ દૃષ્ટિ કરતો ગયો તેમ તેમ મા
હૃદયમાં ગૌરવની ભાવના વધારે પ્રબળ થતી ગઇ. એ જ ભાવના
વડે મને સંપૂર્ણ વિશ્વાસજનિત દૃઢતા અને ધૈર્ય પ્રાપ્ત થયાં છે, એ
ભાવનાએ મને પૃથ્વી ઉપરની ધૂળમાંથી ઉભો કરીને આપણ
પૂર્વજોએ યોજેલા મહાન વિચારો અનુસાર કાર્ય કરવાને બળ અ
ઉત્સાહ અર્પણ કર્યો છે. ઓ પૂજ્ય પ્રાચીન આર્યોનાં સંતાનો! ઇશ્વર
કૃપાથી તમારામાં પણ એવા અભિમાનનો સંચાર થાઓ! તમા
રુધિરના અણુએઅણુમાં આપણા પૂર્વજો પ્રત્યેશ્રદ્ધાની ભાવના જ
જાઓ! એ અભિમાન, એ શ્રદ્ધા તમારા જીવનમાં ઓતપ્રોત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનો, અને તેદ્વારા આખા જગતનો ઉદ્ધાર થાઓ !

આપણું સર્વનું સંમિલન કઇ સામાન્ય ભૂમિકા ઉપર થઇ શકે તેમ છે. આપણા પ્રજાજીવનનો સામાન્ય પાયો ક્યાં છે તે શોધી કાઢતા પહેલાં આપણે એક બાબત સારી રીતે સ્મરણમાં રાખવાની જરૂર છે. જેમ પ્રત્યેક મનુષ્યને વ્યક્તિત્વ છે તેમ પ્રજાને પણ પ્રજાનું વ્યક્તિત્વ છે. જેમ એક મનુષ્ય અમુક બાબતોમાં બીજા મનુષ્યથી જુદો પડી જાય છે, જેમ દરેક મનુષ્યમાં બીજાના કરતાં કાંઇક ભિન્ન જાતની ચોક્કસ ખાસિયતો છે, તેમ દરેક પ્રજા વચ્ચે પણ કેટલાક ચોક્કસ લક્ષણગત ભેદ હોય છે જ. જેમ દરેક મનુષ્યનું જીવન કુદરતના અમુક ઉદ્દેશની સિદ્ધિને અર્થે જ છે, જેમ તેનાં પૂર્વનાં કર્મના યોગથી તેની અમુક દિશા તેને માટે નિર્માણ થએલી હોય છે, તેમ દરેક પ્રજાને માટે પણ અમુક ઉદ્દેશ અને અમુક કાર્યપ્રણાલી કુદરતના કાર્યક્રમમાં નિર્માણ થઇ ચૂકેલાં છે. દરેક પ્રજાએ આ કાર્યક્રમપ્રમાણે અમલ કરવાનો છે, જગતને અમુક સંદેશ પહોંચાડવાનો છે અને અમુક પ્રકારના પ્રજાના જીવનવ્રતની પૂર્ણાહુતિ કરવાની છે. માટે આપણી પ્રજાનું જીવનવ્રત શું છે, કુદરતના કાર્યક્રમમાંનું ક્યું કાર્ય તેને માટે આવેલું છે, સમસ્ત પ્રજાસંઘની પ્રગતિમાં તેને ક્યું સ્થાન લેવાનું છે, પ્રજાઓના સંગીતની એકતાનતામાં તેને ક્યો સુર વગાડવાનો છે, તે પહેલેથી જ જાણી લેવાની જરૂર છે. આપણા દેશમાં નાનાં બાળકોને એક એવી વાત કહેવામાં આવે છે કે અમુક પ્રકારના નાગના માથાપર મણિ હોય છે અને જ્યાં સુધી તેની પાસે તે મણિ કાયમ હોય ત્યાં સુધી કોટિ ઉપાયે પણ એ નાગનો નાશ થઇ શકતો નથી. એવી જ વાતો અમુક રાક્ષસોનેમાટે પણ કહેવાય છે, કે તેમનો આત્મા અમુક નાનાં નાનાં પક્ષીઓની અંદર રહે છે અને જ્યાંસુધી તે પક્ષીઓ સલામત હોય ત્યાં સુધી એ રાક્ષસોને કોઈ પણ ઉપાયે હણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાતા નથી. તમે તેમના ટુકડે ટુકડા કરી નાખો અગર ગમે તે ઉપ
કરો પણ તેમને કશી જ ઇજા થશે નહિ. એવી જ રીતે પ્રજાઓ
પણ છે. અમુક પ્રજાનું જીવન એક ચોક્કસ સ્થાનમાં, એક ચોક્ક
વિષયમાં કેન્દ્રીભૂત થએલું હોય છે, આખી પ્રજાની પ્રજાભાવના
એક ચોક્કસ બાબતમાં આબદ્ધ થએલી હોય છે અને જ્યાંસુધી
ઠેકાણે પ્રહાર કરવામાં ન આવે ત્યાંસુધી એ પ્રજાનો કોઇથી વા
પણ વાંકો થઈ શકતો નથી. આ મહાન્ નિયમદ્વારા આખા જગ
તના ઇતિહાસમાં સૌથી અપૂર્વ અને અદ્ભુત ઐતિહાસિક વ્યાપાર
રહસ્ય સમજાઈ શકે છે. આપણી ધર્મપરાયણ ભૂમિ ઉપર થઇને જ
ગલી, ઝનુની પ્રજાઓની એક પછી એક અનેક છોળો પસાર થઇ જ
છતાં આપણે આજદિન સુધી ખડક જેવા અડગ ઉભા છીએ. સેંકડો
વર્ષસુધી ભરતખંડનું આકાશ "અલ્લાહુ અકબર"ની ગર્જનાથી ગાજ
રહ્યું હતું અને હિંદુ માત્રને પોતાના આયુષ્યનો ક્ષણનો પણ ભરોસો ન
હતો. આ પ્રમાણે આપણી પ્રજાએ જગતની તમામ પ્રજાઓમાં સૌથી વિશેષ
જુલ્મ અને પરદેશીઓનો સપ્તમાં સપ્ત અંકુશ સહન કર્યો છે, છતાં
આપણે લગભગ તેવા ને તેવાજ અક્ષત રહ્યા છીએ. હજી પણ જરૂર
પડે તો એવી બીજી અનેક વિપત્તિઓ સહન કરવાને આપણે તૈયાર છીએ.
એટલુંજ નહિ પણ થોડા સમયથી તો આપણાંમાં પ્રજાચેતનની નિશાનીઓ
પણ પ્રકટ રીતે જણાવા લાગી છે. એ બતાવે છે કે આપણે
આટલી વિપત્તિઓ છતાં અક્ષત રહ્યા છીએ; એટલુંજ નહિ પણ પ્રજા
ગૌરવને ખાતર વિદેશ જવાને પણ તૈયાર છીએ કારણ કે વિસ્તૃતિ
એજ જીવનનું લક્ષણ છે.

આપણે જોઇએ છીએ કે આપણા વિચારો, આપણી ભાવનાઓ
ભરતખંડની સીમામાં આબદ્ધ થએલાં નથી. આપણને એ વાત પસંદ
હોય યા ન હોય તોપણ તેઓ હવે દેશની બહાર જઇને વિદેશી પ્રજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓનાં સાહિત્યમાં ધીરે ધીરે ગળાઈ ગળાઇને પ્રવેશ કરવા લાગ્યાં છે. અન્ય પ્રજાઓના જીવનમાં તેમને સ્થાન મળવા લાગ્યું છે અને અમુક ઠેકાણે તો ભરતખંડના તત્ત્વવિચારોને ગુરુનું, આદેશકર્તાનું સ્થાન પણ પ્રાપ્ત થયું છે. એનું એકજ કારણ છે કે જગતના કલ્યાણમાટે ભરતખંડે જે કિંમતીમાં કિંમતી ચીજનું દાન કર્યું છે તે કોઇ પાર્થિવ પદાર્થ નહિ પણ મનુષ્યનું મન જે જે વિષયોમાં રોકાઇ શકે તે સર્વમાં શ્રેષ્ઠ અત્યંત મહિમાવાન અને પરમ ગંભીર વિષયો—ધર્મ અને તત્ત્વજ્ઞાનના વિષયો છે.

આપણા પૂર્વજોએ અનેક વિષયોનો અભ્યાસ અને સંશોધન કરવા માંડયાં હતાં. તેઓ પણ બીજી પ્રજાઓની માફક શરૂઆતમાં બાહ્ય સૃષ્ટિનાં રહસ્યો શોધી કહાડવા પાછળ મંડયા હતા, અને આપણે જાણીએ છીએ કે એ અલૌકિક પ્રજાએ જો એ દિશામાં પ્રવૃત્તિ ચાલુ રાખી હોત; તો પોતાની અસામાન્ય બુદ્ધિના પ્રભાવથી, આજે આખા જગતના ખ્યાલમાં પણ ન આવી શકે એવી આશ્ચર્યકારક શોધખોળ કરી હોત પણ એ કરતાં વધારે ઉચ્ચ વસ્તુની પ્રાપ્તિ કરવાના હેતુથી તેમણે આ માર્ગ છોડી દીધો, વેદના મંત્રોમાં ભૌતિક વિજ્ઞાન કરતાં પણ કોઇ વિશેષ ઉચ્ચ વિષયનો પ્રતિધ્વનિ સંભળાય છે.

"सा परा यया तदक्षरमधिगम्यते।"

"જે વિદ્યાવડે અક્ષર એટલે વિકાર રહિત (બ્રહ્મ) નું જ્ઞાન થાય તેજ મોટામાં મોટી વિદ્યા છે." પરિવર્તનશીલ, અશાશ્વત કુદરતનું જ્ઞાન; મૃત્યુ, દુઃખ અને શોકપૂર્ણ જગતનું જ્ઞાન પણ અલબત્ત મહત્વનું તો છે જ; પણ અપરિણામી, આનંદમય ઈશ્વર કે જે શાંતિ પ્રાપ્ત કરવાનું એક માત્ર સ્થાન છે, જેની પાસેથી જ અનંત જીવન અને પૂર્ણતા પ્રાપ્ત કરી શકાય છે. જેની સમીપતા મેળવવાથીજ સર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકારના સંતાપનું ઉપશમન થઇ જાય છે, તે ઇશ્વરનું જ્ઞાન એજ સર્વથી શ્રેષ્ઠ વિદ્યા છે એવો આપણા પૂર્વજોનો અભિપ્રાય હતો. જે વિજ્ઞાનવડે માત્ર અન્નવસ્ત્રની જ પ્રાપ્તિ થાય છે, જે વિજ્ઞાનવડે જાતિભાઈઓ ઉપર જય મેળવવાનું બળ પ્રાપ્ત થાય છે, જે વિજ્ઞાનવડે જગતની અન્ય પ્રજાઓને જિતીને તેમને પોતાના પગતળે દબાવી રાખવાનું સામર્થ્ય મળે છે, અને જે વિજ્ઞાનવડે બળવાન વ્યક્તિ નિર્બળ ઉપર અધિકાર ચલાવી શકે છે, તે વિજ્ઞાનની જો આપણા પૂર્વજોને દરકાર હોત તો તેમણે તે વિષયને મનમાનતો ખીલવ્યોજ હોત; પણ ઇશ્વરકૃપાથી તેઓ ખરી દિશા તરફજ વળ્યા. જે દિશા પૂર્વોક્ત દિશા કરતાં અનંતગણી શ્રેષ્ઠ અને મહિમાવાન અને અનેકગણી કલ્યાણકારક છે તે દિશામાંજ તેઓ એવી એકનિષ્ઠાથી પ્રગતિ કરતા ગયા કે આખરે એ વલણ આપણી પ્રજાનું લક્ષણગત વિશેષત્વ થઇ પડ્યું; હજારો વર્ષથી વંશપરંપરાએ ઉતરી આવીને આપણા રૂધિરમાં, આપણા સ્વભાવના બંધારણમાં ઓતપ્રોત થઇ ગયું; આપણી નાડીએ નાડીમાં અને રગેરગમાં વ્યાપી ગયું; અને એમ કરતાં કરતાં આજે "ધર્મ" અને "હિન્દુ" એ બે શબ્દો સમાનાર્થસૂચક થઇ પડ્યા! આજ આપણી પ્રજાનું વિશેષત્વ છે અને તેના ઉપર પ્રહાર થઇ શકે એમ નથી. હજારો અસભ્ય રાની પ્રજાઓ અસંસ્કૃત ધર્મ ભાવનાઓને લઇને બંદુક અને તલવારથી ત્રાસ વર્તાવતી આપણા દેશમાં આવી ગઇ પણ કોઇનાથી આ. મર્મભાગ ઉપર પ્રહાર થયો નથી, કોઇએ આપણા માથા ઉપરના "મણિ"ને સ્પર્શ કર્યો નથી. આપણો પ્રાણ જે "પક્ષી"માં રહેલો છે તેને હણવાનું સામર્થ્ય કોઇનામાં હતું જ નહિ. આજ આપણી પ્રજાની જીવનશકિત છે અને જ્યાં સુધી તે સલામત રહેશે ત્યાં સુધી જગતમાં એવી એક પણ શકિત નથી કે જે તમારો વિનાશ કરી શકે, જ્યાં સુધી આપણા પૂર્વજો તરફથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસામાં મળેલા આ અપૂર્વ મૂલ્યવાન રત્નસ્વરૂપ ધર્મને આપણે સાચવી રાખીશું ત્યાં સુધી સંસારમાં થતા સર્વ પ્રકારના અત્યાચાર, જુલમ અને કષ્ટરૂપી અગ્નિની જવાલામાંથી પ્રહ્લાદની માફક આપણે એક પ્રજારૂપે અક્ષત શરીરે બહાર નીકળી શકીશું. જો કોઇ હિંદુ ધાર્મિક નહિ હોય તો હું તેને હિંદુજ માનીશ નહિ. બીજા દેશોના લોકોનું એવું લક્ષણ છે કે તે લોકો પ્રથમ રાજનૈતિક પ્રવૃત્તિ કરે છે અને તેમાંથી નિવૃત્ત થયા પછી જ જરા તરા ધર્મની અંદર ચંચુપાત કરે છે; પણ હિંદુસ્તાનમાં તો મનુષ્ય જીવનનું મુખ્ય અને સૌથી પહેલું જ કરી લેવાનું કર્તવ્ય એ છે કે દરેક જણે ધર્મનું પાલન કરવું અને તે પછી જ અવકાશ હોય તો બીજા વિષયોને હાથ લગાડવો. આ બાબત સ્મરણમાં રાખશો તો આપણી પ્રજાના ઉત્કર્ષને માટે ભૂતકાળમાં તેમજ વર્તમાન સમયમાં અને ભવિષ્યમાં પણ આપણી આધ્યાત્મિક શકિતઓને શોધી શોધીને બહાર કહાડવાની શા સાટે આવશ્યકતા છે તે તરત જ તમે સમજી શકશો. હિંદુસ્તાનની પ્રજાનું ઐક્ય કરવું હોય તો આપણે ભિન્ન ભિન્ન આધ્યાત્મિક શકિતઓને કેન્દ્રીભૂત કરવી પડશે. **જેઓના હૃદયરૂપી સિતારના તાર એક જ જાતના આધ્યાત્મિક સુરમાં મેળવાયલા હશે તેમના જ સંમિલનથી ભારતીય પ્રજાનું ઐક્ય થઇ શકશે.**

આપણા દેશમાં જોઇએ એટલા સંપ્રદાય છે. અત્યારે પણ તે પૂરતા છે અને ભવિષ્યમાં પણ તે ઓછા થનાર નથી. આનું કારણ આપણા ધર્મનું એક ખાસ વિશેષત્વ છે, આપણા ધર્મના મૂળ સિદ્ધાંત એવા વિશાળ અને ઉદાર છે કે પાછળથી તેમાં ગમે તેટલી ખિલવણી અને ઘુંચવણભરેલી ઝીણવટ ઉત્પન્ન કરવામાં આવે તોપણ એ મૂળ સિદ્ધાંત જે આપણા માથા ઉપરના આકાશ જેવા ઉદાર છે અને ખુદ પ્રકૃતિના જેવા જ સનાતન છે તેજ આ જુદા જુદા સંપ્રદાય રૂપે પરિણતિ પામેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આ સંપ્રદાયો કુદરતી રીતે હમેશ રહેવાના જ. માત્ર સાંપ્રદાયિક કલહ રહેવા ન જોઇએ. સંપ્રદાય ભલે રહે પણ સાંપ્રદાયિક દ્વેષ ન જોઇએ. સંપ્રદાય વિના જગતનો વ્યવહાર ચાલતો નથી. એક જ વર્ગનાં માણસો બધા પ્રકારનાં કામ કરી શકેજ નહિ. જગતની અનંત શક્તિઓના સમૂહની પરિચાલના થોડા માણસોથી થઇ શકે નહિ. આથી કરીને આપણને પ્રતીત થશે કે જુદા જુદા સંપ્રદાયોની રચના કરીને "શ્રમ વિભાગ" (Division of labour) નામના અર્થશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે કાર્ય કરવાની આપણને જરૂર પડી હતી. આધ્યાત્મિક શક્તિઓની સુવ્યવસ્થિત પરિચાલના કરવા માટે સંપ્રદાય ભલે રહ્યા, પણ આપણાં શાસ્ત્રો એકે અવાજે જાહેર કરે છે કે ભેદ માત્ર ઉપર ઉપરનો જ છે. આટલા આટલા સાંપ્રદાયિક ભેદ છતાં એ સંપ્રદાયો સંમિલનના સુવર્ણસૂત્રથી ગૂંથાયલા છે-તેમની અંદર બહુજ રમણીય એકતા રહેલી છે. જ્યારે આમજ છે ત્યારે પછી આપણે પરસ્પર વિવાદ કરવાની જરૂર છે ખરી ? શાસ્ત્રો કહે છે કે **'एकं सत् विप्रा बहुधा वदन्ति ।'** પદાર્થ એકજ છે, પણ ઋષિઓ તેને જુદે જુદે રૂપે વર્ણવે છે. આથી કરીને હિંદુસ્તાન કે જ્યાં સર્વ સંપ્રદાયનું પરાપૂર્વથી સન્માન થતું આવ્યું છે, તે ભૂમિમાં જો હમણાં સાંપ્રદાયિક કલહ ચાલતા હોય અને જુદા જુદા સંપ્રદાયો વચ્ચે તિરસ્કાર અને દ્વેષભાવ જોવામાં આવતા હોય તો પછી આપણે આપણા મહિમાવાન્ પૂર્વજોના વંશજો છીએ એમ કહેતાં શરમાવું જોઇએ.

હું માનું છું કે એવા કેટલાક મુખ્ય સિદ્ધાંતો છે જે આપણને સર્વને એકસરખી રીતે માન્ય છે. ભલે આપણે વૈષ્ણવ હોઇએ અથવા શૈવ હોઇએ; શાક્ત હોઇએ કે ગાણપત્ય હોઇએ; સનાતન ધર્માવલંબી હોઇએ કે આર્ય સમાજ, પ્રાર્થના સમાજ કે એવા કોઇ નવીન સંપ્રદાયના અનુયાયી હોઇએ; પરંતુ આપણે સઘળા હિન્દુ છીએ, અને હિન્દુ તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે અમુક મુખ્ય સિદ્ધાંતોને માન્ય ગણીએ છીએ; એ વાત આપણે કોઇએ પણ ભૂલવી જોઇએ નહિ. એ સિદ્ધાંતોની વ્યાખ્યા કરવામાં તેમના અર્થ કરવામાં આપણા વચ્ચે મતભેદ પડતો હશે, અને એ મતભેદ રહેવો જ જોઇએ. એ મતભેદનું પણ પ્રયોજન છે; કારણ કે આપણે કોઈ પણ વ્યક્તિ ઉપર આપણા વિચાર પરાણે ઠસાવવા ઇચ્છતા નથી. બીજા લોકો પોતાનાં જીવન આપણી ભાવના મુજબ ઘડે અને શાસ્ત્રના આપણે જે અર્થ કહીએ તે જ અર્થ તેઓ પણ ગ્રહણ કરે, એવો આગ્રહ કરવો એ એક પ્રકારનું પાપ છે. જે ગૃહસ્થો અત્ર હાજર છે તેઓ મારી સાથે પહેલી બાબતમાં તો એક મત થશે કે આપણે હિંદુઓ વેદવાકયને ધર્મનાં રહસ્યના સનાતન ઉપદેશ તરીકે ગણીએ છીએ. આપણે સઘળા એક મતે સ્વીકાર કરીએ છીએ કે આ પવિત્ર સાહિત્ય અનાદિ અને અનંત છે. જેમ પ્રકૃતિને આદિ કે અંત નથી તેમ વેદને પણ નથી; અને જ્યારે આપણે એ પવિત્ર ગ્રંથની સમક્ષ ઉભા રહીએ ત્યારે આપણા વચ્ચેના ધર્મવિષયક મતભેદ અને ધર્મને લીધે થતા કલહ એકદમ બંધ જ થઇ જવા જોઇએ. આપણે વળી એમ પણ સ્વીકારીએ છીએ કે ધર્મના મતભેદના નિરાકરણ-માટે આપણી વરિષ્ઠમાં વરિષ્ઠ અદાલત વેદ છે. વેદ તરીકે કોને ઓળ-ખવો એ વિષે આપણા અભિપ્રાય કદાચ મળતા આવશે નહિ. એક સંપ્રદાયના અનુયાયીઓ વેદના અમુક ભાગને બીજા બધા ભાગ કરતાં વિશેષ પવિત્ર માને છે; પણ તેથી કાંઇ હાનિ નથી. જ્યાં સુધી આપણે એકે અવાજે કબૂલ કરીએ કે વેદને માનવાની બાબતમાં આપણે સઘળા ભાઇઓ છીએ; અને આપણી પાસે હાલ જે કાંઇ પવિત્ર, મહિમાવાન અને ઉત્તમ વસ્તુ છે તે સર્વ આપણને તે સનાતન, પવિત્ર, અપૂર્વ ગ્રંથદ્વારા પ્રાપ્ત થએલી છે; ત્યાં સુધી આપણી વચ્ચે ગમે તેટલા મતભેદ છતાં આપણે બધા એક જ છીએ. આ બાબતમાં જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણો સર્વેનો દૃઢ વિશ્વાસ હોય તો હાલ માત્ર તેજ બાબતનો આખા હિંદુસ્તાનના તમામ લોકોમાં કશો પણ ભેદ રાખ્યા વગર પ્રચાર થવા દો. તમે માનો છો તે સત્ય જ હોય તો જે સર્વોપરિ સ્થાનને માટે વેદ અસલથી જ યોગ્ય છે અને તે યોગ્યતાનો આપણે સ્વીકાર પણ કરીએ છીએ તે સ્થાન વેદને સત્વરજ આપો. ત્યારે આપણેમાટે પહેલી સંમિલનભૂમિકા વેદ છે.

બીજો મુદ્દો એ છે કે આપણે બધા ઈશ્વરને સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલયકર્તા માનીએ છીએ. આપણે માનીએ છીએ કે કલ્પના અંત સમયે સમગ્ર સૃષ્ટિનો ઈશ્વરમાં લય થઈ જાય છે અને બીજા કલ્પનો આરંભ થતાં બ્રહ્માંડમાંથી અદ્‌ભુત પ્રપંચરૂપ જગત્ ફરીથી પ્રકટ થાય છે. આપણા ઈશ્વર વિષેના આદર્શો જુદા હશે એ વાત સત્ય છે, અમુક માણસો સર્વાંશે સગુણ ઈશ્વરને માને છે તો અમુક માણસો તેને તેવો માનવા છતાં મનુષ્યદેહ અને મનુષ્યભાવને ધારણ કરનાર ઈશ્વર (અવતાર)ને માનતા નથી. વળી એવા પણ કેટલાક છે કે જેઓ શુદ્ધ નિર્ગુણ ઈશ્વરને જ માને છે. વેદમાંથી આ ત્રણે મતને આધાર મળી શકે છે. ઉપર કહ્યા તેવા મતભેદ છતાં પણ આપણે બધા ઈશ્વરને તો માનીએ છીએજ. બીજા શબ્દોમાં કહીએ તો તે અલૌકિક અનંત શક્તિમાંથી જ સર્વની ઉત્પત્તિ થઇ છે, તેના આધારથી જ સર્વ જીવે છે, અને તેની અંદર જ સર્વનો લય થનાર છે. જે મનુષ્યને આ મત કબુલ નથી તેને હિંદુ કહી શકાય નહિ. જો આ માન્યતા આપણને સર્વને મંજૂર હોય તો તેનો પણ આખા દેશમાં પ્રચાર કરો. એમાં આપણી વચ્ચે વાસ્તવિક મતભેદ છે જ નહિ. માત્ર ગમે તે રીતે લોકો ઈશ્વરને ઓળખતા થાય એવો ઉપદેશ આપો. આપણને તેની જ જરૂર છે. કદાચ તમારામાંના કોઇનો આદર્શ બીજાના આદર્શ કરતાં વધારે ઉચ્ચ હશે, પણ આટલું તો ચોક્કસ માનજો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇનો પણ આદર્શ ખરાબ તો છે જ નહિ. એક સારો છે, બીજો તેનાથી વધારે સારો છે; ત્રીજો કદાચ તેનાથી પણ વધારે સારો હોય; પણ આપણા ધર્મના અધિકરણમાં (category) " અસત્ય, " " નહારૂં " એવા શબ્દો જ વપરાયા નથી. માટે જે જે મહાત્માઓ ગમે તે ધોરણથી ધર્મનો પ્રચાર કરતા હોય તેમના ઉપર ઈશ્વરની કૃપા હોજો ! **જેમ દેશમાં ધર્મનો, અને ઈશ્વરનો પ્રચાર વધારે તેમ દેશનું કલ્યાણ પણ વધારે.** આપણાં બાળકોનાં અંતઃકરણમાં આ વાત પ્રથમ દાખલ કરીનેજ તેમને કેળવણી આપજો. **ગરીબમાં ગરીબ અને નીચમાં નીચથી માંડીને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અને શ્રીમંતમાં શ્રીમંત સુધીના એકેએક માણસના હૃદયમાં ઈશ્વરના મહિમાનો સંચાર કરો.**

ત્રીજો મુદ્દો જે હું આજે તમારી સમક્ષ રજુ કરવા માગું છું તે એ છે કે " જગતની ઉત્પત્તિ અમુક હજાર વર્ષ પૂર્વે થઇ હતી અને અમુક દિવસે તેનો સમૂળો નાશ થશે " એ વાત આપણે બીજી કેટલીક* પ્રજાઓની માફક માનતા નથી; તેમજ " શૂન્યમાંથી આખા જગતની અને જીવાત્માની રચના થઇ " એ વાત પણ આપણને કબુલ નથી. હું માનું છું કે આ બાબતમાં પણ આપણે બધા હિંદુઓ એકમત છીએ. આપણે પ્રકૃતિને અનાદિ અને અનંત માનીએ છીએ. માત્ર કલ્પના અંત વખતે સ્થૂલ જગત સૂક્ષ્મ અવસ્થામાં પરિણામ પામે છે અને એવી સ્થિતિમાં અમુક સમય પર્યંત રહે છે, તથા વળી

* મુસલમાનો તથા ખ્રિસ્તીઓના મત પ્રમાણે ઈ. સ. પૂર્વે ચાર પાંચ હજાર વર્ષપર જગત્ ઉત્પન્ન થયું હતું અને કયામતને દિવસે તેનો પ્રલય થશે. તે દિવસે ઈશ્વર પાપીઓનો ઈન્સાફ કરીને તેમને અનંતકાળપર્યંત નરકમાં મોકલી દેશે આવો તેમનો સામાન્યમત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછું તે બહાર આવીને આ અનંત દૃશ્ય સૃષ્ટિ, જેને આપણે કુદરત કહીએ છીએ તે રૂપે વ્યક્ત થાય છે. આ પ્રમાણે અનંત કાળથી–જ્યારે કાળની ગણનાનો આરંભ પણ થયો ન હતો તે પહેલાંના સમયથી–ઉત્પત્તિ અને લય પામતા સમુદ્રના તરંગના જેવી ગતિ ચાલી આવી છે અને અનંતકાળપર્યંત ચાલુ રહેશે.

વળી આપણે સઘળા હિન્દુઓ માનીએ છીએ કે મનુષ્ય એટલે આ સ્થૂળ જડ શરીર નહિ; તેમજ એ સ્થૂળના અંદર રહેલું સૂક્ષ્મ શરીર એટલે કે મન પણ નહિ; પરંતુ એ બેઉ કરતાં પણ કોઇ વધારે શ્રેષ્ઠ પદાર્થ છે. કારણ કે શરીર તેમજ મન બેઉ રૂપાંતર પામ્યા કરે છે, ત્યારે એ બેઉથી પર એવો જે આત્મા કે જેને માટે હું અંગ્રેજી શબ્દ આપી શકતો નથી કારણ કે અંગ્રેજી ભાષામાં એ અર્થસૂચક જેટલા શબ્દો છે તે બધાજ અધૂરા છે; એ આત્મા અનાદિ, અનંત અને અવિનાશી પદાર્થ છે. મૃત્યુ જેવી તો કોઇ વસ્તુજ તેને માટે નથી. એ સિવાય આપણા અને બીજી પ્રજાઓના અભિપ્રાય વચ્ચે મોટા તફાવતનો વિષય એ છે કે આપણા મત પ્રમાણે મનુષ્યનો આત્મા ફરી ફરીને નવા દેહ ધારણ કરે છે, અને એમ કરતાં કરતાં તે આખરે એવી અવસ્થાએ પહોંચે કે જ્યારે તેને કોઇ પણ શરીર ધારણ કરવાનું પ્રયોજન કે ઇચ્છા રહેતી નથી. જ્યારે તે આ દશાએ પહોંચે ત્યારે તે મુક્ત થાય છે અને તેને પુનઃ જન્મ લેવો પડતો નથી. હું અત્યારે આપણાં શાસ્ત્રમાં લખેલો સંસારવિષેનો અને આત્માના નિત્યત્વ-વિષેનો સિદ્ધાંતજ તમારી આગળ રજુ કરૂં છું. આપણે ગમે તે સંપ્રદાયના હોઇએ તોપણ ઉપર કહેલી બાબત તો આપણે બધા સર્વાનુમતે સ્વીકારીએ છીએજ. આત્મા અને પરમાત્માના સંબંધવિષે આપણી વચ્ચે મત ભેદ હશે; એક સંપ્રદાયના મત પ્રમાણે આત્મા અને પરમાત્માનો નિત્ય અભેદ છે, તો બીજા સંપ્રદાયનો મત એવો છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મા એ પરમાત્મારૂપી અનંત અગ્નિના એક તણખા જેવોજ છે. વળી બીજો મત એવો છે કે જીવાત્મા પરમાત્માથી કેવળ ભિન્ન છે અને સદાને-માટે ભિન્ન જ રહેશે. એ પ્રમાણે આત્મા અને પરમાત્મા સંબંધી આ-પણા અભિપ્રાય ગમે તેવા જુદા હોય તો પણ "આત્મા અનંત છે, તે કદિ ઉત્પન્ન થયો નથી અને તેથી તેનો કદિ નાશ પણ થતો જ નથી. આત્મા જુદાં જુદાં શરીર ધારણ કરીને ધીમે ધીમે ઉન્નત થતો જાય છે અને છેવટે મનુષ્યદેહદ્વારા તે પૂર્ણત્વની પ્રાપ્તિ કરે છે;" એટલાં સામાન્ય મૂળતત્ત્વો જ્યાં સુધી આપણે બધા માનતા હોઇએ ત્યાં સુધી ગમે તેટલા પેટાભેદ છતાં પણ આપણે એકજ મતના છીએ.

પાશ્ચાત્ય અને ભારતીય ભાવનાઓ વચ્ચે એક બાબતમાં સંપૂર્ણ મતભેદ છે, કે જે મતભેદવડે બેઉ પ્રજાની ભાવનાઓ પરસ્પરથી તદ્દન જુદી અથવા વિરુદ્ધ બની જાય છે. એ પ્રશ્ન ધર્મના પ્રદેશમાં સૌથી વિશેષ અગત્યનો છે અને ભારતીય તત્ત્વજ્ઞાન એનો જે ઉત્તર આપે છે તે અત્યંત મહિમાવાન્, ગંભીર અને અપૂર્વ છે. આધ્યાત્મિક પ્રદે-શમાં આજ સુધીમાં જે જે સંશોધન થયાં છે તેમાં આ વિષયને સૌથી વધારે મહત્વનું સ્થાન મળે છે. તમારામાંથી જેમણે પાશ્ચાત્ય તત્ત્વદર્શ-નનો અભ્યાસ કર્યો હશે તેમને ખબર હશે કે પાશ્ચાત્ય અને પૌર્વાત્ય ભાવનાઓને એકે ઝટકે છૂટી પાડનાર, તદ્દન નિરાળી બનાવી દેનાર શરૂઆતથી જ ઉત્પન્ન થએલો એક મહાન પ્રભેદ છે. આપણે શાક્ત હોઇએ અથવા શૈવ કે વૈષ્ણવ હોઇએ, અથવા ગમે તો બૌદ્ધ કે જૈન હોઇએ તો પણ આપણે તમામ ધર્મ અને સંપ્રદાયના હિંદુઓ માનીએ છીએ કે આત્મા અસલથીજ પવિત્ર, પૂર્ણ, અનંત ઐશ્વર્યવાન્ અને આનંદમય છે. આપણામાંના માત્ર દ્વૈતવાદીઓ જ મૂળ સિદ્ધાંતને માનવા છતાં એક અલ્પ તફાવત રાખે છે. તેમના મત પ્રમાણે "આત્મા મૂળથી તો આનંદમય અને પવિત્ર છે, પણ અસત્કર્મની અસરને લીધે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સંકુચિત થએલો છે અને ભક્તિદ્વારા ઇશ્વરનો અનુગ્રહ પ્રાપ્ત કરતાં તેનો પુનઃ વિકાસ થઇને તે પોતાના પૂર્ણત્વની પુનઃ પ્રાપ્તિ કરશે." અદ્વૈતવાદનો સિદ્ધાંત એવો છે કે ઉપર પ્રમાણે આત્માનો અમુક કાળ સુધી જે સંકોચ થએલો જણાય છે એ માન્યતાજ ભ્રાંતિયુક્ત છે. આત્માનો કદિ સંકોચ થતો જ નથી અને થાય પણ નહિ. માત્ર માયાના આવરણવડે જ આપણને ભ્રાંતિ થાય છે કે આત્મા પોતાની તમામ શક્તિઓ ગુમાવી બેઠો છે; પણ વાસ્તાવિક રીતે તેમ થતું પણ નથી ને છે પણ નહિ. તેની તમામ શક્તિઓ અત્યારે અને સદા સર્વદા પૂર્ણ અવસ્થામાં છે.

દ્વૈત અને અદ્વૈતવાદ વચ્ચે આટલો પ્રભેદ છે તોપણ મૂળ સિદ્ધાંત એટલે કે આત્મા સ્વાભાવિક રીતે પૂર્ણ છે—એ વાત તો બેઉ સ્વીકારે છેજ. *પાશ્ચાત્ય અને પૌર્વાત્ય ભાવનાઓ વચ્ચે આ બાબતમાં જે વજ્રજેવી દુર્ભેદ્ય દિવાલ આડી આવેલી છે તેનું સમાધાન કે સંમિલન થઇ શકે તેમજ નથી. જે કાંઇ મહત્વનું અથવા જે કાંઇ પવિત્ર છે તેનું અન્વેષણ કરવાને માટે પૂર્વના લોકોનો રિવાજ હૃદયની અંદર ઉંડા ઉતરીને જોવાનો છે. તેટલા માટે પ્રાર્થના અથવા ધ્યાન કરતી વખતે આપણે નેત્ર બંધ કરીએ છીએ અને ઇશ્વરને આપણા હૃદયમાં શોધવાનો યત્ન કરીએ છીએ. પશ્ચિમના લોકો તેમ ન કરતાં ઇશ્વરને જોવામાટે બહારની સૃષ્ટિ શોધી વળે છે. પાશ્ચાત્ય ધર્મશાસ્ત્રો Inspired એટલે બહારથી આવેલી પ્રેરણાની સહાયથી લખાયાં છે; જ્યારે આપણાં શાસ્ત્રો Expired છે એટલે કે તે મંત્રદ્રષ્ટા—ઋષિઓના હૃદયમાંથી ઉચ્છ્વાસની માફક અંદરથી બહાર આવેલાં છે.

* પાશ્ચાત્ય ધર્મશાસ્ત્રોમાં આત્માને મૂળથી જ ભ્રષ્ટ અને પાપી માનેલો છે. કેમકે એ લોકો આત્માનું અનુસંધાન કરવામાં ઉંડા ઉતર્યા નથી.

ભા. ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા મિત્રો ! મારા બંધુઓ ! આજ મુદ્દો આપણે બરાબર સમજી લેવો જોઇએ અને હું તમને કહું છું કે ભવિષ્યમાં પણ લોકોના મનમાં આપણે આજ બાબત વારંવાર ઠસાવવાની છે; કારણ કે આ જાતના સત્ય ઉપર મને દૃઢ વિશ્વાસ છે અને તેથીજ હું તમને વારંવાર આગ્રહપૂર્વક કહું છું કે જે માણસ 'હું પામર છું, હું દીન છું,' એવાજ વિચાર રાતદિવસ કર્યાજ કરશે તે એક પણ સારૂં કાર્ય કરી શકનાર નથી. જો કોઇ આખો દિવસ એવીજ ધારણા કર્યા કરે કે 'હું દુઃખી છું, નિર્બળ છું, પામર છું, નિર્માલ્ય છું' તો ખરેખર તે તેવોજ થઇ જશે. અને જો તમે હિંમત અને શ્રદ્ધાપૂર્વક માનશો કે 'અલબત્ત, મારામાં પણ શક્તિ છે, હું કાંઇ કમ નથી' તો તમે અલ્પ સમયમાં શક્તિવાન થશો અને અદ્‌ભુત કાર્ય કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરશો. તમારામાં રહેલી અનંત શક્તિઓ જાગૃત થઇ જશે. 'હું કશા હિસાબમાં નથી, મારામાં કાંઇ સામર્થ્ય નથી' એમજ જો તમે માની બેસશો તો પછી તમે 'હિસાબ વગરના જ' થઇ જશો.

ઉપલા મહાન તત્ત્વને તમે બરાબર સમજી લેજો. યાદ રાખજો કે "આપણે સર્વ શક્તિમાન્ ઇશ્વરનાંજ સંતાન છીએ, આપણે તે અનંત બ્રહ્માગ્નિનાજ અંશ--તણખા છીએ. આપણામાં સર્વ પ્રકારનું સામર્થ્ય છે. આપણે તમામ પ્રકારના ઐશ્વર્યના માલિક છીએ. આપણે 'કશા હિસાબ વગરના' થઇએ જ શા માટે ? આપણે તો જેવા ધારીએ તેવા થઇ શકીએ તેમ છીએ, આપણે સર્વ શક્તિમાન છીએ, આપણામાં હરકોઇ કાર્ય કરવાનું સામર્થ્ય છે અને આપણે માટે કશું અસંભવિત નથી." બંધુઓ ! એવો દૃઢ આત્મવિશ્વાસ જાગ્રત કરો. આપણા પૂર્વજોમાં એવો જ્વલંત આત્મવિશ્વાસ હતો, એ આત્મવિશ્વાસનાજ ભાવથી, એ આત્મવિશ્વાસથીજ પ્રેરાઇને તેઓ સંસ્કૃતિના ઉંચામાં ઉંચા શિખરે પહોંચ્યા હતા. જો હમણાં આપણી અવનતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ હોય, જો આપણામાં કોઇ પણ પ્રકારના દોષ હોય તો હું તમને નિશ્ચયપૂર્વક કહું છું કે જે દિવસથી આપણા દેશના લોકો એ આત્મ-વિશ્વાસ ગુમાવી બેઠા તે જ દિવસથી તેમની અવનતિનો, તેમની દુર્દશાનો, તેમની નિર્માલ્યતાનો આરંભ થયો છે. જેનામાં આત્મશ્રદ્ધા નથી તેને ઇશ્વર ઉપર પણ શ્રદ્ધા નથી. તમે શું નથી માનતા કે અનંત, મંગલમય સૃષ્ટિકર્તા તમારા હૃદયમાં રહીને તમારાદ્વારા અનેક કાર્ય કરી રહ્યો છે? જો તમે માનતા હો કે એ સર્વવ્યાપી, અંતર્યામી પરમાત્મા પ્રત્યેક અણુમાં, પ્રત્યેક પરમાણુમાં, તમારાં દેહ, મન અને આત્મામાં ઓતપ્રોત રૂપે રહેલો છે તો પછી તમે નિરુત્સાહી શાને થાઓ છો? હું કદાચ સમુદ્રનો એક ક્ષુદ્ર પરપોટો હોઇશ અને તમે કદાચ તે સમુદ્રના એક પર્વત જેવડા ઉંચા તરંગતુલ્ય હશો તો પણ શું થયું? મારો તેમ જ તમારો બેઉનો આધાર તો તે અનંત, અગાધ મહાસાગર જ છે. જીવન, શક્તિ અને આધ્યાત્મિકતાના અનંત સમુદ્ર ઉપર મારો તેમજ તમારો બેઉનો સરખો હક છે. મારો જન્મ થયો ત્યારથીજ–મારામાં જીવન છે એ વાતથી જ સાબીત થાય છે કે એ અનંત જીવન સાથે, એ અનંત શક્તિ સાથે, એ અનંત શિવ(કલ્યાણ)સાથે મારો તેમજ તમારો સદાનો સંબંધ છે. પછી ભલે તમે પર્વતસમાન ઉચ્ચ અને વિશાળ હો તેથી શું થયું? આપણી શક્તિનું, આપણા જીવનનું મૂળ સ્વરૂપ અને સ્થાન તો એક જ છે; માટે હે બંધુઓ! તમારાં સંતાનોને જન્મથી જ આ જીવન પ્રદ, મહત્વવિધાયક, ઉચ્ચ, મહાન તત્ત્વ શીખવવાનો આરંભ કરજો. તેમને અદ્વૈતવાદ જ શીખવવો એવી જરૂર નથી. તમારી ઇચ્છા હોય તો દ્વૈતવાદ શીખવજો, અદ્વૈતવાદ શીખવજો અથવા તો ગમે તે "વાદ" શીખવજો. આપણે પહેલેથીજ જોઇ ગયા છીએ કે આત્માના પૂર્ણત્વમાં, તેના અનંત, અમર્યાદિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામર્થ્યમાં હિંદુસ્તાનના દરેક સંપ્રદાયના લોકોને શ્રદ્ધા છે. આપણા દેશના સર્વશ્રેષ્ઠ તત્ત્વજ્ઞ કપિલ કહે છે કે આત્માના મૂળ બંધારણમાં જો પવિત્રતા ન હોય તો તે કદિ પણ પવિત્રતા પ્રાપ્ત કરી શકે જ નહિ. જે સ્વાભાવિક રીતે પૂર્ણ નથી તે કદાચ પૂર્ણતા પ્રાપ્ત કરે તો પણ તે અવસ્થા સ્થાયી રહેશે નહિ. જો મનુષ્ય સ્વભાવથીજ અપવિત્ર હોય તો તે સદાને માટે અપવિત્ર જ રહેવાનો, અને કદાચ જો પવિત્ર થાય તો પણ ફક્ત અલ્પ સમય સુધીજ તેવો રહીને પાછો સમય આવતાંજ એ પવિત્રતા હતી ન હતી થઈ જશે અને પૂર્વની સ્વાભાવિક અપવિત્રતાનો અધિકાર પાછો તેના ઉપર પ્રવર્તશેજ. આપણા દેશના તમામ તત્ત્વજ્ઞો એટલા માટેજ એક મતે જાહેર કરે છે કે પવિત્રતા અને પૂર્ણતા એ આપણામાં પ્રકૃતિગતજ છે. આમ હોવાથી અપવિત્રતા અને અપૂર્ણતા આપણા મૂળ બંધારણમાં છેજ નહિ, એ માન્યતાને આપણે એવી તો દ્રઢ બનાવવી જોઇએ કે તેનું કદિ પણ વિસ્મરણ ન થાય. પોતાના અવસાનસમયે એ મહર્ષિએ પોતે કરેલાં ઉત્કૃષ્ટ કાર્ય અને પોતે ઉત્પન્ન કરેલા ઉચ્ચ વિચારનું સ્મરણ કરતાં કરતાં જે* ઉદ્ગાર પ્રકટ કર્યા હતા અને ભવિષ્યની પ્રજાને માટે જે ભવ્ય દૃષ્ટાંત તેઓ મૂકતા ગયા છે, તેનું સ્મરણ કરજો. તે પોતાના દોષનું કે પોતાની નિર્બળતાનું સ્મરણ કરવાનો મનને આદેશ કરતા ન હતા. મનુષ્યમાં દોષ હોય છે, નિર્બળતા પણ હોય છે; પરંતુ હમેશ તમારૂં સત્ય સ્વરૂપ સ્મરણમાં રાખજો. નિર્બળતાનો અને દોષ માત્રનો પ્રતીકાર કરવો હોય તો આ એકજ ઉપાય છે.

મને વિશ્વાસ છે કે ઉપર કહેલી બાબતો ભરતખંડના તમામ સંપ્રદાયોને માન્ય છે અને ભવિષ્યમાં પણ ઘણું કરીને એજ સામાન્ય ભૂમિકા ઉપર સંરક્ષક તેમજ ઉદાત્ત મતના, જુના તેમજ નવા વિચાર-

*ॐ क्रतो स्मर कृतं स्मर क्रतो स्मर कृतं स्मर । (ઈશોપનિષદ્.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળા તમામ માણસોનો યોગ થઇ શકશે. પણ એક બાબત કે જે સર્વ કરતાં વિશેષ અગત્યની છે, તેનું આપણને વારંવાર વિસ્મરણ થઇ જાય છે એમ મારે અત્યંત ખેદ સાથે જાહેર કરવું પડે છે. તે વાત એ છે કે ભરતખંડમાં ધર્મનો અર્થ "અપરોક્ષ અનુભવ અથવા સાક્ષાત્કાર" એવો થાય છે. સત્યનો સાક્ષાત્કાર જ્યાંસુધી ન થાય ત્યાંસુધી ધર્મની સિદ્ધિ થયેલી કહી શકાયજ નહિ. અમુક વાતમાં માત્ર શ્રદ્ધા રાખો એટલે તરત જ તમારો મોક્ષ થઇ જશે, એવો ઉપદેશ કોઇને આપી શકાયજ નહિ; કેમકે આપણે એવી વાતો ખરી રીતે માની શકતાજ નથી. **તમે જેવા થવાનો પ્રયત્ન કરશો તેવા થશો. હાલ તમે જે સ્થિતિમાં છો તે સ્થિતિમાં પણ તમે તમારા પોતાના પ્રયાસવડેજ આવેલા છો;** માટે અમુક સિદ્ધાંત અથવા અમુક વ્યક્તિના વચન ઉપર માત્ર શ્રદ્ધા રાખ્યાથીજ તમારૂં કલ્યાણ થઈ શકનાર નથી. **"અનુભૂતિ–અપરોક્ષાનુભૂતિ"** એવી મહાશક્તિમયી વાણી માત્ર ભરતખંડનાજ આધ્યાત્મિક આકાશમાંથી પ્રગટ થઈ હતી; અને માત્ર આપણાંજ શાસ્ત્રોમાં વારંવાર કહ્યું છે કે "ઇશ્વરનો સાક્ષાત્કાર કરવાની આવશ્યકતા છે." આ વાણી ઘણીજ સાહસિક છે પણ એનો અક્ષરે અક્ષર સત્ય છે. માત્ર શાસ્ત્રોનું પઠન કે શ્રવણ કર્યાથી અથવા તો પોપટની માફક અમુક સિદ્ધાંતો બોલી જવાથીજ લાભ નથી; પરંતુ તેનો ખરેખરો સાક્ષાત્કાર કરવાની જરૂર છે. વળી માત્ર બુદ્ધિવડે સિદ્ધાંતો સમજી લેવાથી પણ ફાયદો નથી. એ બધાથી લેશ પણ સાર્થક થતું નથી, માટે ધર્મનાં સત્યો આપણા જીવનમાં ઉતરી જવાં જોઇએ. આપણી પાસે ઇશ્વરના અસ્તિત્વનું સબળમાં સબળ પ્રમાણ એજ છે કે પ્રાચીન તેમજ આધુનિક કાળના આપણા અનેક મહાત્માઓએ ઇશ્વરનું સાક્ષાત્ દર્શન કર્યું છે. તર્કવડે કે દલીલવડે આત્માનું અસ્તિત્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાબિત થઈ શકે છે તેટલા ઉપરથીજ માત્ર આપણે આત્માનું અસ્તિત્વ માન્ય રાખીએ છીએ એમ નથી; પણ તેની સાથે આપણા દેશમાં આત્માનું પ્રત્યક્ષ દર્શન કરનાર હજારો મહાત્માઓ થઇ ગયા છે, વર્તમાન સમયમાં પણ તેવા અનેક મહાત્માઓ વિદ્યમાન છે અને ભવિષ્યમાં પણ તેવા હજારો ઉત્પન્ન થશે, એ ઉપરથીજ આત્માના અસ્તિત્વમાં આપણો દૃઢ વિશ્વાસ છે. જ્યાંસુધી મનુષ્ય ઇશ્વરનું પ્રત્યક્ષ દર્શન ન કરી શકે, જ્યાંસુધી તે પોતાના આત્માનો સાક્ષાત્કાર ન કરી શકે, ત્યાંસુધી તે મુક્તિનો અધિકારી થઇ શકતો નથી; માટે આ સિદ્ધાંત સૌથી પ્રથમ બરાબર સમજી લેજો. આપણે જેમ જેમ તેને વધારે વધારે હૃદયમાં ઉતારતા જઇશું તેમ તેમ આપણામાં સાંપ્રદાયિક ભાવના કમી થતી જશે, અને **જેણે ઇશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે, જેણે તેનું દર્શન કર્યું છે તેજ વાસ્તવિક રીતે ધાર્મિક મનુષ્ય છે.**

भिद्यते हृदयग्रंथिश्छिद्यन्ते सर्वसंशयाः ॥
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् द्रष्टे परावरे ॥

" તેનીજ હૃદયગ્રન્થિ કપાઈ ગઈ છે, તેનાજ સંશય માત્ર દૂર થઇ ગયા છે, અને તેનાંજ કર્મનાં ફળ ક્ષય થઇ ગયાં છે કે જેણે તે ઇશ્વરનું દર્શન કર્યું છે—જે પાસેનો પાસે અને દૂરનો દૂર છે તેનું જેણે દર્શન કર્યું છે. "

અફસોસની વાત છે કે આપણે ઘણીવાર મિથ્યા બડબડાટને આધ્યાત્મિક સત્ય તરીકે માનીએ છીએ; પાંડિત્યપૂર્ણ અને બુદ્ધિના વૈભવયુક્ત ભાષણોને ધર્મના અપરોક્ષ અનુભવ તરીકે માનીએ છીએ; અને તેથીજ આપણા વચ્ચે સાંપ્રદાયિકતા અને કલહ ઉભા થાય છે. જો આપણે એકજવાર નશ્ચયપૂર્વક સમજી લઈએ કે પ્રત્યક્ષ અનુભવ એજ ખરો ધર્મ છે, તો આપણે પ્રથમ આપણાજ હૃદય તરફ દૃષ્ટિ કરીએ; અને તેમ કરવાથી ધર્મનાં સત્યોના સાક્ષાત્કારથી આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલા દૂર રહ્યા છીએ અથવા તો એ દિશાતરફ આપણે કેટલી પ્રગતિ કરી છે તે આપણે તરતજ સમજી શકીએ. આમ કરીએ તોજ આપણને સમજાશે કે આપણે પોતે પણ અંધારામાં ફાંફાં મારી રહ્યા છીએ અને બીજાઓને પણ અંધારામાંજ ફાંફાં મારતા કરીએ છીએ. જ્યારે આપણને એવી પ્રતીતિ થશે ત્યારેજ આપણી સાંપ્રદાયિકતા, કલહ, અને વિદ્વેષનો અંત આવશે. જે માણસ સાંપ્રદાયિક વિવાદ કરવા તૈયાર થતો હોય તેને જઇને પૂછજો કે "ભાઇ! તમને ઇશ્વરનું દર્શન થયું છે? તમે તમારા આત્માનો સાક્ષાત્કાર કર્યો છે? જો તમે એમાંનું કશું ન કર્યું હોય તો તમને ઇશ્વરના નામનો પ્રચાર કરવાનો શો અધિકાર છે? તમે પોતે તો અંધકારમાં ભટકોછોજ પરંતુ તેની સાથે બીજાઓને પણ શામાટે અંધકારમાં અથડાવી મારવાની (લડાવી મારવાની) કોશીષ કરો છો? વાહ! આંધળો આંધળાઓને દોરે અને બધાએ સાથે ખાડામાં પડે!"

માટે હું તમને ચેતવું છું કે બીજાઓમાં દોષ જોતા પહેલાં ખૂબ વિચાર કરજો. સર્વને પોતપોતાની સાધનપદ્ધતિ દ્વારાજ અપરોક્ષ અનુભૂતિ તરફ વધવા દેજો. તેઓ પોત પોતાનાં હૃદયમાં સત્યનું દર્શન કરવાને પ્રયત્ન કરતા હોય તો તેમને કરવા દેજો. જ્યારે તેમને ઉદાર અને આવરણરહિત સત્યનું દર્શન થશે ત્યારે, જે અદ્‌ભુત આનંદનો ભરતખંડના તમામ ઋષિઓએ સાક્ષાત્કાર કરીને એકે અવાજે સ્વીકાર કર્યો હતો તે આનંદ તેઓ પણ ભોગવી શકશે. સત્યનો પ્રત્યક્ષ અનુભવ કરનાર દરેક વ્યક્તિ એ આનંદ પ્રાપ્ત કરી શકશે. એવી સ્થિતિએ પહોંચ્યા પછી તેમના અંતઃકરણમાંથી માત્ર પ્રેમમય શબ્દોજ બહાર આવશે; કારણ કે ઇશ્વર પ્રેમસ્વરૂપ હોવાને લીધે તેના સ્પર્શથી તેમનાં હૃદય પણ પ્રેમમય બની ગએલાં હશે. ત્યારે અને માત્ર ત્યારેજ તમામ સાંપ્રદાયિક કલહનો અંત આવશે; ત્યારેજ આપણે હિન્દ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દનું તાત્પર્ય સમજવાને યોગ્ય થઇશું અને હિંદુ નામ ધારણ કરનાર દરેક વ્યક્તિને છાતી સરસો ચાંપીને અત્યંત પ્રેમથી ચહાતાં શીખીશું. હું જે કહું છું તે ધ્યાનપૂર્વક સાંભળજો. જ્યારે 'હિંદુ' એ નામ સાંભળતાંજ તમારા આખા શરીરમાં વિદ્યુત-શક્તિનો સંચાર થઇ જાય ત્યારેજ તમે સાચા હિંદુ કહેવાઓ. જ્યારે હિંદુ કહેવાતો કોઇપણ માણસ ગમે તે દેશમાં વસતો હોય, આપણી ભાષા બોલતો હોય કે બીજી ભાષા બોલતો હોય તોપણ તમને તે અત્યંત પ્રિય લાગે, તમને તમારા નજીકના સગા જેવો લાગે ત્યારેજ તમે હિંદુ નામ ધારણ કરવાને યોગ્ય છો. જ્યારે હિંદુ કહેવાતા કોઇપણ મનુષ્યને તમે વિપત્તિથી ઘેરાયલો જુઓ અને તમારૂં હૃદય દ્રવી જાય અને તમારો પોતાનો પુત્ર કે ભાઇ સંકટમાં હોય અને તમને જેવી લાગણી થાય તેવી જ લાગણી જ્યારે તમને તેને માટે થાય ત્યારે અને ત્યારેજ તમે હિંદુ કહેવાઇ શકો. મારા વ્યાખ્યાનના આરંભમાં મેં જે મહાપુરૂષનું સ્મરણ કર્યું હતું તે તમારા ગુરુ ગોવિંદસિંહની માફક જો તમે પણ અન્ય હિંદુઓને માટે અનેક પ્રકારનાં સંકટ ખમવાને તૈયાર હો તોજ તમે સાચા હિંદુ ગણાઈ શકો. તે મહાન ગુરુ ગોવિંદસિંહે સ્વદેશના અને સ્વધર્મના શત્રુઓ સાથે યુદ્ધ કર્યું, હિંદુ ધર્મના રક્ષણને માટે પોતાનું રૂધિર વહેવડાવ્યું, પોતાના પુત્રોના પ્રાણનું યુદ્ધમાં બલિદાન આપ્યું અને તેમને પોતાની આંખ આગળ કપાઇ જતા જોયા—આટલું છતાં પણ જેમને માટે તેણે પોતાનું તથા પોતાનાં કુટુંબીઓનું રુધિર અર્પણ કર્યું હતું તેમણે તેને કશી સહાયતા ન આપી; એટલુંજ નહિ પણ તેનો પરિત્યાગ કર્યો અને તેને પોતાના દેશમાંથી હાંકી મૂક્યો ત્યારે છેવટે તે વીર આત્મા ઘવાયલા સિંહની માફક પોતાના કાર્યક્ષેત્રમાંથી નિઃશબ્દ પણે ચાલ્યો ગયો અને દક્ષિણ તર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફના પ્રદેશનો આશ્રય લઈ મૃત્યુની રાહ જોતો બેઠો. તેમ છતાં પણ જેમણે કૃતઘ્ન થઇને તેનો પરિત્યાગ કર્યો હતો તેમને જેણે લેશ પણ શાપિત કર્યા નહતા, કે તેના મુખમાંથી તેમને માટે લેશમાત્ર પણ ક્રોધનો કે અસંતોષનો ઉદ્ગાર નીકળ્યો ન હતો; તે ગુરુ ગોવિંદસિંહનો આદર્શ તમારે હમેશ સ્મરણમાં રાખવો. **હું કહું તે ધ્યાનપૂર્વક સંભાળજો. જો તમે સ્વદેશનું હિત કરવાની ઇચ્છા રાખતા હો તો તમારે દરેકને એક એક ગુરુ ગોવિંદસિંહ થવું પડશે.** તમે તમારા દેશબાંધવોમાં ભલે હજારો દોષો જુઓ તો પણ તેમના શરીરમાં હિંદુનું લોહી વહે છે, એ વાતને ખાસ લક્ષમાં રાખજો. ભલે તેઓ તમારૂં અહિત કરવાનો પ્રયત્ન કરતા હોય તોપણ તમારે તો તમારા દેશ બાંધવો રૂપી જીવંત દેવતાઓનું પુજન કરવું પડશે. ભલે તેઓ દરેકે દરેક તમારા પ્રતિ શાપવચનનો વર્ષાદ કરે તોપણ તમારે તો તેમના તરફ પ્રેમપૂર્ણ વચનોજ વાપરવાં જો તેઓ તમને તમારા દેશમાંથી કહાડી મૂકે તો વીરકેસરી ગોવિંદસિંહની માફક સમાજથી દૂર થઈ અપ્રસિદ્ધ અવસ્થામાંજ મૃત્યુની રાહ જોતા ઉભા રહેજો. એવોજ પુરુષ હિંદુ નામને યોગ્ય છે. આપણા સમક્ષ હમેશ એવોજ આદર્શ રાખવો જોઇએ. તમારા જુના કલહ ભૂલી જાઓ અને ચારે દિશાએ પ્રેમનો પવિત્ર પ્રવાહ વહેવડાવો.

બીજાઓ "ભારતનો ઉદ્ધાર આજ રીતે થશે અને આ રીતે નહિ થાય" એમ ફાવે તેમ ભલે બોલે. **મેં મારી આખી જિંદગી દેશોદ્ધારના કાર્યમાં–અથવા તેવું કાર્ય કરવાના પ્રયત્નમાંજ ગુજારી છે અને તે ઉપરથી હું તમને કહું છું કે જ્યાં સુધી તમે ખરેખરા ધાર્મિક નહિ થાઓ ત્યાં સુધી દેશના પુનરુજ્જીવનની આશા રાખતાજ નહિ. તમારા દેશનું એકલાનું જ નહિ પણ આખા જગતનું કલ્યાણ પણ એજ રસ્તે થશે**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકશે; કારણ કે હું તમને સ્પષ્ટપણે કહી દઉં છું કે હમણાં પાશ્ચાત્ય સંસ્કૃતિ પાયામાંથી હાલવા લાગી છે. જડવાદ રૂપી રેતીના પાયા ઉપર બાંધેલી મોટી મોટી ઇમારતો જરૂર એક દિવસ જમીનદોસ્ત થઇ જનાર છે. જગતનો ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે. એક પછી એક અનેક પ્રજાઓએ જડવાદના પાયા ઉપર પોતાના મહત્વની ઇમારત ચણી હતી. તેઓ જગતને જાહેર કરતી કે મનુષ્ય કેવળ જડ છે, ચેતન નથી. પાશ્ચાત્ય પ્રજાઓની ભાષામાં અમુક માણસનું મરણ નીપજ્યું છે એમ કહેવું હોય તો He gave up his ghost. 'તેણે આત્માનો ત્યાગ કર્યો' એમ કહેવાય છે અને આપણે કહીએ છીએ કે 'તેણે દેહ ત્યાગ કર્યો.' પાશ્ચાત્ય દેશીય માણસ પોતાની વાત કહેવા જતાં પ્રથમ પોતાના શરીરની વાત કરે છે અને પછી જરા જરા આત્માનો ઉલ્લેખ કરે છે. આપણે પ્રથમ આત્માનોજ વિચાર કરીએ છીએ અને ત્યાર પછી આપણને દેહ છે એમ કહીએ છીએ. આ બે વાક્યોવિષે વિચાર કર્યાથી પાશ્ચાત્ય અને પૌર્વાત્ય ચિંતન વચ્ચે કેટલો મહત્વનો તફાવત છે તે સમજાઇ જશે. એજ કારણથી જે જે સંસ્કૃતિઓ દેહના ઉપભોગ ઇત્યાદિનાં સાધનો રૂપી રેતીના પાયાપર સ્થાપિત થઇ હતી તે સર્વ થોડા દિવસજ ટકી છે અને પછી અલ્પ સમયમાંજ એક પછી એક જગતમાંથી વિલુપ્ત થઇ ગઇ છે. માત્ર જે પ્રજાઓએ ભરતખંડના ચરણ સમીપ બેસીને તેનો ઉપદેશ ગ્રહણ કર્યો હતો તે ચીન અને જાપાનની પ્રજાઓજ અત્યારે પણ વિદ્યમાન છે; એટલુંજ નહિ પણ તેઓમાં હવે નવા પુનરુજીવનનાં ચિહ્ન પણ સ્પષ્ટ નજરે પડે છે. તેઓ *રક્તબીજની માફક હજાર વાર નષ્ટ થઇ જાય છતાં પણ પુનઃ પુનઃ જીવતી થઇને નવીન

* એ નામનો એક રાક્ષસ હતો જેના રુધિરના એકએક બિન્દુમાંથી નવો રાક્ષસ ઉત્પન્ન થતો હતો. આ કથા દેવી સંબંધી પુરાણોમાં છે. ભા૦ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહિમા પ્રકટાવે છે; પણ જડવાદના પાયાપર રચાયલી સંસ્કૃતિ તો એક વાર નષ્ટ થઇ તે થઇજ સમજવી. એકવાર જો તેમની ઇમારત પડી ગઇ તો તેના ચૂરેચૂરાજ થઇ જવાના; માટે **ધૈર્ય રાખો, ઉતાવળા ન થાઓ. આપણે માટે ઉજ્જવળ ભવિષ્ય વિધાતાએ નિર્માણ કરી રાખ્યું છે.**

ઉતાવળ ન કરો; બ્હાવરા ન બની જાઓ; અને કોઇનું પણ અનુકરણ કરવા તત્પર ન થાઓ. આપણે સ્મરણમાં રાખવા જેવી એક બાબત એ છે કે બીજાનું અનુકરણ એ સંસ્કૃતિ અગર ઉન્નતિનું લક્ષણ નથી. હું રાજાનો પોશાક ધારણ કરીને ફરૂં તેથી શું હું રાજા થઈ જઇશ? સિંહના ચામડામાં ઢંકાયલો ગધેડો તે ગધેડોજ રહેવાનો. તે કદિ પણ સિંહ થઇ શકશે નહિ. અનુકરણ-નિર્માલ્ય, પામર મનુષ્યની માફક કરેલું અનુકરણ-કદિ પણ ઉન્નતિસાધક નિવડશે નહિ. એતો મનુષ્યના ભયંકર અધઃપતનનું ચિહ્ન છે. મનુષ્ય પોતાને ધિક્કારવા લાગે એટલે જાણવું કે હવે તેની અવનતિની, આખરની અવસ્થા આવી પહોંચી. જ્યારે તે પોતાના પૂર્વજોનું સ્મરણ કરતાં અથવા આ મારા પૂર્વજો હતા એમ કહેતાં શરમાયો એટલે સમજવું કે હવે તેનું આવી બન્યું. હિંદુ પ્રજામાં કશા હિસાબનો નહિ એવો હું તમારી સમક્ષ ઉભો છું પણ મને મારી સ્વજાતિનું અભિમાન છે. મારા વંજો માટે હું અત્યંત મગરૂર છું. હું હિંદુ છું એમ કહેતાં મને અત્યંત ગર્વ ઉપજે છે. હું તમારો હિંદુઓનો એક તુચ્છ દાસ છું એમ સમજતાં પણ મને ઘણું અભિમાન ઉત્પન્ન થાય છે. તમે મહર્ષિઓનાં સંતાન છો, તમે આખા જગતમાં સર્વથી વિશેષ મહિમાવાન ઋષિ મુનિઓનાં સંતાન હોવાથી હું પણ તમારો એક દેશબાંધવ છું એમ સમજવામાં મને પણ અત્યંત ગર્વ ઉપજે છે; માટે તમે આત્મવિશ્વાસ પ્રાપ્ત કરો. અને **તમારા પૂર્વજોથી ન લજવાતાં તેમને માટે અભિમાન**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખતાં **શીખો.** અનુકરણ કરતા નહિ. કદિપણ અનુકરણ કરતા નહિ. જ્યારે જ્યારે તમે બીજાના વિચાર પ્રમાણે વર્તન કરો છો ત્યારે તારે તમે તમારી સ્વતંત્રતા ગુમાવો છો. આધ્યાત્મિક વિષયમાં પણ જો તમે બીજાની આજ્ઞા પ્રમાણેજ વર્તન કરશો તો ધીમે ધીમે તમારી તમામ પ્રકારની શક્તિઓ ક્ષીણ થઇ જશે અને છેવટે તમારી વિચાર-શક્તિ પણ મંદ પડી જશે. તમારા પોતાનામાં જે ઐશ્વર્ય રહેલું છે તેનો તમારા પોતાનાજ પ્રયાસથી વિકાસ કરો. **બીજાનામાં જે ગ્રહણ કરવા જેવું હોય તે અવશ્ય લેજો પણ આંધળું અનુકરણ તો કદીએ કરતા નહિ.** આપણે બીજાઓ પાસેથી ઘણું શીખવાનું છે. બીજ જમીનમાં પડયા પછી તે માટી, વાયુ અને જળમાંથી જેટલાં તેટલાં પોષક તત્ત્વોનું પોતામાંજ શોષણ કરે છે; તે નાના બીજમાંથી પ્રથમ અંકુર ફૂટે છે, પછી છોડવો થાય છે અને આખરે મહાન વૃક્ષ બની જાય છે; પણ શું તે પોતાનું પોતાપણું ખોઇને માટી બની જાય છે ? શું તે જળ કે વાયુ બની જાય છે ? નહિ કદીજ નહિ. તેતો ઉલટું એક નાનકડા બીજમાંથી ખીલતું જઇને મોટા વૃક્ષના સ્વરૂપમાંજ પરિણત થાય છે. એ બીજ જેમ પોતાના વિકાસને માટે જરૂરનાં તત્ત્વો માટી, જળ અને વાયુમાંથી ખેંચીને વૃક્ષ બની જાય છે; તેમ તમે પણ બીજાઓ પાસેથી શીખવામાં એજ પદ્ધતિ ગ્રહણ કરજો. અલબત્ત, આપણે હજી બીજાઓ પાસેથી ઘણું શીખવાનું છે. જે માણસ અન્ય પાસેથી શીખવા જેવું શીખવાને તથા મેળવવા જેવું મેળવવા ઉત્સુક નથી તે બેશક ચેતનરહિતજ છે. મનુ ભગવાન કહે છે કે:—

आददीत परां विद्यां प्रयत्नादवरादपि ।
अंत्यादपि परं धर्मं स्त्रीरत्नं दुष्कुलादपि ॥

" નીચા કુળમાંથી પણ ઉત્તમ સ્ત્રી ગ્રહણ કરવી; ચંડાળ પાસેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ શ્રેષ્ઠ ધર્મનું શિક્ષણ મળી શકતું હોય તો લેવું અને નીચ માણસ પાસેથી પણ તેની સેવા કરીને શ્રેષ્ઠ વિદ્યા પ્રાપ્ત કરવી." બીજાઓમાં જે કાંઈ ગ્રહણ કરવા જેવું હોય તે લઇજ લેજો, પણ તેને તમારાં પોતાનું કરી દેજો. તમારા જીવનમાં ઉતારીને તમારી પોતાની પ્રકૃતિ અનુસાર તેનું રૂપાંતર કરી દેજો, પણ બીજાનું સંપૂર્ણ અનુકરણ કરીને તમારી સ્વતંત્રતા ગુમાવતા નહિ. ભરતખંડના પ્રજાજીવનમાંથી ચ્યુત થઇને અન્ય પ્રજાની જીવનપદ્ધતિ ગ્રહણ કરશો નહિ. બધે હિંદુસ્તાનવાસીઓ કોઇ બીજી પ્રજાની માફક પોષાક પહેરે, બીજી પ્રજાનો આહાર કરે અને તેમના રીતરિવાજોનું અનુકરણ કરે તો તેથી તેમને લાભ થશે; એવા વિચારને એક પળવાર પણ તમારા હૃદયમાં સ્થાન આપતા નહિ. માત્ર થોડાંજ વર્ષ થયાં પડેલી ટેવ છોડતાં કેટલી મુશ્કેલી નડે છે તે તમ સારી પેઠે જાણો છો. તમારા રૂધિરમાં કેટલાં હજાર વર્ષના માનવ જીવનના સંસ્કાર પડેલા છે, કેટલા હજાર વર્ષથી તમારા પ્રજાજીવનનો પ્રવાહ એક ચોક્કસ દિશામાં વહેતો આવ્યો છે તે તો ઈશ્વરનેજ માલમ છે. તમે શું એમ ધારો છો કે આ અત્યંત બળવાન પ્રવાહ કે જે લગભગ મહાસાગરની સમીપ સુધી આવી ચૂક્યો છે તે પાછો વળીને હિમાલયના બરફ ભેગો મળી જશે ? નહિ એ કદિ બનવા જોગ નથી. જો તમે તેમ કરવાને કોશીષ કરશો તો પ્રવાહ છિન્ન ભિન્ન થઇ જશે–તમારા પ્રજાત્વના અંશનો નાશ થઇ જશે; માટે એ પ્રજાપ્રવાહ વધારે સરળતાથી વહે તે માટે તેનો માર્ગ મોકળો કરી આપો. આ મહાન નદીના પ્રવાહમાં અંતરાય રૂપી ખડકો તેના માર્ગમાં આડા પડેલા છે તેમને ખસેડી નાખો, તેનો માર્ગ ખુલ્લો કરો, તેની ખાડી ખોદીને ઉંડી કરો, એટલે તે પોતાની સ્વાભાવિક ગતિને લીધે આપોઆપજ પ્રબળ વેગથી આગળ વહેવા માંડશે અને આપણી સમસ્ત પ્રજા ઉન્નતિ કરતી કરતી અંતે પરમ લક્ષ્ય સ્થાને પહોંચી જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુસ્તાનના લોકોની આધ્યાત્મિક ઉન્નતિ સિદ્ધ કરવા માટે જો
ત્ન કરવો હોય તો કાર્ય કરવાની આ દિશા છે. એ સિવાય પણ
ીજા કેટલાક અગત્યના મહાન પ્રશ્નો વિચારવા જેવા છે ખરા, પણ
વકાશને અભાવે તે સઘળા આજે હું તમારી સમક્ષ રજુ કરી શકતો
થી. દાખલા તરીકે જ્ઞાતિભેદનો એક અત્યંત આશ્ચર્યજનક પ્રશ્ન
છે. આ પ્રશ્નની બેઉ બાજુ તપાસવામાં મેં મારી આખી જિંદગી
તીત કરી છે. મેં હિંદુસ્તાનના દરેક પ્રાંતના લોકોનું અવલોકન
રીને આ પ્રશ્નવિષે મનન કર્યું છે. દેશના દરેકે દરેક ભાગના લોકો-
સે હું ગાઢ સંબંધમાં આવ્યો છું; પણ હું આ પ્રશ્નવિષે જેમ
મારે મનન કરૂં છું તેમ તેમ હું વધારે ગૂંચવાતો જાઉં છું. આથી
ને તેના ઉદ્દેશ અને તાત્પર્યનો ચોકખો ખ્યાલ પણ મારા મગજમાં
વી શકતો નથી. હમણાં થોડો સમય થયાંજ એ વિષય ઉપર મારા
નમાં કાંઇક ઝાંખો પ્રકાશ પડયો છે અને તેની મદદથી હું જ્ઞાતિ-
દનો મૂળ ઉદ્દેશ કાંઇક સમજવાને શક્તિવાન થયો છું. બીજો મુશ્કેલી-
રેનો સવાલ ખાવા પીવાને લગતો છે. એ પણ ખરૂં જોતાં એક
ટો પ્રશ્ન છે. આપણે માનીએ છીએ તેવો એ સવાલ છેક નજીવો
થી. આ બાબત ઉપર વિચાર કરતાં છેવટે હું એવા નિર્ણય ઉપર
વ્યો છું કે ખાવા પીવાના સંબંધમાં આપણે જે આગ્રહ અને
ક્ષણ રાખીએ છીએ તે અત્યંત વિચિત્ર છે અને આપણા શાસ્ત્રની
જ્ઞાથી વિરુદ્ધ છે; અર્થાત્ આહારની જેવી જોઇએ તેવી શુદ્ધિ
વાતી નથી તેથી પણ આપણે દુઃખનો અનુભવ કરીએ છીએ.
આપણે શાસ્ત્રની આજ્ઞાનું ખરૂં તાત્પર્ય ભૂલી ગયા છીએ.

એ સિવાય બીજા પણ કેટલાક પ્રશ્ન વિષે તમારૂં ધ્યાન ખેંચ-
વાનો, તેમનું નિરાકરણ કેવી રીતે થઇ શકે તેની ચર્ચા કરવાનો, તથા
તેમને વ્યાવહારિક સ્વરૂપ કેવી રીતે આપી શકાય તે દર્શાવવાનો મારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇરાદો છે; પણ કમનસીબે સભાને સુવ્યવસ્થિત કરતાં ઘણોજ વિલંબ થઇ ગયો અને હવે ઘણું મોડું થઇ ગયેલું હોવાથી હું તમને વધારે વખત રોકવા ઇચ્છતો નથી; માટે જ્ઞાતિભેદ તથા બીજા પ્રશ્નો વિષે મેં જે વિચાર બાંધ્યા છે તે ભવિષ્યમાં એકાદ બીજા વ્યાખ્યાનદ્વારા પ્રકટ કરીશ. મને આશા છે કે હવે પછી આપણે જ્યારે મળીએ ત્યારે સભામાં વધારે શાંતિ અને વ્યવસ્થા સચવાય તેની તમે કાળજી રાખશો.

હવે એક વાત કહીને હું મારૂં આધ્યાત્મિક વિચારવિષેનું વ્યાખ્યાન સંપૂર્ણ કરીશ. આપણા દેશમાં ઘણા સમયથી ધર્મ ગતિ-વગરનો થઈ ગયો છે. તેને ફરીથી વેગયુક્ત કરવાની હાલ ઘણીજ જરૂર છે. આપણા દેશના પ્રત્યેક માણસના જીવનમાં ધર્મનો સંચાર થયેલો જોવાની મને ઘણી આકાંક્ષા છે. પ્રાચીન કાળની માફક રાજાઓના મંદિરોમાં તેમજ ગરીબમાં ગરીબ માણસની કંગાલ ઝુંપડીમાં પણ ધર્મ દાખલ થવો જોઇએ. ધર્મ કે જેના ઉપર મનુષ્ય માત્રનો જન્મ-સિદ્ધ હક છે, જે સમસ્ત પ્રજાની સર્વ સામાન્ય મિલકત છે તે દરેક જણને ઘેર બેઠાં વિના મૂલ્યે વહેંચાવો જોઇએ એમ હું ઇચ્છું છું. ઈશ્વરદત્ત વાયુ જેમ દરેક જણને સુલભ છે અને તેનો ઉપભોગ દરેક જણ યથેષ્ટ રીતે વિના મૂલ્યે કરી શકે છે તેમ ધર્મની બાબતમાં પણ થવું જોઇએ. ભરતખંડમાં આજ જાતનું કાર્ય કરવાની મારી ઇચ્છા છે; પણ તે નાના નાના સંપ્રદાયો બાંધીને અગર ક્ષુદ્ર બાબતો માટે લોકોમાં મિથ્યા કલહ ઉભા કરીને નહિ. **જે જે બાબતો આપણને સર્વને એક સરખી રીતે માન્ય છે તેમનોજ સર્વત્ર પ્રચાર કરો અને જે જે બાબતોમાં મતભેદ છે તેને બાજુ રહેવા દો. સમય આવતાં એ મતભેદ આપોઆપજ ઓગળી જશે.** હું હિંદવાસીઓને વારંવાર કહું છું કે જો તમે અનેક જન્મ નાના, જમાનાથી અંધકારમાં રહેલા એકાદ ઓરડામાં જાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ીજ વિલંબ
તમને વધારે
પ્રશ્નો વિષે
વાખ્યાનદ્વારા
ળીએ ત્યારે
જી રાખશો.
વિચારવિષેનું
ધર્મ ગતિ-
લ ઘણીજ
નો સંચાર
માફક રાજ્ય
લ ઝુંપડીમાં
ત્રનો જન્મ
છે તે દરેક
ઇચ્છું છું
ઉપભોગ દરેક
ાબતમાં પણ
મારી ઇચ્છા
બાબતો માટે
તો આપ
જ સર્વ
તેને બાળ
જ ઓગળી
નેક જગ
જાઓ અ

'અંધકાર છે! અંધકાર છે!' એમ બૂમો પાડયા કરો તેથી શું એ અંધકાર દૂર થશે? પ્રકાશ લાવો એટલે અંધકાર તરજ ચાલ્યો જશે. માણસોને સુધારવાની આજ ખરી ચાવી છે કે તેમની આગળ વધારે ઉચ્ચ બાબતો-વધારે ઉચ્ચ ભાવનાઓ ધરો. મનુષ્ય સ્વભાવ ઉપર વિશ્વાસ રાખો. મનુષ્ય સ્વાભાવિક રીતેજ ઉન્નતગામી છે. મનુષ્યો અવનત થએલાં છે, નિર્માલ્ય થઇ ગએલાં છે એવી માન્યતા પહેલેથી મનમાં ઠસાવીને કાર્યક્ષેત્રમાં શામાટે પ્રવેશ કરો છો? હું મનુષ્યો ઉપર-ખરાબમાં ખરાબ મનુષ્ય ઉપર પણ વિશ્વાસ રાખ્યાથી મારા કાર્યમાં કદિપણ નિષ્ફળ થયો નથી. મનુષ્યસ્વભાવ ઉપરથી મારો વિશ્વાસ ઉઠી જાય એવો એક પણ કડવો અનુભવ મને મળ્યો નથી. હમેશ મને અંતે વિજયજ મળ્યો છે. મનુષ્ય પંડિત દેખાતો હોય અથવા છેક મૂર્ખ દેખાતો હોય તોપણ તેના ઉપર વિશ્વાસ રાખો. તે દેવ જેવો જણાતો હોય કે ભયંકર સેતાન જેવો જણાતો હોય તોપણ તેના ઉપર વિશ્વાસ રાખો. મેં આ પદ્ધતિ ગ્રહણ કરી છે અને શરૂઆતમાં મને આશાસ્પદ ચિહ્ન નજરે ન પડયાં તોપણ અંતે તો મારો વિજયજ હતો. પ્રથમ મનુષ્ય ઉપર વિશ્વાસ રાખો. તેના મૂળ સ્વરૂપને ધ્યાનમાં લઇને તેના ઉપર વિશ્વાસ રાખો. એ વિશ્વાસને હૃદયમાં ધારણ કરીને એમજ સમજવાનો પ્રયત્ન કરજો કે અમુક વ્યક્તિ અત્યારે દોષપૂર્ણ છે, તેનામાં અપૂર્ણતા છે, તે ઘણી ભૂલચૂક કરે છે, તે અત્યંત તિરસ્કારપાત્ર અને અસત્ય ધર્મવિષયક માન્યતાઓ ધરાવે છે તોપણ નિશ્ચયપૂર્વક માનજો કે એ સર્વ દોષ તેની મૂળ પ્રકૃતિના નથી-પણ તેને હજી ઉચ્ચ આદર્શ મળ્યા નથી તેજ એ સર્વ દોષનું કારણ છે. જો તેઓ અસત્ય તરફ જતો હોય તો તેનું ખરૂં કારણ એજ છે કે તેને હજી સત્યની પ્રાપ્તિ થઇ નથી; અને જે કાંઇ અસત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તેને દૂર કરવાનો ખરો ઉપાય એજ છે કે અસત્યને ઠેકાણે સત્યની સ્થાપના કરતા રહો. બસ એટલુંજ કરો. એટલે સત્યનો અને અસત્યનો મુકાબલો તે પોતાની મેળેજ કરી લેશે. તમે માત્ર તેમને સત્ય બતાવી દો એટલે તમારૂં કાર્ય પૂર્ણ થયું સમજજો. તમે જે સત્ય તેમને બતાવશો તેની સાથે તે પોતાની મૂળ ભાવનાઓની તુલના કરી લેશે. આ વાત પુરેપુરી યાદ રાખજો કે જો તમે તેમને ખરેખરૂં સત્યજ અર્પણ કર્યું હશે તો જરૂર અસત્ય દૂર થશેજ; પ્રકાશ અંધકારને હાંકી કહાડશેજ અને સત્ય દ્વારા તેમની અંદર રહેલો સદ્ભાવ પ્રકટ થશેજ. જો દેશના ધાર્મિક જીવનમાં સુધારો કરવો હોય તો આજ માર્ગ છે. આ એકલોજ ઉપાય છે. કલહ કર્યાથી; તેમ 'તમે જે કાંઈ કરો છો તે અસત્ય છે' એમ લોકોને કહેવાથી કશુંજ સારૂં પરિણામ આવશે નહિ. જે સારૂં છે, જે ઉપકારક છે તે તમે તેમની આગળ ધરો અને જુઓ કે તે સત્યને તેઓ કેવી આતુરતા પૂર્વક ગ્રહણ કરે છે. એમ કરવાથી અજરામર દિવ્ય તત્ત્વ કે જે મનુષ્ય માત્રમાં રહેલું છે તે જાગૃત થશે અને જે કાંઇ સત્ય છે, જે કાંઈ મહિમામય છે તેને ઉત્કંઠાથી વધાવી લેશે.

જે આખા જગતનો સરજનહાર અને પાલક પિતા છે; જે ઇશ્વરની આપણા પૂર્વજોએ ઉપાસના કરી હતી; જેને વિષ્ણુ, શિવ, ગણપતિ, શક્તિ એવાં ગમે તે નામ લાગુ પાડી શકાય છે; જેની સગુણ રૂપે અથવા નિર્ગુણરૂપે ઉપાસના કરવામાં આવે છે; જે વ્યક્ત તેમજ અવ્યક્ત છે; જેનું આપણા પૂર્વજોએ દર્શન કર્યું હતું અને જેને **एकं सद्विप्रा बहुधा वदन्ति** એ વાક્યદ્વારા વર્ણન કર્યું હતું; તે ઇશ્વર આપણા સર્વનાં હૃદયમાં તેના અનંત સામર્થ્યવાન પ્રેમસહિત પ્રવેશ કરે, તે આપણા ઉપર આશીર્વાદ વર્ષાવે, તે આપણને એકબીજાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયને ઓળખતા કરે, તે આપણને શુદ્ધ પ્રેમથી, સત્યને માટે અત્યંત અનુરાગ સહિત એક બીજાનું શ્રેય કરવાનાં કાર્ય તરફ પ્રેરે અને ભરતખંડની આધ્યાત્મિક ઉન્નતિના મહાન કાર્યમાં પોતાની અંગત કીર્તિ, અંગત સ્વાર્થ અને અંગત લાભ મેળવવાની લાલચ કદિ પણ આપણામાં પ્રવેશ ન કરે ! **अस्तु !**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદાંત.

[સને ૧૮૯૭ ના નવેમ્બર માસની બારમી તારીખે લાહોરમાં આપેલું વ્યાખ્યાન.]

આપણે બે પ્રકારની સૃષ્ટિમાં રહીએ છીએ. એક બાહ્ય સૃષ્ટિ અને બીજી આંતર સૃષ્ટિ. અત્યંત પ્રાચીન કાળથી મનુષ્ય જાતિ આ બેઉ સૃષ્ટિના વિષયોમાં ઉન્નતિ કરતી આવી છે. પ્રથમ બાહ્ય સૃષ્ટિની શોધખોળનું કાર્ય શરૂ થયું અને તેમાંથી મનુષ્યજીવનને લગતા ગંભીર પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે પ્રયાસ શરૂ થયા. પોતાની ચારે દિશાએ આવેલી પ્રકૃતિમાં જે કાંઇ દૃશ્યો નજરે પડતાં હતાં તેના અવલોકનવડે ગાંભીર્ય અને સૌન્દર્યના દર્શનની લાલસા તૃપ્ત કરવાની પ્રવૃત્તિ શરૂ થઇ. તેઓ પોતાનું તથા પોતાની અંદર રહેલા તત્ત્વનું વર્ણન કરવાને શરૂઆતમાં બાહ્ય સૃષ્ટિની પરિભાષાનો ઉપયોગ કરતા અને એ પ્રકારે બાહ્ય સૃષ્ટિનું અન્વેષણ કરતાં કરતાં તેમણે જે ઉત્તર પ્રાપ્ત કર્યા તે ઘણાજ ભવ્ય અને ગંભીર હતા. ઇશ્વર અને તેની ઉપાસના વિષે તથા જગતમાં રહેલા સૌન્દર્યવિષે તેમણે જે આદર્શો ઘડયા હતા તે ઘણાજ અદ્‌ભુત હતા અને તેમને ઘણીજ સુંદર અને આવેગમયી ભાષામાં તેમણે વર્ણવ્યા હતા. બાહ્ય જગતના અવલોકનમાંથી જે ભાવનાઓ તેમણે ઉત્પન્ન કરી હતી તે ઘણીજ મતોહર અને ગંભીર હતી; પણ ત્યાર પછીના યુગમાં જે અન્ય સૃષ્ટિમાં તેમણે શોધ ખોળ કરવા માંડી તેનું અવલોકન કરતાં તો તેમણે પ્રથમ કરતાં પણ વિશેષ મહિમાવાન્ વિશેષ સુંદર અને અનંતગણા વિકાસશીલ આદર્શો પ્રાપ્ત કર્યા. વેદના કર્મકાંડ વિભાગમાં આપણા ધર્મસંબંધી અદ્‌ભુત બાબતોનું વિસ્તારથી વવરણ કરેલું જોવામાં આવે છે. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંદર જગતની સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય કરનાર વિધાતાના સંબંધમાં અત્યંત અલૌકિક વિચાર પ્રદર્શિત કરેલા છે અને જે ભાષામાં બ્રહ્માંડનું વર્ણન કરેલું છે તે ભાષા ઘણે ઠેકાણે હૃદયને ડોલાવી નાખે એવી છે. તમારામાંના ઘણાને ઋગ્વેદસંહિતામાં આપેલા પ્રલયસમયના વર્ણન-વિષેના અદ્‌ભુત મંત્રો યાદ હશે. તેની અંદર સૃષ્ટિના પ્રલયનું જે ગાંભીર્યપૂર્ણ વર્ણન કરેલું છે તેવું આખા જગતના સાહિત્યમાંથી પણ જડશે નહિ. આમ છતાં પણ એ માત્ર બાહ્ય સૃષ્ટિના ગાંભીર્યનુંજ વર્ણન છે-જડ સૃષ્ટિનુંજ ચિત્ર છે-તેની અંદર જડ સૃષ્ટિનાંજ તત્ત્વો વળગી રહેલાં હોઇને એની ભાષા પણ સ્થૂળ સૃષ્ટિનીજ છે. સાન્ત (અંત વાળા) જગતની ભાષા દ્વારા અનંતનું વર્ણન કરવાનો એમાં યત્ન કરેલો છે. એની અંદર માત્ર બાહ્ય સૃષ્ટિરૂપી વિરાટ્‌દેહનુંજ વર્ણન છે. એ સૃષ્ટિના મૂળમાં રહેલા ચેતનસુધી તેઓની દૃષ્ટિ પહોંચી નથી. માત્ર દિશાના અનંત વિસ્તારનુંજ વર્ણન થયું છે, ચૈતન્યમાં પ્રવેશ થયો નથી. આજ કારણનેલીધે વેદનો બીજો ભાગ જે જ્ઞાનકાંડ તેમાં જુદાજ પ્રકારની પદ્ધતિનું અવલંબન થયું છે. પહેલી પદ્ધતિનું લક્ષ્ય બાહ્ય પ્રકૃતિના અવલોકન દ્વારા બ્રહ્માંડના મહાન સત્યની પ્રાપ્તિ કરવા તરફ હતું, એટલે કે સ્થૂળ જગતમાંથી મનુષ્ય જીવનને લગતા ગંભીર મહા પ્રશ્નના સંતોષકારક ઉત્તર મેળવવાના હતા.

यस्यैते हिमवन्तो महित्वा । " આ હિમાલય પર્વત જેવો મહિમા જાહેર કરે છે. " અલબત્ત, આ ઘણીજ સુંદર અને ઉચ્ચ ભાવના છે; પણ હિંદુસ્તાનની પ્રજાની બુદ્ધિ એટલેથીજ પર્યવસાન પામે એમ ન હતી. તેની બુદ્ધિને હવે અન્ય માર્ગ ગ્રહણ કરવાની જરૂર પડી. ભારતવાસીઓની શોધક વૃત્તિ બાહ્ય સૃષ્ટિ છોડીને આંતર સૃષ્ટિ તરફ વળી અને બાહ્ય સૃષ્ટિનું અવલોકન અને પૃથક્કરણ ન કરતાં આંતર સૃષ્ટિના ચમત્કારનું અવલોકન કરવા પ્રવૃત્ત થઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થૂળમાંથી તેણે ચૈતન્યમાં પ્રવેશ કર્યો. " મનુષ્યની મૃત્યુ પછી શી અવસ્થા થાય છે ? " **अस्तीत्येके नायमस्तीति चैके** " ઇ૦ એજ પ્રશ્નો ભરતખંડમાં ચારે દિશાએથી પૂછાવા લાગ્યા. " કેટલાક કહે છે કે મનુષ્યના મરણ પછી તેના આત્માનું અસ્તિત્વ રહે છે, કેટલાક કહે છે કે નથી રહેતું. હે યમરાજ ! એમાં સત્ય શું છે તે મને કહો" આવો પ્રશ્ન જે કુમાર નચિકેતાએ યમને પૂછ્યો હતો તે આંતરિક સૃષ્ટિનું અન્વેષણ કરવા તત્પર થએલી સમસ્ત ભારતીય પ્રજાનો હતો. એ વખતે પહેલાંના કરતા તદ્દન જુદાજ પ્રકારની પદ્ધતિ ગ્રહણ કરવામાં આવી હતી એમ સ્પષ્ટ રીતે માલમ પડે છે. બાહ્ય જગતના અવલોકન દ્વારા જે કાંઇ સત્ય પ્રાપ્ત થઇ શકે એમ હતું તે સર્વ ભરતખંડની પ્રજાએ પ્રાપ્ત કરી લીધું હતું પણ તેથી તેને સંતોષ થતો ન હતો. હવે એથી પણ વધારે ઉંડાં, ગહન સત્યોનો આવિષ્કાર કરવા પાછળ તેમની શોધક વૃત્તિ કામે લાગી હતી. પોતાની અંદરની સૃષ્ટિમાં પ્રવેશ કરીને-પોતાના આત્માની અંદર નિમજ્જન કરીને તેમાંથી મનુષ્ય-જીવનને લગતા ગંભીર પ્રશ્નોનો શો ઉત્તર મળે છે તે સાંભળવા માટે હવે તૈયારી થતી હતી અને આખરે ત્યાંથી છેવટનો ઉત્તર પણ તેમને મળી ચૂક્યો.

વેદના જે ભાગમાં આત્મતત્વનું નિરૂપણ કરેલું છે તેને ઉપનિષદ્, વેદાંત, આરણ્યક અથવા રહસ્ય કહે છે. અહીં આપણે જોઇ શકીએ છીએ કે તમામ પ્રકારનાં ક્રિયા, કર્મનો સંપૂર્ણ લોપ થઇ ગયો છે. હવે આપણે જોઇ શકીએ છીએ કે આધ્યાત્મિક વિષયનું સ્થૂળ ભાષામાં વર્ણન કરવાની જરૂર પડતી નથી; પણ તેમને ચૈતન્યની પરિભાષા દ્વારા આલેખ્યા છે-તમામ પ્રકારની સૂક્ષ્મ બાબતોને તેમને યોગ્ય ભાષામાંજ વર્ણવેલી છે. હવે તેની અંદર સ્થૂળ ભાવનાનું ચિહ્ન સરખું પણ નજરે પડતું નથી, અને સાંસારિક બાબતોની સાથે મેળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાવાને માટે લેશ માત્ર વૃત્તિ પરોવવામાં આવી નથી. ઉપનિષદોના
તા મહાબુદ્ધિસંપન્ન ઋષિઓએ અત્યંત નિડરપણે—હાલના સમયમાં
ણી કલ્પનામાં પણ ન આવે એવા ધૈર્યસહિત લેશ માત્ર સંકોચ
ા વગર માનવ જાતિની સમક્ષ ઉંચામાં ઉંચાં સત્યો સ્પષ્ટ ભાષામાં
ુ કર્યાં. એવાં ભવ્ય અને સર્વોત્કૃષ્ટ સત્યો કદિ પણ આવિષ્કૃત થયાં
ી અને થશે પણ નહિ. હે મારા સ્વદેશબંધુઓ ! એજ સત્યો હું
રી સમક્ષ આજે રજુ કરવાની ઇચ્છા રાખું છું.

વેદનો જ્ઞાનકાંડ પણ કાંઇ નાનોસરખો નથી; પણ મહાન્
ું જેવો છે. એના એક અત્યંત અલ્પ અંશને પણ હૃદયમાં ધારણ
ાને અનેક જન્મ પર્યંત પ્રયાસ કરવો પડે છે. એ કાંડ એટલે કે
ેદના સંબંધમાં રામાનુજ કહે છે કે વેદાંત એ વેદ અથવા
ના મસ્તકતુલ્ય છે અને વેદરૂપી સમુદ્રના ઉંચામાં ઉંચા તરંગ
ઉંચામાં ઉંચું શિખર છે. એ વાત અક્ષરે અક્ષર સત્ય છે, અને
ા ભરતખંડમાં સર્વમાન્ય શાસ્ત્ર તરીકે તેની ગણના થાય છે તે
જ છે. વેદના કર્મકાંડ તરફ હિંદુઓ અત્યંત સદ્ભાવ રાખે છે
ી, પણ વાસ્તવિક રીતે યુગના યુગ થયાં શ્રુતિ શબ્દનો અર્થ તો
નિષદ્ અને ઉપનિષદ્જ થાય છે. આપણે જાણીએ છીએ કે મોટા
ા તત્ત્વજ્ઞાનીઓ—વ્યાસ, પતંજલિ અને ગૌતમ તેમજ દર્શનશાસ્ત્રના
સ્વરૂપ મહાત્મા કપિલ મુનિને પણ જ્યારે જ્યારે પોતાના મતનું
ન કરવા માટે પ્રમાણ આપવાની જરૂર પડતી ત્યારે ત્યારે ઉપ-
દમાંથીજ તેઓ જોઇતાં પ્રમાણ લેતા અને બીજા કોઇપણ ગ્રંથનો
ાર લેવાની તેમને જરૂર જણાતી નહિ. આનું કારણ એજ છે કે
નિષદોમાંજ સનાતન સત્યો અનંત કાળને માટે ભરી રાખેલાં છે.

કેટલાંક સત્યો એવાં પણ હોય છે કે જે અમુક દેશને માટે અથવા
ક સમયને માટેજ સત્ય મનાઇ શકે છે. તેઓ અમુક યુગના ચોક્કસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંજોગોને લીધેજ સત્ય અને આદરણીય છે; પણ બીજા કેટલાંક સત્યો એવાં છે કે તેમની રચના માનવ જાતિની પ્રકૃતિના આધાર ઉપરજ થએલી છે; અને જ્યાં સુધી જગતમાં માનવ જાતિનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી તેઓ પણ કાયમજ રહેશે. આવી જાતનાં સત્યોજ સર્વદેશીય અને સર્વકાલીન છે. જો કે આપણા જનસમાજમાં અનેક પ્રકારનાં પરિવર્તન થઇ ચૂક્યાં છે; જો કે આપણો ખોરાક, પહેરવેશ, આપણા સાંસારિક રીતરિવાજો વગેરે ઘણે અંશે બદલાઇ ગયાં છે; અને આપણી ઉપાસના કરવાની રીતમાં પણ મોટા મોટા ફેરફાર થઇ ગયા છે; પરંતુ શ્રુતિનાં સાર્વભૌમિક સત્યો–વેદાંતનાં અપૂર્વ તત્ત્વદર્શન–પોતાનાજ પ્રભાવવડે અચલ, અજય્ય અને અવિનાશી પણે હજી પણ તેવાં ને તેવાં વિદ્યમાન રહ્યાં છે.

ઉપનિષદ્‌માં જે તત્ત્વનું વિશેષપણે વિવેચન કર્યું છે તેનાં બીજ કર્મકાંડમાં પણ પહેલેથીજ વાવી મૂકાયાં હોય એમ સ્પષ્ટ જણાય છે. બ્રહ્માંડ તત્ત્વ, જેને તમામ વેદધર્માનુયાયી સંપ્રદાયો માન્ય રાખે છે તેમજ મનોવિજ્ઞાનતત્ત્વ જે ભારતીય તત્ત્વદર્શનની તમામ શાખાઓના મૂળ આધારરૂપ છે, તેમનું પણ કર્મકાંડમાં વિવરણ કરવામાં આવ્યું છે અને જગતની સમક્ષ તેમને સ્પષ્ટ ભાષામાં રજુ કરવામાં આવ્યાં છે; માટે વેદાંતના આધ્યાત્મિક પ્રકરણની ચર્ચા કરવા પહેલાં કર્મકાંડ સંબંધે તમોને કાંઇક કહેવાની મને જરૂર જણાય છે. વળી "વેદાંત" એ શબ્દ હું કયા અર્થમાં વાપરૂં છું તેનો પણ પહેલેથીજ ખુલાસો કરી દેવાની જરૂર છે. દુર્ભાગ્યની વાત એ છે કે આપણે વેદાંતના સંબંધમાં એક પ્રકારના ભ્રમમાં પડેલા છીએ. આપણે વેદાંતનો અર્થ માત્ર અદ્વૈતવાદજ કરીએ છીએ. આપણે આ વાત હમેશાં સ્મરણમાં રાખવી જોઇએ કે વેદાંતનો સાંગોપાંગ અભ્યાસ કરવા માટે ત્રણ **પ્રસ્થાન** એકસરખી રીતે જરૂરનાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ પ્રસ્થાન " શ્રુતિ " એટલે કે ઉપનિષદ્ અને બીજું પ્રસ્થાન "વ્યાસસૂત્ર" છે. આપણા દેશના દર્શનશાસ્ત્રસમૂહમાં વ્યાસસૂત્ર સર્વ કરતાં વિશેષ પ્રાધાન્ય ભોગવે છે તેનું કારણ એજ છે કે તેઓ તેમની પૂર્વે રચાયલાં દર્શનોના સર્વસંગ્રહરૂપ, અને તેમના સર્વોત્તમ પરિપક્વ પરિણામરૂપ છે. દર્શનોવિષે લોકોમાં એવી માન્યતા છે કે એઓ પરસ્પર વિરુદ્ધ છે, પણ વાસ્તવિક રીતે તેમ નથી. તેઓ એક બીજાના આધાર રૂપજ છે. જાણે સત્યનું અન્વેષણ કરનાર મનુષ્યને એનો ક્રમવિકાસ બતાવતાં બતાવતાં આખરે વ્યાસસૂત્રમાં તેમની પરિણતિ થતી હોય એમ પ્રતીત થાય છે. એ ઉપનિષદ્ અને વ્યાસસૂત્ર કે જેની અંદર વેદાંતનાં સત્યોનું પદ્ધતિસર નિરૂપણ કરવામાં આવ્યું છે, તે એની વચ્ચેના ત્રીજા પ્રસ્થાનની જગા શ્રી ભગવાનના મુખદ્વારા ગવાયલી, વેદાંતના ભાષ્યસ્વરૂપ ભગવદ્ગીતા ભોગવે છે. ભરતખંડના તમામ સંપ્રદાયો–દ્વૈતવાદી, અદ્વૈતવાદી, અને વિશિષ્ટાદ્વૈતવાદી–જે કોઇ પોતાને સનાતન ધર્માવલંબી કહેવરાવે છે તેમણે પોતાએ એજ કારણથી ઉપનિષદ્, ગીતા, અને વ્યાસસૂત્રને પોતાનાં પ્રમાણ તરીકે માન્ય રાખ્યાં છે. આપણે જોઇએ છીએ કે શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, વલ્લભાચાર્ય, ચૈતન્ય–સારાંશમાં જે જે આચાર્યોએ નવીન સંપ્રદાયની સ્થાપના કરી છે, તેમને આ ત્રણે પ્રસ્થાનને માન્ય રાખવાં પડયાં છે અને તેમનેજ આધારે પોતપોતાના સ્વતંત્ર ભાષ્યની રચના કરવી પડી છે. આમ હોવાથી ઉપનિષદ્ને આધારભૂત ગણીને જે જે સંપ્રદાયો ઉત્પન્ન થયા છે તેમાંના દરેક એકનેજ " વેદાંત " શબ્દ લાગુ પાડી દેવો એ અયોગ્ય છે. વેદાંતની અંદર સર્વનો સમાવેશ થઇ શકે છે. અદ્વૈતવાદીને પોતાને વેદાંતી કહેવડાવવાનો જેટલો અધિકાર છે તેટલોજ અધિકાર રામાનુજના કે મધ્વાચાર્યના અનુયાયીને પણ છે. હું તો એથી પણ આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધીને કહેવાની હિંમત ચલાવું છું કે હિંદુ અને વેદાંતી સમાનાર્થ શબ્દો છે; અને જે જે હિંદુ કહેવાય છે તે સઘળાજ વેદાંતીઓ છે.

બીજી જે બાબત તરફ હું તમારૂં લક્ષ દોરવા માગું છું; તે એ છે કે આ ત્રણે મત–અદ્વૈતવાદ, દ્વૈતવાદ, અને વિશિષ્ટાદ્વૈતવાદ-સ્મરણાતીત કાળથી ભરતખંડમાં પ્રચલિત હતાજ. શંકરાચાર્યે કાંઇ અદ્વૈતવાદનો સિદ્ધાંત પોતાના મગજમાંથી નવો ઉત્પન્ન કર્યો નથી. તેમના જન્મ પહેલાં પણ યુગના યુગ થયાં એ મત ચાલ્યો આવતો હતો. શંકરાચાર્ય માત્ર એ મતના છેલ્લા પ્રતિનિધિ હતા. રામાનુજના મતને માટે પણ એવીજ હકીકત છે. રામાનુજના જન્મ પહેલાં પણ વિશિષ્ટાદ્વૈતવાદ અસ્તિત્વમાં હતો એ તેમના પોતાનાજ ભાષ્ય ઉપરથી સાબિત થઇ શકે છે. બીજા દ્વૈતવાદી સંપ્રદાયો પણ ઉપર કહેલ એઉ મતની સાથેજ ભરતખંડમાં પ્રચલિત હતા અને દરેકને પોત-પોતાના પ્રતિનિધિઓ હતા. મારી અલ્પ સમજમાં તો એવું આવે છે કે એ ત્રણ મત પરસ્પર વિરુદ્ધ નથી. આપણાં ષડ્દર્શનોમાં ગંભીર તત્વવિચારનો જે મહાન ક્રમવિકાસ થએલો આપણે જોઇએ છીએ, તેમનો ધ્વનિ આરંભમાં અત્યંત મૃદુ છે; પણ અંતે અદ્વૈત સિદ્ધાંતની મેઘગર્જના રૂપે તે પરિણતિ પામે છે, એજ પ્રમાણે આ ત્રણે વાદના સંબંધમાં પણ છે. મનુષ્યનું મન એક એકથી અધિક ઉંચા આદર્શને ક્રમે ક્રમે ગ્રહણ કરતું કરતું ઉન્ન તના માર્ગમાં આગળ વધે છે, અને અંતે સર્વનું અદ્વૈતવાદની અદ્ભુત એકતામાંજ પર્યવસાન થાય છે, માટે વાસ્તવિક રીતે એ ત્રણે મત પરસ્પર વિરોધી નથી.

હકીકત આ પ્રમાણે છતાં કહેવાની જરૂર પડે છે કે ઘણાં માણસોએ તેઓને પરસ્પર વિરુદ્ધ માનવાની ભૂલ કરેલી છે. આપણે જોઇએ છીએ કે અદ્વૈતવાદી આચાર્યોને જે જે શ્લોક અદ્વૈત સિદ્ધાંતના સમર્થક જણાયા તેટલા તેમણે જેમના તેમ રહેવા દીધા છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાકીના જે શ્લોકમાં દ્વૈતવાદ કે વિશિષ્ટાદ્વૈતવાદનો ઉપદેશ હતા જોવામાં આવ્યો તેમને મારી મચડીને તેમનો અર્થ અદ્વૈતવાદ-માં મેળવી દીધો છે. એજ પ્રમાણે દ્વૈતવાદી આચાર્યોએ અદ્વૈતવાદા-ના શ્લોકના અર્થને મારી મચડીને વિકૃત કરી નાખ્યો છે. અલ-બત, તેઓ આપણા ગુરુતુલ્ય હતા–મહાપુરૂષો હતા; તોપણ કહે-વાય છે કે **दोषा वाच्या गुरोरपि।** ગુરુમાં પણ જો દોષ હોય તો કહેવા જોઇએ. મારો અભિપ્રાય એવો છે કે માત્ર આજ બાબતમાં એ મોટી ભૂલ કરી હતી. આપણા શાસ્ત્રના અર્થને વિકૃત કરવાની જરૂરજ નથી. ધર્મશાસ્ત્રનો અર્થ કરવામાં કોઇ પણ પ્રકારનો અસત્ય લેવાની જરૂરજ નથી. વ્યાકરણના દાવપેચ લગાવીને અર્થનો અર્થ કરવાની કાંઇપણ જરૂરજ નથી. એ શ્લોકોની અંદર આપણા પોતાના વિચાર બળાત્કારે દાખલ કરવાનું પ્રયોજનજ નથી કેમકે એવા વિચારથી એ રચાયાજ નથી. મૂળ શ્લોક તો ઘણાજ સરળ અને સહેલા-થી સમજાય એવા છે અને અધિકારભેદનું રહસ્ય સમજવાથી તેનો અર્થ ઘણીજ સહેલાઇથી ગ્રહણ કરી શકાય છે.

ઉપનિષદ્નો મુખ્ય વિષય એકજ હતો એ વાત તો સત્યજ છે. **कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति ।** " એવો કયો પદાર્થ છે કે જેને જાણ્યાથી બધાજ વિષયનું જ્ઞાન થઇ જાય ?" વર્તમાન સમયની ભાષામાં કહીએ તો ઉપનિષદ્નો ઉદ્દેશ પરમ એક-ત્વનો આવિષ્કાર કરવાનો છે. બહુત્વની અંદર એકત્વનું દર્શન કરવા કરતાં વધારે શ્રેષ્ઠ જ્ઞાન બીજું છેજ નહિ. તમામ પ્રકારનાં વિજ્ઞાન-શાસ્ત્રની રચના આજ પાયા ઉપર થએલી છે. તમામ પ્રકારનું મનુષ્ય-માત્રનું જ્ઞાન બહુત્વમાં એકત્વનું અનુસંધાન કરવાના ઉદ્દેશદ્વારાજ નિષ્પન્ન થયું છે. અત્યારસુધીમાં પ્રાપ્ત થયેલા લૌકિક ફૂટા છવાયા જ્ઞાન કે જેમને આપણે "વિજ્ઞાન" કહીએ છીએ, તેમનું કાર્ય જો આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતની થોડી ઘણી લીલાની અંદર એકત્વનું અનુસંધાન કરવાનું હોય તો પછી આ અપૂર્વ વૈચિત્ર્યપૂર્ણ બ્રહ્માંડ કે જેમાં નામરૂપના હજાર પ્રકારના ભેદ છે, જ્યાં જડચૈતન્યના ભેદ છે, જ્યાં પ્રત્યેક પ્રાણીની ચિત્તવૃત્તિ ભિન્ન ભિન્ન પ્રકારની છે, જ્યાં પ્રત્યેક સ્વરૂપ બીજા સ્વરૂપથી જુદાજ પ્રકારનું છે, અને જ્યાં એક વસ્તુથી બીજી વસ્તુનું જુદાપણું સ્પષ્ટ જણાઇ આવે છે, એવા બ્રહ્માંડની અંદર એકત્વનો આવિષ્કાર કરવાનો ઉદ્દેશ જે વિજ્ઞાનનો હોય તે કેટલું મહાન અને કેટલું દુર્ઘટ હોવું જોઇએ તેનો ખ્યાલ તમેજ કરી લેશો. એ સર્વ ભિન્ન ભિન્ન ભૂમિકાઓ અને ભિન્ન ભિન્ન પ્રકારના અનંત લોકવચ્ચે રહેલી એકતાને શોધી કહાડવાનું કાર્ય ઉપનિષદોએ માથે લીધું હતું. આ બાબત તમારે બરાબર સમજી રાખવાની છે.

ઉપનિષદ્ જે રીતે બ્રહ્માંડની એકતા સિદ્ધ કરે છે તેને યથાર્થ રીતે સમજવાને અરુન્ધતી ન્યાયનો ઉપયોગ કરવો પડે છે. અરુન્ધતીનો તારો કોઇને બતાવવો હોય તો તેની પાસેનો મોટો, પ્રકાશિત તારો પ્રથમ બતાવીને તેના ઉપર તેની નજર સ્થિર કરાવવી પડે છે, ત્યાર પછીજ તેને આધારે અરુન્ધતીનો તારો જે ઘણોજ સૂક્ષ્મ અને ઝાંખો છે તે જોઇ શકાય છે. એજ પ્રમાણે બ્રહ્મતત્ત્વ જે અત્યંત સૂક્ષ્મ છે તે સમજાવવાને માટે શરૂઆતમાં કેટલીક સ્થૂળ બાબતો સમજાવ્યા પછીજ ક્રમે ક્રમે વધારે ઉચ્ચ અને સૂક્ષ્મ ઉપદેશ આપી શકાય છે. મારા આ કથનની સત્યતા સિદ્ધ કરવાને માટે મારે પ્રમાણ આપવાની જરૂર નહિ હોઇને માત્ર ઉપનિષદ તરફજ આંગળી બતાવી દઇશ તો પણ ચાલશે; કેમકે તેના ઉપરથી તમે જાતેજ સઘળું સમજી શકશો. એમાં લગભગ દરેક અધ્યાયના આરંભમાં દ્વૈતવાદ–ઉપાસનાનો ઉપદેશ જોવામાં આવે છે. શરૂઆતમાં ઇશ્વરને જગતનો ઉત્પન્નકર્તા, પાલનકર્તા અને પ્રલયકર્તા તરીકે વર્ણવ્યો છે. તે આપણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાસ્ય દેવતા છે, આપણો શાસનકર્તા છે તથા બાહ્ય અને અંતઃ-પ્રકૃતિનો નિયામક છે એમ દર્શાવ્યું છે; પરંતુ તેમ છતાં પણ તેને પ્રકૃતિથી પર (બહાર) અને ભિન્ન માનેલો છે. એ પછી એક પગલું આગળ વધતાં તમે એમાં જોઇ શકશો કે જે આચાર્યે ઉપર કહેલો ઉપદેશ આપ્યો હતો તે હવે જુદાજ પ્રકારનો સિદ્ધાંત સમજાવે છે. તે તે જણાવે છે કે ઇશ્વર પ્રકૃતિની અંદર પણ રહેલો છે; અને તે પછી છેવટે એ બંને ભાવનાઓને પણ રદ કરીને તેજ આચાર્ય આગળ વધતાં કહે છે કે જે કાંઇ સત્ય પદાર્થ છે તે તેજ છે. કોઇ પણ પ્રકારનો દેશ, કાળ કે વસ્તુથી ભેદ છેજ નહિ. **तत्वमसि श्वेतकेतो**–હે શ્વેતકેતુ! **તે તું જ છે.** જે ઇશ્વર સમગ્ર જગતની અંદર અને બહાર રહેલો છે, તેજ મનુષ્યમાં પણ આત્મારૂપે રહેલો છે, એ સિદ્ધાંત આ પ્રમાણે છેવટે પ્રકટ થાય છે. આ પ્રમાણે આ સત્યને પ્રકટ કરવામાં લેશ માત્ર સંકોચ કે ઉપેક્ષા વૃત્તિ રાખવામાં આવ્યાં નથી. આ અપૂર્વ સત્યને લોકો માન્ય રાખશે કે કેમ અથવા અન્ય મતવાળા તેની વિરુદ્ધ તકરાર ઉઠાવશે કે કેમ તે સંબંધી લેશમાત્ર ડર કે દરકાર રાખ્યા વગર સ્પષ્ટ અને નિડર ભાષામાં જે સત્ય હતું તે જાહેર કરવામાં આવ્યું છે. આજે પણ એજ પ્રમાણે એ સત્યનો પ્રચાર કરવામાં કશોજ ભય રાખવાની જરૂર નથી, અને મને વિશ્વાસ છે કે મારામાં બીજી ઘણી વાતની અપૂર્ણતાઓ હશે તે છતાં પણ નિડરપણે સત્યનો પ્રચાર કરવાની તો મારામાં હિંમત છે.

હવે આપણા વિષયને જ્યાંથી પડતો મૂક્યો છે ત્યાંથી તેનું પુનઃ અનુસંધાન કરીએ. પ્રથમ બે બાબતો બરાબર સમજી લેવાની જરૂર છે–એક તો જગતની ઉત્પત્તિનો સિદ્ધાંત કે જે વેદાંતના તમામ સંપ્રદાયોને માન્ય છે, અને બીજું મનોવિજ્ઞાનતત્ત્વ કે જે દર્શન-શાસ્ત્રના તમામ સંપ્રદાયના મૂળ આધાર રૂપ છે. એ બે વિષયોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમથીજ સારી રીતે સમજી લેવા જોઇએ. હવે પ્રથમ જગત્સૃષ્ટિના સિદ્ધાંતનું સંક્ષેપમાં અવલોકન કરીએ. વર્તમાન સમયમાં આધુનિક વિજ્ઞાનશાસ્ત્રીઓએ કરેલાં અદ્‌ભુત સંશોધનો જોઇને જાણે એકાએક વિજળીનો આંચકો લાગ્યો હોય તેમ આપણે અચંબામાં ગરકાવ થઇ જઇએ છીએ, અને આપણા સ્વપ્નમાં પણ ન આવે એવાં અદ્‌ભુત સત્યોનો આવિષ્કાર થએલો આપણે જોઇએ છીએ; પણ એ સત્યો જેને હાલ આપણે નવી શોધખોળનાં પરિણામ માનીએ છીએ તે અનેક યુગમાં થએલાં સંશોધનની માત્ર નવી આવૃત્તિજેવાંજ છે. જે સત્યોની પ્રાપ્તિમાટે આધુનિક વિજ્ઞાન (સાયન્સ) અંધકારમાં અનેક મુશીબતો વેઠીને આગળ ને આગળ વધતું જાય છે તે સત્યો હિંદુસ્તાનના ઋષિઓએ અનેક યુગપૂર્વે શોધી કહાડયાં હતાં. આધુનિક વિજ્ઞાને થોડા વખતપરજ એક સિદ્ધાંત જાહેર કર્યો છે કે કુદરતની જુદી જુદી શક્તિઓમાં ઐક્ય રહેલું છે. તેમણે હમણાંજ શોધી કહાડયું છે કે ઉષ્ણતા, વિદ્યુત્, ચુંબક વગેરે જુદી જુદી શક્તિઓને એક શક્તિમાં પરિણત કરી શકાય છે; અને તેથી કરીને એ શક્તિ લૌકિક ભાષામાં ભલે જુદાં જુદાં નામથી ઓળખાય તોપણ વિજ્ઞાન તો તેને એકજ નામથી ઓળખશે.* હવે સંહિતા, કે જે અતિ પ્રાચીન ગ્રંથ છે, તેની અંદર શક્તિના સંબંધમાં આવીજ મતલબનું લખાણ જોવામાં આવે છે. ગુરુત્વાકર્ષણનું, ઉષ્ણતાનું, વિદ્યુત્‌નું, ચુંબકનું કે પછી અંતઃકરણની વિચારશક્તિનું બળ-ગમે તે સ્વરૂપમાં જુઓ પણ એ સર્વ એકજ શક્તિનાં જુદાં જુદાં રૂપાંતર છે અને તે શક્તિનું નામ **પ્રાણ**

* પાશ્ચાત્ય વૈજ્ઞાનિકોએ ઘણા શ્રમપૂર્વક અને સૂક્ષ્મદ્રષ્ટિપૂર્વક કરેલી અનેક પ્રકારની (જગતની ઉત્પત્તિ વિષેની અને બીજી) જાણવા જેવી શોધખોળોની વિગતે હકીકત દર્શાવનારૂં પુસ્તક વિવિધ ગ્રંથમાળા દ્વારા ચાલુ અથવા તો આવતા વર્ષમાં પ્રસિદ્ધ થવા સંભવ છે. **મંત્રી. સ. સા.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. પ્રાણ એટલે શું? પ્રાણ એટલે એક પ્રકારનું આંદોલન. જ્યારે સમગ્ર બ્રહ્માંડનો લય થઇ જાય છે ત્યારે આ અનંત શક્તિના ભંડારનું શું થતું હશે? તેનો શું સંપૂર્ણ લોપ થઇ જતો હશે? કદિ નહિ. ધારો કે તેનો લોપજ થઇ જતો હોય તો પછી કોને આધારે જગતનો બીજી વારનો તરંગ ઉત્પન્ન થઇ શકે? ઉત્પત્તિ અને લયની તરંગાકાર ગતિ અનંતકાળથી ચાલી આવી છે—એક તરંગ ઉંચે ઉછળે છે, નીચે પડે છે—વળી ઉછળે છે, વળી નીચે પડે છે—એ પ્રમાણે અનંતયુગ થયાં વાલ્યુંજ આવે છે. આ બ્રહ્માંડના વિકાસને આપણા શાસ્ત્રમાં **સૃષ્ટિ** એવું નામ આપેલું છે. અંગ્રેજી શબ્દ Creation અને સૃષ્ટિ એ બંને એક અર્થવાચક નથી. સંસ્કૃત પારિભાષિક શબ્દોનો અંગ્રેજી ભાષામાં જોઇએ તેવો અનુવાદ થઇ શકતોજ નથી; માટે ગમે તેમ કરીને 'સૃષ્ટિ'ને મળતા અર્થવાળો અંગ્રેજી શબ્દ હું વાપરૂં છું. 'સૃષ્ટિ'નો ખરો અર્થ 'ઉત્પત્તિ' થતો નથી પણ પ્રકટીકરણ અથવા 'જે અંદર હતું તેનું બહાર પ્રકાશમાં આવવું' એવો થાય છે. પ્રલયસમયે આ પ્રાપંચિક જગત્ વધારે વધારે સૂક્ષ્મ બનીને જે અવસ્થામાંથી તેની પ્રથમ ઉત્પત્તિ થઇ હતી તે પ્રાથમિક અવસ્થામાં પરિણત થાય છે. થોડો સમય આ અવસ્થામાં શાંતપણે રહે છે અને વળી પાછું તેનું ધીમે ધીમે પ્રકટીકરણ થાય છે. આપણાં શાસ્ત્રોમાં જગતની સૃષ્ટિ સંબંધી આવો ક્રમ બતાવેલો છે. હવે જે શક્તિસમૂહને આપણે **પ્રાણ** એવું સામાન્ય નામ આપીએ છીએ તેનું શું થાય છે? તે તેના મૂળ પ્રાણમાં પરિણત થાય છે. આવી અવસ્થામાં તે લગભગ ગતિહીન—સંપૂર્ણ ગતિહીન તો નહિજ પણ લગભગ ગતિહીન અવસ્થામાં રહે છે. વેદનાં સૂક્તોમાં પણ તેના સંબંધમાં એવીજ હકીકત આપેલી છે. **'आनीद वातं'** એટલે કે ગતિ વિનાના વાયુની પેઠે આંદોલન ઉત્પન્ન ન થાય એવી સૂક્ષ્મ ગતિ રૂપે તે રહે છે. આ વાક્યમાં ઉપલાજ તત્ત્વનું નિરૂપણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરેલું છે. વેદના અનેક પારિભાષિક શબ્દોના ખરા અર્થ બેસાડવામાં ઘણીજ મુશ્કેલી નડે છે. દાખલા તરીકે 'વાત' શબ્દ લઇએ. કોઇ કોઇ ઠેકાણે એ શબ્દને 'વાયુ'ના અર્થમાં વાપર્યો છે; કોઇ ઠેકાણે તેનો અર્થ 'ગતિ' પણ થાય છે. લોકો ઘણી વાર આ બે અર્થમાં ગુંચવાડો ઉત્પન્ન કરે છે; માટે હું તમને સાવચેતી રાખવાની સૂચના કરૂં છું. હવે આપણે જેને દ્રવ્ય (matter) અથવા ઉપાદાન કહીએ છીએ તેનું શું થાય છે તે જોઇએ. શક્તિ દ્રવ્ય માત્રમાં ઓતપ્રોત રૂપે રહેલી છે. પ્રલયસમયે ભૂત માત્ર આકાશ અથવા 'ઇથિર' (Ether)ના રૂપમાં ફેરવાઈ જાય છે. પંચ મહાભૂતમાં સૌથી પ્રથમ ઉત્પન્ન થનાર દ્રવ્ય આકાશ છે. એ આકાશ પ્રાણના આંદોલનથી ગતિમાં આવી જાય છે. તેને આકાશ કહો, ઇથિર કહો કે ગમે તે કહો પણ ભૂતમાત્ર પ્રથમ આકાશતુંજ સ્વરૂપ ધારણ કરે છે. આકાશમાં જ્યારે પ્રાણની શક્તિવડે તરંગ ઉત્પન્ન થાય છે ત્યારે તેમાંથી નવી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. એમ કરતાં કરતાં આંદોલન વિશેષ ત્વરિત થતાં જાય છે અને ક્રમે ક્રમે તેમાંથી ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર વગેરેનાં સ્વરૂપ ઘડાય છે; અને તેથી એ સર્વ પદાર્થો આકાશના નાના મોટા તરંગરૂપજ છે.

અન્ય સ્થળે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કેઃ—

दिदं किंच जगत् सर्वं प्राण एजति निःसृतम् ।

"આ જગતમાં જે કાંઇ પદાર્થ જોવામાં આવે છે તેનું પ્રાણના આંદોલન વડેજ પ્રકટીકરણ થએલું છે." અહીં **एजति** શબ્દને ખૂબ વિચારપૂર્વક વાંચજો. **एज्** એટલે કંપવું એ ધાતુમાંથી આ શબ્દ ઉત્પન્ન થએલો છે. **निःसृतम्** એટલે પ્રકટ થએલું. **यदिदं किंच** એટલે જગતમાં જે કાંઈ છે તે સર્વ.

અહીં સુધી પ્રાપંચિક જગતની સૃષ્ટિ સંબંધી સિદ્ધાંતનું આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિગ્દર્શન કર્યું. એનું સવિસ્તર વર્ણન આપવું હોય તો બીજી ઘણી બાબતોનો ઉલ્લેખ કરવો પડે તેમ છે. કેવી રીતે સૃષ્ટિ થાય છે, પ્રથમ આકાશની રચના થયા પછી તેમાંથી બીજા પદાર્થોનાં સ્વરૂપ કેવી રીતે થાય છે, આકાશનાં આંદોલનમાંથી વાયુની ઉત્પત્તિ કેવી રીતે થાય છે એવી એવી અનેક બાબતો કહેવાની જરૂર છે. આ બધા ઉત્પત્તિક્રમમાંથી એક સામાન્ય સિદ્ધાંત એ બાંધી શકાય છે કે સૂક્ષ્મમાંથીજ ક્રમે ક્રમે વિશેષ સ્થૂળ પદાર્થો ઉત્પન્ન થાય છે. એમ કરતાં કરતાં આખરે સ્થૂળ ભૂત-બાહ્ય સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. આજ આપણી સ્થૂળ સૃષ્ટિ છે. એ સર્વથી બહારની અને છેલ્લી છે. તેની પાછળ વધારે સૂક્ષ્મ ઉપાદાન રહેલું છે. આ પ્રમાણે પૃથક્કરણ કરી જોતાં જણાશે કે આખા જગતના આપણે સ્થૂળ અને સૂક્ષ્મ એવા બે વિભાગ કરીએ છીએ તે વાસ્તવિક રીતે એકજ છે, અને એકજ પરમ તત્ત્વમાં જગતના પદાર્થ માત્રને પરિણત કરી શકાય છે. સર્વ શક્તિઓનો સમુદાય પ્રાણ નામની એક શક્તિમાં પરિણત થાય છે અને જડ સૃષ્ટિ આકાશ નામના એક પદાર્થમાં પર્યવસાન પામે છે. હવે એ બેની અંદર પણ કોઇ પ્રકારે એકતા સિદ્ધ કરી શકાય એમ છે ? એ બેઉને કોઇ રીતે એક તત્ત્વમાં પર્યવસિત કરી શકાય એવો કોઇ ઉપાય છે ખરો ? આ બાબતમાં આપણું આધુનિક વિજ્ઞાન શાસ્ત્ર ઉત્તર આપવા અસમર્થ છે. આ પ્રશ્નનો હજી તેનાથી નિર્ણય થઈ શકયો નથી, અને જો નિર્ણય કરવોજ હોય તો આપણા મહર્ષિઓએ અનુસરેલી પદ્ધતિ-પ્રમાણે આધુનિક વિજ્ઞાને જેમ ધીમે ધીમે **આકાશ** અને **પ્રાણ** એ બે મૂળ તત્ત્વોનું પુનઃ સંશોધન કર્યું તેજ પ્રમાણે મહર્ષિઓનેજ પગલે પગલે ચાલીને તેમનાજ બાંધેલા સિદ્ધાંત પર આવવું પડશે. આકાશ અને પ્રાણ એ બેઉની ઉત્પત્તિ એકજ પરમ તત્ત્વમાંથી થએલી છે. તે સર્વ-વ્યાપી નિર્ગુણ તત્ત્વ કે જેને પુરાણમાં બ્રહ્મા-ચતુર્મુખ બ્રહ્મા એવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ આપેલું છે અને મનોવિજ્ઞાનમાં જે **મહત્** એવી સંજ્ઞાથી ઓળખાય છે; તેની અંદર આકાશ અને પ્રાણ બેઉનું મિલન થઇ શકે છે. તત્ત્વ-જ્ઞાનની પરિભાષામાં જેને **મન** કહ્યું છે તે બીજું કાંઈજ નહિ પણ મગજ રૂપી જાળમાં આબદ્ધ થએલો આ મહત્નો અત્યંત અલ્પ અંશ છે, અને આખા જગતના મગજમાં આબદ્ધ થએલા મહત્ના તમામ અંશના સરવાળાને આપણે **સમષ્ટિ** એવા નામથી ઓળખીએ છીએ.

હજી પણ પૃથક્કરણ સમાપ્ત થતું નથી. હજી તેને એથીએ વધારે આગળ લઈ જવાનું છે. આપણે હજી એટલાજ સિદ્ધાંતપર આવ્યા છીએ કે આપણે દરેક જણ કોઇ એક **ક્ષુદ્ર બ્રહ્માંડ** (Microcosm) છીએ અને આખું જગત્ મળીને એક **બૃહત્ બ્રહ્માંડ** (Macrocosm) થાય છે. પિંડે તે બ્રહ્માંડે, એટલે કે જે કાંઇ વ્યષ્ટિમાં છે, તે સર્વ સમષ્ટિમાં પણ હોવું જોઇએ; એવું અનુમાન એ સિદ્ધાંત ઉપરથી કરીએ તો તે સપ્રમાણજ છે. હવે જો આપણે આપણા પોતાનાજ મનનું પૃથક્કરણ કરીએ અને તેની અંદર શું શું છે તે એકવાર જાણી લઇએ તો તેને આધારે સમષ્ટિના મન (Cosmic Mind) વિષે પણ સત્ય અનુમાન આપણે સહેલાઇથી બાંધી શકીએ. ત્યારે હવે મન એ શું છે ? વર્તમાન સમયમાં પાશ્ચાત્ય દેશોમાં ભૌતિક વિજ્ઞાન શાસ્ત્રની ત્વરિત ઉન્નતિ થવાથી, અને શારીર વિજ્ઞાનશાસ્ત્ર (Human Physiology) પ્રાચીન ધર્મના એક પછી એક કિલ્લાઓ સર કરવા માંડયા છે તેને લીધે, હવે ત્યાંના લોકોને ઉભા રહેવાનું સ્થાન પણ મળતું નથી; કારણ કે આધુનિક શારીરવિજ્ઞાનશાસ્ત્ર પગલે પગલે સિદ્ધ કરતું જાય છે કે મન અને મગજ એ એક એકજ પદાર્થ છે. આથી કરીને ત્યાંના લોકો ગુંચવણમાં પડી ગયા છે, પણ હિંદુસ્તાનની પ્રજા તો આ વાત ઘણા સમયથી જાણતી આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણે ઘણા સમયથી શોધી કહાડયું છે કે મન પણ વાસ્તવિક રીતે
ક પદાર્થ છે. જો કે શરીરને મુકાબલે તે ઘણે દરજ્જે સૂક્ષ્મ છે.
પણ સ્થૂળ દેહની પાછળ જે સૂક્ષ્મ શરીર અથવા મન રહેલું છે
પણ વસ્તુતઃ તો જડજ છે. તે દેહના કરતાં સૂક્ષ્મ છે ખરૂં, પરંતુ
ત્મા તો તે નથીજ.

હું "આત્મા" શબ્દનો અંગ્રેજીમાં અનુવાદ કરી શકતો નથી
કમકે અંગ્રેજીમાં જેને Soul અથવા Spirit કહે છે તેના અર્થમાં
ને આત્માના અર્થમાં દાર્શનિક દૃષ્ટિએ જોતાં ઘણો તફાવત છે.
પની કોઇ પણ ભાષામાં "આત્મા" શબ્દના અર્થનું પ્રતિપાદન
ર એવો શબ્દજ નથી. આ અપૂર્ણતા સુધારવા માટે વર્તમાનકાળમાં
ત દાર્શનિકોએ "આત્માને"ને માટે Self શબ્દ યોજી કહાડયો
પણ એ શબ્દ જ્યાં સુધી તમામ સંપ્રદાયના પંડિતો સ્વીકારે નહિ
સુધી તે વાપરી શકાય નહિ. એને Self કહો કે ગમે તે કહો
જેને આપણે "આત્મા" સાથે છીએ તેજ એ પદાર્થ ફેરફાર
ત્માજ મન સરોવરની ઉપર થતા આઘાત મનુષ્ય છે. એ નિમિત્ત
વસ્તુતઃ થાય છે; અને અંતઃકરણરૂપી સરોવરની ઉપર જે આઘાત
છે તે બહારથી તેમજ અંદરના ભાગમાંથી પણ આવે છે. મન
ર ઉપલી ચારે પ્રકારની જુદી જુદી અવસ્થાઓનું સામાન્ય નામ
તઃકરણ છે.

અત્યાર સુધીમાં તમને જે હકીકત કહેવામાં આવી તેની સાથે
બીજી બાબત પણ તમારે સારી રીતે સમજી લેવાની છે. તેમ
થી અદ્વૈતવાદનો સિદ્ધાંત સમજવામાં તમને ઘણી સરળતા થઇ
શે. તમે બધાએ મોતી તો જોયાંજ હશે અને તે કેવી રીતે ઉત્પન્ન
છે તે પણ તમે જાણતાજ હશો. કાલુ માછલીના કોટલાની
ર રેતીનો કણ દાખલ થઇ જાય છે; તેથી કરીને માછલીના શરીરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ. એનો જો નાશ થાય તો ભલે કોઇને ઇન્દ્રની માફક એક હજાર નેત્રો હોય તોપણ તે કાંઇજ જોઇ શકશે નહિ. આપણા તત્ત્વજ્ઞાનમાં આ સિદ્ધાંતને પ્રથમથીજ સ્વતઃસિદ્ધ માની લીધો છે અને પછી આગળ વધીને જાહેર કર્યું છે કે દૃષ્ટિનો અર્થ માત્ર બાહ્ય દૃષ્ટિ એવો થતોજ નથી. દર્શન કરવાનું વાસ્તવિક કાર્ય તો આભ્યંતર ઇન્દ્રિયોનું અથવા માથાની અંદર આવેલા મસ્તિષ્ક કેન્દ્રો(Brain-centres) નુંજ છે. તમે તેમને મરજી આવે તે નામ આપો પણ ઇન્દ્રિય શબ્દનો ખરો અર્થ નાક, કાન એવી બાહ્ય ઇન્દ્રિયો થતોજ નથી. હવે આ ઇન્દ્રિયસમૂહનો કૂલ સરવાળો–તત્ત્વજ્ઞાનની પરિભાષામાં કહીએ તો તેમની સમષ્ટિ તથા **મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર** એ બધું મળીને અંગ્રેજીમાં જેને Mind કહે છે તે પદાર્થ બને છે. જો કોઇ આધુનિક શારીરવિજ્ઞાનશાસ્ત્રી તમને કહે કે મગજ એજ મન છે અને તે મગજ નાના પ્રકારનાં યંત્રો અને ઇન્દ્રિયોનું બનેલું એ સિદ્ધ તમે તેને સાફ સંભળાવી દો કે અમને એ વાત અજાણી નથી. અમારા દેશના પૃથક્કરણ કરીએ અને તેની [illegible] પહેલેથીજ ખબર આપણા [illegible] મન સંબંધી છે તે એકવાર જાણી લઇએ તો તેને આધારે સમષ્ટિના મન ([illegible]) વિષે પણ સત્ય અનુમાન આપણે સહેલાઇથી બાંધી [illegible] જાણવા જતાં ત્યારે હવે મન એ શું છે ? વર્તમાન સમયમાં પાશ્ચાત્ય દેશોમાં [illegible] શબ્દોનો વિજ્ઞાન શાસ્ત્રની ત્વરિત ઉન્નતિ થવાથી, અને શારીર વિજ્ઞાન [illegible] તે (Human Physiology) પ્રાચીન ધર્મના એક પછી એક [illegible] સીએ. સર કરવા માંડયા છે તેને લીધે, હવે ત્યાંના લોકોને ઉભા રહેવાં ચારે સ્થાન પણ મળતું નથી; કારણ કે આધુનિક શારીરવિજ્ઞાન [illegible] પગલે પગલે સિદ્ધ કરતું જાય છે કે મન અને મગજ એ બેઉ એક [illegible] પદાર્થ છે. આથી કરીને ત્યાંના લોકો ગુંચવણમાં પડી ગયા છે, પણ હિંદુસ્તાનની પ્રજા તો આ વાત ઘણા સમયથી જાણતી આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મ તો જળ ઉપર આઘાત થશે, એ એક પ્રકારની ક્રિયા થઈ. ી પાણી ઉછળશે અને પત્થર ઉપર તેટલાજ બળથી પ્રતિક્રિયા શે, એ પ્રતિક્રિયાવડે જળમાં તરંગ ઉત્પન્ન થશે. શરૂઆતમાં તો ા જરાકજ કંપિત થશે પણ પછી બીજીજ પળે તરંગના રૂપમાં તાના તરફથી પ્રતિક્રિયા કરવા માંડશે. હવે અંતઃકરણને સરોવરને ે કલ્પી લો, અને બાહ્ય પદાર્થોને સરોવરમાં પડેલા પત્થરની જગ્યાએ ી લો. જ્યારે ઇન્દ્રિયોદ્વારા કોઈ પણ બાહ્ય પદાર્થની સાથે અંતઃ- ણ સમાગમમાં આવે છે—બાહ્ય વસ્તુને અંદર લઇ જવા માટે ઇન્દ્રિ- ી સહાયતા તો જોઇએજ—ત્યારે તેનામાં એક પ્રકારનું આંદોલન ન્ન થાય છે, એનેજ **સંશયાત્મક મન** કહે છે. એ પછી જે એક રની પ્રતિક્રિયા શરૂ થાય છે, એને **નિશ્ચયાત્મક બુદ્ધિ** કહે છે. બુદ્ધિને અનુસરીને જે ચિંતન કરવામાં આવે છે તેનું નામ **ચિત્ત** અને એ બુદ્ધિની સાથેજ અહંજ્ઞાન એટલે અહંકાર અને બાહ્ય નુના જ્ઞાનનો ક્ષણમાત્રમાં એક સાથે ઉદય થાય છે. એમાં ફેરફાર ોજ છે કે સરોવરની ઉપર થતા આઘાત બહારથી કોઇ નિમિત્ત વાથીજ થાય છે; અને અંતઃકરણરૂપી સરોવરની ઉપર જે આઘાત ય છે તે બહારથી તેમજ અંદરના ભાગમાંથી પણ આવે છે. મન રે ઉપલી ચારે પ્રકારની જુદી જુદી અવસ્થાઓનું સામાન્ય નામ **અંતઃકરણ** છે.

અત્યાર સુધીમાં તમને જે હકીકત કહેવામાં આવી તેની સાથે બીજી બાબત પણ તમારે સારી રીતે સમજી લેવાની છે. તેમ થી અદ્વૈતવાદનો સિદ્ધાંત સમજવામાં તમને ઘણી સરળતા થઇ શે. તમે બધાએ મોતી તો જોયાંજ હશે અને તે કેવી રીતે ઉત્પન્ન ય છે તે પણ તમે જાણતાજ હશો. કાલુ માછલીના કોટલાની ર રેતીનો કણ દાખલ થઇ જાય છે; તેથી કરીને માછલીના શરીરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચળ ઉત્પન્ન થાય છે, અને તેની પ્રતિક્રિયા કરવા માટે તેના શરીરમાં એક પ્રકારનો રસ પેદા થાય છે, જે બહાર આવીને રેતીની આસપાસ ફરી વળે છે. એ રસ અંદરનો અંદર ઠરી જાય છે અને તેનું મોતી બંધાય છે. જેમ એ મોતી બંધાય છે તેજ પ્રમાણે આપણે આખા જગતને ઉત્પન્ન કરીએ છીએ. જેમ માછલીના શરીરમાં રેતીની નાની કણિકાવડે ચળ ઉત્પન્ન થાય છે તેમ બાહ્ય જગતમાંથી આપણા અંતઃકરણ ઉપર માત્ર એક આઘાતજ થાય છે. એ આઘાતના અસ્તિત્વનું ભાન થવા માટે આપણે અંદરથી પ્રતિક્રિયા કરવી પડે છે, અને જ્યારે આપણે પ્રતિક્રિયા કરીએ છીએ ત્યારે આપણા અંતઃકરણનો કાંઇક અંશ એ આઘાત તરફ પ્રતિક્રિયારૂપે ફેંકીએ છીએ. જ્યારે આ વાતનું આપણને પૂરેપૂરૂં જ્ઞાન થાય છે ત્યારે આપણને પ્રતીત થાય છે કે આઘાતને પરિણામે આપણા અંતઃકરણે જે આકાર ધારણ કર્યો હોય તેજ આકારમાં આપણને આખું જગત દેખાય છે. જગત્ એ બીજું કાંઇજ નહિ પણ આપણાજ મનનું અમુક રૂપાંતર છે. આપણને જગતમાં જે કાંઇ પદાર્થો દેખાય છે તેનું મૂળ સ્વરૂપ કેવું હશે તે કહી શકાય નહિ. આપણે જે જોઇએ છીએ તેજ વાસ્તવિક જગત નથી પણ આપણા મને ધારણ કરેલું ચોક્કસ સ્વરૂપ તેજ જગત છે. જે લોકો બાહ્ય જગત સત્ય છે એમ માને છે તેમને પણ મેં હમણાં જે સિદ્ધાંત કહ્યો તેનો સ્વીકાર કરવો પડે છે; કારણ કે વર્તમાન સમયમાં શારીરવિજ્ઞાન અને મનોવિજ્ઞાન શાસ્ત્રમાં થતી શોધખોળોને લીધે એ વાત માન્ય રાખ્યા વગર ચાલે એમ છેજ નહિ. જો આપણે બાહ્ય જગતને **ક** કહીએ તો આપણે જગત વિષે જે કાંઈ જાણી શકીએ છીએ તે એકલો **ક** નહિ પણ "**ક** વત્તા આપણું પોતાનું મન" છે. આ જ્ઞાનની ક્રિયાની અંદર મનનો અંશ એટલો બધો વધારે છે કે તેનાથી "**ક**" અંશ તો દબાઇજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે; અર્થાત્ 'क' અંશનું ખરૂં સ્વરૂપ તો આપણે માટે અજ્ઞાતજ છે, અને તેથી બાહ્ય જગતનું કદાચ અસ્તિત્વ હોય તોપણ તેનું મૂળ રૂપ કેવું છે તે આપણે જાણી શકતા નથી. આપણા અંતઃકરણદ્વારા તેનો જે આકાર ઘડાય છે–તે જે સ્વરૂપમાં પરિણુત થાય અથવા રૂપાંતર પામે છે, તેજ માત્ર આપણે જાણી શકીએ છીએ. અંતર્જગત્ સંબંધી પણ તેમજ છે અને એજ નિયમ આપણા આત્માના વિષયમાં પણ લાગુ પડે છે. આત્માને જાણવો હોય તોપણ તે અંતઃકરણદ્વારાજ જાણી શકાય છે. આપણે આત્મા વિષે જે કાંઈ જાણી શકીએ છીએ તે "આત્મા વત્તા મન" એ સિવાય બીજું કંઈ વિશેષ છેજ નહિ; એટલે કે અંતઃકરણદ્વારા આચ્છાદિત થએલા, અંતઃકરણવડે અમુક રૂપાંતર અથવા પરિણુતિ પામેલા આત્માનુંજ આપણને જ્ઞાન થાય છે. એ વિષે વધારે વિસ્તારથી હવે પછી વિવેચન કરીશું, પણ આટલું તો તમારે શરૂઆતથીજ સ્મરણમાં રાખવું જોઇએ.

હવે એક બીજો મુદ્દો સમજી લેવાનો છે. આ આપણો દેહ છે તે એક અખંડિત જડ પ્રવાહનું નામ છે. દરેક પળે આપણે તેમાં નવાં નવાં ઉપાદાન તત્ત્વો ઉમેરતા જઇએ છીએ, અને દરેક પળે તેમાંનાં કેટલાંક તત્ત્વો બહાર નીકળી જાય છે. જાણે તે એક અખંડ પ્રવાહવાળી નદી હોય–દરેક પળે તેના પાણીનો અમુક જથ્થો એક સ્થાનથી બીજા સ્થાન તરફ વહી જતો હોય અને નવો જથ્થો તેમાં દાખલ થયા કરતો હોય તેજ પ્રમાણે આપણા દેહમાં પણ થાય છે. અને તેમ છતાં પણ આપણે કલ્પનાશક્તિવડે એક આખી નદીની પેઠેજ તેનો વિચાર કરીએ છીએ, અને તેનું પાણી દરેક પળે બદલાતું છતાં આપણે તેને એકની એક સ્થિર નદીની પેઠે ધાર્યા કરીએ છીએ; પણ હવે વિચાર કરો કે આપણે "નદી" એવું નામ કોને આપીએ છીએ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક પળે તેનું પાણી બદલાય છે, તેના કિનારાની આકૃતિમાં ફેરફાર થાય છે, અને તેની આસપાસની ભેખડોમાં, વૃક્ષોમાં સર્વમાં ફેરફાર થયાજ કરે છે; ત્યારે પછી નદી એટલે કયો પદાર્થ? નદી એટલે બીજું કાંઇજ નહિ પણ ઉપર કહ્યા તે બધા પરિવર્તન (ફેરફારો)નો સમૂહ–સમષ્ટિ. મનના સંબંધમાં પણ તેમજ છે. આ મતને **ક્ષણિક વિજ્ઞાનવાદ** કહે છે. એ યથાર્થ રીતે સમજવો ઘણો કઠિન છે; પણ બૌદ્ધ દર્શન શાસ્ત્રોમાં તેને એવી દૃઢ અને અભેદ્ય યુક્તિદ્વારા સમર્થિત કરીને સિદ્ધ કર્યો છે કે જેથી કરીને એ મત વેદાંતના મતથી કાંઇક અંશે વિરુદ્ધ અને પ્રબળ સિદ્ધાંતરૂપે ઉભો થયો છે. એ સિદ્ધાંતનું ખંડન કરવાની જરૂરજ છે અને આપણે જોઇશું કે એ કાર્ય એકલા અદ્વૈતવાદવડેજ થઇ શકશે; બીજા કોઈ પ્રકારે થઇ શકે એમ નથી. અદ્વૈતવાદ વિષે લોકોના મનમાં અનેક પ્રકારના ખોટા ખ્યાલ બંધાયલા છે અને ઘણા લોકો તો અદ્વૈતવાદનું નામ સાંભળીને પણ ભડકે છે, તે છતાં પણ અદ્વૈતવાદમાંજ જગતનું કલ્યાણ સમાયલું છે–અદ્વૈતવાદવડેજ સઘળા મહાન પ્રશ્નોનો વિચારપૂર્વક ઉત્તર મળી શકે એમ છે. દ્વૈતવાદ અને બીજા વાદ ઉપાસના કરવાના માર્ગ તરીકે ઠીક છે; મનને ઘણોજ સંતોષ અને શાંતિ આપે એવા છે અને તેમના દ્વારા મનને ઉન્નત કરવામાં સહાય પણ મળતી હશે; પરંતુ જો કોઈ પણ વ્યક્તિને યથાર્થ વિચારશીલ થવાની સાથે સાથેજ ધર્મપરાયણ થવું હોય તો તેનેમાટે તો એકલો અદ્વૈતવાદજ છે.

આપણે હમણાં જોઇ ગયા તેમ મનને આપણા દેહની માફક નદીતુલ્ય કલ્પી લઇએ કે તે એક છેડેથી નિરંતર ખાલી થતું જાય છે અને બીજે છેડે ભરાતુંજ જાય છે. ત્યારે એ નિરંતર થતા ફેરફારની અંદર એવું કયું એકત્વ છે કે જેને આપણે આત્મા કહીએ છીએ? વસ્તુસ્થિતિ એવી છે કે આપણા દેહમાં અને મનમાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંતર પરિવર્તન થયા કરે છે તે છતાં આપણામાં કંઇક એવું પણ
કે જે અપરિવર્તનીય અને અવિકારી છે. વસ્તુઓ સંબંધી આપણા
ચારો અવિકારી છે. એ વાતમાં આપણો પોતાનો અનુભવજ સાક્ષી
છે. જ્યારે તેજનાં કિરણ જુદી જુદી દિશાએથી આવીને એક
દા ઉપર, અથવા દિવાલ ઉપર અથવા તો કોઇ સ્થિર વસ્તુપર
છે ત્યારેજ માત્ર તેઓ એકતા ઉત્પન્ન કરી શકે છે, ત્યારેજ માત્ર
ઓ બધાં મળીને સંપૂર્ણ એકત્વ પ્રાપ્ત કરી શકે છે. હવે આપણા
રીરયંત્રની અંદર એવો કયો અવિકારી, અચળ પદાર્થ છે કે જેની
પર પડવાથી જુદા જુદા વિચારો સંપૂર્ણ એકતા પ્રાપ્ત કરી શકે?
ચિત્ત, મન તો હોઇ શકેજ નહિ; કારણકે તેની અવસ્થા તો દરેક
ને બદલાતીજ જાય છે. ત્યારે તે એવો પદાર્થ હોવો જોઇએ કે
દેહ અને મનથી જુદોજ હોય. મનુષ્યની અંદર એવું અવિકારી,
પરિણામી, સર્વ અવસ્થામાં નશ્વળ **કાંઇક** હોવું જોઇએ કે જેના
પર આપણા વિચારોનો અને બાહ્ય પદાર્થ માત્રનો આઘાત થતાં
ઓ એક અખંડ સ્વરૂપને ધારણ કરે છે. એવું જે **કાંઇક** છે તેજ
આપણો આત્મા છે, અને આપણે જોઇએ છીએ કે દરેક જડ પદાર્થ–
છી તે મનની માફક અલ્પ અંશે જડ હોય તોપણ તે પરિવર્તનશીલ
છેજ; અને બાહ્ય સૃષ્ટિ; અથવા આ સ્થૂળ, જડ જગત્ તે પણ
આત્માને મુકાબલે અવશ્ય પરિવર્તનશીલ છે; માટે મનુષ્યની અંદર જે
અવિકારી, નિશ્ચળ એવું **કાંઇક** રહેલું છે તે જડ પદાર્થનું બનેલું હોઇ
શકેજ નહિ. એ પદાર્થ ચૈતન્યમયજ હોવો જોઇએ. તે જડ, પરિવર્તન-
શીલ અને વિનાશશીલ હોઇ શકેજ નહિ.

હવે આપણી સમક્ષ એક બીજો પ્રશ્ન ઉભો થાય છે. આ બાહ્ય
જગતની રચના કોણે કરી અથવા આ જડ પદાર્થ કોના દ્વારા ઉત્પન્ન
થયા, એ સવાલ ઉઠાવીને *કૌશલવાદના જુના સવાલ વિષે ચર્ચા

* Argument from design. ઈશ્વરનું અસ્તિત્વ સાબિત કરવામાટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાનો મારો હેતુ નથી. હું જે પ્રશ્ન અત્ર રજુ કરવા માગું છું તે જુદાજ પ્રકારનો છે. અત્ર સવાલ તો એજ છે કે મનુષ્યની આંતર પ્રકૃતિદ્વારાજ સત્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે. આત્માના અસ્તિત્વ સંબંધે જેવો સવાલ ઉભો થયો હતો તેવોજ આ પણ છે. આપણે સ્વતઃ સિદ્ધાંત તરીકે માની લઇએ કે આત્મા મનુષ્યના દેહ અને મનથી ભિન્ન, સ્વતંત્ર અને અપરિવર્તનશીલ પદાર્થ છે; તોપણ સઘળા આત્માઓ વચ્ચે વિચાર, લાગણી અને સહાનુભૂતિ સંબંધી એકતા જોવામાં આવે છે તેનું કારણ શું ? મારો આત્મા તમારા આત્મા ઉપર અસર કરી શકે છે તેનું કારણ શું ? એવો કયો પદાર્થ છે કે જે દ્વારા મારો આત્મા તમારા ઉપર પોતાનું કાર્ય કરી શકે છે અથવા મારા તેમજ તમારા આત્માને–બેઉને સ્પર્શ કરી શકે છે ? તમારા આત્માવિષે હું કાંઇક જાણી શકું છું તે કયી રીતે અને કયા પદાર્થદ્વારા ? આથી કરીને એક અન્ય આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરવાની દાર્શનિક આવશ્યકતા ઉભી થાય છે; કારણ કે એવો કોઇ આત્મા હોવો જોઇએ

જે જે યુક્તિઓ (દલીલો) વાપરવામાં આવે છે તે માંહેલી. આ એક છે. આ જગત્માં જે પદાર્થ જોવામાં આવે છે તે વિષે વિચાર કરી જોતાં તેમની રચના કરવાનો કાંઇક હેતુ માલમ પડે છે; માટે એ હેતુને ઉત્પન્ન કરનાર કાંઇક ચૈતન્ય હોવું જોઇએ. દાખલા તરીકે અક્ષરનાં બીબાંને આપણે અમસ્તાં હાથમાં ઉછાળ્યા કરીએ તો તે કાંઇ અર્થસૂચક શબ્દના આકારમાં ગોઠવાઈ જશે નહિ અને કદાચ ગોઠવાય તોપણ ભાગ્યે એકાદ શબ્દજ; પણ વાક્યનાં વાક્ય એમ ને એમ ગોઠવાય નહિ હવે આપણે અમુક ઠેકાણે વાક્યના આકારમાં ગોઠવેલાં અક્ષરનાં બીબાં જોઇએ તો અનુમાન થઈ શકે કે એમની ગોઠવણમાં કાંઈક હેતુ છે અને તેથી તે કોઇક મનુષ્યના મનદ્વારા ગોઠવાયલાં હોવાં જોઇએ; તેમ જગતમાં સ્થળે સ્થળે હેતુ પુરઃસર ગોઠવેલા પદાર્થો છે માટે ઈશ્વર હોવો જોઇએ. આને કૌશલવાદ કહે છે.

ભા. ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે જે ભિન્ન ભિન્ન આત્માઓ તથા જડ પદાર્થો ઉપર કાર્ય કરી શકે; જે જગતના અસંખ્ય આત્માઓની અંદર ઓતપ્રોતપણે રહી શકે; એક એવો મહાન્ આત્મા હોવોજ જોઇએ કે જેનાવડે બીજા બધા આત્માઓ જીવનશક્તિસંપન્ન થઇ શકે છે, એકબીજા ઉપર સ્નેહભાવ રાખે છે, એકબીજા તરફ સહાનુભૂતિ દર્શાવે છે અને જેની સહાયતાવડે એકબીજા ઉપર કાર્ય કરી શકે છે. એવા સર્વવ્યાપી આત્માને આપણે **પરમાત્મા** કહીએ છીએ. તે આખા જગતનો સ્વામી છે અર્થાત્ ઇશ્વર છે. હવે આત્મા જડ પદાર્થનો બનેલો નથી અને તે નિત્યસ્વરૂપ છે તેથી કરીને તે જડ સૃષ્ટિના નિયમોને આધીન નથી અને તેથી જડ સૃષ્ટિના નિયમ મુજબ તેને વિષે ધારણા કરી શકાતાજ નહિ; માટેજ તે અજય્ય, અસૃષ્ટ, અવિનાશી અને અવિકારી પદાર્થ છે.

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ॥
न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुतः ॥
अछेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ॥
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥

गीता–અ. ૨ શ્લો. ૨૩–૨૪.

તે શસ્ત્રોથી છેદાતો નથી, અગ્નિથી બળતો નથી; જળથી ભીંજાતો નથી અને વાયુ તેનું શોષણ કરી શકતો નથી. એવો એ આત્મા અભેદ્ય, અદાહ્ય, ભીંજાય નહિ અને શોષાય નહિ એવો, નિત્ય, સર્વવ્યાપી, નિશ્ચળ, અવિકારી અને સનાતન છે.

ગીતા અને વેદાંતના મત પ્રમાણે આ જીવાત્મા **વિભુ** છે. કપિલના મત પ્રમાણે તે સર્વવ્યાપી છે. ભરતખંડમાં બીજા કેટલાક સંપ્રદાય છે કે જેઓ જીવાત્માને **અણુ** જેવો માને છે; તો પણ તેમનો સિદ્ધાંત તો એવોજ છે કે આત્માનું મૂળ સ્વરૂપ તો વિભુજ છે, માત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્ત અવસ્થામાંજ તે અણુ જેવો દેખાય છે.

હવે એક બીજો મુદ્દો તમારી આગળ રજુ કરૂં છું. કદાચ તમને તે અત્યંત વિસ્મયજનક લાગશે, પણ એ વિશેષરૂપે ભારતવર્ષીય ભાવના છે, અને જો ભરતખંડના ભિન્ન ભિન્ન સંપ્રદાય વચ્ચે કોઇ સામાન્ય ભાવના હોય તો તે આજ છે. માટે મારી પ્રાર્થના છે કે તમે એ બાબત નિઃસંદેહ સમજી લેજો. હું જે કાંઇ વિવેચન કરૂં તે સંપૂર્ણ લક્ષપૂર્વક સાંભળજો અને બરાબર સ્મરણમાં રાખજો, કારણ કે ભરતખંડની દરેક લક્ષણગત ભાવનાનો એ મૂળ પાયો છે. એ મુદ્દો આ પ્રમાણે છે. તમે અંગ્રેજ અને જર્મન પંડિતોએ પાશ્ચાત્ય દેશોમાં પ્રચલિત કરેલા ભૌતિક ઉત્ક્રાંતિવાદ(Evolution)વિષે સાંભળ્યું હશે. એ મત એવો છે કે પ્રાણી માત્રની શરીરરચના વાસ્તવિક રીતે એકસરખી છે. આપણે તેમનામાં જે ભેદ જોઇએ છીએ તે એકજ મૂળ પદાર્થનાં જુદાં જુદાં રૂપાંતરજ છે. એક અખંડ શ્રેણીનાં જુદાં જુદાં સ્વરૂપજ છે. ક્ષુદ્રમાં ક્ષુદ્ર કીડાથી તે ઉચામાં ઉંચી કોટિના પવિત્ર મહાત્મા સુધીનાં સર્વ પ્રાણીઓ વસ્તુતઃ એકજ છે. તેઓ એક એકથી ચડીઆતાં બનતાં જાય છે અને અંતે પૂર્ણત્વની પ્રાપ્તિ કરે છે. આપણાં શાસ્ત્રો પણ એ ઉત્ક્રાંતિ વાદ સત્ય માને છે. યોગી પતંજલિ કહે છે કે **जात्यन्तरपरिणामः प्रकृत्यापूरात्** । અર્થાત એક જાતિ એક શ્રેણીમાં પરિણામ પામે છે–ઉત્ક્રાંત થાય છે. **परिणामः** એટલે એક વસ્તુનુ બીજીના રૂપમાં બદલાઇ જવું તે. જેમ એક શ્રેણીનાં પ્રાણીઓ અન્ય શ્રેણીમાં પરિણત થાય છે તેમ. તોપણ આપણા ઉત્ક્રાંતિવાદમાં અને પાશ્ચાત્ય ઉત્ક્રાન્તિવાદમાં એક તફાવત છે. પતંજલિ કહે છે કે **प्रकृत्यापूरात्** એટલે પ્રકૃતિનો અંદર પ્રવેશ થવાથી. પાશ્ચાત્ય પંડિતોનો એવો અભિપ્રાય છે કે પ્રાણીઓમાં અંદર અંદરની હરિફાઈ, પ્રાકૃતિક અને જાતિવિષયક પસંદગી (Natural

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

and Sexual selection) નેલીધે એક જાતના પ્રાણીને અન્ય પ્રકારના દેહ ધારણ કરવાની જરૂર પડે છે; પણ આપણા શાસ્ત્રકારો એથી જુદુંજ કારણ બતાવે છે. **प्रकृत्यापूरात्**–પ્રકૃતિનો અંદર પ્રવેશ થવાથી. જાત્યંતર થવાનું જે કારણ આપણા શાસ્ત્રકારોએ બતાવ્યું છે તે ઉપરથી પ્રતીત થાય છે કે તેમણે યુરોપિયન પંડિતો કરતાં વધારે બારીક પૃથક્કરણ કર્યું હોવું જોઇએ; તેમણે આનિરે વધારે ઉંડા ઉતરીને સંશોધન કર્યું હોવું જોઇએ. પ્રકૃતિનો અંદર પ્રવેશ થવો એટલે શું ? આપણે માનીએ છીએ કે ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણી જેને જીવનશાસ્ત્રમાં (Biology)માં "એમિબા" કહેવામાં આવ્યું છે, તે ક્રમશઃ ઉત્ક્રાંત થતું થતું અંતે બુદ્ધ બની જાય છે. આ વાત આપણે સ્વીકારીએ છીએ અને તેની સાથે આપણે એમ પણ નિશ્ચયપૂર્વક માનીએ છીએ કે કોઇ પણ યંત્રને અમુક આકૃતિમાં જોડ્યા વગર તેના દ્વારા કાર્ય થઇ શકેજ નહિ. હવે એ યંત્રને ગમે તે આકૃતિ આપો તોપણ તેના દ્વારા જેટલી શક્તિનું પરિચાલન થઇ શકે છે તેનો સરવાળો સરખો ને સરખોજ રહે છે. જો યંત્રને એક છેડેથી શક્તિનો વિકાસ કરવા ચહાતા હો તો યંત્રને બીજે છેડેથી તેમાં શક્તિ દાખલ થાય એવી યોજના કરવીજ જોઇએ. દાખલા તરીકે તોપના મોંમાંથી ગોળા છૂટે તે માટે તેનામાં બીજે છેડેથી દારૂ ઇત્યાદિ પદાર્થો ભરવાજ જોઇએ.× ભલે એ શક્તિ કદાચ બીજા સ્વરૂપમાં પ્રકટ

× સાયન્સ નહિ જાણનારથી આ દૃષ્ટાંત સમજાવું જરા મુશ્કેલ છે, માટે એક સાદું ઉદાહરણ આપું છું. ધારો કે એક રતલના પત્થરને જમીન પરથી ઉપાડીને ત્રીસ ફૂટ ઉંચે મૂક્યો હવે જો એ પત્થર ઉપરથી પડે તો તેને ઉપર ચડાવવામાં આપણે જેટલું બળ ખરચ્યું હતું તેટલાજ બળથી નીચે પડશે અને તેના દ્વારા જો કાર્ય કરાવવામાં આવે તો તેટલુંજ કાર્ય આપશે. જો તે એક ખીલા ઉપર પડે તો તેને જમીનમાં ઉંડો દાટી દેશે. આ પ્રમાણે શક્તિનો સરવાળો તો સરખોજ રહેવાનો. ભા૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય પણ તેનો કુલ સરવાળો તો એકનો એકજ રહેવાનો. હવે જો પરિણામને એક છેડે બુદ્ધ હોય તો ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુ ક્રમશઃ વૃદ્ધિ પામતાં પામતાં એક વાર *બુદ્ધ બની જશે; તેથી જો બુદ્ધ ક્રમવિકસિત (Evolved) જંતુ હોય તો તે જંતુ ક્રમ સંકુચિત (Involved) અવ્યક્ત બુદ્ધ પણ હોવુંજ જોઇએ. જો આ બ્રહ્માંડ અનંત શક્તિના વિકાસસ્વરૂપ હોય તો પ્રલયસમયે એ અનંત શક્તિનું કોઇ બીજા સ્વરૂપમાં અસ્તિત્વ રહેવુંજ જોઇએ એમ સ્વીકારવું પડે છે; માટે એ ઉપરથી ફલિત થાય છે કે દરેક આત્મા અનંત, અવિનાશી છે.

આપણા પગ તળે સળવળતા ક્ષુદ્રમાં ક્ષુદ્ર કીડાથી આરંભી મોટામાં મોટા અને પવિત્રમાં પવિત્ર મહાત્મા સુધીના દરેક પ્રાણીની અંદર અનંત શક્તિ, અનંત પવિત્રતા અને સર્વ પ્રકારના ગુણ અનંત પરિમાણમાં રહેલા છે. તફાવત માત્ર એ સર્વના પ્રકટીકરણમાંજ છે. ક્ષુદ્ર કીટ એ અનંત શક્તિનો અત્યંત અલ્પ અંશ પ્રકટ કરવા લાગ્યો છે ત્યારે આપણે તેના કરતાં કાંઇક વિશેષ પરિમાણમાં પ્રકટ કરી શકીએ છીએ. બુદ્ધ સરખો દેવતુલ્ય મનુષ્ય આપણા કરતાં પણ અનેકગણી શક્તિ પ્રકટ કરવાને સમર્થ છે. બસ, તફાવત માત્ર આટલોજ છે, પરંતુ અનંત શક્તિ તો સર્વમાંજ રહેલી છે. પતંજલિજ કહે છે કે " **ततः क्षेत्रिकवत्** જેમ એક ખેડુત પોતાના ખેતરમાં પાણી વાળતો હોય છે તેમ " પોતાના ખેતરને એક ખુણેથી પાસેના જળાશયનું પાણી વાળીને ખેતરમાં દાખલ કરે છે પણ તેની સાથે આખું ખેતર પણ પાણીમાં ડુબી ન જાય તેને ખાતર તેણે કાંઇક બંધ અથવા પાળ પણ રાખેલાં હોય છે. જ્યારે પાણીની જરૂર પડે છે ત્યારે તે પાળને તે તોડી નાખે છે અથવા બંધ ખોલી નાખે છે એટલે

*અત્ર "બુદ્ધ" શબ્દનો અર્થ ગૌતમ બુદ્ધજ નહિ પણ તત્વસાક્ષાત્કાર પામેલો કોઈ પણ મહાત્મા એવો થાય છે. ભા૦ ૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી પોતાના સ્વભાવથીજ ધડધડાટ અંદર ધસ્યું આવે છે. પાણીને અંદર દાખલ કરવાને માટે બહારના કોઇ બળનો ઉપયોગ કરવાનું પ્રયોજન હોતું નથી; કેમકે જળાશયના પાણીમાં અસલથીજ તેવી શક્તિ રહેલી છે. આવીજ રીતે **આપણી દરેકની પાછળ પણ અનંત શક્તિનો ભંડાર રહેલો છે–અનંત પવિત્રતા, અનંત જીવન, અનંત આનંદના અખુટ ભંડાર આપણી સર્વ તરફ ભરપુર પડેલા છે.** માત્ર પેલો બંધ–પેલી માટીની પાળ રૂપી આપણાં મન અને શરીરજ વચમાં વિઘ્નકર્તા છે, અને તેથીજ કરીને આપણામાં રહેલી ગુપ્ત શક્તિઓને સંપૂર્ણ અંશે આપણે બહાર લાવી શકતા નથી. જેમ જેમ આપણાં શરીરનાં બંધારણ જડમાંથી સૂક્ષ્મ અને વધારે સૂક્ષ્મ તત્ત્વોવાળાં બનતાં જાય છે, તમો ગુણ બદલાઇને રજો ગુણ બનતો જાય છે અને રજો ગુણ સત્ત્વ ગુણમાં પરિણતિ પામે છે તેમ તેમ ઉપર કહી તે પવિત્રતા અને શક્તિઓ આપણાદ્વારા બહાર આવતી જાય છે; અને તેમ થાય એટલા માટે આપણે આપણા આહારવિહારના સંબંધમાં બહુજ સાવધાન રહેવાની જરૂર છે.

આહારવિષે જે નિયમો શાસ્ત્રમાં ઘડાયા છે તેનો મૂળ ઉદ્દેશ આપણે ઘણું કરીને ભૂલી ગયા છીએ. દાખલા તરીકે બાળવિવાહ–આ વિષય આજના વ્યાખ્યાનને લગતો નથી તોપણ જેમ આહારના સંબંધમાં આપણે મૂળ ઉદ્દેશને ભૂલી ગયા છીએ તેમ લગ્નના સંબંધમાં પણ આપણે ભૂલીજ ગયા છીએ. તમારી સમક્ષ બોલવાનો મને ફરી પ્રસંગ મળશે તો કદાચ હું એ વિષે વધારે વિવેચન કરીશ, પણ હાલ તો એટલુંજ કહું છું કે જે મૂળ ઉદ્દેશથી *બાળવિવાહની પ્રથા

*આ ઉપરથી એમ તો નથી સમજવાનું કે સ્વામી વિવેકાનંદ હાલમાં ચાલતા બાળલગ્નની હિમાયત કરે છે. એ વિષયે તેઓ આગળ ઉપર શું કહે છે તે ધ્યાનમાં રાખીને સામટી તુલના કરવાની છે. બીજું વ્યાખ્યાનનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂ થઇ હતી તે ઉદ્દેશ જો સચવાય તો તે એવો ઉચ્ચ પ્રકારનો છે કે માત્ર તેના પાલનવડેજ વાસ્તવિક સંસ્કૃતિ ઉત્પન્ન થઇ શકે એમ છે. જો દરેક સ્ત્રી પુરુષને ગમે તે સ્ત્રી અથવા ગમે તે પુરુષ સાથે લગ્નસંબંધ બાંધવાની સ્વતંત્રતા આપવામાં આવે અને લગ્નસંબંધ જોડવામાં ઉદ્દેશ માત્ર વ્યક્તિગત સુખનો, પાશવપ્રકૃતિની પરિતૃપ્તિનોજ રહેવા દેવામાં આવે, જો સમાજમાં આવાજ પ્રકારની ભાવનાઓનો સ્વચ્છંદે ફેલાવો થવા પામે તો પરિણામ જરૂર વિનાશકારકજ આવે. દુષ્ટ પ્રકૃતિનાં, આસુરી સ્વભાવનાં, અર્ધા ગાંડાં બાળકોજ એથી જન્મ પામે. હાલ લગભગ દરેક દેશમાં મનુષ્યો લગ્નસંબંધદ્વારા પાશવપ્રકૃતિનાંજ બાળકો ઉત્પન્ન કરે છે અને તેઓ મોટાં થાય છે ત્યારે તેમને અંકુશમાં રાખવાને અને ગુન્હા થતા અટકાવવાને પોલિસના અમલદારોની સંખ્યામાં વધારો કરવાની જરૂર ઉભી કરે છે. હવે દરવર્ષે હજારો, લાખોની સંખ્યામાં ઉત્પન્ન થતા ગુન્હેગારોરૂપી જે મોટો વ્યાધિ જનસમાજને લાગુ પડયો છે તેમનો નાશ કરવા જવાથી કાંઇ તે અનિષ્ટનું નિવારણ થશે નહિ. એવા ગુન્હેગારોનો જન્મજ ન થાય એવો કોઇ ઉપાય હોય તો તેને કામે લગાડયાથીજ આ વિપત્તિ નિર્મૂળ થઇ શકશે, અને તે ઉપાય એજ છે કે લગ્નની ભાવનામાં સુધારણા કરવી. જ્યાં સુધી આપણે સમાજમાં રહીએ છીએ ત્યાંસુધી આપણે આપણા લગ્નદ્વારા સમાજ ઉપર શુભ અથવા અશુભ અસર કરીએ છીએજ માટે અમુક વ્યક્તિએ કોને પરણવું અને કોને નહિ, એ સંબંધી તેને આદેશ કરવાનો સમાજને અધિકાર છે. આપણા દેશમાં લગ્નની જે પ્રથા પ્રચલિત થએલી છે તેની અંદર ઉંચા પ્રકારના આશય રહેલા છે લગ્નકુંડળીમાં વરકન્યાની જાતિ,

---

વિષય પણ લગ્ન સંબંધી નથી એટલે તેમણે એ વિષયનું બધી બાજુએથી સ્પષ્ટીકરણ કર્યું નથી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે. ભા૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણ વગેરે લખેલાં હોય છે તેમને અનુસરીનેજ આપણા હિંદુ લોકો-
નાં લગ્નસંબંધ નક્કી કરવામાં આવે છે. વળી પ્રસંગોપાત કહી લઉં
છું કે કામોપભોગને પરિણામે જન્મેલો પુત્ર આર્ય નથી એવો મનુ
ભગવાનનો અભિપ્રાય છે. જે બાળકનું ગર્ભાધાન અને મરણ, વેદના
વિધાનો પ્રમાણેજ થયેલાં હોય તેજ વાસ્તવિક રીતે આર્ય છે. આજ-
કાલ ઘણાખરા દેશોમાં ખરેખરાં આર્ય સંતાનની સંખ્યા બહુજ અલ્પ
છે અને તેનેજ પરિણામે કલિયુગજનિત પાપ અને અનીતિરૂપી
અનેક દોષોની ઉત્પત્તિ થયેલી જોવામાં આવે છે. ખરેખર એ બધા
પ્રાચીન ઉચ્ચ આદર્શોને આપણે તદ્દન ભૂલી ગયા છીએ. એ પ્રાચીન
આદર્શો મુજબ વર્તન કરવાને અનુકૂળ બાહ્ય સંજોગો પણ નથી અને
આપણે પોતે ઘણે અંશે શક્તિવાન પણ નથી. આપણે એ પ્રાચીન
આદર્શોના કેટલાક અંશને લઇને ઢંગધડા વગરનો છબરડો કરી નાખીએ
છીએ. અત્યંત ખેદ સહિત જણાવવું પડે છે કે પ્રાચીન સમયમાં જેવાં
સાત્વિક ગુણવાળાં માતાપિતા હતાં તેવાં માતાપિતા પણ હાલમાં નથી.
જનસમાજ પણ પ્રથમની માફક સુશિક્ષિત નથી, તેમ જનસમાજનો
પ્રત્યેક વ્યક્તિ ઉપર એકબીજા પ્રત્યે અસલમાં જેવો પ્રેમ હતો તેવો
પ્રેમ પણ હવે જોવામાં આવતો નથી; પરંતુ એ બધું ગમે તેમ હોય,
આપણો વ્યવહાર ગમે તેવો દોષપૂર્ણ હોય તોપણ લગ્નના મૂળ સિદ્ધાં-
તમાં તો કશીજ ખામી નથી. એ સિદ્ધાંતને વ્યાવહારિક સ્વરૂપ આપ-
વાની રીતમાં ખામી હોય તો—જો એક પદ્ધતિ નિષ્ફળ નીવડી હોય
તો—બીજી ગ્રહણ કરો; પરંતુ મૂળ સિદ્ધાંતને જાળવી રાખજો. તેને
માર્યો જવા દેશો નહિ. ખાનપાનના સંબંધમાં પણ તેમજ બન્યું છે.
ખાનપાન સંબંધી ઉદ્દેશનો જે રીતે અમલ થાય છે, તેની સાથે જે
નકામી બાબતો ભળી ગઇ છે તે અલબત્ત દૂષિત છે, પણ મૂળ ઉદ્દેશ
સાચો છે. એ ઉદ્દેશ સનાતન છે અને ચિરકાળ પર્યંત કાયમ રહેવોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇએ. તેને નવું સ્વરૂપ આપીને ફરીને અમલમાં મૂકો.

આત્મા સંબંધી જે તત્ત્વનું હમણાં આપણે વિવેચન કર્યું તેને એક અપવાદ સિવાય ભરતખંડના તમામ સંપ્રદાયો માન્ય રાખે છે. માત્ર દ્વૈતવાદીઓ કે જેમને વિષે હવે પછી વિવેચન કરવામાં આવનાર છે, તેઓજ એથી જુદા પડે છે. તેમનો મત એવો છે કે અયોગ્ય કર્મ-દ્વારા આત્મા સંકુચિત થઇ ગએલો છે, એટલે તેની તમામ શક્તિઓ તથા તેની મૂળ પ્રકૃતિ સંકુચિત અવસ્થામાં છે અને સત્કર્મદ્વારા તે પુનઃ મૂળ સ્વરૂપમાં આવી જશે. અદ્વૈતવાદીનો એવો મત છે કે આત્માનો કદિ પણ સંકોચ કે વિકાસ થઇ શકતોજ નથી. તેનો હાલમાં જે સંકોચ થએલો જણાય છે તે ખરેખરો નહિ પણ કેવળ આભાસ માત્રજ છે. વસ્તુતઃ આત્મા જે અવિકારી છે તેનો સંકોચ સંભવેજ નહિ. એ બેઉ વાદ વચ્ચે આટલોજ તફાવત છે; પરંતુ દરેક જણ એટલું તો માન્ય રાખેજ છે કે આપણા આત્મામાં અસલથીજ તમામ પ્રકારની શક્તિઓ રહેલી છે; આત્માની અંદર બહારથી કશું તત્ત્વ લાવીને દાખલ કરવાનું છેજ નહિ; તેમ આકાશમાંથી કંઇક આવીને તેનામાં પ્રવેશ કરતું નથી. જે કાંઇ શક્તિઓ આત્મા પ્રકટ કરે છે અને કરશે તે સર્વ આત્માની અંદર પ્રથમથીજ રહેલી છે. સ્મરણમાં રાખજો કે આપણા વેદ Inspired પ્રેરિત નથી પણ expired ઉચ્છ્વસિત છે. તેઓ બહારના કોઈ પ્રદેશમાંથી આવ્યા નથી પણ પ્રત્યેક આત્મામાં રહેલા સનાતન નિયમોનું વેદદ્વારા માત્ર પ્રકટીકરણજ થએલું છે. ક્ષુદ્ર કીડીના આત્માની અંદર તેમજ ઇશ્વરની અંદર પણ વેદ એકસરખી રીતે રહેલા છે. એ કીડીનો વિકાસ થઇને તે ઋષિનો દેહ ધારણ કરે એટલે તરતજ તેની અંદરથી વેદના સનાતન નિયમો બહાર પડવા લાગશે. આ મહાન નિયમ તમારે સારી રીતે સમજી લેવાની જરૂર છે કે **આપણામાં અસલથીજ સર્વ પ્રકારની શક્તિઓ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલી છે, આપણી મુક્તિનું સાધન અસલથીજ આપણી અંદર છે. કોઇ એમ માને કે હાલ આત્મા સંકુચિત અવસ્થામાં છે અથવા કોઇ એમ માને કે આત્મા માયાના આવરણથી ઢંકાયલો નથી; તેથી કરીને વેદાંત સિદ્ધાંતને જરા પણ ક્ષતિ પહોંચતી નથી. જે કાંઇ છે તે તમારા આત્મામાંજ છે; બહારથી કશુંજ પ્રાપ્ત કરવાનું નથી. દરેકની અંદર અનંત શક્તિ, અનંત પવિત્રતા ગૂઢપણે રહેલાં છે એટલું તમારે દ્રઢપણે માનવુંજ પડશે અને સમય આવતાં દરેકની અંદરથી તે પ્રકટી નીકળશે. બુદ્ધ–યાને આત્મજ્ઞાનીની અંદર જે શક્તિઓ છે તેની તેજ શક્તિઓ પામરમાં પામર મનુષ્યમાં પણ છે અને એક વાર તે પણ બુદ્ધત્વ પ્રાપ્ત કરશે. એજ આપણો આત્મતત્ત્વનો સિદ્ધાંત છે.

પણ હવેજ બૌદ્ધ ધર્મના તત્ત્વદર્શનસાથે તુમુલ યુદ્ધનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. બૌદ્ધો પણ આપણી પેઠેજ દેહનું પૃથક્કરણ કરીને કહે છે કે દેહ એ એક પ્રકારનો જડ પ્રવાહ છે અને મનનું પૃથક્કરણ કરીને તેઓ તેને પણ એક જડ પ્રવાહ તરીકેજ માને છે. આત્મા-સંબંધે તેઓ કહે છે કે તેનું અસ્તિત્વ માનવાની કે તેના અસ્તિત્વ સંબંધે અનુમાન કરવાની પણ જરૂર નથી. આત્મા એક દ્રવ્ય છે. તેમાં એ **દ્રવ્ય** તથા તેને સંલગ્ન થએલા **ગુણ** બેઉની કલ્પના કરવાની જરૂરજ શી છે? અમે તો બસ ગુણ અને એકલા ગુણનેજ માનીશું. જ્યાં એક કારણવડે સંપૂર્ણ વ્યાખ્યા થઇ શકે એમ છે ત્યાં બે કારણ માનવાં એ તદ્દન ન્યાયવિરુદ્ધ છે. આ પ્રમાણે બૌદ્ધોના વિવાદનો પ્રારંભ થયો અને દ્રવ્યના અસ્તિત્વ સંબંધે જે જે મત રચાયા હતા તે સર્વનું ખંડન કરીને બૌદ્ધોએ જમીન દોસ્ત કરી નાખ્યા. જેઓ એમ માનતા હતા કે દ્રવ્ય અને ગુણ બેઉનું અસ્તિત્વ છે; જેઓ એમ કહેતા હતા કે તમારો આત્મા છે અને મારો પણ આત્મા છે; વળી દરેકનો આત્મા શરીર અને મનથી ભિન્ન છે અને તે દરેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્માને સ્વતંત્ર વ્યક્તિત્વ છે; તેમના સિદ્ધાંત છિન્નભિન્ન થઇ ગયા. અલબત્ત, અહીં સુધી તો દ્વૈતવાદ બરાબર કામ કરે છે. આપણે હમણાં જોઇ ગયા કે આ સ્થૂળ શરીર છે, વળી તેની પાછળ એક સૂક્ષ્મ શરીર છે-મન છે; વળી તે સર્વનો માલિક આત્મા છે અને દરેક આત્માની અંદર ઓતપ્રોત રૂપે રહેલો પરમાત્મા છે. એ બધું ઠીક છે. પણ મુશ્કેલી તો હવેજ ઉભી થાય છે કે આ આત્મા અને પરમાત્મા એઉ દ્રવ્ય છે અને તેમને દેહ, મનરૂપી ગુણ વળગેલા છે એમ સ્વીકારવું પડે છે. હવે હકીકત એ છે કે આજસુધી કોઇએ તે દ્રવ્ય જોયું નથી; તેમ તેને વિષે કોઇ કલ્પના પણ કરી શકતું નથી; ત્યારે નહિ જોવાય અને નહિ કલ્પી શકાય એવા દ્રવ્યનું અસ્તિત્વ માનવાની જરૂરજ શી છે? શા માટે ક્ષણિક વિજ્ઞાનવાદીની માફક આપણે પણ ન કહીએ કે *માનસિક તરંગો (Sensations) સિવાય જગતમાં બીજા કશાનું અસ્તિત્વજ નથી? દ્રવ્ય અને ગુણ સંલગ્ન થયાંજ નથી, તેઓ બે મળીને એક વસ્તુમાં પરિણત થયાંજ નથી, પણ સમુદ્રના તરંગની માફક એક બીજાની પાછળ ચાલ્યાં આવે છે; તેઓ કદિ પૂર્ણતાને પામ્યાંજ નથી અને તેમનું કદિ પણ અખંડ એકત્વ થયુંજ નથી. મનુષ્ય પણ આવા પ્રકારના તરંગની પરંપરાસ્વરૂપજ છે. એક તરંગ ચાલ્યો જાય છે અને બીજો તરંગ આવીને તેનું સ્થાન લે છે. એ પ્રમાણે એક પછી એક તરંગો ચાલ્યાજ આવે છે. એ તરંગની નિવૃત્તિ એનુંજ નામ **નિર્વાણ.**

હવે તમે જોઇ શકશો કે આ દલીલની સામે આપણો દ્વૈતવાદ ચૂપ થઇ જાય છે: તેનાથી કોઇ પણ પ્રકારની સામી દલીલ કરી

* ઇંગ્લંડમાં બર્કલિ કરીને એક તત્ત્વજ્ઞ થઇ ગયો છે તેનો પણ આવોજ અભિપ્રાય છે કે જગતમાં Sensations સિવાય બીજું કાંઇ છેજ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ય એમ છેજ નહિ. અહીં તો દ્વૈતવાદીનો ઈશ્વર પણ ટકી શકતો
ી. ઈશ્વર સર્વવ્યાપી છે અને છતાં પણ તે વ્યક્તિવિશેષ
Personal) છે, હાથ વગર સૃષ્ટિ ઉત્પન્ન કરી શકે છે, પગ વગર
ત્ર ગમન કરી શકે છે અને કુંભકાર માટીનો ઘડો બનાવે છે તેમ
ે જગત્ નિર્માણ કર્યું છે, એ બધા વિચાર છોકરમત જેવા છે એમ
ો જાહેર કરે છે, અને જો ઈશ્વર આવોજ હોય તો બૌદ્ધો કહે-
ે તૈયાર છે કે તેવા ઈશ્વરનું અમે પૂજન તો નહિજ કરીએ પણ
યા તેની સાથે યુદ્ધ કરવા પણ તત્પર છીએ. આ જગત દુઃખપૂર્ણ
અને જો ઈશ્વરેજ તે પેદા કર્યું હોય તો અમે તેની સાથે યુદ્ધ
ીશું. વળી તમે પોતેજ જોઇ શકશો કે ઉપર કહ્યો તેવા ઈશ્વરનું
સ્તિત્વ તો ન્યાયવિરૂદ્ધજ છે અને ટકી શકે એમજ નથી. જગતની
ર રહેલી અનુપમ કારીગિરી અને તેનો હેતુ જોઇને તેનો કોઇ
નાર હોવોજ જોઇએ એવું જેઓ અનુમાન કરે છે તેમની દલીલનું
ી સહેલાઇથી ખંડન થઇ શકે એમ છે; પણ તે કહી બતાવવાનું
ારે પ્રયોજન નથી તેમ પ્રસ્તુત વિષય સાથે તેને સંબંધ પણ
ી. ક્ષણિક વિજ્ઞાનવાદીઓએ એ મતના ટૂકડે ટૂકડા કરી નાખ્યા
ે પરિણામ એ આવ્યું કે વ્યક્તિવિશેષ ઈશ્વર (Personal
ત) ટકી શક્યો નહિ.

અદ્વૈતવાદીનો મહામંત્ર એવો છે કે કેવળ સત્યનુંજ અવલંબન
ું અને સત્ય સિવાયનું બીજું બધું ફેંકી દેવું. **सत्यमेव जयते**
नृतं, सत्येनैवपन्था विततो देवयानः । સત્યનોજ જય છે.
સત્યનો કદિ વિજય થતોજ નથી. સત્યદ્વારાજ દેવયાન માર્ગની પ્રાપ્તિ
ય છે, અનેક જણ એવા છે કે તેઓ સત્યના વાવટાની પાછળ
ને દુચ કરે છે ખરા પણ પોતાનાથી નિર્બળ વ્યક્તિને પોતાના બળથી
ક્ષિત કરવા માટેજ તેમ કરતા હોય છે. તમે પોતેજ વિચારજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વૈતવાદાત્મક વિચારોને માનતા હોવા છતાં ગરીબ બિચારા મૂર્તિપૂજકો સાથે વિવાદ મચાવો છો. તમે માનો છો કે અમે ઘણાજ યુક્તિવાદી છીએ અને બિલકુલ અંધશ્રદ્ધાળુ નથી. તમે તે અભણ મૂર્તિપૂજકને સહેલાઇથી પરાસ્ત કરી શકો ખરા, પણ જો તે સામે થઇને તમારા વ્યક્તિવિશેષ ઈશ્વિરને મૂળમાંથી ઉડાવી દે અને તેને સંપૂર્ણ રીતે કાલ્પનિક સાબિત કરી દે તો તમે શું કરશો? તમે કહેશો કે અમારી એવા ઈશ્વિર ઉપરજ શ્રદ્ધા છે અને એવી બીજી લૂલી દલીલો ચલાવશો. તમે કદાચ તમારા પ્રતિસ્પર્ધીને નાસ્તિક કહીને વગોવશો–નિર્બળ લોકો પરાપૂર્વથીજ તેમ કરતા આવ્યા છે કે વિવાદમાં હાર થાય ત્યારે સામા પક્ષને નાસ્તિક કહેવો. જો તમારે યુક્તિવાદી (Rational) જ થવું હોય તો સર્વાંશે યુક્તિવાદી થાઓ; પરંતુ એકવાર યુક્તિવાદનો અને બીજીવાર શ્રદ્ધાનો આશ્રય લેવો એ નહિ બને. માટે એમ કરવા કરતાં તો તમે પોતે જેમ સ્વાધીનતા ઇચ્છો છો અને તમારી શ્રદ્ધા મુજબ વર્તન કરવા ચાહો છો તેમ બીજાઓને પણ કરવા દો. તમે ઈશ્વિરનું અસ્તિત્વ કેવી રીતે સિદ્ધ કરી બતાવશો?* જેવી રીતે તમે ઈશ્વિરનું અસ્તિત્વ સિદ્ધ કરશો તેજ રીતે તમારો પ્રતિસ્પર્ધી ઈશ્વિર નથી એમ પુરવાર કરી બતાવશે. તમારો ઈશ્વિર, તેના ગુણ, દ્રવ્ય, સ્વરૂપ, અસંખ્ય આત્મા, તે પ્રત્યેક જીવાત્માનું સ્વતંત્ર વ્યક્તિત્વ, એ બધાં સાથે તમે ઈશ્વિરનું અસ્તિત્વ કેવી રીતે સાબિત કરી બતાવશો? તમારૂં વ્યક્તિત્વ ક્યાંથી આવ્યું? દેહના સંબંધમાં તમારૂં પૃથક્ વ્યક્તિત્વ છેજ નહિ. તમારા દેહમાં એવું એક પણ તત્ત્વ નથી કે જેને તમે તમારૂં પોતાનું કહી શકો.

* મહાન્ જર્મન તત્ત્વજ્ઞ કૅન્ટ સાબિત કરી બતાવે છે કે એકની એક જાતની દલીલથી ઈશ્વિર છે અને ઈશ્વિર નથી એ બેઉ બાબતો પ્રમાણિત કરી શકે છે. ભા૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વાત તો આજના વિજ્ઞાનને આધારે પ્રાચીન બૌદ્ધો કરતાં પણ તમે વધારે સારી રીતે સમજી શકો છો એટલે તમારાથી ના પડાય એમ છેજ નહિ.+ તમે જાણો છો કે જે સ્થૂળ તત્ત્વોનું તમારૂં શરીર અત્યારે ઘડાયલું છે તે તત્ત્વો તો એક વાર સૂર્ય ઉપર હતાં. આજે તે તમારા શરીરમાં છે તો આવતી કાલે તે તમારા શરીરમાંથી નીકળીને વૃક્ષ–વેલીઓના શરીરમાં દાખલ થઇ જશે; અને ત્યારે મિસ્ટર—? તમારૂં વ્યક્તિત્વ ક્યાં ગયું? તમારા મનના સંબંધમાં પણ તેમજ છે. તેમાં પણ તમારૂં વ્યક્તિત્વ છેજ નહિ. અત્યારે તમે અમુક વિચાર સેવો છો અને આવતી કાલે તમે કોઇ બીજીજ જાતના વિચાર કરશો. તમે નાના બાળક હતા ત્યારે જેવા પ્રકારના વિચાર કરતા હતા તેવા અત્યારે નથી કરતા. જુવાન માણસો જેવા વિચાર કરે છે તેવાજ વિચાર તેઓ વૃદ્ધાવસ્થામાં નથી કરતા. ત્યારે જે વ્યક્તિત્વનો તમે દાવો કરો છો તે ક્યાં છે? જ્ઞાનમાં (નિશ્ચયાત્મક બુદ્ધિમાં) જ અમારૂં વ્યક્તિત્વ છે એવી દલીલ પણ નહિ ચાલે; કેમકે મન (બુદ્ધિ) એજ **અહંકાર**–અહંભાવના છે અને તમારા અસ્તિત્વનો તો તે એક અત્યંત અલ્પ અંશમાત્ર છે. હું હમણાં તમારી આગળ વાત કરૂં છું ત્યારે પણ મારા શરીરની બધી ઇન્દ્રિયો પોતપોતાનું કામ કરી રહી છે, છતાં તેની મને ખબર સરખી પડતી નથી. જો અમુક વસ્તુનું જ્ઞાન એજ તે વસ્તુના અસ્તિત્વનું પ્રમાણ હોય તો

+ સૂર્યની ઉષ્ણતા અને જીવનપ્રદ તત્ત્વો વડે વનસ્પતિ, અનાજ ઇ૦ ઉત્પન્ન થાય છે. તેવડે આપણો દેહ બંધાય છે. વળી પાછાં તેજ તત્ત્વો મળ, મૂત્ર અને ઉચ્છ્વાસ ઇ૦ દ્વારા શરીરમાંથી બહાર નીકળી જઇ વનસ્પતિના પોષણમાં કામ આવે છે. આપણા ઉચ્છ્વાસમાં જે કાર્બોનિક એસિડ વાયુનો વાયુ નિકળે છે તેમાંથી વનસ્પતિ કાર્બન શોષી લે છે અને તેમાંથી ઝાડનાં થડ, પાંદડાં વગેરે બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા શરીરની ઇન્દ્રિયોનું અસ્તિત્વ હોવુંજ ન જોઇએ; કેમકે મને તેમનું જ્ઞાન નથી. હવે તમારા વ્યક્તિવિશેષ ઇશ્વરને લઇને તમે ક્યાં ઉભા રહેશો ? એવા ઇશ્વરનું અસ્તિત્વ તમે કેવી રીતે પુરવાર કરી શકશો?

વળી બૌદ્ધો ઉભા થઇને કહેશે કે તમારી માન્યતા ન્યાયવિરુદ્ધ છે, એટલુંજ નહિ પણ નીતિવિરુદ્ધ પણ છે; કારણ કે તમારી માન્યતા મનુષ્યને નિર્બળ, અને કાયર બનાવીને બહારની સહાયતાની આશા રાખતાં શીખવે છે, અને ખરૂં જોતાં તેવી સહાયતા કોઇ આપતું તો છેજ નહિ. આ આખું બ્રહ્માંડ પડ્યું છે અને મનુષ્યે તેને આ સ્વરૂપ આપ્યું છે. સમુદ્રો સાંધ્યા છે, ઉજ્જડ વેરાનને ફળદ્રૂપ બનાવ્યાં છે. મનુષ્યે સ્વપુરુષાર્થથી ઘણું કર્યું છે અને હજી બીજું ઘણું કરવાને તે શક્તિમાન્ છે; છતાં બહારની કોઇ કાલ્પનિક વ્યક્તિ–જેને કદિ કોઇએ જોઇ નથી, જેની પાસેથી કદિ કોઇને લેશમાત્ર પણ સહાયતા મળી નથી તેની આશા શામાટે રાખવી ? એવા તદ્દન કલ્પિત વ્યક્તિવિશેષ ઇશ્વરને શા માટે માનવો ? શામાટે તમે જાતેજ ક્ષુદ્ર, પામર, નિર્બળ બની જાઓ છો અને મનુષ્યની ઉંચામાં ઉંચી અવસ્થા, એક ક્ષુદ્ર કુતરાની માફક તદ્દન કાલ્પનિક વ્યક્તિની આગળ હાથ જોડીને કરગરવામાં રહેલી માનો છો ? "અમે પતિત છીએ, અમે નિર્બળ છીએ, અમે પાપી છીએ, અમે જગત્માં નીચામાં નીચા અને હલકામાં હલકા છીએ" એવી કાયરતાભરેલી કાકલુદીઓ અને ભાવનાઓ શામાટે તમે તમારાં અને તમારાં બાળકોનાં મગજમાં ઠસાવી દો છો ? બીજી બાજુએ બૌદ્ધો કહે છે કે તમે આ બધો જુઠ્ઠો બકવાદ કરો છો, એટલુંજ નહિ પણ તમે તેમ કરીને તમારી ભવિષ્યની પ્રજાનું ભયંકર અકલ્યાણ કરો છો; કારણ કે યાદ રાખજો કે આખું જગત એક જાતનું હિપ્નોટિઝમજ છે. **જેવા તમે પોતાને ધારશો તેવાજ તમે થશો.** બુદ્ધ ભગવાનનો સૌથી પહેલો આદેશ એજ છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમે તમારે માટે જેવા વિચાર સેવ્યા છે તેવા તમે થયા અને હમણાં જેવા વિચાર રાખશો તેવાજ તમે ભવિષ્યમાં થશો." જો આ શબ્દોમાં સત્ય રહેલું હોય તો અમે નીચ છીએ, દમ વગરના છીએ, એક અન્ય વ્યક્તિ કે જે પૃથ્વી ઉપર નહિ પણ આકાશમાં કોઇક ઠેકાણે રહે છે તેની મદદ વગર અમે કોઇ પણ કાર્ય કરવા અસમર્થ છીએ; એવા વિચારને તમારા હૃદયમાં કદિ પણ સ્થાન આપતા નહિ. તેમ કર્યાથી પરિણામ એ આવશે કે તમે દિવસે દિવસે વધારે નિર્બળ અને પુરુષત્વહીન થતા જશો. "હે ઈશ્વર! અમે પાપી છીએ! અમને પવિત્ર કર!" એવું વારે વારે બોલ્યાથી અમે આખરે તમારી પોતાની જાતને એવી બનાવી દેશો કે જેથી તમામ પ્રકારનાં પાપ તમારામાં દાખલ થઇ જશે. બૌદ્ધો કહે છે કે પ્રત્યેક સમાજમાં આપણે જે જે પાપ જોઇએ છીએ તેમાંનાં નેવું ટકા જેટલાં પાપ આ વ્યક્તિવિશેષ ઈશ્વરને માનવાથી અને તેની સામે એક કુતરાની માફક કાકલુદી કરતા ઉભાં રહેવાથીજ ઉત્પન્ન થયાં છે. આ આશ્ચર્યકારક મનુષ્યજીવનનો એક માત્ર ઉદ્દેશ કુતરા જેવાજ બનવાનો હોય તો ખરેખર એ વિચાર ઘણોજ ભયંકર છે. બૌદ્ધો વૈષ્ણવોને કહે છે કે જો તમારો આદર્શ, જીવનનું એક માત્ર લક્ષ્ય અને ઉદ્દેશ તમારા ભગવાનના નિવાસસ્થાન વૈકુંઠમાં જઇને તેની સામે અનંતકાળ પર્યંત હાથ જોડીને ઉભા રહેવામાંજ હોય તો બહેતર છે કે તમે બધા ઝેર ખાઇને આપઘાત કરો. તેઓ આગળ વધીને એમ પણ કહે છે કે આ પરિણામ અટકાવવાને માટેજ અમે નિર્વાણ અથવા તમારો સંપૂર્ણ વિનાશ (annihilation) કરવાનો પ્રયાસ કરીએ છીએ. હું તમારી સમક્ષ એક બૌદ્ધની માફક હમણાંને માટેજ બોલું છું અને તે જે દલીલો કરે તે દલીલો તમારી સમક્ષ રજુ કરું છું. (આ કાંઇ મારા પોતાના અભિપ્રાય નથી) કેટલાક લોકો એમ સમજવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યા છે કે અદ્વૈતવાદવડે સમાજમાં અનીતિનો ફેલાવો થાય છે; માટે સામા પક્ષવાળા કેવી કેવી યુકિતઓ તમારી સામે ગોઠવી શકે એમ છે તે હું તમને પહેલેથીજ કહું છું. આપણે તો એ બેઉ પક્ષની સામા નિડરપણે, દૃઢતાથી ઉભા રહેવાનું છે.

વ્યકિતવિશેષ ઈશ્વર છે અને તેણે આ જગતની રચના કરી છે, એ વાત સાબિત કરી શકાય એમ છેજ નહિ, એ આપણે જોઇ ગયા. એવી બાલિશતાભરેલી વાતોને આજે નાનું બાળક પણ હસી કહાડશે. કુંભાર ઘડો બનાવી શકે છે માટે ઈશ્વરે પણ જગત બનાવ્યું ? જો એમજ હોય તો કુંભાર પણ એક જાતનો ઈશ્વર ! અને જો તમને કોઇ કહે કે ઈશ્વરને હાથ, પગ નથી છતાં પોતાનું કાર્ય કરી શકે છે, તો તમે તેને ગાંડાના દવાખાનામાંજ લઇ જજો. આધુનિક વિજ્ઞાનશાસ્ત્ર તમને સવાલ પૂછે છે કે જે વ્યકિતવિશેષ ઈશ્વરને તમે માનો છો, જેને તમે જગતનો કર્ત્તા કહો છો, જેને માટે તમે આખી જીંદગી સુધી આક્રંદ કર્યાજ કરો છો તેણે તમને લેશ માત્ર પણ સહાયતા આપી હતી ખરી ? તમારામાં હિમ્મત હોય તો બોલો. તેઓ તમને દરેક પ્રકારના દાખલા દલીલો સાથે સાબિત કરી બતાવશે કે જે સહાયતા તમને ઈશ્વર પાસેથી મળી છે એમ તમે ધારો છો તે તમને તમારા પોતાના પુરુષાર્થથી પણ મળત. વળી તમે આક્રંદ કરવામાં તમારી શકિતનો મિથ્યા વ્યય ન કર્યો હોત તો વધારે સારૂં થાત. રડવા કકળવા કરતાં તમારા પોતાના પુરુષાર્થથીજ તમારૂં કાર્ય સિદ્ધ થાત અને જે કાંઇ થયું છે તે પણ તમે પોતેજ કર્યું છે. તમારા કાલ્પનિક ઈશ્વરે કશુંજ કર્યું નથી. વળી આ અનિષ્ટની સાથે બીજું મોટું અનિષ્ટ એ સમાયલું છે કે વ્યકિત વિશેષ ઈશ્વરને માનતાં પૌરોહિત્ય (બ્રાહ્મણ, પુરોહિત અથવા ધર્મગુરુનો હુદબહાર અધિકાર) અને બીજા અનેક અત્યાચાર ધર્મના પ્રદેશમાં પેસી જાય છે. જે જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોમાં આવા પ્રકારની માન્યતા ચાલે છે ત્યાં ત્યાં બધે પૌરોહિત્ય અને એવા બીજા અત્યાચારનો ફેલાવો થવા પામ્યો છે. બૌદ્ધો કહે છે કે જ્યાં સુધી આવી માન્યતાને પૂરેપૂરી નિર્મૂળ કરી નાખવામાં નહિ આવે ત્યાં સુધી એ અત્યાચારની નિવૃત્તિ થશે નહિ. જ્યાં સુધી જનસમાજમાં આવા પ્રકારની માન્યતા ચાલુ રહેશે, જ્યાં સુધી લોકો કોઇ આધિભૌતિક શક્તિને દીનતાપૂર્વક નમન કરતા રહેશે, ત્યાં સુધી પુરોહિતોનું પ્રાબલ્ય રહેશેજ અને તેઓ અમુક પ્રકારના ખાસ અધિકાર અને લાભ પ્રાપ્ત કરવાનો દાવો કરીને લોકોની પાસેથી બળાત્કારે સન્માન મેળવશેજ. વળી ગરીબ બચારા સામાન્ય મનુષ્યો પણ એથી કરીને ઇશ્વરને પોતાની પ્રાર્થના પહોંચાડવાને માટે પુરોહિતરૂપી વકીલની જરૂર સમજીને ઠગાતાજ રહેશે. તમે કદાચ ધારો તો બ્રાહ્મણોની સત્તા તોડી શકો, પણ યાદ રાખજો કે જેઓ બ્રાહ્મણોની સત્તા તોડશે તેઓજ પાછા તેમની જગ્યાએ બેસી જશે અને તેઓ બ્રાહ્મણો કરતાં પણ વિશેષ અન્યાય અને અત્યાચાર પ્રવર્તાવશે; કારણ કે ગમે તેમ છે પણ હજી બ્રાહ્મણોમાંજ કાંઇક સહૃદયતા અને ઉદારતા છે, પણ આ નવા બ્રાહ્મણો તો હમેશ ભયંકર અત્યાચાર ચલાવશે. જ્યારે કોઇ ભિખારી એકદમ ધનવાન થઇ જાય છે ત્યારે તેના મગજમાં એવો તોર આવી જાય છે કે આખા જગતને તરણાને તોલે ગણી કહાડે છે; માટે જ્યાં સુધી વ્યક્તિવિશેષ ઇશ્વર ઉપર લોકોની શ્રદ્ધા કાયમ રહેશે ત્યાં સુધી તમારે બ્રાહ્મણો અથવા પુરોહિતો વિના ચાલવાનુંજ નથી, અને ત્યાં સુધી જનસમાજમાં કોઇ પણ રીતે નીતિના ઉચ્ચ આદર્શનો ફેલાવો થાય એ આશા પણ મિથ્યા છે. હમેશ જ્યાં પૌરોહિત્ય છે ત્યાં અત્યાચાર ખરોજ. પૌરોહિત્યની ઉત્પત્તિજ શા કારણથી થઇ? પ્રાચીન કાળમાં પુરોહિતો ન હતા. દરેક કુટુંબનો વૃદ્ધ માણસ કુટુંબના પુરોહિતનું કામ કરતો, પણ બન્યું એમ કે ઘણા સમયપૂર્વે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમુક શક્તિમાન્ પુરુષોએ સામાન્ય મનુષ્યોને પોતાની પ્રતિભાવડે અધીન કરી દીધા અને તેમને કહ્યું કે જો તમે અમારી આજ્ઞા પ્રમાણે નહિ ચાલો તો અમે તમારો વિનાશ કરીશું. આ રીતે પુરોહિત વર્ગની ઉત્પત્તિ થઇ અને તે આજે સમાજમાં જડમૂળ ઘાલી બેઠો છે. **सभयं वज्रमुद्यतम्** એક માણસે હાથમાં વજ્ર ઉગામીને લોકોને કહ્યું કે જો તમે અમારૂં કહ્યું નહિ માનો તો માર્યા ગયા જાણજો.

વળી બૌદ્ધો કહે છે કે તમે અત્યાર સુધી યુક્તિવાદનું અવલંબન કરતા આવ્યા છો અને કહો છો કે જે કાંઇ થયું છે તે કર્મનુંજ પરિણામ છે. તમે અસંખ્ય જીવાત્માને માનો છો અને તમારા મત પ્રમાણે એ જીવાત્માને જન્મ તેમજ મૃત્યુ નથી. બસ, આટલે સુધી તમે યુક્તિ અને ન્યાય પુરઃસર બોલો છો એમાં કાંઇ શક નથી. કારણ હોય તો કાર્ય પણ હોવુંજ જોઇએ. વર્તમાન સમયમાં જે કંઇ બને છે તે ભૂતકાળના કર્મનું પરિણામ છે, અને વર્તમાન સમયમાં જે કર્મ થાય છે તેનું ફળ ભવિષ્યકાળમાં ઉત્પન્ન થશે. હિંદુ લોકો માને છે કે કર્મ જડ છે, ચૈતન્ય નથી; માટે કર્મનું ફળ લાવવાને કોઇક ચૈતન્યની આવશ્યકતા છે. આના જવાબમાં બૌદ્ધો કહેશે કે વૃક્ષમાંથી ફળ પ્રાપ્ત કરવાને ચૈતન્યનું પ્રયોજન છે ખરૂં કે? બીજને જમીનમાં દાટો, પાણી સિંચો એટલે આપોઆપ તેને ફળ લાગશે. એમાં કાંઇ ચૈતન્યની જરૂર પડતી નથી. તમે કહેશો કે અસલથી બીજ ઇત્યાદિમાં કાંઇક ચૈતન્ય હતું અને તેના વડેજ આ બધું કાર્ય થયું છે; પરંતુ જીવાત્માઓ એજ ચૈતન્ય છે તો પછી બીજા ચૈતન્યનું પ્રયોજનજ શું છે? બૌદ્ધ લોકો જીવાત્માના અસ્તિત્વને માનતા નથી પણ જૈન લોકો માને છે. તેઓ માત્ર ઇશ્વિરનેજ માનતા નથી. તેઓ તમને કહેશે કે જો જીવાત્મામાંજ ચૈતન્ય હોય તોપછી ઇશ્વિરને માનવાની જરૂરજ શી છે? હે દ્વૈતવાદી બંધુ! તમારો યુક્તિવાદ હવે ક્યાં ગયો? તમારા નીતિતત્ત્વનો પાયો હવે ક્યાં રહ્યો? તમે અદ્વૈતવાદ ઉપર મિથ્યા દોષા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોષપણ કરો છો અને કહો છો કે તેના વડે અનીતિનો પ્રચાર થાય છે; પણ તમે જરા ભરતખંડના દ્વૈતવાદી સંપ્રદાયોનો ઇતિહાસ જોશો ? તેમણે શું શું કર્યું છે અને હજી પણ કરે છે તે તપાસશો ? જો અદ્વૈતવાદીમાંથી વીશહજાર બદમાસ જોવામાં આવશે તો દ્વૈતવાદી સંપ્રદાયોમાંથી પણ તેટલાજ નીકળી આવશે. ખરી વાત તો એ છે કે અદ્વૈતવાદ કરતાં દ્વૈતવાદના મંડળમાંથી વધારે દુરાચરણી મનુષ્યો જોવામાં આવશે; કારણ કે અદ્વૈતવાદને સમજવા માટે પણ કાંઇક વધારે ઉંચા પ્રકારની બુદ્ધિ અને સંસ્કૃતિની જરૂર રહે છે, અને અદ્વૈતવાદીઓ એકદમ કોઇના ડરાવ્યા ડરી જાય અને કોઇ કહે તે માની દે એવા હોતા નથી. ત્યારે હવે હિન્દુઓએ શું કરવું ? બૌદ્ધોના પંજામાંથી છૂટા થવાય એમ છે ? તમે વેદનાં પ્રમાણ ટાંકો પણ બૌદ્ધો કહેશે કે 'અમે તમારા વેદને માનતા નથી. અમારા ત્રિપિટકમાં એવું કાંઇ લખેલું નથી. અમારા ત્રિપિટક અનાદિ અને અનંત છે. (જોકે બુદ્ધ ભગવાને પણ ત્રિપિટક લખ્યા નથી. તે તો માત્ર ત્રિપિટક બોલી ગયા છે, સનાતન સત્યોની પુનરાવૃત્તિજ કરી છે.) તેઓ એમ પણ કહેશે 'તમારા વેદ અસત્ય છે. બ્રાહ્મણોએ બનાવી કહાડયા છે, માટે તેમને ફેંકી દો. માત્ર અમારાજ વેદ–ત્રિપિટક સત્ય છે,' ત્યારે તમે શું કરશો ?

બૌદ્ધ લોકોની યુક્તિજાલનું છેદન કરીને તેમાંથી મુક્ત થવાનો માત્ર એકજ ઉપાય છે અને તે હું તમને હમણાં કહું છું. દ્રવ્ય અને ગુણ વિભિન્ન છે અને તેઓ એક બીજા ઉપર આધાર રાખે છે, એ બૌદ્ધ લોકોની પહેલી તકરાર છે; પરંતુ વસ્તુતઃ તેમ છેજ નહિ. અદ્વૈતવાદના મત પ્રમાણે દ્રવ્ય અને ગુણ ભિન્ન નથી. તમને "**સર્પરજ્જુભ્રમ**" એ પ્રાચીન દૃષ્ટાંત સ્મરણમાં હશે. તમે સર્પને જુઓ તે વખતે તમે રજ્જુને (દોરડું) જોઇ શકોજ નહિ. તે વખતે તમારી દૃષ્ટિમાંથી દોરડું તદ્દન અદૃશ્ય થઇ જાય છે. કોઇ પણ પદાર્થના દ્રવ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ગુણને પૃથક્ કરવા એ માત્ર તત્ત્વજ્ઞાનીઓના મગજમાંથી ઉત્પન્ન થએલો દાર્શનિકજ વ્યાપાર છે. વસ્તુતઃ તેવું કાંઇ છેજ નહિ. દ્રવ્ય અને ગુણ એવા ભિન્ન પદાર્થોનું વાસ્તવિક અસ્તિત્વજ નથી. જો તમે સાધારણ કોટિના મનુષ્ય હો તો તમે કેવળ ગુણજ જોઇ શકશો અને મૂળ વસ્તુનું સ્વરૂપ જોઇ શકશો નહિ. જો તમે ઉચ્ચ કોટિના યોગી પુરુષ હો તો તમે કેવળ અસલ દ્રવ્યજ જોઇ શકશો; પણ એકજ વખતે ગુણ અને દ્રવ્ય બેઉ કોઇથી જોઇ શકાય એમ નથી. માટે હે બૌદ્ધો ! તમે દ્રવ્ય અને ગુણને માટે જે તકરાર ઉઠાવો છો તેને પાયોજ નથી. તમારી તકરાર કેવળ ભ્રાંતિથીજ ઉત્પન્ન થએલી છે. હવે જો દ્રવ્ય, ગુણ રહિત હોય તો પછી માત્ર એક દ્રવ્યનુંજ અસ્તિત્વ સિદ્ધ થઇ શકે છે. જો તમે આત્મામાંથી તમામ ગુણને છુટા પાડી શકો અને એ સર્વ ગુણો માત્ર મનમાંજ અસ્તિત્વ ધરાવતા હોઇને તેઓ મનનાજ ગુણ હોવા છતાં આત્મામાં તેમનું મિથ્યાજ આરોપણ થએલું છે એમ સિદ્ધ કરી બતાવો; તો પછી એક કરતાં વધારે આત્મા નથી એમ પણ આપોઆપજ સાબિત થઇ જાય છે. કારણ કે ગુણના પૃથક્પણાથીજ એક આત્માની બીજા આત્મા કરતાં જુદાઇ માલમ પડે છે. એક આત્મા બીજા આત્માથી ભિન્ન છે એ આપણે જાણીએજ શી રીતે ? કેટલાંક જુદાં જુદાં ચિહ્ન અને જુદા જુદા ગુણવડેજ. હવે જ્યાં ગુણનુંજ અસ્તિત્વ ન હોય ત્યાં પૃથક્પણું સમજાયજ કેવી રીતે ? માટે એક કરતાં વધારે આત્મા છેજ નહિ. એકજ આત્મા સર્વત્ર વિદ્યમાન છે; અને તેથી તમારે પરમાત્માના અસ્તિત્વની પણ જરૂર નથી. તમારો પોતાનો આત્મા એજ પરમાત્મા છે. એક અખંડ આત્માનેજ પરમાત્મા કહો, જીવાત્મા કહો અગર ગમે તે નામ આપો પણ તે સર્વ એકજ પદાર્થ છે. સાંખ્ય અને અન્યાન્ય દ્વૈતવાદના અનુયાયીઓ ! તમે માનો છો કે આત્મા વિભુ-સર્વવ્યાપક છે, છતાં એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં વધારે આત્મા છે એમ તમારાથી કહેવાયજ કેમ ? અનંત પદાર્થ એક સાથે એ સંભવી શકેજ નહિ. અનંત સત્તા (Existence) તો માત્ર એકજ હોઇ શકે. આત્મા તો એક છે, અને જે જુદાં જુદાં સ્વરૂપ દેખાય છે તે તો માત્ર તેનો આવિર્ભાવજ છે.

આ યુક્તિની સામે બૌદ્ધ દાર્શનિકો નિરુત્તર થઈ જાય છે, પણ કાંઈ તેઓનો પરાભવ કરવા માત્રથીજ અદ્વૈતવાદીનું કાર્ય પુરૂં થઇ જતું નથી. માત્ર સુકામતવાદીઓની માફક પોતાના પ્રતિસ્પર્ધીઓનું ખંડન કરવાથીજ પોતાનું કાર્ય સંપૂર્ણ થયું એમ અદ્વૈતવાદીઓ માનતા નથી. અદ્વૈતવાદીઓ ખંડન કરવાનું કાર્ય પણ ત્યારેજ કરવા ઇચ્છે છે કે જ્યારે બીજા મતવાળાઓ છેક નજીક આવીને તેમના સિદ્ધાંત ઉપર આક્રમણ કરવા લાગે છે. વળી તેઓ ખંડનનું કાર્ય પણ ફક્ત તેમને ઉંચકીને દૂર ફેંકી દેવા પુરતુંજ બજાવે છે; કેમકે તેઓનું મુખ્ય કાર્ય તો પોતાના સિદ્ધાંતની દૃઢ પાયા ઉપર સ્થાપના કરવામાંજ રહેલું હોય છે. આ પ્રમાણે માત્ર વિરુદ્ધ મતનું ખંડન કરીનેજ બેસી ન રહે અને શાસ્ત્રનાં પ્રમાણ બતાવીનેજ પોતાનો બચાવ ન કરે એવો જો કોઇ પણ વાદ હોય તો તે માત્ર અદ્વૈતવાદજ છે. તેમની દલીલ આ પ્રમાણે છે:-તમે કહો છો કે જગત્ એક અવિરત પ્રવાહતુલ્ય છે એ વાત અમે (અદ્વૈતવાદી) સ્વીકારીએ છીએ. વ્યષ્ટિ માત્ર ગતિમાન છે એ વાત પણ ખરી છે. તમે પણ ગતિમાન છો; આ ટેબલ પણ ગતિમાન છે; અને જગતના પ્રત્યેક પદાર્થ ગતિમાન હોઇને સર્વત્ર ગતિ-પરિવર્તનજ જોવામાં આવે છે. આમ હોવાથીજ આપણે એને સંસાર (सृ=સરવું, જવું, ખસવું) તેમજ જગત (गम्=જવું) કહીએ છીએ. પરંતુ જો સર્વત્ર માત્ર ગતિજ ગતિ રહેલી હોય અને તે વિના બીજું કશું પણ નજ હોય તો પછી જગતમાં વ્યક્તિત્વ જેવું પણ કશું રહેતુંજ નથી; કારણ કે "પરિવર્તનશીલ વ્યક્તિત્વ" હોઈ શકેજ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિવર્તન અને વ્યક્તિત્વ એ શબ્દોજ પરસ્પર વિરુદ્ધ છે, માટે જગતમાં જેને વ્યક્તિ કહી શકાય એવું કાંઇ રહેતુંજ નથી; કેમકે વિચાર, લાગણી, મન, શરીર, જીવ, જંતુ વગેરે સર્વમાં પળે પળે પરિવર્તન થયાજ કરે છે. પણ ધારો કે આપણે આખા જગતને એક અખંડ સમષ્ટિ તરીકેજ ગણીએ. સમષ્ટિમાં કોઇ જાતનું પરિવર્તન કે ગતિ જોવામાં આવે છે ? લેશ માત્ર પણ નહિ. અમુક પદાર્થ ગતિમાં છે એમ આપણે શી રીતે જાણી શકીએ છીએ ? કોઇ મંદ ગતિવાળા અથવા સંપૂર્ણ ગતિહીન પદાર્થની સાથે મુકાબલો કરવાથી જ આપણને ગતિનું ભાન થાય છે, માટે સમષ્ટિ રૂપ જગત્ ગતિહીન અને અવિકારી છે. આ પ્રમાણે હોવાથી આપણે પણ આખા જગતની સાથે અભિન્નભાવ અનુભવી શકીએ ત્યારેજ-અને માત્ર ત્યારેજ આપણું વાસ્તવિક વ્યક્તિત્વ સંભવી શકે છે. આખા જગતને આપણી સાથે લીધા વગર આપણું પૃથક્ વ્યક્તિત્વ હોઇ શકેજ નહિ. એટલા માટેજ વેદાંતીઓ (અદ્વૈતવાદી) કહે છે કે જ્યાં સુધી દ્વૈતભાવના છે ત્યાં સુધી ભયને સંપૂર્ણ દૂર કરવાનો ઉપાયજ નથી. જ્યારે આપણાથી અમુક વસ્તુ ભિન્ન છે એવું દૃષ્ટિએ પણ ન પડે, એવો અનુભવ પણ ન થાય, અને જ્યારે માત્ર એક સત્તાનોજ અનુભવ થાય ત્યારેજ ભય માત્ર દૂર થાય છે; ત્યારેજ મનુષ્ય મૃત્યુની અને સંસારની પાર જઇ શકે છે. એજ કારણથી અદ્વૈતવાદ ઉપદેશ આપે છે કે સમષ્ટિના જ્ઞાનમાંજ મનુષ્યનું વાસ્તવિક વ્યક્તિત્વ રહે છે, વ્યષ્ટિના જ્ઞાનમાં નહિજ. જ્યારે તમે તમારી જાતને આખા જગત સ્વરૂપ માનો અને એ ભાવનાનો સાક્ષાત્કાર કરો, ત્યારેજ વાસ્તવિક અમૃતત્વની પ્રાપ્તિ થાય છે. જ્યારે તમે પોતાને સમગ્ર જગતસ્વરૂપ અનુભવો ત્યારેજ તમે ભયરહિત અને અમૃતસ્વરૂપ થઇ શકો. જ્યારે તમે એવી અવસ્થા અનુભવશો ત્યારેજ તમને જગત અને બ્રહ્મ, એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકનો પૂર્ણ અભેદ સમજાશે અને ત્યારેજ આપણી વૃત્તિને આ ચંદ્ર, સૂર્ય, તારા, નક્ષત્ર સહિત આખું જગત એક 'અખંડ' વસ્તુમાં રહેલું અથવા તે વસ્તુરૂપજ હોવાની પ્રતીતિ થશે.

જે લોકો કાંઇક વધારે સારાં કર્મ કરે છે અને જરા વધારે સારી મનોવૃત્તિ પ્રાપ્ત કરે છે તેઓને મૃત્યુ પછી એજ વસ્તુમાં ઇન્દ્રાદિ દેવતાયુક્ત સ્વર્ગલોકનું દર્શન થાય છે, જેઓ એથી પણ વધારે ઉન્નત દશા પ્રાપ્ત કરે છે તેમને એજ વસ્તુમાં બ્રહ્મલોકનું દર્શન થાય છે, અને જેઓ પૂર્ણ સ્થિતિએ પહોંચ્યા છે, જેઓ સર્વાંશે સિદ્ધ થયા છે તેમને પૃથ્વી, સ્વર્ગ, બ્રહ્મલોક એવા કોઇ પણ લોકનું દર્શન ન થતાં તેમની દૃષ્ટિમાંથી આખું બ્રહ્માંડ અંતર્હિત થઇ જાય છે અને તેને ઠેકાણે એક માત્ર બ્રહ્મનુંજ દર્શન થાય છે.

હવે આપણે એ બ્રહ્મને કેવી રીતે જાણી શકીએ ? સંહિતામાં આપેલા અનંત દેશ કાળના વર્ણન વિષે હું થોડા વખત પર તમને કહી ચૂકયો છું; પરંતુ સંહિતામાંનું એ વર્ણન તો માત્ર બાહ્ય જગત્‌નાજ અનંતત્વનું હતું. હવે તો એથી ઉલટું આંતર જગતના અનંતજ્ઞાનનું એટલે કે વિચારસૃષ્ટિના અને ભાવસૃષ્ટિના અનંતપણાનું વર્ણન કરવાનું છે. સંહિતામાં " અનંતત્વ આવા પ્રકારનું છે " એવી અસ્તિભાવસૂચક (Positive) ભાષામાં તેનું વર્ણન કરવાનો પ્રયત્ન કરેલો છે, પરંતુ હવે એવા વિષયનું વર્ણન કરવાનું છે કે જે કરવામાટે ભાષા અસમર્થ છે, અને તેમ હોવાથી " એ અનંતત્વ આવા પ્રકારનું નથી" (Negative) એવી નાસ્તિભાવાત્મક ભાષામાં, **નેતિ નેતિ** એવા શબ્દપ્રયોગથીજ અનંતત્વનું વર્ણન કરવાનું શરૂ થાય છે.

આ આપણી સન્મુખ આખું બ્રહ્માંડ પડયું છે. ધારો કે " તે બ્રહ્મ છે " એમ આપણે સમજીએ, પણ તેથી શું આપણે તેને જાણી શકયા ? બિલકુલ નહિ. તમારે આ વિષયે બરાબર સમજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવાની જરૂર છે. વારંવાર તમારા મનમાં આ સંદેહ ઉત્પન્ન થશે કે બ્રહ્મ તો છે પણ તેને મારે જાણવો કેવી રીતે ? **विज्ञातारमरे केन विजानीयात्।** "હે મૈત્રેયિ ! જાણનારને કેવી રીતે જાણવો ?" નેત્ર બધા પદાર્થોને જોઇ શકે છે પણ નેત્ર શું પોતાને જોઇ શકે છે ? કદિ નહિ; કારણ કે જાણવાની ક્રિયા એતો એક ઉતરતા પ્રકારની અવસ્થા છે. હે આર્ય પ્રજાનાં સંતાનો ! તમે આ વિષય ખાસ કરીને સ્મરણમાં રાખજો કેમકે એજ આપણા તત્ત્વદર્શનનો મૂળ પાયો છે.

આ બાબતમાં પાશ્ચાત્ય તત્ત્વદર્શનનું સ્વરૂપ કાંઇ ઓરજ પ્રકારનું છે. તેમના તત્ત્વદર્શનનો આધાર માત્ર એજ સિદ્ધાંત ઉપર છે કે "ઇન્દ્રિયજન્ય જ્ઞાનથી વધારે ઉચ્ચ જ્ઞાન છેજ નહિ–સંભવેજ નહિ." આપણા વેદમાં કહ્યું છે કે વસ્તુનું જ્ઞાન એ ખુદ વસ્તુ કરતાં ઉતરતુંજ છે; કારણ કે એ જ્ઞાન "સીમાબદ્ધ" એટલે કે દિશા, કાળ અને કારણવડે મર્યાદિત થએલું હોય છે. નિરપેક્ષ (absolute) હોતું નથી. જ્યારે અમુક પદાર્થ વિષે તમે જ્ઞાન પ્રાપ્ત કરો છો ત્યારે તે જ્ઞાન તમારા મનવડે આચ્છાદિત અને મર્યાદિત થયેલું છે. મોતીની છીપમાં જે રીતથી મોતી બંધાય છે તેનું દૃષ્ટાંત મેં હમણાંજ તમને કહ્યું હતું તે ફરી યાદ કરો. જ્ઞાન મનદ્વારા કેવી રીતે આચ્છાદિત થાય છે તે તમને એ દૃષ્ટાંતવડે સમજાશે. તમે એક વસ્તુના સંસ્કાર ગ્રહણ કરો છો અને તેને તમારા સ્વાનુભવમાં ઉતારો છો, પણ તેનું આખું સ્વરૂપ તમે કદિ પણ જાણી શકતા નથી. તમે જે કાંઇ જાણો છો તેતો માત્ર જ્ઞાનનો વિષય અને તમારું મન એ બેઉના સરવાળા જેટલુંજ હોય છે. આ નિયમ તમામ પ્રકારની જ્ઞાનક્રિયાના સંબંધમાં લાગુ પડે છે અને તેમ હોવાથી અનંતના જ્ઞાનના સંબંધમાં પણ તે લાગુ પડવોજ જોઇએ; પરંતુ જે અનંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(પરમાત્મા) સર્વ પ્રકારના જ્ઞાનનું ઉપાદાન કારણ છે તેને આપણે મનવડે જાણી શકાય તેટલો નાનો–મર્યાદિત કેવી રીતે કરી શકીએ? જે કેવળ સાક્ષિરૂપ છે, જેના વિના કોઇપણ પ્રકારનું જ્ઞાન સંભવેજ નહિ, જેને કોઇપણ જાતનો ગુણ નથી, અને જે આખા જગતમાં તેમજ આપણા આત્મામાં સાક્ષિરૂપે રહેલો છે, તેને આપણે મનવડે કેવી રીતે મર્યાદિત કરી શકીએ? કેવી રીતે જાણી શકીએ? જે સર્વાંશે અમર્યાદિત છે તેને તે આપણે કેવી રીતે બાંધી શકીએ?

એ અનંતને જોવા માટે આપણે કદાચ આખું પ્રાપંચિક જગત્ જોઇ વળીએ તોપણ તે સર્વ મિથ્યા ફાંફાં મારવા જેવુંજ છે. આ જીવાત્મા પોતાના મૂળ સ્વરૂપ સુખનું–સદા જ્ઞાનાનંદમય શુદ્ધાત્માનું–પ્રતિબિંબ જોવાને માટે જગતના તમામ પ્રાણીપદાર્થનો દર્પણ તરીકે ઉપયોગ કરે છે. એક પછી એક દરેક પદાર્થમાં તે પોતાનું પ્રતિબિંબ શોધે છે, પરંતુ તે સર્વ અપૂર્ણ–નાના લાગવાથી તે છેવટે ઉત્તમ મનુષ્ય (સાંત) તરફ નજર કરે છે. ત્યાંથી તેને સમજાય છે કે સર્વ પદાર્થો સાંત છે અને સાંતની અંદર અનંત આત્માનો પ્રકાશ પડી શકેજ નહિ. આ પ્રતીત થતાંજ આત્મા પાછે પગલે કુચ કરવા માંડે છે અને બાહ્ય સૃષ્ટિમાં આરોપેલી વૃત્તિઓને સંકેલી લે છે. ખરેખરો ત્યાગ અથવા વૈરાગ્ય આનુંજ નામ છે. ઇન્દ્રિયોના વિષયોમાંથી બહાર નીકળો–તે તરફ નજર સરખી ન કરો એજ વૈરાગ્યનો મૂળ મંત્ર છે. એજ સર્વ પ્રકારના કલ્યાણનો મૂળ મંત્ર છે. કારણ કે એ વૈરાગ્યરૂપ તપશ્ચર્યામાંથીજ શ્રેષ્ઠ પ્રાપ્તવ્ય પ્રાપ્ત થઇ શકે છે. આ પ્રમાણે જેમ જેમ તમે આવ્યા હતા તે દિશામાં પાછલે પગલે કુચ કરતા જશો, તેમ તેમ જગતનાં જુદા જુદા પ્રકારનાં સ્વરૂપ તમારી નજર આગળ આવતાં જશે. જો તમે એ સ્વરૂપોમાં અટકી નહિ પડતાં તેમને એક પછી એક છોડતા જશો તો આખરે તમારૂં જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળ સ્વરૂપ છે તે એકલુંજ અવશિષ્ટ રહેશે અને એનુંજ નામ મોક્ષ. તેનુંજ નામ પરમાત્મપ્રાપ્તિ.

विज्ञातारमरे केन विजानीयात्। જાણનારને શી રીતે જાણવો ? એ પ્રશ્નને હજી પણ તમારે સારી રીતે સમજી લેવાની જરૂર છે. જે જાણનાર છે તેને કદિ પણ જાણી શકાયજ નહિ, કારણ કે જો તેનું જ્ઞાન થાય તો તે જ્ઞાનનો વિષય થઇ જાય અને જ્ઞાતા મટી જાય. દર્પણમાં આપણે આપણી આંખનું પ્રતિબિંબ જોઇ શકીએ છીએ પણ તે માત્ર પ્રતિબિંબજ છે; આંખ પોતે તો નથીજ. કોઇ કહે કે જો આપણો આત્મા માત્ર સાક્ષિરૂપજ હોય તો પછી તેથી લાભ શો ? તે આપણી માફક જીવન ધારણ કરી શકતો નથી, હલનચલન કરી શકતો નથી કે જગતના વિવિધ સુખનો ઉપભોગ પણ કરી શકતો નથી ! પરંતુ સાક્ષિસ્વરૂપ આત્મા કેવો આનંદ ભોગવી શકે છે તેની સામાન્ય મનુષ્યોને ખબરજ હોતી નથી. તેઓ આપણને કહે છે કે "હે હિન્દુઓ ! તમે બધા સાક્ષિરૂપજ બની ગયા છો ! તમારી આવી માન્યતાને લીધેજ તમે નિષ્ક્રિય અને નિર્માલ્ય થઇ ગયા છો !" આ આક્ષેપનો જવાબ એ છે કે ખરી મજાહ તો સાક્ષિજ ભોગવી શકે છે. કુસ્તીના ખેલમાં વિશેષ આનંદ કોણ ભોગવે છે—કુસ્તી કરનાર કે કુસ્તીના જોનાર? **જીવનમાં જેમ જેમ તમે દરેક બાબતમાં સાક્ષિસ્વરૂપ બનતા જશો તેમ તેમજ તમારો આનંદ વધતો જશે.** આજ ખરેખરો આનંદ છે. આમ કરતાં કરતાં જ્યારે તમે આખા જગતના સાક્ષિરૂપ બની જશો ત્યારેજ તમે અનંત આનંદના ભોક્તા થઇ શકશો, ત્યારેજ તમે મુક્ત પુરૂષ બની જશો. **જે પોતાને સાક્ષિસ્વરૂપે અનુભવી ચૂકયો હોય, તેજ ખરેખરો નિષ્કામ કર્મ કરનાર થઇ શકે છે. તેજ નિન્દા અને સ્તુતિને એકસરખાં ગણીને સ્થિર ચિત્તે પોતાનું કર્તવ્ય બજાવી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે છે. સ્વર્ગમાં જવાની કે લોકોમાં યશ પ્રાપ્ત કરવાની કામના રાખ્યા વગર માત્ર એવો મહાત્માજ કર્મ કરી શકે છે. ખરેખરા આનંદનો ભોક્તા પણ માત્ર તેજ છે. અન્ય પુરૂષ ગમે તેટલા વૈભવવાળો હોવા છતાં તેના જેવો આનંદનો ભોક્તા બની શકેજ નહિ.

અદ્વૈતવાદના નૈતિક અંશની સમાલોચના કરતાં જણાય છે કે તેના દાર્શનિક અને નૈતિક સિદ્ધાંતની વચમાં એક બીજું પણ તત્ત્વ રહેલું છે, તેને માયાવાદ કહે છે. અદ્વૈતવાદની એકેએક બાબત સારી રીતે સમજતાં વર્ષનાં વર્ષ અને સમજાવતાં પણ અનેક મહિના વીતી જાય તેમ છે. માટે હું એ બાબતોનો સામાન્ય ઉલ્લેખજ અત્યારે કરૂં છું અને આશા રાખું છું કે તે માટે તમે મને દરગુજર કરશો. આ માયાવાદનો સિદ્ધાંત પરાપૂર્વથીજ ઘણો કઠિન મનાતો આવ્યો છે. હું તમને સંક્ષેપમાંજ કહું છું કે વાસ્તવિક રીતે આ માયાવાદ કોઇ પણ પ્રકારનો વાદ અથવા મત છેજ નહિ. દેશ, કાળ અને નિમિત્ત એ ત્રણ સંયુક્ત ભાવનાઓનું એક નામ તે "માયાવાદ" છે. સમુદ્ર અને સમુદ્રના તરંગમાં જો કાંઇ ભેદ હોય તો તે માત્ર નામ અને રૂપમાંજ છે. એ નામરૂપને તરંગથી પૃથક્ સત્તા (અસ્તિત્વ) હોતી નથી. તેઓ તરંગની સાથેજ રહેલાં છે. એ તરંગ શમી જાય એટલે તેની સાથેજ તરંગની અંદર રહેલાં તેનાં નામ રૂપ પણ સદાને માટે લુપ્તજ થઇ જાય; પરંતુ સમુદ્રના જળના જથ્થામાં એથી કરીને કોઇ પણ જાતની ન્યૂનતા થવા પામશે નહિ. એ નામરૂપાત્મક માયાજ તમારી અને મારી વચ્ચે, મનુષ્યો અને જીવજંતુ વચ્ચે, દેવતાઓ અને મનુષ્યો વચ્ચે પ્રભેદ ઉત્પન્ન કરે છે. વાસ્તવિક રીતે એ માયાજ આત્માને લાખો પ્રકારનાં પ્રાણીઓના નામરૂપમાં આબદ્ધ કરી રાખે છે અને તેઓ માત્ર નામરૂપવડેજ એક બીજાથી પૃથક્ દેખાય છે. જો માયાનું આવરણ કહાડી નાખો, નામરૂપને દૂર કરો, તો જે તમને અત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાના પ્રકારના ભેદ જણાય છે તે અદૃશ્ય થઇ જશે અને તમારૂં જે મૂળ સ્વરૂપ છે તેજ માત્ર અવશેષ રહેશે. આને માયાવાદ કહે છે.એ કોઇ જાતનો મતવાદ નથી પણ જગતમાં જે જે ઘટનાઓ દૃષ્ટિગોચર થાય છે તેની હકીકતજ છે. વાસ્તવવાદીઓ (Realist, જગતના પદાર્થોને સત્ય માનનારા) કહે છે કે આ ટેબલને અસ્તિત્વ છે. એનું તાત્પર્ય એજ કે ટેબલને તેનું પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે; તેના અસ્તિત્વનો આધાર જગતના બીજા કોઇ પદાર્થ ઉપર નથી અને જો આખા બ્રહ્માંડનો કદાપિ નાશ થઇ જાય તોપણ ટેબલ તો રહેવાનું જ ! એક સામાન્ય જ્ઞાનવાળો મનુષ્ય પણ સમજી શકશે કે આમ હોવું અસંભવિતજ છે. ઇન્દ્રિયગ્રાહ્ય જગતની તમામ વસ્તુઓ બીજા ઉપર આધાર રાખે છે, અને એક બીજાની અપેક્ષા રાખે છે. આપણને વસ્તુઓનું જ્ઞાન થાય છે તેમાં પણ એક ઉપર એક ત્રણ પગથીઆં છે. દરેક વસ્તુને સ્વતંત્ર વ્યક્તિત્વ છે; અને તે એક બીજાથી પૃથક્ છે એવું જ્ઞાન તે પ્રથમ પગથીયું છે. વસ્તુ માત્રમાં પરસ્પર સંબંધ શોધી કહાડવો તે બીજું પગથીયું; અને ત્રીજું પગથીયું એ કે વસ્તુ તો ખરૂં જોતાં એકજ છે પણ આપણે તેને અનેક રૂપે જોઇએ છીએ.

અજ્ઞાન લોકો શરૂઆતમાં ઇશ્વિર સંબંધી એવો ખ્યાલ કરે છે કે તે આ બ્રહ્માંડની બહારના કોઇક સ્થાનમાં રહે છે. સારાંશ એ કે તેમની ઇશ્વિરસંબંધી ભાવના બહુધા માનુષિક ભાવનાથી ભરેલી છે. મનુષ્ય જે જે કામ કરે છે, લગભગ તેવાંજ કામ તે ઇશ્વિર પણ કરતો હોય એવું તેઓ માને છે; ફેર માત્ર મનુષ્યને મુકાબલે ઇશ્વિરનાં કામ જરા વધારે ઉંચા પ્રકારનાં માને છે એટલોજ. ઇશ્વિર વિષેનો આ આદર્શ કેવો અપૂર્ણ અને અસંગત છે તે આપણે જોઇ ગયા છીએ. ત્યાર પછી એના કરતાં જરાક ઉચ્ચતર અવસ્થા આવે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે ઈશ્વરવિષે એવો ખ્યાલ કરવામાં આવે છે કે ઈશ્વર એક પ્રકારની સર્વવ્યાપી શક્તિરૂપ છે. એજ સગુણ ઈશ્વરનું વાસ્તવિક સ્વરૂપ છે. ચંડીપાઠમાં ઈશ્વરનું આવુંજ સ્વરૂપ કલ્પેલું છે. અત્ર એટલું સ્મરણમાં રાખજો કે દેવી અને આસુરી બે પ્રકારની પરસ્પર વિરુદ્ધ શક્તિવાળી બે સત્તાઓ—એટલે કે ઈશ્વર અને સેતાન એમ બે શક્તિઓની કલ્પના કરવી એ તો અસંગતજ છે; કેમકે એ બંને શક્તિઓ સર્વવ્યાપી અને સર્વશક્તિમાન, અનાદિ અને અનંત હોઇ શકેજ નહિ. અસ્તિત્વ તો માત્ર એકજ ઈશ્વરનું માનવું જોઇએ, અને જો એમજ કરવું હોય તો શુભ અને અશુભ, કલ્યાણકારી અને વિનાશકારી સર્વ પ્રકારની શક્તિઓનું એકજ ઈશ્વરમાં આરોપણ કરવાની હિંમત ચલાવવી જોઇએ. આ સિદ્ધાંતજ યુક્તિસંગત હોવાથી તેને ગ્રહણ કરો અને તેના ઉપરથી જે સ્વાભાવિક સિદ્ધાંત બંધાય તેને સ્વીકારવા તૈયાર થાઓ.

या देवी सर्वभूतेषु शांतिरूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमोनमः ॥
या देवी सर्वभूतेषु शुद्धिरूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमोनमः ॥

અર્થાત્ જે શક્તિ સર્વ ભૂતમાત્રમાં શાંતિ અને પવિત્રતારૂપે રહેલી છે તેને નમસ્કાર કરીએ છીએ. તેમ છતાં પણ આપણે તેને કેવળ શાંતિસ્વરૂપ માનીએ તો નહિ ચાલે. તેને તો સર્વ સ્વરૂપજ કહેવી જોઇએ અને તે ઉપરથી જે સિદ્ધાંત નીકળે તેજ કબૂલ રાખવો જોઇએ.

"હે ગાર્ગિ ! આ જગતમાં જે કાંઇ આનંદ જોવામાં આવે છે તે સર્વ તેનોજ અંશ છે."

જે જે શક્તિ છે તે ઈશ્વરનીજ છે. તમે તેનો મરજીમાં આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવો ઉપયોગ કરી લો. એ શક્તિદ્વારા ચાહે તો શુભ કર્મ કરો અને ચાહે તો અશુભ કર્મ કરો. આ તમારી સામે પ્રકાશ છે. એની મદદથી તમે તમારી કોથળીમાંથી સો રૂપીઆ કહાડીને એક ગરીબ માણસને સુખી કરી શકો; અને બીજો માણસ એજ પ્રકાશની મદદથી તમારા નામની ખોટી સહી પણ કરી શકે. પ્રકાશ તો બેઉને સરખી રીતેજ મદદ આપશે. એક જ્ઞાનની આ બીજી અવસ્થા છે. એના કરતાં પણ ઉંચી, આખરની એક અવસ્થા છે. તે એ છે કે ઇશ્વર પ્રકૃતિની બહાર પણ નથી અને અંદર પણ નથી; પરંતુ ઇશ્વર, પ્રકૃતિ, આત્મા અને જગત એ એક પર્યાય-સમાનાર્થવાચક શબ્દોજ છે. વાસ્તવિક રીતે બે પદાર્થ છેજ નહિ. કેટલાક તત્ત્વજ્ઞાનને લગતા પારિભાષિક શબ્દોને લીધે આપણે ભૂલ થાપ ખાઇએ છીએ. આપણે એમજ માની બેઠા છીએ કે આપણે શરીર છીએ અને આપણને આત્મા છે અને એ શરીર અને આત્મા એકત્ર થએલાં છે; પરંતુ એમ બની શકેજ કેવી રીતે ? તમે તમારા પોતાની અંદર પરીક્ષા કરી જુઓ. જો તમારામાંનો કોઈ યોગી હશે તો તે પોતાને ચૈતન્યસ્વરૂપજ દેખશે. તેની દૃષ્ટિએ શરીર તદ્દન અન્તર્હિત થઇ જશે. જો તમે સાધારણ કોટિના માણસ હશો તો તમે પોતે દેહ છો એવી તમારી સમજણ થશે અને તમે ચૈતન્યસ્વરૂપ છો એવું જ્ઞાન તમને થઇ શકશે નહિ. મનુષ્યને દેહ છે, આત્મા છે, અને મન, બુદ્ધિ ઇ. અનેક પદાર્થો મનુષ્યને છે, એવો ખોટો ખ્યાલ આપણા મનમાં પેસી ગયો છે અને તેથી આપણે એમ માનીએ છીએ કે સર્વ વસ્તુઓ મનુષ્યમાં એકી વખતે રહેલી છે; પરંતુ એક સમયે એક કરતાં વધારે વસ્તુનું અસ્તિત્વ દેખાઈ શકેજ નહિ. જ્યારે તમે જડ પદાર્થ જોતા હો તે વખતે ઇશ્વરને જોઈ શકશો નહિ. મતલબ કે તે સમયે તમે માત્ર એકલું કાર્ય-પરિણામ જ જોઈ શકો છો; તેના કારણને જોઇ શકતા નથી. જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો તમે કારણને જોઇ શકશો તેજ પળે તમારી નજર આગળથી સર્વ અદૃશ્ય થઈ જશે. હવે ત્યારે એ સમયે જગત્ ક્યાં ગયું અને તેને કોણે અદૃશ્ય કરી નાખ્યું ?

क्रिमपि सततबोधं केवलानंदरूपम् ।
निरुपममतिवेलं नित्यमुक्तं निरीहम् ॥
निरवधि गगनाभं निष्कलं निर्विकल्पं ।
हृदि कलयति विद्वान् ब्रह्म पूर्णं समाधौ ॥
प्रकृतिविकृतिशून्यं भावनातीतभावम् ।
समरसमसमानं मानसं बन्धदूरम् ॥
निगमवचनसिद्धं नित्यमस्मत्प्रसिद्धम् । हृदि०
अजरममरमस्ताभाववस्तुस्वरूपम् ।
स्तिमितसलिलराशिप्रख्यमाख्याविहीनम् ॥
शमितगुणविकारं शाश्वतं शान्तमेकम् । हृदि०

" જે જ્ઞાની છે તે સમાધિ અવસ્થામાં અનિર્વચનીય, નિત્ય બોધસ્વરૂપ, કેવલ આનંદસ્વરૂપ, ઉપમારહિત, અપાર, નિત્યમુક્ત, નિષ્ક્રિય, અસીમ, આકાશતુલ્ય, અંશહીન, અને ભેદશૂન્ય બ્રહ્મનો હૃદયમાં પૂર્ણ અનુભવ કરે છે."

" જે જ્ઞાની પુરુષ છે તે સમાધિ અવસ્થામાં પ્રકૃતિના વિકાર-રહિત, અચિંત્ય તત્ત્વસ્વરૂપ, સમભાવાપન્ન, અપરિમેય, વેદવાક્યસિદ્ધ, અને જે બ્રહ્મ તત્ત્વના અભ્યાસકોને સુજ્ઞાત છે એવા પૂર્ણ બ્રહ્મનો હૃદયમાં અનુભવ કરે છે. "

" જ્ઞાની પુરુષ સમાધિ અવસ્થામાં, જરામૃત્યુરહિત, વસ્તુસ્વરૂપ, અભાવરહિત, સ્થિર સાગરતુલ્ય, નામરહિત, ત્રણ ગુણોના વિકારરહિત, અક્ષય અને શાંત એવા પૂર્ણ બ્રહ્મનો અનુભવ કરે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે મનુષ્ય આ અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે તેની દૃષ્ટિ આગળથી જગત્ અદૃશ્ય થઇ જાય છે.

આપણે જોઇ ગયા છીએ કે આ સત્યસ્વરૂપ બ્રહ્મ અજ્ઞાત અને અજ્ઞેય છે; પરંતુ જે અર્થમાં *અજ્ઞેય વાદી લોકો લે છે તે અર્થમાં તો તે અજ્ઞાત અને અજ્ઞેય નથીજ. ઈશ્વરનું જ્ઞાન થયું એમ કહેતામાંજ આપણે તેનું મહત્વ ઓછું કરીએ છીએ; કારણ કે અસલથી તમે પોતેજ તે (બ્રહ્મ) છો. એક રીતે બ્રહ્મ આ ટેબલ નથી, પણ બીજા દૃષ્ટિબિંદુએ તે ટેબલ પણ છે. ટેબલ, ખુરશી, માણસ, પશુ વગેરેનાં નામ અને રૂપ લઇ લો એટલે જે સત્ય વસ્તુ હશે તેજ અવશિષ્ટ રહેશે. તેજ દરેક પદાર્થમાં રહેલું એવું પદાર્થ માત્રનું સત્ય સ્વરૂપ છે.

त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उत वा कुमारी ।
त्वं जीर्णो दण्डेन वञ्चसि त्वं जातो भवसि विश्वतोमुखः ॥

—શ્વેતાશ્વતર ઉપનિષદ્.

" તું સ્ત્રી છે, તું પુરુષ છે, તું કુમાર છે, તું કુમારી છે, તું હાથમાં લાકડી લઇને ચાલનાર વૃદ્ધ પુરુષ છે, તેંજ આખા જગતમાં જન્મ ધારણ કર્યો છે. "

માલક સબમેં તું હે ઓર સબ કુછ તુંહી તું,
સીવા તેરે દુજા નહિ કુછ ના મેં હું;

*Agnostic ઈશ્વરનું કદિ પણ જ્ઞાન થઈ શકેજ નહિ, એવો મત ધરાવનારા પુરુષો. તેઓ માત્ર ઇન્દ્રિયજન્ય, બુદ્ધિજન્ય જ્ઞાનનેજ સત્ય માને છે, અને ઈશ્વર બુદ્ધિ તથા ઇન્દ્રિયોથી પર હોવાને લીધે તેમના મત પ્રમાણે તે અજ્ઞેય છે; પરંતુ ઇન્દ્રિયાતીત અવસ્થામાં ઈશ્વરનું જ્ઞાન થઇ શકે છે માટે વાસ્તવિક રીતે તે અજ્ઞેય નથી. ભા૦ ક૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું [1]અવ્વલ તું [2]આખર તું [3]ઝાહર તું [4]બાતન,
તું ચંદા તું સૂરજ તું તારે તું દરપન.
તું ચાકર તું સેવક તું [5]બંદા તું મૌલા,
તું [6]ગુલશન તું [7]ગૂંચા તું બુલબુલ તું ભમરા;
તું આશક તું માશુક તું [8]નાઝો અદા તું,
તું ઇશ્ક ઓર મ્હોબત હે ઓર દિલરૂબા તું.
જો કુછ હે સો તું હે મુજે ખૂબ સૂઝા,
જીધર દેખતા હું મેં તું હે ન દુજા;
તુંહી હે તુંહી હે તુંહી મેને બુઝા,
જો તુજકો મેં ઢૂંઢું તો મુજકો હું પાતા.*

તું વસ્તુ માત્રમાં રહેલો છે. હું તે તું અને તું તે હું એજ અદ્વૈતવાદનો મુખ્ય સિદ્ધાંત છે. એ સંબંધે હજી થોડુંક કહેવાનું છે. આ અદ્વૈતવાદદ્વારાજ સર્વ વસ્તુના મૂળ તત્ત્વનું રહસ્ય સમજી શકાય છે. યુક્તિવાદ અને વિજ્ઞાનના આક્રમણ સામે એકલો અદ્વૈત વાદજ અડગ રહી શકે છે. અહીંજ આખરે આપણને યુક્તિવાદનો યોગ્ય દૃઢ પાયો પ્રાપ્ત થાય છે. ભારતીય વેદાંતવાદીઓ પોતાના સિદ્ધાંત પર પહોંચવાનાં શરૂઆતનાં પગથીઆં રૂપે જે દ્વૈતવાદ વગેરે છે તેના ઉપર કોઇ પણ પ્રકારનું દોષારોપણ કરતા નથી. તેઓ પોતાના સિદ્ધાંતમાં દૃઢ રહીને અન્ય સર્વ સિદ્ધાંતોની સમાલોચના કરીને તેમનું સમર્થન કરવાનોજ યત્ન કરે છે. અદ્વૈતવાદી સારી પેઠે જાણે છે કે બીજા મત પણ સત્ય છે. માત્ર અધિકારભેદે સમજવામાં અને સમજાવવામાંજ જરા

(૧) પહેલો. (૨) છેલ્લો. (૩) પ્રકટ. (૪) ગુપ્ત. (૫) નોકર. (૬) બગીચો. (૭) ફૂલનો ગુચ્છ. (૮) હાવભાવ.

* હરકોઇ ધર્મ પ્રમાણે એક નિષ્ઠાથી પ્રયત્ન કરનાર આખરે અદ્વૈત અવસ્થાજ અનુભવે છે એ બતાવવાને એક મુસલમાન ઑલીયાની આ ગઝલ અત્ર ટાંકી છે. ભા. ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરક છે. સત્ય તો સર્વમાં એકજ છે, પરંતુ માયાના આવરણમાં થઇને સત્યનું અવલોકન કરતાં તે વિકૃત રૂપે દેખાય છે. પરંતુ આમ છતાં પણ તે સત્ય તો છેજ, જે બ્રહ્મને અજ્ઞાન લોકો પ્રકૃતિની બહારના પ્રદેશમાં અવસ્થિત થએલો માને છે, જે બ્રહ્મને સાધારણ જ્ઞાનયુક્ત મનુષ્ય જગત્માં અંતર્યામી રૂપે જુએ છે અને જે બ્રહ્મને પૂર્ણ જ્ઞાની પોતાના આત્મસ્વરૂપ અથવા જગત્સ્વરૂપ અનુભવે છે તે બ્રહ્મ મૂળે એકજ વસ્તુ છે. એકની એક વસ્તુને જુદા જુદા દૃષ્ટિકોણથી જુદા જુદા રંગના કાચનાં ચસ્મા વડે, જુદી જુદી માનસિક અવસ્થાઓમાં રહીને જોતાં તે જુદે જુદે રૂપે દેખાય છે. વળી આ બાબત છેક આમજ નથી પણ એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં ક્રમે ક્રમે સંક્રાંત થવાય છે. વિજ્ઞાની અને સામાન્ય જ્ઞાની વચ્ચેનો તફાવત એવો છે કે, માર્ગમાં કોઇ આશ્ચર્યકારક બનાવ જોવામાં આવે અને અજ્ઞાન માણસોને તેનું કારણ પૂછવામાં આવે તો નેવું ટકા માણસો કહેશે કે એ કોઇ ભૂતનું કામ હોવું જોઇએ; કેમકે ભૂત, પ્રેત સિવાય બીજું કોઇ કારણ તેમના લક્ષમાંજ આવતું નથી; કારણ કે અજ્ઞાનનું લક્ષણજ એ છે કે, કાર્યની બહારજ કારણને શોધવું ઉંચેથી એકાદ પત્થર પડે તો પણ તેઓ કહેશે કે તેને કોઈ ભૂતે ફેંક્યો હશે. વૈજ્ઞાનિક કહેશે કે ગુરુત્વાકર્ષણ નામે પ્રકૃતિનો જે એક નિયમ છે તેને આધારે એ કાર્ય થએલું છે.

વિજ્ઞાન અને ધર્મ વચ્ચે સર્વત્ર કલહ શા માટે ચાલતો હશે? જગત્ના ઘણા ખરા ધર્મમાં એવું બતાવેલું છે કે જગતમાં જે કાંઇ વ્યાપાર ચાલે છે તેને ચલાવનાર શક્તિ જગત્થી જુદીજ અને જગતથી બહારની છે. સૂર્યનો અધિષ્ઠાતા એક દેવ છે, તેમ ચંદ્રનો પણ એક જુદોજ દેવ છે; જુદા જુદા વ્યાધિઓના નિયામક પણ જુદા જુદા દેવતા છે એ પ્રમાણે લોકોમાં અનંત દેવતાઓની કલ્પના થઇ છે. જગતમાં જે જે બનાવો બને છે તે કોઇ તે કોઇ દેવતા અગર ભૂત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ થાય છે, એવી અજ્ઞાન મનુષ્યોની માન્યતા હોય છે. સારાંશ
કે દરેક વસ્તુનું કારણ તે વસ્તુની બહારથીજ શોધવાની વૃત્તિ
ધારણ મનુષ્યોમાં હોય છે. હવે વિજ્ઞાન કહે છે કે દરેક વસ્તુનું
રણ તે વસ્તુની અંદરજ હોવું જોઇએ અને તેમાંથીજ શોધી કહાડવું
ોઇએ. જેમ જેમ એ વિજ્ઞાન આગળ ને આગળ પ્રગતિ કરતું જાય
તેમ તેમ કુદરતના બનાવોનું કારણ ભૂત અગર દેવતાઓ નથી
ણ કુદરતના પોતાના નિયમોજ છે એ વાત મનાતી જાય છે. બાહ્ય
દિને લગતા ભ્રમ આધુનિક વિજ્ઞાને ભાગી નાખ્યા છે; તેમ ધર્મના
વિષયને લગતા ભ્રમ અદ્વૈતવાદવડે છિન્ન ભિન્ન થઇ ગયા છે. એટલા-
ટે અદ્વૈતવાદ બીજા તમામ ધર્મ અને દર્શનો કરતાં વિશેષ વૈજ્ઞાનિક
ર્મ છે અને તેથીજ તે વિજ્ઞાનના આક્રમણ સામે ટકી રહેવાને
શક્તિવાન છે. અદ્વૈતવાદ કહે છે આ બ્રહ્માંડની રચના કરનાર ઇશ્વર
બ્રહ્માંડની બહારનો નથી અથવા જગતથી બહાર રહેનાર કોઈ દૈત્ય-
કારા જગતની ઉત્પત્તિ થઇ નથી. વાસ્તવિક રીતે જગતની ઉત્પત્તિ
થઇ છે એમ પણ નથી; કારણ કે તે પોતે પોતાનામાંથીજ પ્રકટ થયું
છે; પોતાની મેળેજ તેનો પ્રકાશ થયો છે અને પાછો પોતાનામાંજ
તેનો લય થઇ જશે. બ્રહ્મની એક **અનંત સત્તા** છે અને **તત્ત્વ-
મસિ શ્વેતકેતો**। "હે શ્વેતકેતુ! તે તુંજ છે." હવે તમે જોઇ
શકશો કે આ એકલોજ ધર્મ ખરેખરો વૈજ્ઞાનિક ધર્મ છે. વર્તમાન સમ-
યના અર્ધ શિક્ષિત ભરતખંડમાં આજકાલ વિજ્ઞાન–વિજ્ઞાન–સાયન્સ–
સાયન્સ એવો જે બકવાદ મચી રહ્યો છે; જ્યાં ત્યાં બુદ્ધિ અને યુક્તિ,
એજ માત્ર પ્રમાણ છે એવું ચારે દિશાએથી સંભળાય છે; દરેક સિદ્ધાંત
સ્વીકારવા પહેલાં તેની સાબિતી માગવાની, તેનું કારણ અને યથા-
તથા તપાસવાની વૃત્તિ જાગૃત થએલી જણાય છે; તે ઉપરથી હું એવી
આશા રાખું છું કે તમારા આખા સંપ્રદાયના સંપ્રદાય અલ્પ સમયમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદ્વૈતવાદી બની જશે. કારણ કે માન્ય ગણાતા અમુક શાસ્ત્રોના માત્ર આધારથીજ નહિ પણ શુદ્ધ તર્ક અને યુક્તિની સહાયતાવડે પણ પોતાના સિદ્ધાંતને સ્થાપિત કરનાર એકલો અદ્વૈતવાદજ છે. અને હું તમને ભગવાન બુદ્ધના શબ્દોમાં કહું છું કે **"बहुजनहिताय बहुजनसुखाय"** અનેક માણસોના કલ્યાણ અર્થે, અનેક માણસોના સુખને અર્થે તમે એ મતનો પ્રચાર કરવાને હિંમત રાખીને આગળ પડશો. જો તમે તેમ નહિ કરો તો તમારા ઉપર નૈતિક ભીરુતાનો આરોપ મૂકીશ. જો તમે તમારી નિર્બળતાનો, તમારી નૈતિક ભીરુતાનો ત્યાગ ન કરી શકતા હો, જો ખરા સત્યનો જાહેરમાં સ્વીકાર કરતાં તમને ભય લાગતો હોય તો બીજાઓને પણ તેમની મરજી માફક વર્તવા દેજો. જે સ્વાધીનતા તમે તમારે પોતાને માટે ઇચ્છો છો તે બીજાઓને પણ આપતા રહેજો. બિચારા અજ્ઞાન મૂર્તિપૂજકને તોડી પાડતા નહિ. તેને રાક્ષસ–પિશાચ કહીને વગોવતા નહિ. જેઓ તમારા મત સાથે પૂરેપૂરા એકમત થતા ન હોય તેમના મન ઉપર તમારો મત બળાત્કારે ઠસાવવાને યત્ન કરતા નહિ. યાદ રાખજો કે તમે પોતે પણ નિર્બળ છો. જો તમને પોતાને પણ સમાજનો ભય લાગતો હોય, જો તમને પણ પ્રાચીન કાળના વહેમનો ડર લાગતો હોય, તો પછી જેઓ તમારા જેવા જ્ઞાની નથી તેમને તે બાબતોનો કેટલો ડર લાગતો હશે અને તેમના ઉપર એ વહેમનાં બંધન કેટલાં દૃઢ થએલાં હશે તેનો ખ્યાલ કરજો. આજ અદ્વૈતવાદનું દૃષ્ટિબિન્દુ છે. બીજાં પ્રત્યે દયા રાખો. પરમતસહિષ્ણુતાનો ગુણ પ્રાપ્ત કરો. માત્ર વિવાદ કરવામાં કે વિચારમાં નહિ પણ અનુભવમાં આખું જગત જો આવતીજ કાલે અદ્વૈતવાદી બનવા તૈયાર હોય તો તો ઘણુંજ સરસ છે; પરંતુ એવો સંભવજ નથી, માટે એનાથી કાંઇક ઉતરતું પણ જે થોડું ઘણું શુભ થઇ શકે એવું હોય તે અવશ્ય સિદ્ધ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજ્ઞાન મનુષ્યોનો પ્રેમથી હાથ પકડીને તેમના સામર્થ્યાનુસાર તેમને ધીમે ક્રમે આગળ ને આગળ લઇ જાઓ. એટલું નિશ્ચયપૂર્વક માનજો કે ભરતખંડમાં ધર્મનો વિકાસ ક્રમોન્નતિના મહા નિયમને અનુસરીને થયેલો છે. નિકૃષ્ટ સ્વરૂપમાંથીજ તે ધીમે ધીમે પરમ ઉન્નત, પરમ વિશુદ્ધ સ્વરૂપ ધારણ કરતો ગયો છે.

હવે અદ્વૈતવાદના નીતિતત્ત્વવિષે થોડુંક વિવેચન કરવાની આવશ્યકતા છે. આપણા દેશનો યુવાન વર્ગ હમણાં હમણાં અદ્વૈતવાદ ઉપર આક્ષેપ કરવા લાગ્યો છે—કોણ જાણે તેમના મગજમાં એ વિષ કોણે રેડ્યું હશે ? તેઓ કહે છે કે અદ્વૈતવાદ લોકોને અનીતિવાન થતાં શીખવે છે; કારણ કે જો આપણે બધા એકસ્વરૂપ હોઇએ, અને આપણે બધા ઇશ્વિરસ્વરૂપ હોઇએ તો પછી નીતિપરાયણ થવાની આપણને જરૂરજ શી છે અને આપણાં પાપાચરણ માટે આપણને શિક્ષા પણ કરનાર કોણ છે ? ખરેખર, આ દલીલ કેવળ પાશવ પ્રકૃતિવાળા મનુષ્યના મુખમાંથીજ નીકળી શકે. જે મનુષ્ય ચાબુકના ડરથીજ અંકુશમાં રહે તે ખરેખર પશુજ હોવો જોઇએ. જો તમે એવી પશુની અવસ્થાએજ પહોંચી ગયા હો તો બહેતર છે તમે આત્મહત્યાજ કરી નાખો. ચાબુકના ડરથી અંકુશમાં રહો, શિક્ષાના ભયથી નીતિવાન રહો એવા પશુતુલ્ય મનુષ્ય થવા કરતાં આત્મહત્યા કરવી એજ વધારે સારો માર્ગ છે. શું તમે શિક્ષાના ભયથીજ નીતિવાન રહ્યા છો ? અને એ ભય જતો રહે તો તમે પિશાચ જેવાં બની જશો ? જો એમજ હોય તો તમે 'મનુષ્ય' નામને યોગ્યજ નથી, તમને અત્યારે ને અત્યારે ગોળીબાર કરવા જોઇએ. તમારે માટે બીજો રસ્તોજ નથી. તમારે હમેશાં ચાબુક અને સોટીના ભયવડેજ સીધે રસ્તે જવું છે ? ખરેખર જો તેમજ હોય તો તમારે માટે ઉદ્ધારનો અને બચવાનો એક ઉપાય નથી. બીજી વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ છે કે નીતિતત્ત્વનું ખરૂં રહસ્ય અદ્વૈતવાદવડેજ સમજાવી શકાય છે. " પરોપકાર એજ નીતિતત્ત્વનો પરમ સાર છે " એવો દરેક ધર્મ ઉપદેશ આપે છે; પણ શા કારણથી પરોપકારને આટલું મહત્ત્વ આપ્યું છે તે કોઇ કહી શકતું નથી. તેઓ કહે છે કે નિઃસ્વાર્થી થાઓ; પણ શા માટે મારે નિઃસ્વાર્થી થવું જોઇએ ? શું કોઇ અમુક દેવ અથવા પેગંબરે આજ્ઞા કરી છે તેટલાજ માટે ? જો તેમજ હોય તો તેનો આદેશ મારે માનવો નથી. અમુક શાસ્ત્રમાં કહ્યું છે તે માટે ? જો તેમજ હોય તો ભલે, એ શાસ્ત્રો ગમે તે કહે મને તે કબુલ નથી. ભલેને આખી દુનિયાનાં શાસ્ત્રો પરોપકારી અને નિઃસ્વાર્થી થવાનું કહે પણ હું તેમનો આદેશ સાંભળવાને બંધાયલો નથી. દરેક જણે પોતપોતાનુંજ હિત સાધી લેવું જોઇએ. લોકો મોંએ મોંએ તો શાસ્ત્રને માને છે પણ વ્યવહારમાં તો શાસ્ત્રની આજ્ઞાનું છચોક ઉલ્લંઘન કરે છે. મારે નીતિવાન થવું જોઇએ તેનું કાંઇ કારણ બતાવશો ? અદ્વૈતવાદની મદદ લીધા વગર આ પ્રશ્નનું ખરૂં નિરાકરણ કોઇથી થઇ શકે એમ છેજ નહિ.

समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम् ॥
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥

ઇશ્વરને સર્વત્ર સમભાવે અવસ્થિત થએલો માનીને જે આત્મા-દ્વારા આત્માની હિંસા કરતો નથી તે પરમ ગતિને પામે છે.

અદ્વૈતવાદ એવો ઉપદેશ આપે છે કે અન્યને ઇજા કરવા જતાં તમે તમારી જાતનેજ ઇજા કરો છો, કારણ કે જેમને તમે પારકા ગણો છો તે તમારાંજ સ્વરૂપ છે. તમે આ સિદ્ધાંત સમજો કે ન સમજો તો પણ તમે +સર્વના હાથ દ્વારા કાર્ય કરો છો; સર્વના પગ દ્વારા ચાલો છો; રાજમહેલમાં વિવિધ વિલાસ ભોગવનાર બાદશાહ

+ **सहस्रशीर्षा सहस्रबाहु** ઇત્યાદિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમેજ છો; રસ્તામાં રખડતા કંગાલ ભિખારી પણ તમેજ છો; વિદ્વાન પંડિત પણ તમેજ છો; અને મૂર્ખ પામર પણ તમેજ છો. નિર્બળ પણ તમેજ છો અને બળવાન પણ તમેજ છો. આ સિદ્ધાંતને હૃદયના ઉંડાણમાં ઉતારો અને બીજાઓ તરફ સહાનુભૂતિ રાખતાં શીખો. બીજાને ઇજા કરતાં આપણે પોતાનેજ ઇજા કરીએ છીએ, બીજાનું અહિત કરતાં આપણે આપણું પોતાનુંજ અહિત કરીએ છીએ અને તેથી કરીનેજ આપણે અહિંસા વ્રત લેવું જોઇએ. એજ કારણથી હું ભૂખથી પીડાતો હોઉં તોપણ તેની પરવા કરતો નથી; હું ભૂખે મરૂં છું એમ હું કદિ માનતોજ નથી; કારણ કે હું લાખો મુખવડે આહાર કરી રહ્યો છું. મારૂં કે મારાંઓનું શું થશે એવો ક્ષુદ્ર વિચારજ હું કરતો નથી; કારણ કે આખું જગતજ "હું" અને "મારૂં" છે. હુંજ પળે પળે આખા જગતનો સર્વ પ્રકારનો આનંદ ભોગવી રહ્યો છું. મારો કે જગતનો વિનાશ કોઇથી થઇ શકે એમ છેજ નહિ. આજ ખરેખરૂં અમરત્વ છે. અદ્વૈતવાદમાંજ નીતિતત્ત્વનો આવો યુક્તિપૂર્વક ખુલાસો મળી આવે છે. બીજા ધર્મ નીતિનો માત્ર ઉપદેશજ આપે છે પણ શામાટે નીતિપરાયણ થવું તેનું કારણ તેઓ બતાવી શકતા નથી.

હવે અદ્વૈતવાદ અનુસાર વર્તન કરવાથી લાભ શો છે? તે વિચારીએ. તેની અંદર શક્તિ, પ્રતાપ, વીર્ય રહેલાં છે. શ્રુતિ કહે છે કે "**श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः ।**" પ્રથમ આ આત્મતત્ત્વનું શ્રવણ કરો. આખા જગત્ ઉપર તમે જે હિપ્નોટિઝમ કર્યું છે, જે માયાજાળ પાથરી છે તે સંકેલી લો. નિર્બળતા ભરેલા વિચાર જગતમાં ફેલાવશો નહિ. મનુષ્ય નિર્બળ છે એવું મનમાં પણ લાવશો નહિ. તમે નિર્બળ છો એવું કોઇને પણ કહેતા નહિ. નહી યાદ રાખજો કે "નિર્બળતા" એ એક શબ્દની અંદર સઘળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકારનાં પાપનો સમાવેશ થઇ જાય છે. તમામ અશુભ આચારણનું મૂળ નિર્બળતામાંજ છે. જગતમાં જે કાંઇ અનિષ્ટ છે તે નિર્બળતાને લીધેજ છે. નિર્બળતાજ મનુષ્ય પાસે અઘટિત કાર્ય કરાવે છે, અને તેને લીધેજ મનુષ્ય સ્વાર્થપરાયણ થાય છે, તથા બીજાને નુકસાન કરે છે. એ દોષને લીધેજ મનુષ્ય તેના ખરા સ્વરૂપમાં પ્રકાશી શકતો નથી, માટે આપણે પોતે કોણ છીએ, આપણું સત્ય સ્વરૂપ શું છે, એ આપણે દરેકે જાણવું જોઇએ. રાત્રિ દિવસ આપણે આપણા સત્ય સ્વરૂપનુંજ ચિંતન કરવું જોઇએ. માતાનાં દૂધમાંથીજ **સોહમ્** શબ્દની તેજોમય વાણીનું પાન કરવું જોઇએ. **सोहम् सोहम्** એનુંજ નિરંતર ચિંતન અને રટણ થવું જોઇએ. પછી તેનું મનન કરવું જોઇએ. એ મનનદ્વારા, અને **એ વિચારદ્વારા જગતમાં કદિ પણ થયાં ન હોય એવાં અદ્ભુત કાર્ય તમે કરી શકશો.**

આ અદ્વૈતવાદને વ્યવહારમાં કેવી રીતે ઉતારવો ? કેટલાક કહે છે કે એને વ્યવહારમાં પરિણત કરી શકાયજ નહિ; જડ સૃષ્ટિમાં એની શક્તિનો પ્રકાશ કદિ થયોજ નથી. કેટલેક અંશે આ વાત સત્ય છે. કારણ કે વેદમાં શું કહ્યું છે તે સાંભળો:—

ओमित्येकाक्षरं ब्रह्म ओमित्येकाक्षरं परम् ।
ओमित्येकाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ।

" ઓમ્ એ મહામંત્ર છે; ઓમ્ એ આપણી શ્રેષ્ઠ સંપત્તિ છે જે ઓમનું રહસ્ય જાણે છે તેને સર્વ ઇપ્સિત વસ્તુઓ પ્રાપ્ત થાય છે. "

માટે પ્રથમ તમે ૐકારનું રહસ્ય જાણી લો–તમે પોતેજ એ ૐકાર રૂપ છો તે બરાબર સમજી લો. **तत्त्वमसि**—" તે તુંજ છે" એ મહાવાક્યનો ભાવાર્થ હૃદયમાં ઉતારો અને ત્યારેજ તમને જે કોઇ પદાર્થની ઇચ્છા હશે તે તમે પ્રાપ્ત કરી શકશો. જો તમારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના જડ સૃષ્ટિમાં ઉચ્ચ પદ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો આજથી
ક ભાવના કરો કે તમે ઉચ્ચ છોજ. આથી તમને જેની ઇચ્છા હશે
તે પદાર્થ તમારી સન્મુખ આવીને ઉભો રહેશે. માત્ર તમારે પૂર્ણ
આત્મશ્રદ્ધાથી તે પદાર્થને આકર્ષવો જોઇએ, વિશ્વાસપૂર્વક માનજો
કે તમારામાં અનંત સામર્થ્ય છે, અનંત ઐશ્વર્ય છે. હું એક સમુદ્રનો
ક્ષુદ્ર પરપોટો હોઉં અને તમે કદાચ પર્વત જેવા ઉંચા અને વિશાળ
તરંગરાજ હો, પણ તેથી શું થયું ? યાદ રાખજો કે આપણો બેઉનો
આધાર અનંત મહાસાગર ઉપરજ છે. આપણા સામર્થ્યનો, આપણા
શક્તિનો મૂળ ભંડાર તો તે અનંત ઇશ્વરજ છે. આપણે બેઉ આપણી
પાસેજમાં આવે તેટલું સામર્થ્ય એ મહાન ભંડારમાંથી ખેંચીને શક્તિવાન્
થઇ શકીએ છીએ. પ્રથમ તમારા પોતામાં અને પછીજ બીજી
બધી વસ્તુઓમાં વિશ્વાસ રાખો, એજ અદ્વૈતવાદનું રહસ્ય છે. તમે
જગતનો ઇતિહાસ જોશો તો જણાશે કે જે જે પ્રજાએ પોતાના
સામર્થ્યમાં વિશ્વાસ રાખ્યો છે, તે સઘળી બળવાન અને પ્રતિષ્ઠાવાન
થઈ છે. તમે દરેક પ્રજાનો ઇતિહાસ જોશો તો માલમ પડશે કે
દરેક પ્રજામાંથી પણ જે જે વ્યક્તિઓ આત્મશ્રદ્ધાવાન્ હતી તે
સર્વને સમાજમાં શ્રેષ્ઠ પદવી અને અધિકાર પ્રાપ્ત થયાં છે. એક
જવાન અંગ્રેજ આપણા દેશમાં કારકુની કરવા આવ્યો હતો, અને
કોણાંની તંગીને લીધે અથવા બીજા કોઇ કારણને લીધે તેણે બે
વાર પોતાના માથા તરફ પિસ્તોલ તાકી હતી, પણ જ્યારે પિસ્તોલ
ચાલી ગઈ, આત્મહત્યા થઇ શકી નહિ ત્યારે તેના હૃદયમાં અત્યંત
પ્રબળ શ્રદ્ધા ઉત્પન્ન થઇ કે હું કાંઇક મહત્વનું કાર્ય કરવા જન્મ્યો
છું. એ માણસ તે હિંદમાં બ્રિટિશ સામ્રાજ્યનો સ્થાપનાર લૉર્ડ
ક્લાઇવ હતો. જો તેણે પાદરીઓનો ઉપદેશ માન્યો હોત અને ક્ષુદ્ર
ગીતાની માફક ' હે ભગવન્ ! હું દુર્બળ છું. હે ભગવન્ ! હું પામર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું ! ' એવું કલ્પાંત કર્યું હોત તો તેના શા હાલ થયા હોત ? કદાચ તેણે ગાંડાની ઇસ્પિતાલમાંજ જિંદગી પૂરી કરી હોત. તમે પણ ખોટા ઉપદેશ સાંભળીને થોડા ઘણા ગાંડા થયા છો. મેં જગતના દેશેદેશમાં જોયું છે કે દીનતાના નિર્બળતાજનક કુશિક્ષણથી અત્યંત અશુભજ પરિણામ આવ્યું છે, અને એથી કરીને મનુષ્ય જાતિ નિર્બળ અને નિર્વીર્ય થઈ જશે એવાં ચિહ્ન દેખાય છે. આપણાં બાળકો ઉપર પણ એવાજ સંસ્કાર પડે છે અને તેથી તેઓ પણ અડધાં ગાંડાં જેવાં નીવડે તો એમાં શું આશ્ચર્ય ?

આ અદ્વૈતવાદનું વ્યાવહારિક સ્વરૂપ છે, માટે તમને ફરીથી આગ્રહપૂર્વક કહું છું કે દૃઢ આત્મશ્રદ્ધા પ્રાપ્ત કરો. જો તમારે ઐહિક સંપત્તિની ઇચ્છા હોય તો એ દિશામાં પણ અદ્વૈતવાદનો ઉપયોગ કરો; લક્ષ્મી તમારી આગળ હાથ જોડીને ઉભી રહેશે. જો તમારે બુદ્ધિવાન થવું હોય તો બુદ્ધિના પ્રદેશમાં પણ અદ્વૈતવાદનો ઉપયોગ કરો અને તમે જરૂર મહાબુદ્ધિસંપન્ન થઇ શકશો. જો તમને મુક્તિની કામના હોય તો આધ્યાત્મિક પ્રદેશમાં એજ સિદ્ધાંતનો ઉપયોગ કરો એટલે તમે મુક્ત થશો–ઇશ્વિરરૂપ બની જશો અને પરમાનંદસ્વરૂપ નિર્વાણની પ્રાપ્તિ કરી શકશો. પણ અદ્વૈતવાદીઓએ જો ભૂલ કરી હોય તો એજ છે કે તેમણે માત્ર તેનો આધ્યાત્મિક દિશામાંજ ઉપયોગ કર્યો અને બીજા કોઇ વિષયમાં તેને કામે લગાડયો નહિ. હવે એ ભૂલ સુધારવાનો અને અદ્વૈતવાદને સંપૂર્ણ રીતે વ્યવહારોપયોગી બનાવવાનો સમય આવી પહોંચ્યો છે. હવે એ રહસ્યને ગુપ્ત રાખશો તે નહિ ચાલે. હવે એ મહાન શક્તિ હિમાલયવાસી મહાત્માઓ પાસે અને અરણ્યવાસી તપસ્વીઓ પાસેજ સચવાઇ રહેવી ન જોઇએ. હવે તો દરેક જણના રોજના જીવનમાં અદ્વૈતવાદનો ઉપયોગ કરવાનો સમય આવી લાગ્યો છે. રાજાના મહેલમાં, સાધુ સંન્યાસીની ગુફામાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરિદ્રમાં દરિદ્ર માણસની ઝુંપડીમાં–સર્વત્ર અદ્વૈતવાદની ચેતનપ્રદ, સંજીવક ભાવનાઓનો પ્રચાર કરો. રાજા અને રંક, પંડિત અને મૂર્ખ, રસ્તામાં રખડતા કંગાલ ભિખારીને પણ તેનો ઉપયોગ કરવા દો. અદ્વૈતવાદનો જીવનના એકેએક કાર્યમાં, દેશના એકેએક ભાગમાં પ્રવેશ કરાવો. એ ચેતનમય પ્રસાદથી આખી પ્રજાને–આખા જગતને બળવાન બનાવી દો. ગીતામાં કહ્યું છે કે **स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्।** "આ ધર્મનું અલ્પ અંશે પણ પાલન કર્યાથી મહાન ભયમાંથી મુક્ત થવાય છે," માટે તમે શૂદ્ર હો, સ્ત્રી જાતિ હો, ગમે તે હો તેનો લેશ માત્ર વિચાર કરતા નહિ; કારણ કે શ્રીકૃષ્ણનું વચન છે કે થોડુંક પણ ધર્મનું પાલન કર્યાથી મહત કલ્યાણની પ્રાપ્તિ થાય છે. માટે હે આર્ય સંતાનો! આળસુની માફક હાથ જોડીને બેસી ન રહો. ઉઠો, જાગૃત થાઓ અને પ્રાપ્તવ્ય સ્થાને પહોંચતાં સુધી વિરામ લેવાનો વિચારજ ન કરતા. આ અદ્વૈતવાદને વ્યાવહારિક સ્વરૂપ આપવાનો, તેને જીવનને લગતા એકેએક કાર્યમાં વાણ પાડવાનો સમય આવી પહોંચ્યો છે, એનો ચારે દિશાએ પ્રચાર કરો અને સ્વર્ગથી મૃત્યુલોક પર્યંત ફેલાવી દો, એવીજ હવે ઇશ્વરની આજ્ઞા છે. આપણા પૂર્વજો આપણને પ્રેરે છે–આદેશ કરે છે કે આ મહાન સત્યસમૂહનો સર્વત્ર પ્રચાર કરો. તેને મનુષ્ય માત્રની સામાન્ય મિલ્કત બનાવો. તમારા પ્રાચીન શાસ્ત્રના ઉપદેશો આખા જગતમાં સચરાચર ફેલાઇ જાય, આખું જગત વેદાંતની ભાવનાથી રસબસ બની જાય, એ પવિત્ર આદર્શ સમાજના થરેથરમાં સંચરી જાય, માણસ માત્રની તે સામાન્ય મિલ્કત બની જાય, મનુષ્યજીવનમાં તે ઓતપ્રોત થઇને તેની નાડીએનાડીમાં અને રૂધિરના એકેએક બિન્દુમાં તેની (વેદાંતની) અપૂર્વ ચેતનપ્રદ શક્તિનો સંચાર થાય ત્યાં સુધી તમારા પૂર્વજોના ઉપદેશની મેઘગંભીર ગર્જના જગતના દેશોદેશમાં ગાજવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદાચ તમે સાંભળીને આશ્ચર્ય પામશો પણ હું તમને કહું છું કે આપણા કરતાં અમેરિકન પ્રજાએ પોતાના કર્મક્ષેત્રમાં વેદાંતનો વિશેષ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. જાણ્યે અજાણ્યે પણ તેમણે વેદાંતનો જુસ્સો જીવનમાં ઉતાર્યો છે. હું ઘણીવાર ન્યૂયૉર્ક શહેરના સમુદ્રકિનારે ઉભો રહેતો અને દેશેદેશથી અમેરિકામાં વસતિસ્થાન કરવાના ઉદ્દેશથી આવતા પરદેશીઓને નિહાળતો. હું જોતો કે તેઓનું હીર ચૂસાઇ ગયું હતું, જુલમના દબાણથી તેમના સ્વાભાવિક જુસ્સા નીચોવાઇ ગએલા હતા. તે બિચારા આશાહીન થએલા, ફાટાંતૂટાં લૂગડાંની એક પોટલી બગલમાં છૂપાવતા ચાલ્યા આવતા હતા અને શરમ તથા ભયને લીધે કોઇના સામું જોવાની પણ તેમની હિંમત ચાલતી નહિ. તે બિચારા શરમાતા, બ્હીતા, સંકોચાતા માર્ગપર ચાલતા અને જો એકાદ પોલિસનો સિપાઇ તેમના જોવામાં આવતો તો બિચારા રસ્તાની બીજી બાજુએ હઠી જતા; પણ અમેરિકાના વાતાવરણની ખુબી તો જુઓ કે છજ મહિનામાં એનાએજ પરદેશીઓ ચોકખાં સુશોભિત વસ્ત્ર પહેરીને, છાતીભેર, ટટાર ચાલવા માંડે છે અને દરેકની સામે નિડરપણે જોઇ શકે છે. હવે તેમને શરમ, ભય, સંકોચ, ગ્લાનિ, એમાંનું કાંઇજ નડતું નથી. આ અજાયબ જેવો ફેરફાર શાથી થયો? ધારો કે અમુક માણસ આર્મિનિયા અથવા બીજા કોઇ દેશમાંથી આવે છે. તેના સ્વદેશમાં તેને જુલ્મ અને અન્યાયની ઘાણીમાં પીલી નાખવામાં આવતો હતો, તેને સત્તાવાળો દરેક માણસ કહેતો કે "તું ગુલામી હાલતમાં જન્મ્યો છે અને તારે ગુલામજ રહેવું પડશે. જો તેં છૂટા થવાને ધમપછાડ કરી તો કચરાઇજ જઇશ. તું નિરાશાના અંધકારમાં જન્મ્યો છે અને ત્યાંજ રહેજે. તારે માટે ઉદ્ધારજ નથી." તેના દેશના વાતાવરણમાંજ આવા પ્રકારના ધ્વનિ ગાજી રહ્યા હોય છે. "તું ગુલામી હાલતમાં–નિરાશાના અંધકારમાં આખી જિંદગી સુધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહું છું કે
નો વિશેષ
વેદાંતનો
સમુદ્રકિનારે
રવાના ઉદ્દે
ું હીર ચૂ
સ્સા નીચે
ાં લૂગડાંની
અને શરમ
ત ચાલતી
ાલતા અને
બિચારા
ણની ખુબી
ખાં સુશો-
ને દરેકની
ય, ગ્લાનિ,
થી થયો?
માંથી આવે
લી નામ-
ા કે "તું
પડશે. જો
નિરાશાના
જ નથી."
રહ્યા હોય
દગી સુધી

સલામ કરજે" એવાજ ધ્વનિ તે ચારે દિશાએ સાંભળે છે; અને સત્તાવાળા માણસો તેને દબાવીને, પીલીને તેનું મનુષ્યત્વ, તેનું સર્વસ્વ નીચોવી કહાડે છે. પણ હવે તો તે ન્યૂયૉર્ક નગરમાં આવી પહોંચ્યો છે. સુવેષધારી ભલભલા ગૃહસ્થો તેની સાથે હસ્તમિલન કરીને તેને સન્માન આપે છે. ચીંથરેહાલ વસ્ત્ર પહેરનાર અને ઉત્તમ પ્રકારનાં વસ્ત્ર પહેરનાર વચ્ચે આ દેશમાં તફાવત ગણાતો નથી. તે આગળ જાય છે. માર્ગમાં એક "રેસ્ટોરાં" (હૉટેલ) આવે છે. એક ગૃહસ્થ ટેબલ પાસે બેસીને જમે છે અને (હૉટેલ) વાળો તેને તેજ ગૃહસ્થની પાસે તેનાજ ટેબલને બીજે ખુણે જમવા બેસાડે છે. તે નગરમાં ફરે છે. અહીં જુદાજ પ્રકારનું જીવન તેના જોવામાં આવે છે. તે જ્યાં જાય છે ત્યાં તેને બીજાં મનુષ્યોના જેવાજ સમાન હક અને સમાન સન્માન પ્રાપ્ત થાય છે. તે વૉશિંગ્ટન (સંયુક્ત સંસ્થાનોનું પાટનગર) જશે અને ત્યાં ઇચ્છશે તો પ્રેસિડેન્ટની સાથે હસ્તમિલન કરી આવશે. તેની એકલાની સાથે નહિ પણ દૂર દૂરનાં ગામડાનાં લોકો તથા ફાટાં તૂટાં વસ્ત્ર પહેરીને આવેલા બેહુતોની સાથે પણ પ્રેસિડેન્ટ આવોજ સદ્વ્યવહાર રાખે છે. આ બધાની સામટી અસરથી તેનામાં મર્દાઇના ગુણનો ઉદય થાય, તેનામાં સ્વમાનની ભાવના જાગૃત થાય એમાં શું આશ્ચર્ય? અમેરિકાના આ સ્વતંત્ર અને સમાનતાભર્યા વાતાવરણના પ્રતાપથી તેનો માયાનો પડદો ઉઘડી જાય છે. માયાના આવરણથી, બીજાઓએ તેની ઉપર અજમાવેલા એક પ્રકારના હિપ્નૉટિઝમની અસરને લીધે પોતાને નિર્બળ અને ગુલામ સમજનાર બ્રહ્મ હવે જાગૃત થયો છે અને મનુષ્યપૂર્ણ જગતમાં પોતાનું પણ મનુષ્ય તરીકે યોગ્ય સ્થાન છે એમ હવે સમજવા લાગ્યો છે. અફસોસ! આપણો દેશ—પવિત્ર ભરતખંડ—જે દેશ વેદાંતની જન્મભૂમિ છે તેજ ભૂમિમાં જમાના ને જમાના થયાં સાધારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોટિનાં લાખો કરોડો માણસો એક પ્રકારની માયા અથવા હિપ્નોટિઝમની અસર નીચે ઉપર કહી તેવીજ શારીરિક અને માનસિક દુર્દશા–ગુલામગિરિ ભોગવ્યા કરે છે. તેમને અડકવાથી પણ આપણે ઉચ્ચ વર્ણના લોકો અભડાઇ જઇએ ! તેમની પાસે બેસીએ તો આપણે અપવિત્ર થઇ જઇએ ! બિચારા નિરાશાના અંધકારમાં જન્મ્યા છે અને જીવન પર્યંત તેવીજ હાલતમાં રહેશે. પરિણામ એ થયું છે કે તેઓ અવનતિના કાદવમાં ઉંડા–ઉંડા–ઉંડા ઉતરતા જાય છે અને માનવજાતિની જેટલી અધોગતિ થઇ શકે તેટલી તેમની થઇ ચૂકી છે. *દુનિયામાં એવો કયો હતભાગી દેશ છે કે જ્યાં મનુષ્યો જાનવરની સાથે એક ઓરડામાં સૂતાં હોય ? અફસોસ ! તે આપણો પોતાનોજ દેશ છે. એને માટે બીજા કોઇને દોષ ન દેશો. અજ્ઞાન મનુષ્યો એવી ભૂલ કરે છે કે અમુક લોકોએ અમારી આ દશા કરી; પણ તમે તેવી ભૂલ ન કરતા. જ્યાં કાર્ય છે ત્યાંજ તેનું કારણ હોવું જોઇએ–બહારના કોઇ સ્થાનમાં નહિજ; એવું મેં તમને હમણાંજ કહ્યું હતું. આપણી દુર્દશાનું કારણ આપણા દેશમાંજ–આપણા પોતાના વર્તનમાંજ છે. એ સઘળો દોષ આપણોજ છે. જાગૃત થાઓ ! હિંમતવાન બની જાઓ ! એ સઘળી જવાબદારી તમારે પોતાને શિર લેવા તૈયાર થાઓ બીજાઓ ઉપર ધૂળ ન ઉરાડો; કારણ કે તમારે જે કાંઇ ખમવું પડે છે તેના તમે એકલાજ કારણભૂત છો.

* કેટલાંક વર્ષપર, ઘણું કરીને ૧૯૦૭ માં ઇંગ્લંડનો મજૂરપક્ષનો આગેવાન અને દિલસોઝ અંગ્રેજ મી. કેરહાર્ડી આ દેશની આર્થિક અવસ્થાનો અભ્યાસ કરવા આવ્યો હતો. એક ગામડામાં તે જઇ ચઢ્યો ત્યાં એક સ્ત્રી અનાજની છાલાંવાળી ઝીણી કણીઓ(ધૂળીયું)ના રોટલા બનાવતી હતી. કેરહાર્ડીએ તે ચાખી જોયો અને કહ્યું કે " આવી ચીજ અમારા દેશમાં ઢોરને પણ અપાતી નથી " બીજા દેશોમાં ઢોર પણ ન ખાય એવો આહાર હિંદના બાળકોને કરવો પડે છે ! ભા૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાહોરના યુવાન પુરૂષો ! મારા શબ્દ ધ્યાનમાં રાખજો. આ મહાન પાપ (મનુષ્ય મનુષ્ય વચ્ચે ભેદ રાખવાનું) વંશપરંપરાથી ઉતરી આવેલું પ્રજાગત દૂષણ છે, તેની જવાબદારી હવે તમારે શિર છે. જ્યાં સુધી તમે એ કલંક નહિ ધોઇ નાખો ત્યાં સુધી તમારો છુટકારજ નથી. તમે હજાર સભાઓ સ્થાપો; વીસ હજાર રાજનૈતિક ક્લબો, એસોશિયનો ઉભાં કરો; તરેહ તરેહની સંસ્થાઓ ઉભી કરો પણ જ્યાં સુધી તમારા હૃદયમાં તમારા પ્રત્યેક દેશબાંધવ માટે સહાનુભૂતિ નહિ પ્રગટે અને જે પ્રેમ પોતાનામાં સર્વનો સમાવેશ કરે છે, જે હૃદય સર્વને માટે દ્રવે છે, તેવા હૃદય અને પ્રેમની તમે પ્રાપ્તિ નહિ કરો, ત્યાં સુધી એ બધાં ફોકટ છે. જ્યાં સુધી તમે ભગવાન બુદ્ધના પ્રેમપૂર્ણ, વિશાળ હૃદયનું હિંદુસ્તાનની પ્રજાને ફરીથી દર્શન નહિ કરાવો, જ્યાં સુધી તમે શ્રીકૃષ્ણના આદેશને વ્યવહારમાં પરિણત નહિ કરો ત્યાં સુધી તમે ઉન્નતિની આશાજ રાખતા નહિ. **ભલે તમે યુરોપિયન લોકોનાં, તેમના સમાજનાં, તેમની સભાઓનાં અનુકરણ કર્યાજ કરો પણ જ્યાંસુધી તેમના હૃદયના ભાવનું અનુકરણ નહિ કરો ત્યાંસુધી કશું વળવાનું નથી !** અત્યારે એક બનાવ જે મેં નજરોનજર જોયો હતો તે વિષે કહેવાની મને ઇચ્છા થાય છે. એક વાર કેટલાક બ્રહ્મદેશના લોકોને પટાવી ફોસલાવીને અહીંના કેટલાક યુરેઝીયન લોકો લંડન લઇ ગયા. તેમનું લંડનમાં પ્રદર્શન કરીને ખૂબ કમાયા. પછી તેમને તેઓ યુરોપના બીજા દેશોમાં લઇ ગયા અને ત્યાં તેમને એકલા નિરાધાર પડતા મૂકીને નાસી ગયા. આ બિચારા ગરીબ લોકોને યુરોપની ભાષાનો એક અક્ષર પણ આવડતો ન હતો તેથી તેમની દુર્દશાનો પાર ન હતો તેમને ઑસ્ટ્રીઆના અંગ્રેજ એલચીએ વિલાયત પાછા મોકલી દીધા. લંડનમાં તેમને કોઇ ઓળખતું ન હતું અને બિચારા તદ્દન નિરાધાર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનાથ અવસ્થામાં આવી પડયા હતા. એક અંગ્રેજ સ્ત્રીને આ વાતની ખબર પડી. તેણે એ પરદેશી બ્રહ્મદેશવાસીઓને પોતાના ઘરમાં આશ્રય આપ્યો, વસ્ત્ર પહેરાવ્યાં, જમાડયા અને તેમને દરેક જરૂરની વસ્તુઓ પૂરી પાડીને તેમની ઉત્તમ બરદાસ્ત કરી. એ પછી તેણે આ વાત વર્તમાનપત્રો દ્વારા પ્રસિદ્ધ કરી, અને જુઓ તો શું થયું? બીજેજ દિવસે જાણે આખી અંગ્રેજ પ્રજા જાગૃત થઈ હોય તેમ આ લોકોને મદદ કરવાને ઉભા કરેલા ફંડમાં ઢગલાબંધ નાણાં આવવા લાગ્યાં, અને તેવડે તે પરદેશીઓને અનુકૂળતાપૂર્વક તેમને પોતાને દેશ મોકલવામાં આવ્યા. આવી સહાનુભૂતિના પાયા ઉપરજ અંગ્રેજોની રાજનૈતિક અને અન્યવિષયક સંસ્થાઓની રચના થઈ છે. તેમનાં કાર્યનો પાયો આવા પર્વત જેવા દૃઢ પ્રેમ ઉપરજ રચાયો છે- બીજાઓ પ્રત્યે નહિ તો સ્વજાતિ પ્રત્યે તો તેમનો પ્રેમ અગાધ છેજ. તેઓ કદાચ જગતની અન્ય પ્રજાઓને નહિ ચહાતા હોય; પણ સ્વજાતિપ્રત્યે તો તેમની પ્રબળ પ્રેમભાવના છે અને પોતાને બારણે આવેલા પરદેશી તરફ તેઓ ન્યાયી, દયાપરાયણ અને વાજબી વર્તન રાખે છે. પશ્ચિમના દરેક દેશમાં મારો તે લોકોએ કેવો અદ્‌ભુત પ્રેમપૂર્ણ સત્કાર કર્યો હતો તે જો હું તમને કહેવાને ચૂકું તો મારા ઉપર કૃતઘ્નતાનો દોષ આવે. આવા પ્રેમના પાયા ઉપર પ્રજાની ઉન્નતિની પ્રતિષ્ઠા કરે એવાં ઉદાર હૃદય આપણામાં છે? આપણે તો એવા અધમ છીએ કે એકાદ ભાગીદારી પહેડી ઉઘાડી હોય તો ભાગીઆ એકબીજાને ઠગવાનેજ પ્રયત્ન કરે અને પરિણામે પહેડી દેવાળું કહાડે. **તમે અંગ્રેજોનું અનુકરણ કરીને તેમના જેવી સમર્થ પ્રજા બનવાની મોટી મોટી વાતો કરો છો પણ તમારા પાયાજ ક્યાં છે? આપણે તો રેતી ઉપરજ ઈમારત બાંધીએ છીએ એટલે તે થોડાજ વખતમાં કડડ ભુસ થઇ જાય એમાં શી નવાઇ?**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે હે લાહોરવાસી તરુણ પુરુષો ! ફરીથી એકવાર અદ્વૈતનો ઝંડો ઉઠાવો. જ્યાં સુધી તમે સર્વમાં અને સર્વત્ર ઈશ્વરનુંજ દર્શન ન કરી શકો ત્યાં સુધી જે અલૌકિક પ્રેમની જરૂર છે તે તમને બીજી કોઇ પણ ધર્મભાવનાથી નહિ પ્રાપ્ત થાય. એક વાર ફરીથી પ્રેમની ધ્વજા ફરકાવો ! **उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत । એક વાર ફરીથી જાગૃત થાઓ. ત્યાગની ભાવના વગર તમે એક પણ કાર્ય કરી શકશો નહિ. જો તમારે બીજાઓને મદદ કરવી હોય તો તમારી જાતને ભૂલી જાઓ.** ખ્રિસ્તી ધર્મના સૂત્ર મૂજબ કહીએ તો તમે ઈશ્વર અને શયતાનને એકી વખતે નહિ ભજી શકો. વૈરાગ્યની ભાવના કેળવો. તમારા પૂર્વજોએ મહત્ કાર્યો કરવા માટે સંસારનો ત્યાગ કર્યો હતો. આ જમાનામાં પણ ઘણા માણસો પોતાની મુક્તિને માટે સંસાર ત્યાગ કરે છે. **તમે નવા જમાનાના, નવીન વ્રત ગ્રહણ કરનારા સંન્યાસીઓ થાઓ. સર્વસ્વનો ત્યાગ કરો, તમારી પોતાની મુક્તિને પણ એકવાર ભૂલી જાઓ અને તમારા દેશબાંધવોની વ્હારે જાઓ.** તમે મોટી મોટી વાતો કરવામાં ઘણા કુશળ છો તો આ તમારી સમક્ષ જે વ્યાવહારિક વેદાંત મેં મૂક્યું છે તે ગ્રહણ કરવાને તમે તૈયાર છો ? **તમારા આ ક્ષુદ્ર જીવનનું બલિદાન આપવા તૈયાર થાઓ. તમારે, મારે અને બીજા હજારો મનુષ્યોને કદાચ અન્નની પણ વિટંબણા વેઠવી પડે તો ફિકર નહિ; પરંતુ તેમ કરતાં પણ જો આપણે સ્વજાતિનું જીવન ટકાવી શકતા હોઇએ તો શી હરકત છે ? પ્રજાહિતની ખાતર હરેક પ્રકારની મુશીબત ઉઠાવવા તત્પર થાઓ. આપણી સમસ્ત પ્રજા ડૂબી મરે છે; અસંખ્ય દેશ બાંધવોનો શાપ આપણા ઉપર પડેલો છે.** જ્ઞાનનો અખૂટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝરો આપણી પાસે હોવા છતાં પણ–આપણે જ્ઞાનની તરસથી પીડાતા આપણા અસંખ્ય બંધુઓને ગટરનું ગંદુજ પાણી પાઇએ છીએ! આ-**પણે પેટ ભરીને ખાઈએ છીએ છતાં પણ જે અસંખ્ય ગરીબ માણસો આપણી નજર આગળ અન્ન માટે ટળવળે છે તેમને આપણે લેશ માત્ર પણ સહાય આપતા નથી!** જે અસંખ્ય માણસોને આપણે અદ્વૈતવાદની મોટી મોટી વાતો સંભળાવીએ છીએ તેમના તરફ આપણે તિરસ્કાર ભરેલી, હલકી વર્તણુક રાખીએ છીએ. જેમને દબાવવાને માટે આપણે **લોકાચારની** ભયંકર રૂઢિ ઉભી કરી છે, **જેમને આપણે મોંએ મોંએ કહીએ છીએ કે તમે અને અમે એક ઈશ્વરનાં સંતાન છીએ અને સૌ સરખા છીએ, છતાં વ્યવહારમાં એક તિલ માત્ર પણ આ-પણે તેમની સાથે સમાનતા રાખતા નથી; તે ગરીબ જીવોનો શાપ, તેમની ઉંડી હાય આપણા ઉપર છે.*** **માટે ઉઠો, જાગૃત થાઓ, ગાજી ઉઠો અને આ કલંકને ધોઈ નાખો. તમારી આ ક્ષુદ્ર જિંદગી એ યજ્ઞમાં હોમાઇ જાય તો શું થઇ ગયું? પવિત્ર અને પાપી, સાધુ અને અસાધુ, શ્રીમંત અને કંગાલ સર્વને માટે મરણ તો નિર્માણ થએલુંજ છે.** શરીર તો કોઇનું પણ કાયમ રહેવાનુંજ નથી, માટે ઉઠો, જાગૃત થાઓ, અને સંપૂર્ણ રીતે નિષ્કપટી થાઓ. આપણા દેશમાં કપટ, પાખંડ, બોલવાનું કાંઇ અને ચાલવાનું કાંઇ એ ભયંકર દૂષણ પેસી ગયું છે. આપણને હાલ ચારિત્ર્યની જરૂર છે. **આપણને દ્રઢતા, ચારિત્ર્યબળ અને એકનિષ્ઠાની જરૂર છે. જે સિદ્ધાંતને સત્ય માન્યો તેને મડાગાંઠની માફક દ્રઢતાથી વળગી રહે અને**

* કહ્યું છે કેઃ—તુલસી હાય ગરીબકી, કબુ ન ખાલી જાય;
મુવે ઢોરકે ચામસેં, લોહા ભસ્મ હો જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખું જગત સામે થાય તોપણ પાછળ ન હઠે એવા મર્દોની જરૂર છે.

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु ।
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ॥
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा ।
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥

જાગૃત થાઓ, સજ્જ થાઓ, સમય વહી જાય છે અને આપણી શકિતઓ મિથ્યા વાતોમાંજ ક્ષીણ થઇ જશે. જાગૃત થાઓ, નાની નાની બાબતો માટે, જૂજ જેવા મતમતાંતરોને લઇને ખોટા વિવાદ કરવાનું છોડી દો. તમારી સમક્ષ એક મહાન કાર્ય પડયું છે-લાખો મનુષ્યોની અધોગતિ થાય છે-તેમના તરફ લક્ષ આપો. તેમનો ઉદ્ધાર કરો.

જ્યારે મુસલમાનો પહેલવહેલા હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે હિંદુઓની સંખ્યા હાલના કરતાં કેટલી બધી વધારે હતી ? અને જુઓ હજીપણ દર વરસે તેમની સંખ્યા ઓછી થતી જાય છે. એનો પ્રતીકાર નહિ કરો તો દિવસે દિવસે આપણી સંખ્યા ઘટતીજ જશે અને છેવટે આપણું નામનિશાન પણ નહિ રહે !

હિંદુલોકો તેમના અનેક પ્રકારના દોષ છતાં જે અદ્‌ભુત તત્વદર્શનના પ્રતિનિધિઓ છે અને જેમનું સ્વરૂપ તેમણે વિકૃત કર્યું છે છતાં પણ તેમને સાચવી રહ્યા છે, તે તત્વદર્શનનો પણ તેમની સાથેજ વિનાશ થઇ જશે; અને આ અદ્‌ભુત અદ્વૈતવાદ-તત્વદર્શનનો અને અધ્યાત્મજ્ઞાનનો શિરોમણિ-અદ્વૈતવાદ પણ વિલુપ્ત થઇ જશે; માટે જાગૃત થાઓ અને જગતની આધ્યાત્મિક સંપત્તિના રક્ષણ માટે તમારા બાહુ પ્રસારો. તમારા પોતાના દેશમાંથીજ કાર્યનો પ્રારંભ કરો. આપણને હમણાં ઘણા ઉંચા પ્રકારના જ્ઞાનની જરૂર નથી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ અદ્વૈતવાદનો થોડોક અંશ રોજના વ્યવહારમાં ઉતરો અને તેથી આપણામાં ચેતન અને આત્મવિશ્વાસ પ્રાપ્ત થાય તેનીજ અત્યંત જરૂર છે. દેશનાં જે લાખો માણસો આજ કેટલાંક વર્ષ થયાં ભૂખમરો વેઠે છે તેમને પ્રથમ તો પેટભરીને જમાડો અને પછી ધર્મનો ઉપદેશ આપજો. લોકો બિચારા અન્ન વગર ટળવળે છે અને તેમને આપણે જગતનું મિથ્યાપણું આત્માનું અવિનાશીપણું અને એવી એવી જ્ઞાનની વાતો સંભળાવવા તૈયાર થઇએ છીએ ! * જ્ઞાનવડે કાંઇ ભૂખ ભાગશે ? આપણી પ્રજાને માથે બે મોટાં કલંક છે; એક તો આપણી નિર્બળતા અને બીજું આપણો પરસ્પરનો વિદ્વેષ. આપણાં સ્નેહશૂન્ય શુષ્ક હૃદય. તમે લાખો ફિલસુફીઓની વાતો કરો, લાખો સંપ્રદાયો બાંધો પણ જ્યાં સુધી તમારૂં હૃદય પારકાના દુઃખથી દ્રવે નહિ, જ્યાં સુધી વેદના આદેશ મુજબ તમે બીજાઓને તમારા શરીરના અંશસ્વરૂપ સમજો નહિ, શ્રીમંત અને કંગાલ, સાધુ અને શઠ, સર્વને, તે સર્વસ્વરૂપ અનંત બ્રહ્મના અંશરૂપ માનો નહિ ત્યાંસુધી બધું ફોકટજ છે.

ગૃહસ્થો ! અદ્વૈતવાદના કેટલાક ઉત્તમોત્તમ અંશ મેં આજે તમને સમજાવ્યા છે ખરા પણ તે સમજવા સાથે તેમને અમલમાં મૂકવાનો સમય પણ હવે આવી પહોંચ્યો છે-એકલા આપણાજ દેશમાં નહિ પણ આખા જગતમાં તેમને લોકોના જીવનમાં પ્રવેશ કરાવવાનો સમય આવી પહોંચ્યો છે. આધુનિક વિજ્ઞાન તેના પ્રચંડ હથોડાવડે

* એતો જ્ઞાન મને ગમતું નથી, ઋષિ રાયજીરે,
રૂએ બાળક, લાવો, અન્ન, લાગું પાયજીરે.
(પ્રેમાનંદકૃત સુદામાચારિત્ર.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક દેશના દ્વૈતવાદાત્મક ધર્મોના કાચા પાયા ભાંગીને તેના ચૂરેચૂરા કરી નાખે છે. આપણા એકલાનાજ દેશમાં દ્વૈતવાદીઓએ શાસ્ત્રના શ્લોકોને ખેંચી તાણીને વિકૃત કર્યા છે એમ નથી (તેમણે શ્લોકોને એવા તો વિકૃત કરી નાખ્યા છે કે મૂળ શ્લોકજ માર્યા ગયા છે–શાસ્ત્ર તે કાંઇ રબર છે કે જેટલું ખેંચો તેટલું ખેંચાય ?), આપણા એકલાનાજ દેશમાં દ્વૈતવાદીઓ પોતાનું રક્ષણ કરવાને માટે ખૂણાખોચરામાં ભરાઇ બેઠા નથી; પરંતુ યૂરોપ અને અમેરિકામાં તો એથીએ વધારે એવી ગરબડ થઇ રહી છે;* માટે ભરતખંડના થોડાક તત્ત્વ-વિચાર તે દેશોમાં પ્રેરવાની જરૂર છે. અત્યારથીજ તે વિચાર તે તરફ જવા તો લાગ્યા છે, પણ હજી તેનો દિવસે દિવસે વિશેષ પ્રચાર કરવો જોઇશે, અને પાશ્ચાત્ય દેશોની સંસ્કૃતિઓનું વેદાંતવડે રક્ષણ કરવું પડશે; કારણ કે પાશ્ચાત્ય દેશોમાં જૂની પ્રથાઓ તૂટી ગઇ છે અને નવી પ્રથાનું મંડાણ થયું છે–ઈશ્વરને ઠેકાણે કાંચનની પૂજા થવા લાગી છે. હાલના સ્પર્ધા અને સુવર્ણના ધર્મ કરતાં તેમનો જૂનો ધર્મજ ગમે તેવો ખામીવાળો હોવા છતાં સારો હતો. આવા કાચા પાયા ઉપર ગમે તેવી બળવાન પ્રજા પણ ટકી શકે નહિ. જગતનો ઇતિહાસ પૂછે છે કે જેમના પાયા એવા કાચા હતા તે પ્રજાઓ આજ ક્યાં છે ? આપણા દેશમાં એ સુવર્ણપૂજનની પ્રથા દાખલ ન થવા પામે તેની આપણે પ્રથમ કાળજી રાખવાની છે. માટે દરેકને અદ્વૈત સિદ્ધાંતનો ઉપદેશ આપો કે જેથી કરીને વિજ્ઞાનના ધસારા સામે આપણો ધર્મ

* ખ્રિસ્તી ધર્મશાસ્ત્ર પ્રમાણે જગતની ઉત્પત્તિ થયે પાંચ કે છ હજાર વર્ષ થયાં છે. હવે જ્યારે પુરાતન ઈતિહાસશોધકો વીસ અને પચીસ હજાર વર્ષ પૂર્વના હાથના લખેલા ઇતિહાસ ખંડીએરોમાંથી અને સમુદ્રને તળીએથી શોધી લાવે, તો તે જોઇને બાઇબલમાં આપેલા ઇતિહાસ ઉપરથી શ્રદ્ધા ઉઠી જાય એમાં શી નવાઇ ? ભા૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટકી રહે. વળી આપણે એટલું કરીનેજ સંતોષ માનવાનો નથી; પરંતુ બીજી પ્રજાઓને પણ સહાયતા આપવાની છે. તમારાં તત્ત્વચિંતન યુરોપ અને અમેરિકાનો ઉદ્ધાર કરશે, પણ જે વાત સૌથી વિશેષ અગત્યની છે તેનું હું તમને ફરીથી સ્મરણ કરાવું છું કે અહીં તો ખરેખરૂં કાર્યજ બજાવવાનું છે. મોંએ મોંએથી શાસ્ત્ર-ચર્ચા કરવાની નથી. એ કાર્યનો પ્રથમ ભાગ એ છે કે શ્રી-કૃષ્ણ ભગવાનના શબ્દો–इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः। निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः॥ એ આદેશ યાદ રાખીને અજ્ઞાનના અંધકારમાં સડતા આપણા લાખો સ્વદેશ બાંધવોની પાસે જઇને, તેમનો હાથ પકડીને તેમને અંધકારમાંથી પ્રકાશમાં અને અવનતિમાંથી ઉન્નતિપર લઇ જવાને પ્રયાસ કરવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભકિત સંબંધી તત્ત્વવિચાર.

[આ વ્યાખ્યાન સ્વામી વિવેકાનંદે ૧૮૯૭ ના નવેંબરની ૯ મી તારીખે સાંજે ગ્રેટ બેંગાલ સર્કસના તંબુમાં આપ્યું હતું. એ સ્વામીજીએ લાહોરમાં આપેલું બીજું ભાષણ હતું. લાહોરમાં પ્રકટ થતા ટ્રિબ્યૂન પત્રમાં એનો સારાંશ પ્રસિદ્ધ થયો હતો તેનો અનુવાદ નીચે મુજબ છે]

ઉપનિષદોના ગંભીર નાદ કરતા પ્રવાહની અંદર એક દૂરથી આવતા શબ્દનો પ્રતિધ્વનિ આપણા કાન પર અથડાય છે. જો કે એનો સુર ઘણો ઉંચો અને સારી રીતે લંબાયલો છે અને તે સમગ્ર વેદાંત સાહિત્યમાં સ્પષ્ટપણે જોવામાં આવે છે; તોપણ તે જોઇએ તેવો પ્રબળ નથી. ઉપનિષદોનો મુખ્ય ઉદ્દેશ સર્વવ્યાપી પરબ્રહ્મના અસ્તિત્વ અને સ્વરૂપનું વર્ણન કરવાનોજ હોય એવી પ્રતીતિ થતી હોવા છતાં એ અદ્‌ભુત ગંભીર ભાવનાની વચમાં વચમાં આપણને સુંદર કવિત્વનું પણ દર્શન થાય છે.

न तत्र सूर्यो भाति न चन्द्रतारकं
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः (કઠોપનિષદ્.)

"ત્યાં સૂર્યનો પ્રકાશ પડતો નથી; ત્યાં ચંદ્ર કે તારાઓ પ્રકાશતા નથી. ત્યાં વિજળીનું પણ અજવાળું હોતું નથી તો પછી અગ્નિની તો વાતજ કેવી ?"

એ બે અપૂર્વ પંકિતઓમાં રહેલા હૃદયસ્પર્શી કવિત્વના પ્રભાવથી આપણે ઇન્દ્રિયાતીત પ્રદેશમાં એટલે કે મનના પ્રદેશથી દૂર–અત્યંત દૂરના પ્રદેશમાં દાખલ થઇ જઇએ છીએ. તે એવો પ્રદેશ છે કે જે સમગ્ર ભાવે કદિપણ બુદ્ધિનો વિષય થઇ શકતો નથી છતાં તે સર્વ તરફથી અને સદાકાળ આપણી પાસે ને પાસેજ છે ! એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાન્ ભાવની પાછળ તેની છાયાની માફક અનુસરણ કરનાર એક બીજા પ્રકારનો ભાવ રહેલો છે. તે ભાવ એવો છે કે જેને સાધારણ માણસો પણ ધારણ કરી શકે છે, અને તેમના રોજના જીવનમાં તેનું અનુસરણ વિશેષ ઉપકારક નીવડે છે, તથા માનવ જીવનના પ્રત્યેક વિભાગમાં તે પ્રવેશ કરી શકે છે. એ ભાવ તે ભક્તિનું બીજ છે. સમય જતાં એ ભાવની અત્યંત વૃદ્ધિ થવા પામી છે. ઉપનિષદ્ની પછીના યુગમાં તે ભાવ સંપૂર્ણ કલાએ પહોંચ્યો છે અને તેનું વર્ણન અત્યંત સરળ, સ્પષ્ટ ભાષામાં કરવામાં આવ્યું છે. મારૂં આ કથન પુરાણોને ઉપલક્ષીને છે.

એ પુરાણોમાં ભક્તિનો સર્વોત્તમ આદર્શ નજરે પડે છે. ભક્તિના બીજનું અસ્તિત્વ તો પ્રથમથીજ હતું. વેદના સંહિતાવિભાગમાં પણ તે દૃષ્ટિગોચર થાય છે અને ઉપનિષદ્માં તેનો કેટલેક અંશે વિકાસ થએલો માલમ પડે છે; પણ પુરાણમાં તો તેનું વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. આમ હોવાથી ભક્તિ એ કેવા પ્રકારનો ભાવ છે તેનું અવલોકન કરવું હોય તો આપણે પુરાણનીજ સહાયતા લેવી પડશે. પુરાણની સત્યતા વિષે અત્યંત ભિન્ન ભિન્ન મત પ્રકટ થઇ ચૂકયા છે. પુરાણના છુટા છવાયા અનેક અંશ ટાંકીને તેમનું અસત્યત્વ સાબિત કરવા માટે પુષ્કળ વિવેચન કરવામાં આવ્યું છે અને ઘણે પ્રસંગે સિદ્ધ કરવામાં આવ્યું છે કે પુરાણની ઘણીખરી બાબતો આધુનિક વિજ્ઞાનશાસ્ત્રના પ્રકાશ આગળ ટકી શકતી નહિ હોવાથી તે અસત્ય છે. કેટલેક અંશે એ વાત ખરી પણ છેજ; પરંતુ એ બધા વાદ-વિવાદને બાજુએ મૂકતાં–પુરાણ માંહેની વૈજ્ઞાનિક, ભૂગોળ અને ખગોળ-વિદ્યાવિષયક બાબતોને એક બાજુએ મૂકતાં, એની અંદર એક ચોક્કસ તત્ત્વ નજરે પડે છે. ઘણાંખરાં પુરાણનું જો તમે આદિથી અંત સુધી બારીક દૃષ્ટિએ અવલોકન કરશો તો જણાશે કે તેમાં ઠેકાણે ઠેકાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તિનો અંશ ઝળકી નીકળે છે. પુરાણનો ઉદ્દેશજ ભક્તિના સિદ્ધાંતની સ્થાપના કરવાનો છે. પુરાણોમાં જે સાધુમહાત્માઓનાં તથા રાજર્ષિઓનાં ચરિત્ર જોવામાં આવે છે તે પણ ભક્તિનાંજ ઉદાહરણરૂપ છે અને તેમના દ્વારા ભક્તિનાંજ રહસ્ય પ્રકટ કરેલાં છે. સૌન્દર્યનાં અને ભક્તિનાં અનેક પ્રકારનાં દૃષ્ટાંત આપીને તેમનું વિવરણ કરવાનો પુરાણોનો મુખ્ય ઉદ્દેશ છે.

હું હમણાંજ કહી ગયો છું કે એ આદર્શ સાધારણ કોટિનાં મનુષ્યોથી પણ ગ્રહણ થઇ શકે એવો હોવાથી તે વિશેષ કલ્યાણપ્રદ છે. વેદાંતના અત્યંત ઉચ્ચ પ્રકાશને ઝીલી શકે અને તેને હૃદયમાં ધારણ કરી શકે એવા માણસોની સંખ્યા પણ હમેશ બહુજ થોડી હોય છે, તો પછી એ આદર્શને જીવનમાં ઉતારી શકે તેવા માણસોની વાતજ શા? કારણ કે વેદાંતમતનું અનુસરણ કરનાર પ્રથમ તો **अभीः** નિર્ભય હોવો જોઇએ. જેને વેદાંતપ્રદર્શિત માર્ગે ગ્રહણ કરવાની ઇચ્છા હોય તેણે પોતાના હૃદયમાં ભયનું તો નામનિશાન પણ રહેવા દેવું ન જોઇએ. આપણે સઘળા જાણીએ છીએ કે એ કાર્ય ઘણું વિષમ છે. જેમણે સંસારસાથેનો તમામ પ્રકારનો સંસર્ગ એકદમ તોડી નાખ્યો છે; જેમનાં બંધન અત્યંત અલ્પ થઇ ગયાં છે; અને મનુષ્યના હૃદયને દુર્બળ અને ભીરૂ બનાવી દે એવી વૃત્તિઓનો જેમણે સંપૂર્ણ અંશે ત્યાગ કર્યો છે; તેમને પણ કોઇ કોઇ વાર મનમાં એવો અનુભવ થાય છે કે જેને લીધે તેઓ તે સમયે દુર્બળ, નિર્વીર્ય બનીને મંત્રમુગ્ધ સર્પ જેવા નિશ્ચેષ્ટ થઇ જાય છે. જ્યારે વસ્તુસ્થિતિ આવી છે ત્યારે જેઓ ચારે બાજુએથી દૃઢ બંધનવડે જકડાઇ ગયા છે, જીવનની દરેકે દરેક ક્ષણમાં જેઓ અનેક પ્રકારના દાસત્વને લીધે ક્રમે ક્રમે અવનત થતા જાય છે તેઓની માનસિક દુર્બળતાનું તો પૂછવુંજ શું ? એવા મનુષ્યોને માટે પુરાણોક્ત ભક્તિવિષયક મનોહર કથાઓજ અત્યંત ઉપકારક થઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે છે. તેમના કલ્યાણને માટેજ પુરાણોમાં ભક્તિના કોમળ અને કવિત્વમય ભાવ પ્રકટ કરવામાં આવ્યા છે; તેમને માટેજ ધ્રુવ, પ્રહ્લાદ અને બીજા અનેક મહાત્માઓની અદ્‌ભુત, વિસ્મયકારક કથાઓ આલેખવામાં આવી છે અને લોકો પોતાના જીવનમાં ભક્તિભાવનો વિકાસ કરી શકે એ હેતુથી તેમને માટે અત્યંત સરળ, સુલભ માર્ગ બતાવવામાં આવ્યો છે. આપણે પુરાણોમાંના વૈજ્ઞાનિક અંશને સત્ય માનીએ કે ન માનીએ તોપણ આપણામાં કોઇ એવો નથી કે જેના જીવન ઉપર ધ્રુવ, પ્રહ્લાદ તથા એવી બીજા અનેક પુરાણોક્ત મહાત્માઓની જીવન કથાની લેશ માત્ર પણ અસર ન થઇ હોય.

પુરાણોની ઉપયોગિતા કેવલ વર્તમાન સમયમાંજ હોય એમ પણ નથી, ગયા જમાનામાં અવનત અને ભ્રષ્ટ થએલો બૌદ્ધ ધર્મ આપણા દેશના જનસમાજને જે ધર્મતરફ પ્રેરતો હતો તેનાથી મુક્ત કરીને વધારે ઉદાર, વધારે ઉન્નત અને સામાન્ય પ્રજાવર્ગને વધારે ઉપયુક્ત ધર્મતરફ વાળનાર પુરાણોજ હતાં; અને તે માટે આપણે એ ગ્રંથોનો આભાર માનવો જોઇએ.

ભક્તિરૂપી સહજ અને અત્યંત સુલભ ભાવ માત્ર પુસ્તકોમાં લખાય અને વાંચનાર વાંચે તેથી કાંઇ વિશેષ લાભ નથી, પણ એ ભાવનાનું આપણા દૈનિક જીવનમાં પળે પળે અનુસરણ થવું જોઇએ; કારણ કે આપણે આગળ ઉપર જોઇશું કે ભક્તિભાવનો ક્રમે ક્રમે વિકાસ થતાં છેવટે તે પ્રેમના સર્વોત્તમ રહસ્યરૂપ બની જાય છે. જ્યાં સુધી મનુષ્યની પ્રીતિ વ્યક્તિગત અથવા સ્થૂળ હોય ત્યાં સુધી પુરાણના ઉપદેશની સીમાનું ઉલ્લંઘન થઈ શકેજ નહિ. જ્યાં સુધી મનુષ્ય પોતાની નિર્બળતાને લીધે સહાયને માટે કોઈ પણ વ્યક્તિ ઉપર અવલંબન કરશે ત્યાં સુધી એક રૂપમાં નહિ તો બીજા રૂપમાં પણ પુરાણોક્ત ભાવનાનો પ્રચાર અને સ્વીકાર ચાલુ રહેશેજ. ભલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે તેના નામમાં ફેરફાર કરીએ, ભલે આપણે હાલ સમાજમાં પ્રચલિત થએલાં પુરાણોની નિંદા કરીએ, પણ બીજીજ પળે આપણને તે નહિ તો બીજા એકાદ પુરાણની રચના કરવાની જરૂર પડશે જ પડશે. ધારો કે આપણામાં કોઇ મહાપુરુષનો જન્મ થયો અને તેણે બધાં પ્રાચીન પુરાણનો અસ્વીકાર કર્યો; આટલું છતાં પણ એજ મહાપુરુષના અવસાનને પૂરાં વીશ વર્ષ નહિ થાય તેટલામાં તો તેના અનુયાયીઓ પોતાના ગુરુના જીવનના પ્રસંગોને આધારે એકાદ નવીન પુરાણ ઉત્પન્ન કર્યા વગર રહેશેજ નહિ, પુરાણનો ત્યાગ થઇ શકે એમ છેજ નહિ. પ્રાચીન પુરાણનો સ્વીકાર કરો કે આધુનિક પુરાણનો સ્વીકાર કરો એટલોજ માત્ર તફાવત છે. મનુષ્યનો સ્વભાવ જોતાં એવા પ્રકારનું સાહિત્ય આવશ્યકજ છે. જેઓ ખરેખરા પરમહંસની દશા પ્રાપ્ત કરીને, મનુષ્ય તરીકેની સ્વાભાવિક નિર્બળતાનો ત્યાગ કરીને પૂરેપૂરા નિર્ભય બની ગયા હોય, જેમનાં માયાનાં બંધન તૂટી ગયાં હોય અને જેમની સ્વાભાવિક લાલસાઓ શમી ગઇ હોય; એવા પરમ જિતેન્દ્રિય, પરમ મહિમાવાન મહર્ષિતુલ્ય પુરૂષોનેજ પુરાણનું પ્રયોજન રહેતું નથી.

સાધારણ મનુષ્યોને સગુણ ઈશ્વરની અથવા વ્યક્તિ–વિશેષ (Personal) ઈશ્વરની ઉપાસના કર્યા વગર ચાલવાનુંજ નહિ. જો તે પ્રકૃતિમાં સાકારરૂપે પ્રકટ થતા ભગવાનનું પૂજન નહિ કરે તો તેને ઠેકાણે *સ્ત્રી, પુત્ર, પિતા, બંધુ, ગુરુ કે એવી કોઇ ને કોઇ વ્યક્તિની સ્થાપના કરીને તેમાંના કોઇકનું પૂજન તેને કરવુંજ પડશે. પુરુષ કરતાં

* ફ્રાન્સનો તત્ત્વજ્ઞ કૉંત લગભગ નાસ્તિક હતો છતાં તેને એકવાર મૃત પત્નીની કબરનું પૂજન કરવાનું મન થઈ આવ્યું હતું. મનુષ્યની સામાન્ય પ્રકૃતિજ એવી છે કે તેને પોતાનો પ્રેમ એક યા બીજે ઠેકાણે–ઈશ્વરમાં યા મનુષ્યમાં યા ઉભયમાં અર્પણ કર્યા વગર ચાલતુંજ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી જાતિને એવા પ્રકારની ઉપાસનાની વિશેષ જરૂર પડે છે. તેજનાં આંદોલન થોડાં ઘણાં સર્વત્ર છે એ વાત ખરી. અંધકારમય સ્થાનમાં પણ તેજનાં આંદોલન અલ્પ પ્રમાણમાં હોય છે ખરાં. બિલાડી તથા એવાં બીજાં પ્રાણીઓ અંધકારમાં પણ સારી રીતે જોઇ શકે છે તે ઉપરથી સાબિત થાય છે કે ગમે તેવા અંધકારવાળા સ્થાનમાં પણ તેજનો કાંઇક અંશ હોવોજ જોઇએ; પણ જ્યારે તેજનાં આંદોલન એક સેકન્ડમાં ઓછામાં ઓછાં અમુક સંખ્યામાં થતાં હોય ત્યારેજ તેને આપણે જોઇ શકીએ છીએ. નિર્મિત સંખ્યા કરતાં વધારે અથવા ઓછાં આંદોલન થતાં હોય તો આપણે તેટલા પ્રકાશથી કોઈ પણ પદાર્થને જોઇ શકતા નથી. આવીજ રીતે આપણે નિર્ગુણ, નિરાકાર સત્તા (બ્રહ્મ) વિષે વાતો કરીએ છીએ ખરા, પણ જ્યાં સુધી આપણે સામાન્ય મનુષ્યની કોટિમાં હોઇએ ત્યાં સુધી આપણાથી મનુષ્યની અંદરજ ઈશ્વરનું દર્શન થઇ શકશે. આજ કારણને લીધે આપણો ઈશ્વર વિષેનો આદર્શ માનુષી છે, અને આપણે તેની જે રીતે ઉપાસના કરીએ છીએ તે પણ માનુષી છે. "**મનુષ્યશરીર ઈશ્વરનું મંદિર છે**" એ વાત અક્ષરે અક્ષર સત્યજ છે. આથીજ કરીને આપણે જોઇએ છીએ કે દરેક યુગમાં, દરેક દેશમાં ઘણાંખરાં મનુષ્યો મનુષ્યનીજ ઉપાસના કરતાં આવ્યાં છે. અલબત્ત એમ કરતાં આપણા જનસમાજમાં અનેક પ્રકારની અતિશયોક્તિ થએલી છે અને તેમના વિષે સખત ભાષામાં ટીકા કરવાની જરૂર પણ છે; પરંતુ તેની સાથે આપણે એટલું પણ લક્ષમાં રાખવું જોઇએ કે હજી સુધી એ મૂળ ભાવનાના મર્મ ભાગમાં સડો પેઠો નથી. આટલી આટલી અતિશયોક્તિ છતાં અને મનુષ્યપૂજનની ભાવનાનો દુરૂપયોગ થવા છતાં પણ હજી તેનું રહસ્ય માર્યું ગયું નથી–હજી તેનો પાયો મજબૂત અને સલામત છે–તેનો મેરૂદંડ (કરોડનું હાડકું) હજી તૂટી ગયો નથી. હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમને વગર વિચાર્યે પુરાણોક્ત ઉપકથાઓનો તથા તેમના તદ્દન અવૈજ્ઞાનિક (સાયન્સથી વિરુદ્ધ) અંશોનો સ્વીકાર કરવાનું કહેતો નથી. દુર્ભાગ્યે પુરાણોની અંદર કેટલાક વામમાર્ગીઓના ભ્રષ્ટ વિચાર દાખલ થઇ ગયા છે તે વિચારોને પણ તમે માનજો એવું મારા કથનનું તાત્પર્ય નથી; પણ મારે તમને એજ જણાવવાનું છે કે એ સર્વ છતાં પણ પુરાણોમાં એક ઉત્તમ સત્ય રહેલું છે અને તેને લીધેજ પુરાણો આજ સુધી ટકી રહ્યાં છે. પુરાણો સમાજમાં આદર પામે છે તેનાં અનેક કારણ છે; પરંતુ તેમાં મુખ્ય કારણ એ છે કે તેમનો ઉદ્દેશ ભક્તિભાવને તથા ધર્મની ભાવનાને લોકોના દૈનિક જીવનમાં ઉતારવાનો તથા તત્ત્વજ્ઞાનના ઉચ્ચ આકાશમાં વિચરતા ધર્મતત્ત્વને સાધારણ મનુષ્યો ગ્રહણ કરી શકે તથા વ્યવહારમાં ઉતારી શકે એવું સ્વરૂપ આપવાનો છે.

મનુષ્યવર્ગ હાલમાં જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં તે ઈશ્વરકૃપાથી ન હોત તો વધારે સારૂં થાત; પણ હવે એ સ્થિતિની પ્રતિકૂળતા જોઇને વ્યાકુળ થવાથી લાભ નથી. હવે તો એ સ્થિતિમાંથી ઉન્નતિ કેવી રીતે કરી શકાય તેજ વિચારવાનું છે. મનુષ્ય પોતાના ચૈતન્યનો અથવા આધ્યાત્મિકતાનો ગમે એટલો આડંબર કરે તો પણ તે હાલમાં તો સ્થૂળ ભાવનાથી પરિપૂર્ણ છે. એ સ્થૂળ ભાવનાવાળાં મનુષ્યોનો હાથ પકડીને ધીરે ધીરે તેમને ઉન્નત કરવાનાં છે અને જ્યાં સુધી તેઓ ચૈતન્યમય અને સંપૂર્ણ રીતે ધર્મપરાયણ ન થાય ત્યાં સુધી એ પ્રયાસ ચાલુ રાખવાનો છે. હાલ તો ચૈતન્ય એ શું છે તે સમજવાને પણ નવ્વાણુ ટકા માણસો અસમર્થ છે. જે પ્રેરક શક્તિ આપણને કાર્ય કરવાને પ્રેરે છે, અને જે ફળની આપણે અભિલાષા રાખીએ છીએ તે સર્વ સ્થૂળજ હોય છે. હર્બર્ટ સ્પેન્સરના શબ્દોમાં કહું તો ' આપણે અત્યંત સંકુચિત પ્રદેશમાંજ કાર્ય કરવાને શક્તિમાન છીએ. ' મનુષ્યની શક્તિ કેટલી મર્યાદિત છે એ વાત પુરાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખનારાઓ સારી રીતે જાણતા હતા તેથીજ તેમના અત્યંત સંકુચિત પ્રદેશમાં કેવી રીતે કાર્ય કરવું તેનો માર્ગ તેઓ બતાવી ગયા છે. આવા પ્રકારનો ઉપદેશ આપીને પુરાણોએ લોકોનું જે કલ્યાણ કર્યું છે તે અપૂર્વ અને વિસ્મયજનક છે. અલબત્ત, ભક્તિનો આદર્શ ચૈતન્યમય અને આધ્યાત્મિક છે, તોપણ તે માર્ગ સ્થૂળ પદાર્થમાં થઇનેજ જાય છે; માટે આ જડ જગતના જે જે પદાર્થો આધ્યાત્મિકતાની પ્રાપ્તિ કરવામાં સહાયભૂત થાય એવા હોય તેમને સર્વને ઉપયોગમાં લેવા પડે છે. એમ કરતાં કરતાંજ સ્થૂળ ભાવનાવાળાં મનુષ્યો ક્રમે ક્રમે ઉન્નત થઇને આધ્યાત્મિક તત્ત્વને ગ્રહણ કરવા સમર્થ થશે. શાસ્ત્રમાં પ્રથમથીજ ન્યાત, લિંગ, ધર્મ કશાનો ભેદ રાખ્યા વગર મનુષ્ય માત્રને વેદ ભણવાનો અધિકાર આપ્યો છે. આટલું કહ્યા પછી વધારામાં કહ્યું છે કે જો જડ મંદિરદ્વારા મનુષ્ય ઇશ્વર પ્રતિ વધારે પ્રેમ રાખી શકે એમ હોય તો એવાં મંદિરથી હાનિ ન થતાં લાભજ છે. જો ઇશ્વરની મૂર્તિનું સ્થાપન કર્યાથી પ્રેમના આદર્શને ઝીલવાનું કાર્ય સરળ થતું હોય તો ખુશીની સાથે, તમારી મરજીમાં આવે તો એકને ઠેકાણે વીશ મંદિર ઉભાં કરો. ગમે તે પદાર્થ દ્વારા જો ધર્મના પરમ લક્ષ્યની પ્રાપ્તિ થતી હોય અને જો તે નીતિવિરુદ્ધ ન હોય તો તેનું તરતજ નિઃશંકપણે અવલંબન કરવું. 'નીતિવિરુદ્ધ ન હોય' એ વાક્યનો ઉલ્લેખ કરવાનું પ્રયોજન એ છે કે નીતિવિરુદ્ધ વિષય આપણને ધર્મમાર્ગમાં સહાયતા આપવાને બદલે ઉલટા અંતરાય રૂપજ નીવડે છે.

ભરતખંડમાં ઇશ્વરની ઉપાસના સમયે મૂર્તિનો ઉપયોગ કરવાની સામે સૌથી પહેલી લડત +કબીરે ચલાવી હતી; પણ બીજી બાજુએ જોતાં જણાય છે કે ભરતખંડમાં જે જે મોટા દાર્શનિકો, તત્ત્વ-

+" પત્થર પૂજે પ્રભુ મિલે તો ક્યું નવ પૂજો પહાડ ?
માલાસેં જો હરિ મિલે તો ક્યું ન ફેરે તો આડ ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેત્તાઓ, ધર્મપ્રચારકો થઇ ગયા છે તેઓ ભગવાનને સગુણ અથવા વ્યક્તિરૂપ માનતા ન હતા અને વગર સંકોચે સાધારણ લોકોને પણ તેવોજ ઉપદેશ કરતા હતા; તોપણ તેઓએ મૂર્તિપૂજન ઉપર કોઇ પણ પ્રકારનો આક્ષેપ કર્યો નથી. ઘણું તો તેઓ એટલુંજ કહેતા કે મૂર્તિપૂજાની ગણના ખાસ ઉંચા પ્રકારની ઉપાસનાવિધિમાં કરતા નહિ. તેમજ કોઇ પણ પુરાણમાં મૂર્તિપૂજાને ઘણું ઉચ્ચ સ્થાન આપ્યુંજ નથી. જગતની તમામ પ્રજાઓ કોઇ ને કોઇ રૂપમાં મૂર્તિપૂજન કરે છેજ. યાહુદી લોકો જેમનાં ધર્મશાસ્ત્રમાં મૂર્તિપૂજનનો પ્રકટ પણે નિષેધ કર્યો છે તેઓ પણ એમ કલ્પના કરે છે કે અમુક પવિત્ર પેટીમાં જેહોવાનો આવિર્ભાવ થાય છે અને તે કારણથી તેઓ તે પેટીને અત્યંત પવિત્ર માને છે; એટલે તેઓ પણ એક રીતે મૂર્તિપૂજકજ છે. આથી કરીને અમુક પ્રજા ઉપર મૂર્તિપૂજકપણાનો આરોપ મૂકીને તેની નિંદા કરવી એ છેક અયોગ્ય છે. જો પ્રતિમાનું અથવા બીજા કોઇ પણ જડ પદાર્થનું પૂજન કર્યાથી પારમાર્થિક લાભ થતો હોય તો તેનો ઉપયોગ કરવામાં કશીજ હરકત નથી. જડપદાર્થ દ્વારા ઈશ્વરોપાસના કરવી એ અત્યંત હલકા પ્રકારની ઉપાસનાવિધિ છે એવું તો આપણા કોઈ ધર્મશાસ્ત્રમાં સ્પષ્ટપણે લખેલું જોવામાં આવતું નથી.

પરંતુ એમ પણ કહેવું પડે છે કે ભરતખંડના દરેકે દરેક માણસને પ્રતિમાપૂજન કરવાનું દુરાગ્રહપૂર્વક ફરમાણ કરવામાં આવે છે. આ વાત એટલી બધી અણઘટતી છે કે તેને સમજાવવાને મારી પાસે પૂરતા શબ્દો નથી. દરેક જણે અમુકજ પદ્ધતિથી ઉપાસના કરવી અથવા અમુકજ વસ્તુનું અવલંબન કરીને ઉપાસના કરવી તેવિષે હુકમ કરવાનો બીજાને અધિકાર નથી. એ બાબત માટે માથાફોડજ શાસારૂ કરવી જોઇએ ? અમુક માણસ કયે માર્ગે પોતાની ઉન્નતિ કરી શકે એમ છે—મૂર્તિપૂજનથી, અગ્નિપૂજાથી કે અમુક સ્તંભની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાસનાથી, તે વાત બીજાઓ શી રીતે જાણી શકે ? એ કામ દરેકના ગુરુનું છે અને ગુરુશિષ્યના સંબંધદ્વારાજ એ સર્વ બાબત નક્કી થઈ શકે છે. ભક્તિવિષયક ગ્રંથોમાં ઇષ્ટ દેવતાસંબંધે જે નિયમો ઘડયા છે તે દ્વારા આ બાબતનો ખુલાસો મળી શકે છે. સારાંશ એ કે દરેક જણે પોતાની પ્રકૃતિને અનુકૂળ હોય એવી ઉપાસનાપદ્ધતિનું અનુસરણ પોતાના ઇષ્ટ દેવતાને પ્રાપ્ત કરવા માટે કરવું જરૂરનું છે, અને એ બાબતમાં શાસ્ત્ર અથવા ગુરુએ બતાવેલો માર્ગજ તેને માટે કલ્યાણપ્રદ છે. આ પ્રમાણે વર્તવાની સાથે દરેક જણે ઉપાસનાના અન્ય માર્ગો તરફ પણ સહાનુભૂતિથીજ જોવું જોઇએ. જો કે પોતે તો પોતાને બતાવેલી પદ્ધતિદ્વારાજ સાધન કરવાનું છે. એ સાધનદ્વારા સાધક જ્યારે પોતાને ધારેલે સ્થળે પહોંચે, જ્યારે તે કેન્દ્રમાં સ્થિત થાય, ત્યાર પછી તેને જડ પદાર્થની મદદની જરૂર રહેતી નથી.

આપણા દેશમાં અનેક સ્થાને પ્રચલિત થયેલી કુલગુરૂ અથવા વંશપરંપરાગત ગુરુની પ્રથાના સંબંધમાં સાવચેતી આપવાના ઉદ્દેશથી થોડુંક વિવેચન કરવાની અત્ર જરૂર જણાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે "જે વેદનું રહસ્ય જાણે છે, જે નિષ્પાપ છે, જે ધનની લાલસાથી અથવા કોઇ પણ પદાર્થની લાલસાથી શિષ્યને ઉપદેશ આપતો નથી, જેની કૃપા અહૈતુકી એટલે સંપૂર્ણ રીતે નિષ્કામ છે, જેમ વસંત ઋતુ વૃક્ષલતા વગેરે પાસેથી કશાની આશા રાખતી નથી છતાં પણ પોતાનો અમલ બેસતાંજ તે ઋતુ તેઓને ફલફૂલથી પરિપૂર્ણ કરી દે છે; તેમ જેમનો સ્વભાવજ લોકોનું કલ્યાણ કરવાનો છે અને તેના બદલામાં જેઓ કશાની આશા રાખતા નથી, જેમનું આખું જીવન લોકોનું કલ્યાણ કરવા માટેજ છે, એવા પુરુષોજ ગુરુ થવાને યોગ્ય છે. બીજા નહિ." *અયોગ્ય ગુરુ પાસેથી જ્ઞાનપ્રાપ્તિની આશા રાખવી એ વ્યર્થ છે;

*વિવેકચૂડામણિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલુંજ નહિ પણ તેમની પાસેથી ઉપદેશ ગ્રહણ કરવામાં હાનિ થવાનો પણ ભય રહે છે; કારણ કે ગુરુ એ કાંઈ માત્ર શિક્ષક કે ઉપદેશક નથી, ઉપદેશ આપવો એ તો તેના કર્તવ્યનો અત્યંત અલ્પ અંશ છે. આપણે હિંદુ લોકો માનીએ છીએ કે ગુરુ શિષ્યના શરીરમાં અમુક પ્રકારની શક્તિનો સંચાર કરે છે. આપણે બાહ્ય સૃષ્ટિમાંથી એક સામાન્ય દૃષ્ટાંત લઇએ:—શીતળા ટંકાવતી વખતે જો અશુદ્ધ રસી શરીરમાં દાખલ કરવામાં આવી હોય તો તેથી ઉલટું બીજા અનેક પ્રકારના રોગીષ્ટ જંતુઓને શરીરમાં પ્રવેશ કરવાનું સુગમ થઈ પડે છે; તેમ અયોગ્ય ગુરુ પાસેથી ઉપદેશ ગ્રહણ કરવાથી પણ ઉલટા અનેક પ્રકારના ખોટા સંસ્કાર મગજ ઉપર દૃઢ થઈ જવાનો ભય રહે છે. આ પ્રમાણે હોવાથી આપણા દેશમાંથી કુલગુરુની પ્રથા જેમ બને તેમ જલદી નીકળી જવી જોઇએ. ગુરુનું કાર્ય એ એક પ્રકારનો ધંધોજ ન બની જવો જોઇએ. એમ થાય એ તદ્દન શાસ્ત્રવિરુદ્ધ છે અને તેનું વેળાસર નિવારણ કરવાની જરૂર છે. કોઇ પણ માણસ માત્ર વંશપરંપરાથી ચાલતી આવેલી પ્રથાને આધારે ગુરુપણાનો દાવો કરવા નીકળે તો તેને લેશ પણ ઉત્તેજન આપવું ન જોઇએ.

ખાદ્યાખાદ્યના પ્રશ્નસંબંધે ચર્ચા કરતાં સ્વામીજીએ કહ્યું કે આહારના સંબંધમાં જે સખ્ત નિયમોનું પાલન કરવા તરફ દુરાગ્રહ કરવામાં આવે છે તે મોટે ભાગે તો ઉપર ઉપરનોજ છે અને જે મૂળ ઉદ્દેશથી એ નિયમો રચવામાં આવ્યા હતા તેનો તો અત્યારે તદ્દન લોપજ થઇ ગયો છે. આપણા આહારને કોનો સ્પર્શ થાય તો ચાલી શકે, એ પ્રશ્ન સમજાવતાં તેમણે લાંબુ વિવેચન કરીને સિદ્ધ કરી બતાવ્યું કે શાસ્ત્રોક્ત સ્પર્શાસ્પર્શના નિયમની અંદર ગંભીર દાર્શનિક તત્ત્વ રહેલું છે, પણ એ ગૂઢ નિયમ સાધારણ માણસોથી રોજના વ્યવહારમાં પાળી શકાય એવો નથી. જેમની તમામ વૃત્તિઓ ધર્મમાંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિર થએલી છે એવા ઉંચી કોટિના પુરુષો માટેજ એ સૂક્ષ્મ નિયમો જરૂરના છે, અને સાધારણ માણસો પાસે તેમનું પાલન કરાવવું એ કેવળ ભ્રમજ છે; કેમકે ઘણા ખરા સામાન્ય કોટિના માણસોને સ્થૂળ ભોગની તૃપ્તિ થએલી નહિ હોવાથી તેમના ઉપર દબાણ કરીને બળાત્કારે તેમની પાસે ધર્મના ઉંચા નિયમો પળાવવા એ મિથ્યા પરિશ્રમજ છે.

ભક્તિમાર્ગનું અવલંબન કરનાર માટે જે જે ઉપાસનાપદ્ધતિઓ બતાવવામાં આવી છે તેમાં મનુષ્યનું પૂજન શ્રેષ્ઠ છે. જો મનુષ્યપૂજન યોગ્ય રીતે કરવું હોય તો પોતાની શક્તિ પ્રમાણે એક, છ, બાર કે વધુ ગરીબ માણસોને દરરોજ પોતાને ઘેર નિમંત્રીને તેમને **સાક્ષાત્ નારાયણ** માનીને તેમની શુશ્રૂષા કરવી જોઇએ. મેં અનેક દેશની દાન કરવાની પદ્ધતિઓનું અવલોકન કર્યું છે પણ તે જેવી જોઇએ તેવી સફળ નહિ થવાનું કારણ એ છે કે તેમનું રીતસર પાલન થતું નથી. " અરે એ ! આ લેતો જા " એવી રીતે કરેલા દાનથી દયાધર્મનો ઉદ્દેશ બર આવતો નથી, ઉલટું એથી તો અહંકારનેજ પોષણ મળે છે, કેમકે એમ કરીને પોતે દાન, ધર્મ કરે છે તેની જગતને જાણ કરાય છે. હિંદુઓએ ખાસ સ્મરણમાં રાખવું જોઇએ કે સ્મૃતિના અભિપ્રાય પ્રમાણે દાન કરનાર કરતાં દાન ગ્રહણ કરનારનો દરજ્જો ઉંચો છે. દાન ગ્રહણ કરનાર તે સમયને માટે સાક્ષાત્ નારાયણસ્વરૂપ છે. આથી કરીને મારા અભિપ્રાય પ્રમાણે જો એવા ધોરણ પ્રમાણે મનુષ્યપૂજન કરવાનો પ્રચાર થાય તોજ તે કલ્યાણકારક નીવડે.* બને તેટલા ગરીબ, આંધળા, અપંગ, ભૂખ્યા

* આ પ્રમાણે અનાથ અથવા દુઃખી માણસોને ઘેર તેડવાનું ન બને તો દેશમાં જ જે અનાથાશ્રમો અથવા સેવાશ્રમો છે તેમને દરમાસે અમુક રકમ મોકલાવાય તો તે પણ ઇષ્ટ છે.

ભા. ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરસ્યા માણસો દરરોજ ઘેર ઘેર નોતરાય, તેમનું ઈશ્વરની પ્રતિમાની માફક પૂજન થાય અને તેમને અન્નવસ્ત્રથી સંતુષ્ટ કરવામાં આવે તો એ રીતે ઈશ્વરની ઉત્તમ પ્રકારે ઉપાસના કરી ગણાય. એ પ્રમાણે બીજે દિવસે તેનાં તેજ માણસોને ફરીથી ન બોલાવતાં બીજાંને તેડી લાવવાં જોઇએ. હું કોઇ પણ પ્રકારની ઉપાસનાપદ્ધતિની નિંદા કરતો નથી. માત્ર મારૂં કહેવાનું તાત્પર્ય એ છે કે **જીવંત નારાયણની પૂજા એ સર્વથી શ્રેષ્ઠ પ્રકારની પૂજા છે અને** હિંદુસ્તાનના લોકોને માટે હાલુ સમયમાં તો એજ પ્રકાર સર્વથી વિશેષ કલ્યાણપ્રદ છે.

વ્યાખ્યાનનો ઉપસંહાર કરતાં સ્વામીજીએ ભક્તિની એક ત્રિકોણ-સાથે સરખામણી કરી. ભક્તિના પહેલા ખુણાનું લક્ષણ એ છે કે જેની ભક્તિ અથવા પ્રેમ શુદ્ધ હોય છે તે બદલાની આશા રાખતો નથી. પ્રેમને ભય હોતો નથી, એ ભક્તિનો બીજો ખુણો છે. બદલાની અથવા ફળની કામના રાખીને ઈશ્વર સાથે પ્રેમ જોડવો એ તો ભિખારીનું કામ છે અથવા વ્યાજ ખાનાર વેપારીનું લક્ષણ છે. ખરા ધર્મની સાથે એને કશોજ સંબંધ નથી. એવી ભિક્ષુકતા એ સ્પષ્ટ રીતે નાસ્તિકતાનુંજ ચિહ્ન છે. " જે માણસ ગંગાને કિનારે કુવો ખોદવા બેસે તેના જેવો બીજો મૂર્ખ કોણ ? " તેમ ઐહિક વસ્તુને માટે ઈશ્વરના કાલાવાલા કરે તે માણસ પણ મૂર્ખજ છે. ભક્ત તો હમેશ ઈશ્વરને આ પ્રમાણેજ કહે છે કે " હે પ્રભો ! હું તમારી પાસે કશુંય માગતો નથી પણ તમારે જો કાંઇ જોઇતું હોય તો મારી પાસે જે કાંઇ છે તે આપવા તૈયાર છું. " પ્રેમ ભયને તો ઓળખતોજ નથી. એક દુર્બળ શરીરવાળી સ્ત્રી રસ્તામાં એકલી જતી હોય તો કદાચ તે એકાદ કુતરાના ઘુરકવાથી ભયભીત થઇને કોઇના ઘરમાં ભરાઇ જશે; પણ જો તેજ સ્ત્રીની સાથે તેનો છોકરો હોય અને કુતરો તો શું પણ એક સિંહ તેના ઉપર ધસારો કરે તોપણ તે શું નાસી જશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદિ નહિ. પુત્રનો જાન બચાવવાને તે સિંહના મોંમાં પહેલીજ ઝંપલાવશે. હવે ત્રીજો અને છેલ્લો ખુણો એ છે કે પ્રેમનું લક્ષ્યબિંદુ પ્રેમજ છે. ભક્તની છેવટે એવી સ્થિતિ થઇ જાય છે કે તેને પ્રેમજ સત્ય પદાર્થ જણાય છે અને બીજું બધું અસત્ય લાગે છે. ભગવાનના અસ્તિત્વનાં પ્રમાણ શોધવા માટે શાને અથડાવું જોઇએ ? જે જે દૃશ્ય પદાર્થ છે તે સર્વમાં પણ તે બિરાજમાન છે. જે શક્તિ ચંદ્ર, સૂર્ય અને ગ્રહોને ગતિમાન કરે છે, અને જે સ્ત્રી, પુરુષ તથા પ્રાણી માત્રમાં, તેમજ સર્વ પદાર્થમાં સ્પષ્ટ રીતે માલમ પડે છે તે ઇશ્વિરનીજ છે. સ્થૂળ પદાર્થોમાં તે ગુરુત્વાકર્ષણ રૂપે પોતાનું કાર્ય કરી રહી છે. તે મહાન શક્તિ અણુ અણુમાં વ્યાપી રહી છે. તેજ અનંત પ્રેમસ્વરૂપ છે, જગતમાં તેજ શક્તિ અનંત અને સર્વત્ર વ્યાપી રહેલી છે અને તેજ પ્રત્યક્ષ સર્વવ્યાપી ઇશ્વિર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રજપુતાનામાં પ્રવાસ.

સ્વામીજી લાહોરથી ડેરાડૂન ગયા. તેમની શારીરિક સ્થિતિ સારી નહિ હોવાથી ત્યાં રહીને થોડો વખત વિશ્રાન્તિ લેવાનો તેમનો વિચાર હતો. આ કારણથી ઘણા માણસો સાથે મેળાપ ન થાય અને જે મળવા આવે તેમની સાથે ઘણી વાતચીત ન કરવી એવી તેમની ઇચ્છા હતી; પણ દબાવતાં દબાય નહિ એવી અદ્‌ભુત શક્તિ જેના હૃદયમાં ઉછળી રહી હોય, તેનાથી કરીને બેસાય ખરૂં ? તેમનું નિવાસસ્થાન અત્યંત ગુપ્ત હતું છતાં પણ આવ્યાના સમાચાર લોકોને મળતાંજ તેઓનાં ટોળેટોળાં સ્વામીજીની પાસે આવવા લાગ્યાં, અને તેઓ પણ પોતાની તબીયતની દરકાર ન કરતાં હમેશની માફક નાના પ્રકારના ઉપદેશ આપતા ગયા. તેમનો અહીં આવવાનો એક બીજો ઉદ્દેશ હતો. તેમનાં યુરોપિયન શિષ્ય મિસ્ટર અને મિસિસ સેવીયરને હિમાલયના કોઇ એકાંત સ્થળમાં આશ્રમ બાંધવાને જમીન જોઇતી હતી—પણ અત્ર મનપસંદ અનુકૂળતા વાળી જગ્યા જડી નહિ. અહીં સ્વામીજી પોતાના રિવાજ પ્રમાણે શિષ્યોને દરરોજ રામાનુજ ભાષ્યનું અધ્યયન કરાવતા હતા. વેદાંતના અધ્યયનમાં ઘણીવાર સ્વામીજી એવા તન્મય થઇ જતા કે એક વાર સેવિયર દંપતી તેમને સાંજના ફરવા તેડી જવાને રાહ જોતાં ઉભાં હતાં પણ સ્વામીજીને તેમનો ખ્યાલ પણ આવ્યો ન હતો.

ડેરાડૂનથી ઉપડીને સ્વામીજી સાહરાનપુર આવ્યા અને ત્યાંના વકીલ બંકુબિહારીને ઘેર તેમનો યોગ્યતાપૂર્વક સત્કાર કરવામાં આવ્યો હતો. બંકુબિહારી તથા શહેરના ઘણા લોકોએ તેમને વ્યાખ્યાન આપવાને પ્રાર્થના કરી; પણ તેઓ રજપુતાનામાં આવેલા ખેતડી ગામમાં જવાને ઘણા ઉત્સુક હતા, તેથી કરીને તેમની પ્રાર્થનાનો સ્વીકાર થયો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહરાનપુરથી ઉપડીને સ્વામીજી દિલ્હી ગયા અને ત્યાં ચાર પાંચ દિવસ થોભ્યા. આ વખતે લોકોનો સત્કાર સ્વીકારવાની તેમની ઇચ્છા ન હતી–માત્ર પોતાના જૂના શિષ્યો અને મિત્રોને મળવાનેજ ઉત્સુક હતા; તેથી તેમણે શ્રીમંત લોકોના નિમંત્રણનો સ્વીકાર ન કરતાં એક જૂના, નિર્ધન શિષ્યને ઘેર મુકામ કર્યો. સ્વામીજી અમેરિકા ગયા ત્યાર પહેલાં ઘણા સમયપર પોતે જ્યારે ભરતખંડમાં પ્રવાસ કરતા હતા તે વખતે તેમનો આ શિષ્યસાથે પરિચય થયો હતો અને તેમના સમાગમથી તેના સ્વભાવમાં ભારે પરિવર્તન થવા પામ્યું હતું. તે અત્યંત સરળ સ્વભાવનો અને સ્પષ્ટવક્તા હતો. સ્વામીજીને ગુરુજી કહીનેજ સંબોધન કરતો. અમેરિકા જતા પહેલાં એક વાર સ્વામીજી આગગાડીમાં ત્રીજા કલાસના ડબ્બામાં મુસાફરી કરતા હતા. ત્રીજા વર્ગના મુસાફરોને પડતી અડચણોથી કંટાળીને તેમણે આ ગૃહસ્થ પાસે સેકન્ડ કલાસની ટીકીટ માગી તે ઉપરથી તેણે કહ્યું; " કેમ ગુરુજી! કાંઇ મોજ કરવા તરફ મન ગયું છે કે શું?" અત્યારે એજ ગુરુ યુરોપ, અમેરિકામાં દિગ્વિજય કરીને આવ્યા છે અને ગુરુશિષ્ય પ્રથમની માફક સરળતાથી વાતચીત કરે છે. એક દિવસ તેણે કહ્યું; " ગુરુજી! હું લગભગ પાંચ છ મહિના થયાં સંધ્યાપૂજા વગેરે નિત્ય કર્મ કરું છું પણ કાંઇ light (પ્રકાશ) મળતું નથી. " સ્વામીજીએ જવાબ દીધો કે " ઇશ્વરને ભાષાદ્વારા બોલાવો " અર્થાત્ નહિ સમજાય એવી કઠિન સંસ્કૃત ભાષાને બદલે ચાલુ ભાષામાં પ્રાર્થના કરો. એમ કહીને ગાયત્રી મંત્રનો અર્થ તેને સારી રીતે સમજાવ્યો. અહીંની એક કૉલેજના પ્રોફેસર સ્વામીજી પાસે ઘણી વાર આવતા હતા. તેમના પરિશ્રમથી દિલ્હીમાં એક સભા ભરવામાં આવી હતી. સ્વામીજીએ વ્યાખ્યાન ન આપતાં લોકોની શંકાઓનું સમાધાન કર્યું હતું. દિલ્હી છોડતાં પહેલાં તેઓ ત્યાંનો કિલ્લો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુતુબમિનાર, જૂનું દિલ્હી વગેરે જોવા લાયક જગ્યાઓ જોવા ગયા હતા; અને પોતાના શિષ્યોને પ્રાચીન ઇમારતોના ભગ્નાવશેષ બતાવીને તે સમયની શિલ્પકલા તથા ઇતિહાસને લગતી અનેક બાબતો સમજાવી હતી. આ સમયે થએલી વાતચીત કોઇએ નોંધી લીધી હોત તો તેને આધારે એક મોટું પુસ્તક લખી શકાત.

દિલ્હીથી સ્વામીજી અલવાર ગયા. હવે ચારે દિશાએ રજપુતાનાના રેતાળ ડુંગરાઓ નજરે પડતા હતા. ટ્રેન રેવારિ સ્ટેશને આવી પહોંચી તે વખતે ખેતડીના રાજાએ મોકલેલાં માણસો પાલખી, ઊંટ, ગાડી, ઘોડા લઇને હાજર થયાં હતાં. ખેતડી જયપુરના તાબાનું નાનું રાજ્ય છે. જયપુરથી ખેતડી જતાં રેતીના રણમા નેવું માઇલની મુસાફરી કરવી પડે છે. રેવારિ સ્ટેશનથી વીશ માઇલની મુસાફરી બચી જાય છે; પણ સ્વામીજીથી ખેતડી જવાયજ શી રીતે? તેમને અલવાર ગયા વગર ચાલે એમજ ન હતું. જેમણે ઉદ્બોધન માસિકમાં "અલવારમાં વિવેકાનંદ" એ મથાળાનો લેખ વાંચ્યો હશે તેમને વિદિત હશે કે અમેરિકા જતા પહેલાં સ્વામીજી લગભગ એક માસ પર્યન્ત રહ્યા હતા. ત્યાંના ઘણા યુવાન પુરુષો તેમના ચારિત્ર્યથી આકર્ષાઇને તેમના શિષ્ય થયા હતા. તેમણે સ્વામીજીને વારંવાર નિમંત્રણ કર્યું હતું તેથી તેમનાથી ના કહેવાયજ કેમ? અલવારના એ ભક્ત શિષ્યોની સાથે સ્વામીજી ચાર પાંચ દિવસ રહ્યા અને એક વ્યાખ્યાન પણ આપ્યું. ત્યાંથી તેઓ જયપુર ગયા. અહીં પણ ઘણા સારા માણસો તેમનાં દર્શન કરવા આવવા લાગ્યા. ખેતડીના રાજાના બંગલામાં તેમનો મુકામ હતો. પોતાના શિષ્યોને સંબોધીને સ્વામીજીએ કહ્યું કે "આ ઠેકાણે હું એક વાર સાધારણ સંન્યાસી તરીકે આવ્યો હતો. તે વખતે રાજાનો રસોઇઓ મોં મચકોડીને મને છેક સાંજે ખાવાનું આપતો હતો. આજે એજ માણસ તેના માલિકની આજ્ઞાથી મારી કેવી સેવા કરે છે? નોકર મારૂં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિછાનું તૈયાર કરે છે અને કેટલાં માણસો મારી આજ્ઞા ઉઠાવવાને હાથ જોડીને ઉભાં રહે છે ? માટે **अवस्था पूज्यते राजन् न शरीरं शरीरिणाम् ।**"

જયપુરથી નેવું માઇલિની મુસાફરી કરીને ખેતડી જવાનું થયું. માર્ગ રેતીના રણમાં થઇને જતો હતો. વચમાં થોડે થોડે અંતરે પડાવ થતા હતા. ત્યાંપણ વેદાંતનું અધ્યયન ચાલુજ રહેતું. કોઈ ઉંટ ઉપર, કોઈ ઘોડા ઉપર તો કોઈ ગાડીમાં બેસીને પ્રવાસ કરતા હતા. માર્ગમાં અનેક વિષયોપર ચર્ચા થતી અને પુષ્કળ આનંદ અનુભવાતો. આ પ્રવાસ દરમ્યાન એક પડાવમાં (નિવાસ સ્થાન-વિસામો) સ્વામીજીએ ભૂત જોયું હતું એવું તે કહેતા હતા.

ખેતડાથી બાર માઇલને અંતરે ત્યાંના રાજા પોતે સ્વામિજીની રાહ જોતા ઉભા હતા. સૌથી પ્રથમ રાજાએ તેમના ચરણમાં પ્રણામ કર્યા અને પોતાની છ ઘોડાની ગાડીમાં બેસાડીને ખેતડીમાં તેમની પધરામણી કરી.

આ બાજુએ ગામમાં મહોત્સવ થઇ રહ્યો હતો. રાજા પણ થોડો સમય થયાંજ યુરોપમાં પ્રવાસ કરીને પાછા ફર્યા હતા, તેથી પ્રજાએ રાજાનો સત્કાર કરવાને માટે નાના પ્રકારની તૈયારી કરી હતી. એજ અરસામાં સ્વામીજીના આવવાથી તેમના ઉત્સાહમાં ઓર વધારો થયો હતો. પુષ્કળ ધામધૂમ સાથે તમાશા અને આતશ બાજીઓ કરવામાં આવી; માનપત્ર અપાયાં; રાજાજીએ અને સ્વામીજીએ તેના યોગ્ય પ્રત્યુત્તર આપ્યા. એક પર્વતના શિખરપર બાંધેલા બંગલામાં સ્વામીજી અને તેમના અનુષંગીઓને ઉતારો આપ્યો હતો.

૧૭ મી ડીસેંબરે ત્યાંની નિશાળના મકાનમાં એક જાહેર સભા ભરવામાં આવી હતી. સ્વામીજીને અને રાજાજીને શહેરની કેટલીક સભાઓએ માનપત્ર આપ્યાં હતાં. એજ દિવસે નિશાળના વાર્ષિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇનામનો મેળાવડો હતો. રાજાજી પ્રમુખ હતા. તેમના કહેવાથી સ્વામીજીએ પોતાને હાથે વિદ્યાર્થીઓને ઇનામ આપ્યાં, રામકૃષ્ણ મિશન તથા બીજાં કેટલાંક મંડળોએ રાજાજીને જે માનપત્ર આપ્યાં હતાં તેના જવાબમાં તેમણે સર્વને અને ખાસ કરીને રામકૃષ્ણ મિશનને ધન્યવાદ આપ્યો હતો; કારણ કે મિશનના પ્રમુખ પોતેજ (સ્વામીજી) ત્યાં હાજર હતા. રાજાજીએ કહ્યું કે "મારા પહેલાં મારા પિતાએ જે ઉદ્દેશથી નાના પ્રકારનાં લોકોપયોગી કાર્યો કર્યા હતાં તે ઉદ્દેશ જળવાય અને તે વિશેષ વિસ્તૃતિ પામે એવી મારી ઇચ્છા છે." તેમણે વિશેષમાં કહ્યું કે "મારા અમલમાં કેળવણી ખાતાની અભિવૃદ્ધિ થઇ છે—આ સાલ ત્રણ નવી શાળાઓ ઉઘાડી છે અને જૂની નિશાળો સારા પાયા પર મૂકવાનો યત્ન કરવામાં આવ્યો છે." દવાખાનામાં પણ જલદી સુધારો કરવાનું રાજાજીએ વચન આપ્યું.

રાજાજીનું ભાષણ પૂરૂં થયા પછી સ્વામીજી બોલવા ઉભા થયા. તેમણે પ્રથમ રાજાજીને ધન્યવાદ આપ્યો અને કહ્યું કે જો મને એમનું ઓળખાણ થયું ન હોત, તો ભરતખંડની ઉન્નતિમાટે હું જે કાંઇ કરી શક્યો છું તેમાંનું કાંઇ પણ મારાથી બનત નહિ. પછી સ્વામીજીએ પાશ્ચાત્ય અને પ્રાચ્ય આદર્શોની તુલના કરતાં કહ્યું કે પાશ્ચાત્ય દેશનો આદર્શ ભોગવિલાસ છે, ત્યારે આપણો આદર્શ ત્યાગ છે. તેમણે ખેતડીના યુવક વર્ગને સંબોધીને કહ્યું કે પાશ્ચાત્ય આદર્શનો ઉપર ઉપરનો ચળકાટ જોઇને મોહ પામતા નહિ. તમારા આદર્શનેજ તમે દૃઢતાથી વળગી રહેજો. તેમણે કહ્યું કે કેળવણીનો ખરો અર્થ એ છે કે મનુષ્યમાં ઇશ્વરીય અંશ જે અસલથીજ રહેલો છે તેને પ્રકટ કરવો; માટે વિદ્યાર્થીઓને કેળવણી આપતી વખતે શિક્ષકોએ તેમના ઉપર અગાધ શ્રદ્ધા રાખવી જોઇએ, દરેક બાળકમાં ઇશ્વરીય શક્તિ રહેલી છે એવું નિશ્ચયપૂર્વક માનવું જોઇએ અને એ સુષુપ્તિ અવસ્થામાં પડેલા બ્રહ્મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાગ્રત કરવાનું આપણું કર્તવ્ય છે અને એજ કેળવણીનું લક્ષ્ય છે એ દરેક શિક્ષકે સ્મરણમાં રાખીને તે અર્થે પ્રયત્ન કરવો જોઇએ. શિક્ષણ આપતી વખતે શિક્ષકોએ ખાસ લક્ષ આપવા જેવી બાબત એ છે કે બાળકો સ્વતંત્રપણે વિચાર કરતાં શીખે એવી પદ્ધતિથી પાઠ આપવા જોઇએ અને એ બાબતમાં તેઓને ઉત્તેજન આપવું જોઇએ. વર્તમાન સમયમાં ભરતખંડની અવનતિ થવાનું કારણ સ્વતંત્રપણે વિચાર કરવાની ટેવનો અભાવ એજ છે. જો આ પદ્ધતિથી બાળકોને કેળવણી આપવામાં આવશે તો તેઓમાં ખરૂં મનુષ્યત્વ આવશે અને જીવનસંગ્રામમાં પોતાના જીવનને લગતા મહાપ્રશ્નને છોડવામાં સફળ થશે.

૨૦ મી ડીસેંબરે સ્વામીજીએ પોતાના નિવાસસ્થાનવાળા બંગલામાં "વેદાંતધર્મ" વિષે લગભગ દોઢ કલાક સુધી એક સુંદર વ્યાખ્યાન કર્યું હતું. શહેરના પ્રતિષ્ઠિત ગ્રહસ્થો તથા કેટલીક યુરોપિયન સ્ત્રીઓ પણ હાજર હતી. રાજાજી પ્રમુખ હતા. અફસોસની વાત એ છે કે ત્યાં કોઇ શૉર્ટહેન્ડ રાઇટર હાજર નહિ હતો તેથી એ વ્યાખ્યાનનો સમગ્ર હેવાલ મળી શકતો નથી. સ્વામીજીના એ શિષ્યોએ જે નોંધ કરી લીધી હતી તેનો અનુવાદ નીચે મુજબ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદાંતધર્મ.

ગ્રીક અને આર્ય, એ બે પ્રાચીન પ્રજાઓ જુદા જુદા સંજોગોમાં અને પરિસ્થિતિમાં મૂકાયલી હોવાથી જુદી જુદી સંસ્કૃતિઓ ઉત્પન્ન કરી શકી. ગ્રીક પ્રજાનું વસતિસ્થાન એવા પ્રદેશમાં હતું કે જેની કુદરતમાં સઘળુંજ સુંદર, સઘળુંજ મધુર અને સઘળુંજ પ્રલોભનીય હતું. એવા રમણીય પ્રદેશમાં વસવાથી અને ત્યાંની બળવર્ધક આબોહવાને લીધે એ પ્રજાએ સંસ્કૃતિનો એક ચોક્કસ, લક્ષણગત આદર્શ ઉત્પન્ન કર્યો. બીજી બાજુએ આર્ય પ્રજાનું વસતિસ્થાન એવા પ્રદેશમાં હતું કે જેની કુદરતમાં રમણીયતાના કરતાં ભવ્યતાના અંશ વિશેષ હતા અને જેની ઉષ્ણ આબોહવાને લીધે ઝાઝો શારીરિક પરિશ્રમ થાય એમ ન હતું તેથી એ પ્રજાએ વળી તદ્દન જુદાજ પ્રકારની સંસ્કૃતિના આદર્શની રચના કરી. ગ્રીક લોકોએ બાહ્ય પ્રકૃતિના અનંતત્વનું અને આર્ય લોકોએ આંતરિક પ્રકૃતિના અનંતત્વનું અવલોકન કરવા માંડયું. એક પ્રજા બૃહત્ બ્રહ્માંડ (Macrocosm)ના અવલોકનમાં નિમગ્ન થઇ ત્યારે બીજી સૂક્ષ્મ બ્રહ્માંડ(Microcosm)ના તત્ત્વનું અનુસંધાન કરવા તત્પર થઇ. જગતની સંસ્કૃતિમાં આ બેઉ પ્રજાઓએ પોતપોતાના ચોક્કસ પાઠ ભજવ્યા છે. એમાં કોઇએ કોઇની પાસેથી કશું ગ્રહણ કર્યું નથી, પણ જો બેઉ પોતપોતાના વિચાર સરખાવે, એક બીજાના પરિચયમાં આવે, તો બેશક બેઉને લાભ થાય ખરો. આર્ય પ્રજા સ્વાભાવિક રીતે પૃથક્કરણ કરવા તરફ વલણ ધરાવે છે. ગણિતશાસ્ત્ર અને વ્યાકરણશાસ્ત્રના વિષયોમાં તેમણે અદ્ભુત કાર્ય કર્યું છે. તેમજ મનુષ્યના મનનું પૃથક્કરણ કરવામાં તેઓ પરાકાષ્ઠાએ પહોંચ્યા છે. પિથેગોરાસ, સોક્રેટિસ, પ્લેટો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને મિસર દેશીય નિયોપ્લેટોનિસ્ટ નામના તત્ત્વચિંતકો ઉપર ભારતીય ચિંતનની પ્રબળ છાપ પડેલી આપણે જોઇ શકીએ છીએ.

ત્યાર પછી યુરોપના લોકો ઉપર ભારતીય ચિંતનના પ્રભાવના ચિહ્ન કેટલેક અંશે જોવામાં આવે છે તે વિષે વિસ્તારથી વિવેચન કરતાં સ્વામીજીએ જણાવ્યું કે જુદા જુદા સમયમાં ભરતખંડના ચિંતનની અસર સ્પેન, જર્મની અને યુરોપના બીજા દેશો ઉપર પ્રબળપણે થએલી છે. ઔરંગજેબના પુત્ર દારા સુકોહે ઉપનિષદ્નો ફારસી ભાષામાં અનુવાદ કર્યો હતો. તે ફારસી અનુવાદ યુરોપમાં દાખલ થયો અને તેના યુરોપિયન ભાષામાં અનુવાદ થતા ગયા. જર્મન તત્ત્વચિંતક શોપનહૉર ઉપનિષદ્નો લૅટીન ભાષામાં થએલો અનુવાદ વાંચીને તેમના તરફ ઘણો આકર્ષાયો હતો અને તેના દર્શન ઉપર ઉપનિષદ્ના તત્ત્વવિચારની ઉંડી અસર થઇ હતી. વળી કૅન્ટના તત્ત્વદર્શનમાં ઉપનિષદ્ની અસરનાં થોડાં ઘણાં ચિહ્ન જોવામાં આવે છે. સાધારણ રીતે યુરોપના વિદ્વાનો શબ્દવિદ્યાની (Philology) ચર્ચાને અંગે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવા લાગ્યા છે. જો કે પૉલ ડ્યુસન (એક જર્મન વિદ્વાન) જેવા કેટલાક પંડિતો છે કે જેઓ કેવળ શબ્દવિદ્યાને માટે નહિ પણ તત્ત્વદર્શનને માટેજ સંસ્કૃત ગ્રંથોનું અવલોકન કરે છે. સંસ્કૃત સાહિત્યમાં નિબદ્ધ થએલું ઉંડું તત્ત્વજ્ઞાન તેમને એ પ્રાચીન ભાષાનો અભ્યાસ કરવા તરફ પ્રેરે છે. સ્વામીજીએ આશા બતાવી હતી કે ભવિષ્યમાં સંસ્કૃત ભાષાના અભ્યાસ પાછળ યુરોપના વિદ્વાનો આથી પણ વધારે લક્ષ આપતા થશે. ત્યાર પછી તેમણે કહ્યું કે " હિન્દુ " શબ્દ પ્રાચીન કાળમાં ચોક્કસ અર્થસૂચક હતો. તે શબ્દવડે સિન્ધુ નદીની આ બાજુની પ્રજા ઓળખાતી હતી અને તે એકજ પ્રજા હતી. આથી કરીને એ શબ્દની કાંઇક સાર્થકતા હતી. પણ [illegible] તે [illegible] અર્થ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગરનો થઇ પડયો છે. હાલ તો " હિન્દુ " શબ્દદ્વારા હમણાંની હિન્દુ પ્રજા કે તેમનો ધર્મ કશાનો નિર્દેશ થતો નથી; કેમકે હાલમાં તો સિંધુ નદીની આ બાજુએ અનેક પ્રકારના ધર્મને પાળનારી નાના પ્રકારની પ્રજાઓ વસે છે.

ત્યાર પછી વેદસંબંધી જે કહેવા જેવું હતું તે સ્વામીજીએ વિસ્તારથી કહ્યું. તેમણે કહ્યું કે વેદની રચના કોઈ વ્યક્તિદ્વારા થઇ નથી. વેદમાં સચવાયલા વિચાર ધીમે ધીમે વિકસિત થયા પછી છેવટે તેમનો પુસ્તકના આકારમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. પછીના સમયમાં એ ગ્રંથ પ્રમાણભૂત મનાવા લાગ્યો. સ્વામીજીએ કહ્યું કે એ પ્રમાણે અનેક ધર્મો અમુક અમુક ગ્રંથોમાં નિબદ્ધ થએલા છે અને તેવા ગ્રંથોનો પ્રભાવ પણ અમર્યાદિત છે. વેદ હિંદુ લોકોના ધર્મતત્ત્વના મહાન્ ભંડારતુલ્ય છે અને હજારો વર્ષ સુધી તેઓને વેદનુંજ અવલંબન કરવું પડશે. તો પણ વેદસંબંધી આપણે જે ખ્યાલ બાંધીએ છીએ તેમાં તો ફેરફાર કરવોજ પડશે અને તેને નવેસરથી પર્વતના જેવા દૃઢ પાયા ઉપર સ્થાપિત કરવા પડશે, વેદનું કદ જેવું તેવું નથી. વેદના મોટા અંશનો તો નાશ થઇ ગયો છે. જે જે ઋષિકુળો પાસે વેદના જે જે અંશ હતા તે તે કુળના નાશની સાથે તેમના વેદનો પણ નાશ થઇ ગયો; તો પણ હાલ જેટલો અંશ અવશિષ્ટ છે તે પણ એટલો વિશાળ છે કે આ ઓરડામાં ભાગ્યેજ માઇ શકે. એ વેદની ભાષા અત્યંત પ્રાચીન અને સરળ છે. તેનું વ્યાકરણ પણ એવું અપરિપકવ અવસ્થામાં છે કે વેદના કેટલાક મંત્રોનો તો બિલકુલ અર્થજ નથી એવું કહેવાય છે.

ત્યાર પછી કર્મકાંડ અને જ્ઞાનકાંડ એવા જે વેદના બે વિભાગ છે તે વિષે વિવેચન કરતાં સ્વામીજીએ જણાવ્યું કે કર્મકાંડમાં સંહિતા અને બ્રાહ્મણનો સમાવેશ થાય છે. બ્રાહ્મણની અંદર યજ્ઞ-યાગની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હકીકત આપેલી છે. સંહિતાની અંદર અનુષ્ટુપ, ત્રિષ્ટુપ, જગતી એવા એવા છન્દમાં રચેલાં સ્તવન છે. સામાન્ય રીતે તેમાં ઇન્દ્ર, વરુણ અથવા એવા બીજા દેવતાઓની સ્તુતિ કરેલી છે. ત્યાર પછી પ્રશ્ન એ થયો કે આ દેવતાઓ કોણ છે? આ બાબતમાં જુદા જુદા મત બંધાતા ગયા. નવા મત ઉભા થયા તેમણે જુના મતનું ખંડન કર્યું અને એ પ્રમાણે ખંડન મંડનની પરંપરા ચાલ્યાજ કરી.

ત્યાર પછી સ્વામીજીએ ઉપાસના કરવાની પદ્ધતિ સંબંધી જુદી જુદી ભાવનાઓ વિષે વિવેચન કરવા માંડયું. તેમણે કહ્યું કે પ્રાચીન બાબિલન નગરના લોકોનો આત્મા વિષે એવો ખ્યાલ હતો કે મનુષ્યનું મરણ થયા પછી તેના શરીરમાંથી એક પ્રકારનો દેહ બહાર નીકળી જાય છે; પણ તે દેહને આ સ્થૂળ દેહથી સ્વતંત્ર વ્યક્તિત્વ નથી અને તેનાથી સ્થૂળ દેહની સાથેનો સંબંધ તોડી શકાતો નથી. આ "દ્વિતીય શરીર"(Double)ને સ્થૂળ શરીરની માફક ભૂખ, તરસ વગેરે હાજતો હોય છે, એવું તેઓ માનતા હતા. વળી તેમનો અભિપ્રાય એવો હતો કે સ્થૂળ દેહને કોઇ પણ જાતની ઇજા કર્યાથી આ દ્વિતીય દેહને પણ તેવીજ ઇજા થાય છે, અને સ્થૂળ દેહના નાશની સાથે તેનો પણ નાશ થઇ જાય છે. આ માન્યતાને લીધેજ મૃત શરીરનું રક્ષણ કરવાની પ્રથા ઉત્પન્ન થઇ. તે ઉપરથી મિસર દેશની જાણીતી *મમી બનાવવાની ક્રિયા, કબરો, સમાધિગૃહો વગેરેની રચના થવા લાગી. મિસર, બાબિલન તથા તેની

* મિસર દેશમાં નાઇલ નદીનું પુર આવતું હોવાથી કબરો થઈ શકતી નહિ અને ઉપર કહેલી માન્યતાને લીધે મૃત શરીર સચવાવું તો જોઇએ; તેથી કરીને ત્યાંના લોકોએ શબ લાંબો વખત સચવાઈ રહે એવી દવા શોધી કહાડી. વડોદરાના સંગ્રહસ્થાનમાં ૩૦૦૦ વર્ષ પૂર્વનું એક સ્ત્રીનું શબ રાખેલું છે તેને મમી કહે છે. ભા૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસપાસના દેશના લોકો તેમજ યાહુદીઓ આ ભાવનાથી આગળ જઇ શક્યા ન હતા. તેમનું જ્ઞાન આત્મતત્ત્વસુધી પહોંચ્યુંજ નથી.

પ્રોફેસર મેકસમુલરનો અભિપ્રાય એવો છે કે ઋગ્વેદની અંદર પિતૃઓની ઉપાસનાનું લેશ માત્ર ચિહ્ન નજરે પડતું નથી. મમીની માફક આપણી સામે ફાટે ડોળે જુએ એવાં બીભત્સ અને કમકમાટી ઉપજાવે એવાં દૃશ્ય ઋગ્વેદના સમયમાં જોવામાં આવતાં નથી. તે સમયે મનુષ્ય અને દેવોની વચ્ચે મૈત્રી હતી અને ઉપાસક અને ઉપાસ્યનો સંબંધ ઘણોજ સ્વાભાવિક તથા નિર્માલ્ય તત્ત્વોથી મુક્ત હતો. તે વખતની ઉપાસનામાં દુઃખનો, ઉદાસીનતાનો છાંયો પણ ન હતો; પરંતુ સ્વાભાવિક આનંદ, હાસ્ય અને તૃપ્તિનાંજ ચિહ્ન જોવામાં આવતાં. સ્વામીજીએ કહ્યું કે વેદસંબંધી ચર્ચા કરતાંજ મને તે સમયના દેવતાઓના હાસ્યનો ધ્વનિ સંભળાય છે. વેદના સમયના ઋષિઓ પોતાના હૃદયનો સંપૂર્ણ ભાવ ભાષાદ્વારા વ્યક્ત કરી શક્યા નહિ હોય તો પણ તેઓ સહૃદય હતા અને તેમણે એવી સંસ્કૃતિ પ્રાપ્ત કરી હતી કે તેમને મુકાબલે આપણે પશુતુલ્ય છીએ.

ત્યાર પછી પોતે કહેલી બાબતના સમર્થનમાટે સ્વામીજીએ કેટલાક વૈદિક મંત્રોનો ઉચ્ચાર કર્યો—" જ્યાં પિતૃઓ નિવાસ કરે છે ત્યાં તેને લઇ જાઓ. એ સ્થાનમાં દુઃખ, શોક છેજ નહિ " ઇત્યાદિ. આ પ્રમાણે આપણા દેશમાં એવો મત બંધાયો કે સ્થૂળ દેહ જેમ ત્વરાથી ભસ્મીભૂત થઈ જાય તેમ સારૂં. એમ કરતાં કરતાં લોકોને સમજાતું ગયું કે સ્થૂળ દેહથી ભિન્ન એક સૂક્ષ્મ દેહ છે. તે સ્થૂળદેહનો ત્યાગ કર્યા પછી એવા સ્થાનમાં જાય છે કે ત્યાં સર્વત્ર આનંદ, આનંદ અને આનંદજ છે; કોઈ પણ પ્રકારનું દુઃખ છેજ નહિ. સેમિટિક ધર્મ અર્થાત્ ખ્રિસ્તી, યાહુદી અને મુસલમાન ધર્મો, ભય અને કષ્ટની ભાવનાથી ભરપૂર છે. તેઓમાં એવી માન્યતા છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે જો મનુષ્ય ઈશ્વરનું દર્શન કરે તો તરત મરણ પામે; પરંતુ પ્રાચીન ઋગ્વેદનો એવો મત છે કે મનુષ્ય જ્યારથી ઈશ્વરનું દર્શન કરે ત્યારથીજ તેના વાસ્તવિક જીવનનો આરંભ થાય છે.

હવે સવાલ એ પૂછાવા લાગ્યો કે આ દેવતાઓ છે કોણ? ઈન્દ્ર ઘણીવાર મનુષ્યોને સહાયતા આપવા આવતો હતો. કોઇ કોઇ વાર તે હદ ઉપરાંત સોમરસનું પાન કરીને ઉન્મત્ત બની ગયો હતો એવાં પણ વર્ણન જોવામાં આવે છે. વારંવાર તેને સર્વવ્યાપી, સર્વશક્તિમાન એવાં એવાં વિશેષણ પણ લગાડેલાં જોવામાં આવે છે. વરુણના સંબંધમાં પણ એવીજ જાતની નાના પ્રકારની ભાવનાઓ કરવામાં આવી છે. વળી જે મંત્રોદ્વારા એ દેવતાઓનાં વર્ણન કરવામાં આવ્યાં છે તે પણ ઘણે ઠેકાણે અપૂર્વ છે અને તેમની ભાષા પણ ઘણીજ ભવ્ય અને મહદ્ભાવની ઉદ્દીપક (Sublime) છે. પછી વકતાએ પ્રલયવર્ણનનેમાટે પ્રસિદ્ધ થએલું નાસદીય સૂક્ત કે જેની અંદર "અંધકાર અંધકાર દ્વારા આચ્છાદિત થએલો છે" એવી રીતે પ્રલયસમયનું વર્ણન કરવામાં આવ્યું છે તે ગાઇ સંભળાવ્યું; અને કહ્યું કે આ મહાન ભાવનું કવિત્વમય ભાષામાં જે મહા પુરુષો વર્ણન કરી ગયા છે તેઓ જો અણસુધરેલા હોય તો આપણે કેવા હોવા જોઇએ? એ ઋષિમુનિઓ ઉપર તેમજ વરુણ, ઇન્દ્ર ઇત્યાદિ ઉપાસ્ય દેવતાઓ ઉપર કોઈ પણ જાતની ટીકા કરવાને હું અશક્ત છું. એ સઘળા દેવતાઓનાં દૃશ્યો સીનેમેટોગ્રાફનાં ચિત્રોની માફક એક પછી એક જોનારની નજર આગળથી પસાર થાય છે પણ સર્વની પાછળના મુખ્ય પડદા ઉપર એક મહાન સિદ્ધાંત લખેલો જોવામાં આવે છે-**एकं सत् विप्रा बहुधा वदन्ति** "જે છે તે એકજ છે, જ્ઞાનીઓ તેને અનેક રીતે વર્ણવે છે" આ દેવતાઓનાં વર્ણન ઘણાંજ રહસ્યમય, અપૂર્વ અને મનોહર છે; પણ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવાં છે કે તેની પાસે જવાય એમજ નથી, કારણ કે રખેને મૃગજળની માફક અલોપ થઇ જાય ! એ દૃશ્યોને દૂરથીજ નિહાળવાનાં છે, કારણ કે પડદો એટલો બારીક છે કે હાથમાં લઇને જોતાં રખેને આખો પડદો ચીરાઈ જાય !*

એ વિષય ઉપર આગળ વિવેચન કરતાં સ્વામીજીએ જણાવ્યું કે આર્ય લોકોએ પણ ગ્રીક લોકોની માફકજ મનુષ્યજીવનને લગતા મહાન પ્રશ્નોના નિરાકરણ માટે શરૂઆતમાં બાહ્ય જગતનું અન્વેષણ કરવાનો પ્રયત્ન કર્યો હતો. પ્રકૃતિનાં સુંદર દૃશ્યોની રમણીયતાને લીધે તેમને આસપાસની કુદરતની શોભાનું અવલોકન કરવાની વૃત્તિ થઇ બહારના જગતમાં જે કાંઇ રમણીય અને ભવ્ય હતું તેનું દર્શન કરવા માટે તેમની શોધકવૃત્તિ બહારના પ્રદેશમાં ઘૂમવા લાગી; પણ ભરતખંડની પ્રજાની વિશિષ્ટતા એ છે કે જે કોઈ દૃશ્યવડે હૃદયમાં મહદ્‌ભાવનું ઉદ્દીપન ન થાય તેની તેમણે કશી દરકારજ કરી નથી. મૃત્યુ પછીની હાલતનું શું રહસ્ય છે તે જાણવાની ગ્રીક લોકોને કદિ જિજ્ઞાસા પણ થઇ ન હતી; પણ " હું કોણ છું ?" " મરણ પછી મારૂં શું થશે ? " એ પ્રશ્નો તો આ દેશમાં શરૂઆતથીજ પૂછાવા લાગ્યા હતા. ગ્રીક લોકોએ આ પ્રશ્નનો સંતોષકારક ઉત્તર મેળવવાને માટે પ્રયાસજ કર્યો નથી. મનુષ્ય મરણ પામે છે અને પછી સ્વર્ગે જાય છે એટલો ઉત્તર તેમને માટે બસ હતો; પણ સ્વર્ગે જવું એનો અર્થ શો ? એનો અર્થ તેમણે એવોજ કર્યો કે જગતની બહાર ચાલ્યા જવું. તેમની વૃત્તિજ બહાર જતી હતી. તેમને મનથી કશું અંદર તો હતુંજ નહિ; જે હતું તે બાહ્ય જગતજ હતું. તેમની શોધક વૃત્તિ હમેશ બાહ્ય જગત તરફજ વળતી. જાણે તેઓનું પોતાનું સ્વરૂપ પણ પોતાથી બહાર ન હોય (!)એટલે સુધી

* આમ કહેવાનું તાત્પર્ય એ છે કે નિષ્ઠુર વિવેચકની દૃષ્ટિએ વેદનું અવલોકન કરતાં તેનું સૌન્દર્ય ઉડી જાય છે. ભા. ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની વૃત્તિ બહિર્મુખી થઈ ગઈ હતી. આ જગતને બરાબર બધી વાતે મળતું આવે પણ તેમાં આ જગતના માત્ર સંતાપ અને ક્લેશજ ન હોય એવા કોઈ સ્થાનમાં જો તેઓ જઇ ચ્હડતા તો બસ તેઓને પૂર્ણ સંતોષ થતો અને પોતાને ઇષ્ટ વસ્તુની હવે પ્રાપ્તિ થઇ ચૂકી અને આથી વધારે શ્રેષ્ઠ સુખ હોઇ શકેજ નહિ ! એવુંજ તેઓ માની બેસતા હતા. તેમની ધર્મભાવના આટલેથીજ અટકતી હતી; પણ આર્ય પ્રજાનું મન આટલાથી સંતુષ્ટ થાય એમ ન હતું તેમણે કરેલા પૃથક્કરણમાં તો સ્વર્ગની ગણના પણ આ સ્થૂળ, જડ જગત્માંજ થતી હતી. હિંદુઓના મત પ્રમાણે " જે કાંઇ સંયોગોત્પન્ન છે તેનો જરૂર વિનાશ થવોજ જોઇએ. " તેમણે બાહ્ય પ્રકૃતિને પ્રશ્ન કર્યો કે "આત્મા શું છે તે તું જાણે છે ? " જવાબ મળ્યો " ના. " " ઇશ્વરનું આસ્તિત્વ છે ખરૂં ? " કુદરત કહે "મને ખબર નથી." આવો ઉત્તર મળતાં તેઓ કુદરત પાસેથી પાછા ફર્યા. તેમને ખાત્રી થઇ કે બાહ્ય પ્રકૃતિ ગમે તેટલી ભવ્ય અને રમણીય છતાં પણ તે દિશા અને કાળથી મર્યાદિત થએલી છે. પછી એક વાણી સંભળાવા લાગી. નવીન, મહાન, ભવ્ય વિચારોનો તેમના હૃદયમાં ઉદય થવા લાગ્યો. તે વાણીએ કહ્યું, ' **નેતિ, નેતિ** ' તે આ નથી, તે આ નથી. પછી અનેક દેવતાઓ એક થઇ ગયા. સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, સમગ્ર બ્રહ્માંડ એક બની ગયું. પછી આ નવીન આદર્શને લઇને આધ્યાત્મિક ધોરણ ઉપર ધર્મની રચના કરવામાં આવી.

न तत्र सूर्यो भाति न चन्द्रतारकं ।
नेम विद्युतो भान्ति कुतोऽयमग्निः ॥
तमेव भान्तमनुभाति सर्वं ।
तस्य भासा सर्वमिदं विभाति ॥

" ત્યાં સૂર્ય પ્રકાશતો નથી; ચંદ્ર, તારા કે વિદ્યુતનો પણ પ્રકાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં પડતો નથી; તો પછી સામાન્ય અગ્નિની તો વાતજ શી કરવી ? તે પ્રકાશે છે અને તેના પ્રકાશથી આખું વિશ્વ ઝળહળી રહ્યું છે. " હવે મર્યાદિત, અપરિપક્વ, વ્યક્તિવિશેષ ઇશ્વરનો ખ્યાલ તેમણે છોડી દીધો; હવે સર્વનાં પાપપુણ્યનો ઇન્સાફ આપનાર ઇશ્વર તેમને ઘણોજ અધુરો લાગ્યો. હવે તેમની દૃષ્ટિ બહિર્મુખી ન થતાં અંતરમાં વળી. **छायातपौ ब्रह्मविदो वदन्ति** આ પ્રમાણે ઉપનિષદ્દ્વારા આત્મા-સંબંધી ઉંચામાં ઉંચાં સત્યો પ્રકટ થયાં અને તેથીજ જે સ્થાન યુરોપમાં બાઇબલ ભોગવે છે તે સ્થાન હિંદુસ્તાનમાં ઉપનિષદોએ પ્રાપ્ત કર્યું છે. ઉપનિષદ્નું સાહિત્ય અત્યંત વિશાળ છે અને હિંદુસ્તાનમાં જે જે સંપ્રદાયો ઉભા થયા છે તેમના સિદ્ધાંતની રચના ઉપનિષદોના જ આધાર ઉપર કરવાની જરૂર પડી છે.

ત્યાર પછી સ્વામીજીએ દ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ અને અદ્વૈત-વાદની ચર્ચા ઉપાડી. એ દરેક મત ભિન્ન દેખાય છે તો પણ વાસ્તવિક રીતે આત્માના વિકાસની શ્રેણીનાં ચ્હડતાં ઉતરતાં પગથીઆં રૂપ છે—આત્માનો વિકાસ થતાં તે એક વાદમાંથી બીજામાં સંક્રમણ કરે છે. આ રીતે તેમણે ત્રણેનું સમાધાન કરવાનો યત્ન કર્યો. આત્માની ક્રમોન્નતિ(Evolution)માં સૌથી આખરનું પગથીયું સ્વાભાવિક રીતે અદ્વૈતવાદજ છે અને **तत्त्वमसि** માં તેની છેલ્લામાં છેલ્લી અને ઉંચામાં ઉંચી અવસ્થા આવી જાય છે. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય અને મધ્વાચાર્ય જેવા ભાષ્યકારોએ પણ એક પ્રકારની ભૂલ કરી હતી તે સંબંધી સ્વામીજીએ ઉલ્લેખ કર્યો. દરેક જણ ઉપનિષદ્ને એક માત્ર પ્રમાણભૂત ગ્રંથ તરીકે માનતા ખરા, પણ તેની સાથે તેમનો એવો દુરાગ્રહ હતો કે તેમાં માત્ર એકજ પ્રકારનો ઉપદેશ આપ્યો છે—વિકાસનો એકજ માર્ગ બતાવ્યો છે. આથી કરીને શંકરાચાર્ય એમ માની બેઠા કે, ઉપનિષદ્માં એકલો અદ્વૈતવાદનોજ ઉપદેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપેલો છે અને તે ઉપરાંત તેમાં બીજું કશું છેજ નહિ. તેમની આવી માન્યતા હોવાથી જ્યારે જ્યારે તેમણે ઉપનિષદ્માં સર્વીશે દ્વૈતવાદાત્મક શ્લોક જોયા ત્યારે તેમણે તે શ્લોકને મારી મચડીને તેમાંથી અદ્વૈતવાદાત્મક અર્થ ઉપજાવી કહાડયો અને ઉપનિષદ્માં કેવળ અદ્વૈતવાદનોજ ઉપદેશ છે અને બીજું સર્વ અસંગત અને ન્યાયવિરૂદ્ધ છે એવું તેમણે તર્ક અને ભાષાજ્ઞાનના બળથી સિદ્ધ કરી બતાવ્યું. એજ પ્રમાણે રામાનુજ અને મધ્વાચાર્યે અદ્વૈતવાદાત્મક શ્લોકોની દુર્દશા કરી મૂકી છે. અલબત્ત ઉપનિષદ્નો મુખ્ય સિદ્ધાંત તો એકજ છે અને તે અદ્વૈત ભાવનાજ છે, પણ તેને ક્રમવાર સિદ્ધ કરી બતાવ્યો છે. દ્વૈતમાંથી આરંભીને ધીમે ધીમે વાંચનારને અદ્વૈત ઉપર લઈ જવાય છે.

ભરતખંડમાં વર્તમાન સમયમાં ધર્મનાં મૂળતત્ત્વનું, ધર્મની સાચી ભાવનાનું વિસ્મરણ થયું છે એ ઘણુંજ શોચનીય છે. ધર્મનું સત્ત્વ ઉડી ગયું છે અને માત્ર બહારની ક્રિયાઓનાં ખોખાંજ રહ્યાં છે. હાલ તો લોકો હિંદુ એ નથી ને વેદાંતી એ નથી, પણ આભડછેટીયા (Don't–touch ists) થઇ ગયા છે. હવે તો રસોડાં આપણાં મંદિર અને રાંધવાનાં વાસણજ આપણા દેવને ઠેકાણે છે. આ હાલતમાં એકદમ ફેરફાર થવાની જરૂર છે. એ ફેરફાર જેમ જલદી થશે તેમ આપણા ધર્મની વિશેષ શુદ્ધિ થશે. ઉપનિષદ્નો પૂર્ણ પ્રકાશ દેશમાં સર્વત્ર ફેલાવા દો પણ સાંપ્રદાયિક કલહ લેશ માત્ર પણ ચાલવા ન જોઇએ.

સ્વામીજીની પ્રકૃતિ સારી નહિ હોવાથી આટલું બોલતાં તેઓ ઘણા શ્રમિત થઈ ગયા; તેથી તેમણે અડધો કલાક આરામ લીધો. તે દરમ્યાન તેમનું બાકીનું વ્યાખ્યાન સાંભળવાને આતુર થએલા શ્રોતાઓ શાંતિથી તેમના આવ્યાની રાહ જોતા હતા. તેમણે આવીને બીજો અડધો કલાક ભાષણ આગળ ચલાવ્યું. +ઉપનિષદ્ની અંદર

* જુઓ સ્વામી વિવેકાનંદ ભાગ ૧ લો પૃષ્ઠ ૨૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને પક્ષીનું સુંદર ઉદાહરણ આપીને જીવાત્મા અને પરમાત્માનો સંબંધ ઘણીજ ઉત્તમ રીતે સમજાવ્યો છે, તે વિષે વિવેચન કર્યું.

ઉપસંહાર કરતાં સ્વામીજીએ કહ્યું કે બહુત્વની અંદર એકતાનું દર્શન કરવું એનું નામ જ્ઞાન. જ્યારે કોઇ પણ વ્યક્તિ વિજ્ઞાનનાં જુદાં જુદાં અંગ જેવાં કે ઉષ્ણતા, વિદ્યુત્, ચુંબક વગેરેમાં એકતા સિદ્ધ કરી બતાવે છે ત્યારેજ વિજ્ઞાનની ઉચ્ચ કોટિએ તે પહોંચ્યો કહેવાય છે. આ નિયમ ભૌતિક તેમજ આધ્યાત્મિક બેઉ વિષયને લાગુ પડે છે.

ખેતડીથી પોતાના તમામ શિષ્યો તથા અનુષંગીઓને વિદાય કર્યા. માત્ર એકજ શિષ્યને પોતાની સાથે રાખીને સ્વામીજી જયપુર પાછા આવ્યા. રાજાજી પણ સાથે આવ્યા હતા. જયપુરમાં પણ રાજાના અધ્યક્ષપણા નીચે એક દેવાલયમાં સભા થઇ હતી. જયપુરથી નીકળી જોધપુર, અજમેર, ખંડવા વગેરે સ્થાનોની મુલાકાત લઇને સ્વામીજી કલકત્તે પાછા આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંગ્લાંડ ઉપર ભારતીય તત્વવિચારની થએલી અસર.

[સને ૧૮૯૮ ના માર્ચ માસની ૧૧ મી તારીખે કલકત્તાના સ્ટાર થિએટરમાં ઉપર જણાવેલા વિષય ઉપર ભગિની નિવેદિતા (મિસ. એમ. ઇ. નોબલ) જે સ્વામીજીનાં શિષ્ય હતાં તેમણે એક જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. તે વખતે સ્વામીજી પ્રમુખ સ્થાને હતા. મિસ નોબલનું ઓળખાણ કરાવતાં તેમણે નીચે મુજબ ભાષણ કર્યું હતું.]

સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો,—

જ્યારે હું એશિઆ ખંડના પૂર્વના દેશોમાં ભ્રમણ કરતો હતો ત્યારે એક બાબત તરફ મારૂં ધ્યાન વિશેષે કરીને આકૃષ્ટ થયું હતું. તે બાબત એ હતી કે એશિઆના પૂર્વ તરફના પ્રદેશોમાં ભારતીય તત્વચિંતનની અસર સ્પષ્ટપણે થએલી જોવામાં આવતી હતી. જ્યારે ચીન અને જાપાનનાં દેવાલયોની દિવાલો ઉપર કેટલાક સુપ્રસિદ્ધ સંસ્કૃત મંત્રો કોતરેલા જોયા ત્યારે મને કેટલું આશ્ચર્ય થયું હશે તેનો ખ્યાલ તમેજ કરી લેજો, અને એ લેખની લિપિ પ્રાચીન બંગાળી લિપિને મળતી છે એ જાણીને તમને પણ ગર્વ અને આનંદ થયા વગર રહેશે નહિ. આપણા બંગ દેશના પૂર્વજોએ ધર્મપ્રચારનું કાર્ય કેટલા ઉત્સાહપૂર્વક કર્યું હતું તેના સ્મરણસ્તંભરૂપે એ લેખો હજી વિદ્યમાન છે.

ઉપર જણાવેલા એશિઆના દેશો ઉપરાંત, ભરતખંડના તત્વચિંતનનો પ્રભાવ અત્યંત દૂરના પ્રદેશોમાં પણ સુસ્પષ્ટપણે પડેલો છે. પાશ્ચાત્ય દેશોના આચાર વ્યવહારનાં ઉંડાં મર્મસ્થલનું અવલોકન કરતાં તેમના ઉપર પણ આપણા દેશના વિચારનાં ચિહ્ન હું નિઃસંદેહપણે જોઇ શક્યો હતો. પ્રાચીન સમયમાં ભરતખંડના લોકોના વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વમાં તેમજ પશ્ચિમમાં ઘણે દૂર સુધી ફેલાઇ ગયા હતા, એ વાત હવે ઐતિહાસિક સત્ય તરીકે મનાવા લાગી છે. આખું જગત ભરતખંડના તત્ત્વવિચારનું કેટલું ઋણી છે અને માનવજાતિની પ્રાચીન તેમજ વર્તમાન સમયની સુસ્થિતિને માટે ભરતખંડની આધ્યાત્મિક શક્તિએ કેટલું અગત્યનું કાર્ય બજાવ્યું છે તે પણ સર્વને વિદિત છે. આ બધી ભૂતકાળની કથા છે.

હવે વર્તમાન સમયની વાત કરીએ. હમણાં હું જગતમાં એક અદ્‌ભુત બનાવ બનતો જોઉં છું. તે એ છે કે અદ્‌ભુત પરાક્રમી અને વીર્યવાન્ ઍંગ્લોસૅક્સન પ્રજાએ સામાજિક ઉન્નતિ, સંસ્કૃતિ અને મનુષ્યત્વના વિકાસને અંગે અલૌકિક સામર્થ્યનું દર્શન કરાવ્યું છે. હું તમને એટલે સુધી કહેવાની હિંમત ચલાવું છું કે એ ઍંગ્લો સેક્સન પ્રજાના પ્રતાપથીજ આપણે અત્ર એકત્ર થયા છીએ અને ભરતખંડના આધ્યાત્મિક ચિંતનવિષે સમાલોચના કરીએ છીએ. એ પ્રજાની સહાયતા ન હોત તો આપણે આ કાર્ય કરી શક્યાજ ન હોત અને પશ્ચિમના દેશોમાંથી પૂર્વમાં–વિદેશમાંથી સ્વદેશમાં આવતાં હું જોઇ શક્યો છું કે એ ઍંગ્લો સેક્સન પ્રજા તેના અનેક દોષ છતાં, તે પોતાના ચોક્કસ લક્ષણગત ગુણોને લીધે આપણા દેશમાં અનેક પ્રકારનું શુભ કાર્ય કરી રહી છે અને હું ખાત્રીપૂર્વક માનું છું કે આ બે પ્રજાના સંમિલનમાંથી આટલી સુદતમાંજ મહાન ફળ નીપજી ચૂક્યું છે. બ્રિટિશ પ્રજાની વિસ્તૃતિ અને ઉન્નતિની ભાવના આપણને પણ ઉન્નતિના માર્ગ તરફ જવાને બળપૂર્વક પ્રેરી રહી છે. આ ઠેકાણે તમારે સ્મરણમાં રાખવાની જરૂર છે કે પાશ્ચાત્ય સંસ્કૃતિનાં મૂળ ગ્રીક પ્રજાની સંસ્કૃતિમાં છે અને ગ્રીક સંસ્કૃતિનો મુખ્ય આદર્શ, પ્રકાશ અથવા વિસ્તાર છે. આપણે ભારતવાસીઓ વિચારશીલ છીએ પણ કમનસીબે આપણે એટલું ઉંડું ચિંતન કરીએ છીએ કે આપણા આદર્શને પ્રકટ કરવાની આપણામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિજ રહેતી નથી. પરિણામ એ થાય છે કે આપણા આદર્શો, આપણા ચિંતનનું ફળ આપણે જગતસમક્ષ મૂકી શકતા નથી. આથી કરીને આપણી પાસે જે કાંઇ હોય તેને જેમ બને તેમ ગુપ્ત રાખવાની વૃત્તિ આપણા પ્રજાલક્ષણમાં દાખલ થઇ ગઇ છે. શરૂઆતમાં આવી સંકુચિત્ત વૃત્તિ અમુક વ્યક્તિઓમાં થતાં આખરે ઘણી મુદતે આખી પ્રજાનું એવા પ્રકારનું વલણ થઇ ગયું છે. આપણા વિચારને વ્યક્ત કરવાની શક્તિ આપણે એટલે દરજ્જે ગુમાવી બેઠા છીએ કે દુનિયાંની મૃત પ્રજાઓમાં આપણી ગણના થાય છે. આપણા વિચારને પ્રકટ કર્યા વગર આપણી પ્રજાના અસ્તિત્વને ટકાવી રાખવાનો બીજો એકે ઉપાય નથી. પાશ્ચાત્ય સંસ્કૃતિનો મેરૂદંડ (કરોડનું હાડકું) વિસ્તૃતિમાં અને પોતાના આદર્શને પ્રકટ કરવામાં છે. અંગ્રેજો સૅકસન પ્રજાએ ભરતખંડ ઉપર જે અસર કરી છે તેમાંની એક બાબત ઉપર મારૂં ખાસ ધ્યાન ખેંચાય છે. તે એ છે કે તેમણે આપણી પ્રજામાં જાગૃતિ આણી છે, આપણા વિચારનો જગતમાં પ્રચાર કરવાનો આપણામાં ઉત્સાહમાં જગાડયો છે. અન્ય પ્રજાઓ સાથે આપણો સમાગમ થઇ શકે એવાં સાધન એ મહાન પ્રજાએ તૈયાર કર્યાં છે અને તેદ્વારા આપણા ગુપ્ત ધનને જગતસમક્ષ મૂકવાનો સુયોગ કરી આપીને આપણને એ કાર્યમાં પ્રવૃત્ત થવાને પ્રેરે છે. એ પ્રજાએ ભરતખંડની ભવિષ્યની ઉન્નતિનો માર્ગ ખુલ્લો કર્યો છે અને આપણા પૂર્વજોના વિચારો હાલ એટલા વિસ્તીર્ણ પ્રદેશમાં પોતાનો પ્રભાવ ફરીથી બેસાડી શકયા છે તે ખરેખર અપૂર્વ અને વિસ્મયજનક છે. જ્યારે આપણા પૂર્વજોએ મુક્તિના અને પરમ સત્યના સંદેશ જગતને સંભળાવ્યા ત્યારે તેમને કેવી કેવી અનુકૂળતાઓ હતી ? બુદ્ધ ભગવાને પોતાના વિશ્વવ્યાપી બંધુભાવના મહાન આદર્શનો કેવી રીતે પ્રચાર કર્યો ? તે સમયમાં પણ અહીંઆં–આપણી પ્રિયતમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતૃભૂમિમાં અનેક પ્રકારની અનુકૂળતાઓ હતી. પ્રકૃત આનંદ પ્રાપ્ત કરવાનાં, અને આપણા મહાન સંદેશ જગતને એક છેડેથી બીજા છેડા સુધી સંભળાવવાનાં અનેક સાધનો હતાં; પણ વર્તમાન સમયમાં તો આપણે તેમના કરતાં પણ વધારે દૂરના પ્રદેશોમાં પહોંચી ગયા છીએ. અંગ્રેજો સૅકસન પ્રજા પણ આપણાં સત્યો પ્રાપ્ત કરીને કૃતાર્થ થઇ છે.

આ પ્રમાણે ભરતખંડ અને પશ્ચિમના દેશો વચ્ચે ક્રિયા અને પ્રતિક્રિયા ચાલી રહી છે અને હું પ્રત્યક્ષ જોઇ શકયો છું કે પશ્ચિમની પ્રજાઓ આપણા ઉપદેશ ગ્રહણ કરવા લાગી છે. અરે ! એટલુંજ નહિ પણ તેઓ તેનો પ્રત્યુત્તર આપવા લાગી છે. આટલી થોડી મુદ્દતમાંજ આપણા કાર્યમાં સહાયતા આપવાને ઇંગ્લંડની પ્રજા પોતાની સર્વશ્રેષ્ઠ બુદ્ધિસંપન્ન વ્યક્તિઓ ભરતખંડને અર્પણ કરવા લાગી છે. મારાં મિત્ર મિસ મૂલરનું નામ ઘણાને પરિચિત હશે. એ વિદુષી બાઇ અત્ર આપણી સમક્ષ આ પ્લાટફૉર્મ ઉપરજ બેઠાં છે. ઇંગ્લંડના એક કુલીન કુળમાં જન્મેલી ઉંચા પ્રકારની કેળવણી પામેલી આ સન્નારી ભરતખંડ ઉપર અગાધ પ્રેમ રાખે છે, ભરતખંડની સેવામાં તેણે પોતાનું જીવન અર્પણ કર્યું છે અને ભરતખંડને પોતાનું ઘર અને ભારતવાસીઓને તે પોતાના ભાંડુઓ માને છે. એક બીજી સુપ્રસિદ્ધ, ઉદારચરિત અંગ્રેજ મહિલાને પણ તમે ઓળખતાજ હશો. તેણે પણ હિંદુસ્તાનના કલ્યાણ અને પુનરુજ્જીવનમાટે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું છે અને એજ કાર્યમાં મચ્યા રહેવું એવું તેનું જીવનવ્રત છે. એ વિદુષી બાઇ +મિસિસ ઍની બિસેન્ટને ઉદ્દેશીને

+ સને ૧૮૯૮માં જ્યારે આ ઉલ્લેખ કરવામાં આવ્યો તે સમયે મિસિસ બિસેન્ટની પ્રવૃત્તિ માત્ર ધર્મના વિષયમાંજ હતી; પણ છેલ્લાં સાત આઠ વર્ષ થયાં એ બાઇએ ભરતખંડના કલ્યાણને લગતા બીજા અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું કહું છું તે તમે સમજીજ ગયા હશો. ગૃહસ્થો ! આજે આપણે આ પ્લાટફૉર્મ ઉપર બીજી બે અમેરિકન સન્નારીઓને જોઇએ છીએ. તેમણે પણ આવાજ પ્રકારનું જીવનવ્રત લીધું છે અને હું તમને નિશ્ચયપૂર્વક કહું છું કે તેઓ આપણા દરિદ્ર દેશની બની શકે તેટલી સેવા બજાવવાને પોતાનું જીવન અર્પણ કરી ચૂકી છે. આ પ્રસંગે હું તમને આપણા એક સ્વદેશબંધુનું સ્મરણ કરાવું છું; જેણે અમેરિકા અને ઇંગ્લંડમાં પ્રવાસ કર્યો છે, જેના ચારિત્રમાં મને ઘણી શ્રદ્ધા છે, જેને હું ઘણો ચાહું છું, જેના તરફ મારા હૃદયમાં ઘણી ભક્તિ છે, જે આપણા દેશના ઉત્કર્ષ માટે શાંતિથી, પ્રસિદ્ધિની લાલસા રાખ્યા વગર અવિરત પણે કાર્ય કર્યાજ જાય છે, જેણે આધ્યાત્મિક વિષયમાં સારી પ્રગતિ કરી છે અને જેમને એક ખાસ, અનિવાર્ય રોકાણ ન હોત તો અત્ર હાજર થયાજ હોત તે શ્રીયુત મોહિની-મોહન ચૅટરજીનું હું તમને સ્મરણ કરાવું છું. આજે ઇંગ્લંડે આપણને બ્હેન માર્ગારેટ નોબલની એક અમૂલ્ય બક્ષિસ આપી છે. એ બાઇ પાસેથી આપણે ઘણી સારી આશા રાખીએ છીએ. હવે વિશેષ ન બોલતાં હું તમને બ્હેન માર્ગારેટ નોબલનો પરિચય કરાવું છું અને હવે તે પોતાનું વ્યાખ્યાન શરૂ કરશે.

ભગિની નિવેદિતાનું મનોહર વ્યાખ્યાન પૂરું થયા પછી સ્વામીજી પુનઃ ઉભા થયા અને બોલ્યા:—

મારે હવે થોડુંજ કહેવાનું બાકી છે. આપણને આજના વ્યાખ્યાનમાંથી એક ગ્રહણ કરવા લાયક વિચાર એ પ્રાપ્ત થયો છે કે આપણે ભારતવાસીઓ પણ કાંઇક ને કાંઇક કાર્ય કરવા સમર્થ છીએ.

વિષય હાથમાં લીધા છે અને તે અર્થે તેણે જે ઉગ્ર આત્મબલિદાન આપ્યું છે તે જોતાં તો આપણે એ બાઇના વિશેષ ઋણી થઇએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદાચ ભારતવાસીઓમાંથી બંગાળીઓ એ વાતને હસી કહાડશે; પણ હું તેમ કરતો નથી. તમારામાં જાગૃતિ ઉત્પન્ન કરવી, તમને કાર્ય કરવામાટે ઉશ્કેરવા એજ મારૂં જીવનવ્રત છે. તમે અદ્વૈતવાદી હો, વિશિષ્ટાદ્વૈતવાદી હો, દ્વૈતવાદી હો કે ગમે તે વાદી હો તેની કાંઇ હરકત નથી; પણ એક વિષય જેનું આપણને કમનસીબે હમેશ વિસ્મરણ થતું આવ્યું છે તે તરફ હું તમારૂં સવિશેષ લક્ષ ખેંચવા ઇચ્છું છું. તે એ છે કે "હે માનવી! તું તારા પોતામાં શ્રદ્ધા રાખતો થા." એ ઉપાયથીજ આપણે ઇશ્વર ઉપર પણ શ્રદ્ધા રાખી શકીશું. તમે અદ્વૈતવાદી હો કે દ્વૈતવાદી હો, યોગશાસ્ત્રને માનતા હો કે શંકરાચાર્યના અનુયાયી હો, વ્યાસનું અનુસરણ કરતા હો કે વિશ્વામિત્રનું કરતા હો પણ તમે આત્મશ્રદ્ધા રાખતાં શીખો. એ આત્મવિશ્વાસના વિષયમાંજ આપણા દેશનું તત્ત્વચિંતન અન્ય દેશોના તત્ત્વચિંતનથી જુદું પડે છે. આપણા ધર્મ સિવાયના બાકીના તમામ ધર્મની અંદર આત્માને લગભગ શક્તિહીન, પામર, તુચ્છ અને જડ માન્યો છે; ત્યારે આપણે ભારતવાસીઓ આત્મા અવિનાશી છે અને અનંતકાળ સુધી તે પૂર્ણ અવસ્થામાં રહેશે, એવુંજ માનતા આવ્યા છીએ. ઉપનિષદ્‌ના ઉપદેશ આપણે હમેશ સ્મરણમાં રાખવાની જરૂર છે.

તમારા જીવનનો મહાન્ ઉદ્દેશ હમેશ યાદ રાખજો. આપણા ભારતવાસીઓ ઉપર અને વિશેષે કરીને બંગાળીઓ ઉપર પાશ્ચાત્ય ભાવનાઓની પ્રબળ અસર થએલી છે; અને તેનાવડે આપણા પ્રજાધર્મનાં મર્મસ્થાન સુધી સડો પેઠો છે. આપણે હમણાં શા કારણથી પાછળ પડી ગયા છીએ? શા કારણથી આપણામાંના નવ્વાણું ટકા જેટલા માણસો પાશ્ચાત્ય ભાવનાઓવાળા છે અને તેમનાં જીવન પાશ્ચાત્ય જીવનપ્રણાલીમય બની ગયાં છે? જો આપણે બીજી પ્રજાઓની પંક્તિમાં ગૌરવયુક્ત સ્થાન પ્રાપ્ત કરવું હોય તો આ પરદેશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્ત્વોને આપણા હૃદયમાંથી નિર્મૂળ કરવાં પડશે; પણ તેની સાથે હું તમને એમ પણ કહું છું કે જો તમે તમારી પ્રજાની ઉન્નતિ ચહાતા હો તો પશ્ચિમની પ્રજાઓ પાસેથી હજી ઘણું ઘણું શીખવાની જરૂર છે, તે વાત પણ ભૂલી જતા નહિ. આપણે તેમની પાસેથી વિજ્ઞાન અને હુન્નરકળા શીખી લેવાનાં છે. ભૌતિક શાસ્ત્રનું જ્ઞાન આપણે તેમની પાસેથી ગ્રહણ કરવાનું છે. બીજી બાજુએ તેઓને પણ આપણી પાસે ધર્મ અને આધ્યાત્મિક જ્ઞાન લેવા આવવું પડશે. આપણે હિંદુઓ જગદ્ગુરુ છીએ એટલું સારી પેઠે યાદ રાખવું. આપણે અહીં રાજનૈતિક હક માટે તથા બીજી ઘણી બાબતોમાટે કોલાહલ મચાવીએ છીએ એ બધું ઠીક છે; પણ એટલું યાદ રાખજો કે રાજનૈતિક હક, સન્માન, અનુકૂળતાઓ એ બધું દોસ્તીના સંબંધદ્વારાજ પ્રાપ્ત થાય છે અને દોસ્તી હમેશ સમાન પદ્વીના અને સન્માન યોગ્યતાવાળા માણસો વચ્ચેજ થઇ શકે છે. એમાંથી એક પક્ષ હમેશ ભિખારીની માફક 'ભિક્ષાં દેહિ' જ કર્યા કરે તો તેવાની સાથે સામો પક્ષ મૈત્રી કરે ખરો કે? એ બધું મોંએ મોંએ બોલી જવું એમાં કાંઇ મુશ્કેલ નથી પણ હું તમને કહું છું કે અન્યોન્ય સહાયતા આપ્યા વગર, આપ લે કર્યા વગર આપણે કદિ પણ સફળ થઇ શકીશું નહિ; માટેજ હું તમને કહું છું કે તમે અમેરિકા અને ઇંગ્લંડમાં જજો પણ ભિખારી થઇને ન જતા. ધર્મગુરુ બનીને જજો. વિનિમય-આપલે-નો નિયમ તમારે જેમ બને તેમ અમલમાં મૂકવો. જો તમે પશ્ચિમની પ્રજાઓ પાસેથી આ લોકમાં સુખ અને આરામ મેળવવાનાં સાધનો શીખો તો તેના બદલામાં અનંતકાળ પર્યંત સુખ અને આનંદ પ્રાપ્ત કરવાના ઉપાય તેમને બતાવજો.

તે ઉપરાંત સમગ્ર માનવજાતિના કલ્યાણને અર્થે પ્રયાસ કરજો. તમારા સાંકડા વિચારો, તમારી સંકુચિત ભાવનાઓ છોડી દો. તમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપમતલબી જુના વિચારોને રજા આપો. દરેકને માટે મરણ તો સરજાયુંજ છે. હું તમને એક અદ્‌ભુત ઐતિહાસિક સત્ય કહું છું તે વિશેષે કરીને સ્મરણમાં રાખજો કે **એક સમય એવો આવશે કે આખા જગતની પ્રજાઓ ભરતખંડના ચરણપાસે શિષ્ય ભાવે બેસવા આવશે અને તેના સાહિત્યમાં સચવાયલાં સનાતન સત્યોનો ઉપદેશ ગ્રહણ કરશે.** ભરતખંડનો કદિ પણ વિનાશ થવાનો નથી. ચીનનો, જાપાનનો કદિ વિનાશ થવાનો નથી. માટે આપણા જીવનનો મેરૂદંડ આપણી આધ્યાત્મિક ભાવનાઓ છે, એ વાત સારી પેઠે યાદ રાખજો. હવે તેનું સ્મરણ રહે અને આપણે તદનુસાર વર્તન કરીએ તે માટે આપણને એક માર્ગદર્શકની જરૂર છે. જે માર્ગે વિચરણ કરવાનું હું તમને હમણાં કહી ગયો છું તે માર્ગ બતાવનાર ભોમીઆની બહુ જરૂર છે. એ ગુરુ તે બીજો કોઇ નહિ પણ તમારા ધર્મના ઉચ્ચપણામાં અને તમારા પોતામાં પ્રબળ શ્રદ્ધા એજ છે. જો તમારામાંથી કોઇ આ વાત ઉપર શ્રદ્ધા નહિ કરે, આપણો હિંદુ ધર્મ શુદ્ધ આધ્યાત્મિક ભાવનાથી ભરપુર છે એ વાત નહિ માનનારો કોઇ છોકરોજ આ સભામાં હાજર હોય તો હું તેને કહીશ કે તું હિંદુ નથી. એક વખત કાશ્મીરના એક ગામડામાં મને એક વૃદ્ધ મુસલમાન બાઇનો મેળાપ થયો હતો. મેં તેને નમ્રતાપૂર્વક પૂછ્યું; "બાઇ ! તમે કયો ધર્મ પાળો છો ?" તેણે પોતાની ભાષામાં ગૌરવ યુક્ત જવાબ આપ્યો; "ઇશ્વરને ધન્યવાદ આપો ! તેની કૃપાથી હું મુસલમાની છું." મેં પાસે બેઠેલા એક હિંદુને તેજ સવાલ પૂછ્યો ત્યારે તેણે સાદોજ ઉત્તર આપ્યો કે; "હું હિંદુ છું." મને કઠોપનિષદ્‌નો ભવ્ય શબ્દ **શ્રદ્ધા**–અદ્‌ભુત વિશ્વાસ, અત્યારે યાદ આવે છે. નચિકેતાના જીવનમાં શ્રદ્ધાનું ખરૂં તત્ત્વ–આત્મશ્રદ્ધાનો ખરેખરો જુસ્સો જોવામાં આવે છે. એ શ્રદ્ધાનો–એ યથાર્થ, નિર્મળ શ્રદ્ધાનો સિદ્ધાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રચલિત કરવો એ મારૂં જીવનવ્રત છે. હું તમને ફરીથી કહું છું કે આ શ્રદ્ધા સમગ્ર માનવજાતિનું તેમજ સર્વ ધર્મનું મુખ્ય અંગ છે. પ્રથમ તમે આત્મશ્રદ્ધા પ્રાપ્ત કરો. ધારો કે કદાચ એક વ્યક્તિ સમુદ્રના ક્ષુદ્ર પરપોટા જેવી અને બીજી પર્વત જેવા વિશાળ મહામોજ જેવી હોય; પણ પરપોટો અને મહામોજ, એ બેઉની પાછળ તેમના બેઉના આધારરૂપ અનંત મહાસાગર રહેલો છે, તેથી દરેક વ્યક્તિને માટે સારી આશા રાખી શકાય છે. મુક્તિનું દ્વાર દરેકને માટે ખુલ્લું છે. દરેકને વહેલાં મોડાં માયાનાં બંધનમાંથી મુક્ત તો થવુંજ પડશે. આ આપણું પ્રથમ કર્તવ્ય છે. અનંત આશામાંથી અનંત મહેચ્છા જન્મ પામે છે. જો એ આત્મશ્રદ્ધાનો આપણા હૃદયમાં ઉદય થશે તો વ્યાસ અને અર્જુનનો સમય-જ્યારે માનવજાતિના પરમ કલ્યાણને લગતાં ભવ્ય સિદ્ધાંતોનો પ્રચાર થયો હતો તે સમય-તમે ફરીથી આપણા પ્રજાજીવનમાં લાવી શકશો. આધ્યાત્મિક અંતર્દ્રષ્ટિમાં તેમજ આધ્યાત્મિક ભાવનામાં આપણે ઘણાજ પાછળ પડી ગયા છીએ. ભરતખંડ પાસે આધ્યાત્મિકતાનો કદિ પણ ન ખુટે તેવો ભંડાર છે-. હજી પણ છે. તેને લીધેજ-તેના આધ્યાત્મિક મહત્વને લીધેજ ભરતખંડને બીજી પ્રજાઓમાં શ્રેષ્ઠ સ્થાન મળે છે. જો દંતકથાઓ અને આશાઓ વિશ્વાસપાત્ર હોય તો જરૂર ભૂતકાળના યશસ્વી દિવસ પાછા આવશે; પણ તેનો આધાર તમારા ઉપર છે.

હે બંગ દેશના યુવાનો ! તમે ધનવાન અને મોટા કહેવાતા લોકોનાં મોં સામે જોયા ન કરો. જગતમાં જે મહત્ કાર્યો થયાં છે તે સઘળાં નિર્ધન લોકોએજ કર્યાં છે. હે બંગ દેશના નિર્ધન લોકો ! તમે જાગૃત થાઓ. તમે ધારો તે કાર્ય કરવા સમર્થ છો. તમારેજ બધું કરવાનું છે. તમે નિર્ધન હશો તોપણ તમારે પગલે ચાલવા માટે ઘણા તૈયાર થશે. દૃઢ થાઓ અને તે ઉપરાંત સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે નિષ્કપટ થાઓ. તમારા ઉજ્જવલ ભવિષ્યમાં શ્રદ્ધા રાખો. બંગ-દેશના યુવાનો ! હિંદુસ્તાનનો ઉત્કર્ષ તમારેજ કરવાનો છે. તમે આ વાત માનો યા ન માનો તોપણ તે જરૂર યાદ રાખજો. આ કાર્ય આજકાલમાંજ થઇ જશે એવી ભ્રાંતિમાં પડતા નહિ; પણ એ વાત બનશે એ તો ચોક્કસજ છે. જેટલી શ્રદ્ધા મને મારા દેહના–મારા પોતાના અસ્તિત્વમાં છે તેટલીજ મને આ પરિણામ ઉપર છે. તેથીજ, હે બંગ દેશના યુવાનો ! મારૂં હૃદય તમારા તરફ આકર્ષાય છે. તમે નિર્ધન છો માટેજ હું તમારા ઉપર આધાર રાખું છું. તમારી પાસે પૈસા નથી તેથીજ તમે કામ કરી શકશો. તમારી પાસે કાંઇજ નથી તેથીજ તમે નિષ્કપટ થઇ શકશો અને નિષ્કપટ થવાથી તમે સર્વસ્વનો ત્યાગ કરતાં અચકાશો નહિ. એજ વાત હું તમને હમણાં કહેવા માગું છું; માટેજ હું તમને ફરી ફરીને કહું છું કે આજ તમારૂં જીવનવ્રત હો અને એજ મારૂં પણ જીવનવ્રત છે. તમે ગમે તે ધર્મ પાળતા હો, તમે ગમે તે દાર્શનિક મતને માનતા હો તેની મને દરકાર નથી, હું તો અત્યારે એટલુંજ સાબિત કરવા માગું છું કે માનવ જાતિની પૂર્ણતા પ્રત્યે અનંત શ્રદ્ધાના પ્રેમસૂત્રથી આપણે બધા ભારતવાસીઓ ગૂંથાયલા છીએ. એ શ્રદ્ધાનો આખા દેશમાં પ્રચાર કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંન્યાસનો આદર્શ અને વ્યાવહારિક સ્વરૂપ.

[ત્યાર પછી સ્વામીજીની પ્રકૃતિ અસ્વસ્થ હોવાને લીધે તેમનાથી ઠેકાણે ઠેકાણે ફરીને વ્યાખ્યાન આપવાનું બની શક્યું નહિ. સંન્યાસીઓને-માટે મઠ વગેરેની સ્થાપના કરી શિષ્યોને અધ્યયન કરાવવાના તથા એવા પ્રકારનાં બીજાં કેટલાંક કાર્ય કરવામાં તેમનો સમય જતો હતો અને ૧૮૯૯ ના જૂન માસની ૨૦ મી તારીખે તેમણે બીજી વાર અમેરિકા તરફ પ્રયાણ કર્યું; તેને પહેલે દિવસે એટલે ૧૯ મી તારીખે બેલુડમઠમાં સાંજના તેમના શિષ્યો અને ગુરુભાઇઓની એક સભા ભરવામાં આવી હતી. એ સભા સમક્ષ સ્વામીજીએ અંગ્રેજીમાં ટુંકું વ્યાખ્યાન આપ્યું હતું. ઉપર્યુક્ત મઠની ડાયરીમાં તેનો સારાંશ નોંધી લીધેલો છે. તેનો અનુવાદ નીચે મુજબ છે.]

મારા બંધુઓ અને સંતાનો !

આ સમય લાંબુ ભાષણ આપવાનો કે વક્તૃત્વશક્તિ બતાવવાનો નથી. માત્ર મારે તમને કેટલીક બાબતો સંક્ષેપમાં કહેવાનો વિચાર છે અને હું આશા રાખું છું કે તમે તે પ્રમાણે અમલ કરશો. પ્રથમ તો આપણો (સંન્યાસીનો) આદર્શ શો છે તે સમજી લેવું જોઇએ; અને તેને વ્યવહારમાં કેવી રીતે પરિણત કરી શકાય તેના ઉપાય શોધવા જોઇએ. તમારામાંથી જેમણે સંન્યાસવ્રત લીધું છે તેમણે બીજાના કલ્યાણને માટે પરિશ્રમ કરવાનો છે—કારણ કે સંન્યાસી શબ્દના અર્થમાંજ એવો ભાવ રહેલો છે. " ત્યાગ " વિષે લાંબુ વ્યાખ્યાન આપવાનો અત્યારે સમય નથી—હું માત્ર તેનું લક્ષણ તમને સંક્ષેપમાં કહી જાઉં છું. હું સંન્યાસનો અર્થ " મૃત્યુ પ્રતિ પ્રેમ રાખવો " એવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરૂં છું. **સંસારી લોકોનેજ જીવવું ગમે છે. સંન્યાસીને તો મરણ પ્રિય લાગવું જોઇએ;** એટલે શું આપણે આત્મહત્યા કરવી? બિલકુલ નહિ. કારણ કે જેઓ આત્મહત્યા કરે છે તેઓ ખરૂં જોતાં મૃત્યુને ઇચ્છિતા નથી. એવું ઘણીવાર જોવામાં આવે છે કે આત્મહત્યા કરવામાં એક વાર નિષ્ફળતા મળતાં આત્મહત્યા કરનાર કદિ બીજી વાર તેવું કામ કરતોજ નથી. ત્યારે મૃત્યુને ચહાવું એનો અર્થ શો? તાત્પર્ય એ છે કે આપણ સર્વને માટે મરણ તો સરજાયલુંજ છે. મરણના કરતાં વધારે નિશ્ચયપૂર્વક બનાવ બીજો હોઇ શકેજ નહિ. ત્યારે કોઇ મહાન શુભ ઉદ્દેશને માટે આપણું જીવન અર્પણ કરીએ તો કેમ? **આપણે આહાર, અધ્યયન વગેરે જે કાંઇ કરીએ તે સર્વ આપણને આપણી જાતના બાલિદાન તરફ પ્રેરે એવા ઉદ્દેશથીજ કરવાં જોઇએ.** તમે શરીરની પુષ્ટિને અર્થે આહાર કરો છો, પણ જો તમે બીજાના કલ્યાણને માટે શરીરનું બલિદાન આપવા તૈયાર ન થઈ શકો તો પછી શરીરની પુષ્ટિનું તમારે શું પ્રયોજન છે? તમે પુસ્તકોનું અધ્યયન કરીને તમારા મનને સતેજ રાખો છો પણ જો તમે પારકાના કલ્યાણને માટે તમારા જ્ઞાનનો ઉપયોગ ન કરી શકતા હો તો તમારા અભ્યાસનું શું પ્રયોજન છે? કારણ કે આખું જગત એક અખંડ સત્તાસ્વરૂપ છે; તમે તેના એક અલ્પ અંશ માત્ર છો. માટે તમારા ક્ષુદ્ર અહંભાવનો ત્યાગ કરીને તમારા કરોડો બંધુઓની સેવા કરવી એજ તમારૂં કર્તવ્ય છે. તમે તેમ નહિ કરો તો કુદરતના મહાન નિયમનો ભંગ કર્યાનો અપરાધ કરશો. ઉપનિષદ્‌ના ભવ્ય આદેશનું તમને સ્મરણ છે કે?

सर्वतः पाणिपादं तत् सर्वतोऽक्षिशिरोमुखम् ॥
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥

આ પ્રમાણે તમારે ધીરે ધીરે દેહભાવનો–અહંભાવનો ત્યાગ કરવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તમારે માટે શરીરભાવનું મૃત્યુ એજ સ્વર્ગ છે. મૃત્યુમાંજ તમામ પ્રકારનું કલ્યાણ રહેલું છે; એથી વિપરીત અવસ્થામાં અકલ્યાણ અને આસુરિપણુંજ છે.

હવે એ આદર્શને કેવી રીતે વ્યાવહારિક સ્વરૂપ આપવું તેનો વિચાર કરીએ. પ્રથમ તો તમારે હમેશ સ્મરણમાં રાખવું કે તમે અસંભવિત આદર્શ રાખશો તો ચાલશે નહિ. અત્યંત ઉચ્ચ આદર્શથી પ્રજા દુર્બળ અને હીનસત્વ થઇ જાય છે. બૌદ્ધો અને જૈનોના ધર્મસંસ્કારની પછીના જમાનામાં એ પ્રમાણેજ બન્યું હતું. બીજી બાજુએ અત્યંત શુષ્ક કાર્યવાહક થવામાં પણ લાભ નથી. જો તમારામાં જરા પણ કલ્પનાશક્તિ નહિ હોય, જો તમારી વૃત્તિઓને નિયમમાં રાખનાર એક પણ આદર્શ તમારી સમક્ષ નહિ હોય તો તમે કેવળ પશુની કોટિમાં આવી જશો; માટે **તમારે આદર્શને કદિ પણ હલકો કરવો નહિ તેમ એકલા આદર્શનાજ ચિંતનમાં પડીને કાર્યને ભૂલી જવું નહિ.** આપણે બેઉ "અત્યંત" (Extreme) નો ત્યાગ કરીને કલ્પનાશક્તિ અને વ્યવહારકુશળતાની વિચારપૂર્વક મેળવણી કરવી જોઇએ.

આપણા લોકોની એક માન્યતા એવી છે કે એક ગુફામાં બેસીને ધ્યાન કરતાં કરતાં મરી જવું, પણ તમારે વહેલાં મોડાં જાણવુંજ પડશે કે બીજાઓની અગાઉ મુક્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરવી એ મોટી ભૂલ છે. જો તમે તમારા પોતાના બંધુઓને મુક્ત કરવાને યત્ન નહિ કરો તો તમે કદિ પણ મુક્ત થઇ શકશોજ નહિ. **તમારા જીવનમાં પ્રબળ આદર્શપરાયણતા સાથે પ્રબળ કાર્યકુશળતાનો યોગ કરી દેવો જોઇએ.** ગંભીર ધ્યાનધારણા કરવાને તમે તૈયાર થજો, પણ બીજીજ પળે સામેના ખેતરમાં જઇને જમીન ખેડવાને પણ તૈયાર રહેજો. (આ વાક્ય બોલતાં સ્વામીજીએ મઠનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતરો તરફ આંગળી કરી હતી.) શાસ્ત્રની કઠણમાં કઠણ બાબતો લોકોને સમજાવવા તૈયાર રહેજો. પણ બીજીજ પળે તમારા ખેતરનો પાક વેચવાને બજારમાં જતાં પણ અચકાતા નહિ. માત્ર અહીંજ નહિ પણ **જ્યાં જાઓ ત્યાં હલકામાં હલકું કામ કરવાને-જરૂર પડે તો લોકોનાં મળમૂત્ર ઉઠાવવાને*** પણ તૈયાર રહેવું જોઇએ.

બીજી બાબત તમારે હમેશ એ યાદ રાખવી કે આ મઠનો ઉદ્દેશ મનુષ્ય તૈયાર કરવાનો છે. ઋષિપ્રણીત શાસ્ત્રોનું અધ્યયન કરીને સંતોષ માનવાનો નથી. તે ઋષિઓ ચાલ્યા ગયા અને તેમની સાથે તેમના મતમતાંતરો પણ ચાલ્યા ગયા છે. **હવે તો તમારે પોતે જ ઋષિ થવું પડશે.** તમે મનુષ્યો છો-જેવા મહર્ષિઓ મનુષ્યો હતા, જેવા આપણા અવતારી પુરૂષો પણ મનુષ્યો હતા, તેવા તમે પણ મનુષ્યો છો. તમારે તમારા પોતાના પગ ઉપર ઉભા રહેતાં શીખવું જોઇએ. કેવળ શાસ્ત્રનું અધ્યયન કર્યાથી કાંઇ પણ વળનાર નથી. ધ્યાનધારણા કર્યાથી પણ કેટલે દરજ્જે લાભ થનાર છે? મંત્રતંત્રથી પણ શું વળનાર છે? તમારે તો આ નવીન પદ્ધતિ-ખરેખરા મનુષ્ય બનાવવાની પદ્ધતિ ગ્રહણ કરવાની છે. **મનુષ્ય તો તેનેજ કહેવાય કે જે સાક્ષાત્ બળની મૂર્તિ જેવો બળવાન હોય, છતાં તેનું હૃદય એક સુકોમળ સ્ત્રીના હૃદય જેવું મૃદુ હોય.** તમારી આસપાસ જે લાખો માણસો વસે છે તેમને માટે તમારા હૃદયમાં સહાનુભૂતિ ઉત્પન્ન થવી જોઇએ. તેની સાથે તમે તમારા નિશ્ચયમાં અત્યંત દૃઢ અને અડગ હોવા જોઇએ. વળી એટલું પણ યાદ રાખજો કે તમારામાં સ્વતંત્રતાનો જુસ્સો અને તેની સાથે આશાંકિતપણું,

* વૃંદાવન, હરદ્વાર વગેરે સ્થાનોમાં રામકૃષ્ણ મિશનના સેવાશ્રમોમાં આ આદર્શ સચવાય છે. ત્યાંના વિદ્વાન સંન્યાસીઓ દરદીને સાક્ષાત્ નારાયણ સમજીને તેમનાં મળમૂત્ર ઉઠાવે છે. ભા. ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઉ હોવાં જોઇએ. તમને કદાચ આ કથનમાં પરસ્પર વિરુદ્ધ જેવું લાગશે પણ એ બેઉ વિરુદ્ધ ગુણનો તમારામાં યોગ કરવાની જરૂર છે. *જો તમારો અધ્યક્ષ તમને નદીમાં ભૂસકો મારીને મગરને પકડવાની આજ્ઞા કરે તો તેના મોંમાંથી આજ્ઞા નીકળતાંની સાથે જ તેનો અમલ કરવો; અને તેનું કારણ વગેરે પૂછવાં હોય તો પછી જ પૂછી લેવાં. જો તેમનો આદેશ કદિ ગેરવાજબી હોય તોપણ પ્રથમ તેમની આજ્ઞાનું પાલન કરો અને પ્રતિવાદ કરવો હોય તો પછી જ કરજો. આપણા દેશના સંપ્રદાયોમાં અને ખાસ કરીને બંગાળામાં એક એવો ખાસ દોષ છે કે અમુક મંડળમાં કોઇનો મત જરાક જુદો પડયો એટલે તરત તે નવોજ પંથ ચલાવવા મંડી જાય છે. તેમનામાં પરમતસહિષ્ણુતા અને ધૈર્ય છે જ નહિ; માટે હું તમને કહું છું કે જે **સંઘમાં** તમે જોડાયા છે તેનામાં તમે ઉંડી શ્રદ્ધા રાખજો. આજ્ઞાનું પાલન ન કરે એવા માણસોની આપણી સંસ્થામાં જરૂર જ નથી. જો કોઇ એવા હોય તો તેમને સખ્ત દિલના થઇને સંઘની બહાર કહાડી મૂકજો. વિશ્વાસઘાતક દ્રોહીઓ પણ આપણામાં ન જ રહેવા જોઇએ. તમે વાયુના જેવા સ્વતંત્ર પણ વૃક્ષ તથા કુતરાના જેવા નમ્ર અને આજ્ઞાધીન હોવા જોઇએ.

---

*એક વાર રશિયા સાથેના યુદ્ધમાં અંગ્રેજ સેનાપતિએ ભૂલમાં ખોટી આજ્ઞા આપી–સિપાઈઓને તોપોનાં મોં સામે ધસી જવાને હુકમ કર્યો અને તેઓ તત્કાળ ધસી ગયા. તેમને વિષે અંગ્રેજ કવિ ટેનીસન લખે છે કેઃ—

Their's not to reason why,
Their's to do and die.

તેમનો ધર્મ કારણ પૂછવાનો ન હતો, તેમનો ધર્મ તો ફરજ બજાવતાં પ્રાણની આહુતિ આપવાનો હતો." ભા. ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું શું શીખ્યો છું.

(સ્વામિજી અમેરિકાથી લગભગ દોઢ વર્ષે હિંદુસ્તાન પાછા આવ્યા ત્યારે પ્રથમની માફક ધામધુમ સાથે નહિ પણ ગુપ્તપણે આવ્યા હતા. અત્યંત પરિશ્રમને લીધે તેમનું શરીર છેક લેવાઈ ગયું હતું. તબીયત જરાક સુધરતાં તેઓએ ઢાકા અને આસામ પ્રાંતના ગૌહાટીમાં જઈ થોડાંક વ્યાખ્યાન આપ્યાં હતાં. તેમનો સવિસ્તર હેવાલ તો મળી શકતો નથી; માત્ર ઢાકાથી તેમના કેટલાક શિષ્યોએ " ઉદ્બોધન " નામના માસિક પત્ર માટે હેવાલ લખી મોકલ્યો હતો; તે માસિકમાંથી ઉતારો આપીને આ ગ્રંથ સમાપ્ત કરવામાં આવે છે.)

(૧૯૦૧ ના માર્ચ માસમાં ઢાકામાં આપેલું ભાષણ)

હું નાના પ્રકારના દેશ વિદેશમાં ભ્રમણ કરી આવ્યો છું પણ મારી જન્મભૂમિ બંગદેશના આ ભાગવિષે હું ઝાઝું જાણતો ન હતો. તેમજ આ પ્રદેશની વિસ્તીર્ણ નદીઓ, વિશાળ ફળદ્રૂપ મેદાનો અને રમણીય ગામડાં, એ સર્વ મનોરમ દૃશ્યો જોવાનો પ્રસંગ મને કદિ પ્રાપ્ત થયો ન હતો; તેથી કરીને મને અહીં આવીને આ સર્વ જોતાં જે આનંદ પ્રાપ્ત થયો છે તે હું તમારી સમક્ષ કૃતજ્ઞતાપૂર્વક જાહેર કરૂં છું. હું જાણતો ન હતો કે મારી જન્મભૂમિના જળમાં તેમજ સ્થળમાં આટલી સુંદરતા, આટલી મોહકતા રહેલી છે; પણ અત્ર આવ્યાથી મને મુખ્ય લાભ એ થયો છે કે જગતના જુદા જુદા દેશો જોઇ આવ્યા પછી હું મારી માતૃભૂમિની રમણીયતા વિશેષ આનંદ સાથે અનુભવી શકું છું. તેજ પ્રમાણે ધર્મવિષયક સત્યના અનુસંધાનમાટે હું અનેક સંપ્રદાયો જોઈ વળ્યો છું. +મેં

+આ ટીકા બ્રહ્મોસમાજને ઉદ્દેશીને છે. કેશવચંદ્રસેનવાળી સમાજમાં હિંદુ કરતાં ખ્રિસ્તી ધર્મનાં તત્ત્વો વિશેષ છે. સ્વા. વિવેકાનંદ વાયુવસ્થામાં એ સમાજના સભાસદ હતા. ભા૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા સંપ્રદાયોનો અનુભવ લીધો છે કે જેમણે વિદેશી પ્રજાઓની ભાવનાઓને પોતાની માની લીધી છે: મેં પોતે પણ પારકા ધર્મને બારણે જઈ સત્યને માટે 'ભિક્ષાં દેહિ' નો પોકાર કર્યો હતો; કેમકે હું નહોતો જાણતો કે મારા પોતાનાજ દેશનો ધર્મ, આપણો પ્રજા-ધર્મ આવો રમણીય અને ભવ્ય છે. હિંદુ ધર્મ જગતના બીજા તમામ ધર્મો કરતાં આત્માને વિશેષ શાંતિ અને તૃપ્તિ આપી શકે એવો છે તે મને કંઇક પાછળથીજ માલુમ પડ્યું હતું. આથી કરીને હું શ્રદ્ધાસંપન્ન છતાં પણ મારા કેટલાક સ્વદેશબાંધવોને આપણા ધર્મની ઉપેક્ષા કરતા જોઉં છું ત્યારે મને અત્યંત ખેદ થાય છે. આપણા મહિમાવાન દેશમાં યુરોપિયન ભાવનાઓનો પ્રચાર થવાથી ધર્મ-ભાવનાને અત્યંત પ્રતિકૂળ નીવડે એવા નિરીશ્વરવાદ અથવા અજ્ઞેય-વાદમાંજ કેટલાક કેળવાયલા લોકો પોતાનું જીવન પસાર કરે છે.

વર્તમાન સમયમાં પણ આપણા દેશમાં એવા ધર્મસુધારકો છે કે જેઓ હિંદુ પ્રજાનો પુનરુદ્ધાર કરવાના ઉદ્દેશથી આપણા ધર્મને પુનઃ સુવ્યવસ્થિત કરવાનો યત્ન કરે છે; પરંતુ તે તેમના પ્રયાસનું પરિણામ સુવ્યવસ્થાને ઠેકાણે દુર્વ્યવસ્થા ઉત્પન્ન કરે છે. બેશક, તે-મનામાં ઘણા વિચારશીલ પુરુષો છે; પણ પોતે શું કરે છે અને તેનું પરિણામ શું આવશે તેનો કશોજ વિચાર કર્યા વગર કેવળ અંધ-શ્રદ્ધાથીજ, બીજાઓનું અનુકરણ કરે એવા પણ ઘણા માણસો છે. આ પ્રકારના સુધારકોને આપણા ધર્મની અંદર વિદેશી તત્ત્વો દાખલ કરવાની ઘણી હોંસ છે. તેઓ એક "મૂર્તિપૂજા" ને પકડી બેઠા છે અને હિંદુ ધર્મ મૂર્તિપૂજન કરવાનો આદેશ કરે છે માટે તે અસત્ય છે એમ ઠરાવી દે છે. આ મૂર્તિપૂજાનું સ્વરૂપ કેવું છે, તે સારૂં છે કે નઠારૂં છે, તેની તપાસ કરવાની તેઓ તસ્દીજ લેતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્ર એક " મૂર્તિપૂજા " શબ્દના આધારથીજ હિંદુ ધર્મ અસત્ય છે એમ કહીને તેઓ તેને વગોવી નાખવા મથે છે. વળી આપણે ત્યાં એક બીજો એવો વર્ગ છે કે જેઓ દરેક હિંદુ આચારનું દરેક ધર્મક્રિયાનું રહસ્ય હાલના સાયન્સને આધારે લોચા લાપસી વાળીને સમજાવવાનો યત્ન કરે છે. તેમના મત પ્રમાણે બધામાંજ સાયન્સ છે. જ્યાં હોય ત્યાં વિજળી, ચુંબક, આંદોલન અને એવી એવી બાબતોજ તેઓ લાગુ પાડી દે છે. કદાચ જતે દહાડે તેઓ ઇશ્વરને પણ વિજળીનાં આંદોલનના સમૂહ તરીકે ઠોકી બેસાડે તો તેમાં નવાઇ પામવાજેવું નથી ! ભલે, જગન્માતા તેમના ઉપર કૃપા કરો ! તરેહ તરેહની પ્રકૃતિવાળાં મનુષ્યોદ્વારા તેજ પોતાનું ધાર્યું કાર્ય કરાવી લેતી હશે.

આ બેઉ વર્ગથી ઉલટો એક પ્રાચીન સંપ્રદાય છે. તેઓ કહે છે કે " ભાઈ ! મને તમારા પાંડિત્યમાં, તમારા સાયન્સમાં કશી સમજ પડતી નથી અને સમજવાની કશી દરકાર પણ નથી. અમારે તો ઇશ્વરનું કામ છે, આત્માનું કામ છે. અમારે તે ઇન્દ્રિયાતીત પ્રદેશમાં જવાનું છે કે જ્યાં જગત નથી, જ્યાં સુખદુઃખનાં દ્વંદ્વો નથી, જ્યાં સચ્ચિદાનંદ વિના બીજું કાંઈ છેજ નહિ. " તેઓ તમને કહેશે કે " ગંગામાં સ્નાન કર્યાથી મુક્ત થવાય છે, એ અમે શ્રદ્ધાપૂર્વક માનીએ છીએ. " અનન્ય ભાવથી, અનન્ય શ્રદ્ધાથી રામ, શિવ, વિષ્ણુ, એવા ઇશ્વરના કોઇ પણ સ્વરૂપની ઉપાસના કર્યાથી મોક્ષ થશેજ એમ અમે માનીએ છીએ. એ સુદૃઢ, શ્રદ્ધાસંપન્ન પ્રાચીન સંપ્રદાય મને માન્ય છે એમ હું ગર્વસહિત કહી શકું છું. વળી એક ત્રીજા પ્રકારના મનુષ્યો પણ મારા જોવામાં આવ્યા છે. તેઓ કહે છે કે, સંસારમાં પણ રચ્યાપચ્યા રહો અને સાથે સાથે જરા ઇશ્વરનું પણ ભજન કરતા રહો. હું કહું છું કે તેઓ દંભી છે. તેઓ પોતાના હૃદયની ઇચ્છા જાહેર કરવાની હિંમત ચલાવતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(લોકોની હા એહા કરી પોતામાંના ટકા ઉપજાવીને પૈસા તથા પૂજા તેમને મેળવવી હોય છે) એ વિષે સાધુ પુરુષોનું શું કથન છે ?

રામ તહાં નહિ કામ હૈ, કામ તહાં નહિ રામ;
એક સાથ દોઉ ના મિલે, રવિરજની એક ઠામ.

અલબત્ત, જેના હૃદયમાં ઈશ્વરપ્રેમ જાગૃત થયો છે ત્યાં સંસારવાસના રહી શકેજ નહિ. જ્યાં સૂર્ય છે ત્યાં અંધકાર હોઇ શકેજ નહિ. માટેજ સાધુ મહાત્માઓ કહે છે કે જો તમારે ઈશ્વરની પ્રાપ્તિ કરવી હોય તો કાંચન કામિનીનો ત્યાગ કરો. विषयं विषवत् त्यज । વિષયનો વિષની માફક ત્યાગ કરો. આ સંસાર શૂન્ય છે, પોકળ છે, અસ્તિત્વરહિત છે. તમે ગમે તેટલાં ફાંફાં મારો પણ સંસારનો× ત્યાગ કર્યા વિના તમે કદિ ઈશ્વરને પામી શકશોજ નહિ. જો તમે તેમ ન કરી શકતા હો તો સાફ કહેજો કે અમે એટલા કાચા અને નિર્બળ છીએ; પણ અમે સંસારમાં રહ્યા છતાં ઈશ્વરમાંજ મન રાખીએ છીએ એવો વૃથા દંભ નહિ કરતા. તમારી મિથ્યા બડાઈ મનાવવાને ખાતર ત્યાગના ભવ્ય આદર્શને હલકો ન પાડતા, મુડદાને સોનાના વરખથી ઢાંકવાનો પ્રયત્ન કરતા નહિ. મહાત્માઓ આદેશ કરી ગયા છે કે જો તમારે આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવી હોય, ઈશ્વરનું દર્શન કરવું હોય તો તમારૂં પહેલું કર્તવ્ય એ છે કે તમારા પોતાનાજ વિચાર સાથે સંતાકુકડીની રમત રમવી છોડી દો. તમારી જાતને ઠગો નહિ. તમારો દંભ, તમારા પોતાના જ વિચારના પ્રદેશમાં તમે જે ચોરી, દગલબાજી કરો છો તે છોડી દો.

હું શું શીખ્યો છું ? આ પ્રાચીન સંપ્રદાય પાસેથી હું કયો ઉપદેશ પામ્યો છું. હું શીખ્યો છું કે.—

× સંસારવિષયક કામનાઓનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दुर्लभं त्रयमेवैतत् देवानुग्रहहेतुकम् ॥
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥

" આ ત્રણ પદાર્થ દુર્લભ છે. તે માત્ર ઈશ્વરની કૃપાથીજ પ્રાપ્ત થાય છે. એક તો મનુષ્યજન્મ, બીજું મુમુક્ષુપણું અને ત્રીજો મહાત્માનો સમાગમ. "

પ્રથમ તો મનુષ્યત્વ–મનુષ્યજન્મ થવો જોઇએ; કારણ કે મુક્તિને પ્રાપ્ત કરવાનો સુયોગ મનુષ્યજન્મદ્વારાજ થાય છે. બીજું જરૂરનું સાધન મુમુક્ષુત્વ છે. જો કે આપણા દેશમાં ચાલતા ભિન્ન ભિન્ન સંપ્રદાયોમાં ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની પદ્ધતિમાં ફેર છે; જો કે અમુક વ્યક્તિઓ એવું પણ પ્રતિપાદન કરે છે કે જ્ઞાન પ્રાપ્ત કરવાનો અમારો અધિકાર બીજાઓ કરતાં વિશિષ્ટ પ્રકારનો છે અને અમારાં સાધન સર્વોત્તમ છે; જો કે મનુષ્યો વચ્ચે અધિકાર પરત્વે ઘણો ભેદ જોવામાં આવે છે; તોપણ સામાન્ય રીતે, અસ્ખલિત પણે કહી શકાય છે કે **મુમુક્ષુતા વિના ઈશ્વરનો સાક્ષાત્કાર થઇ શકેજ નહિ.** એ **મુમુક્ષુતા** એટલે શું ? મોક્ષને માટે પ્રબળ ઉત્કંઠા–સુખ દુઃખના સામ્રાજ્યમાંથી મુક્ત થવાની ઉત્કટ ઇચ્છા–આ સંસાર પ્રત્યે પૂર્ણ વૈરાગ્ય–જ્યારે ઈશ્વરનું દર્શન કરવાની આવી અદમ્ય લાલસા જાગે ત્યારેજ તમારે જાણવું કે હવે આપણે પરમાત્માનો સાક્ષાત્કાર કરવાને અધિકારી થયા છીએ. ત્રીજી જરૂરની બાબત **મહાત્માઓનો સમાગમ** છે. સાધુ પુરુષો જેમણે પરમતત્ત્વની પ્રાપ્તિ કરી લીધી છે તેમના જીવન અનુસાર આપણા જીવનનું ગઠન કરવાનો સુયોગ એવા પુરુષોના સમાગમથીજ પ્રાપ્ત થાય છે, તીવ્ર વૈરાગ્ય અને ઈશ્વરદર્શનની પ્રબળ ઉત્કંઠા એ બે પણ પૂરતાં નથી. ગુરુદ્વારા દીક્ષા લેવાની પણ જરૂર છે. કેમકે અસ્ખલિતપણે, જમાના ને જમાના થયાં ગુરુપરંપરાથી ચાલી આવેલી એક અદ્ભુત શક્તિના ભંડારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે ગુરુદ્વારા આપણું જોડાણ થાય છે. સાધકે પોતાના ગુરુને અથવા આચાર્યને પોતાનો પરમ ઉપદેશક, પરમ બંધુ અને માર્ગદર્શક ગણવો જોઇએ. ગુરુની દીક્ષા આધ્યાત્મિક માર્ગમાં પ્રગતિ કરવાને પરમ આવશ્યક અને અનિવાર્ય સાધન છે.

પણ ખરો પ્રશ્ન તો એ છે કે મારે કોને ગુરુ માનવો ? **श्रोत्रियोऽवृजिनोऽकामहतो यो ब्रह्मवित्तमः ।** "જે વેદનાં રહસ્ય જાણે છે, નિષ્કલંક ચારિત્ર્યવાન છે, તૃષ્ણારહિત છે અને બ્રહ્મને જાણનારમાં શ્રેષ્ઠ છે." શ્રોત્રિય-વેદને જાણનાર એટલે માત્ર શાસ્ત્રનાં પોથાં ભણી ગએલો પુસ્તકપંડિત નહિ પણ તેનાં ઉંડાં રહસ્યને જાણનાર, તેનો પોતાના જીવનમાં સાક્ષાત્કાર કરનાર; અને બ્રહ્મને જાણવો એટલે કે બ્રહ્મરૂપ બની જવું તે.

"પોથી પઢ પોપટ ભયો, પંડિત ભયો ન કોઇ,
એકો અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોઇ"

પુસ્તકપંડિતો જરાએ કામના નથી. આજકાલ બધાને ગુરુ થઇ જવાની બહુ હોંસ હોય છે; ભિખારીને પણ લાખો રૂપીઆનું દાન કરવાની મરજી થાય છે. ગુરુનું બીજું લક્ષણ નિષ્કલંક ચારિત્ર્ય જોઇએ. વળી તે **अकामहत** એટલે તૃષ્ણારાહત હોવો જોઇએ. બીજાઓનું કલ્યાણ કરવા સિવાય જેના જીવનનો બીજો કશો ઉદ્દેશ જ ન હોય, જે અહૈતુક દયાસિંધુ હોય, જે કીર્તિ, ગુરુપણું અથવા બીજા કોઇ પણ સ્વાર્થજન્ય ઉદ્દેશ વગર લોકોના ઉદ્ધારનેજ માટે ધર્મોપદેશ આપવા તત્પર હોય તેજ ગુરુપદને યોગ્ય છે અને એવાજ ગુરુપાસેથી દીક્ષા લેવાનો શ્રુતિ આદેશ કરે છે. જે બ્રહ્મને સારી રીતે જાણે છે-જેણે તેનો અપરોક્ષ અનુભવ કર્યો છે, બ્રહ્મજ્ઞાન જેને હસ્તામલકવત્ થઇ ગયું છે એવા ગુરુની સાથે આધ્યાત્મિક યોગ થવાથી ઇશ્વરપ્રાપ્તિ-ઇશ્વરસાક્ષાત્કાર સુલભ થઈ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીક્ષા લીધા પછી સાધકને સતત અભ્યાસની જરૂર છે. પોતાના ઇષ્ટસ્વરૂપનું ધ્યાન કરવાની જે પદ્ધતિ ગુરુએ બતાવી હોય તે પ્રમાણે પૂર્ણ ઉત્કંઠાસહિત ચાલુ અભ્યાસ કરીને **સત્ય**ને જીવનમાં પરિણત કરવાની અત્યંત આવશ્યકતા છે. તમને ઈશ્વરપ્રાપ્તિમાટે અત્યંત વ્યાકુળતા હોય અને ગુરુની પ્રાપ્તિ પણ થઈ હોય તોપણ તેની સાથે જો તમે અભ્યાસ ન કરો, તમને ગુરુએ જે શીખવ્યું હોય તે પ્રમાણે સતત અભ્યાસ ન કરો તો પછી તમે સાક્ષાત્કાર કરવાની આશા રાખતાજ નહિ. જ્યારે આ ત્રણે બાબતો તમારામાં પૂર્ણપણે એકત્રિત થશે ત્યારેજ તમે લક્ષ્યબિંદુએ પહોંચી શકશો.

માટે હે હિન્દુઓ ! હે યશસ્વી આર્ય પ્રજાનાં સંતાનો ! હું તમને ખાસ ભાર મૂકીને કહું છું કે આપણા ધર્મનો મહાન આદર્શ, હિન્દુ પ્રજા તરીકેનો આપણો ભવ્ય આદર્શ જે આપણને સંસારથી પાર જવાને પ્રેરે છે—એકલા સંસારનીજ નહિ પરંતુ સ્વર્ગની પણ ઉપેક્ષા કરવાનો આદેશ કરે છે, તે આદર્શનું તમે કદિ પણ વિસ્મરણ કરતા નહિ. આપણો પરમ આદર્શ તો સંસાર અને સ્વર્ગ, શુભ અને અશુભ, પાપ અને પુણ્ય સર્વની પાર જઇને, આ પ્રાપંચિક જગતથી અતીત એવા પરમ ધામમાં જઇને **સત્ ચિત્ આનંદ**નો અપરોક્ષ અનુભવ કરવાનોજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણો જન્મપ્રાપ્ત ધર્મ.

પ્રાચીન કાળમાં આપણા દેશે આધ્યાત્મિક ભાવનાઓમાં અદ્‌ભુત ઉન્નતિ કરી હતી. આજે તે ભૂતકાળના ઇતિહાસનું આપણે જરા સ્મરણ કરીએ; પણ ભૂતકાળના ગૌરવનું ચિંતન કરવામાં એક મોટું જોખમ એ રહેલું છે કે તેથી નવું કાર્ય કરવાને આપણે શક્તિહીન થઈએ છીએ અને માત્ર અસલના ગૌરવનું સ્મરણ કરીને મિથ્યા અભિમાનથી ફૂલાઇને આળસુ અફીણીઆની માફક જીવન પસાર કરીએ છીએ. આપણે એ આપત્તિમાં ન પડીએ તેને માટે સાવધાન રહેવાની જરૂર છે. અલબત્ત, પ્રાચીન કાળમાં આપણા દેશમાં સત્યનો અપરોક્ષ અનુભવ કરનાર ઘણા મહર્ષિઓ થઇ ગયા છે; પણ તેમનું સ્મરણ કરીને જો આપણે સંગીન લાભની જ પ્રાપ્તિ કરવી હોય તો આપણે પણ તે મહર્ષિઓના જેવા થવાને યત્ન કરવો જોઇએ. નહિ તો ભૂતકાળના ગૌરવનું સ્મરણ કર્યાથી લાભ કરતાં નુકસાન વધારે છે. યત્ન કરશો તો તમે સઘળા ઋષિ થઇ શકશો એટલું જ નહિ પણ આપણા દેશમાં કદિ પણ આજસુધી ન થયા હોય એવા અપૂર્વ મહિમાવાન, પ્રાચીન ઋષિઓથી પણ શ્રેષ્ઠ બની જશો એવો મારો દૃઢ વિશ્વાસ છે. પ્રાચીન કાળમાં આપણા પૂર્વજોએ જે કાર્ય કર્યાં હતાં તે અપૂર્વ અને અદ્‌ભુત હતાં. તેમનું હું અભિમાનપૂર્વક સ્મરણ કરૂં છું. વર્તમાન સમયમાં થએલી આપણી દુર્દશા જોતાં પણ હું હતાશ થતો નથી, પણ આપણું ભવિષ્ય એવું ઉજ્જ્વળ અને મહિમાવાન છે કે મારી કલ્પનામાં તેનું ચિત્ર ઉભું કરવાથી મને એક પ્રકારનું આશ્વાસન મળે છે; કારણ કે મેં જોયું છે કે બીજનું નવું વૃક્ષ બનતા પહેલાં તેના સ્વરૂપમાં પૂરેપૂરૂં પરિવર્તન થઇ જાય છે. અરે ! એટલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ નહિ પણ આપણે તેને પ્રત્યક્ષ રીતે સડી જઇને નાશ પામતું જોઈએ છીએ; પણ એજ બીજમાંથી મહાન્ શુભફલદાતા વૃક્ષ જન્મ પામે છે. એજ પ્રમાણે આપણી વર્તમાન સમયની અવનત દશામાં, આપણા ધર્મના ભવિષ્યના ગૌરવનું બીજ છૂપાઇ રહ્યું છે. તેનો અંકુર ફૂટવાની તૈયારી થાય છે અને મને વિશ્વાસ છે કે પહેલાનાં કરતાં પણ તે વિશેષ પ્રૌઢ અને મહિમાવાન ફળને જન્મ આપશે.

હવે જે ધર્મ આપણને જન્મથી પ્રાપ્ત થયો છે તેની અંદર સર્વ સામાન્ય તત્વો કયાં કયાં છે તે વિષે આપણે જરા વિચાર કરીએ. પ્રથમ દૃષ્ટિએ તો ભિન્ન ભિન્ન સંપ્રદાયો વચ્ચે મોટા મોટા મતભેદ આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. આપણામાંના કેટલાક અદ્વૈતવાદી છે, કેટલાક વિશિષ્ટાદ્વૈતવાદી છે અને કેટલાક દ્વૈતવાદી પણ છે. કેટલાક લોકો ઇશ્વિરના અવતારને માને છે, કેટલાક મૂર્તિપૂજક છે અને કેટલાક ચોકખા નિરાકારવાદી છે. આપણા સાંસારિક રીતરિવાજોમાં પણ જોઇએ તેટલા પ્રભેદ છે. જાટ લોકો મુસલમાન અથવા ખ્રિસ્તીની સાથે લગ્નવ્યવહાર રાખે તોપણ તેઓ જ્ઞાતિ બહાર ગણાતા નથી. તેઓ વગર હરકતે હિંદુ મંદિરોમાં પ્રવેશ કરી શકે છે. પંજાબનાં ગામડાંઓમાં એવો રિવાજ છે કે ડુક્કરનું માંસ ભક્ષણ ન કરે તે હિંદુજ ન કહેવાય. નેપાળની અંદર બ્રાહ્મણો ચારે વર્ણમાંથી કોઇ પણ વર્ણની સ્ત્રી સાથે લગ્ન કરી શકે છે. બંગાળામાં બ્રાહ્મણથી પોતાની પેટા ન્યાતની બહારના અન્ય બ્રાહ્મણની કન્યાસાથે પણ લગ્ન થઇ શકતું નથી. આ પ્રમાણે જોવા જઇએ તો આપણી વચ્ચે અનેક નાના મોટા મતભેદ છે; પણ તેમ છતાં પણ એક બાબતમાં આપણે બધા હિંદુઓ એકમત થઇએ છીએ કે કોઇ પણ હિંદુ ગોમાંસનો આહાર કરવા ઇચ્છતો નથી. એજ પ્રમાણે ભિન્ન ભિન્ન સંપ્રદાયોની માન્યતાઓમાં પણ ઘણાં સામાન્ય તત્ત્વો છે, કે જેથી તેમની એકતા જણાઇ શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રો વિષે અવલોકન કરતાં એક બાબત મારૂં ખાસ ધ્યાન ખેંચે છે, તે એ છે કે જે ધર્મોને એક અથવા અનેક શાસ્ત્રોનો આધાર છે તેજ ત્વરાથી પ્રગતિ કરે છે અને તેમની ઉપર જુલ્મ અનેઅત્યાચારના વરસાદ વરસ્યા છતાં પણ તેઓજ આજદિનસુધી ટકી રહ્યા છે. ગ્રીક લોકોનો ધર્મ, ઘણોજ સુંદર હતો છતાંપણ શાસ્ત્રના આધાર વગર અલ્પ સમયમાં તે હતો ન હતો થઇ ગયો; પણ બાઇબલના પ્રાચીન વિભાગ (Old Testament) ના આશ્રયને લીધે યાહુદી લોકોના ધર્મનું ચેતન હજી સુધી ક્ષીણ થયું નથી. તેજ પ્રમાણે હિંદુ ધર્મ પણ હજી સુધી અક્ષત રહ્યો છે તેનું કારણ આખા જગતમાં સર્વથી પ્રાચીન શાસ્ત્રો–વેદનો તેને આધાર છે. એ વેદના બે મુખ્ય વિભાગ છે. એક કર્મકાંડ અને બીજો જ્ઞાનકાંડ. કર્મકાંડનો, સુભાગ્યે કે દુર્ભાગ્યે હાલ વપરાશ ઘણો ઓછો થઇ ગયો છે, માત્ર દક્ષિણમાંજ કેટલાક બ્રાહ્મણો અજ (બકરો) નું બલિદાન આપીને હજીસુધી અસલનીપદ્ધતિ પ્રમાણે યજ્ઞો કરે છે અને એ કર્મકાંડના થોડા ઘણા છૂટા છવાયા અવશેષ વૈદિક ક્રિયાઓમાં તથા શ્રાદ્ધ, લગ્ન એવા કાર્યમાં વપરાતા મંત્રોમાં જોવામાં આવે છે એટલુંજ; પણ હવે તેને પ્રાચીન સ્વરૂપમાં ફરીથી સ્થાપિત કરવાનો સંભવજ નથી. કુમારિલ ભટ્ટે એક વાર તેવો પ્રયત્ન કરી જોયો હતો પણ તેમાં નિષ્ફળતાજ મળી હતી.

જ્ઞાનકાંડ, જે વેદનો સર્વોત્તમ અંશ મનાય છે તેમાં ઉપનિષદનો સમાવેશ થાય છે અને વેદાંત એવા નામથી તે પ્રસિદ્ધ છે. જ્યારે જ્યારે કોઇ પણ આચાર્ય શ્રુતિનું પ્રમાણ ટાંકે છે ત્યારે તે હમેશ ઉપનિષદ્માંથી લીધેલું હોય છે. એ વેદાંત હવે હિંદુઓનો પ્રજાધર્મ છે. જો કોઇ પણ સંપ્રદાયને આ દેશની પ્રજાની દૃઢ શ્રદ્ધા પ્રાપ્ત કરવી હોય તો તેને પોતાની સત્યતા વેદાંતના આધારેજ સાબીત કરવાની જરૂર પડે છે. દ્વૈતવાદી, અદ્વૈતવાદી ગમે તે સંપ્રદાયના આચાર્યને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઉપનિષદ્નોજ આધાર બતાવવો પડે છે. તેમ ન કરે તો સનાતન ધર્મની કોટિમાં તેમની ગણના થાયજ નહિ. વૈષ્ણવોને પણ પોતાના સિદ્ધાંતની સાબીતી માટે ગોપાલતાપની ઉપનિષદ્ બતાવવું પડે છે. જો કોઇ નવીન સંપ્રદાયને એમ માલમ પડે છે કે આપણા સિદ્ધાંતને ટેકો આપે એવું એક પણ ઉપનિષદ્ નથી તો તેઓ નવું ઉપનિષદ્ ઉપજાવી પ્રાચીન ઉપનિષદ્ના સાહિત્યમાં ઘુસાડી દઇને તેને પ્રાચીન શાસ્ત્ર તરીકે મનાવતાં અચકાતા નથી. એવાં ઘણાં ઉપનિષદ્ આજસુધીમાં રચાયાં છે.

હવે વેદના સંબંધમાં વક્તવ્ય એ છે કે હિંદુઓના મત પ્રમાણે તેમની રચના કોઇ પણ સમયમાં મનુષ્યદ્વારા થઇજ નથી. તેમનો મત એવો છે કે ઇશ્વિરના અનંત જ્ઞાનનો સમૂહ વેદમાં નિબદ્ધ થએલો છે. કોઇ વાર ઋષિઓ દ્વારા તે પ્રકટ થાય છે તો કોઇ વાર અવ્યક્ત દશામાં રહે છે; પણ એ છે તો સનાતન, અનાદિ અને અનંત. શંકરાચાર્ય એક ઠેકાણે લખે છે કે **यो वेदेभ्योऽखिलं जगत् निर्ममे।** "જેણે (ઇશ્વિરે) વેદના જ્ઞાનદ્વારા આખા બ્રહ્માંડની રચના કરી." વેદના પ્રણેતાને કોઇએ કદિ જોયોજ નથી અને તેના વિષે અનુમાન કરવાનું પણ બને તેમ નથી. ઋષિઓ તો માત્ર એ મંત્રોના સનાતન નિયમોના દ્રષ્ટાજ હતા. વેદનાં સત્યોનો અનંત જ્ઞાનરાશિ જે અનાદિ કાળથી અસ્તિત્વમાંજ છે તેનો ઋષિઓએ માત્ર સાક્ષાત્કાર કર્યો હતો.

એ ઋષિ કોણ હતા ? **વાત્સાયન** કહે છે કે " જે કોઇ વ્યક્તિ શાસ્ત્રમાં બતાવેલી પદ્ધતિ પ્રમાણે ધર્મનો અપરોક્ષ અનુભવ કરે છે, તે જન્મથી મ્લેચ્છ હોય તો પણ તે ઋષિ છે. " આજ ધોરણ મુજબ, વસિષ્ઠ જેમનો જન્મ વારાંગનાને પેટે થયો હતો, વ્યાસ જે માછીના પુત્ર હતા, નારદ જે એક દાસીના પુત્ર હતા અને તેમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતા કોણ તે તો જાણવામાંજ નથી એવાઓ પણ ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યાથી મહર્ષિઓ ગણાયા છે. જેમણે સત્યનો અનુભવ કર્યો છે તેમની બાબતમાં જાતિ અને વર્ણનો વિચાર કરવો એ ઉચિતજ નથી. મેં હમણાં કહ્યા તેવા માણસો જ્યારે ઋષિની પદવી પામી શકયા ત્યારે તમે વર્તમાન સમયના કુલીન બ્રાહ્મણો તેમના કરતાં પણ વધારે ઉંચું પદ પ્રાપ્ત કરી શકો એ શું અસંભવિત છે ? એ ઋષિત્વ પ્રાપ્ત કરવામાટે સતત પ્રયત્ન કરો. આખરની અવસ્થાએ પહોંચતા સુધી વિરામ લેતા નહિ અને તમે જોશો કે આખું જગત્ તમારા ચરણમાં મસ્તક નમાવવા તૈયાર થશે. ઋષિ થાઓ ! એજ સામર્થ્યની ખરી ચાવી છે.

વેદ એકલાજ આપણા ધર્મના પ્રમાણભૂત ગ્રંથો છે અને તેમનું અધ્યયન કરવાનો દરેક માણસને અધિકાર છે. +શુક્લ યજુર્વેદમાં લખ્યું છે કે **यथेमां वाचं कल्याणीमावदानि जनेभ्यः । ब्रह्म राजन्याभ्यां शूद्राय चार्याय च स्वाय चारणाय ॥** દરેક માણસને વેદ ભણવાનો અધિકાર નથી એવી મતલબનું પ્રમાણ વેદમાંથી કોઇ બતાવી શકો છો ? પુરાણોમાં એમ કહ્યું છે ખરૂં કે અમુક જાતિને વેદની અમુક શાખા ઉપરજ અધિકાર છે અને અમુક જાતિઓને વેદ ભણવાનો મુદ્દલે અધિકાર નથી; અથવા એવું પણ લખ્યું છે કે વેદનો અમુક ભાગ સત્યયુગને માટે અને અમુક ભાગ કલિયુગને માટે છે; પણ યાદ રાખજો કે વેદમાં તેમ કહ્યું નથી માત્ર પુરાણોમાંજ તેમ કહેલું છે. પરંતુ શું નોકર પોતાના માલિકને આજ્ઞા કરી શકે ખરો ? સ્મૃતિ, પુરાણ, તંત્ર એ સર્વ શાસ્ત્રો જ્યાંસુધી તેઓ વેદની સાથે એકમત થતાં હોય ત્યાંસુધીજ માન્ય રાખવાનાં છે; પણ જ્યાં તેઓ વેદથી જુદાં પડે ત્યાં તેમને અપ્રમાણ ગણીને

+ શુક્લ યજુર્વેદ, માધ્યંદિનીય શાખા, ૨૬ મો અધ્યાય, મંત્ર ૨ જો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્જ્ય કરવાનાં છે. હાલમાં તો આપણે વેદ કરતાં પણ પુરાણોને ઉંચો અધિકાર આપી બેઠા છીએ. વેદનો અભ્યાસ બંગાળામાંથી લગભગ નીકળી ગયા જેવો થઇ ગયો છે. આપણા દેશમાં ઘેરે ઘેર શાલીગ્રામની સાથે વેદનું પૂજન થાય, અને આબાલવૃદ્ધ સર્વ સ્ત્રી-પુરુષો વેદનું અધ્યયન કરે એવો દિવસ ફરીથી જોવાની મને પ્રબળ ઇચ્છા છે.

વેદના સંબંધમાં પાશ્ચાત્ય પંડિતો જે મત જાહેર કરે છે તે હું માની શકતો નથી. તેઓ વેદની રચના અમુક કાળ ઉપર થએલી ઠરાવે છે; બીજે દિવસે એ મત ઉડી જાય છે અને વળી વેદની રચનાનો સમય એકાદ હજાર વર્ષ પાછળ ઠેલાય છે; અને એ પ્રમાણે તેઓ ગણત્રી કર્યાજ જાય છે. પુરાણ સંબંધે તો હું તમને કહી ગયો છું કે જેટલે અંશે પુરાણ વેદની સાથે એકમત થતાં હોય તેટલેજ અંશે તેમને માન્ય ગણવાનાં છે. પુરાણોમાં વેદના મતથી વિરુદ્ધ હોય એવી ઘણી બાબતો છે. દાખલા તરીકે પુરાણોમાં એવાં વર્ણન જોવામાં આવે છે અમુક રાજા અગર અમુક ઋષિ દશ હજાર વર્ષ જીવ્યો હતો, અમુક વીશહજાર વર્ષ જીવ્યો હતો; પણ વેદમાં તો ચોકખું લખેલું છે કે **शतायुर्वै पुरुषः** । " મનુષ્યનું આયુષ્ય સો વર્ષનું હોય છે. " હવે આ બેમાંથી કયો મત આપણે કબુલ રાખવો ? બેશક, વેદનોજ. આવાં કેટલાંક અસંગત લખાણ છતાં પણ હું પુરાણની નિંદા કરવા ચહાતો નથી. તેઓની અંદર યોગ, ભક્તિ, જ્ઞાન અને કર્મસંબંધી ઘણાજ સુંદર, પ્રોજ્જ્વલ ઉપદેશો અને જ્ઞાનનો ભંડાર છે. હવે તંત્રના સંબંધમાં વક્તવ્ય એ છે કે " તંત્ર " શબ્દનો અર્થ શાસ્ત્ર થાય છે. દાખલા તરીકે કાપિલ તંત્ર. સામાન્ય રીતે તંત્ર શબ્દનો ઉપયોગ ઘણા સંકુચિત અર્થમાં થાય છે. જે રાજાઓએ બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો હતો અને જેમણે અહિંસા ધર્મનો ચારે દિશાએ પ્રચાર કર્યો હતો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના અમલમાં વૈદિક યજ્ઞો લગભગ બંધ પડી ગયા જેવા થયા હતા; કારણ કે રાજસત્તાના ભયને લીધે પ્રાણીની હિંસા કરવાની કોઇ હિંમત ચલાવતું નહિ; પણ પાછળથી બૌદ્ધ લોકોના સમાજમાંજ ખાસ કરીને જેઓ હિંદુ ધર્મમાંથી તરતના બૌદ્ધ થયા હતા તેમનામાં યજ્ઞયાગના અંશો દાખલ થવા લાગ્યા, અને તેમનાં અનુષ્ઠાન ગુપ્તપણે થતાં ગયાં. આમાંથીજ તંત્રની ઉત્પત્તિ થઇ છે. તેમની અંદર વામાચાર જેવાં ભયંકર, ધિક્કારવા યોગ્ય, ભ્રષ્ટ વિધાનો પેશી ગયાં છે; તેમને બાદ કરીએ તો લોકો માને છે તેટલાં તંત્ર ખરાબ નથી. તેમની અંદર પણ ઘણી ઉંચી વેદાંતની ભાવનાઓ છે. વાસ્તવિક રીતે વેદના 'બ્રાહ્મણ' વિભાગના સ્વરૂપમાંજ થોડો ઘણો ફેરફાર કરીને તેનો તંત્રની અંદર સમાવેશ કર્યો છે. હાલનાં આપણાં પૂજા વગેરેનાં વિધાનો તેમજ કર્મકાંડને લગતી બીજી અનેક ક્રિયાઓ તંત્ર મુજબજ કરવામાં આવે છે.

હવે આપણા ધર્મના મુખ્ય સિદ્ધાંતો વિષે જરા વિચાર કરીએ. ભિન્ન ભિન્ન સંપ્રદાયોના ધર્મવિષયક મત વચ્ચે પ્રભેદ અને વિવાદ હોવા છતાં પણ તેમની અંદર ઘણાં સામાન્ય તત્ત્વો છે એ નિર્વિવાદ છે. પ્રથમ તો દરેક જીવ, જગત અને ઇશ્વર એ ત્રણ પદાર્થોને માને છે. ઇશ્વર એ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનાર સનાતન સત્તા છે. સાંખ્ય મત સિવાયના બીજા બધા દાર્શનિક મતને આ સિદ્ધાંત માન્ય છે. બીજું સામાન્ય તત્ત્વ આત્મા અને તેના પુનર્જન્મને લગતું છે. અસંખ્ય વ્યકિતગત જીવાત્માઓ પુનઃ પુનઃ નવા દેહ ધારણ કરીને પોતાનાં કર્મ પ્રમાણે જન્મમરણના ચક્રમાં ભ્રમણ કરે છે. આને સંસારવાદ અથવા પુનર્જન્મનો સિદ્ધાંત કહે છે. ત્રીજું સામાન્ય તત્વ એ છે કે જગતને અનાદિ અને અનંત માનવામાં આવ્યું છે. કેટલાકનો મત એવો છે કે મૂળ એકજ વસ્તુનાં આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ રૂપાંતરો છે. કેટલાક એ ત્રણે પૃથક્ પદાર્થો છે એમ માને છે. કેટલાકનો એથી પણ જરા જુદા પ્રકારનો મત છે, પણ એ ત્રણના અસ્તિત્વ સંબંધે તો મતભેદ છેજ નહિ.

અત્ર ખાસ સ્મરણમાં રાખવા જેવી બાબત એ કહેવા માગું છું કે અનાદિ કાળથી હિંદુઓનો મત એવો છે કે આત્મા મન કરતાં જુદોજ પદાર્થ છે; પાશ્ચાત્ય વિદ્વાનો મનથી આગળ જઇ શકયાજ નથી. તેઓને હજી જગત્ સુખથી પરિપૂર્ણ લાગે છે અને તેથી કરીને તેઓના મનથી તે જગતજ યથેચ્છ સુખનો ઉપભોગ કરાવનાર છે. પ્રાચ્ય પ્રજા જન્મથીજ શીખતી આવી છે કે પળે પળે બદલાતો સંસાર દુઃખથી પરિપૂર્ણ છે અને તેમ હોવાથી તે અસત્ય છે અને તેના ક્ષણિક ઉપભોગનેમાટે આત્માના શાશ્વત સુખનો ભોગ આપવો એ ખોટનોજ વેપાર છે. આજ કારણને લીધે પાશ્ચાત્ય પ્રજા, મંડલો સ્થાપીને મોટા પાયા ઉપર ઉદ્યોગ કરવામાં ખાસ કુશળતા ધરાવે છે, ત્યારે પ્રાચ્ય પ્રજાઓ આંતરિક જગતનાં રહસ્ય ઉકેલવામાં હમેશ સાહસિકતા બતાવે છે.

હવે આપણે હિંદુ ધર્મને લગતી બીજી એકાદ બે બાબતો વિષે વિચાર કરીએ. એક બાબત ઇશ્વરના અવતારની છે. વેદની અંદર માત્ર મત્સ્યાવતારનોજ ઉલ્લેખ છે. આ મત સર્વને માન્ય હોય યા ન હોય તેનો અત્ર વિચાર કરવાનોજ નથી. માત્ર કહેવાનું તાત્પર્ય એ છે કે અવતારવાદ એ એક પ્રકારનું મનુષ્યપૂજન (Hero worship) છે. મનુષ્યમાં ઇશ્વરનું દર્શન કરવું એ ખરેખરો ઇશ્વરસાક્ષાત્કાર છે. હિંદુઓ કુદરતદ્વારા કુદરતના પેદા કરનાર ઇશ્વરને પામતા નથી; પણ મનુષ્યદ્વારા મનુષ્યના ઇશ્વરની સમીપ જાય છે. (કારણકે સમગ્ર કુદરતમાં મનુષ્યના જેવો અદ્ભૂત અને શ્રેષ્ઠ એકકે પદાર્થ નથી).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી બાબત મૂર્તિપૂજનની છે. જે +પંચ દેવતાનું પૂજન આપણાં શાસ્ત્રમાં બતાવેલી વિધિ પ્રમાણે દરેક શુભ કર્મને અંગે કરવામાં આવે છે તેમને બાદ કરતાં બાકીના તમામ દેવતાઓ ઉપર્યુક્ત પાંચ દેવતાઓની જુદી જુદી સ્થિતિનાંજ નામ છે; અને એ પાંચ પણ એકજ ઈશ્વરનાં ભિન્ન ભિન્ન સ્વરૂપજ માત્ર છે. મૂર્તિપૂજાને દરેક શાસ્ત્રમાં ઉપાસનાનું નિકૃષ્ટ સ્વરૂપ ગણ્યું છે, પણ તેથી કરીને એવું ફલિત થતું નથી કે મૂર્તિપૂજન કરવું અયોગ્યજ છે. હાલમાં ચાલતા મૂર્તિપૂજનમાં અલબત્ત ઘણી જાતનાં નિકૃષ્ટ તત્ત્વો ભળી ગયાં છે તોપણ હું તેની નિંદા કરતો નથી. મને પોતાને તો મૂર્તિપૂજાને અત્યંત આભારી બનાવ્યો છે. જો તે પરમ આસ્તિક અને ચૂસ્ત મૂર્તિપૂજક બ્રાહ્મણ(રામકૃષ્ણ પરમહંસ)ની પવિત્ર ચરણરજનો આશ્રય મને ન મળ્યો હોત તો હું આજે ક્યાં હોત !

જે સુધારકો મૂર્તિપૂજાની સામે લડત ચલાવે છે અથવા જેને તેઓ જડ વસ્તુનું પૂજન કહીને વખોડે છે; તેમને હું કહું છું કે "બંધુઓ ! તમે પોતે કોઇ પણ જડ પદાર્થની સહાયતા વગર નિરાકાર ઈશ્વરની ઉપાસના કરવા શક્તિવાન હો તો ભલે તમે તેમ કરો, પણ તમારા બીજા બંધુઓ જે તમારી માફક નિરાકાર ઈશ્વરનું ધ્યાન કરવા અસમર્થ છે તેમને નિંદો નહિ. તેમને તેમના ઉપાસનામાર્ગમાંથી ચલિત કરવાનો પ્રયત્ન કરો નહિ. ધારો કે કોઇ એક પ્રાચીન સમયનું ભવ્ય અને પરમ સુંદર મંદિર બેદરકારીથી અથવા વપરાશમાં નહિ આવ્યાથી જીર્ણ થઇ ગયું હોય, તેની અંદર કચરાના ઢગલા ઠેકાણે ઠેકાણે જામી ગયા હોય, તેના અમુક ભાગ પડું પડું થઇ ગયા હોય; પણ તેથી શું તમે તેનાં ટૂકડે ટૂકડા કરી નાખશો ? તેની મરામત કરાવીને અને માંહેનો કચરો સાફ સુફ કરાવીને તેનો

+ વિષ્ણુ, શિવ, સૂર્ય, શક્તિ અને ગણપતિ. ભા૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરીથી જીર્ણોદ્ધાર કરવો એ તમારૂં કર્તવ્ય છે કે આખું મકાન જમીન-દોસ્ત કરીને તેની જગ્યાએ ઇમારત ચણવાની એકાદ નવીન પદ્ધતિ, જેના સ્થાયીપણા વિષે હજી ઘણો સંદેહ છે તે પદ્ધતિ પ્રમાણે નવેસરથી મંદિર બાંધવા જશો ? આપણે તેનો સંસ્કાર કરવાનો છે, એટલે કે તેમાં ઘટતી મરામત કરાવીને, કચરો સાફ કરાવીને તેને વાપરવા યોગ્ય સ્થિતિમાં લાવવાનું છે. સુધારણાનું કામ બસ આટલા પૂરતુંજ છે. જૂના મકાનને નવું સ્વરૂપ અપાઇ રહે એટલે હે સુધારક બંધુઓ ! તમારૂં કામ પૂરૂં થાય છે. જો તમે આ કામ કરી શક્તા હો તો કરો, અને નહિ તો તેનાથી હાથ ઉઠાવો, " આપણા દેશના સુધારકો ઉપર કહ્યું તેમ ન કરતાં પોતાનો નવો સંપ્રદાયજ સ્થાપવા મથે છે. અલબત્ત, મારે કહેવું જોઇએ કે તેમણે કેટલુંક કામ ઘણું સારૂં કર્યું છે. ઇશ્વિર તેમનું કલ્યાણ કરો ! પણ હું તેમને એમ પૂછું છું કે તમે હિંદુ થઇને હિંદુ સમાજથી શા માટે છૂટા પડવા ઇચ્છો છો ? હિંદુ એ નામ ધારણ કરવામાં તમારે મગરૂર થવું જોઇએ, હિંદુ એ નામ તમારી શ્રેષ્ઠ સંપત્તિ છે, છતાં તમે હિંદુ કહેવડાવતાં શા માટે શરમાઓ છો ? હે દેવોનાં સંતાનો ! હે મારા સ્વદેશબાંધવો ! આ આપણા પ્રજાધર્મનું જહાજ યુગના યુગ થયાં પોતાની સંસ્કૃતિ લઇને દેશ-દેશ સફર કરી રહ્યું છે અને આખા જગતનું તેદ્વારા કલ્યાણ કરી રહ્યું છે. જીવનના મહાસાગર ઉપર સેંકડો મહિમાવાન શતક થયાં આ જહાજ સફર કરે છે અને લાખો કરોડો આત્માઓને દુઃખમાંથી મુક્ત કરીને સામેના સુખમય કિનારે લઇ જાય છે. હવે આજે કાં તો તમારા પોતાના દોષથી અગર ગમે તે દોષથી, એ વહાણમાં ગાબડું પડયું છે અથવા તો તેને નુકસાન લાગ્યું છે. તમે પોતે એજ વહાણમાં બેઠેલા છો. હવે તમારૂં કર્તવ્ય શું છે ? શું તમે અંદર અંદર ગાળાગાળી કરશો અથવા વહાણને શાપિત કરશો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા એકત્ર થઇને જે ગાબડું પડયું છે તેને દુરસ્ત કરવા મંડી જશો? આપણા ધર્મનો પુનઃ ઉત્કર્ષ કરવા માટે જો આપણું પોતાનું લોહી રેડવું પડે તો તેને માટે પણ તૈયાર થાઓ અને જો તેમ કરતાં આપણે નિષ્ફળ થઇએ તો ભલે આપણે બધા શાપને ઠેકાણે એક બીજાને આશીર્વાદ આપતા આપતા એકસાથેજ ડૂબી મરીએ.

હવે હું બ્રાહ્મણોને કહું છું કે "જન્મનું અને કુળનું જે મિથ્યાભિમાન તમે રાખી રહ્યા છો તે એકદમ છોડી દો તમારાંજ શાસ્ત્રપ્રમાણે જોઇએ તો તમે હવે બ્રાહ્મણો રહ્યાજ નથી, કારણ કે તમે ઘણા લાંબા વખતથી વિધર્મી રાજાઓના અધિકાર નીચે રહ્યા છો. જો તમે તમારાં શાસ્ત્રોને માનતા હો તો ઉપલા કારણનેલીધે અત્યારેજ તુષાનલ સળગાવીને તેમાં બળી મરીને તમારાં પાપનું પ્રાયશ્ચિત્ત કરો. કુમારિલ ભટ્ટ બૌદ્ધોનો વિનાશ કરવાના હેતુથી બૌદ્ધ ધર્મગુરુઓના શિષ્ય થયા હતા, તેમનો તેમણે વિનાશ તો કર્યો પણ બૌદ્ધનું દાસત્વ કર્યાનું પાપ ધોવાને માટે તેમણે તુષાનલમાં પ્રવેશ કરી પોતાના દેહનું બલિદાન આપ્યું હતું. જો તમારામાં તેમ કરવાની હિંમત ન હોય તો પછી સરળપણે કહી દો કે આટલી બાબતમાં અમારૂં મનોબળ ઓછું છે અને દેશની એકેએક વ્યક્તિનેમાટે જ્ઞાનનો માર્ગ ખુલ્લો કરી દો. **સમાજનાં બંધનોવડે જકડાયલા, અવનત થએલા લોકસંઘને તેમના સ્વાભાવિક અને વાજબી હક પાછા આપો."**

૮૬૨૬

સમાપ્ત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાતુર્માસના ધાર્મિક સમયમાં નિત્ય પાઠ, દાન અને

ભેટ કરવા યોગ્ય રત્નરૂપ ગ્રંથો.

उत्तम म्होटा ग्रंथो.

યોગવાસિષ્ઠ મહારામાયણ–બે ભાગમાં. પૃષ્ઠ ૨૦૦૦ રૂા. ૬

શાન્તિપર્વ–મહાભારતનું. પૃષ્ઠ ૮૪૦ રૂા. ૨॥

દાસબોધ–ઉત્તમ નવું ભાષાન્તર. પૃષ્ઠ ૪૦૦ રૂા. ૧।

ભગવતી (અથવા દેવી) ભાગવત. પૃષ્ઠ ૯૫૦ રૂા. ૨॥

बीजां तैयार पुस्तको.

ભગવદ્ગીતા—મૂળ શ્લોકસાથે સરલ ટીકા. મૂલ્ય સાદુ પૂઠું ૦)૯ પાકું પૂઠું ૦)૯, સોનેરી ૦।

એકાદશ સ્કન્ધ—મૂળ શ્લોક સાથે ભાષાન્તર. મૂલ્ય ૦।૯॥ સોનેરી ૦॥

સુબોધ રત્નાકર—મૂ૦ ૦।૯॥

સદ્ગુણી બાળકો ૦।

બાળકોની વાતો ૦)૯

બાળ સદ્બોધ ૦)૯

ભજનસાગર ૦)૯

આરોગ્ય વિષે જ્ઞાન ૦।

પોષ્ટેજ જુદું. બહાર ગામથી મગાવનારે અમદાવાદજ લખવું.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય,

કાલબાદેવી રોડ–મુંબઈ અને સેસન્સ કોર્ટ પાસે–અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar